
# શ્રી કેવળી પ્રભુનો સાથ

## ભાગ-૪

સરયુ રજની મહેતા

# શ્રી કેવળી પ્રભુનો સાથ

## ભાગ-૪



શ્રી મહાવીર વર્ધમાન સ્વામી

# શ્રી કેવળી પ્રભુનો સાથ

## ભાગ-૪

સરયુ રજની મહેતા

પ્રકાશક
શ્રેયસ પ્રચારક સભા
મોરબી હાઉસ, ડો. સુંદરલાલ બહલ પથ, મુંબઈ ૪૦૦ ૦૩૮.

પ્રકાશક : શ્રેયસ પ્રચારક સભા વતી
શ્રી જે. બી. મોદી
મોરબી હાઉસ, ડો. સુંદરલાલ બહલ પથ, મુંબઈ 400038.
અને
વકીલ્સ, ફેફર એન્ડ સાયમન્સ પ્રા. લી. વતી
શ્રી અરુણ કે. મહેતા
ઈન્ડસ્ટ્રી મેનોર, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ 400 025.

મુદ્રક : વકીલ એન્ડ સન્સ પ્રા. લી. વતી
શ્રી અરુણ કે. મહેતા
ઈન્ડસ્ટ્રી મેનોર, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ 400 025.

ISBN No. : 978-81-8462-024-5

પ્રથમ આવૃત્તિ : ઈ. સ. 2009 પ્રત : 3000

કિંમત : રૂા. ૫૦/-

**પ્રાપ્તિસ્થાન :**

શ્રેયસ પ્રચારક સભા
મોરબી હાઉસ,
ડો. સુંદરલાલ બહલ પથ,
મુંબઈ 400 038
ફોન : 91-22-22615587

શ્રી યોગેશ જૈન
સત્યોગ, સ્વામી વિવેકાનન્દ રોડ,
રામકૃષ્ણ નગર,
રાજકોટ 360001
ફોન : 91-281-2466320 મોબાઈલ : 9825210210

ડો. નિમુબેન ઝવેરી
સનફ્લાવર, 4th ફ્લોર,
રાજાવાડી પાસે, ઘાટકોપર,
મુંબઈ 400 077.
ફોન : 91-22-25163461

શ્રી દિલિપભાઈ જે. સંઘવી
૫૦-બી સ્થાનકવાસી જૈન સોસાયટી,
નારણપુરા રોડ,
અમદાવાદ - 380013
ફોન : 91-079-27552957; 079-27552256

Shree Chandubhai S. Parekh
(50-51) Guide Bldg., 13th Floor,
L. D. Ruparel Marg,
Off. Nepean Sea Road,
Mumbai 400006
Ph: 91-22-23697288/23625806

Shri Jayesh J. Doshi
3-4, Mihir Park Society,
Old Padra Road,
Vadodara 390020
Ph: 91-265-2340850

Hareshbhai C. Sheth
27 Woodfield Court,
Princeton, N. J. 08540. USA
(H): 732-422-8385
(C): 609-510-8760

Anurag H. Thakor
6885 Baird Dr.
Plano, TX 75024. USA
(H): 972-491-7551
(C): 469-644-8965

E-mail : inquiry@shrikevaliprabhunosaath.org

# અનુક્રમણિકા


પાન ક્રમાંક

**પ્રાક્કથન** ............................................................ xi

**પ્રકરણ ૧૪ : સમય માત્રનો પણ પ્રમાદ કર્તવ્ય નથી** .................... ૧

પ્રમાદ એટલે શું? - ૧; અસંજ્ઞીનાં દુઃખો - ૨; સંજ્ઞા મળ્યા પછી પણ ચતુરંગીયની દુર્લભતા - ૩; શ્રી મહાવીર સ્વામીનો ગૌતમસ્વામીને પ્રમાદ ન કરવા વિશેનો બોધ - ૩; શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનું મહાત્મ્ય - ૫; પ્રમાદ સહિત આજ્ઞા પાળવાથી થતા દોષો - ૮, પ્રમાદ તથા સ્વચ્છંદ વચ્ચે ગાઢો સંબંધ - ૯; પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓના સ્કંધનું બંધારણ - ૧૧; જીવ પર થતી કલ્યાણનાં પરમાણુઓની અસર - ૧૫; જીવની આત્મશુદ્ધિ વધવાથી પ્રાપ્ત થતાં ઉત્તરોત્તર ઊંચા આજ્ઞાકવચ - ૧૭; સમ્યક્ત્વ લેતાં મળતાં કલ્યાણનાં પરમાણુઓ - ૧૮; ક્ષાયિક સમકિત લેતાં જીવને મળતાં કલ્યાણનાં પરમાણુઓ - ૨૦; છઠ્ઠા ગુણસ્થાને પહોંચતા જીવનાં કષાયોની થતી સ્થિતિ - ૨૬; સર્વ સત્પુરુષનો આજ્ઞારસ - ૨૮; તેનાથી થતી સાતમા ગુણસ્થાનની પ્રાપ્તિ - ૨૮; પ્રમાદ નબળો થવો એટલે શું? - ૨૯; પંચપરમેષ્ટિ ભગવંતના ગુણો પદવી અનુસાર અલગ - ૩૧; પરમાર્થ પ્રમાદને તજવાના તરતમપણાથી પાંચ વિભાગ - ૩૩; શ્રેણિમાં કલ્યાણનાં પરમાણુઓનો સ્વીકાર - ૩૫; શ્રેણિના દશમા

પાન ક્રમાંક

ગુણસ્થાને પરમેષ્ટિ ભગવંતનો ઉપયોગ - ૩૬; શ્રેણિમાં જીવને પહેલાં અરિહંતના ઉપકારની ઓળખ - ૩૭; શ્રેણિમાં સિદ્ધપ્રભુનાં પરમાણુઓની સહાયથી અપ્રમાદ - ૩૮; જીવની બારમા ગુણસ્થાનની સ્થિતિ - ૪૧; શ્રી કેવળીપ્રભુ પોતાનાં કલ્યાણનાં પરમાણુઓ ક્યારે દોહરાવે - ૪૨; આત્માની ચૌદમા ગુણસ્થાને સ્થિતિ - ૪૨; ક્ષપક શ્રેણિમાં આત્માને યોગનો ઉપયોગ નહિવત્ - ૪૩; ક્ષપક શ્રેણિ માટે છઠ્ઠા - સાતમા ગુણસ્થાને કરવાયોગ્ય તૈયારી - ૪૪; શ્રેણિના પુરુષાર્થની વિશેષતા - ૫૦; મોહક્ષયનો પુરુષાર્થ - ૫૧; તેની પહેલી ભૂમિકા - ૫૨; બીજી ભૂમિકા - ૫૩; ત્રીજી ભૂમિકા - ૫૪; ચોથી ભૂમિકા - ૫૫; કષાયના અભાવથી વેદાતી શાંતિ - ૫૬; ચારે કષાય ક્ષય થવાનો ક્રમ - ૫૭; રત્નત્રયનાં આરાધનનો પ્રભાવ - ૫૯; પ્રાર્થના પ્રેરિત ક્ષમાપના તથા મંત્રસ્મરણ - ૬૦; ક્ષમાપના પ્રેરિત પ્રાર્થના તથા મંત્રસ્મરણ - ૬૧; મંત્રસ્મરણ પ્રેરિત પ્રાર્થના તથા ક્ષમાપના - ૬૧; ભક્તિમાર્ગની વિશેષતા - ૬૨; વિનયથી ભક્તિને પુષ્ટિ - ૬૫; વિનયથી અપ્રમાદ, અવિનયથી પ્રમાદ - ૬૭; કૃપાળુદેવનો આરંભનો પુરુષાર્થ જ્ઞાનમાર્ગે- ૬૮; પછીનો પુરુષાર્થ ભક્તિમાર્ગે - ૬૯; ભક્તિમાર્ગની શક્તિ - ૭૩; નમસ્કાર મંત્ર - ૭૫.

**પ્રકરણ ૧૫ : આત્મિક શુદ્ધિથી પરમાર્થિક સિદ્ધિ ......................... ૮૧**

આત્મિક શુદ્ધિ - ૮૧; પરમાર્થિક સિદ્ધિ - ૮૧; આજ્ઞાનું મહાત્મ્ય - ૮૪; પૂર્ણ તથા અપૂર્ણ આજ્ઞા - ૮૫; રુચક પ્રદેશની પ્રાપ્તિ - ૮૭; ધર્મરૂપી બીજને ખીલવવાની પ્રક્રિયા - ૮૯; જીવનું ઈતર નિગોદમાં આવવું - ૯૧; ત્રસનાડીની બહાર ફેંકાયેલા જીવોનો પુનઃપ્રવેશ - ૯૧; ઇન્દ્રિયોનો સંજ્ઞીપણા સુધીનો વિકાસ - ૯૨; અંતર્વૃત્તિસ્પર્શ - ૯૫; સ્પર્શ વખતે થતી પ્રક્રિયા - ૯૬; નિશ્ચયથી વ્યવહાર સમકિત - ૯૯; કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ - ૧૦૦; ઉપશમ સમ્યક્ત્વ - ૧૦૨; તે માટે ભક્તિનું સાધન - ૧૦૪; ભક્તિમાર્ગના ફાંટા - ૧૦૬; ક્ષયોપશમ

પાન ક્રમાંક

સમકિત - ૧૧૧; ભક્તિમાર્ગ - ૧૧૨; આજ્ઞામાર્ગ - ૧૧૩; નિર્ગ્રંથમાર્ગ - ૧૧૩; નિર્વાણમાર્ગ - ૧૧૪; પરિનિર્વાણમાર્ગ - ૧૧૪; ક્ષાયિક સમકિત ફોરવતાં - ૧૧૭; પાંચમા તથા છઠ્ઠા ગુણસ્થાને ચડતાં - ૧૧૮; સાતમા ગુણસ્થાનને સ્પર્શી, સત્પુરુષની દશા સુધી વિકસતાં - ૧૨૩; કેવળીપ્રભુનાં બંધનનાં કારણો - ૧૩૧; શ્રેણિની તૈયારી - ૧૩૭; આત્માનુબંધી યોગ તથા ચતુર્વમુખીન યોગ - ૧૪૪; ક્ષપક શ્રેણિએ ચડતાં - ૧૫૦; કેવળી સમુદ્‌ઘાત, ૧૩માથી ૧૪મા ગુણસ્થાને જતાં - ૧૬૩; સિદ્ધભૂમિમાં ગમન, ચેતનઘન સ્થિતિ, આત્માની અક્ષય સ્થિતિ - ૧૬૭; વ. પત્રાંક ૧૨૮ના આધારે શ્રી નવકારનો મહિમા - ૧૭૧.

**પ્રકરણ ૧૬ : સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ ...................... ૧૭૯**

જીવનું અભિસંધિજ વીર્ય - ૧૮૨; અનભિસંધિજ વીર્ય - ૧૮૨; આત્મિક શુદ્ધિ કરવા માટેના આઠ માર્ગ - ૧૮૩; પંચપરમેષ્ટિ કયા માર્ગે ચાલે? - ૧૮૪; સંવરપ્રેરિત તથા કલ્યાણપ્રેરિત મહાસંવર માર્ગ - ૧૮૫; અંતરાય કર્મની બલિહારી - ૧૮૭; વિભાવરસની ઉત્પત્તિ - ૧૯૪; આઠમાના પહેલા ચાર માર્ગ અસંજ્ઞી જીવ પણ આદરે - ૧૯૬; ઇન્દ્રિયોના વધવા સાથે કર્મબંધનનાં કારણો પણ વધે - ૧૯૭; સંવર માર્ગ - ૨૦૩; નિર્જરા માર્ગ - ૨૦૪; સંવર પ્રેરિત નિર્જરા માર્ગ - ૨૦૬; નિર્જરા પ્રેરિત સંવર માર્ગ - ૨૦૮; સંજ્ઞાના સદ્ઉપયોગથી આવતી સિદ્ધિઓ - ૨૦૯; ભક્તિમાર્ગની મહત્તા તથા પ્રભુનો બોધ – ૨૧૧; વીતરાગનો બોધ - ૨૧૬; વીતરાગના બોધના ફાયદા - ૨૧૬; વીતરાગનો બોધ ગ્રહણકરવા જોઈતી પાત્રતા - ૨૨૩; ભક્તિને પ્રાર્થના - ૨૨૬; ભક્તિનું કાર્ય - ૨૨૮; સંજ્ઞા ગુંચવણભર્યો પદાર્થ - ૨૩૫; પૂર્ણ આજ્ઞાધીન તથા અપૂર્ણ આજ્ઞાધીન જીવની કર્મક્ષય કરવાની પ્રવૃતિનો ભેદ - ૨૩૬; આત્મિક શુદ્ધિનો માર્ગ - ૨૩૮; સર્વોત્કૃષ્ટ શુદ્ધિનો માર્ગ - ૨૩૮; એ બે વચ્ચેનો તફાવત - ૨૪૧; અસ્તિકાય ઉપર જીવનું પ્રભુત્વ - ૨૪૭; આહાર - આશ્રવ - ૨૪૮;

પાન ક્રમાંક

વિહાર-સંવર - ૨૪૯; નિહાર-નિર્જરા - ૨૫૧; ધર્મનું મૂળ આજ્ઞા - ૨૫૨; સંજ્ઞી જીવનું સંવર માર્ગનું આરાધન - ૨૫૫; સંજ્ઞી જીવનું નિર્જરા માર્ગનું આરાધન - ૨૫૭; સંજ્ઞી જીવનું નિર્જરા પ્રેરિત સંવર માર્ગનું આરાધન - ૨૫૮; સંજ્ઞી જીવનું મહાસંવર માર્ગનું આરાધન - ૨૫૯; સંજ્ઞી જીવનું સંવર પ્રેરિત મહાસંવર માર્ગનું આરાધન - ૨૬૨; સંજ્ઞી જીવનું કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગનું આરાધન - ૨૬૩; સંજ્ઞી જીવનું આજ્ઞામાર્ગ પ્રેરિત, કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગનું આરાધન - ૨૬૪.

**પ્રકરણ ૧૭ : ૐ ગમય આણાયં, આણાયં ગમય ૐ .................. ૨૬૯**


ૐ ને પ્રાર્થના - ૨૬૯; પંચપરમેષ્ટિ ભગવંતનું ૐમાં સમાવું - ૨૭૧; આજ્ઞા - ૨૭૩; સંજ્ઞા - ૨૭૩; આજ્ઞા તથા સંજ્ઞાને એકમાર્ગી કરવાના ફાયદા - ૨૭૫; આજ્ઞાનું કાર્ય - ૨૭૯; ૐના કલ્યાણનાં પરમાણુની રચના - ૨૭૯; એ પરમાણુઓની વિશેષતા - ૨૮૧; છદ્મસ્થ પરમેષ્ટિનાં આજ્ઞારસ તથા પરમાણુઓનું કાર્ય - ૨૮૩; પૂર્ણાતિપૂર્ણ આજ્ઞા - ૨૮૫; જીવ આ આજ્ઞા કેવી રીતે પાળે? - ૨૮૬; શ્રી અરિહંત પ્રભુનાં પંચપરમેષ્ટિ કલ્યાણનાં પરમાણુઓનું કાર્ય - ૨૯૪; પાંચે પરમેષ્ટિ સાથે મળે ત્યારે જ પરમ ઈષ્ટ થાય છે - ૨૯૮; પંચપરમેષ્ટિ પરમાણુઓનું બંધારણ - ૩૦૦; તે માટે શ્રી તીર્થંકર પ્રભુનો પુરુષાર્થ - ૩૦૯; આ પરમાણુઓમાં ધર્મનાં સનાતનપણાનો તથા મંગલપણાનો સમાવેશ - ૩૧૧; પૂર્ણ પરમેષ્ટિનાં પરમાણુઓ જીવ કેવી રીતે મેળવી શકે? - ૩૧૫; અપૂર્વ અવસરની ૨૧મી કડીમાં રહેલું તેનું રહસ્ય - ૩૧૫; પૂર્ણાતિપૂર્ણ આજ્ઞાની પ્રાપ્તિ - ૩૨૦; સરળતાના ગુણની ઉપયોગીતા - ૩૨૨; સાધુસાધ્વી પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ - ૩૨૩; ઉપાધ્યાયજી પ્રેરિત પૂર્ણપરમેષ્ટિ પરમાણુઓ - ૩૨૬; આચાર્યજી પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુઓ - ૩૩૦; ગણધરજી પ્રેરિત પૂર્ણ

પાન ક્રમાંક

પરમેષ્ટિ પરમાણુઓ - ૩૩૩; પૂર્ણ પરમેષ્ટિ તથા છદ્મસ્થ પરમેષ્ટિના પુરુષાર્થનો તફાવત - ૩૩૫; અરિહંત પ્રભુ પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુઓ - ૩૩૬; ૐ ગમય આણાયં, આણાયં ગમય ૐની અપેક્ષાએ નમસ્કાર મંત્ર - ૩૩૮.

**પરિશિષ્ટ ૧ - પારિભાષિક શબ્દોનો કોષ .................................. ૩૪૩**

**પરિશિષ્ટ ૨ - આરાધક માટે વિષયવાર સૂચિ ............................ ૩૫૫**



શ્રીમદ્ રાજચંદ્ર

## અર્પણ

પંચપરમેષ્ટિનાં પાંચે પદને સ્પર્શી, સર્વોત્તમ એવું તીર્થંકર પદ નિકાચીત કરી, પૂર્ણ થઈ,
સ્વપર કલ્યાણ કરવામાં અગ્રેસર બની, પાંચે પદની લાક્ષણિકતા અનુભવી,
અન્યને એ અનુભવવા માટે સહાય કરનાર શ્રી રાજપ્રભુને (દેવેશ્વર પ્રભુને)
તથા
સર્વ જીવોને યથાયોગ્ય ઉત્તમ વીર્ય પૂરું પાડનાર શ્રી પંચપરમેષ્ટિ ભગવંતને
નિજ કલ્યાણ અર્થે એમની જ કૃપાથી આ ગ્રંથ અર્પણ કરું છું.

ૐ

# પ્રાક્કથન

"શ્રી કેવળીપ્રભુનો સાથ"ના ત્રણ ભાગના અનુસંધાનમાં આ ચોથો ભાગ વાચકોનાં કરકમળમાં મૂકતાં આનંદ અનુભવાય છે. અને શ્રી પ્રભુને અંતરમાંથી પ્રાર્થના થાય છે કે, "હે પ્રભુ! તમારી કૃપાથી અને આજ્ઞાથી લખાયેલા આ ગ્રંથના સર્વ ભાગ વાચકોને આત્મશાંતિ તથા આત્મશુદ્ધિ મેળવવા માટે તથા વધારવા માટે ખૂબ સહાયક થાઓ. તે સાથે તેઓમાંથી કોઈ પણ આ ગ્રંથનાં નિમિત્તથી અશુભભાવમાં જાય નહિ તેવી કૃપા કરજો; કેમકે તમારા નિમિત્તે કોઈ પણ જીવ આત્માર્થે બંધાય નહિ તેવી મારી અંતઃકરણની ઊંડી અભિલાષા છે. આ ગ્રંથ લખવામાં મને કોઈ પણ પ્રકારનો કર્તાભાવ કે માનભાવ વર્તતો નથી તેની જાણકારી સહુને તમારી પરમ કૃપાથી અને પોતાના અનુભવથી થાઓ, એ જ મારી આપને નમ્ર વિનંતિ છે. આ ગ્રંથ લખવામાં માત્ર 'પ્રભુની આજ્ઞા' જ નિમિત્તરૂપ છે, બાકી સર્વ પ્રકારે નિસ્પૃહતા છે તેની સ્પષ્ટતા આપની આજ્ઞાથી કરી, પૂર્વનાં પ્રાક્કથનનાં અનુસંધાનમાં તે વિશેની હકીકતો રજૂ કરવા આપની આજ્ઞા માગું છું." ૐ શાંતિઃ

ત્રીજા ભાગના પ્રાક્કથનમાં મેં લખ્યું હતું કે શ્રી રાજપ્રભુએ સ્વયં મને ધ્વનિથી જણાવ્યું હતું કે તેઓ વર્તમાનમાં 'તીર્થંકર પદે' બિરાજે છે. આ હકીકત જાણવાથી મારા આનંદ તથા ઉલ્લાસની અવધિ ન હતી, સાથે સાથે આ હકીકતે મારા પર કામણ કર્યું હતું. તેથી શ્રી કૃપાળુદેવે તીર્થંકરપદ બંધાય તેવા ભાવ કેવી રીતે આદર્યા, પોષ્યા તથા તેની એંધાણીઓ તેમનાં પત્રલેખનમાં કેવી રીતે વ્યક્ત થાય છે, તે સર્વ વિશેની જાણકારી મેળવવાની મારી તાલાવેલી વધતી ગઈ. વળી, શ્રી અરિહંતના મહિમાને ઓળખવા માટે, મનન કરવા માટે, અનુભવ કરવા માટે, વેદવા માટે તથા

માણવા માટે જીવે શું કરવું જોઇએ તે જાણવાની જિજ્ઞાસા ઘણી બળવાન બની. આ ભાવના અનુસંધાનમાં મારો જીવ સહજપણે પ્રભુને આજ્ઞાધીન થતો ગયો, અને હવે ભાવિમાં ક્યારેય મારે સ્વચ્છંદથી વર્તવું નથી એવી ગાંઠ મારામાં બંધાઈ ગઈ.

શ્રી પ્રભુને આજ્ઞાધીન થઈ આ નિર્ણય પાળવાથી જીવને કેવા કેવા ફાયદા થાય છે, રોજબરોજનાં જીવનમાં પ્રભુ કેવી સંભાળ રાખે છે, તેના કેટલાયે અનુભવો વારંવાર થવા લાગ્યા. તેમાંના કેટલાક અનુભવો મેં ત્રીજા ભાગના પ્રાક્કથનમાં વર્ણવ્યા છે. ઈ. સ. ૧૯૬૮ના પર્યુષણપર્વથી આવા અનુભવોની પરંપરા ચાલુ થઈ, અને કૃપાળુદેવનાં જીવન માટેના કેટલાય ખુલાસાઓ મને પ્રત્યક્ષ અનુભવ દ્વારા મળવા લાગ્યા. આને કારણે મારા જીવનની સુધારણા થવા લાગી, વર્તતા ભાવોનું પરિવર્તન થવા લાગ્યું અને કલ્યાણભાવની વિશુદ્ધિ રોજબરોજનાં જીવનમાં થતી ગઈ. તેથી સર્વ જીવો માટેનો કલ્યાણભાવ એવી સરસ રીતે ઉમટયો કે એ ભાવ કરવા સિવાયના અન્ય ભાવો કરવાની રુચિ તૂટતી ગઈ. તે એટલે સુધી કે અન્ય જીવો સંસાર અપેક્ષાએ વિઘ્ન કરે, અશુભ બોલે છતાં પણ આત્મામાં તેનો પ્રત્યાઘાત પડતો નહિ, અને તેમના માટે પણ, તેઓ અશુભ પ્રવૃત્તિથી મુક્ત થઈ મહાકલ્યાણને પામે તેવો ભાવ બળવાનપણે અનુભવાવા લાગ્યો.

તેની સાથે સાથે એકેંદ્રિયાદિ જીવોએ પણ પોતાના દેહનો ત્યાગ કરતાં કરતાં મારા જીવ પર કેટલો ઉપકાર કર્યો છે અને કરે છે તેની સ્પષ્ટતા પરમ કૃપાળુદેવના અંતરંગ બોધ દ્વારા થતી ગઈ. જેમકે ચાલતાં, બેસતાં પૃથ્વીકાય જીવોને હણાતાં જોઈ વિચારાતું કે તેઓ મને પોતાનાં જીવનનો ત્યાગ કરીને પણ હાલવા, ચાલવા, બેસવાની સુવિધા આપે છે તે તેમનો મારા પરનો ઉપકાર છે. તેના પ્રત્યાઘાતમાં તે સહુનો સત્વર વિકાસ થાય એવા ભાવ હૃદયમાં રમવા લાગ્યા. એ જ રીતે પાણી પીતી હોઉં ત્યારે સમજાતું કે આ પાણીકાય જીવો પોતાનાં જીવનનો ત્યાગ કરી મને જીવન બક્ષે છે, તેથી સહજપણે પાણી પીતાં તેમના વિશે કલ્યાણભાવ વેદાતા

હતા. રસોઈ કરતાં અગ્નિકાય જીવોનો ઉપકાર મનમાં વસવાથી તેમના માટેનો કલ્યાણભાવ ઉમટતો. એ જ રીતે રાત્રે લેખન, વાંચન આદિ પ્રવૃત્તિ કરતી વખતે લાઈટના તેજસ્કાય જીવોનો આભાર માનતાં માનતાં તેમનાં કલ્યાણનું વેદન સાકાર થતું હતું. શ્વાસોશ્વાસ આદિના કારણે વાયુનો તો સતત ઉપયોગ રહેતો હોવાથી તેમનો આભાર માનવાની વૃત્તિ તેમના કલ્યાણભાવના વેદનમાં સમાતી હતી. અને ખોરાક બનાવવાની તથા આરોગવાની પ્રવૃત્તિમાં વનસ્પતિકાય તરફથી જે મારા પર ઉપકાર થતો હતો તે કેમ ભૂલું? આહાર તો શરીરમાં જઈ જીવનને ચાલુ રાખવામાં ખૂબ બળવાન નિમિત્ત હોવાથી તેમના પ્રતિની કલ્યાણભાવના એવી જ ઉત્કૃષ્ટતાથી વર્તવા લાગી હતી. આ પાંચે પ્રકારના એકેંદ્રિય જીવો બેથી ચાર ઇન્દ્રિયવાળાં અસંજ્ઞી જીવોને પણ ઉપકારી છે તથા તે વિકલેંદ્રિયો એકબીજાને પણ તેવાં જ ઉપકારી છે તેવી સભાનતા આવતાં તેઓ બધાં માટેનો કલ્યાણભાવ પણ વિકસતો ગયો. સાથે સાથે જે જે સંજ્ઞીપંચેન્દ્રિય જીવો સંપર્કમાં આવતા ગયા તેઓ તથા તેના સંબંધિત જીવો માટે પણ ખૂબ શુભભાવ વધવા લાગ્યા. જેમની સાથે શુભનો ઉદય હોય તેમના માટે એવા ભાવ આવતા કે તેઓ બધા ભગવાને બતાવેલા સુખના માર્ગે ચાલી, કલ્યાણ પામે. અને જેમની સાથે અશુભ ઉદયો વર્તાય તેમના માટે એવા ભાવ વેદાતા કે પ્રભુ! અશુભનું વેદન કરવું પડે તેવાં કર્મો આ જીવ સંબંધી મેં કેમ બાંધ્યા? અમને આવા અશુભના ઉદયોથી છોડાવી, સહુને કલ્યાણકાર્યમાં ત્વરાથી જોડી દ્યો, કે જેથી આખું જગત તમારા શરણમાં આવી, સ્વકલ્યાણને પ્રાધાન્ય આપી સદ્વર્તન કરતાં શીખી જાય. આમ સર્વ જીવો માટે કલ્યાણભાવ તથા શુભભાવ સતત વધતા જતા હતા. તેમાં જો ક્યારેક કોઈ પ્રતિ વિભાવ ઉત્પન્ન થાય તો તરત જ કૃપાળુદેવ તરફથી મને એવો ઠપકો મળતો કે ફરીથી એવી ભૂલ કરવાની હિંમત કદી થાય જ નહિ.

આ ઉપરાંત નિયમિતપણે કરવા યોગ્ય કર્તવ્યમાં કંઈ ચૂક થાય, પ્રમાદ થાય તો શિક્ષા સાથે ઠપકો મળતો હતો. શ્રી કૃપાળુદેવ તરફથી આ રીતે મળતા સતત

માર્ગદર્શન તથા રક્ષણને કારણે મારા રોજિંદા જીવનમાં વ્યવહારની શુદ્ધિ તથા આત્મિક સુધારો થતો ગયો, અને મારો જીવન પ્રતિનો દૃષ્ટિકોણ બદલાતો ગયો.

મારી આત્મસ્થિરતા તથા વ્યવહારશુદ્ધિ જેમ જેમ વધતાં ગયાં, તેમ તેમ આત્માને લગતા સિદ્ધાંતોની, કર્મ સિદ્ધાંતોની સમજણ ઊંડી તથા વિશદ થતી ગઈ. તેનું ટાંચણ કરવાની આજ્ઞા આવતાં તે લખાણ પણ કરતી ગઈ. આ રીતે આ ગ્રંથ માટેના મુદ્દાઓ તૈયાર થતા ગયા. પરંતુ પ્રભુની આજ્ઞા ન થાય ત્યાં સુધી ગ્રંથ લખવાનો આરંભ ન કરવાનો મારો નિર્ણય અફર હતો, તેથી એ ભાવો તથા લખાણ હૃદયસ્થ તથા કાગળ પર જ હતાં. તેમાં પ્રભુ તરફથી મળતો બોધ અને ઊઠતા વિવિધ કલ્યાણભાવ સચવાયેલા હતા. આ વિશેના અનુભવો જાણવાથી પ્રભુ મને કેવી રીતે બોધ આપી આજ્ઞાધીન રાખતા હતા તેની સમજણ આપને આવશે એવી આશા છે.

સામાન્ય રીતે ઓફિસે જતાં પહેલાં હું એમના (શ્રી રજનીભાઈ મહેતાના) માથામાં તેલ ઘસી દેતી. એક દિવસ ધાંધલ તથા ઉતાવળને કારણે મારાથી તેલ નાખવાનું રહી ગયું, અને હું ઓફિસમાં પહોંચી ગઈ. ત્યાં પહોંચતા જ મને કૃપાળુદેવનો નારાજીથી ભરેલો ચહેરો દેખાવા લાગ્યો. મને તેમની નારાજીનું કારણ સમજાયું નહિ, તેથી તેમની ક્ષમા માગી કારણ જણાવવા વિનંતિ કરી. તેમણે કહ્યું, “તારી સવારની ચર્યા વિચારી જા, તને જ ખ્યાલ આવશે કે તેં શું ભૂલ કરી છે.” હું વિચારવા લાગી. થોડીવાર પછી મને સમજાયું કે આજે માથામાં તેલ ઘસવાનું ભૂલાઈ ગયું છે. મેં કૃપાળુદેવની ફરીથી ક્ષમા માગી અને રાત્રે સૂતાં પહેલાં તેલ ઘસી દેવાનું જણાવ્યું. આ નિર્ણય કરતાંની સાથે જ તેમનો ચહેરો ખૂબ પ્રસન્ન દેખાયો. મને અંતરમાં ખૂબ ઠંડક થઈ કે પ્રભુ મારું કેટલું ધ્યાન રાખે છે!

આ પછી થોડા જ દિવસમાં પ્રભુએ મને જણાવ્યું કે તારે આવતી કાલથી બે મહિના માટે ખાવાની કોઈ પણ ચીજ તારી મેળે લેવાની નહિ, કોઈ આપે તો જ લેવાય. માગવાની છૂટ નહિ, પણ ન જોઈતું હોય તો ના કહેવાની છૂટ. આ આજ્ઞા

વિશે મારે કોઈને પણ જણાવવાનું નહિ, છતાં પૂરેપૂરું પાલન કરવાનું. એ વખતે આ આજ્ઞા મને ખૂબ આકરી તથા કસોટીકારક લાગી; કારણ કે અમારા ઘરમાં અમે જમવા બેસીએ ત્યારે મોટાભાગે હું પીરસતી, એટલે બીજાને ભાગે મને પીરસવાનું આવે નહિ. વળી, બપોરે એક વાગે જમવા માટે ઓફિસેથી આવું ત્યારે હું તથા મારો સાડાત્રણ વર્ષનો ભત્રીજો એમ બે જણાં જમવામાં હોઈએ. આથી બપોરના જમવાનું કેમ થશે? આવી વિચારણા મનમાં ચાલી, પણ આમાં પ્રભુનો કોઇ ગૂઢ સંકેત હશે એમ મને લાગ્યું. આડુંઅવળું ખાવાની ટેવ ન હતી તેથી તેની ચિંતા ન હતી. એટલે પ્રભુની આજ્ઞાએ પૂર્ણતાએ વર્તી શું થાય છે તે જોવું એમ નક્કી કર્યું.

બીજા દિવસની સવાર થઈ. હું તથા ભાભી(જેઠાણી) રોટલી કરતાં હતાં ત્યાં તેમણે સહજપણે મને કહ્યું, “સરયુ! દૂધ અને રોટલી લઈ લો, પછી મોડું થશે!” મારાં આશ્ચર્ય અને પ્રભુની કૃપાની મેળવણી થઈ. સામાન્ય રીતે ન કહેનારાં ભાભી અગ્રેસર થયા અને મને ખૂબ સરળતા કરી દીધી. બપોરે જમતી વખતે હું ચિ. કેતનને પીરસતી હતી, ત્યાં તે ભાવથી બોલ્યો, “કાકી, તમે તો લ્યો!” મારું કાર્ય થઈ ગયું. મેં પ્રભુનો ખૂબ ખૂબ ઉપકાર માન્યો. રાત્રે અમે બધાં જમવા બેઠાં. હું બધાંને પીરસતી હતી, ત્યાં તો ભાભીની વહાલસોયી ત્રણે દીકરીઓ એક પછી એક વસ્તુ લેવા માટે ભાવથી કહેતી હતી. મારાં તો આશ્ચર્યની અવધિ જ ન રહી, પ્રભુ બધાંને એક પછી એક મને પીરસવા માટે સૂઝાડતા જતા હતા. ઓફિસમાં પણ પ્યુન ચા કે પાણી સ્વયં આપી જતો અને લેવાની સૂચના કરતો જતો. આમ શ્રી પ્રભુની સહાયથી એક પછી એક દિવસ નિર્વિઘ્ને પસાર થવા લાગ્યા. આજ્ઞાપાલન યથાર્થ રીતે થતું ગયું, છતાં કોઈને મારાથી પળાતા નિયમની જાણકારી ન હતી, પ્રભુની લીલા કેવી અદ્‌ભુત છે! આવી સુંદર રીતે પ્રભુની આજ્ઞા પાળતાં પાળતાં બે મહિના સહેલાઈથી પસાર થઈ ગયા, અને આજ્ઞાધીન જીવનમાં પ્રભુનાં પ્રેમ તથા રક્ષણ કેવી અદ્‌ભુત રીતે મળે છે તેનો મને પ્રત્યક્ષ પરિચય મળ્યો. આ બે મહિનામાં એક પણ ટંક એવો ન હતો કે મને કોઈ વસ્તુની જરૂર હોય છતાં પ્રાપ્ત થઈ ન હોય.

જરૂર વખતે કોઈ ને કોઈ તરફથી સૂચન થતું અને જરૂરિયાત પૂરી થઈ જતી. આ રીતે પ્રભુની આજ્ઞાએ વર્તવાથી કેટલાં બધાં નવાં બંધનનાં કારણોથી બચી જવાય છે તેનું મને પ્રત્યક્ષપણું થયું. તેથી પ્રભુની આજ્ઞામાં સતત રહેવાનું દૃઢત્વ ખૂબ જ વધ્યું. આ રીતે જુદા જુદા અનુભવો દ્વારા પ્રભુનાં સાનિધ્યનો લહાવો મને મળતો હતો. તેથી તેમના માટે મારા પ્રેમભાવ, અહોભાવ, પૂજ્યભાવ કેટલા વધ્યા હોવા જોઈએ તેનો આપને જરૂર લક્ષ આવ્યો હશે.

આવા વિવિધ અનુભવોમાંથી પસાર થતાં થતાં મને શ્રી રાજપ્રભુ દ્વારા અરિહંત પ્રભુનાં મહિમા, ઉપકાર, બોધ આદિનો પરિચય થતો ગયો. અને તે અનુભવને પ્રકાશિત કરનારા ઉદ્‌ગારો આ રીતે સરી ગયા -

તારે દ્વારે હું આવી હે નાથ!
મને કેમ કરી કરશે તું નિરાશ?
હું તો આવી સકળ વિશ્વ ત્યાગી,
તારા આશરાને સાચો માની,
મને જોઈએ તારું એ કેવળજ્ઞાન,
બીજું કાંઈએ ન માનું એહ સમાન.
હું તો પામીશ, તારું એ સ્વરૂપ,
એમાં કશીએ ન આવે હવે ચૂક,
મને સહાય નિત્ય કરજે નાથ!
મને કેમ કરી કરશે તું નિરાશ?

* * *

સંસાર સમુદ્ર તારવા, પ્રભુ આપની કૃપા ઘણી,
મનવાંછિત જ્યાં પામતાં, ત્યાં શું રહે મણા પછી?
પ્રભુ આપનો ઉપકાર જેટલો માનીએ તે ઓછો છે,
અમને ઉગારી દુઃખથી, સુખમાં સુવાડયા આપે છે.

પ્રભુ! આજની આ વિનતિ આપને કરું હું ભાવથી,
ક્યારેય પણ અમને ન કરશો, આપની કૃપા રહિત,
અમ એજ જીવિત, એ જ મૃત્યુ, એ જ વાંછા છે ખરે,
તુમ વિણ જગમાં કાંઈ પણ અમને હવે સાંતુ નથી.

આપ જેમ રાખો તેમ રહેવાના હવે તો કોડ છે,
ઋણથી થવાને મુક્ત, સમભાવે હવે રહેવું ખરે,
જે જે સંબંધો પૂર્વકાળે આ જીવે બાંધ્યા હતા,
તે તે સંબંધો ભોગવીને નિશ્ચયે છૂટવું હવે.

સંસારના સંબંધમાં સહુ સ્વાર્થનાં છે રે સગાં,
પરમાર્થના સંબંધમાં સહુ પ્રેમનાં રે છે ભૂખ્યાં,
સાચું જણાવ્યું મુજને એ આપનો ઉપકાર છે,
ઉપકારી પ્રભુને મુજના અગણિત નમસ્કાર છે.

* * *

પ્રભુ તારા પ્રેમની રઢ લાગી,
તારા શુભ ચરણોમાં રહીને,
તારા પ્રેમનો લહાવો લેવા,
આજે આવેલ છું ભાગ્યવાન થાવા,
તારું સ્વરૂપ યથાર્થ માણવા.

* * *

આજ મારા હૈયામાં આનંદ હેલે ચડયો રે,
વણમાગ્યે પ્રભુજીએ મુજને સર્વે આપી દીધું રે,
કેમ કરીને થાયે આ કરુણાનાં સાચાં મૂલ્યો રે,
નહિ વિસારું પ્રભુજી આ અદ્‌ભુત મારગ તારો રે. આજ...

પૂરવ જનમની વેદનાને ભાવિએ ભૂલાવી રે,
અમૃતરસનાં પાનથી કંટક સહુ વિસાર્યાં રે,
જ્ઞાનધારાની લહાણીમાં અદ્‌ભુત શાંતિ આવે રે, આજ...

ભાવિનાં એ પ્રેરક વાયુ લાવે સુરખી ઘેલી રે,
જ્ઞાનસુધારસ અમૃતધારા વરસે મુજ અંતરમાં રે,
અનાદિનાં ભમવાનો અંત લાવે એ લીલામાં રે, આજ...

પશ્ચાત્તાપનાં પુનિત આંસુ પામે મૌક્તિક વેલી રે,
સુધારસનાં અમૃતબિંદુ આપે શીતલ રેલી રે,
દેહરહિત દશા પામીને જાવું સ્વરૂપ સ્વદેશ રે, આજ...

દેહાદિનું ભાન ભૂલીને પ્રભુમાં લીન થાવું રે,
તે માટેનો સાચો મારગ પ્રભુજી આપે બતાવ્યો રે,
તે જાણીને હેતભાવે હું તો ધન્ય થઈ રે, આજ...

આ પદોમાંથી શ્રી અરિહંત પ્રભુનો મહિમાને વેદવા માટે કેવા પ્રકારે આજ્ઞાનો અનુભવ મને થતો હતો તે સમજાય તેવું છે. સાથે સાથે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનો સાથ મને કેટલો અને કેવી રીતે મળતો હતો તે જણાયું હશે.

“શ્રી કેવળીપ્રભુનો સાથ” ભાગ-૧નાં પ્રાક્‌કથનમાં મેં જણાવ્યું હતું કે વાંચનની શરૂઆત કરવામાં શ્રી રાજપ્રભુનો ફાળો અને સાથ આપવાની બાંહેધરી કેટલી મજબૂત હતી. તો યે તે માટે મને અંતરંગમાં ક્ષોભ હતો, આ ક્ષોભને જીતવા માટે રાજપ્રભુએ મને કેટલો ઊંડો સાથ આપ્યો હતો તે આપની સ્મૃતિમાં હશે જ. વાંચન શરૂ કરતાં પહેલાં મેં મારી વ્યવહાર શુદ્ધિ જાળવવા મારા પતિ, સાડાત્રણ વર્ષના પુત્ર, જેઠજી, જેઠાણીજી, તેમના બાળકો આદિ સર્વની અનુમતિ માગી હતી, તેઓએ તે માટે ખૂબ ઉત્સાહ બતાવ્યો હતો, એટલું જ નહિ પણ આ કાર્ય કરવામાં તેમના સાથ અને સહકાર દિનપ્રતિદિન વધતા ગયા હતા. તેમાં મેં રાજપ્રભુ

તેમજ પંચપરમેષ્ટિ ભગવંતની કૃપાનો અવર્ણનીય ઉપકાર અનુભવ્યો હતો. તેનો સ્વીકાર કરતાં આજે પણ હું ખૂબ ધન્યતા અનુભવું છું. ઇ. સ. ૧૯૭૭માં બનેલા આ પ્રસંગનું ઊંડાણ એ વખતે સ્પષ્ટ ન હતું. પણ પછીથી તે ઊંડાણ અને પ્રભુની કૃપા સમજાયા પછી એ ખુલાસો રજૂ કરવાની ભાવનાને હું રોકતી નથી, અને તેમ કરવા માટે પ્રભુની અનુમતિ મળી હોવાથી મારું હ્રદય ખૂબ પુલકિત થઈ ઊઠયું છે.

પ્રત્યેક વાંચન વખતે શ્રી રાજપ્રભુ દોરવણી આપી મને દોરતા હતા. હું તેમની અનુજ્ઞા અનુસાર કર્તાભાવ અને માનભાવ રહિત બની, 'હું પ્રભુનો બોધ ઝીલું છું' એ ભાવથી તેમનાં માર્ગદર્શનને સ્વીકારી, આવેલા મુમુક્ષુઓ પ્રતિ મને મળતો બોધ રજૂ કરતી હતી. પ્રત્યેક ગુરુવારે બનતી આ ઘટના વિશે વિચારતાં સમજાયું કે રાજપ્રભુની આજ્ઞામાં શ્રી પંચપરમેષ્ટિ ભગવંતની અર્થાત્ ૐની આજ્ઞા કેવી રીતે સમાઈ જતી હતી. તેમાં ઓતપ્રોત થવાથી સહજપણે એ આજ્ઞા મારા જીવથી સમજી શકાતી હતી, અને તેનું પાલન કરતાં કરતાં ૐના પ્રસાદથી એ સમજ વાણીમાં રૂપાંતર પામી બોધરૂપે પ્રગટ થતી જતી હતી. તેની સાથે ધર્મના ગૂઢ સિધ્ધાંતો આજ્ઞાપાલન કરવાથી વાંચન દ્વારા સહજપણે સ્ફૂટ થતા જતા હતા. આવો અનુભવ મારા ઉપરાંત નિકટવર્તી અનેક જીવોને પણ થતો હતો. આજ્ઞાપાલનની મારી શુદ્ધિ જેમ જેમ વધતી ગઈ, તેમ તેમ વાણી ઉપરાંત લેખનકાર્યથી પણ ભેદજ્ઞાન રજૂ કરવાનું શરૂ થયું. એનું એક ઉદાહરણ જણાવું છું.

ઇ. સ. ૧૯૭૧ના પર્યુષણ માટે અમે ઘરના સભ્યોએ નિર્ણય કર્યો કે આ વખતે પર્યુષણમાં રોજ રાતના આપણે દરેકે એક પ્રશ્ન વિચારી તેનો ઉત્તર શોધવો, અને જ્યાં સુધી ઉત્તર મળે નહિ ત્યાં સુધી સૂવું નહિ. નક્કી તો કર્યું, પણ મારા મનમાં કોઈ પ્રશ્ન જ ઉદ્‌ભવતો ન હતો. મારી મુંઝવણ વધતી જતી હતી, કેમકે ઓફિસ તેમજ ઘરનું કામ અને ઉપરાંતમાં પ્રશ્ન તથા તેનો ઉત્તર મેળવવાનો પુરુષાર્થ કરવાનો હતો. બધાનો તાલમેલ મેળવવો મુશ્કેલ લાગતો હતો. પરિણામે પુરાણા

અનુભવને આધારે શ્રી પ્રભુને સાથ આપવા ખૂબ ખૂબ પ્રાર્થના તથા વિનંતિ કરતી ગઈ. આમ કરતાં પર્યુષણનો આગલો દિવસ આવી ગયો, પણ કંઈ સત્ફળ જણાયું નહિ.

તે દિવસે રાત્રે પ્રભુને પ્રાર્થના કરતાં કરતાં શાંત થઈ ગઈ. અડધી રાત્રે બે પાંખ સહિતના સફેદ વસ્ત્રધારી એક દૈવી વ્યક્તિએ દર્શન આપ્યા, અને મારી મુંઝવણ વિશે પૂછ્યું. મેં મને નડતી પ્રશ્નોત્તર બાબતની અશક્તિ જણાવી, તે જ ક્ષણે તેમણે કહ્યું, “તું ઇ. સ. ૧૯૬૩ની સાલથી માનતુંગાચાર્ય રચિત ભક્તામર સ્તોત્ર કરે છે, તો તને તેમાંની પ્રભુનો મહિમા વર્ણવતી નવ કડીઓનો રહસ્યાર્થ ખબર છે?” મેં તેમને વિનયપૂર્વક ના કહી, કેમકે મને વાચ્યાર્થની ખબર હતી પરંતુ તેનો ગૂઢાર્થ મારાથી ગુપ્ત હતો. તત્કાલ તેમણે ‘જે કોપ્યો છે ભ્રમણગણના ગુંજવાથી અતિશે...’ કડીનો ગૂઢાર્થ સમજાવ્યો. પછી જણાવ્યું કે આ રીતે બાકીની આઠ કડીઓનું રહસ્ય મેળવવું એ તારા માટે પર્યુષણના આઠ દિવસના પ્રશ્ન માટેનો પુરુષાર્થ છે. મેં તેમનો ખૂબ આભાર માન્યો, અને જરૂર પડયે સહાય કરવા વિનંતિ પણ કરી. તત્કાલ પછીની કડીનું રહસ્ય મેળવવાનો પુરુષાર્થ આદર્યો. પરંતુ પર્યુષણના પહેલા દિવસની સાંજ સુધી કોઈ ઉકેલ મળ્યો નહિ. સાંજે જમ્યા પછી અમે દેરાસર ગયા. ત્યાં સફળતા અપાવવા પ્રભુને વિનવતી હતી. પ્રાર્થના કરતાં કરતાં હું શાંત થઈ ગઈ. એટલામાં આગલા દિવસવાળી દિવ્ય વ્યક્તિએ ફરીથી દર્શન આપ્યા. અને એ કડીનો ખુલાસો કર્યો. આ અનુભવથી એવી દઢતા થઈ કે અરિહંતપ્રભુની સ્તુતિ જો ખૂબ ઉત્કૃષ્ટપણે કરવામાં આવે તો કોઈપણ પ્રશ્નનો ઉકેલ મળે અને સમાધાન મળી જ જાય. પરિણામે મારી પ્રાર્થના ઘેરી તથા ઊંડી થતી ગઈ, અને રોજેરોજ એક એક કડીનો ગૂઢાર્થ મળતો ગયો. સંવત્સરીના દિવસ સુધીમાં નવે નવ કડીના પરમાર્થ પ્રભુકૃપાથી સમજાઈ જતાં ખૂબ ખૂબ આનંદ વર્ત્યો. તે રાત્રે પ્રભુજીએ મને જણાવ્યું કે આખું ભક્તામર સ્તોત્ર આવા રહસ્યોથી ભરપૂર છે, માટે તે મેળવવા પ્રયત્ન કરજે. રીત મને આવડી ગઈ હતી. તેથી રોજે એક બે કડીના રહસ્યો મળતાં ગયાં, અને આખા ભક્તામરની ઊંડાણભરી

સમજ એકત્ર થઈ. પણ આ બધું પ્રભુએ જ આપ્યું હોવાથી તેમાંથી કોઈ માનભાવ ઉત્પન્ન થયો ન હતો.

ભક્તામર સ્તોત્રની સમજ પૂરી થતાં શ્રી સિદ્ધસેન દિવાકર રચિત કલ્યાણમંદિર સ્તોત્રની સમજણ લેવાની તથા ભક્તામરનું ઊંડાણ વ્યક્ત કરતું લખાણ કરવાની આજ્ઞા આવી. મને વર્તતી દિવસભરની પ્રવૃત્તિમાં લખાણ કરવું શક્ય જણાતું ન હતું, તેથી સમય આપવા માટે પ્રભુને વિનવવાની શરૂઆત કરી. "હે પ્રભુ! તમે મને આજ્ઞા આપી છે, તો તમે જ તેનું પાલન કરાવો." એમાંથી મને સૂઝી આવ્યું કે ઓફિસમાં બપોરે એક થી બેનો સમય લંચ માટે હોય છે તેનો સદુપયોગ કરું તો લખાણ થઈ શકે, આથી મેં સવારે જમીને ઓફિસે જવાનું શરૂ કર્યું, અને બપોરના દૂધ તથા બે રોટલી નાસ્તા માટે લઈ જવાનું રાખ્યું. આટલું ખાતાં પાંચ મિનિટથી વધારે સમય લાગે નહિ એટલે લગભગ પંચાવન મિનિટ લખવા માટે મને મળી શકે તેમ હતું. તેમ કરવાથી લખતી વખતે મને એવા અદ્‌ભુત અનુભવ થતા કે હ્રદય આનંદથી ભરાઈ જતું.

બપોરના એકથી બેના સમયમાં ખાવાનું પૂરું થાય કે તરત જ અંદરમાં વાક્યની વણઝાર શરૂ થઈ જતી. એટલે મારે તો શ્રુતલેખન કરતી હોઉં, તેવું જ કાર્ય કરવાનું હતું. ઘડિયાળમાં જ્યાં બે થાય કે તરત જ ધ્વનિ બંધ થઈ જાય. ઘણીવાર અડધા વાક્યે કે અડધા શબ્દે પણ લખાણ પૂરું કરવું પડતું. એ શબ્દ કે વાક્ય પૂરું કરવા મથામણ કરું તો પણ પૂરું કરી શકાતું નહિ, કેમકે ઓફિસનાં કામનો સમય પરમાર્થ માટે ન વાપરવો તેવી વ્યવહારશુદ્ધિ મારે જાળવવાની હતી. બીજા દિવસે સમય થતાં મેં જ્યાં વાક્ય કે શબ્દ અધૂરો રાખ્યો હોય ત્યાંથી આગળ વધી તે પૂરું થતું અને વચનાવલિ એકધારી આગળ વધતી, અને કોઈ પ્રકારની અધૂરપ ન જણાય એવો અનુભવ લખાણ પૂરું ન થયું ત્યાં સુધી થયા કર્યો. આમ કેવી રીતે બનતું હતું તે ત્યારે સમજાયું ન હતું, પણ હવે તે સમજાય છે કે એ ૐ સ્વરૂપ પ્રભુની આજ્ઞા હતી, એ આજ્ઞાને સમજીને મારો જીવ પાળતો ગયો હતો તેથી વાંચનના બોધમાં તથા

લખાણમાં પ્રભુના બોધનાં રહસ્યો ખીલતાં ગયાં. આ પછીથી શ્રી સિદ્ધસેન દિવાકર રચિત "કલ્યાણમંદિર સ્તોત્ર"નું લખાણ થયું. આ સ્તોત્રમાં તથા ભક્તામર સ્તોત્રમાં શ્રી તીર્થંકર પ્રભુની વિશેષતા જણાવતી જે કડીઓ છે તેની સરખામણી કરવામાં મને શ્રી પંચપરમેષ્ટિ ભગવંતની અમૂલ્ય સહાય મળી છે, તે મારે નોંધવું જોઈએ. એ સિવાય આવું કાર્ય થઈ શકે નહિ એમ મને લાગે છે. તે પછીથી શ્રી પ્રભુની આજ્ઞાથી 'અપૂર્વ આરાધન'લખાયું, જે 'કેવળીપ્રભુનો સાથ' ગ્રંથનો એક ભાગ છે એવી જાણકારી મને તે વખતે શ્રી પ્રભુએ કૃપા કરી આપી હતી. આ લખાણ કરવામાં પણ શ્રી પંચપરમેષ્ટિ તથા શ્રી રાજપ્રભુનો મને ઘણો ઘણો સાથ મળ્યો હતો. અને હવે એ જ ભગવંતોની અમૂલ્ય સહાયથી "શ્રી કેવળીપ્રભુનો સાથ"ના ભાગોનું લખાણ થાય છે.

આ ગ્રંથમાં પહેલા પાંચ પ્રકરણ સમાવવાનો વિચાર કર્યો હતો, પરંતુ ગ્રંથનું કદ વધી જશે એમ લાગવાથી ચાર પ્રકરણો જ લેવાનું નક્કી કર્યું છે. આ પ્રકરણો છેઃ સમય માત્રનો પણ પ્રમાદ કર્તવ્ય નથી; આત્મિક શુદ્ધિથી પરમાર્થિક સિદ્ધિ; સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ અને ૐ ગમય આણાયં, આણાયં ગમય ૐ.

આ સર્વ વાત પરથી આપને સમજાયું હશે કે આ લખાણ કરાવવામાં શ્રી રાજપ્રભુનો ફાળો મુખ્યતાએ હતો, તેમાં હવે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનો સાથ ભળતો ગયો છે અને વધતો ગયો છે. તેમનો ઉપકાર માનવા માટે તો કોઈ પણ શબ્દ અપૂર્ણ લાગે તેમ છે, તેથી આજ્ઞાધીન રહેવાના ભાવ સાથે વંદન કરી આભાર માનું છું. શ્રી પરમેષ્ટિની આજ્ઞાનુસાર સર્વ ભેદરહસ્યો મેળવવામાં મને પુત્રવત્ ચિ. નેહલ વોરાનો, ચિ. પ્રકાશનો તથા ચિ. અમીનો સાથ વિશેષતાએ મળેલ છે. તે સાથે શ્રી અજીતભાઈ, નલીનીબેન, કિશોરભાઈ, રેણુબેન તથા સર્વ કુટુંબીજનોનો સાથ વિવિધ પ્રકારે મળતો રહ્યો છે. લખાણ કર્યા પછી તેનું કંપોઝીંગ કરવામાં તથા બંને પરિશિષ્ટો તૈયાર કરવામાં મારી વહાલી ભાણેજ અમી ઠાકોરે તથા અનુરાગ ઠાકોરે મુખ્ય ભાગ ભજવ્યો છે. અને આ લખાણને સુંદર રીતે સજાવવામાં મારાં નિકટવર્તી અરુણભાઈ તથા સુધાબહેન મહેતાનો એવો જ અગત્યનો ફાળો છે. આ લખાણ પ્રકાશિત કરવામાં

વગર માગ્યે અને વગર ઇચ્છે આર્થિક ફાળો આપનાર મુમુક્ષુઓનો પણ એવો જ હિસ્સો છે. પ્રભુ તેઓ સહુને આપેલી સહાય બદલ આત્મિક શાંતિ તથા શુદ્ધિ વધારી સર્વોત્કૃષ્ટ શાંતિ તથા શુદ્ધિ સુધી લઈ જાય એ જ મારી પ્રાર્થના છે.

આ પછીના ભાગમાં વિશેષ ભેદરહસ્યો પ્રગટ કરવા અન્ય ચાર પ્રકરણોની રચના વિચારી છે. તેમાં 'પૂર્ણ આજ્ઞાસિદ્ધિ-પૂર્ણ કલંકરહિત અડોલ દશા', 'પંચપરમેષ્ટિનાં પંચામૃતથી બ્રહ્મરસ સમાધિ', 'શ્રી કેવળીપ્રભુનો સાથ' તથા 'આત્માની સિદ્ધિ' વણી લેવા વિચાર્યું છે. પ્રભુકૃપાથી જેમ થાય તેમ સ્વીકાર્ય છે.

આ ભાગમાં પણ કેટલીક વાતો તથા હકીકતોને પુનરુક્તિનો દોષ વોહરીને પણ મૂકી છે. તેમ કરવા પાછળ વિષયની અગત્ય તથા વિશદતા જાળવવાનો હેતુ છે, તે વાચકવર્ગ અભ્યાસ કરતાં જરૂરથી સમજી શકશે. અને આ ક્ષતિને ઉદાર દિલથી નિભાવી મૂળ હેતુનો સ્વીકાર કરી, ગ્રંથનો સદુપયોગ કરશે; એવી આશા રાખું છું. આ ગ્રંથ સર્વને આત્માર્થે ઉપયોગી તથા ઉપકારી થાય એવી શ્રી પ્રભુને પ્રાર્થના કરું છું.

ૐ શાંતિ.

મુંબઈ — મોક્ષાભિલાષી

તા. ૧૬ ઓગસ્ટ ૨૦૦૯, રવિવાર — **સરયુ રજની મહેતા.**

પહેલું પર્યુષણ.

अध्यात्मामृतपूर्णकामकलशश्चक्रेऽत्र शास्त्रे पुरः
पूर्णानन्दधने पुरं प्रविशति स्वीयं कृतं मंगलम् ॥१६॥

આ શાસ્ત્રમાં ભાવના સમૂહરૂપ પવિત્ર કામધેનુના છાણના રસથી લીંપેલી અને સમતારૂપ પાણી વડે ચોતરફ છાંટેલી ભૂમિ છે, માર્ગમાં વિવેકરૂપ ફૂલની માળા સ્થાપેલી છે, અધ્યાત્મરૂપ અમૃતથી ભરેલો કામકુંભ આગળ મૂકયો છે. એમ સચ્ચિદાનંદ પૂર્ણ બ્રહ્મસ્વરૂપ શુધ્ધ આત્મા સર્વ અધિકારે (સર્વ જીવ) અપ્રમાદ નગરમાં પ્રવેશ કરે છે. ત્યારે તે પોતાનું જ મંગલ કરે છે.

— શ્રી યશોવિજયજી કૃત જ્ઞાનસાર
ઉપસંહાર — શ્લોક ૧૬.

## પ્રકરણ ૧૪

# સમય માત્રનો પણ પ્રમાદ કર્તવ્ય નથી

અનાહદ ધ્વનિથી શરૂ કરી, ૐ ધ્વનિમાં ગુંજન કરી, ૐ નાદથી આખા લોકમાં આજ્ઞારૂપી ધર્મ અને તપનો સંદેશો ફેલાવનાર શ્રી અરિહંતાદિ પંચપરમેષ્ટિ ભગવંતને અત્યંત વિનમ્રભાવે, ભક્તિભાવ સહિત, સાષ્ટાંગ નમસ્કાર હો, નમસ્કાર હો, નમસ્કાર હો.

"પ્રમાદને તીર્થંકરદેવ કર્મ કહે છે, અને અપ્રમાદને તેથી બીજું એટલે અકર્મરૂપ એવું આત્મસ્વરૂપ કહે છે. તેવા ભેદના પ્રકારથી અજ્ઞાની અને જ્ઞાનીનું સ્વરૂપ છે." (સૂયગડાંગ સૂત્ર – વીર્ય અધ્યયન વચનામૃત આંક ૪૮૬).

આત્મસ્વરૂપની ઉન્નતિમાં ઉદ્યમ ન કરવો, તેને શ્રી તીર્થંકર પ્રભુ પ્રમાદ તરીકે ઓળખાવે છે; અને તેથી ઊલટું આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટેના પુરુષાર્થને શ્રી પ્રભુ અપ્રમાદ તરીકે ગણાવે છે.

પ્રમાદથી જીવ આત્માની શાંતિ ગુમાવે છે, પોતાનાં સ્વરૂપનું ભાન ગુમાવે છે; પરપદાર્થમાં મોહ કરે છે, પરપદાર્થને મેળવવાની અને ભોગવવાની પ્રવૃત્તિ કરે છે; પરિણામે સંસારની ચારે ગતિઓમાં સતત પરિભ્રમણ કર્યા કરે છે; શાતા અશાતાનું વેદન કર્યા કરે છે. જીવ ઘાંચીના બળદની માફક સતત ફરતો રહેતો હોવા છતાં કોઈ પ્રકારની સિદ્ધિ મેળવી શકતો નથી. તે પોતાનાં શુભાશુભ ભાવ અને કર્મ અનુસાર એકથી પાંચ ઇન્દ્રિયવાળી ઊંચી કે નીચી ગતિમાં લોકમાં ભમ્યા કરે છે.

આવી કેટલીયે પ્રક્રિયામાંથી પસાર થતાં થતાં જીવે કેવાં કેવાં કષ્ટો અનુભવ્યાં છે તેનો સ્પષ્ટ ચિતાર શ્રી ગૌતમ સ્વામીને આપી, સર્વજ્ઞ શ્રી મહાવીર પ્રભુ તેમને બોધે છે કે, "સમય માત્રનો પણ પ્રમાદ કર્તવ્ય નથી." શ્રી ઉત્તરાધ્યયનના દશમા

અધ્યયનમાં શ્રી મહાવીરસ્વામી પોતાના સુશિષ્ય શ્રી ગૌતમસ્વામીને જુદા જુદા ૩૬ કારણસર સમજાવે છે કે, 'समयं गोयम्। मा पमायए।' – હે ગૌતમ! સમય માત્રનો પણ પ્રમાદ કરીશ નહિ. કારણ કે ઝાડનાં સૂકાં પાન કાળ જતાં ખરી પડે છે, તેમ મનુષ્યજીવન પણ ચાલ્યું જાય છે; ડાભની અણી પર રહેલાં જલબિંદુ જેવું મનુષ્યજીવન ક્ષણિક છે; ઘણાં ઘણાં વિઘ્નોથી ભરેલાં નાના આયુષ્યમાં પૂર્વે બાંધેલાં અસંખ્ય કર્મો ખપાવવાનાં છે; તમામ જીવોને મનુષ્ય જીવનની પ્રાપ્તિ અતિ અતિ દુર્લભ છે વગેરે વગેરે. વળી કલ્યાણ કરવા માટે, આત્માને જન્મ, જરા તથા મૃત્યુનાં દુઃખથી છોડાવવા માટે મનુષ્ય જન્મ જેવો બીજો કોઈ જન્મ લાભકારી નથી. તેથી મળેલા મનુષ્યજન્મનો ઉત્તમ લાભ લઈ કલ્યાણ કરી લેવું યોગ્ય છે; એમ પ્રભુએ ત્યાં સમજાવ્યું છે.

નિત્યનિગોદમાંથી નીકળ્યા પછી જીવ પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાય એ પાંચ પ્રકારનાં એકેંદ્રિયપણામાં અનંતકાળ જન્મમરણનાં દુઃખ વેઠતાં વેઠતાં પસાર કરે છે, તે પછી સત્પુરુષની કૃપા થકી પ્રાપ્ત થયેલાં પુણ્યયોગે જીવ બે ઇન્દ્રિયપણું પ્રાપ્ત કરે છે. બેથી ચાર ઇન્દ્રિયપણે પણ સંખ્યાતકાળનું પરિભ્રમણ કરી, શ્રી સત્પુરુષની કૃપા થકી જીવ વિકાસ કરે છે. તે પછી પણ તે જીવ સત્પુરુષના કૃપાભાવથી અસંજ્ઞીપણું ત્યાગી સંજ્ઞીપણું પ્રાપ્ત કરે છે. આ સર્વ વિકાસમાં જીવ સત્પુરુષની કૃપાનાં કારણે પ્રમાદ ત્યાગી વિશેષ ઇન્દ્રિય અને સંજ્ઞા મેળવે છે. તેનામાં સ્વતંત્ર રીતે પ્રમાદનો ત્યાગ કરવાની શક્તિ હોતી નથી. માત્ર તે સંજ્ઞીપણું પ્રાપ્ત કરે તે પછી જ સ્વેચ્છાએ પ્રમાદ ત્યાગની પ્રવૃત્તિ કરી શકે છે. અને તેમાં પણ મનુષ્યરૂપે તે શક્તિ સૌથી વિશેષ પ્રાપ્ત થતી હોવાથી મનુષ્ય જન્મનું કલ્યાણકાર્ય માટે ઘણું ઘણું મહત્ત્વ રહેલું છે એ શ્રી પ્રભુએ સ્પષ્ટ કર્યું છે.

સંજ્ઞીપણું આવ્યા પછી જીવને આત્મકલ્યાણ કરવા માટે માત્ર ૯૦૦ ભવની મર્યાદા છે. આ ૯૦૦ ભવમાં જીવ પોતાનું કલ્યાણ કરી ન લે તો તેને ફરી પાછા અસંજ્ઞી બની કાળચક્રમાં પરિભ્રમણ કરવાનો પ્રસંગ આવે છે. મળેલા ૯૦૦ ભવમાં મોટેભાગે અડધાથી વધારે ભવ જીવ તિર્યંચગતિમાં ગાળે છે, દેવ કે નરક ગતિમાં ગયેલો જીવ એક એક ભવ સુધી જ તેમાં રહે છે, અને મનુષ્યગતિમાં જીવ એકસાથે વધુમાં વધુ

સાત કે આઠ ભવ સુધી રહી શકે છે, પછી તેની ગતિ બદલાઈ જાય છે. આ બધા ભવોમાં તેને સંસારના પદાર્થો મેળવવાની તથા ભોગવવાની આસક્તિ એટલી બધી હોય છે કે પ્રમાદનું સેવન કરતો કરતો તે જીવ શુભ અને અશુભ કર્મોને ભોગવતાં ભોગવતાં સંસારમાં પરિભ્રમણ કર્યા જ કરે છે. શાતા અને અશાતાના ઉદયોમાં કષાય ભોગવતા ભોગવતા તે જીવ દુઃખી થયા જ કરે છે. જૂનાં કર્મ ભોગવતાં તે નવાં કર્મો બાંધતો જાય છે; અને સંસાર લંબાવતો જાય છે.

આવા સંજોગોમાં મનુષ્યજન્મ મળવા છતાં જીવને આર્યત્વ (સુસંસ્કાર) મળતું નથી; કદાપિ પુણ્યયોગે આર્યત્વ મળે તો અવિકલ સંજ્ઞી પંચેન્દ્રિયપણું આવતું નથી; પૂર્ણ પંચેન્દ્રિયપણાની પ્રાપ્તિ થવા છતાં શ્રેષ્ઠ ધર્મનું શ્રવણ મળવું તેથી પણ ઘણું દુર્લભ બને છે; ક્યારેક તેને ઉત્તમ ધર્મ સાંભળવાનો યોગ થાય તો પણ તેની શ્રદ્ધા થવી મુશ્કેલ બને છે, કારણ કે ઘણાં ઘણાં જીવો મિથ્યાત્વનું સેવન કરતા જ રહે છે. અતિ પુણ્યયોગે ધર્મની શ્રદ્ધા જન્મે તો પણ તે પ્રમાણેનું આચરણ કરવું તેને માટે અઘરું બને છે, કારણ કે આ શ્રધ્ધાળુઓ પણ કામભોગમાં આસક્ત રહી પ્રમાદને સેવ્યા કરે છે.

આ બધી જ મુશ્કેલીઓને ઓળંગી જીવ પૂર્ણ ઈન્દ્રિયો અને સંજ્ઞા સહિતનો ઉત્તમ મનુષ્યજન્મ, સત્ધર્મનું શ્રવણ, ધર્મની શ્રધ્ધા આદિ મેળવે છે ત્યારે વય વધવાની સાથે તેનું શરીર જીર્ણ થતું જાય છે, અશક્ત થતું જાય છે, શ્રવણશક્તિ ઘટે છે, ચક્ષુ ઈન્દ્રિય નબળી બને છે, ઘ્રાણશક્તિ અલ્પ થતી જાય છે, રસનાશક્તિ ક્ષીણ થાય છે અને સ્પર્શેન્દ્રિય પણ શિથિલ થતી જાય છે, શરીરમાં રોગાદિનો ઉપદ્રવ વધે છે, અને તે બધાંને કારણે જીવ ધર્મનાં આરાધનમાં અનેકાનેક વિઘ્નોનો અનુભવ કરે છે. આ ઉપરાંત સંસારી પદાર્થોની લોલુપતા, ભોગઉપભોગની તીવ્ર કે મંદ વૃત્તિ, કુટુંબ, મિત્ર, સંપત્તિ આદિ સમૃદ્ધિનું બળવાન આકર્ષણ, વગેરે તત્ત્વો જીવને સાચા માર્ગે જતાં અટકાવી રહ્યાં છે. પરિણામે જીવનું સંસાર પરિભ્રમણ અટકતું નથી, અને જીવને મોક્ષનું સુખ મળતું નથી.

સંસારમાં પ્રવર્તતાં સર્વ વિઘ્નોનું આવું તાદૃશ ચિત્ર આપી, શ્રી મહાવીર સ્વામી પોતાના શિષ્ય ગૌતમસ્વામીને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં સમજાવે છે કે આ બધાં જ દુઃખો

તથા કષ્ટો આવવાનું કારણ છે – "પ્રમાદ" – સ્વરૂપ મેળવવા માટેનો અનુત્સાહ. માટે જો સાચું સુખ મેળવવું હોય તો જીવે સાચું સમજી પ્રમાદ ત્યાગી ઉદ્યમી થવું જોઇએ. વિશેષમાં શ્રી પ્રભુ ગૌતમસ્વામીને એ પણ જણાવે છે કે તેં સર્વસંગ પરિત્યાગ કર્યો છે, તેથી આત્માને શુધ્ધ કરવાનો ન્યાયપૂર્ણ માર્ગ તારા માટે તૈયાર જ છે; કાંટા કાંકરાવાળા માર્ગને છોડી તું રાજમાર્ગ પર આવી ગયો છે; માટે દૃઢ શ્રધ્ધાથી એ માર્ગે સમયમાત્રનો પણ પ્રમાદ કર્યા વિના તું ચાલ. પ્રમાદ કરી, અન્ય આકર્ષણ વેદી અવળા માર્ગે જતાં પસ્તાવાનો વખત આવે છે, માટે તું તે માર્ગે ન જઈશ; તું મહાસાગરના કિનારે આવી ગયો છે, તો અપ્રમાદી ઉદ્યમ કરી સિધ્ધત્ત્વને પ્રાપ્ત કરાવનારી ક્ષપક શ્રેણિને મેળવીને અનુત્તર સિદ્ધિને પ્રાપ્ત કર.

શ્રી મહાવીરસ્વામીના આ બોધ પરથી ફલિત થાય છે કે ગમે તેટલો વિકાસ કર્યા પછી પણ, પૂર્ણ ન થાય ત્યાં સુધીમાં જીવ જો પ્રમાદ કરે છે તો તેનો વિકાસ અટકી જાય છે; અને ઘણીવાર તે જીવ પાછો પડે છે. તે સંજોગોમાં જીવ જો ગાફેલ બને તો ઠેઠ અગ્યારમા ગુણસ્થાન સુધીનો વિકાસ કર્યા પછી પણ તે ઠેઠ પહેલા ગુણસ્થાને આવી જવા જેવી પછડાટ ખાઈ પીછેહઠ કરી નાખે છે. આવી પીછેહઠ ન કરવી પડે તે માટે પ્રમાદ ત્યાગી શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનો સાથ અને સંગ સ્વીકારવો જીવને માટે ખૂબ ખૂબ ઉપકારી થાય છે, એ હૃદયમાં કોતરી રાખવા જેવી હકીકત છે.

શ્રી મહાવીર પ્રભુએ ગૌતમસ્વામીને આપેલો આ બોધ આપણા સહુને માટે પણ ખૂબ જ સૂચક છે. દુઃખ આવવાનું અને પરિભ્રમણ વધવાનું મુખ્ય કારણ જીવનો પ્રમાદ છે. અપ્રમાદથી જીવને શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે. તેથી આપણે એ સમજવાનું અને વિચારવાનું છે કે પ્રમાદ આપણને ક્યાં, કેટલો અને કેવી રીતે નડે છે; તથા તેનો ત્યાગ કરવા માટે, સુખ સુવિધા અને સુગમતા મેળવવા માટે ક્યા ઉપાયો કરવા ઘટે!

જો આત્માર્થે આપણે ઉત્તમ ફળની પ્રાપ્તિ કરવી હોય તો પ્રમાદ છોડી, અપ્રમાદી બની, જેમણે આ કાર્ય કર્યું છે એવા આત્માના જાણકાર અને અનુભવીનું

સાનિધ્ય મેળવી, એમના કહ્યા અને કર્યા પ્રમાણે કરવું જોઈએ. આવા આત્માઓ છે શ્રી પંચપરમેષ્ટિ ભગવંત. તેમની ભાવના અને તેમનું કાર્ય વિચારતાં સમજાય છે કે તેમને શા માટે સર્વશ્રેષ્ઠ કહ્યાં છે.

શ્રી પંચપરમેષ્ટિ ભગવંતમાં શ્રી અરિહંત પ્રભુ, શ્રી સિધ્ધપ્રભુ, શ્રી આચાર્યજી, શ્રી ઉપાધ્યાયજી અને આખા લોકનાં સાધુસાધ્વીજીનો સમાવેશ કર્યો છે. જે આત્માઓ જીવ સમસ્તના કલ્યાણના ભાવ ઓછામાં ઓછી અમુક માત્રામાં કરી, પ્રભુ આજ્ઞાએ ચાલી, પ્રમાદને પરાસ્ત કરી, સ્વપરકલ્યાણ કરવામાં વ્યસ્ત છે, તેમનો જ સમાવેશ પંચપરમેષ્ટિ પદમાં શ્રી પ્રભુએ કર્યો છે. જેઓ વ્યવહારથી એ પદે પહોંચ્યા હોય, પણ ઉપર જણાવ્યાં તેવાં લક્ષણો તેમનામાં ન હોય તો તેવાં આચાર્ય, ઉપાધ્યાય કે સાધુસાધ્વી પરમેષ્ટિ પદમાં સમાવેશ પામતાં નથી. કારણ સ્પષ્ટ છે કે જો તેમના કલ્યાણભાવમાં જીવ સમસ્તનો સમાવેશ થતો ન હોય તો તેઓ 'પરમ ઈષ્ટ' કેવી રીતે કહેવાય? અથવા તો તેમનાં જ્ઞાન, દર્શન કે ચારિત્રની યોગ્ય ખીલવણી ન થઈ હોય તો અન્યને ઉપકારી કેવી રીતે થઈ શકે? આવા જીવો છદ્મસ્થ અવસ્થામાં પંચપરમેષ્ટિ પદમાં સ્થાન પામતા નથી; પરંતુ તેમણે સેવેલા કોઈ પણ માત્રાના કલ્યાણભાવને આધારે તેઓ જ્યારે ક્ષપક શ્રેણિએ ચઢે છે ત્યારે તેઓ જીવ સમસ્ત માટે ઉત્કૃષ્ટતાએ કલ્યાણભાવ વેદે છે, અને તે પછી કેવળજ્ઞાન તથા કેવળદર્શન પ્રગટાવે છે. તેમણે વેદેલા આ ભાવની સિદ્ધિ માટે, સિદ્ધ થતી વખતે તેઓ તેમની શુદ્ધિનાં કારણે પરમેષ્ટિ પદનાં બીજા પદમાં તરત સામેલ થઈ જાય છે. સિદ્ધપ્રભુ પંદર ભેદમાંના કોઈ પણ ભેદથી સિધ્ધ થયા હોય તો પણ સિધ્ધ થયા પછી એ ભેદ નીકળી જાય છે અને સહુ બીજા પદમાં સમાવિષ્ટ થાય છે.

શ્રી પંચપરમેષ્ટિ પદમાં આત્મશુદ્ધિની અપેક્ષાએ શ્રી સિદ્ધપ્રભુ અગ્રસ્થાને બિરાજે છે. એનું મુખ્ય કારણ તેમનું પૂર્ણ આજ્ઞાપાલન છે. આજ્ઞાપાલનની જેમ જેમ યથાર્થતા આવતી જાય છે તેમ તેમ જીવનો પ્રમાદ ક્ષીણ થતો જાય છે, અને આત્મિક શુદ્ધિ વધતી જાય છે, એ આપણે જાણીએ છીએ. તો શ્રી સિદ્ધપ્રભુનું આજ્ઞાપાલન કેવી રીતે શ્રેષ્ઠ છે તે આપણે સમજવા પ્રયત્ન કરીએ.

સર્વ સિધ્ધપ્રભુ સમાન છે. એમનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર – યથાખ્યાત ચારિત્ર તથા વીર્ય સમાન છે; તેમનાં પૂર્ણ શુધ્ધ સ્વભાવદશા, અવ્યાબાધ સુખ, અરૂપીપણું, અગુરુલઘુપણું, સાદિ અનંત એવી અક્ષય સ્થિતિ તે સર્વ એકસરખાં અને સમાન છે. એટલે કે જુદા જુદા પંદર ભેદે (તીર્થંકર રૂપે, અતીર્થંકરરૂપે, ગૃહસ્થલિંગે, પુરુષ લિંગે આદિ પ્રકારે) સિધ્ધ થયા હોવા છતાં; અથવા તો ભૂતકાળ, વર્તમાનકાળ કે ભાવિકાળના સિધ્ધ ભગવાન વચ્ચે પણ કોઈ ભેદ રહેતો નથી. તે સહુનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યમાં કે તેની વેદકતામાં કોઈ તફાવત રહેતો નથી. બીજી રીતે કહીએ તો શ્રી સિધ્ધભગવાનને કાળ કે તેમની છદ્મસ્થ અવસ્થાની દશાનો તફાવત સ્પર્શતાં નથી. તેનું કારણ જણાય છે કે સિદ્ધભૂમિમાં સર્વ આત્મા સમયે સમયે પૂર્ણપણે સમાન આજ્ઞાનું પાલન કરે છે. તેમને કોઈ યોગ, ભાવ કે પુદ્ગલ પરમાણુઓ સ્પર્શ કરી બાધા આપી શકતાં નથી. શ્રી તીર્થંકર પ્રભુ કે કેવળી પ્રભુને મન, વચન કે કાયાના યોગનો એક સમયનો સ્પર્શ શાતાવેદનીયની ભેટ આપે છે, તેનાથી પણ શ્રી સિદ્ધપ્રભુ પર છે. આમ જે આજ્ઞાનો માર્ગ એમણે સંસારમાં આરાધ્યો છે, એ જ આજ્ઞાનો માર્ગ તેઓ પૂર્ણપણે સિદ્ધભૂમિમાં પાળે છે.

સિદ્ધભૂમિમાં શ્રી સિદ્ધભગવાન આજ્ઞારૂપી ધર્મ તથા તપનું સતત પાલન કરતા જ રહે છે. તેઓ ત્યાં કેવળજ્ઞાન, કેવળદર્શન, અવ્યાબાધ સુખ અને યથાખ્યાત ચારિત્ર – પૂર્ણ શુદ્ધ સ્વભાવદશાને સતત માણતા રહે છે. જ્ઞાન, દર્શન અને સુખનો ભોગવટો એ આત્માનાં મૂળ ગુણો છે; એટલે કે શુદ્ધ આત્મા માટે એ ધર્મ છે.

આવા ગુણોનો અનુભવ કરતાં કરતાં શ્રી કેવળીપ્રભુને સમસ્ત લોકાલોકનું જ્ઞાન અને દર્શન થાય છે, તે જ્ઞાન તથા દર્શન એક સમય માટે યોગના કારણે શાતાવેદનીયરૂપ બને છે. શ્રી સિદ્ધભગવાન આ પ્રત્યાઘાતથી પર રહી, પરમ શુક્લ યથાખ્યાત ચારિત્રમાં સ્થિર રહે છે. ચારિત્રમાં સ્થિર રહેવાની આ પ્રક્રિયા તેમના માટે તપરૂપ છે.

આમ આજ્ઞારૂપી શુધ્ધ ધર્મ અને તપનું પાલન શ્રી સિદ્ધપ્રભુ કરતા હોવાથી સિદ્ધભૂમિમાં એમનાં જ્ઞાન, દર્શન અને વેદકતા સમાન જ રહે છે. જો એમના ધર્મપાલનમાં અંશમાત્ર પણ તફાવત હોત તો તેમનાં જ્ઞાન, દર્શન અને વેદકતામાં એ

અંશે ફેરફાર હોત. તેથી ફલિત થાય છે કે આજ્ઞારૂપી મહામાર્ગના આરાધનને લીધે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવથી સર્વ આત્માના ધર્મ સ્વતંત્ર થાય છે.

એ જ પ્રમાણે તેઓ જે યથાખ્યાત ચારિત્ર – પૂર્ણ શુધ્ધ સ્વભાવદશા અનુભવે છે, એ પણ સર્વ આત્માને સમાન જ છે. તે સિધ્ધ કરે છે કે શ્રી સિદ્ધપ્રભુ તપ પણ સમાન આજ્ઞામાં જ રહીને કરે છે. જો આજ્ઞાપાલનમાં તપ ન હોત તો વિભિન્ન આત્માના પ્રત્યાઘાત વિભિન્ન હોત અને તેમની સ્વરૂપાનુભૂતિમાં ભિન્નતા હોત.

શ્રી સિધ્ધપ્રભુનું આજ્ઞાપાલન સર્વથી શ્રેષ્ઠ છે કારણ કે તેમનું પાલન સમયે સમયનું હોય છે. તેથી તેઓ ધર્મ તથા તપનો અનુભવ પ્રત્યેક સમયે એકસાથે કરે છે. પરિણામે એ અનુભવ અબાધિત રહે છે. ધર્મથી જ્ઞાન, દર્શન અને વેદકતા મળે છે; સાથે સાથે તપોબળથી સ્વરૂપસ્થિતિ રહે છે. તેથી સ્વરૂપસ્થિતિના અનુભવ સાથે જ જ્ઞાન, દર્શન અને વેદકતા અનુભવાય છે. આ પ્રક્રિયાને કારણે શ્રી સિદ્ધપ્રભુનાં જ્ઞાન, દર્શન, વેદકતા તથા સ્વરૂપાનુભૂતિ અબાધિત બને છે, અને તે કાળની મર્યાદાથી પર બને છે. શ્રી કેવળી ભગવંતનો આત્મા જે સમયે મન, વચન કે કાયાના યોગ સાથે જોડાય છે તે સમયે તેમના આત્મપ્રદેશો અંશે વક્ર બને છે. આવી વક્રતા શ્રી સિદ્ધપ્રભુના આત્મામાં ક્યારેય આવતી નથી. આવા આજ્ઞારૂપી મહામાર્ગના આરાધનથી શ્રી સિદ્ધ ભગવાન સમયની મર્યાદાથી પર બને છે.

શ્રી તીર્થંકર પ્રભુ અને શ્રી કેવળીપ્રભુ આજ્ઞાના આ મહામાર્ગને સતત આરાધે છે; માત્ર જ્યારે એક સમય માટે તેમનો આત્મા મન, વચન કે કાયાના યોગ સાથે જોડાય છે, ત્યારે જ તેમાં અંશે પ્રમાદ પ્રવર્તે છે, જેના ફળરૂપે શાતાવેદનીય કર્મનો બંધ તેઓ એ સમયે સ્વીકારે છે. એ સિવાય તેઓ પ્રત્યેક સમયે સતત અઘાતી કર્મની નિર્જરા બળવાન આજ્ઞાપાલનને લીધે કરી શકે છે, કરતા રહે છે. આ રીતે શુદ્ધિની અપેક્ષાએ સિદ્ધ ભગવાન ઉચ્ચ હોવા છતાં, છદ્મસ્થ જીવો પર કરાતા ઉપકારના અનુસંધાનમાં તેમનું સ્થાન પરમેષ્ટિ ભગવંતોમાં બીજું મૂકાયું છે.

શ્રી તીર્થંકર ભગવાન, કેવળી પ્રભુ અને શ્રી સિદ્ધપ્રભુનાં જ્ઞાન તથા દર્શન એક સમયવર્તી હોય છે, એટલે કે તેમને સમય જેવા સૂક્ષ્મ કાળનાં જ્ઞાન તથા દર્શન થાય છે.

પછીના ત્રણ પરમેષ્ટિ ભગવંત છદ્મસ્થ હોવાથી તેમનાં જ્ઞાન તથા દર્શન અસંખ્ય સમયવર્તી રહે છે, તેમનાં જ્ઞાનદર્શનની તરતમતા તેમનાં આજ્ઞાપાલનની શુદ્ધિના અનુસંધાનમાં રહે છે. તેઓ ત્રણેમાં શ્રી તીર્થંકર અને સિદ્ધપ્રભુની અપેક્ષાએ વિશેષ પ્રમાદ પ્રવર્તે છે; છતાં જીવ સામાન્ય કરતાં ઘણો ઘણો અલ્પ પ્રમાદ તેમને પ્રવર્તતો હોય છે. તેથી તેઓ જીવ સમસ્ત માટે અમુક અમુક કાળે કલ્યાણભાવ કરતા રહે છે.

જીવ આજ્ઞારૂપી ધર્મમાં રહે છે ત્યારે અંદરમાં તેને અપૂર્વ શાંતિનો અનુભવ થાય છે. પરંતુ જો તે અપૂર્ણ આજ્ઞાથી (અર્થાત્ ધર્મ આરાધન કરતાં જેટલા પ્રમાણમાં સંસારનાં સુખનો હકાર પ્રવર્તે, સંસારી ઇચ્છા ભળે તેટલા અંશે તેનું આરાધન અપૂર્ણ આજ્ઞાથી થયું કહેવાય) ધર્મ કરતો હોય તો તેનાં જ્ઞાન તથા દર્શનનાં આવરણો મોહની સાથોસાથ તૂટતાં નથી; પરિણામે ઘણીવાર તે જીવ ધર્મથી ઉપજતી શાંતિ અને શાતા વેદનીયથી ઉપજતી શાંતિ વચ્ચેનો તફાવત પારખી શકતો નથી. પરિણામે આજ્ઞારૂપી ધર્મને આરાધવા જોઈતું દશાનુસારનું આજ્ઞારૂપી તપ તે આદરી શકતો નથી; તેને કારણે તેનાં તપના પુરુષાર્થમાં એટલા અંશે પ્રમાદ પ્રવેશી જાય છે. અને આ પ્રમાદ એવી લપસણી ભૂમિવાળો છે કે જે તપ થાય તેના અનુસંધાનમાં તે જીવમાં શાતારૂપી શાંતિ માટેની સ્પૃહા જન્મે છે અને ત્યાં આજ્ઞાની શુદ્ધિ રહી શકતી નથી. જો તે જીવ પોતાની દશાનુસાર પૂર્ણ આજ્ઞામાં હોય તો આવી ભેળસેળ થતી નથી; એટલું જ નહિ પણ, તેની આજ્ઞારૂપી ધર્મની સ્પૃહા વધતી જાય છે; અને સંસારી શાતા માટે તે નિસ્પૃહ થતો જાય છે.

આજ્ઞાનાં આરાધનમાં જ્યારે પ્રમાદ ભળે છે ત્યારે તે અપૂર્ણ આજ્ઞા થાય છે, તેનાં પ્રભાવથી પરમાર્થ તપ કરવા છતાં જીવ આજ્ઞારૂપી તપ ન પામતો હોવાથી સંસારી શાતા પામે છે. અને જીવનાં જ્ઞાન, દર્શન તથા ચારિત્રની ખીલવણીમાં અવરોધ ઊભો થાય છે. તે કારણે જીવે પૂર્ણ આજ્ઞાનાં પાલન પ્રતિ વિશેષ લક્ષ રાખવો જરૂરી બને છે.

જીવમાં જેમ જેમ ગુણો વધતા જાય છે તેમ તેમ તે ગુણસ્થાન ચડતો જાય છે. શ્રી પ્રભુએ આ અપેક્ષાએ ચૌદ ગુણસ્થાન જણાવ્યા છે. મુખ્યતાએ આ સ્થાનો મોહનીય કર્મના ક્ષયોપશમ સાથે સંબંધ ધરાવે છે, પરંતુ માર્ગ આરાધનની અપેક્ષાનો વિચાર

કરીએ તો સમજાય છે કે જેમ જેમ આજ્ઞાપાલન વધતું જાય, સ્વચ્છંદ અને પ્રમાદ ઘટતાં જાય તેમ તેમ જીવ ઊંચા ગુણસ્થાને ચડતો જાય છે. તે આરાધનમાં પ્રમાદનો સંવર (આજ્ઞારૂપી ધર્મનું પાલન) અને પ્રમાદની નિર્જરા (આજ્ઞારૂપી તપનું પાલન) એ બંનેનો સમાવેશ થાય છે.

પ્રમાદ બે પ્રકારે સંભવે છેઃ આત્માર્થે અને સંસારે. સંસારની સ્પૃહામાં આત્માર્થે પ્રમાદ રહેલો છે અને પરમાર્થની પરિણતિમાં સંસારે પ્રમાદ રહેલો છે. જ્યાં બંનેની થોડી થોડી સ્પૃહાનું મિશ્રણ હોય છે ત્યાં મિશ્ર પ્રકૃતિ બની બંનેનો થોડો થોડો લાભ જીવ મેળવે છે.

પરમાર્થ પ્રમાદ અને સ્વચ્છંદને ખૂબ ગાઢો સંબંધ છે. સ્વચ્છંદ એટલે પોતાની મતિકલ્પનાથી કરેલા સારાસારના નિર્ણયો. આ નિર્ણયોને કારણે જીવ ભૂલથાપ ખાઈ સંસારની શાતામાં અટવાઈ જઈ પ્રમાદ કરી પોતાનો વિકાસ રુંધી નાખે છે. એટલે કે સ્વચ્છંદને કારણે જીવ પ્રમાદનો આશ્રવ કરી આજ્ઞાનાં મહાત્મ્યને છિન્નભિન્ન કરી નાખે છે. આ અવદશાથી બચવું હોય તો જીવે બારમા ગુણસ્થાનના અંત સુધી આજ્ઞાનું મહાત્મ્ય જાણી, સમજી, વેદીને શ્રી સત્પુરુષના અવલંબનને સ્વીકારતા રહેવું જોઇએ.

શ્રી પંચપરમેષ્ટિ ભગવંતોમાં અરિહંત અને સિદ્ધ પ્રભુ ઘાતીકર્મોથી પૂર્ણતાએ મુક્ત હોવાથી ઉત્તમ આજ્ઞાપાલન કરે છે, અપ્રમાદી રહે છે. ત્યારે આચાર્યજી, ઉપાધ્યાયજી અને સાધુ-સાધ્વીજીમાં સ્વચ્છંદ અને ઘાતીકર્મના પ્રભાવથી ઉત્તરોત્તર પ્રમાદનું બળવાનપણું અને આજ્ઞા આરાધનનું અલ્પપણું જોવામાં આવે છે.

શ્રી પંચપરમેષ્ટિ પદમાં શ્રી અરિહંત અને શ્રી સિદ્ધપ્રભુ પછી આચાર્યજી આવે છે. તેઓ મુખ્યતાએ શ્રી પ્રભુની આજ્ઞા આરાધી પંચમહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ આદિનું આત્માર્થે સેવન કરે છે. તેઓ પોતાના શુદ્ધ આચારથી પ્રમાદ તથા સ્વચ્છંદનો નિરોધ (સંવર તથા નિર્જરા) કરી, જીવ સમસ્ત માટે ઉચ્ચ કલ્યાણભાવ વેદી, પ્રભુજીએ પ્રકાશેલા કલ્યાણમાર્ગને પોતાના આચાર દ્વારા જગતજીવો સમક્ષ આદર્શરૂપે રજૂ કરે છે.

આચાર્યજીના આશ્રયે આજ્ઞાનું આરાધન કરી, પ્રભુ પ્રણીત ધર્મને સમજી, અન્ય પાત્ર જીવોને તેનું શિક્ષણ આપવાનું કાર્ય શ્રી ઉપાધ્યાયજી કરે છે. તેઓ પણ આચાર્યજી પાસેથી પ્રેરણા લઈ અપ્રમાદી રહેવા પુરુષાર્થ કરતા રહે છે. તેમનામાં આ સાથે શિષ્યોને માર્ગદર્શન આપવારૂપ શુભ ભાવની સંસારી સ્પૃહા વર્તે છે; તેટલા પ્રમાણમાં પ્રમાદ અને સ્વચ્છંદ તેમની પ્રગતિને રોકે છે.

તેઓ બધાની સાથે ઈષ્ટપદમાં સમાવેશ પામેલા જગતનાં સાધુસાધ્વીજી, આચાર્યજી અને ઉપાધ્યાયજી પાસેથી આચારનું શિક્ષણ મેળવી, સંસારના મોહને મારી, અપ્રમાદીપણે અવિરત મોક્ષમાર્ગમાં ચાલવા પ્રવૃત્ત રહે છે. સાથે સાથે સર્વ જીવો પણ આ ઉત્તમ માર્ગ પામી કલ્યાણ પામે એવી ભાવના વધારતા રહેતા હોવાથી તેમની પરમાર્થ સ્પૃહામાં સંસારી સ્પૃહા પણ ભળતી રહે છે. અને તેનું મિશ્ર ફળ તેમને મળે છે.

આ અપેક્ષાએ અવલોકન કરતાં સમજાય છે કે જે આત્માઓ અમુક માત્રામાં આત્માની શુદ્ધિ પામ્યા પછી, જીવ સમસ્તના કલ્યાણના ભાવ વેદે છે, તેઓ પંચપરમેષ્ટિ ભગવંત તરીકે સ્થાન મેળવે છે. તેમાં એવો ક્રમ નથી કે સાધુસાધ્વીજી ઉપાધ્યાય થાય જ, ઉપાધ્યાયજી આચાર્ય થાય અને આચાર્યજી અરિહંત થઈ સિદ્ધ થાય. તેઓ ગમે તે પદ પછી કેવળજ્ઞાન મેળવી સિદ્ધ થઈ શકે છે. ઘણા સાધુસાધ્વીપણે કેવળજ્ઞાન લઈ સિદ્ધ થાય, ઘણા ઉપાધ્યાયજીપણે કેવળજ્ઞાન લઈ સિદ્ધ થાય વગેરે વગેરે. એ પરથી સમજાય છે કે આત્માની અંતરંગ સ્પૃહા અને પુરુષાર્થના આધારે તેમની પદવી નક્કી થાય છે. તેમને કલ્યાણના ભાવ ક્યા પ્રકારે વર્તે છે તેના આધારે તથા તેમના આજ્ઞાપાલનના પુરુષાર્થને આધારે તેમની પદવી નિશ્ચિત બને છે. તેઓ પૂર્વના પંચપરમેષ્ટિ ભગવંતોએ વહાવેલા કલ્યાણનાં પરમાણુઓના સ્કંધને ગ્રહણ કરે છે, સ્વકલ્યાણ માટે તેનો ઉપયોગ કરે છે અને પછી તેમાં પોતાના આત્મામાં ઘૂંટેલા કલ્યાણભાવને ઉમેરી જગતજીવોના કલ્યાણાર્થે ફરીથી જગતમાં વહેતા મૂકે છે. આ પરમાણુઓના સ્કંધ જે જગતજીવો આજ્ઞાધર્મ પાળે છે તેઓ ગ્રહણ કરી શકે છે, અને એના ગ્રહણથી જીવો શ્રી પંચપરમેષ્ટિની આજ્ઞા મેળવી શકે છે.

આ આજ્ઞાપાલનની અમુક માત્રા પછી, અમુક શુદ્ધિ થયા પછી એ જીવને પંચપરમેષ્ટિ ભગવાન પાસેથી આજ્ઞા મળવાનું વરદાન મળે છે, તે વરદાનનું મહાત્મ્ય એ છે કે એ જીવે જે આજ્ઞાધર્મનું પાલન કર્યું હતું તેની સહાયતા માટે તપ કરવાનું વરદાન મળે છે. આજ્ઞારૂપી તપ મળવાથી જીવને એટલી આજ્ઞા પાળવામાં પ્રમાદ થતો નથી. આમ પંચપરમેષ્ટિ ભગવંત તરફથી આજ્ઞાનું દાન મળવાને લીધે, તે જીવની શુદ્ધિ તથા ભાવના પ્રમાણમાં ઉત્તરોત્તર સાધુસાધ્વીથી શરૂ કરી, ઉપાધ્યાય, આચાર્ય, અરિહંત અને સિદ્ધ પાસેથી આજ્ઞા મળે છે. સંસારી કાર્યોમાં મુખ્યત્વે સાધુસાધ્વીજી અને ઉપાધ્યાયજી પાસેથી આજ્ઞા મળે છે, અપવાદરૂપે આચાર્યજી પાસેથી આજ્ઞા મળે છે. પરમાર્થ આરાધન માટે તેને આચાર્યજી, અરિહંત અને સિદ્ધપ્રભુ પાસેથી મુખ્યતાએ આજ્ઞા મળે છે. શ્રી પંચપરમેષ્ટિ તરફથી મળતી આજ્ઞાનું મહત્ત્વ એ છે કે એ આજ્ઞાથી કાર્યસિદ્ધિ ત્વરાથી થાય છે અને જીવને આજ્ઞા પાળવામાં પ્રમાદ આવતો નથી.

આ માટે શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓના સ્કંધનું બંધારણ કઈ રીતે થાય છે તે જાણવું રસપ્રદ છે. આ સ્કંધોનું શુદ્ધિકરણ શ્રી ભગવંત દ્વારા કેવી રીતે થાય છે, વળી તે પરમાણુઓ ઉત્તરોત્તર કેવી રીતે વધારે સક્રિય અને વધારે શક્તિશાળી બને છે તે પણ સમજવા યોગ્ય છે.

પરમેષ્ટિપદમાં રહેલા સાધુસાધ્વીજી પૂર્વના પરમેષ્ટિએ છોડેલા કલ્યાણનાં પરમાણુઓને પરમાર્થ લોભ દ્વારા ખેંચે છે. તેમાં તેઓ પોતાનાં હ્રદયમાં ઘૂંટેલો કલ્યાણભાવ ભેળવે છે. સ્વીકારેલા કલ્યાણનાં પરમાણુઓમાં પરમાર્થ લોભ (સ્પૃહા) રહેલ છે, તેથી એ પરમાણુઓમાં ચીકાશ થાય છે, અને તેઓ એકબીજાને સ્પર્શીને રહે છે. તેમાં વર્તતા લોભ કષાયની વિપરીત અસરરૂપે ગ્રહણકર્તામાં માન કષાય ઉદ્ભવે નહિ તે માટે અને લોભ કષાયને સમતોલન કરવા માટે ઉપાધ્યાયજીએ પ્રણીતેલા અને બોધેલા આજ્ઞારૂપી વિનયધર્મનો એમાં ઉમેરો થાય છે. આ રીતે આત્મામાં ઘૂંટાઈને તૈયાર થયેલા કલ્યાણના પરમાણુઓને સાધુ-સાધ્વીજી જગતમાં વહેતા મૂકે છે.

જગતમાં આ રીતે ફેલાયેલા સાધુસાધ્વીજીનાં કલ્યાણનાં પરમાણુઓમાંનાં અમુક શ્રી ઉપાધ્યાયજી ગ્રહણ કરે છે ત્યારે તેઓ તેમાં પોતાનો વધારે શુધ્ધ અને સૂક્ષ્મ

પરમાર્થલોભની ચિકાશવાળો કલ્યાણભાવ ઉમેરે છે. સાથે સાથે પોતાને શ્રી આચાર્યજી પાસેથી દાનરૂપે મળેલો આજ્ઞારૂપી વિનયધર્મ એ કલ્યાણનાં પરમાણુના સ્કંધમાં ભેળવે છે કે જેથી તે સ્કંધો ગ્રહણ કરનારમાં માનભાવ જગાડે નહિ. આ પ્રમાણે આત્મામાં ઘૂંટાઈને શક્તિશાળી બનેલા કલ્યાણભાવના સ્કંધોને તેઓ જગતમાં પ્રસરાવે છે.

શ્રી ઉપાધ્યાયજીએ પ્રસરાવેલા કલ્યાણના સ્કંધો શ્રી આચાર્યજી ગ્રહે છે ત્યારે તેઓ તેમાં પોતાનો વધારે શુધ્ધ અને સૂક્ષ્મ પરમાર્થ લોભની ચીકાશવાળો કલ્યાણભાવ ઉમેરે છે. તેના સહયોગમાં શ્રી અરિહંત અને કેવળીપ્રભુ પાસેથી દાનમાં મળેલ આજ્ઞારૂપી વિનય અને તેની શીતળતા તેમાં ઉમેરાય છે. આ સ્કંધો જીવોના કલ્યાણાર્થે જગતમાં ફેલાય છે.

આ કલ્યાણના સ્કંધો શ્રી અરિહંત પાસે પહોંચે છે ત્યારે બે જાતની પ્રક્રિયા થાય છે –

૧. શ્રી અરિહંત પ્રભુનાં સાનિધ્યના પ્રભાવથી અને પૂર્વે વેદેલા કલ્યાણભાવને કારણે, શ્રી અરિહંત અને કેવળીપ્રભુ યોગથી જોડાયા નથી હોતા તે વખતે એ સ્કંધના અગ્રભાગમાં શ્રી સિદ્ધપ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓ ઉમેરાય છે.

૨. જ્યારે અરિહંત પ્રભુ એક સમય માટે મન, વચન કે કાયાના યોગ સાથે જોડાય છે ત્યારે તે સ્કંધો પ્રભુ દ્વારા ગ્રહાય છે અને તેમાં શ્રી અરિહંતના કલ્યાણના પરમાણુઓ ઉમેરાય છે.

શ્રી અરિહંત કે સિદ્ધપ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓમાં ઘાતીકર્મો નથી એટલે કષાયની કોઈ સંભાવના નથી. તેથી તેમાં આજ્ઞારૂપી વિનયધર્મના કવચની કોઇ જરૂરત પડતી નથી. તેમ છતાં શ્રી અરિહંતનાં પરમાણુઓમાં શાતા વેદનીય છે તેથી એટલા પ્રમાણમાં ત્યાં અશુચિ છે. આ પરમાણુઓથી સિદ્ધનાં શુદ્ધ પરમાણુ અને અરિહંતનાં પરમાણુ વચ્ચે નાનાં કાણાં સહિતનું આજ્ઞારૂપી વર્તુળ બંધાય છે. આ પુદ્‌ગલ સ્કંધો શ્રી અરિહંત કે કેવળીના આશીર્વાદથી આખા લોકમાં ફેલાય છે. છેવટમાં આ સ્કંધ પીરામીડ જેવી ત્રિકોણાત્મક આકૃતિ રચે છે અને તેનો રંગ સામાન્ય પીળાથી શરૂ કરી સુવર્ણમય થાય છે.

સાધુસાધ્વીજી કલ્યાણનાં જે પુદ્‌ગલો ફોરવે છે તે કદમાં મોટાં હોય છે; તેને જગ્યાની વિશેષ જરૂર પડે છે. ઉપાધ્યાયજીએ ફોરવેલાં કલ્યાણનાં પરમાણુઓ તેનાં કરતાં વિશેષ સૂક્ષ્મ અને વિશેષ શુદ્ધ હોય છે, કારણ કે ઉપાધ્યાયજીનું આરાધન અને આજ્ઞાધીનપણું સાધુસાધ્વીજીનાં આરાધન અને આજ્ઞાધીનપણા કરતાં વિશેષ અને ઊંડું હોય છે. આ સૂક્ષ્મતાને કારણે સ્કંધો જગ્યા થોડી ઓછી રોકે છે. બીજી રીતે કહીએ તો સમાન સંખ્યાના પુદ્‌ગલ પરમાણુઓ હોય તો પણ ઉપાધ્યાયજીનાં પરમાણુઓને રહેવા માટે ઓછી જગ્યાની જરૂર પડે છે. એ જ રીતે આચાર્ય, અરિહંત તથા સિદ્ધપ્રભુનાં ફોરવેલાં પરમાણુઓના સ્કંધો વિશેષ વિશેષ શુધ્ધ અને વિશેષ વિશેષ સૂક્ષ્મ થતાં જતાં હોવાથી ક્રમથી ઓછી જગ્યા રોકે છે. કેવળી ભગવાન જ્યારે કેવળી સમુદ્‌ઘાત કરે છે ત્યારે તેમનાં કલ્યાણનાં પરમાણુઓના સ્કંધમાં ફેરફાર થાય છે. તે વિશેષ સૂક્ષ્મ અને શુધ્ધ થઈ સિદ્ધનાં પરમાણુઓ બને છે. તે પછી કેવળીપ્રભુ સિધ્ધ થાય છે.

આ પ્રમાણે આજ્ઞારૂપી વિનયથી ભરપૂર બનેલા કલ્યાણનાં પરમાણુઓના વિવિધ સ્કંધને જ્યારે કોઈ જીવાત્મા ગ્રહણ કરે છે ત્યારે એ પરમાણુઓ તેના આઠ રુચક પ્રદેશ અને આઠ કેવળીગમ્ય પ્રદેશો સાથે અનુસંધાન કરે છે. આ અનુસંધાનથી જીવને આત્માનાં છઠ્ઠા પદનો 'મોક્ષનો ઉપાય છે' તેનો સ્પષ્ટ અનુભવ થાય છે.

જીવ સદ્‌ગુરુનાં શરણને કેટલી નિષ્ઠા અને તીક્ષ્ણતાથી ગ્રહણ કરે છે તેના આધારે તેના પુરુષાર્થ કે પ્રમાદની માત્રા નક્કી થાય છે. એકનિષ્ઠાએ કલ્યાણનાં આ પરમાણુઓ જ્યારે જીવ ગ્રહણ કરે છે ત્યારે તે સમ્યક્ પુરુષાર્થી બને છે. અને તેમાં જ્યારે મંદપણું પ્રવર્તે છે ત્યારે તે જીવ પ્રમાદી બને છે. આવા પ્રમાદનો ત્યાગ કરી જીવે આત્મકલ્યાણ સાધવાનું રહે છે.

જીવ જ્યારે સદ્‌ગુરુનું શરણ ગ્રહણ કરે છે અને તેમની આજ્ઞાએ ચાલવાનો પુરુષાર્થ કરે છે ત્યારે તે સદ્‌ગુરુનાં કલ્યાણભાવનાં પરમાણુથી બનેલા સ્કંધોને ગ્રહણ કરે છે. તે દ્વારા તે જીવાત્માને સદ્‌ગુરુનાં કલ્યાણનાં પરમાણુઓથી બનેલા કવચનું રક્ષણ મળે છે. આ કવચના પ્રભાવથી જીવને કર્મ બંધાવાનું જોર ઘટતું જાય છે, સાથે સાથે તેની કર્મની નિર્જરા કરવાની શક્તિ વધતી જાય છે. આ પ્રક્રિયામાંથી પસાર


થઈ જીવ જ્યારે ક્ષયોપશમ સમકિત ગ્રહણ કરે છે ત્યારે તેને કાયમી કહી શકાય એવું ‘પ્રત્યક્ષ સદ્‌ગુરુ આજ્ઞાકવચ’ મળે છે. તે પછી તે જીવ આગળ વધી ક્ષાયિક સમકિત લે છે ત્યારે તેનામાં શ્રી અરિહંતપ્રભુ, કેવળીપ્રભુ તથા શ્રી સિદ્ધપ્રભુથી સિંચાયેલા વિનય અને કલ્યાણભાવથી ભરપૂર સ્કંધો ગ્રહણ કરવાની શક્તિ આવે છે. આવા સ્કંધો જીવ મુખ્યતાએ ક્ષાયિક સમકિત લીધા પછી ગ્રહણ કરે છે. અને તે ગ્રહણ કર્યાથી તેનું ‘પ્રત્યક્ષ સદ્‌ગુરુ આજ્ઞા કવચ’ ‘સર્વ સદ્‌ગુરુનાં આજ્ઞા કવચ’માં ફેરવાય છે. છઠ્ઠા તથા સાતમા ગુણસ્થાને તેનું કવચ વિશેષ મજબૂત બને છે અને તે ‘સર્વ સત્પુરુષ આજ્ઞા કવચ’ની સ્થિતિ પામે છે. શ્રેણિમાં એટલે કે ૮મા થી ૧૨મા ગુણસ્થાન સુધી જીવને ‘પંચપરમેષ્ટિ આજ્ઞા કવચ’ હોય છે. ત્યારે ૧૩મા અને ૧૪મા ગુણસ્થાને આત્મા ‘પંચ પરમેષ્ટિ ૐ આજ્ઞાકવચ’નો અધિકારી થાય છે.

સંસારનાં પરિભ્રમણથી છૂટવાની ભાવનાથી સદ્‌ગુરુનાં શરણમાં જઈ તેમની આજ્ઞાએ ચાલવાથી જીવનાં કર્મમાં કેવો અને કેટલો ફેરફાર પ્રત્યેક ગુણસ્થાને થાય છે તે સમજીએ તો પ્રમાદથી થતું નુકશાન અને અપ્રમાદથી થતા લાભનો સ્પષ્ટ લક્ષ આવે છે.

પુદ્‌ગલ જડ છે. તેમાંનાં સૂક્ષ્મ પુદ્‌ગલોને જ્યારે વિભાવ કરીને આત્મા પોતા તરફ ખેંચે છે ત્યારે આત્મામાં રહેલી મોહરૂપી ચિકાશ તથા ભિનાશના કારણે એ પુદ્‌ગલો આત્મા ઉપર કર્મરૂપે ચીટકે છે. જ્યારે અબાધાકાળ પૂરો થતાં કર્મનો ઉદયકાળ આવે છે ત્યારે તે આત્માને ભોગવવારૂપ કર્મ બને છે. આ કર્મ કેટલું ઉગ્ર કે મંદ થશે તેનો આધાર કર્મના આશ્રવની ગતિ તથા ખેંચાતા પુદ્‌ગલની સંખ્યા પર આધારિત છે. સાથે સાથે આત્મામાં રહેલી મોહાસક્તિ અર્થાત્ મોહરૂપી ભિનાશ પર પણ આધાર રહેલો છે. મન, વચન અને કાયાના યોગ જેટલા બળવાન એટલો આશ્રવ વધારે થાય, વધારે સંખ્યામાં પુદ્‌ગલો ખેંચાય. પણ તે કર્મનું ટકવાપણું મોહની ભિનાશના આધારે થાય છે. આ ભિનાશથી આત્મપ્રદેશ પર ગુંદર જેવી ચિકાશ જમા થાય છે. જેટલી આસક્તિ વધારે તેટલી ચીકાશ ઘટ્ટ બને છે. અને જેટલી ચીકાશ ઘટ્ટ એટલા જોરથી કર્મનાં પુદ્‌ગલો તેને ચીટકે છે. જેટલી ચીકાશ વધારે હોય તેટલો

વધારે પુરુષાર્થ એ આત્માએ તે કર્મોને ખેરવવા કરવો પડે છે. આ ચીકાશના બે પ્રકાર છેઃ ૧. મિથ્યાત્વના કારણે સર્જાતી ચીકાશ અને ૨. ચારિત્રમોહના કારણે સર્જાતી ચીકાશ. આ બંને મોહની ચીકાશના પ્રકાર જુદા જુદા છે.


મિથ્યાત્વ એટલે કે દર્શનમોહનો ગુંદર આત્મપ્રદેશ પર રહે છે, તેના પર અન્ય કર્મનાં પુદ્ગલ પરમાણુઓ રહે છે, અને તેના પર દર્શન તથા ચારિત્રમોહનાં મિશ્રણનો ગુંદર રહે છે. આત્મપ્રદેશને સ્પર્શીને રહેનાર ગુંદર ખૂબ જોરદાર ચીકાશવાળો હોય છે, અને તેનો રંગ ઘેરો કાળો હોય છે. પરપોટાના આકારમાં આ ગુંદર રહે છે. તેના પર કર્મપરમાણુઓ રહે છે અને તેના પર એક બીજા ગુંદરનું પડ થાય છે, જે દર્શનમોહ અને ચારિત્રમોહના મિશ્રણમાંથી બન્યું હોય છે. તેનું બંધારણ ઘેરાં ભૂરા રંગના પતલા પારદર્શક પડ જેવું હોય છે. આત્મપ્રદેશ ચારેબાજુથી કર્મપરમાણુઓથી ઘેરાયેલો હોય છે.





અજ્ઞાની જીવ શુધ્ધ થવાના આશયથી જ્યારે શ્રી સદ્ગુરુનાં શરણમાં જાય છે અને મિથ્યાત્વના ઉદય સાથેના પોતાના આત્માને સદ્ગુરુનાં શરણમાં મૂકે છે ત્યારે તેની શરણાગતિની ભાવનાની ઉગ્રતાને લીધે સદ્ગુરુનાં કલ્યાણનાં પરમાણુઓનો સ્પર્શ તેના આત્માને થાય છે. (આકૃતિ(અ) જુઓ). આ કલ્યાણનાં પરમાણુઓનાં મૂળમાં પંચપરમેષ્ટિ ભગવંતના કલ્યાણભાવનાં પુદ્ગલો રહેલાં હોય છે. તે પરમાણુઓ દર્શન તથા ચારિત્રમોહનાં મિશ્રણનાં થરમાં પ્રવેશ કરે છે. અને આ કલ્યાણનાં પરમાણુઓના પ્રભાવથી તે મિશ્રણમાં દર્શનમોહ અને ચારિત્રમોહ એમ થર જુદા પડે છે; એટલે કે ઉપરમાં દર્શનમોહનાં પરમાણુઓ એકઠા થાય છે અને નીચેમાં ચારિત્રમોહનાં પરમાણુઓ એકઠા થાય છે. (આકૃતિ(બ) જુઓ).

શ્રી સદ્‌ગુરુનાં માધ્યમથી શ્રી પંચપરમેષ્ટિ ભગવંતના જે કલ્યાણનાં પરમાણુઓ જીવને મળે છે તેની મૂળ પ્રકૃતિ ઠંડકવાળી હોય છે. તે જથ્થામાં મુખ્યતાએ સાધુસાધ્વીજીનાં કલ્યાણનાં પરમાણુઓ અને અલ્પતાએ અન્ય પરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓ રહેલા હોવાને લીધે, તેમાં સંસારનો વૈરાગ્ય અર્થાત્ દ્વેષ ભરાયેલો હોય છે. આ દ્વેષને લીધે એમાં ઠંડકની સાથે ગરમાવો કે ઉગ્રપણું પણ હોય છે. જ્યારે આ કલ્યાણનાં પરમાણુઓ મિશ્રણના થર પાસે પહોંચે છે ત્યારે તેમાનું મિથ્યાત્વ પોતાની પ્રકૃતિ અનુસાર તેને પ્રવેશ કરવા દેતું નથી. પ્રવેશબંધી થવાથી એ પરમાણુમાં રહેલાં દ્વેષનાં પરમાણુઓ ઉગ્રરૂપ ધારણ કરી વિશેષ ગરમ થાય છે. આ ઉગ્રસ્વરૂપી પરમાણુઓ મિથ્યાત્વને હટાવી એ થરમાં જગ્યા કરે છે, મિથ્યાત્વનાં પરમાણુઓ એકત્રિત બની ઘટ્ટ થાય છે તેથી તે થરમાં અમૂક ખાલી જગ્યા થાય છે. તે જગામાં કલ્યાણનાં પરમાણુઓ દાખલ થઈ સ્થિર થાય છે. (આકૃતિ (ક) જુઓ).


આકૃતિ (અ) :-




આકૃતિ (બ) :-





આકૃતિ (ક) :-



ગ્રહણ કરેલાં કલ્યાણનાં પરમાણુઓનાં નિમિત્તથી, સદ્ગુરુ પ્રતિનાં પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતાનાં બળથી, તથા સદ્ગુરુની આંતરશૈલીના સાથથી જીવને થોડા કાળ માટે સંસારનો ઉગ્ર નકાર આવે છે. પરિણામે તે પરમાણુઓ અતિઉગ્ર બને છે. પરમાણુઓની આ ઉગ્રતાને કારણે મિથ્યાત્વ તેને દબાવી શકતું નથી, બલ્કે તે પોતે દબાય છે. તે વખતે ધ્યાનરૂપી તપનાં કારણે તે સંકોચાયેલું ઈંધણ (કલ્યાણનાં પરમાણુઓ) વિસ્ફોટ પામે છે. તે સળગીને મિથ્યાત્વને બાળી તેનાં ચિથરે ચિથરાં ઊડાડે છે. આમ આ કલ્યાણનાં પરમાણુઓ મિથ્યાત્વને બાળવામાં ઈંધનનું કામ કરે છે. મિથ્યાત્વનો જે ગઠ્ઠો પૂરેપૂરો બળી જાય છે તેનો ક્ષય થાય છે. અને જે ગઠ્ઠો અધૂરો બળે છે તેને જીવ નીચેના થરમાં (આત્મપ્રદેશ પાસેના થરમાં) ધકેલી ઉપશમાવે છે. આ પ્રકારની પ્રક્રિયા જીવ અનંતાનુબંધી કષાય માટે પણ કરે છે. આ પ્રક્રિયા કરતાં કરતાં તે જીવ ધ્યાનમાં સ્થિર થાય છે અને તેનું મિથ્યાત્વનું ઉપરનું પડ ક્રમે ક્રમે ક્ષીણ થતું જાય છે. તે જીવ ઉપશમ સમ્યક્ત્વ મેળવે છે. તે જ રીતે અપ્રમાદી બની પુરુષાર્થ કરતાં કરતાં જીવ ક્ષયોપશમ સમકિત મેળવે છે. તેનાથી શેષ મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય દબાઈ જાય છે. ઉદિત થઈ શકતાં નથી.

સમ્યક્ત્વ લીધા પછી જીવની આત્મસ્થિતિ લગભગ આ પ્રકારની થાય છે –




ક્ષયોપશમ સમકિત થતાં જીવને 'પ્રત્યક્ષ સદ્ગુરુ આજ્ઞાકવચ' મળે છે, જેથી શેષ રહેલાં મિથ્યાત્વ કે અનંતાનુબંધી કષાય ઉદયમાં આવી શકતાં નથી. આ કવચના આશ્રયને લીધે જીવનું સમ્યક્ત્વ વમાતું નથી; માત્ર દૂષિત થાય છે. પ્રત્યક્ષ સદ્ગુરુનું આજ્ઞાકવચ કર્મનાં પરમાણુઓને એવી રીતે દબાવે છે કે નીચેના થરમાં રહેલા મિથ્યાત્વનાં દળિયાં જોર કરી ઉદયમાં આવી શકતાં નથી. જ્યાં સુધી જીવ અપ્રમાદી

રહી પ્રત્યક્ષ સદ્‌ગુરુનાં આજ્ઞાકવચને મજબૂત બનાવતો રહે છે ત્યાં સુધી તેનાં દબાયેલાં મિથ્યાત્વનું અસ્તિત્વ ઘટતું જાય છે.

પરંતુ જીવ જો પ્રમાદી બને છે, એટલે કે તેની સંસારસ્પૃહા વધવા માંડે છે તો તેનું 'પ્રત્યક્ષ સદ્‌ગુરુ આજ્ઞાકવચ' નબળું થતું જાય છે, અને તેનાં મિથ્યાત્વનું જોર વધતું જાય છે, એ જોર તેનાં પર રહેલાં કર્મપરમાણુઓને ઉછાળે છે. આ ઉછાળાથી કર્મ પરમાણુઓ હલે છે, પરિણામે તે પરમાણુઓની વચ્ચે જગ્યા થાય છે. અને દબાઈને રહેલો મિથ્યાત્વરસ તે જગ્યામાં સ્થાન લે છે. ત્યાંથી એ મિથ્યાત્વ 'પ્રત્યક્ષ સદ્‌ગુરુ આજ્ઞાકવચ'નો સીધો સ્પર્શ પામે છે. આવા સમયે પ્રમાદી બની જીવ જો સત્દેવ, સદ્‌ગુરુ કે સત્શાસ્ત્રની અશાતના કરી બેસે તો એનાથી બંધાતી અંતરાયને કારણે તેને પ્રત્યક્ષ સદ્‌ગુરુનું અનુસંધાન રહેતું નથી, અને તે જીવનાં પ્રત્યક્ષ સદ્‌ગુરુ આજ્ઞાકવચમાં તિરાડો પડે છે. એ તિરાડોમાં મિથ્યાત્વ ઉપર આવીને ભરાય છે, તિરાડોને મોટી કરે છે. આમ કરતાં કરતાં મિથ્યાત્વ જો કવચનાં ઉપરના ભાગમાં આવી જાય તો તે પ્રત્યક્ષ સદ્‌ગુરુ આજ્ઞાકવચનાં ટૂકડે ટૂકડા કરી ઉદય પામી જાય છે. પરિણામે જીવનું સમ્યક્‌ત્વ વમાઈ જાય છે.

જો કદાપિ મિથ્યાત્વ સાથે ચારિત્રમોહ પણ ભળેલો હોય તો તે જીવને અનંતાનુબંધી કષાય પણ ઉદયમાં આવી શકે છે. આમ બેવડો દોર હોય તો સમકિત જલદીથી વમાઈ જાય છે. પણ સાથે સાથે એ પણ સમજી શકાશે કે બે તત્ત્વ ભેગા થતાં મિથ્યાત્વનું જોર પ્રમાણમાં ઓછું થાય, જેથી ફરીથી સમકિત પ્રાપ્ત કરવામાં આસાની આવે.

આ પ્રક્રિયા સમજતાં આ સમજાયું હશે કે પ્રત્યક્ષ સદ્‌ગુરુ આજ્ઞા કવચ અને મિથ્યાત્વ એ પ્રત્યક્ષ શત્રુઓ (direct enemy) છે અને પ્રત્યક્ષ સદ્‌ગુરુ આજ્ઞા કવચ અને ચારિત્ર મોહ અમુક અંશે પરોક્ષ શત્રુઓ (indirect enemy) છે. કારણ કે ચારિત્રમોહમાં અમુક અંશે પરમાર્થ લોભ પણ સમાયેલો છે, જેના નિમિત્તથી જીવને પ્રત્યક્ષ સદ્‌ગુરુ આજ્ઞાકવચ થયું હોય છે.

અપ્રમાદી રહેવાથી જીવનો સંસાર પ્રત્યેનો નકાર વધતો જાય છે અને પ્રત્યક્ષ સદ્‌ગુરુ આજ્ઞાકવચની સહાયથી જીવ, પ્રત્યક્ષ સદ્‌ગુરુ જેનાથી કલ્યાણ પામ્યા છે તે

પરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓ ખેંચે છે. આ ક્રિયા થવાનું કારણ એ છે કે જીવ જ્યારે ક્ષયોપશમ સમકિત લે છે ત્યારે પૂર્વ ઋણાનુબંધને લીધે તે પ્રત્યક્ષ સદ્‌ગુરુની સહાયથી મિથ્યાત્વના મુખ્ય ભાગનો ક્ષય કરે છે, પણ તેનાથી તેનાં સમગ્ર મિથ્યાત્વનો નાશ થઈ શકતો નથી. તેનાથી જે મિથ્યાત્વ ક્ષય થતું નથી તેને દબાવી, કર્મ પરમાણુઓના થરથી નીચે ઊતારી તેનો ઉપશમ કરી જીવ સમ્યક્ત્વ ધારણ કરે છે. સિદ્ધાંત એ છે કે પ્રત્યક્ષ સદ્‌ગુરુની આત્મદશા અને આત્મશુદ્ધિ જેટલાં વિશેષ તેટલી વિશેષ સહાય જીવને મળતી હોવાથી જીવ તેટલું વિશેષ મિથ્યાત્વ તોડી શકે છે. એટલે કે ક્ષયોપશમ સમકિતમાં સદ્‌ગુરુની શક્તિ જેટલી વધારે તેટલો મિથ્યાત્વનો ક્ષય વધારે કરી શકાય, અને ઉપશમ ઓછો કરવો પડે. આમ હોવાનું કારણ એ છે કે પંચપરમેષ્ટિ પદમાં સદ્‌ગુરુની પદવી જેટલી ઊંચી હોય એટલા વધારે સદ્‌ગુરુના કલ્યાણભાવ તેમાં ભળેલા હોય છે. તેનાં નિમિત્તથી જીવનું વિશેષ મિથ્યાત્વ ક્ષય થાય છે.

બીજી બાજુ જીવને પ્રત્યક્ષ સદ્‌ગુરુ પ્રત્યે જેટલો પ્રેમભાવ, શ્રદ્ધાભાવ અને અર્પણભાવ તથા અહોભાવ આવે છે એટલો વિનયભાવ એ જીવમાં સાકાર થાય છે. આવા ઉત્તમ વિનયભાવવાળા અને પુરુષાર્થી જીવના પ્રત્યક્ષ સદ્‌ગુરુ ખૂબ સામર્થ્યવાન ન હોય તો પણ, તેના વિનયના પ્રભાવને કારણે પ્રત્યક્ષ સદ્‌ગુરુના ગુરુ, એમના ગુરુ, અને એમ કરતાં કરતાં ઠેઠ શ્રી તીર્થંકર પાસેથી પણ યથાર્થ યોગબળ જીવને ક્ષયોપશમ સમકિત પ્રાપ્ત કરતી વખતે મળે છે. જેના પરિણામે વિશેષ મિથ્યાત્વનો નાશ અને ઓછાનો ઉપશમ તે જીવને રહે છે. વિનય એ આજ્ઞાનો પાયો હોવાથી જીવ વિનયથી આજ્ઞામાર્ગનું પાલન કરે છે. અને આજ્ઞા એ કલ્યાણ મેળવવા માટે ટૂંકામાં ટૂંકો અને સહેલામાં સહેલો માર્ગ છે. તેનું પાલન થતાં એટલા જ સમયમાં કર્મની ઘણી નિર્જરા થઈ શકે છે. જીવમાં જેટલો વિનય વધારે તેટલી વધારે પ્રમાદરહિત સ્થિતિ થતી હોવાથી નિર્જરા પણ ઘણી વધારે થાય છે.


આ પરથી સમજાય છે કે ગુરુ અથવા શિષ્યનું ઉત્તમપણું હોય તો સુંદર પરિણામ આવે છે, તો પછી ગુરુ તથા શિષ્ય બંનેની ઉત્તમતા હોય ત્યારે પરિણામની સુંદરતા કેવી અદ્‌ભુત હોય?

ક્ષયોપશમ સમકિત મેળવ્યા પછી જીવ જ્યારે ક્ષાયિક સમકિત મેળવવા માટે પુરુષાર્થ કરે છે ત્યારે તેને વિશેષ પ્રક્રિયા કરવાની રહે છે. ક્ષાયિક સમકિત મેળવવા માટે અનંતાનુબંધી કષાયની ચોકડી અને મિથ્યાત્વનો પૂર્ણ ક્ષય કરવો પડતો હોવાથી જીવને સમર્થ સદ્‌ગુરુની બળવાન સહાયની જરૂર પડે છે. સાથે સાથે તેણે પોતાના પુરુષાર્થને પણ એટલો જ બળવાન કરવો પડે છે. આ બંનેમાંથી એક તત્ત્વ પણ નબળું હોય તો ક્ષાયિક સમકિત લેવું ખૂબ કઠણ થઈ જાય છે. આ કઠણાઈને લક્ષમાં રાખીને, સમર્થ ગુરુ તથા સમર્થ શિષ્યની દુર્લભતાના કાળમાં, આ કાળે ક્ષાયિક સમકિત નથી એવા વિધાનો પણ કેટલાક આચાર્યોએ કરેલાં જણાય છે.

ક્ષાયિક સમકિત થતાં જીવનાં અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વનો સંપૂર્ણ ક્ષય થાય છે, ત્યારથી તેને સાચો પુરુષાર્થ કરવાની સ્વતંત્રતા મળે છે. તે પુરુષાર્થ આગળ વધી, ક્ષપક શ્રેણિમાં સર્વ ઘાતીકર્મોના પૂર્ણ ક્ષયમાં પરિણમે છે. આમ સર્વક્ષયની પ્રક્રિયાના હિસાબે ક્ષાયિક સમકિત અને ક્ષપકશ્રેણિની ગુણશ્રેણિમાં સામ્ય રહેલું છે. ક્ષાયિક સમકિત સદ્‌ગુરુનાં આજ્ઞાવર્તુળમાં રહીને થાય છે અને ક્ષપક શ્રેણિ પંચપરમેષ્ટિ ભગવંતનાં આજ્ઞાવર્તુળમાં રહીને થાય છે. તે બંને પ્રક્રિયામાં સમર્થ માર્ગદર્શકની બળવાન જરૂરત રહેલી છે.

જીવને ક્ષયોપશમ સમકિત થતાં સૌથી ઉપરના ભાગમાં રહેલ દર્શનમોહ અને ચારિત્રમોહનાં પરમાણુઓથી બનેલું પડ ઘણું ખરું ક્ષીણ થઈ જાય છે, અને જે ભાગ બચ્યો હોય છે તે, સમકિતની પ્રાપ્તિથી મળતા 'પ્રત્યક્ષ સદ્‌ગુરુ આજ્ઞા કવચ'ના પ્રભાવથી દબાઈને કર્મનાં પુદ્‌ગલ પરમાણુઓના થરની વચ્ચે થઈને જ્યાં આત્મપ્રદેશ પર મિથ્યાત્વરસ રહેલો હતો તેમાં ભળી જાય છે. એટલે કે આત્મપ્રદેશ અને અન્ય કર્મપરમાણુઓના થરની વચ્ચે દર્શનમોહ અને ચારિત્રમોહનું મિશ્રણ રચાય છે. જ્યાં સુધી કવચ અખંડ રહે છે ત્યાં સુધી દબાયેલ મિથ્યાત્વ કે અનંતાનુબંધી કષાય જરાય જોર કરી શકતા નથી.


તે સ્થિતિનો લાભ લઈ જીવ ક્ષાયિક સમકિત લેતાં પહેલાં સદ્‌ગુરુની આજ્ઞાએ ચાલી બંને પ્રકારના મોહને છૂટા પાડે છે.




મિથ્યાત્વ અને ચારિત્રમોહ છૂટા પડે છે ત્યારે મિથ્યાત્વનાં દળિયામાં ક્યાંય જગ્યા રહી નથી હોતી, પણ ચારિત્રમોહનાં દળિયામાં જરા જરા જગ્યા રહી હોય છે. જીવ જ્યારે પ્રત્યક્ષ સદ્ગુરુ પ્રત્યે પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા વધારે છે ત્યારે પંચપરમેષ્ટિ ભગવંતના સર્વ સદ્ગુરુના પરમાણુઓ તે ખેંચે છે. અને એ પરમાણુઓ ફોર્સથી – જોર કરી કર્મ પરમાણુઓની વચ્ચેથી પસાર થઈ દર્શનમોહ અને ચારિત્રમોહના થરમાં(જે આત્મપ્રદેશ અને અન્ય કર્મ પરમાણુની વચ્ચે આવેલો છે તેમાં) પ્રવેશે છે. દર્શનમોહનો ભાગ ખીચોખીચ હોય છે, એટલે એમાં તે પરમાણુઓ પ્રવેશી શકતાં નથી, પણ ચારિત્રમોહના વિભાગમાં જે થોડી થોડી જગ્યા થયેલી હોય છે તેમાં આ કલ્યાણનાં પરમાણુઓ પ્રવેશી જાય છે. તેથી તે પટ્ટામાં એક ભાગમાં ઘટ્ટ મિથ્યાત્વ, તેની બાજુના ભાગમાં ચારિત્રમોહ અને કલ્યાણના પરમાણુઓનું મિશ્રણ, તે પછી પાછો મિથ્યાત્વનો ઘટ્ટ ભાગ આવે, તે પછી પાછો મિશ્રણવાળો ભાગ આવે આમ મિથ્યાત્વ અને કલ્યાણનાં પરમાણુઓ સહિતનો ચારિત્રમોહ એવી રચના થાય છે.

તે પછી કલ્યાણનાં પરમાણુરૂપ જે આજ્ઞારસ થાય છે તેમાં પણ ભેદ રચાય છે. સાધુસાધ્વીનો આજ્ઞારસ, ઉપાધ્યાયનો આજ્ઞારસ, આચાર્યનો આજ્ઞારસ, અરિહંતનો આજ્ઞારસ અને સિદ્ધનો આજ્ઞારસ એમ પાંચ ભેદ પડે છે. આજ્ઞારસ જ્યારે નીચલા થરમાં પ્રવેશે છે ત્યારે બધા રસ જુદા જુદા રહે છે. પરંતુ જ્યારે એ રસ ખેંચાવાની પ્રક્રિયા બંધ થાય છે, ત્યારે સાધુસાધ્વીનો આજ્ઞારસ જે જુદા જુદા ભાગમાં છે તે એક તરફ ખેંચાઈને એક પટ્ટો બનાવે છે. એવી જ રીતે ઉપાધ્યાય, આચાર્ય, અરિહંત અને

સિદ્ધના આજ્ઞારસ સાથે ચારિત્રમોહ ભળી પાંચ પટ્ટા દરેક પ્રદેશ પર રચાય છે. તે પછી ચારિત્રમોહ અને આજ્ઞારસના મિશ્રણની ફરતી કિનાર થાય છે.




આજ્ઞારસની ધાર બંધાતા મિથ્યાત્વ અને ચારિત્રમોહ જે એકબીજામાં ભળેલા હતા તે છૂટા પડે છે અને એ બંને વચ્ચે ખાલી જગ્યા થાય છે, જેમાં પ્રત્યક્ષ સદ્‌ગુરુનો કલ્યાણનાં પરમાણુરૂપ આજ્ઞારસ ભરાય છે. વ્યવહારનયથી વિચારીએ તો મિથ્યાત્વ તોડવા માટે જીવે પરમાર્થ લોભ કરવો પડે છે, તેથી એ આજ્ઞારસ ચારિત્રમોહમાં ભળે છે. આ પ્રક્રિયાથી મિથ્યાત્વ છૂટું પડે છે, અને તેની આજુબાજુ પ્રત્યક્ષ સદ્‌ગુરુના રસનો સ્પર્શ થાય છે. આ રસને પંચપરમેષ્ટિ ભગવંતમાંથી કોઈ એક ઈષ્ટ ભગવંતના સર્વ સદ્‌ગુરુના રસની સહાયતા પણ મળે છે. ક્ષાયિક સમકિત લેવું તે ક્ષપક શ્રેણિનું નાનું રૂપ છે. તેથી જે કેવળી ભગવંતના નિમિત્તે એ આત્મા નિત્ય નિગોદમાંથી નીકળ્યો હોય અને જે ઈષ્ટ ભગવંતના વિભાગમાં એ ભાવિમાં જવાનો હોય એ ભગવંતનો આજ્ઞારસ એના મિથ્યાત્વને તોડવા માટે આગેવાની લે છે. અને આમ કરતાં કરતાં જ્યારે જીવ ૪૮ મિનિટ માટે આ પ્રક્રિયા ગુણશ્રેણિના માધ્યમથી અનુભવે છે ત્યારે એ સમગ્ર મિથ્યાત્વનો નાશ કરે છે.

એ મિથ્યાત્વનો નાશ કરતી વખતે જીવ જો પૂર્ણ આજ્ઞાધીન રહે છે, તો એ પ્રક્રિયામાં તે જીવ પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓ વધારે ખેંચે છે. અને એના નિમિત્તે એ જીવ અનંતાનુબંધી કષાયના ક્ષય સાથે અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની કષાયોનો મોટા પ્રમાણમાં નાશ કરે છે. જેના થકી તે જીવ ૫, ૬, ૭ ગુણસ્થાન જલદીથી મેળવી શકે છે.

આ પ્રક્રિયા કરતી વખતે જો જીવ પ્રમાદ કરે છે તો તેનાં મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય નાશ તો પામે છે, પણ તેનો અમુક ભાગ અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની કષાયોમાં પરિણમે છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયમાંથી ઉદ્ભવેલા અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની કષાયનાં પરમાણુઓ અન્ય એ પ્રકારના કષાયો કરતાં વધારે શક્તિશાળી હોય છે, અને તેનો સીધો સંબંધ કેવળજ્ઞાન તથા કેવળદર્શનનાં અંતરાય સાથે થાય છે. પરિણામે કેવળજ્ઞાન તથા દર્શનના પૂર્વે બાંધેલા જે અંતરાયો આત્મપ્રદેશ પર છવાયેલાં છે તેને તે વધુ ઘટ્ટ કરે છે. અને તે જીવ એ પ્રમાણમાં હીનવીર્ય બને છે. હીનવીર્ય થવાથી તેની સંસારની આસક્તિ વધે છે, તેનાં ફળરૂપે તેનાં જ્ઞાન અને દર્શનનાં આવરણોમાં વધારો થાય છે. આમ એક પ્રમાદને કારણે જીવ મોહ, અંતરાય, જ્ઞાનાવરણ, દર્શનાવરણ એ ચારે ઘાતીકર્મો મોટાં કરે છે; અને તેનાં અનુસંધાનમાં ત્રણ અથવા ચાર અઘાતીકર્મો પણ વધારે છે.

ક્ષાયિક સમકિત લેવાની પ્રક્રિયા વખતે જીવ પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓ ગ્રહણ કરે છે ત્યારે તેમાં સદ્ગુરુને લગતાં પરમાણુઓ વધારે હોય છે. આથી તેનાં કર્મ પુદ્ગલનાં પરમાણુઓ ઉપર સર્વ સદ્ગુરુનું કવચ બને છે. પ્રત્યક્ષ સદ્ગુરુનાં કવચ કરતાં આ કવચ વિશેષ શક્તિશાળી તથા મજબૂત હોય છે, કારણ કે તેમાં સર્વ પરમેષ્ટિના કલ્યાણભાવ ભળેલા હોય છે. તે કવચના આધારે, જીવના આત્મપ્રદેશ પર ચારિત્રમોહનાં પરમાણુઓની જે ચીકાશ રહેલી હોય છે, તે ચીકાશ તેનાં આત્માનાં ભાનને ભૂલાવી શકતી નથી. ક્ષાયિક સમકિત પછી જીવને આત્માનાં અસ્તિત્વનું ભાન સતત રહ્યા કરે છે, અર્થાત્ આત્માનાં મૂળ સ્વરૂપની પ્રતીતિ મળ્યા કરે છે.

ક્ષાયિક સમકિત મેળવ્યા પછી તે જીવ ચારિત્રમોહ ક્ષીણ કરવા તરફ વળે છે. ચારિત્રમોહની ઉત્પત્તિ બે કારણે થાય છેઃ સ્વચ્છંદ અને પ્રમાદ.

ભક્તિ એ જ્ઞાનની જનની છે; ભક્તિ પ્રેરિત જ્ઞાન એ આજ્ઞાની જનની છે; અને આજ્ઞા એ મોક્ષની જનની છે. આ પરથી સમજાય છે કે ભક્તિનું ઊંડાણ મોક્ષ


પ્રાપ્ત કરવાની ગતિને નક્કી કરે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જેટલા ઊંડાણથી જીવને પંચપરમેષ્ટિ ભગવંત માટે ભક્તિ ઉત્પન્ન થાય છે, એટલા જ ઊંડાણથી એને આજ્ઞાનું આરાધન મળે છે. અને જેટલા ઊંડાણથી આજ્ઞાનું આરાધન થાય એટલા વેગથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. કારણ કે આજ્ઞાનું આરાધન એ મોક્ષ મેળવવા માટે ટૂંકામાં ટૂંકો માર્ગ છે.


તો આ ભક્તિ એટલે શું? ભક્તિ એટલે આત્માએ એના કરતા ઊંચા આત્મા પ્રત્યે એક પ્રદેશથી શરૂ કરી, અનેક પ્રદેશોમાં વેદન કરી, રોમ રોમ અને સર્વ પ્રદેશના સર્વ ભાગ અને અનુભાગમાં એ આત્મા પ્રત્યે પ્રેમભાવ, અહોભાવ અને આજ્ઞાભાવ વેદવો. તેથી આપણે કહી શકીએ કે ભક્તિમાર્ગ એ આજ્ઞામાં રહેવા માટેનો મુખ્ય માર્ગ છે. તે માર્ગ સરળ, સ્વચ્છ અને સુગમ છે. આજ્ઞા મેળવવા ભક્તિ એ ટૂંકામાં ટૂંકો અને સહેલામાં સહેલો માર્ગ છે.

જીવ જેમ જેમ સદ્‌ગુરુ પ્રત્યે ભક્તિનું વેદન વધારે છે, તેમ તેમ તેને ખ્યાલ આવે છે કે પોતાનાં શક્તિ, સામર્થ્ય અને યોગબળ સદ્‌ગુરુ કરતાં ઘણાં અલ્પ છે. બીજી બાજુ એ જીવને પોતાના સદ્‌ગુરુ જેવાં શાંતિ, સ્થિરતા અને આજ્ઞાધીનપણું જોતાં હોય છે. આ બંને ભાવ જીવ કોઈક અપેક્ષાએ એક સાથે વેદે છે, જેનાં ફળરૂપે તેને પોતાના સદ્‌ગુરુ માટે અપૂર્વ પ્રેમ જાગે છે. આ પ્રેમ જાગતાં તેને અપૂર્વ ભક્તિ અને આજ્ઞામાં રહેવાના અપૂર્વ ભાવ જાગે છે. પોતાની સર્વ સંપત્તિ તન, મન, ધન સર્વ યોગનું સામર્થ્ય, પોતાના આત્માના પ્રદેશે પ્રદેશ અને રોમેરોમ સદ્‌ગુરુનાં ચરણમાં સોંપવાના ભાવ તેને પ્રાથમિક અવસ્થાએ પ્રગટે છે. આ ભાવથી જીવને અમુક શુદ્ધિ સાથે પોતાના સદ્‌ગુરુ પ્રત્યે ભક્તિ ઉત્પન્ન થાય છે.

આ ભક્તિના કારણે પરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓ તે જીવ ગ્રહણ કરે છે, તે પરમાણુઓના પ્રભાવથી રાગદ્વેષનાં મિશ્રણથી ભરેલાં ચારિત્રમોહનાં પરમાણુઓ છૂટા પડવાની શરૂઆત થાય છે. અત્યાર સુધી રાગદ્વેષની ભેળસેળને લીધે જીવ દુઃખમાં ગળકાં ખાતો હતો, તેમાં મિથ્યાત્વ આદિ જવાને લીધે, ભક્તિ આદિ

શુભ ભાવ વધવાને કારણે ફેર પડે છે; દુઃખની માત્રા ઘટવા માંડે છે અને સુખની અનુભૂતિ વધવા લાગે છે.




ચોથા ગુણસ્થાને ક્ષાયિક સમકિત લેવાથી જીવનું કવચ 'સર્વ સદ્‌ગુરુ આજ્ઞા કવચ' બને છે તે આપણે જોયું. જીવની સદ્‌ગુરુ પ્રતિ વધેલી ભક્તિના કારણે સર્વ સદ્‌ગુરુ આજ્ઞારસ ચારિત્રમોહના થરમાં પ્રવેશી તેનાં રાગ અને દ્વેષનાં પરમાણુઓને અલગ કરે છે. રાગ તથા દ્વેષ જેટલા પ્રમાણમાં છૂટા પડે છે, તેટલા પ્રમાણમાં જીવનો સ્વચ્છંદ ઘટે છે. અને જેટલા પ્રમાણમાં રાગદ્વેષનું મિશ્રણ અસ્તિત્વ ધરાવે છે તેટલા પ્રમાણમાં સ્વચ્છંદ રહે છે. આ મિશ્રતાવાળી સ્થિતિ એ પાંચમું દેશવિરતિ ગુણસ્થાન; જેમાં રાગદ્વેષના સ્કંધો અલગ પણ હોય છે અને એકત્ર પણ હોય છે.


જીવ સદ્‌ગુરુ પ્રતિના પ્રેમભાવ, શ્રધ્ધાભાવ આદિમાં જેટલી સંસારની શાતાની ઈચ્છા કરે છે તેટલા પ્રમાણમાં પ્રમાદ સેવે છે, આ પ્રમાદની માત્રાના પ્રમાણમાં સર્વ સદ્‌ગુરુ આજ્ઞારસમાં શાતા વેદનીય સાથે મોહનીય કર્મનાં પરમાણુઓનો પણ આશ્રવ થાય છે. એટલે કે એક બાજુથી રાગ અને દ્વેષ છૂટા પડે છે, અને બીજી બાજુથી આશ્રવેલા મોહનીયથી રાગદ્વેષ ભેગા થાય છે. તે પરથી સ્પષ્ટ થાય છે કે પ્રમાદ કરવાથી પાંચમા ગુણસ્થાને જવામાં વિલંબ થાય છે. તે અનિવાર્યપણે જોઈતા પ્રમાણમાં

જ રાગદ્વેષને અલગ કરી શકે છે. બીજી અપેક્ષાએ વિચારતાં લાગે છે કે જીવે સદ્‌ગુરુ માટેના ભક્તિભાવ સાથે સંસારનો ભાવ કર્યો તેમાં એનાથી સદ્‌ગુરુનો અનાદર થયો અને તેને પરમાર્થ અંતરાય બંધાઈ.

એનાથી વિરુધ્ધ જ્યારે જીવ આજ્ઞામાં રહી પાંચમા ગુણસ્થાનનો સ્પર્શ કરે છે ત્યારે તે દશાના પ્રમાણમાં વિશેષ આજ્ઞાધીન હોવાને લીધે તેની સદ્‌ગુરુ પ્રતિની ભક્તિ ઉત્તમ કહેવાય છે, તેનાથી તેની અંતરાય તૂટે છે. અંતરાય તૂટવાથી સર્વ સદ્‌ગુરુ આજ્ઞારસ વધારે શુદ્ધ માત્રામાં મળે છે; તે રસના પ્રભાવથી રાગદ્વેષના પુદ્‌ગલ સ્કંધો વધારે છૂટા પડે છે અને જીવમાં સંસારમોહ કરતાં ભક્તિ અને પરમાર્થ મોહ વિશેષતાએ – બળવાનપણે ઉત્પન્ન થાય છે.

જીવ જ્યારે પ્રમાદ સહિત પાંચમા ગુણસ્થાનનો સ્પર્શ કરે છે ત્યારે રાગદ્વેષના સ્કંધો છૂટા પડયા હોવા છતાં એકબીજાની આસપાસમાં રહે છે. તેથી તેઓને ફરીથી એકરૂપ થવાની સંભાવના રહે છે, કારણ કે એ સદ્‌ગુરુ આજ્ઞારસમાં સાથે આવેલા મોહનાં પરમાણુઓ રાગદ્વેષને જોડવાની કડી બને છે. પરંતુ જ્યારે પૂર્ણ આજ્ઞાથી જીવ પાંચમાં ગુણસ્થાનનો સ્પર્શ કરે છે, ત્યારે તેના રાગદ્વેષના છૂટા પડેલા પુદ્‌ગલ સ્કંધો વચ્ચે ઘણું અંતર થઈ જાય છે. અને એ બંને વચ્ચે સદ્‌ગુરુના આજ્ઞારસથી દિવાલ થઈ જાય છે. પરિણામે છૂટા પડેલા સ્કંધો ફરીથી એકરૂપ થઈ શકતા નથી.

જ્યારે આ રાગદ્વેષના સ્કંધો પૂર્ણતાએ જુદા થઈ જાય છે અને વચ્ચે વચ્ચે સર્વ સદ્‌ગુરુ આજ્ઞારસ તથા અમુક અંશે સર્વ સત્પુરુષ આજ્ઞારસની દિવાલ થાય છે ત્યારે એ જીવ છઠ્ઠા ગુણસ્થાનનો સ્પર્શ કરે છે.



ક્ષાયિક સમકિતમાં જેમ મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો સંપૂર્ણ નાશ થાય છે, તેમ છઠ્ઠા ગુણસ્થાને જીવના રાગ અને દ્વેષના પુદ્દ્ગલ સ્કંધો પૂર્ણતાએ અલગ થાય છે. આમાં પ્રશ્ન થાય કે આ કાર્યમાં સપ્રમાદ અને અપ્રમાદ સ્થિતિમાં શું ફરક પડે છે?

અંતરંગમાં વિચારતાં પ્રભુ સ્પષ્ટતા કરાવે છે કે છઠ્ઠા ગુણસ્થાને રાગદ્વેષના સ્કંધો પૂર્ણતાએ અલગ થાય છે એ સાચું, પણ એની સાથે જે આજ્ઞારસ મળ્યો છે તે પૂર્ણ નથી. એ રસનું બંધારણ જીવના પુરુષાર્થ પર આધારિત છે. પાંચ કે છ ગુણસ્થાને જીવ જેટલા પ્રમાણમાં પ્રમાદી હોય છે તેટલા પ્રમાણમાં આજ્ઞારસમાં મોહનાં પુદ્દ્ગલ પરમાણુઓ ભળે છે. અને જેટલા પ્રમાણમાં એ મોહરસ આજ્ઞારસમાં ભળેલો હોય છે તેટલા પ્રમાણમાં જીવને પોતાના સદ્દ્ગુરુ પ્રત્યે રાગભાવ અને મારાપણું થયા કરે છે.

જીવ છઠ્ઠા ગુણસ્થાને આવે છે ત્યારે તેના આત્મા પર મુખ્યત્વે સર્વ સદ્દ્ગુરુનો આજ્ઞારસ છવાયેલો હોય છે. મોટે ભાગે સદ્દ્ગુરુ સત્પુરુષ હોય છે; પરંતુ અમુક સદ્દ્ગુરુ સત્પુરુષની અવસ્થાએ પહોંચ્યા હોતા નથી. તેથી જીવે એવો કંઈક પુરુષાર્થ કરવો ઘટે કે જેથી તેને મળેલો સર્વ સદ્દ્ગુરુ આજ્ઞારસ સર્વ સત્પુરુષ આજ્ઞારસમાં પરિણમે.

વિચારતાં સમજાય છે કે સદ્દ્ગુરુમાં અન્ય જીવો કરતાં વધારે કલ્યાણભાવ પ્રવર્તતો હોય છે, તેથી તેમનામાં મોહના ક્ષયોપશમ સાથે જ્ઞાન દર્શનનાં આવરણનો ક્ષયોપશમ પણ વિશેષ હોય છે. તેની મદદથી સદ્દ્ગુરુ જીવને સામેથી યોગબળ આપે છે, સહાય કરી શકે છે. તેથી સદ્દ્ગુરુનો આજ્ઞારસ પામવો સુલભ બને છે. જીવ પોતાની ધર્મરુચિ, પ્રેમભાવ વધારી આજ્ઞારસ સહેલાઈથી મેળવી લે છે.

પણ સત્પુરુષ કે જેઓ સદ્દ્ગુરુ નથી તેમના કલ્યાણભાવની માત્રા ઓછી હોય છે, અને જ્ઞાન તથા દર્શનનો ઉઘાડ પણ પ્રમાણમાં ઓછો હોય છે, તેથી તેઓ ઇચ્છુકને યોગ્ય માત્રામાં યોગબળ આપી શકતા નથી, આથી સર્વ સત્પુરુષોનો આજ્ઞારસ ત્વરાથી મેળવવા માટે જીવે એવા સદ્દ્ગુરુનું શરણું સ્વીકારવું ઘટે કે જે પોતે સત્પુરુષ હોય,

અને એમને જેવો તાદાત્મ્યભાવ પોતાના સદ્ગુરુ સાથે હોય તેવો જ તાદાત્મ્યભાવ સર્વ સદ્ગુરુ અને સત્પુરુષ પ્રતિ ઘણા અંશે વેદ્યો હોય. આવા સદ્ગુરુ પાસેથી જો વરદાન મળે તો સર્વ સત્પુરુષનો આજ્ઞારસ ત્વરાથી પ્રાપ્ત થાય. અને જીવ સાતમા ગુણસ્થાનનો સ્પર્શ કરવા એ રસનો ઉપયોગ કરી ભાગ્યશાળી બને.

'સર્વ સત્પુરુષનો આજ્ઞારસ' મળવો એટલે સત્પુરુષની આત્મદશાથી આગળ વધ્યા હોય તેવા પરમેષ્ટિ પદના ધારક મહાત્મા પુરુષનાં કલ્યાણનાં પરમાણુઓના સ્કંધ ગ્રહણ કરવા. આવા સ્કંધો મેળવવાથી જીવના છઠ્ઠા ગુણસ્થાને અલગ થયેલા રાગદ્વેષના સ્કંધોનું વિશેષ વિસંયોજન શરૂ થાય છે. રાગના સ્કંધોમાંથી માયા અને લોભનાં પરમાણુઓ છૂટા થાય છે, અને દ્વેષના સ્કંધોમાંથી ક્રોધ અને માનનાં પરમાણુઓ અલગ થવા લાગે છે. આ રીતે રાગદ્વેષના સ્કંધો વિસંયોજન પામી ક્રોધ, માન, માયા, લોભના પરમાણુ બને છે. આવો આત્મા જ્યારે ધ્યાનમાં જાય છે ત્યારે તે ધ્યાન ખૂબ ઊંડું બને છે, તે નિર્વિકલ્પ થઈ શકે છે જેને અપ્રમાદી એવું સાતમું ગુણસ્થાન કહે છે. એક એક અલગ કષાય જીવને સવિકલ્પ કરી શકતો નથી બેનું મિશ્રણ થઈ રાગદ્વેષ રૂપ પરિણામ પામે ત્યારે જ જીવ વિકલ્પમાં જાય છે. એટલે કે સવિકલ્પ થવા માટે રાગ કે દ્વેષના ઉદયની જરૂર પડે છે. જ્યાં સુધી અપ્રમાદી રહી જીવ રાગદ્વેષના સ્કંધોનું વિસંયોજન જારી રાખે છે ત્યાં સુધી તે સાતમા ગુણસ્થાને ટકી રહે છે. પ્રમાદ આવતાં વિસંયોજનની પ્રક્રિયા બંધ થાય છે, વિકલ્પ થતાં રાગદ્વેષનું સંયોજન થવા લાગે છે, અને તે જીવ સાતમા ગુણસ્થાનથી નીકળી છઠ્ઠા ગુણસ્થાને ઊતરી જાય છે. રાગદ્વેષના ઉદયો શરૂ થઇ જાય છે. અહીં લક્ષ થશે કે છઠ્ઠાથી સાતમા ગુણસ્થાને જવા માટે અને ટકવા માટે સર્વ સત્પુરુષોનો આજ્ઞારસ ગ્રહણ કરવો જરૂરી છે, સાથે સાથે પોતાનો પુરુષાર્થ પણ એટલો જ જરૂરી છે. સર્વ સત્પુરુષોના આજ્ઞારસનો પ્રભાવ એ છે કે તેનાથી પુરુષાર્થની વૃદ્ધિ થાય છે, પણ હાનિ થતી નથી. એટલે કે જીવ એક વખત આ વિસંયોજનની પ્રક્રિયા 'સર્વ સત્પુરુષોના આજ્ઞારસ'ની સહાયથી શરૂ કરે છે ત્યારે તે પહેલી વખત શુક્લધ્યાનનો સ્પર્શ પામે છે. તે પછી તે ફરીથી જ્યારે જ્યારે આ પ્રક્રિયા કરે છે ત્યારે ત્યારે પૂર્વે કરેલી પ્રક્રિયાના સમય જેટલી કે તેથી વધારે સમય માટે

આ વિસંયોજનની પ્રક્રિયા કરે છે. સમયની વૃદ્ધિ તેના પુરુષાર્થના બળ પર આધારિત છે. જેટલો સમય પ્રક્રિયા ચાલે તેટલો સમય તે શુક્લધ્યાનમાં રહ્યો કહેવાય. પૂર્વમાં જે રાગ અને દ્વેષના બંધ કરેલા છે તે જેમ જેમ ઉદયમાં આવતા જાય તેમ તેમ વિસંયોજન પામી નિર્જરતા જાય છે. અને એ વખતે નવા રાગ કે દ્વેષના બંધ નહિવત્ થતા જાય છે. તેથી શુક્લધ્યાનમાં જીવ મોહનીયની બળવાન નિર્જરા કરી શકે છે. સાથે સાથે પોતાના પૂર્વ ભાવ અનુસાર તે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય કર્મ પણ બળવાનપણે નિર્જરાવી શકે છે.

કોઈ કારણસર જો જીવને પોતાના સદ્‌ગુરુ પાસેથી એ રસ પ્રાપ્ત થાય તેમ ન હોય, છતાં તેની છૂટવાની તમન્ના ખૂબ તીવ્ર હોય, તો તે બળવાન પ્રાર્થનાની સહાયતાથી અરિહંત પ્રભુ પાસેથી અથવા તો કેવળીપ્રભુ પાસેથી અમુક માત્રામાં શુદ્ધિ મેળવી શકે છે. આ શુદ્ધિ માટેનો પુરુષાર્થ પહેલા માર્ગ કરતાં ઘણો વધારે હોવો જરૂરી છે, કારણ કે અરિહંત પ્રભુ અને કેવળી પ્રભુ પૂર્ણ વીતરાગ છે, પણ સદ્‌ગુરુ પૂર્ણ વીતરાગ નથી, અમુક અંશે સ્પૃહાવાળા છે, તેથી પોતાની સ્પૃહાને કારણે તેઓ શિષ્યને વહેલી પ્રાપ્તિ કરાવે છે. કેવળીપ્રભુ પાસેથી જોઈતી શુદ્ધિ મળ્યા પછી તેને વરદાનરૂપે સર્વ સત્પુરુષ પ્રત્યે તાદાત્મ્યભાવ, પોતાના ગુરુ કરતાં થોડી ઓછી માત્રામાં પ્રાપ્ત થાય છે. આ તાદાત્મ્યભાવ મળતાં જીવને સત્પુરુષનો આજ્ઞારસ મળવા લાગે છે. આ આજ્ઞારસ મળતાં જીવનો સ્વચ્છંદ તૂટતો જાય છે, પ્રમાદ ઘટતો જાય છે, નબળો થતો જાય છે.

પ્રમાદ નબળો થવો એટલે શું? પ્રમાદ નબળો થવો એટલે રાગના સ્કંધોમાંથી માયા અને લોભ કષાય છૂટા થવા, તથા દ્વેષના સ્કંધોમાંથી ક્રોધ અને માનના કષાય છૂટા થવા. સત્પુરુષના આજ્ઞારસની સહાયથી રાગદ્વેષના સ્કંધોમાંથી માયા, લોભ, ક્રોધ તથા માનના સ્કંધો વિખૂટા પડતા જાય છે.

આ પ્રક્રિયા કરવામાં જીવ જો પ્રમાદી હોય તો એ સદ્‌ગુરુ આજ્ઞાને સત્પુરુષની આજ્ઞામાં પરિણમાવતી વખતે પૂર્ણ આજ્ઞાને બદલે સ્વચ્છંદ ભળેલી અપૂર્ણ આજ્ઞાપાલનમાં જાય છે. તેથી તેને જેનામાં સંસારસ્પૃહા વધારે હોય તેવા પ્રાથમિક સત્પુરુષનો આજ્ઞારસ વધારે પ્રાપ્ત થાય છે. આ આજ્ઞારસથી તે જીવ અશાતા વેદનીય

સાથે જોડાયેલા ક્રોધ, માન, માયા અને લોભને છૂટા પાડી શકે છે, પણ શાતા વેદનીય સાથે જોડાયેલા ક્રોધ, માન, માયા અને લોભને છૂટા પાડી શકતો નથી. આ અપૂર્ણ કાર્યને લીધે જીવમાં જેટલી માત્રામાં અહિંસા ખીલવી જોઈએ, અને સંસારની જેટલી માત્રામાં સુખબુદ્ધિ ઘટવી જોઈએ તેટલી માત્રામાં તે કાર્ય થતું નથી. પરિણામે તે મોહ તોડવા સાથે જ્ઞાન તથા દર્શનનાં આવરણો ક્ષીણ કરી શકતો નથી. શેષ રહેલાં આવરણને લીધે તેને સંસારની અસારતા જેટલી લાગવી જોઈએ તેટલી લાગતી નથી, અને તેને કારણે શાતાવેદનીય અને આત્મસુખ વચ્ચેનો તફાવત તેને યથાર્થતાએ સમજાતો નથી. આથી આત્મસુખનાં વેદન વખતે તે શાતા વેદનીયનો પણ આત્માથી હકાર કરે છે. આ અશુભ કાર્યને લીધે જીવ આત્મસુખ, ક્ષપકશ્રેણિ અને કેવળજ્ઞાનનાં અંતરાય બાંધે છે. પરિણામે સાંસારિક પુણ્યનો જથ્થો વિપુલ થતો જાય છે અને કેવળજ્ઞાન લેવામાં વિલંબ થાય છે.

આનાથી વિરુદ્ધ જ્યારે જીવ આજ્ઞામાં રહી, વિનયી બની સદ્દ્ગુરુને આધીન થાય છે ત્યારે તેનાં અંતરમાં શાતાવેદનીયનો સૂક્ષ્મ રીતે નકાર થાય છે. આ શુભ કાર્યને લીધે તેને આત્મસુખ જ વહાલું લાગે છે. પરિણામે અંતરાયના બંધ થતા નથી. જેનાં ફળરૂપે તેને સત્પુરુષ, પૂર્ણ સત્પુરુષ કે પરમ સત્પુરુષ પાસેથી કલ્યાણભાવ વધારે મળે છે, કેમકે કલ્યાણનાં પરમાણુના ભાવો તેના આત્માએ વેદેલા ભાવના સમાન હોય છે. ધર્માસ્તિકાયની સહાયથી જીવ એ કલ્યાણનાં પુદ્ગલોને ખેંચે છે. તે પુદ્ગલો સદ્ગુરુના આજ્ઞારસમાં ભળી જઈ સત્પુરુષનો આજ્ઞારસ નિર્માણ કરે છે. આ આજ્ઞારસ વિશુદ્ધ હોય છે, તેના પ્રભાવથી તે જીવ સર્વ સત્પુરુષ પ્રત્યે પોતાના સદ્ગુરુ જેટલો જ તાદાત્મ્યભાવ કેળવી શકે છે. એ દ્વારા જીવને પોતાના સદ્ગુરુ જેવા સદ્ગુણો બીજા અનેક જીવોમાં છે તેની જાણ થતાં, તેનો સદ્ગુરુ પ્રતિનો મારાપણાનો ભાવ મંદ થતો જાય છે. સાથે સાથે સદ્ગુરુ જે બીજા આત્માઓ કરતાં વધારે નિસ્પૃહ છે તે મારા નથી, તો બીજું કોઈ આ સંસારમાં મારું કેવી રીતે હોઈ શકે? આ પ્રકારનો વૈરાગ્યમય ઉદાસીનભાવ એ જીવ વેદે છે. આ ભાવથી તેની સંસારની સુખબુદ્ધિ તૂટતી જાય છે, અને સૂક્ષ્મ હિંસાથી પણ તે જીવ નિર્વતતો જાય છે. આમ થવાથી તેનાં જ્ઞાન

અને દર્શન વિશુદ્ધ થતાં જાય છે. જ્ઞાન તથા દર્શનની વિશુદ્ધિથી તે જીવને આત્મસુખ અને શાતા વેદનીય વચ્ચેનો ફરક બરાબર સમજાય છે. પરિણામે તે શાતા વેદનીયનો પણ નકાર કરી શકે છે. શાતા વેદનીયનો નકાર થતાં એ સંસારી પુણ્યનો નકાર કરે છે અને તે આત્મસુખનો હકાર વેદી, એ પુણ્યને આત્મસમાધિરૂપ શાંતિ માટે વાપરે છે. આત્મસમાધિ આવતાં તે આશ્રવને તોડે છે, અને નિર્જરામાં જથ્થાને જલદીથી ખાલી કરે છે. કર્મનો જથ્થો નીકળવાથી તે આત્મા વિશુદ્ધ થતો જાય છે. અને તે સાતમા ઉત્કૃષ્ટ ગુણસ્થાન તરફ પ્રગતિ કરે છે. આ ગુણસ્થાનના (સાતમાના) અનુભવથી એ જીવ 'પરમ ભક્તિ' તથા 'પરમ આજ્ઞા'નો અનુભવ કરે છે, સંસારપુણ્યને પરમાર્થ પુણ્યમાં ફેરવે છે અને પંચપરમેષ્ટિ ભગવંતનો અપૂર્વ સાથ પામવા માટે પાત્રતા કેળવતો જાય છે, જે શ્રેણિની તૈયારીરૂપ છે.

પંચપરમેષ્ટિ ભગવંતના ૧૦૮ ગુણો છે. તે ગુણોનો આધાર આત્માના અપૂર્વ સ્વભાવ અને અપૂર્વ ગુણો પર રહેલો છે. પૂર્ણ શુધ્ધ થાય ત્યારે સર્વ આત્મામાં આ ગુણો સમાન અને સરખા હોવા છતાં, પંચપરમેષ્ટિ ભગવંતમાં એ ગુણો દશા અને પદવી અનુસાર જુદા પડે છે. બીજી અપેક્ષાએ વિચારીએ તો એ ગુણો આત્માના અપૂર્વ સ્વભાવ અને ગુણો પર આધારિત હોવાને લીધે આ ગુણોનું મહાત્મ્ય એકથી ચૌદ ગુણસ્થાન સુધી રહેલું છે. વળી એ મહાત્મ્ય અમુક ઈષ્ટ ભગવંત માટે સિમિત ન બનતાં, પાંચે પરમેષ્ટિનું મહાત્મ્ય દરેક ગુણસ્થાને અને આત્માનું છઠ્ઠું પદ પ્રાપ્ત કરવા માટે કાર્યકારી અને માર્ગદર્શક નીવડે છે.

અહીં પ્રશ્ન થઈ આવે છે કે ૧૦૮ ગુણોનું મૂળ એક જ હોય તો તેમાં ફરક શેના કારણે આવે છે? આત્માનાં અપૂર્વ સ્વભાવની શુદ્ધિ અને સિદ્ધિ મુખ્ય બે પદાર્થ પર આધારિત છેઃ ૧. આજ્ઞા ૨. પ્રમાદ.

આજ્ઞા એ મોક્ષ મેળવવાનો સીધો, સહેલો અને ધોરી માર્ગ છે. આજ્ઞામાં આત્માનાં ચેતનત્વનો અનુભવ છે; અને પુદ્ગલ પદાર્થથી ભિન્ન, માત્ર આત્મિક સમૃદ્ધિનો આનંદ છે. પરંતુ જ્ઞાની ભગવંત જાણે છે કે જીવ અનાદિકાળથી આ

સંસારમાં આત્માના અપૂર્વ સ્વભાવને ભૂલી, આત્માના ગુણોનું વિસ્મરણ કરી, સંસાર, શરીર આદિ પૌદ્‌ગલિક પ્રપંચને પોતાના ગણી, રુપી પદાર્થના ગુણધર્મને અરુપી પદાર્થના ગુણધર્મરૂપ સમજી, પ્રમાદવશાત્ આ સંસારમાં અનંત કાળચક્રથી જન્મમરણનાં દુઃખમાં સબડી રહ્યો છે. અનાદિકાળથી ચાલતી આવેલી આ ટેવ જીવમાં એવી ભરાઇ બેઠી છે કે આત્મિક પ્રદેશો પોતાનું સ્વાધીન સુખ છોડી પોતા પર લાદેલા પુદ્‌ગલના સુખરૂપ પ્રમાદમાં સુખ માની રહ્યા છે.

જ્ઞાનીઓ કહે છે કે આજ્ઞાનો જ્યાં વાસ હોય ત્યાં પ્રમાદ પ્રમાદી બને છે. પ્રમાદનો સામાન્ય અર્થ છે કે જીવનું સંસારી પ્રસંગોમાં ઉત્સાહી અને આત્માના ગુણસ્વભાવના અનુભવમાં અનુદ્યમી રહેવું. પરંતુ આપણે આ પ્રમાદને બે રીતે વિચારી શકીએ. (૧) મુખ્યતાએ ઉપર કહ્યો તે અર્થ લઈ શકાય અને (૨) ગૌણતાએ સંસારના પ્રસંગોમાં પ્રમાદી રહેવું અને આત્માર્થે અપ્રમાદી રહેવું. જીવને અનાદિકાળથી પ્રમાદ કરવાની ટેવ પડી છે તેથી જ્ઞાનીજનો સલાહ આપે છે કે ‘જો તમારે પ્રમાદ કરવો જ છે, તો સંસારી પ્રવૃત્તિ પ્રત્યે કરો.’ એટલે કે પ્રમાદ જેવા સંસારહેતુરૂપ ભાવને સંસાર કાપવારૂપ માર્ગમાં અર્થાત્ આજ્ઞારૂપ માર્ગમાં પરિણમાવો. ટૂંકામાં કહેવું હોય તો કહી શકાય કે પ્રમાદ એટલે ‘અનુદ્યમ’.

જીવને જ્યારે સંસારમાં દુઃખનો થાક લાગે છે અને તે સુખ માટે ફાંફા મારતો હોય છે ત્યારે એને પૂર્વપુણ્યના યોગથી સત્પુરુષ કે સદ્‌ગુરુનો મેળાપ થાય છે; અને તેમની પ્રીતિ થતાં, એ માર્ગે ચાલવાની તે ઇચ્છા કરે છે, તેને જ્ઞાનીજનો આત્મિક પુરુષાર્થ કહે છે. જે બીજી અપેક્ષાએ સંસાર પ્રતિનો જીવનો પ્રમાદ છે.

જીવ દર્શનમોહનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય કર્યા પછી જ્યારે સ્વચ્છંદરૂપ શત્રુને સદ્‌ગુરુનાં શરણમાં મન, વચન અને કાયાથી છોડે છે ત્યારે તેને આત્મિક પ્રમાદ અંતરાય કરી શકે છે. એ વખતે એને આગળ વધવા માટે બે માર્ગ થાય છે –

૧. આજ્ઞારૂપી મહામાર્ગને પ્રાધાન્ય આપી જીવ પ્રમાદને તજે છે, આત્મિક પ્રમાદને ત્યાગી જીવ સંસારપ્રમાદ તથા પૌદગલિક પ્રમાદને આનુસંગિક ફળરૂપે વેદે છે.

૨. આત્મિક પ્રમાદમાં અમુક પ્રકારે થાક લાગવાથી જીવ સંસારપ્રમાદને વેદે છે અને આજ્ઞામાર્ગને આનુસંગિકરૂપ ફળરૂપે વેદે છે.

પહેલા માર્ગે જીવ આગળ વધે તો તે પરમ આજ્ઞા અને પરા આજ્ઞામાં સરે છે. અને તે જીવ નિયમથી ક્ષપક શ્રેણિમાં જાય છે.

બીજા માર્ગે આગળ વધતો જીવ પ્રમાદને પ્રાધાન્ય આપતા લોભને દબાવે છે, અને સૂક્ષ્મ માનને હકાર આપે છે, જેથી તે મુખ્યત્વે ઉપશમ શ્રેણિમાં જાય છે.

આ આજ્ઞા પાળવાના, સંસારી પ્રમાદને પોષવાના અને પરમાર્થ પ્રમાદને તજવાના તરતમપણાથી મુખ્ય પાંચ વિભાગ થાય છે, જે પંચપરમેષ્ટિરૂપ બને છે. સાધુસાધ્વીજીથી શરૂ કરી અરિહંત અને સિધ્ધ પર્યંતના સર્વ પરમેષ્ટિ ચડતા ક્રમમાં આજ્ઞાનું પાલન કરે છે, સંસારની સ્પૃહા ત્યાગે છે અને એ દ્વારા સંસારી પ્રમાદને પોષે છે, અને આત્મશુદ્ધિ માટે સતત ઉદ્યમવંત બની પરમાર્થના પ્રમાદને ત્યાગતા જાય છે. આ સર્વની તરતમતાના કારણથી પાંચે પરમેષ્ટિ ભગવંતની કક્ષા સર્જાય છે. તેઓ સર્વ જુદી જુદી કક્ષાની આજ્ઞા પાળે છે, સંસારની વૃત્તિઓ પ્રતિનો પ્રમાદ વધારતા રહે છે અને પરમાર્થ પ્રતિના પ્રમાદને તજતા જાય છે. તે સર્વનાં અલગ અલગ ભેદ હોવાના કારણે શ્રી પંચપરમેષ્ટિના ૧૦૮ ગુણો સર્જાય છે. આ ગુણોને વિચારીએ તો આજ્ઞા, સંસારી પ્રમાદ તથા પરમાર્થ પ્રમાદના જુદી જુદી કક્ષાનાં મિશ્રણથી (permutations and combinations થી) અનંત ભાંગા થઈ જાય છે અને જિનમાર્ગના ઊંડાણનો લક્ષ આવે છે.

શ્રી જિનેશ્વર પ્રણીત નિર્ગ્રંથ માર્ગ પૂર્ણ આજ્ઞાના પાયા પર રચાયેલો છે. મોહરૂપી મહાશત્રુના ક્ષયોપશમ કે ક્ષયના આધારે જે પ્રમાણમાં પ્રમાદ અપ્રમાદરૂપે પરિણમી જીવમાં ગુણો પ્રગટાવે છે, તે તે ગુણોના રહેવાના સ્થળના આધારથી ગુણસ્થાનની રચના થયેલી જણાય છે. જીવમાં જેમ જેમ મોહનો ક્ષય થતો જાય છે કે મોહ ઉપશાંત થતો જાય છે તેમ તેમ તેનામાં વિવિધ ગુણો ખીલતા જાય છે. જીવમાં જેમ જેમ વિશેષ

ગુણો ખીલતા જાય છે તેમ તેમ તે જીવ ઊંચા ગુણસ્થાને ચડતો જાય છે. જિનમાર્ગમાં કુલ ચૌદ ગુણસ્થાન શ્રી પ્રભુએ વર્ણવ્યા છે. આ ગુણસ્થાનો બે વિભાગમાં વિભાજિત થાય છે. જીવની આંતરભાવના, પુરુષાર્થ અને યોગના કારણે આ વિભાજન થાય છે. પહેલો વિભાગ ૧ થી ૭ ગુણસ્થાનનો અને બીજો વિભાગ ૮ થી ૧૪ ગુણસ્થાનનો છે. બંને વિભાગમાં પેટાવિભાગો ઘણા છે, પણ પ્રત્યેક વિભાગના પેટાભેદોમાં ઘણું સામ્યપણું રહેલું છે. આ બધાના આંતરભેદો શ્રી જિનપ્રભુએ મુખ્યતાએ ગુપ્ત રાખ્યા છે, કારણ કે તેની સમજણ માટે ઉપયોગની તીક્ષ્ણતા અને સ્વસ્વરૂપની શુદ્ધ અનુભૂતિ હોવી જરૂરી છે. આથી તેની સૂક્ષ્મ સરખામણી કેવળીગમ્ય રાખવી યોગ્ય છે. પણ તે ભેદોની સ્થૂળ સમજણ લેવાથી જીવને છઠ્ઠા અને સાતમા ગુણસ્થાને શું લાભ થાય છે તેનો આપણને લક્ષ આવે છે.

આજ્ઞારૂપી મહામાર્ગને પ્રાધાન્ય આપી જીવ પ્રમાદને તજે છે, તેમાં તેનો પુરુષાર્થ પ્રત્યક્ષ સદ્‌ગુરુ, પ્રત્યક્ષ સત્પુરુષ, જ્ઞાની પુરુષ તથા આર્ય પુરુષના સાથના આધારે ઘડાય છે. જે જીવ આત્મિક પ્રમાદમાં થાક લાગવાથી સંસારના પ્રમાદને વેદે છે ત્યારે તે જીવનો પુરુષાર્થ માત્ર પંચપરમેષ્ટિ ભગવંતના (અરિહંતથી સાધુસાધ્વી પર્યંતના) પરોક્ષ આજ્ઞાના યોગથી થાય છે.

આત્મા સાતમા ગુણસ્થાનથી શ્રી પંચપરમેષ્ટિ ભગવંતના કલ્યાણના પરમાણુઓ વિશેષતાએ ગ્રહણ કરતાં શીખે છે. એ પરમાણુઓનો અમુક માત્રામાં જથ્થો એકત્ર થાય ત્યારે તેનામાં શ્રેણિ માંડવાની શક્તિ ઉત્પન્ન થાય છે. સામાન્ય રીતે શુક્લધ્યાનમાં પંદર મિનિટે પહોંચ્યા પછી આ શક્તિ કેળવાય છે, એટલે કે જીવની શ્રેણિ માંડવાની પાત્રતા આવે છે. જેમ જેમ તે શુક્લધ્યાનમાં આગળ વધે છે તેમ તેમ તે પંચપરમેષ્ટિ ભગવંતના કલ્યાણનાં પરમાણુ વિશેષતાએ ગ્રહણ કરે છે, એટલું જ નહિ પણ જેમ જેમ તેની સંસારની સ્પૃહા તૂટતી જાય છે, અને આજ્ઞાધીનપણું વધતું જાય છે તેમ તેમ તેનું સંસારી પુણ્ય પરમાર્થ પુણ્યમાં પરિણમે છે, પરમાર્થ પુણ્ય શ્રેણિમાં ઉપકારી થાય એવા પુણ્યમાં પરિણમે છે અને સાથે સાથે તેનાં જ્ઞાન તથા દર્શનનાં આવરણો ક્ષીણ થતાં જતાં હોવાથી તેની માર્ગની જાણકારી વિશેષ વિશદ થતી જાય છે. આ

રીતે આગળ વધતાં સાતમા ગુણસ્થાને રહ્યા રહ્યા તેનું જ્ઞાન સંખ્યાત સમયવર્તી થતું જાય છે, પણ જ્યારે તે છઠ્ઠા ગુણસ્થાને આવે છે ત્યારે તે જ્ઞાન ફરીથી અસંખ્યાત સમયવર્તી થઈ જાય છે. ફરી જ્યારે તે સાતમા ગુણસ્થાને આવે છે ત્યારે તે સંખ્યાત સમયની મર્યાદા ઘટે છે, અને છઠ્ઠે આવતાં ફરીથી અસંખ્યાત સમયવર્તી બની જાય છે. આમ છઠ્ઠે સાતમે રમતાં જીવ પોતાનાં સત્તાગત કર્મો ઘટાડે છે, આશ્રવ તોડે છે અને શ્રેણિ શુધ્ધ બને તે માટે વિશેષ આજ્ઞાધીન થતાં શીખે છે, અને આમ કરતાં શ્રુતકેવળીપણું તથા પરમાવગાઢ અવધિજ્ઞાન પ્રગટે છે ત્યારે તે ક્ષપક શ્રેણિ માંડવા યોગ્ય પાત્ર બને છે.

આ રીતે પાત્ર બની, પંચપરમેષ્ટિનો સમૂહગત સાથ ગ્રહણ કરી જીવ શ્રેણિની શરૂઆત કરી આઠમા ગુણસ્થાને આવે છે. આ વખતે તે જીવ પંચ પરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓ વિશેષે ગ્રહે છે. તેથી 'સર્વ સત્પુરુષના કવચ'ના સ્થાને તેને 'પંચપરમેષ્ટિ આજ્ઞા કવચ' બંધાય છે, જે વિશેષ ઘટ્ટ અને મજબૂત હોય છે. આઠમા ગુણસ્થાને તે જીવ સત્તાગત અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની કષાયોનો નાશ કરવા લાગે છે; અલ્પમાત્રામાં આ કષાયો બાકી રહે ત્યારે તે નવમા ગુણસ્થાને આવી, માત્ર સંજ્વલન કષાયો જ બાકી રાખી, બાકીના સર્વ કષાયો ક્ષય કરે છે. એ આત્મા પૂર્ણ આજ્ઞાધીન હોય તો આ કર્મક્ષય કરવામાં તેને પંચપરમેષ્ટિ આજ્ઞા કવચનો ખૂબ બળવાન સાથ મળે છે. અને તે આત્મા શ્રેણિ માંડતા પહેલાં જે ઉગ્રતાથી આત્મસ્વરૂપની પ્રાપ્તિનો હકાર અને સંસારી સ્પૃહાનો નકાર વેદે છે તેના અનુસંધાનમાં તરતમતાએ પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓ વિશેષતાએ ગ્રહે છે. આ પરમાણુઓની સંખ્યા જેટલી વધારે તેટલા વિશેષ પ્રમાણમાં તે પોતાનાં અંતરાય તથા જ્ઞાન દર્શનનાં આવરણો ક્ષીણ કરી, પોતાની શુદ્ધિ વધારી, થતાં આત્મદર્શનને વિશેષતાએ અને વિશદતાથી સ્પષ્ટ કરતો જાય છે. એ દ્વારા પોતાનાં જ્ઞાનની જાણકારી સંખ્યાત સમયમાં પણ અલ્પ અલ્પ સંખ્યાની કરતો જાય છે. ૯મા ગુણસ્થાનના અંતભાગમાં સમયની સંખ્યા ઘણી અલ્પ થઈ જાય છે. જે જીવે સાતમા ગુણસ્થાને જ સંખ્યા ઘટાડી નાખી હોય છે તેને શ્રેણિમાં સમયવર્તી સંખ્યા ખૂબ ઝડપથી ઘટતી જાય છે, અને એથી થતી દર્શનની સ્પષ્ટતાને

લીધે પ્રત્યેક ગુણસ્થાન ખૂબ ઝડપથી ચડી શકે છે. તે ઝડપ દર્શાવવા શાસ્ત્રમાં કહ્યું છે કે જીવ પ્રત્યેક ગુણસ્થાને જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મૂહુર્ત કાળ રહે છે. આ ઝડપની માત્રા તેના પૂર્વ પુરુષાર્થ તથા વર્તમાન આજ્ઞાધીનપણાને આધારે નક્કી થાય છે. આમ છતાં આ ગુણસ્થાનોએ એટલે કે આઠમા અને નવમા ગુણસ્થાને જીવ મહામંત્રમાં સમાયેલા પ્રત્યેક પરમેષ્ટિના અલગ સાથને ઓળખી શકતો નથી, એટલે કે પ્રત્યેક પરમેષ્ટિના સાથને તે ભિન્નરૂપે અનુભવી શકતો નથી; કેમકે તેનાં જ્ઞાનનું સૂક્ષ્મપણું એ અનુભવ સમજવા જેટલું સમર્થ થયું હોતું નથી. આ વખતે તેનાં જ્ઞાનનું સૂક્ષ્મપણું દશ કરતાં વધારે સમયવર્તી સુધી આવ્યું હોય છે. આ ઉપરાંત બીજું કારણ એ છે કે જ્યાં સુધી જીવને પ્રત્યક્ષ મોહના પુદ્‌ગલ પરમાણુઓ છે, એટલે કે નવા મોહબંધનો આશ્રવ છે ત્યાં સુધી તેને મોટાભાગે દશથી ઓછી સંખ્યાના સમયનું જાણપણું આવી શકતું નથી.

આઠમા અને નવમા ગુણસ્થાનને વટાવી આત્મા ક્ષપક શ્રેણિના દશમા ગુણસ્થાને આવે છે ત્યારે તે પૂર્વ સંચિત સંજ્વલનાદિ કષાય સાથે સંજ્વલનાદિ સર્વ મોહના પ્રત્યક્ષ પરમાણુઓનો ક્ષય અર્થાત્ નવા આશ્રવનો પણ ક્ષય શરૂ કરે છે ત્યારે તેને દશથી ઓછી સંખ્યાના સમયનું પ્રત્યક્ષ જ્ઞાન આવવાની શરૂઆત થાય છે. એ જ્ઞાનમાં તેને શ્રી અરિહંત ભગવાનના અપૂર્વ સાથનો જુદો લક્ષ આવે છે. અને બાકીના ચાર પરમેષ્ટિનો સાથ તે સમૂહમાં અનુભવે છે. એ આત્મા દશમા ગુણસ્થાને અરિહંત અને અન્ય ચાર પરમેષ્ટિ વચ્ચે પોતાના ઉપયોગને ફેરવે છે. અરિહંતના સાથથી તે કર્મની સ્થિતિ તોડે છે અને બાકીના ચારની સમૂહગત સહાયથી તે કર્મનો જથ્થો તોડે છે.

શ્રેણિનો પુરુષાર્થ કરતી વખતે દશમા ગુણસ્થાને શ્રી તીર્થંકર ભગવાન એમના પૂર્વના સ્વયં કલ્યાણભાવને કારણે મુખ્યત્વે બે સમય જેટલો સૂક્ષ્મ ઉપયોગ રાખી શકે છે, ગણધરજીનો ઉપયોગ ૩ થી ૭ સમયવર્તી હોય છે, અને અન્ય આત્માઓ ૮ થી ૧૦ સમયવર્તી ઉપયોગ રાખી શકે છે. આ પુરુષાર્થ માટેનું સામાન્ય કથન છે. પુરુષાર્થની તરતમતાના આધારે આ સંખ્યામાં ફેરફાર સંભવી શકે છે. શ્રેણિમાં

ઉપયોગને અલ્પાતિઅલ્પ સંખ્યા સુધી લઈ જવામાં પંચપરમેષ્ટિ આજ્ઞા કવચનું મહત્વનું અને અનન્ય સ્થાન છે.

આપણને વિચાર આવે કે શ્રેણિમાં જીવ અરિહંતના મહિમાને સૌથી પહેલાં શા માટે ઓળખે છે? શા માટે તેને જલદીથી માણી શકે છે? પ્રત્યેક આત્માના પહેલા સાત પ્રદેશ શુધ્ધ કરવામાં શ્રી અરિહંત પ્રભુનો ફાળો મુખ્ય છે અર્થાત્ તેમના જ કલ્યાણકોના નિમિત્તથી નિત્યનિગોદમાં રહેલા જીવના પ્રથમ સાત પ્રદેશો નિરાવરણ થાય છે. આઠમો પ્રદેશ સિદ્ધ થતા પ્રભુનાં નિમિત્તથી નિરાવરણ થાય છે. વળી અંતરવૃત્તિ સ્પર્શ કરાવવામાં પણ મુખ્ય કાર્ય શ્રી અરિહંતનું જ હોય છે, તેમનાં નિમિત્તથી જ જીવ પહેલવહેલી વાર એક સમય માટે મિથ્યાત્વ બાંધતો નથી એટલું જ નહિ તે સમયે દેહ તથા આત્માની ભિન્નતાનો અનુભવ કરે છે. શ્રી તીર્થંકર પ્રભુએ કરેલા આ ઉપકારનો ખૂબ ઊંડો પ્રભાવ આત્મા પર અંકિત થયો હોય છે. વળી શ્રી અરિહંત પ્રભુના આત્માએ છદ્મસ્થ અવસ્થામાં જીવ સમસ્તના કલ્યાણના ભાવ મોહરહિતપણે અને સ્વયંપ્રેરિત કર્યા હોય છે એટલે જ્યારે કોઈ છદ્મસ્થ જીવ મોહનો નાશ કરવા ઇચ્છે છે ત્યારે તેને અરિહંતના સાથની અપૂર્વતા અને પુરુષાર્થની સમાનતા વેદાય છે, જેને કારણે અરિહંતનો સાથ એને માર્ગ દેખાડનાર ભોમિયો બને છે.

શ્રી અરિહંત પ્રભુ ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે, તેમાં રહેલી આજ્ઞાનું સૂક્ષ્મ રહસ્ય જાણીએ તો સમજાય છે કે અરિહંત પ્રભુ માર્ગ બતાવે છે અને અન્ય ત્રણ છદ્મસ્થ પરમેષ્ટિ એ આજ્ઞાને પાળે છે. આમ અરિહંત ભગવાન આજ્ઞારૂપી મહામાર્ગને કર્મ સામે વિજયી થવા માટે ગતિ તથા સ્થિતિ આપે છે, અને અન્ય પરમેષ્ટિ એ ગતિને અવધારી પોતાનાં ચારિત્રમાં ફેરવે છે. આ કાર્ય દ્વારા તેઓ ઘાતિકર્મને કાપવા આજ્ઞામાર્ગને જથ્થો આપે છે. આ માર્ગને ગતિ કે સ્થિતિ અરિહંત સિવાય કોઈ આપી શકતું નથી, કારણ કે અરિહંતપ્રભુ એ માર્ગને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવને અનુલક્ષીને – પાંચ સમવાય અનુસાર છદ્મસ્થ આત્માના સમૂહ પુરુષાર્થને લક્ષમાં લઈને બોધે છે. આ માર્ગ એવો અપૂર્વ છે કે તેમાં પ્રભુ દેશકાલીન સિદ્ધાંતોને પાંચ સમવાયની તરતમતા અનુસાર બોધે છે, કે જેથી આજ્ઞામાર્ગ કર્મક્ષય માટે ટૂંકામાં ટૂંકો માર્ગ બની જાય.

આ સિદ્ધાંત અનુસાર જ્યારે જીવ ૧૦મા ગુણસ્થાને આવે છે ત્યારે અરિહંતનો સાથ એને પોતાના પાંચ સમવાય પ્રમાણે, કર્મની સ્થિતિ પ્રમાણે એવી આજ્ઞા આપે છે કે જેથી તે ૧૦માથી ૧૨મા ગુણસ્થાને ત્વરાથી પહોંચી શકે.

અરિહંત પ્રભુની વાણી કેવળ વીતરાગમય છે એટલે એમાં દરેક જીવની કર્મપ્રકૃતિ પ્રમાણે જોઈતી સ્થિતિસ્થાપકતા હોય છે. અન્ય પરમેષ્ટિમાં સ્પૃહા હોવાથી અમુક માત્રામાં જક રહે છે. આ જક કોઈ વખત વ્યક્તિગત પ્રકૃતિ સાથે સંઘર્ષમાં આવે એવો સંભવ રહે છે. એ સંઘર્ષ ન થવા દેવા માટે તથા યથાર્થ આજ્ઞાપાલન કરવા માટે જીવે પોતાના પુરુષાર્થને તીક્ષ્ણ કરવો પડે છે; એટલું જ નહિ પણ સમય માત્રનો પ્રમાદ ન થાય તેનો લક્ષ પણ રાખવો પડે છે. જો લક્ષ પૂર્ણ હોય તો આજ્ઞા અને આરાધન વચ્ચે તફાવત રહેતો નથી, તેની સ્થિતિ અને જથ્થા વચ્ચેનો સુમેળ જળવાઈ રહે છે.

શ્રી અરિહંત ભગવાનની પરમ કરુણાના યોગથી જીવ જ્યારે એમના કલ્યાણભાવના પરમાણુઓ અને અન્ય ચાર પરમેષ્ટિના સમૂહરૂપ કલ્યાણભાવના પરમાણુઓ પૂર્ણ આજ્ઞાએ ગ્રહણ કરે છે ત્યારે એ દશમા ગુણસ્થાનનું મંત્રસ્મરણ, અગ્યારમા ગુણસ્થાનની પ્રાર્થના, ક્ષમાપના, મંત્રસ્મરણ અને બારમા ગુણસ્થાન માટેની પ્રાર્થના એક સાથે કરી શકે છે. આ અપૂર્વ અને કપરા કાર્ય માટે તેને અરિહંતના સાથ ઉપરાંત સિદ્ધ પ્રભુના સાથની પણ જરૂર પડે છે. દશમા ગુણસ્થાનથી જ્યારે આત્મા આગળ વધવાનો હોય છે ત્યારે એક સમય પહેલાં તે સિદ્ધ ભગવાનના સાથને અલગ જોઈ શકે છે, જાણી શકે છે અને અનુભવી શકે છે. એટલે કે આત્મા પહેલા અરિહંતના સાથને અનુભવે છે, પછી સિદ્ધના સાથને અનુભવે છે અને પછી બાકીના ત્રણ પરમેષ્ટિના સાથને અનુભવે છે. આ વખતમાં તેના સમયવર્તીપણામાં ઘટાડો થતો નથી, પરંતુ તે કર્મની સ્થિતિ તોડવામાં અરિહંતના સાથની સાથે સિદ્ધપ્રભુના સાથને સ્પષ્ટ ભિન્નતાથી અનુભવે છે.

શ્રી સિદ્ધ ભગવંતે આઠે કર્મનો ક્ષય કર્યો હોવાથી એમના પરમાણુઓમાં પૂર્ણ કર્મક્ષય કરવાની પ્રેરણા રહી હોય છે. અરિહંત પ્રભુને ચાર અઘાતી કર્મનો ક્ષય કરવાનો બાકી હોવાથી એ અંશે અપૂર્ણતા કે પ્રમાદ આવી શકે, તે સંભાવના તોડવા

સિદ્ધપ્રભુનાં પરમાણુઓ સહાયક બને છે. અહીં જીવે એવું અપ્રમાદીપણું રાખવાનું છે કે અરિહંત પ્રભુનાં જે પરમાણુઓએ અત્યાર સુધી સાથ આપ્યો હતો તેનો ત્યાગ કરતાં લોભ ન થાય અને સિદ્ધપ્રભુ કેવળીપર્યાયમાં અરિહંત કરતાં નીચી કક્ષાએ હતા તેથી તેમનો નકાર ન થાય. આમ ન વર્તે તો તેનામાં પ્રમાદ પેસી જાય છે.

જીવ જો પૂર્ણ આજ્ઞાએ વર્તતો હોય તો તે દશમાના અંત પહેલાં અરિહંતના સાથને સ્પષ્ટપણે અનુભવે છે, પછી સિદ્ધના સાથને પણ એવી જ રીતે અનુભવે છે. આ બંને પરમેષ્ટિની આજ્ઞાને તે તાદાત્મ્યભાવથી ઝીલે છે અને બીજા ત્રણ પરમેષ્ટિ પાસેથી એ આજ્ઞાને પૂર્ણપણે પાળવાના ઉત્સાહને દાનરૂપે માગે છે. તેનાથી તેનો પુરુષાર્થ યોગ્યતાવાળો બને છે, અને એના કેવળીગમ્ય પ્રદેશો એ કાળ માટે નિસ્પૃહ બની એમના પર રહેલા અઘાતીના ઉદયને અધ:કરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણથી આઠ શુધ્ધ પ્રદેશ જેવા કરે છે. આમ ૧૨મા ગુણસ્થાને જવાના વખતે તેની પાસે કુલ ૧૬ શુદ્ધ પ્રદેશ અપેક્ષાએ હોય છે. ૧૬ પ્રદેશના બળવાન યોગને લીધે જીવ લોભના સર્વ ઉદયોનો નાશ કરી શકે છે અને તેના નિમિત્તે સર્વ મોહનો નાશ કરી ૧૨મા ગુણસ્થાને પહોંચે છે.

જે જીવને અરિહંતના પરમાણુઓ માટે સૂક્ષ્મ લોભ થાય છે, અને સિદ્ધાત્મા માટે તેમની કેવળી પર્યાયની ઉતરતી કક્ષા માટે સૂક્ષ્મ નકાર થાય છે તે જીવ ઉપશમ શ્રેણિમાં જાય છે; કારણ કે આ હકાર તથા નકારના પ્રભાવથી તેના ૮ કેવળગમ્ય પ્રદેશો પૂર્ણતાથી અધ:કરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ કરી શકતા નથી. તેથી અગ્યારમા ગુણસ્થાનના કોઈક ભાગમાં અઘાતી શાતાવેદનીયનો ઉદય એ આઠ કેવળીગમ્ય પ્રદેશો પર આવે છે. જેના માટે એ આત્મા સૂક્ષ્મ લોભ કરી પતન પામે છે. એથી 'સમય માત્રનો પણ પ્રમાદ કર્તવ્ય નથી' એવા શ્રી મહાવીર પ્રભુના બોધમાં સર્વ અરિહંત પ્રભુનો બોધ સમાયો છે એમ આપણે કહી શકીએ.

શ્રી અરિહંતપ્રભુ પંચપરમેષ્ટિ ભગવંતની આજ્ઞામાં પૂર્ણતાએ નિમગ્ન થઈ, અપૂર્વ ક્ષપક શ્રેણિમાં 'આણાએ ધમ્મો, આણાએ તવો' પદને વિશુધ્ધરૂપે અનુભવી,

કેવળજ્ઞાન કેવળદર્શનને પ્રાપ્ત કર્યા પછી ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. અર્થાત્ ચતુર્વિધ સંઘની સ્થાપના આજ્ઞામાં જ રહીને અને આજ્ઞાથી જ થાય છે. આ સંઘમાં મુખ્યતાએ છદ્મસ્થ જીવો જ હોય છે. સંઘ સ્થાપનાનો મુખ્ય હેતુ છે છદ્મસ્થ જીવોને પ્રમાદના જોરથી છોડાવી આજ્ઞાધર્મમાં સ્થાપવાનો.

શ્રી ચતુર્વિધ સંઘના પ્રણેતા શ્રી અરિહંત પ્રભુ અગ્રસ્થાને છે. તેમની સાથે શ્રી કેવળી ભગવંતનો પણ સમાવેશ થાય છે. તેઓ બંનેએ લગભગ પૂર્ણતાએ પ્રમાદનો ક્ષય કર્યો છે, અને આજ્ઞારૂપી ધર્મનો અનુભવ કર્યો છે. એમના પછીની કક્ષામાં આવે આચાર્યજી, ઉપાધ્યાયજી, સાધુસાધ્વીજી અને શ્રાવક શ્રાવિકાઓ. આ બધા જીવો છદ્મસ્થ અવસ્થાએ છે અને આજ્ઞારૂપ ધર્મ તથા પ્રમાદરૂપ અધર્મ વચ્ચે પાંચ સમવાયના બંધનથી ઝોલાં ખાય છે. જે સાધુસાધ્વીઓ અંતરંગથી જિનેશ્વર પ્રણીત આજ્ઞામાર્ગને સર્વ અપેક્ષાએ સમ્મત કરી, છઠ્ઠા ગુણસ્થાને રહે છે તેમને સંઘમાં સ્થાન છે, અન્ય સાધુસાધ્વી સંઘની બહાર કહેવાય છે. એ જ રીતે શ્રાવક શ્રાવિકા ચોથા પાંચમા ગુણસ્થાનથી સંઘમાં સ્થાન પામે છે. તે પહેલાં જૈનકુળમાં જન્મ્યા હોય કે જૈન ધર્મ પાળતા હોય છતાં સંઘની બહાર છે.

જે જીવોને છઠ્ઠા ગુણસ્થાને પોતાના સદ્‌ગુરુ પ્રત્યે પ્રેમ, શ્રદ્ધા તથા અર્પણતા વધતાં જાય છે, તે જીવો સદ્‌ગુરુના આત્મા દ્વારા પંચપરમેષ્ટિ ભગવંત પ્રત્યે પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા કેળવે છે. આ અપૂર્વ ભાવને લીધે જીવનો સ્વચ્છંદ પીગળે છે અને તેને અપ્રત્યાખ્યાની તથા પ્રત્યાખ્યાની કષાયોને દબાવવાની શક્તિ મળે છે. એ સાથે તેને પરમ આજ્ઞાનું વરદાન મળે છે કે જો આ સ્થિતિ તેને મિથ્યાત્વના ક્ષય પછીથી મળી હોય તો તે સ્થિતિ તેની અક્ષય થાય છે. એટલે કે તે જીવ હવે છઠ્ઠા ગુણસ્થાનથી ક્યારેય નીચે નહિ જાય તે નિશ્ચિત થાય છે. આ અક્ષય સ્થિતિને પોષણ આપનાર શ્રી પંચપરમેષ્ટિ ભગવંતના પરમ સાથની અને પરમ આજ્ઞાની આવા જીવને સતત જરૂર પડે છે કે જેથી તેના શેષ શત્રુઓ પ્રમાદ, કષાય અને યોગને હરાવવા તેનો આત્મા કાર્યશીલ રહે. આ સાથ અને આજ્ઞા જીવને સતત મળતા રહે તે માટે શ્રી જિનેશ્વરદેવે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી હોય છે.

શ્રી ગણધરાદિ આચાર્યજી ધર્મરૂપી શસ્ત્રથી ચારિત્રમોહ અને ત્રણ શેષ ઘાતીકર્મોની સતત નિર્જરા કરે છે. આ ચારે ઘાતી કર્મોનાં છેદન સાથે શ્રી આચાર્યજી શાતા વેદનીય કર્મને કેવળજ્ઞાન પહેલાં વેદાય તેવા પરમાર્થ પુણ્યમાં પરિણમાવે છે અને કેવળજ્ઞાન પહેલાં વેદાય એવા પરમાર્થ પુણ્યને કેવળજ્ઞાન પછી વેદાય એવા પરમાર્થ પુણ્યમાં પરિણમાવે છે. આ પ્રક્રિયા મુખ્યત્વે આચાર્યજી છઠ્ઠા સાતમા ગુણસ્થાને કરી શકે છે. તેથી આ પ્રક્રિયા શ્રેણિમાં કરવા માટે આત્માને આચાર્યજીના સાથની અનિવાર્યતા રહે છે.

જીવ જ્યારે બારમા ગુણસ્થાને આવે છે ત્યારે મોહના ક્ષયને લીધે તથા બળવાન મન વચન કાયાના યોગને કારણે બળવાન શાતા વેદનીય બાંધે છે. એ શાતા વેદનીય તેના માટે ખૂબ ઉપયોગી છે, પણ તે કેવળજ્ઞાનને અંતરાયરૂપ થાય છે. તેથી જીવ ગણધરજી આદિ આચાર્યના કલ્યાણના ઉત્તમ પરમાણુઓનો સાથ લઈ તે શાતાવેદનીય કર્મને કેવળજ્ઞાન પહેલાં ભોગવી શકાય તેવા પરમાર્થ પુણ્યમાં રૂપાંતરિત કરે છે. અને તે પરમાર્થ પુણ્યને કેવળજ્ઞાન પછી વેદી શકાય તેવા પરમાર્થ પુણ્યમાં ફેરવે છે. જો તેને ગણધરાદિ આચાર્યનો આ સાથ ન હોય તો મોહરૂપ ઘાતીકર્મના ક્ષયથી બંધાતુ શાતાવેદનીય પુણ્ય કેવળજ્ઞાન મેળવવવામાં બાધારૂપ થાય. આ પ્રક્રિયા કરવા માટે જીવને ૧ થી ૧.૫(દોઢ) ગુણસ્થાનના વિકાસ જેટલો જ સમય મળે છે, અને શાતાવેદનીયના પરમાણુઓની સંખ્યા ઘાતીકર્મની સંખ્યા કરતાં અસંખ્યગણી હોય છે. વળી શાતા વેદનીય કર્મ, ઘાતીકર્મની જેમ સંકોચાઈ શકવાની પ્રકૃતિવાળું નથી. એટલે આ સંજોગોમાં આત્માને કર્મક્ષય કરવા માટે અરિહંત કરતાં મોટા સમૂહના સાથની જરૂર પડે છે. આ સાથ તેને ગણધરાદિ આચાર્ય પાસેથી મળી રહે છે. આ સાથથી આત્મા કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. આચાર્ય તરીકેના પોતાના કર્તવ્યમાં સમય માત્રનો પણ વિલંબ ન થાય તે હેતુથી શ્રી વીરપ્રભુએ 'એક સમય માત્રનો પણ પ્રમાદ કરીશ નહિ' એવો બોધ પોતાના પટ્ટશિષ્ય ગૌતમસ્વામી ગણધરને આપ્યો જણાય છે.

શ્રી ઉપાધ્યાયજીનું મુખ્ય કર્તવ્ય એ છે કે જિનપ્રભુએ બોધેલા આજ્ઞાધર્મને અનુભવી, મુખ્યતાએ વાણી દ્વારા પાત્ર જીવોને શિખડાવવો. આત્મા કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે ત્યાર

પછીથી જે શાતાવેદનીય કર્મ બાંધે છે તેમાં કેટલોક જથ્થો વચનવર્ગણાનો હોય છે. આ જથ્થાની નિર્જરા કરવા માટે શ્રી કેવળીપ્રભુને ઉપાધ્યાયજીના આ લક્ષણની સહાયતા જરૂરી બને છે. એમના કલ્યાણના પરમાણુઓનો આધાર લઈ તેઓ પોતાના આ શાતાવેદનીયનો જથ્થો ઘટાડતા જાય છે.

જ્યારે શ્રી તીર્થંકર પ્રભુની દેશના છૂટે છે તે વખતે પર્ષદામાં હાજર રહેલા કેવળી પ્રભુ પોતાના વાચાવર્ગણાના પરમાણુઓ, જે સમયે તીર્થંકર પ્રભુનો આત્મા યોગ સાથે જોડાઈ નવા શાતાવેદનીય સ્વીકારે છે, તે સમયે બળવાનપણે છોડી દેશનાના મહત્ત્વને જાળવવામાં મોટો ફાળો આપે છે અને પોતાના બંધાયેલા શાતાવેદનીયની બળવાન નિર્જરા કરે છે. આવી જ રીતે જ્યારે અન્ય જીવાત્મા તરફથી પ્રશ્ન થાય ત્યારે પણ તેઓ નિર્જરા કરી નાંખે છે. શાતા વેદનીયનો જથ્થો જેટલો ઓછો થાય તેટલું આત્માનું યોગ સાથેનું જોડાણ ઘટતું જાય છે. યોગનું જોડાણ જેટલું ઓછું થાય એટલા પ્રમાણમાં નવો આશ્રવ ઓછો થાય અને અઘાતી કર્મોથી નિવૃત્તિ થતી જાય, શુદ્ધિ વધતી જાય. આ સ્થિતિનું વિશ્લેષણ કરતાં આપણને સમજાય છે કે ‘સમય માત્રનો પણ પ્રમાદ કર્તવ્ય નથી’ એ કેટલું બધું સૂચક છે?

આત્મા જ્યારે ૧૩માથી ૧૪મા ગુણસ્થાને આવે છે ત્યારે તે યોગને રુંધે છે. યોગને રુંધવા માટે આત્માને આશ્રવ કરાવે તેવું એક પણ કર્મ ન હોવું જોઈએ. વળી, બાકી રહેલા ચારે અઘાતી કર્મોની કાળસ્થિતિ એક સરખી હોતી નથી, તો તે કર્મ પરમાણુઓને એવી રીતે આ લોકમાં વહેતા મૂકવા જોઈએ કે જેથી તે યોગને રુંધવામાં બાધારૂપ ન થાય. આ કાર્ય કરવામાં તેમને સાધુસાધ્વીનું લક્ષણ ઉપયોગી થાય છે. સાધુસાધ્વીજી જ્ઞાન તથા વિનયનો ઉપયોગ એક સાથે કરી જ્યાંથી ઉત્તમ મળે ત્યાંથી ગ્રહણ કરી, જિનેશ્વર પ્રણીત માર્ગમાં ચાલવા ઉત્સુક હોય છે. અરિહંત, સિધ્ધ, ગણધરાદિ લોકના અમુક ભાગમાં જ હોય છે, ત્યારે સાધુ સાધ્વી લોકના ઘણા ભાગમાં રહેલા છે. અને જે જગ્યાએ હોય ત્યાં રહી વિકાસ કરવા ઉત્સુક હોય છે. તેમનો જથ્થો પણ અન્ય પરમેષ્ટિ ભગવંત કરતાં ઘણો મોટો હોય છે. તેમના આ લક્ષણોથી પ્રેરાયેલા કેવળીપ્રભુ માત્ર આઠ સમય જેટલા લઘુકાળમાં પોતાના આત્માને

આખા લોકપ્રમાણ કરી, આત્મા પર રહેલા શેષ શુભ કર્મના પરમાણુઓને આખા લોકના પ્રદેશે પ્રદેશ પર, કેવળી સમુદ્‌ઘાત દ્વારા વેરી દે છે. તેમાં કેટલાક સ્કંધરૂપે અને અન્ય સૂક્ષ્મ પરમાણુરૂપે લોકમાં એવી રીતે ફેલાઈ જાય છે કે ક્યાંય પણ અપાત્રે દાન થતું નથી. આ પરમાણુઓ અન્ય પરમેષ્ટિના કલ્યાણભાવના સ્કંધ સાથે જોડાઈ સિદ્ધના પરમાણુઓ બને છે. અને તે માત્ર પાત્ર જીવો દ્વારા જ ગ્રહણ કરાય છે. લોકમાં રહેલા સાધુસાધ્વી સિદ્ધ થતા ભગવાનથી ફેલાતા પરમાણુઓ ગ્રહણ કરવા ઉત્સુક હોય છે, તેમની આ ઉત્સુકતા કેવળી સમુદ્‌ઘાત શક્ય બનાવે છે. આ પ્રક્રિયામાં જો એક સમય માટે પણ પ્રમાદ થાય (જે સંભવિત નથી) તો આત્માની મુક્તિ લંબાઈ જાય. પ્રભુજી સમુદ્‌ઘાત કર્યા પછી યોગ રુંધન કરે છે અને પછીના એક સમયમાં પ્રભુ સિધ્ધ થાય છે.

અન્ય સર્વ પરમેષ્ટિના કલ્યાણના પરમાણુઓ પરમેષ્ટિ વસતા હોય ત્યાં આસપાસમાં ફેલાય છે. ત્યારે શ્રી સિધ્ધ થતા પ્રભુના પરમાણુઓ એક સાથે આખા લોકમાં ફેલાય છે. આ પરમાણુના સ્પર્શથી કેટલાય ત્રસનાડી બહાર રહેલા એકેંદ્રિય ત્રસનાડીમાં આવી શકે છે, નિત્ય નિગોદમાં જન્મમરણના ત્રાસમાં સબડતા જીવો પોતાના કર્મ હળવા કરી, આત્મપ્રદેશને નિરાવરણ કરી શકવાની પાત્રતા મેળવી શકે છે. અને એક જીવ સિધ્ધ થતા પરમાત્માના નિમિત્તથી નિત્યનિગોદમાંથી નીકળી પૃથ્વીકાયરૂપે પોતાનું સંસારનું પરિભ્રમણ શરૂ કરે છે. આમ સિધ્ધ થતા પ્રભુના નિમિત્તથી જગતજીવો પર ઘણો ઘણો ઉપકાર થાય છે.

શ્રેણિ એ આત્માએ કરેલા પૂર્વ પુરુષાર્થની સહજ સ્થિતિ છે. શ્રેણિમાં આત્મા સમય માત્રમાં ગુણસ્થાન ચડી શકે છે. એક સમય એક પ્રદેશ અને એક પરમાણુનું જ્ઞાન આત્માને કેવળજ્ઞાન થાય ત્યારે જ આવે છે અને કેવળજ્ઞાન થયા પછી એક સમયનું જ્ઞાન મેળવવા માટે આત્મા મન, વચન કે કાયાનો ઉપયોગ કરતો નથી. આ હકીકતનો વિચાર કરતાં સમજાય છે કે શ્રેણિમાં ગુણસ્થાન ચડવા માટે આત્મા એકે યોગનો ઉપયોગ કરતો નથી, તે માટે તે માત્ર આત્માનો જ ઉપયોગ કરે છે. આત્મા માટે આ અનુભવ અપૂર્વ છે. વ્યવહાર નયથી સમજી શકાય છે કે આજ્ઞારૂપી જાદુથી

આ દુષ્કર, અપૂર્વ અને સાદિ અનુભવ સહજતાએ પ્રાપ્ત થાય છે. આથી સ્પષ્ટ થાય છે કે આજ્ઞા એ મોક્ષ મેળવવાનો ટૂંકામાં ટૂંકો માર્ગ છે.

આ વિચારણામાં એક વિરોધાભાસ સર્જાય છે. શાસ્ત્રો કહે છે કે કેવળજ્ઞાન લેતાં પહેલાં ૩-૪ દિવસ માટે જીવ મુખ્યતાએ એકત્વાદિ બાર ભાવનામાં સતત રમે છે. એ ભાવથી એ જીવ પોતે સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ભિન્ન છે, ન્યારો છે એવી સ્થિતિ દૃઢપણે અનુભવે છે. એ ભાવની પરાકાષ્ઠા એ છે કે મોક્ષ, ક્ષપક શ્રેણિ, ધર્મ વગેરે ભાવથી પણ તે નિસ્પૃહ અને નિવૃત્ત થતો જાય છે. આવી નિસ્પૃહતાવાળો જીવ આજ્ઞા પાળવાના ભાવથી પણ નિસ્પૃહ થઈ જાય તે સ્વાભાવિક છે તો પછી તે શ્રેણિમાં આજ્ઞાપાલન કેવી રીતે કરે છે?

શ્રેણિમાં આત્મા તેની સહજ સ્થિતિમાં હોય છે. જે જીવ ઉપશમ શ્રેણિમાં જાય છે તે પોતાના આત્માને જથ્થારૂપે જુએ છે. તે આગળ વધે છે, પણ એ શ્રેણિ અધવચથી છોડી શકતો નથી. એ આત્માએ નિયમથી ૧૧મા ગુણસ્થાન સુધી જવું જ પડે છે. એ સાબિત કરે છે કે જે તીવ્રતાથી એ શ્રેણિમાં પ્રવેશ કરે છે, તેની તીવ્રતામાં એ ધરખમ વધારો કે ઘટાડો કરી શકતો નથી. તેનું કારણ એ સમજાય છે કે શ્રેણિમાં આત્મા મન કે ઇન્દ્રિયનો ઉપયોગ કરતો નથી. તો પછી શ્રેણિના પુરુષાર્થની અને આજ્ઞાપાલનની તૈયારી જીવ ક્યારે કરે છે?

પ્રભુ પ્રાર્થનાને લીધે ખુલાસો મળે છે કે શ્રેણિના કાર્યની તૈયારી જીવ છઠ્ઠા અને સાતમા ગુણસ્થાને કરે છે. આ બે ગુણસ્થાનો ૧ થી ૫ અને ૮ થી ૧૪ ગુણસ્થાન સેતુરૂપ છે. છઠ્ઠા અને સાતમા ગુણસ્થાને જીવ ભૂત, વર્તમાન અને ભાવિના પુરુષાર્થને એકત્રિત કરે છે. ત્રણ કાળના પુરુષાર્થના સંગમથી જીવ ૬-૭ ગુણસ્થાને રહી, સિદ્ધભૂમિની સહજ સ્થિતિ માટેના પુરુષાર્થની શુદ્ધિનો ભાવ (પ્રાર્થના) કરી શકે છે. આ જ ભાવ પરમકૃપાળુ રાજપ્રભુએ 'અપૂર્વ અવસર'માં ભાવ્યો છે. આ ભાવના આધારે જીવ ૧ થી ૫ ગુણસ્થાન સુધીના પૂર્વ પુરુષાર્થને ૬-૭મા ગુણસ્થાનના વર્તમાન પુરુષાર્થમાં પરિણમાવે છે અને એ વર્તમાન પુરુષાર્થને ૮-૧૪ ગુણસ્થાનના ભાવિ પુરુષાર્થમાં પલટાવી શકે છે. આ ત્રણ કાળનું સંમેલન માત્ર ૬-૭ ગુણસ્થાને થાય છે.

આ અપૂર્વ અને દુષ્કર કાર્ય કરવા માટે આત્માને આજ્ઞામાં રહેવાની અનિવાર્યતા છે. માટે જ્યારે જીવ તેનાં મન, વચન અને કાયાને તેના સદ્ગુરુને સોંપે છે તે પછી જ આ સ્થિતિ સંભવે છે. જીવ માટે પૂર્વ પુરુષાર્થમાંથી વર્તમાનમાં સરવાનું અને વર્તમાન પુરુષાર્થમાંથી ભાવિમાં સરવાનું કાર્ય પૂર્ણ આજ્ઞાનો અનુભવ કર્યા પછી જ શક્ય બને છે. આ અપૂર્વ કાર્યને બાધા આપે છે જીવનો પ્રમાદ. પૂર્વ પુરુષાર્થમાંથી વર્તમાન પુરુષાર્થમાં જવાની આજ્ઞા હોય અને જીવ જો મોહને લીધે તેમાં વિલંબ કરે તો એ જીવનો પ્રમાદ છે. જે પ્રમાણમાં જીવનો પ્રમાદ હોય તે પ્રમાણમાં એ જીવ અંતરાયરૂપ શાતા-અશાતા વેદનીય બાંધે છે; જે કેવળજ્ઞાનની પ્રાપ્તિને દુષ્કર અને દૂર કરે છે. એ જ રીતે જો જીવને વર્તમાન પુરુષાર્થમાંથી ભાવિ પુરુષાર્થમાં જવાની આજ્ઞા હોય અને તેમાં મોહને લીધે જીવ વિલંબ કરે તો તે અંતરાયરૂપ શાતા વેદનીય બાંધે છે. જીવ જો પૂર્ણ આજ્ઞામાં રહે છે અને ભૂત, વર્તમાન અને ભાવિમાં પ્રમાદ વગર આજ્ઞાનુસાર સરે છે તો એ જીવ પૂર્વ પુરુષાર્થથી પાપપુણ્ય બાળે છે, એ પુણ્ય અમુક માત્રામાં રહે ત્યારે તેને આજ્ઞા મળે છે કે હવે વર્તમાનનો પુરુષાર્થ કર. પ્રમાદરહિતપણે એ કાર્ય જીવ જો કરે તો તે સર્વ પુણ્યને કેવળજ્ઞાન પહેલાં ભોગવાય તેવા પરમાર્થ પુણ્યમાં ફેરવે છે. એ પરમાર્થ પુણ્ય અમુક માત્રાનું થાય ત્યારે એ જીવને ભાવિનો પુરુષાર્થ કરવાની આજ્ઞા મળે છે. પ્રમાદ વગર એ આજ્ઞા પાળવાથી તે જીવનાં પરમાર્થ પુણ્ય કેવળજ્ઞાન પછી વેદાય એવા પરમાર્થ પુણ્યમાં પરિણમે છે.

છઠ્ઠા સાતમા ગુણસ્થાને પ્રમાદ વગર આજ્ઞા પાળીને ભૂતકાળના પુરુષાર્થને વર્તમાનના પુરુષાર્થમાં ફેરવવો અને વર્તમાનના પુરુષાર્થને ભાવિના પુરુષાર્થમાં ફેરવવો એટલે શું ?

છઠ્ઠા ગુણસ્થાને જીવ પોતાનાં મન, વચન, કાયા સદ્ગુરુને સોંપ્યા પછી જ આવે છે, ત્યારથી તે પોતાના સ્વચ્છંદને મુખ્યતાએ દબાવે છે અને પૂર્વ કર્મના ઉદયાનુસાર સમપરિણામે રહેવા પ્રયત્નશીલ થાય છે. તેવા કાળમાં પૂર્વે સેવેલી સંસારની અભિપ્સા તે સદ્ગુરુના આશ્રયે ત્યાગી, સ્વરૂપ સ્થિરતાની લગની કરવામાં મંડયો રહે છે. આ પુરુષાર્થ તે પૂર્વ પુરુષાર્થને વર્તમાનના પુરુષાર્થમાં ફેરવવો. જ્યાં સુધી તે પૂર્ણ આજ્ઞામાં

હોય છે ત્યાં સુધી તેના પૂર્વના અશુભ બંધ ટળી, શુભનાં બંધમાં જાય છે. અને એ કાળે જો એ સાતમા ગુણસ્થાને જાય તો સ્વરૂપ સ્થિરતાની લગનીના પ્રભાવથી શુક્લધ્યાનમાં પાપ સાથે પુણ્યનો ઘણો જથ્થો બાળી આત્માને હળવો કરે છે. ફરીથી તે છઠ્ઠે આવી આજ્ઞાધીન રહી સંસારથી અલિપ્તતા કેળવે છે. આ રીતે પ્રવૃત્તિ કરતાં કરતાં કર્માશ્રવ અલ્પ થાય ત્યારે તેને વર્તમાનના પુરુષાર્થને ભાવિના પુરુષાર્થમાં લઈ જવાની આજ્ઞા આવે છે. તેમાં તે જીવ છઠ્ઠા ગુણસ્થાને હોય ત્યારે પ્રાર્થના અને મંત્રસ્મરણના સાથથી શુભાશુભ ઉદયોમાં જે રતિ-અરતિ તેને થાય છે તેનાથી નિવૃત્ત થવા પ્રયત્ન કરે છે. તેથી તે આજ્ઞામાં રહી નિમિત્ત પર લક્ષ ન દેતાં, સ્વની પરિણતિ અને વૃત્તિનાં સુધારા પર લક્ષ રાખી કર્મની બળવાન નિર્જરા કરે છે. અને એ વખતે કેવળજ્ઞાન પહેલાં ભોગવાય તેવાં પુણ્યોને તે કેવળજ્ઞાન પછી ભોગવી શકાય એવા પરમાર્થ પુણ્યમાં ફેરવે છે, જેથી કેવળજ્ઞાનને નજદીક લાવી શકાય. આજ્ઞાધીન રહી આ સ્થિતિમાં તે સાતમા ગુણસ્થાને જાય છે ત્યારે જે શાતાવેદનીયનો બંધ પડે છે તે કેવળજ્ઞાન પછી ઉદયમાં આવે એ પ્રકારનો હોય છે. આમ ક્ષમાપના, પ્રાર્થના અને મંત્રસ્મરણના સાથથી આજ્ઞાધીન બની, જીવ છઠ્ઠા સાતમા ગુણસ્થાને અપૂર્વ કાર્ય કરે છે. પૂર્વકાળમાં કરેલા દોષને કારણે આવતા અશાતાના ઉદયોમાં નિમિત્તના લક્ષને બદલે સ્વદોષની આલોચના તથા પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થતો જાય છે. એ દ્વારા છઠ્ઠા ગુણસ્થાને પુરુષાર્થને ફેરવવાની જીવની તૈયારી થાય છે, અને સાતમા ગુણસ્થાને એ પ્રક્રિયા મૂર્ત રૂપ ધારણ કરે છે. એટલે કે ઘણાં ઘણાં કર્મો પ્રદેશોદયથી વેદાઈ જાય છે, એટલું જ નહિ પણ આપણે ઉપર જોયું તેમ નવા પડતા બંધ પણ કેવળજ્ઞાન મેળવવામાં મદદરૂપ થાય તે પ્રકારના થતા જાય છે.

સાતમા ગુણસ્થાને કઈ પ્રક્રિયા થાય છે ? તે જીવ સાતમા ગુણસ્થાને શુક્લધ્યાનનો અનુભવ કરી કર્મની સ્થિતિ તોડે છે. વિશેષમાં એ શુક્લધ્યાનમાં તેના કેવળીગમ્ય પ્રદેશો બાકીના પ્રદેશોને બોધ આપે છે કે જેથી એનું શ્રુતકેવળીપણું વર્ધમાન થાય. જ્યારે કેવળીગમ્ય પ્રદેશો બાકીના સર્વ પ્રદેશોને કેવળજ્ઞાનમાં કહી શકાય એ સર્વ બોધ આપે છે ત્યારે નિશ્ચયથી એ આત્માને પૂર્ણ શ્રુતકેવળીપણું પ્રાપ્ત થાય છે, જેને શ્રી કૃપાળુદેવે 'કેવળ લગભગ ભૂમિકા'ના નામથી ઓળખાવેલ છે.

ભૂત પુરુષાર્થને વર્તમાનના પુરુષાર્થમાં જવાની પ્રક્રિયાને સાધુસાધ્વીજીનો આંતર પુરુષાર્થ કહ્યો છે કારણ કે તેમાં મુખ્યતાએ શ્રી સાધુસાધ્વીજીનાં કલ્યાણનાં પરમાણુઓ કાર્યરત હોય છે. તેવી જ રીતે વર્તમાન પુરુષાર્થને શુધ્ધ કરવો અને ભાવિ પુરુષાર્થ માટે પ્રાર્થના કરવી તેને શ્રી ઉપાધ્યાયજીનો પુરુષાર્થ કહ્યો છે, કારણ કે આ પ્રક્રિયા કરવામાં સૌથી વિશેષ સહાય શ્રી ઉપાધ્યાયજીનાં કલ્યાણનાં પરમાણુઓમાંથી જીવને મળે છે. વર્તમાન પુરુષાર્થને પૂર્ણ આજ્ઞાથી અતિશુધ્ધ અને શુક્લ કરવો અને ભાવિ પુરુષાર્થને પૂર્ણ આજ્ઞા દ્વારા પરિણમાવવો એને શ્રી આચાર્યજીનો પુરુષાર્થ કહ્યો છે. આ બધી તૈયારી જીવ છઠ્ઠા સાતમા ગુણસ્થાને રહીને કરે છે. અને એ પુરુષાર્થ દ્વારા તે શ્રેણિનાં કાર્યની તૈયારી કરે છે. જે પ્રકારે તે આત્મા શ્રેણિ માંડતાં પહેલાં છઠ્ઠા સાતમા ગુણસ્થાને રહીને પુરુષાર્થ કરે છે, તે પ્રકારે તેનો શ્રેણિમાં કરવાનો પુરુષાર્થ નક્કી થાય છે. આ પુરુષાર્થને આધારે જ તે જીવ ઉપશમ શ્રેણિમાં જશે કે ક્ષપક શ્રેણિમાં જશે તે નક્કી થાય છે. એટલું જ નહિ પણ એ શ્રેણિ તે કેટલા કાળ પછી માંડી શકશે તે પણ તેના છઠ્ઠા-સાતમા ગુણસ્થાનના પુરુષાર્થના પ્રકારના આધારે જ નક્કી થાય છે. વળી, ક્ષપક શ્રેણિ શરૂ કર્યા પછી કેટલા કાળે તે સર્વજ્ઞપણું મેળવશે તે પણ તેના ૬-૭ ગુણસ્થાનના પુરુષાર્થને આધારે નિશ્ચિત થાય છે. ઓછામાં ઓછા નવમા સમયે અને ઉત્કૃષ્ટ બે ઘડીમાં જીવ કેવળજ્ઞાન મેળવી શકે છે, એવો શાસ્ત્રનો અભિપ્રાય પણ જીવના પુરુષાર્થના આધારે જ ઘડાયો છે.

શ્રેણિ માટેનો બધો પુરુષાર્થ જીવે છઠ્ઠા સાતમા ગુણસ્થાને કરવાનો હોવાથી એ વખતે પ્રમાદી થવાથી કે અપ્રમાદી થવાથી પરિણામમાં કેવો ફેરફાર સર્જાય છે તે સમજવું જરૂરી બને છે.

છઠ્ઠા ગુણસ્થાને જીવનાં મન, વચન, કાયા તેના સદ્ગુરુને અને તે દ્વારા શ્રી પ્રભુને સોંપાય છે, એથી એણે ત્યારથી આજ્ઞાનુસાર વર્તવાનું રહે છે. જ્યારે આ જીવને પૂર્વ કર્માનુસાર સંસારી શાતાની સ્પૃહા છઠ્ઠા ગુણસ્થાને જન્મે છે ત્યારે તે પ્રમાણમાં પ્રમાદી બન્યો હોવાથી સંસારી શાતાવેદનીય મોટા પ્રમાણમાં આશ્રવે છે. અને એ પછી જ્યારે પુરુષાર્થ કરી શુક્લધ્યાનમાં જાય છે ત્યારે તેની સંસારી શાતાની સ્પૃહા ક્ષીણ

નથી થઈ હોતી; તેમ છતાં તેના કષાય પરિણામ અતિમંદ અથવા નહિવત્ હોય છે. એટલું જ નહિ પણ થયેલી આત્માની શુદ્ધિનાં કારણે તેનાં મન, વચન, કાયા વિશેષ બળવાન થયા હોય છે. પરિણામે તે શુક્લધ્યાનમાં અશાતાવેદનીય કર્મ મોટા પ્રમાણમાં બાળે છે. પણ વર્તતી સંસારી સ્પૃહાના કારણે શાતાવેદનીય કર્મનો મોટો જથ્થો ન બાળતાં આત્મપ્રદેશ પર સાચવી રાખે છે. આથી પૂર્વ સંચિત સંસારી શાતાવેદનીય કર્મ જળવાઈ રહે છે, અને તે પરમાર્થ પુણ્યમાં પલટાતું નથી. બીજી બાજુ અતિમંદ કષાય, સ્પૃહા અને બળવાન યોગના લીધે ઘણા મોટા પ્રમાણમાં સંસારી શાતાવેદનીય કર્મનો આશ્રવ તેને થાય છે. મંદ કષાય હોવાથી ઘાતી કર્મની માત્રા અતિ અલ્પ હોય તે સ્વાભાવિક છે અને બળવાન યોગના લીધે આશ્રવાતા પરમાણુઓનો જથ્થો ખૂબ મોટો હોય છે, તે વર્તતી સ્પૃહાને કારણે સંસારી શાતાવેદનીય રૂપે પરિણમે છે. તે પૂર્વનાં સંસારી પુણ્યમાં ભળી જાય છે અને શાતાવેદનીયનો જથ્થો પ્રમાદને કારણે મોટો ને મોટો થતો જ જાય છે. જે ભોગવવા તેણે લાંબા આયુષ્યનો દેવલોકનો ભવ પસાર કરવો પડે છે. આમ આત્મપ્રદેશ પર જમા થયેલા સંસારી શાતાવેદનીય કર્મના જથ્થાને સ્પૃહાને કારણે દેવલોકના અતિ વૈભવશાળી ભોગ ભોગવવામાં જ વાપરી શકાતો હોવાથી તેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ લંબાઈ જાય છે. પ્રત્યેક શુક્લધ્યાનના સ્પર્શ વખતે તે નિકાચીત ન હોય તેવા અશાતાવેદનીય કર્મને બાળતો જાય છે, અને સંસારી શાતાવેદનીય કર્મને સાચવવા ઉપરાંત ઘણાં નવાં કર્મો ઉપાર્જન કરતો જાય છે.

આ રીતે દેવલોકના સુખ ભોગવી લિપ્ત બની મનુષ્ય જન્મ તે ધારણ કરે છે ત્યારે પ્રભુની સમર્થ સહાય હોય તો પોતાની સંસારી સ્પૃહા તોડી, શ્રેણિની ઉત્તમ તૈયારી કરે છે. પરંતુ તે વખતે પણ જો પ્રમાદી રહે તો ફરીથી ઉપરની વણઝાર ચાલુ રહે છે, અને તેમાં ય જો શ્રેણિ માંડે તો તે બાંધેલા સંસારી શાતા વેદનીયના પ્રભાવથી ઉપશમ શ્રેણિમાં ચાલ્યો જાય છે. ૧૧મેથી નીચે ઉતરી તે જીવ ફરીથી પુરુષાર્થ કરી, સવળો બની પોતાનું કાર્ય પૂરું કરી શકે છે, પણ તેમાં તેને સંસાર ઘણો ભોગવવો પડે છે. કેવળજ્ઞાન પણ ઉતરતી વયે આવે છે.

આનાથી વિપરીત જે જીવ છઠ્ઠા-સાતમા ગુણસ્થાને અપ્રમાદી રહી પોતાનું આરાધન કરે છે, તેની પ્રક્રિયા જુદી રીતે થાય છે. તે જીવ આજ્ઞાધીન હોવાથી પોતાના સદ્‌ગુરુની કૃપાથી પોતાની સંસારી સ્પૃહા ક્રમે ક્રમે ત્યાગતો જાય છે. આ ત્યાગથી અને વર્તતા આત્મામાં સ્થિર થવાના ભાવથી તે જીવ જે શાતાવેદનીય છઠ્ઠા ગુણસ્થાને આશ્રવે છે તેનો મોટો ભાગ પરમાર્થ પુણ્યનો અને નાનો ભાગ સંસારી પુણ્યનો બાંધે છે. સંસારી પુણ્ય સંસારી શાતા રૂપે ભોગવવાનું હોય છે; અને પરમાર્થ પુણ્ય આત્મસ્થિરતા તથા આત્મશુદ્ધિ વધારવા માટે વપરાતું હોય છે. આમ હોવાથી તેના આત્મપ્રદેશો પર સંસારી શાતાવેદનીય પુણ્યનો બળવાન જથ્થો એકઠો થતો નથી. આવા સંજોગોમાં તે જ્યારે શુક્લધ્યાનનો સ્પર્શ પામે છે ત્યારે સંસારી શાતા-અશાતા બંનેના વર્તતા નકારનાં કારણે શુક્લધ્યાનમાં શાતા અને અશાતા વેદનીય એમ બંને કર્મ બાળે છે, કેટલાય સંસારી શાતાવેદનીય કર્મને પરમાર્થ પુણ્યમાં પલટાવે છે, એટલું જ નહિ પણ, બળવાન આત્મશુદ્ધિ અને યોગના પ્રભાવથી જે પુણ્યનો આશ્રવ થાય છે તેનો મોટો ભાગ પરમાર્થ પુણ્યનો અને અલ્પ ભાગ સંસાર પુણ્યનો આવે છે. આમ એના આત્મા પર સંસારી શાતાવેદનીય કર્મનાં પરમાણુઓ ઘટતાં જાય છે અને પરમાર્થ પુણ્યનાં પરમાણુઓ વધતાં જાય છે. તે પુણ્યના પ્રભાવથી જ્યારે આત્મા સાતમાથી છઠ્ઠા ગુણસ્થાને આવે છે ત્યારે તેની સંસારસ્પૃહા ઘણી વિશેષ ઓછી થઈ ગઈ હોય છે. એટલે એને જે કંઈ પણ સંસારી પ્રવૃત્તિ કરવાનો ઉદય આવે છે તે માત્ર પૂર્વ કર્મની નિર્જરા માટે થાય છે. પરિણામે નવાં સંસારી શાતાવેદનીય ઘણાં અલ્પ બંધાય છે, અને પરમાર્થ શાતાવેદનીય વિશેષ બંધાય છે. આમ વારંવાર આ પ્રક્રિયા થાય તો તે જીવ શુક્લધ્યાનમાં જાય ત્યારે કેવળજ્ઞાન પહેલાં ભોગવવું પડે એવું તેનું પરમાર્થ પુણ્ય સ્થિરતા પામવામાં વપરાય છે અને બાકીનું પુણ્ય કેવળજ્ઞાન પછી ભોગવી શકાય એવા પરમાર્થ પુણ્યમાં પલટાતું જાય છે. કેવળજ્ઞાન મેળવવા જરૂરી હોય તેટલું પરમાર્થ પુણ્ય સચવાય છે, અને બાકીનું કેવળજ્ઞાન પહેલાં ભોગવવાનું પરમાર્થ પુણ્ય પંચપરમેષ્ટિ ભગવંતની કૃપાથી, જીવનાં આજ્ઞાધીનપણાથી અને પુરુષાર્થથી કેવળજ્ઞાન પછી ભોગવી શકાય એવા પરમાર્થ પુણ્યમાં પલટાતું જાય છે.

આમ સંસારી તથા પરમાર્થ પુણ્યની ઘણી અલ્પતા થવાથી તે જીવને દેવલોકનો ખૂબ નાના આયુષ્યનો ભવ આવે છે અને મનુષ્ય જન્મમાં નાની વયે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે, અથવા અતિ ઉગ્ર પુરુષાર્થ હોય તો તે દેવલોકના ભવને કુદાવી, નાની વયે જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. પ્રમાદરહિત બની આત્મપુરુષાર્થ કરવાનો આ સૌથી વિશેષ લાભ છે. સાથે સાથે અપ્રમાદી બની, પુરુષાર્થી બની જે જીવ સિધ્ધ થાય છે, તેના નિમિત્તે નિત્યનિગોદમાંથી નીકળનાર જીવને પણ ઉગ્ર પુરુષાર્થી બનવાની શક્યતા ઘણી વધી જાય છે.

આ પ્રકારે અપ્રમાદી બની જે જીવ શ્રેણિ આરંભે છે તેની શ્રેણિ ટૂંકી, અને આજ્ઞાધીન બને છે. પોતાનાં કર્મો ખૂબ સહેલાઈથી ક્ષીણ કરી શકે છે, અને ઉત્તમતાએ શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓનો સાથ લઈ શકે છે.

ક્ષપકશ્રેણિનો પુરુષાર્થ એ અપૂર્વ પુરુષાર્થ છે. તેમાં જીવ આઠમા થી તેરમા ગુણસ્થાન સુધીનો વિકાસ વધુમાં વધુ બે ઘડીમાં કરે છે. આ પુરુષાર્થની નજરે ચડતી વિશેષતાઓ આ પ્રમાણે કહી શકાય –

૧. શ્રેણિમાં જીવ રત્નત્રયની આરાધના સમયે સમયે કરે છે.

૨. આ પુરુષાર્થમાં થતી ગુણશ્રેણિ અન્ય ગુણશ્રેણિ કરતાં વિશેષ પ્રકારની છે, કારણ કે તેમાં એક સાથે ઘણાં ગુણસ્થાન જીવ ચડે છે. (૮ થી ૧૩).

૩. આ ગુણશ્રેણિમાં આત્મા એક નહિ પણ ચારે ઘાતીકર્મોનો સંપૂર્ણ ક્ષય અને ચાર અઘાતી કર્મોની સર્વ અશુભ પ્રકૃતિનો સંપૂર્ણ ક્ષય એક સાથે કરે છે.

૪. આ ગુણશ્રેણિને સમાંતર કહી શકાય એવી ક્ષાયિક સમકિત લેતી વખતની ગુણશ્રેણિ છે. તેમાં દર્શનમોહ અને ચારિત્રમોહની અનંતાનુબંધી પ્રકૃતિનો સંપૂર્ણ ક્ષય જીવ કરે છે, પણ ત્યારે તે જીવ ગુણસ્થાન ચડતો નથી. ત્યારે ક્ષપકશ્રેણિમાં સર્વ ઘાતી અને સર્વ અશુભ અઘાતીનો ક્ષય કરે છે; એટલું જ નહિ પણ આત્મા ઘણા ગુણસ્થાન ઊંચે જાય છે. આ બતાવે છે કે

ક્ષપકશ્રેણિમાં જીવ નિશ્ચયનયથી પ્રત્યેક ગુણસ્થાને કર્મની સ્થિતિ અને તેનો જથ્થો સમાંતરે તોડતો જાય છે.

૫. ક્ષાયિક સમકિત વખતે ગુણશ્રેણિમાં જીવને મુખ્યત્વે પોતાના સદ્ગુરુનો સાથ હોય છે, ક્ષપક શ્રેણિમાં તેને પંચપરમેષ્ટિ ભગવંતનો સાથ હોય છે.

૬. ક્ષપક શ્રેણિમાં કર્મનો જથ્થો અને સ્થિતિ તોડવા સાથે જીવ જ્ઞાન, દર્શન અને ચારિત્રની વિશુદ્ધિ પણ કરે છે. એટલે કે તેને કર્મનાં સંવર નિર્જરા સાથે જ્ઞાન, દર્શન, ચારિત્રની વૃદ્ધિ થાય છે.

આવી આ અદ્ભુત ક્ષપકશ્રેણિમાં મોહનીયનો ક્ષય કરવા માટે જીવ કઈ અને કેવી પ્રક્રિયા કરે છે, અને તેમાં પ્રમાદ તથા અપ્રમાદનો કેવો મહત્ત્વનો ફાળો હોય છે તે સમજવું જરૂરી છે.

"રાગદ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ,
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ."

— શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર

મિથ્યાત્વનો ક્ષય થયા પછી કર્મબંધ થવાનાં મુખ્ય કારણો બે રહે છે — રાગ અને દ્વેષ. રાગ એટલે માયા અને લોભનું મિશ્રણ તથા દ્વેષ એટલે ક્રોધ અને માનનું મિશ્રણ. આ કષાયોથી આત્માને જે વિભાવનો ઉપદ્રવ થાય છે તેને લીધે તેને શુભાશુભ કર્મનો આશ્રવ થાય છે.

રાગદ્વેષ કરવા માટે સાનુકુળ અને પ્રતિકૂળ એ બે પ્રકારના સંજોગો જીવને નિમિત્ત બને છે. સાનુકૂળમાં ગમો હોવાથી રાગ અને પ્રતિકૂળમાં અણગમો હોવાથી જીવને દ્વેષ થાય છે. તેમાં જીવ સૂક્ષ્મતાએ રાગ સાથે દ્વેષનું વેદન કરે છે અને દ્વેષ સાથે રાગનું વેદન કરે છે. એ પરથી લક્ષ થાય છે કે રાગનાં બે ઘટક માયા અને લોભ તથા દ્વેષનાં બે ઘટક ક્રોધ અને માન સાનુકૂળ તથા પ્રતિકૂળ સંજોગ સાથે સંબંધ ધરાવે છે.

સાનુકૂળ સંજોગોમાં જીવ લોભ (રાગ) તથા માન (દ્વેષ) વેદે છે. તથા પ્રતિકૂળ સંજોગોમાં જીવ માયા (રાગ) તથા ક્રોધ (દ્વેષ) વેદે છે. સાનુકૂળ સંજોગ પ્રાથમિક કે મધ્યમ કક્ષાના હોય છે ત્યારે જીવ મુખ્યત્વે લોભ(રાગ) વેદે છે, અને સાનુકૂળતા મધ્યમથી તીવ્ર થાય છે ત્યારે જીવ લોભ(રાગ)ના કારણથી માન(દ્વેષ)નું વેદન કરે છે.

એ જ પ્રકારે પ્રતિકૂળ સંજોગો જ્યારે પ્રાથમિક હોય છે ત્યારે જીવ માયા (રાગ) નું વેદન કરે છે અને તેનું રૂપ મધ્યમ કે તીવ્ર બને છે ત્યારે એ જીવ માયાથી ઉપજતા ક્રોધ(દ્વેષ)ને વેદે છે. આ પરથી સમજાય છે કે દ્વેષ એ પરિણામ છે અને રાગ એ મુખ્ય કારણ છે. રાગ ગર્ભિત દ્વેષ અન્ય કર્મનું કારણ બને છે.

જીવ જ્યારે પુરુષાર્થ કરી મોક્ષ મેળવવાનો નિશ્ચય કરે છે, ત્યારે તેણે આ રાગદ્વેષના કાર્યકારણના વ્યૂહને તોડવો પડે છે. જીવ જ્યારે રાગ ગર્ભિત દ્વેષનું વેદન કરે છે ત્યારે તેને અન્ય કર્મો બંધાવાના જ છે. તેથી જીવને જો આ સ્થિતિ તોડવી જ હોય તો પ્રથમ ભૂમિકાએ તેણે મધ્યમ કે તીવ્ર સાનુકૂળ સંજોગોમાં લોભથી ઉપજતા માનના બંધને મંદ કે ક્ષય કરવો ઘટે, અને પ્રતિકૂળ સંજોગોમાં તેણે માયાના લીધે ઉપજતા ક્રોધના બંધને મંદ કે ક્ષય કરવો ઘટે. આ પુરુષાર્થથી જીવ ક્રમે ક્રમે મધ્યમ સંજોગોમાં રાગ અને દ્વેષને છૂટાં કરી શકે છે. અને તીવ્ર પુરુષાર્થથી તીવ્ર સંજોગોમાં પણ તે રાગ તથા દ્વેષને છૂટા કરી શકે છે. જીવ સર્વ સત્પુરુષોનો સાથ લઈ મંદ તથા મધ્યમ સંજોગોમાં રાગદ્વેષને છૂટાં રાખી શકે છે. તીવ્ર ઉદય વખતે તેને સર્વ સત્પુરુષ પ્રેરિત પંચપરમેષ્ટિ ભગવંતનો સાથ રાગ દ્વેષને છૂટાં રાખવા માટે જરૂરી બને છે. 'समयं गोयं मा पमायए' ના રહસ્યની આ પ્રથમ ભૂમિકા કહી શકાય, જેમાં સામાન્યપણે સાથે ઉદયમાં રહેતા રાગદ્વેષને રાગ તથા દ્વેષરૂપે છૂટા પાડી એક પછી એક ઉદયમાં આવે એવી સ્થિતિ તે રાગદ્વેષની કરી શકે છે.

આ રાગદ્વેષ એકબીજા સાથે શા માટે જોડાય છે? સાનુકૂળ સંજોગમાં જીવને લોભ અને માન કષાય પ્રવર્તે છે. એટલે કે તે રાગના ઘટક લોભ પ્રતિ રાગ કરે છે અને

દ્વેષના ઘટક માન પ્રતિ પણ રાગ કરે છે; આમ રાગ પ્રતિ રાગ અને દ્વેષ પ્રતિ પણ રાગ કરવાથી જીવના ભાવાનુસાર રાગદ્વેષ જોડાય છે. જ્યારે આ રાગદ્વેષનું જોડકું થાય છે ત્યારે તે કષાયને તોડવા ખૂબ મુશ્કેલ પડે છે, તેમાં ય જ્યારે તેની તીવ્રતા હોય, ભાવ ઉગ્ર હોય ત્યારે તેનાથી નવા બંધ પાડયા વિના નિવૃત્ત થવું લગભગ અસંભવ બની જાય છે. પણ આજ્ઞાધીનપણાથી જ્યારે રાગ અને દ્વેષને છૂટા પાડવામાં આવે છે ત્યારે આ કષાયજય કરવો સહેલો અને સુલભ થતો જાય છે. કારણ કે બંને છૂટા પડતા તેમનું સામર્થ્ય અલ્પ ને અલ્પ થતું જાય છે. રાગ અને દ્વેષ છૂટા પડવાથી એનો નાશ કરવા, પ્રભુના કલ્યાણભાવના સાથથી જીવ સમર્થ થતો જાય છે. અનાદિકાળથી જીવ રાગદ્વેષનાં જોડાણના ઉદયને લીધે કર્મ ભોગવવા છતાં તેનાથી છૂટી શકતો નથી, કારણ કે એ ઉદય ભોગવતાં પોતાના હીનવીર્યને કારણે નવા રાગદ્વેષના ઘટકો તે આશ્રવે છે અને સંસાર લંબાય છે. આ રાગદ્વેષ જીવને કર્મબંધનમાં જકડી રાખવા માટે એકબીજાને સતત સાથ આપી રહ્યા છે, તેને કેવી રીતે છૂટા કરવા કે જેથી જીવ કર્મ બંધનથી નિવૃત્ત થઈ શકે?

આ માટેની પહેલી ભૂમિકા એ છે કે ઉદિત થયેલા રાગદ્વેષને છૂટા પાડવા. જીવ આજ્ઞાધીન બની ગુરુના માર્ગદર્શન પ્રમાણે પુરુષાર્થ કરે તો તેના રાગ અને દ્વેષ છૂટા પડે છે, એટલે કે રાગ દ્વેષને સમર્થન આપતાં અટકે છે અને દ્વેષ રાગને સમર્થન આપતાં અટકે છે, પરિણામે રાગના ઘટક અને દ્વેષના ઘટકનું સામર્થ્ય તૂટે છે.

આ પ્રક્રિયાની બીજી ભૂમિકામાં જીવ રાગદ્વેષના ઘટકોને છૂટા પાડવા માટે તેનો ઉદય થયા પછી એટલે કે ઉદયગત પુરુષાર્થ નથી કરતો પણ સ્વભાવગત એટલે કે ઉદયમાં આવતા પહેલા છૂટા પાડવાનો પુરુષાર્થ કરે છે. પહેલી ભૂમિકામાં રાગદ્વેષનો ઉદય થયા પછી જીવ તે બંનેને અલગ કરે છે, અને બીજી ભૂમિકામાં જીવ સ્વભાવથી, મારો આત્મા આ રાગ અને દ્વેષ બંનેથી ન્યારો છે, તેથી ઉદય હોય કે ન હોય, પણ રાગ અને દ્વેષ ભેગા ન થવા જોઈએ એવી ભાવનાથી બંનેને અલગ રાખવા પ્રયત્ની હોય છે. રાગ અને દ્વેષને છૂટા પાડવા માટે તે જીવ બીજી ભૂમિકામાં ઉદયની રાહ નથી જોતો, પણ પહેલેથી એવો પુરુષાર્થ આદરે છે કે જેથી ઉદયવશાત્ કે

અન્યથા રાગદ્વેષ ભેગા ન થાય. રાગ રાગરૂપ રહે અને દ્વેષ દ્વેષરૂપ રહે. બંનેની ભેળસળ ન થાય.

આ શૃંખલાની ત્રીજી ભૂમિકા આ પ્રમાણે છે. જીવને રાગ થવાનું મુખ્ય કારણ સાનુકૂળ સંજોગો પ્રત્યેનો ગમો છે. તેમાં જીવ રાગ કે દ્વેષના ઉદયમાં રાગભાવ ઉત્પન્ન કરનાર એવા લોભ અને માન કષાયને એકબીજામાં મળવા દેતો નથી. જ્યારે લોભ અને માન ભેગા થાય છે ત્યારે નિશ્ચયનયથી જીવ પ્રમાદી કહેવાય છે. લોભ અને માન કષાયને એ જ્યારે જુદા રાખે છે ત્યારે તે નિશ્ચયનયથી "અપ્રમાદી પ્રમાદી" કહેવાય છે. આ ભૂમિકામાં જીવ રાગ અને દ્વેષને છૂટા રાખવા માટે એક અપૂર્વ માર્ગ સ્વીકારે છે. સુખરૂપ લાગતાં લોભ અને માન કષાય જ્યારે એકઠાં થાય છે ત્યારે રાગ અને દ્વેષ મળે છે. તે વખતે તે સુખરૂપ લાગતા લોભ કષાયને લોભ સુખબુદ્ધિરૂપ રાખે છે, અને માન સુખબુદ્ધિમાં નથી પરિણમવા દેતો. અને માન કષાયને લોભ સુખબુદ્ધિમાં નથી પરિણમવા દેતો. તે લોભને માયામાં પરિણમાવે છે, અને માનને ક્રોધમાં પરિણમાવે છે. તેથીએ સ્થિતિને નિશ્ચયનયથી "અપ્રમાદી પ્રમાદી" કહી છે; કારણ કે તેમાં રાગ અને દ્વેષના કષાયોનું મિશ્રણ થતું નથી પણ રાગ-રાગનું અને દ્વેષ-દ્વેષના કષાયોનું મિશ્રણ થાય છે.

એ જ પ્રકારે પ્રતિકૂળ સંજોગોમાં જીવને દ્વેષ ઉત્પન્ન થાય છે. એ વખતે જીવ માયા અને ક્રોધ કષાય અનુભવે છે. માયા રાગનાં પ્રતિક તરીકે અને ક્રોધ દ્વેષનાં પ્રતિક રૂપે એકઠા મળી રાગદ્વેષનું દ્વંદ્વ બનાવે છે. આ બે કષાય ભેગા થાય ત્યારે જીવ પ્રમાદી બને છે, અને માયા તથા ક્રોધના ભાવને એ અલગ રાખે છે ત્યારે તે નિશ્ચયનયથી "અપ્રમાદી પ્રમાદી" થાય છે. આ ભૂમિકામાં પણ જીવ રાગદ્વેષને છૂટા રાખવાનો અપૂર્વ માર્ગ આરાધે છે. દુઃખરૂપ લાગનાર કષાય જ્યારે એકમેકમાં ભળે છે ત્યારે રાગ અને દ્વેષ થાય છે. ત્યારે તે સુખરૂપ લાગતા માયા કષાયને માયા સુખબુદ્ધિરૂપ રાખે છે અને ક્રોધની લાગણીમાં નથી પરિણમવા દેતો, અને ક્રોધબુદ્ધિને એ માયાબુદ્ધિમાં નથી પરિણમવા દેતો. તે માયાને લોભમાં પરિણમાવે છે અને ક્રોધને માનમાં પરિણમાવે છે. આમ આ સ્થિતિ નિશ્ચયનયથી "અપ્રમાદી પ્રમાદી" બને છે.

કારણ કે તેમાં રાગ અને દ્વેષના કષાયોનું મિશ્રણ થતું નથી પણ રાગ-રાગનું અને દ્વેષ-દ્વેષનું મિશ્રણ થાય છે. આમ આ ભૂમિકામાં જીવ રાગ અને દ્વેષના ઘટકોને અલગ કરે છે, રાગના પ્રતિકરૂપ લોભ-માયાને એકબીજામાં ભેળવે છે અને દ્વેષના પ્રતિકરૂપ માન અને ક્રોધને એકબીજામાં ભેળવે છે. અને એ રીતે રાગદ્વેષના જોડકાંનું બળ તોડી નાખે છે.

તે પછી આ પ્રક્રિયાની ચોથી ભૂમિકા આવે છે. તેમાં જીવ ચારે કષાયને છૂટા રાખતા શીખે છે, કોઈ બે કષાયને એકબીજામાં ભળવા દેતો નથી, એટલે કે ક્રોધ, માન, માયા અને લોભ એ ચારમાંનો કોઈ પણ કષાય બીજા કોઈ પણ કષાયમાં એકરૂપ થતો નથી. આમ થવાથી રાગ અને દ્વેષના ઉદયનો ક્ષય થાય છે. આ નિશ્ચયનયથી “અપ્રમાદી” દશા છે. સાતમા ગુણસ્થાને આગળ વધી, આત્મપ્રદેશ પર રહેલા રાગદ્વેષને આ રીતે છૂટા પાડી, સર્વ કષાયોને અલગ અલગ સ્થિતિમાં લાવે છે ત્યારે જીવ ક્ષપક શ્રેણિ માંડવા માટે તૈયાર થાય છે. પંચપરમેષ્ટિ ભગવંતના કલ્યાણના પરમાણુઓને ઉત્તમતાએ ગ્રહણ કરી, અપ્રમાદી બની આજ્ઞાધીનપણે ચારે કષાયોને જીવ છૂટા પાડે છે તેથી તે કષાયોની જીવમાં વિભાવ ઉત્પન્ન કરવાની શક્તિ ક્ષીણ થઈ જાય છે. અને તે બધા કષાયોને હણવાની શક્તિ જીવમાં પ્રગટ થતી જાય છે. વિભાવ ઉત્પન્ન થવા માટે કષાયનું જોડકું – તેનો ઉદય અગત્યનું કાર્ય કરે છે. એક એક નિર્બળ કષાય જીવને સહેલાઈથી વિભાવભાવમાં લઈ જતા નથી કારણ કે તેને સર્વ સત્પુરુષનું આજ્ઞા કવચ હોય છે. આ પ્રક્રિયા દ્વારા જીવ સાતમા ગુણસ્થાને મધ્યમ કે તીવ્ર વિભાવ રહિત બની અલગ થયેલા કષાયોને ક્ષીણ કરતો જાય છે. અને પોતાની શ્રેણિ ચડવાની તૈયારી કરતો જાય છે.

આ ચારે કષાયો જેમ જેમ ક્ષીણ થતા જાય છે તેમ તેમ આત્માના મૂળભૂત ગુણો ખીલતા જાય છે. ક્રોધ કષાયની ક્ષીણતાથી ઉત્તમ ક્ષમા ખીલે છે, માન કષાયની ક્ષીણતાથી ઉત્તમ માર્દવ ગુણ ખીલે, માયા કષાય ક્ષીણ થતાં થતાં ઉત્તમ આર્જવ ગુણને ખીલવે છે, અને એ જ રીતે લોભ કષાય ક્ષીણ થઈ ઉત્તમ શૌચ-પવિત્રતાની ખીલવણી આત્માને આપતો જાય છે. જેટલા મોટા પ્રમાણમાં આ ગુણો છઠ્ઠા સાતમા ગુણસ્થાન

સુધીમાં ખીલે છે અને કષાય ક્ષીણ થાય છે તેટલી સુંદર અને સુલભ ક્ષપક શ્રેણિ થાય છે. સાતમા ગુણસ્થાને સત્તાગત રહેલા રાગદ્વેષનાં જોડકાના ઘટકો અલગ કષાયરૂપ બને છે, તેથી છઠ્ઠા ગુણસ્થાને આવ્યા પછી તે જીવને કષાયનો ઉપદ્રવ તૂટી જાય છે. તે પોતાની સર્વ ઉદયગત પ્રવૃત્તિ બળવાન અલિપ્તતાથી કરે છે, ઉત્તમ કર્મ નિર્જરા કરી શકે છે, અને અતિઅલ્પ ઘાતી કર્મોનો આશ્રવ કરે છે. તેથી તે જલદીથી ફરી સાતમા ગુણસ્થાને જઈ રાગદ્વેષના ઘટકોની અલગ કરવાની પ્રક્રિયા કરે છે, વિશેષ વીતરાગતા કેળવી છઠ્ઠા ગુણસ્થાને આવે છે, અને એ દ્વારા શ્રેણિની તૈયારી કરે છે. પરંતુ જો આ ગુણસ્થાનોએ પ્રમાદી બની, સંસારી સ્પૃહામાં ચાલ્યો જાય છે, તો રાગદ્વેષનાં નવાં જોડકાંને આશ્રવી તેને ફરીથી અલગ કરવાની પ્રક્રિયા તેણે કરવી પડે છે,અને એ પ્રમાણમાં તેનો પુરુષાર્થ મંદ થાય છે, આશ્રવ વધે છે અને સંસાર પણ વધે છે.

આ પ્રમાણે પુરુષાર્થ કરી, પ્રમાદરહિત બની, ચારે કષાયોને છૂટા પાડી તેમને નિર્બળ બનાવી જીવ સાતમા અને છઠ્ઠા ગુણસ્થાનોએ ઉતર ચડ કરતાં કરતાં શ્રેણિની તૈયારી કરે છે. તે સાતમા ગુણસ્થાને કષાયના અભાવથી જે શાંતિનું વેદન થાય છે, તેના પ્રકાર સમજતાં શીખે છે. એટલે કે ક્રોધના અભાવથી ઉપજતી શાંતિ, માનના અભાવથી ઉપજતી શાંતિ, માયાના અભાવથી ઉપજતી શાંતિ અને લોભના અભાવથી ઉપજતી શાંતિનો ભેદ જાણે અને અનુભવે છે. જેમ જેમ આ કષાયોના ઘટકો છૂટા પડે છે, વધારે છૂટા થતા જાય છે, તેમ તેમ તે શાંતિના ભેદની અને કષાયના ભિન્ન પ્રકારોની ઊંડાણભરી સમજ તેને મળતી જાય છે. આ પ્રક્રિયા જ્યારે વિશેષતાએ થાય છે ત્યારે તે ભેદની સ્મૃતિ તેને છઠ્ઠા ગુણસ્થાને આવ્યા પછી પણ રહે છે. અને તે શ્રેણિ માટેનો વિશેષ બળવાન પુરુષાર્થ કરી શકે છે. પરિણામે શ્રેણિ માંડતા ક્યા કષાયને ક્યા ક્રમથી તોડવો, ક્યું જોર સંસારવૃદ્ધિ કરે છે કે કઈ ક્ષીણતા સંસારક્ષય કરે છે તેની સ્પષ્ટ સમજણ તેને ઉત્તમ શ્રેણિ પ્રતિ દોરી જાય છે.

શ્રેણિ શરૂ કરતાં જ આત્મા સત્તાગત અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા તથા લોભના સ્કંધોનું વિસંયોજન શરૂ કરે છે. એટલે કે તે પ્રત્યેક કષાયને તેના સંજ્વલન રૂપમાં ફેરવતો જાય છે. શ્રેણિ માંડતાં રાગ કે દ્વેષ ના સ્કંધો સ્વતંત્ર અસ્તિત્વ

ધરાવતા નથી, પણ તેઓ પ્રત્યેક કષાયરૂપ બની સત્તામાં રહે છે. જો કોઈ રાગ કે દ્વેષના ઘટક સત્તામાં રહી ગયા હોય તો તે બે કષાયને છૂટા પાડવાનું કામ શ્રેણિમાં થઈ શકતું નથી તેથી તે જીવ ઉપશમ શ્રેણિમાં જાય છે, અને એમાનાં રાગ કે દ્વેષનો ઉદય આવે ત્યારે તે જીવ ૧૧મા ગુણસ્થાનથી નીચે આવી જાય છે. કષાયના અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની સ્કંધોને તેના સંજ્વલન પ્રકારમાં ફેરવી આત્મા કષાયના બળને તોડી નાખે છે. જે સંજ્વલન કષાયોનો ઉદય નજીકમાં હોય છે તેવા સંજ્વલન કષાયોને પહેલાં ક્ષીણ કરે છે, અને જેનો ઉદય નજીક છે એવા અપ્રત્યાખ્યાની તથા પ્રત્યાખ્યાની કષાયોને સંજ્વલનમાં રૂપાંતરિત કરી, ઉદ્દીરણા કરી, વેદી તેનો પણ નાશ કરે છે. અને જેના ઉદયને થોડી વાર છે તેવા અપ્રત્યાખ્યાની તથા પ્રત્યાખ્યાની કષાયોને સંજ્વલન કષાયમાં ફેરવી સત્તાગત રાખે છે. તેનો ઉદયકાળ આવતાં તેને પણ ક્ષીણ કરતો જાય છે. આમ મોટા કષાયને નાના કરવા, નાના કે ઉદયગત કષાયોને પ્રદેશોદયથી ભોગવી ત્વરાથી ક્ષીણ કરવા અને સત્તાગત કર્મો પણ ખૂબ ઝડપથી અલ્પ કરતા જવા, આવી સઘળી ક્રિયા આત્મા એક સાથે, પ્રમાદરહિત બની શ્રેણિમાં કરતો જાય છે. આ કાર્ય કરવામાં જો પ્રમાદ પ્રવેશી જાય તો આત્માને કેટલું નુકશાન થાય તે વિચારણીય છે. માટે 'પ્રમાદ કર્તવ્ય નથી'.

ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાય આ જ ક્રમમાં કેમ ક્ષીણ થાય છે? ક્રોધ અને માનના મિશ્રણથી દ્વેષ ઉત્પન્ન થાય છે, માયા અને લોભના મિશ્રણથી રાગ ઉત્પન્ન થાય છે. જો રાગ હોય તો તે ન પોષાય ત્યારે દ્વેષ ઉત્પન્ન થાય છે, એટલે કે દ્વેષ એ રાગના આધારે જ આવે છે, રાગ ન હોય તો દ્વેષ ન હોય. આમ દ્વેષ એ રાગનું નકારાત્મક સ્વરૂપ છે. તેથી રાગ અને દ્વેષમાં દ્વેષ તોડવો સહેલો પડે છે, કારણ કે પોતાની ભાવના કે ઇચ્છા પૂરી નથી થતી ત્યારે દ્વેષ જાગે છે, આથી એ તત્ત્વથી આત્માને ભિન્નપણું અનુભવાય છે માટે તેનો ત્યાગ કરવો જીવને સહેલો પડે છે. આ પરથી સમજાય કે રાગ કરતાં દ્વેષ અર્થાત્ ક્રોધ અને માન છોડવા સહેલાં છે. વળી વિચારતાં સમજાય છે કે ક્રોધ એ સ્વતંત્ર કષાય નથી, જ્યારે જીવનાં માન, માયા કે લોભના ભાવને હાનિ પહોંચે છે ત્યારે ક્રોધ ઉદ્ભવે છે; તેથી ક્રોધ એ પરિણામ છે

અને માન, માયા કે લોભ એ કારણ છે. તેથી માન, માયા કે લોભને દબાવીએ ત્યારે ક્રોધ ક્ષીણ કરી શકાય છે, પણ ક્રોધને દબાવવાથી માન કે અન્ય કષાય ક્ષીણ થઈ શકતા નથી. આ કારણે આત્મા પહેલાં ક્રોધનો ક્ષય કરે છે અને પછી માનનો ક્ષય કરી શકે છે. હવે બાકી રહ્યા રાગના ભાવને ઉત્પન્ન કરનાર માયા અને લોભ કષાય. માયા કષાયમાં મુખ્યત્વે સંસારી ભાવ રહેલો છે, તો લોભ કષાયમાં ઘણા પ્રમાણમાં પરમાર્થ લોભ હોય છે. સાતમા ગુણસ્થાન સુધીના પુરુષાર્થમાં સંસારી લોભ ઘણોખરો જીવ તોડી નાખે છે, પણ આત્મશુદ્ધિ મેળવવાનો, ક્ષપક શ્રેણિ માંડવાનો, કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનો, મોક્ષમાં જવાનો, એવો એવો પરમાર્થ લોભ તેને વર્તતો હોય છે. તે લોભ અન્ય વ્યવહારિક લોભ પહેલાં ક્ષીણ થાય તો તે જીવ પાછો સંસારી બની જાય; કારણ કે તેનો સાંસારિક માયા કષાય તૂટી ન શકતાં બીજા અનેક કષાયો અને કર્મોનો આશ્રવ જીવ કરી બેસે. આથી માયા કષાય તૂટયા પછી આંશિક બાકી રહેલો વ્યવહાર લોભ અને બચેલો સઘળો પરમાર્થ લોભ ક્ષય કરી જીવ સંપૂર્ણ કષાય રહિત બને છે. આ પરથી કષાયો ક્રોધ, માન, માયા, લોભ એ ક્રમથી કેમ જાય છે તે સમજાશે.

ક્ષપક શ્રેણિમાં દશમા ગુણસ્થાનના અંતભાગમાં ચારે કષાયો પૂર્ણતાએ ક્ષય થતા હોવાથી, કષાયને કારણે બંધાતા જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય કર્મ બંધાતાં અટકી જાય છે. મોહનો નાશ થતાં આત્મા દશમાથી બારમા ગુણસ્થાને આવી, પૂર્વે બાંધેલા અને શેષ રહેલાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા અંતરાય કર્મને નિઃશેષ કરી કેવળજ્ઞાન કેવળદર્શન પ્રાપ્ત કરી પૂર્ણ વીતરાગી બની યથાખ્યાત ચારિત્રનો ધારક બને છે.

ક્ષપક શ્રેણિમાં દશમા ગુણસ્થાને આત્માના ચારે કષાયો ક્ષીણ થાય છે, તેથી તેને અગ્યારમે ગુણસ્થાને જવાનો અવકાશ રહેતો નથી, એટલું જ નહિ પણ મોહનો નાશ થતાં તેની સંસારી પદાર્થો પ્રત્યેની સુખબુદ્ધિ સંપૂર્ણતયા ક્ષય પામે છે એટલે તેને જ્ઞાનાવરણનો નવો બંધ પડતો નથી, સાથે સાથે આત્મા સ્વરૂપસિદ્ધિ માટે પ્રવર્તતો હોવાથી તે પોતાના આત્માને સ્વરૂપથી વિમુખ કરતાં અટકી જતો હોવાથી દર્શનાવરણ કર્મનો નવો બંધ પામતો નથી, અને સ્વપરના આત્માને સ્વરૂપથી જુદા કરવા રૂપ

કોઈ કાર્ય કરતો ન હોવાથી પરમાર્થ અંતરાયનો એક પણ નવો બંધ થતો નથી. આમ મોહનો નાશ થતાં અન્ય ત્રણે ઘાતી કર્મનાં નવા બંધ અટકી જાય છે. તેથી બારમા ગુણસ્થાને તો તેણે પૂર્વે સંચિત કરેલા બાકીના ત્રણ ઘાતી કર્મનો ક્ષય કરવાનો રહે છે. મોહ જતાં આત્મપ્રદેશો અકંપ થઈ જાય છે તેથી તેના પર ચીટકેલા ઘાતી કર્મનાં પરમાણુઓ નિરાધાર થઈ જાય છે. એટલે તેને ખેરવવાં ખૂબ સહેલાં થઈ જાય છે. દશમા ગુણસ્થાને આત્માનો ઉપયોગ જે એકમ સંખ્યાવર્તી થયો હોય છે તે અતિ અલ્પ સંખ્યાનો બારમા ગુણસ્થાને આવતાં થઈ જાય છે. તેથી પોતાના આત્માના ગુણના ઘાતક સર્વ પરમાણુઓને તે સ્પષ્ટતાથી જોઈ શકે છે, એટલે ઉદયમાં આવતાને અને ભાવિમાં ઉદયમાં આવી શકે તેવા કર્મ પરમાણુઓને ઉદ્દીરણા કરી વર્તમાનમાં ઉદેરી તેને તે ક્ષીણ કરે છે. અને પોતાની શુદ્ધિ સમર્થતાથી વધારે છે. પહેલાં અંતરાય તોડે છે, તે પછી જ્ઞાનાવરણ તોડી જ્ઞાન વિશુદ્ધ કરે છે અને તેની સહાયથી દર્શનાવરણ ક્ષીણ કરતો જાય છે. છેલ્લા સમયે જ્ઞાનાવરણ પૂર્ણ ક્ષીણ કરી, દર્શનાવરણને પણ ક્ષીણ કરે છે – પહેલા સમયે કેવળજ્ઞાન અને બીજા સમયે કેવળદર્શન પ્રાપ્ત કરી કેવળી બની ૧૩મા ગુણસ્થાને આવે છે. તે પછી જ્ઞાનદર્શન એક જ સમયે તેને પ્રવર્તે છે.

રત્નત્રયનાં આરાધનનો પ્રભાવ.

પ્રાર્થના, ક્ષમાપના અને મંત્રસ્મરણ એ ત્રણ પુરુષાર્થ જીવને રત્નત્રયની આરાધના કરાવે છે. આ આરાધન પ્રમાદને જીતવા માટે પરમ બાંધવરૂપ બની આત્માને પરમપદ સુધીની કાર્યસિદ્ધિ કરાવે છે. આ ત્રણે પુરુષાર્થ જીવને અજ્ઞાન અવસ્થાથી શરૂ કરી તેરમા ગુણસ્થાને પહોંચવા સુધીનો વિકાસ કરવામાં સહાયરૂપ થાય છે. અને તે ત્રણે પુરુષાર્થ જીવને પ્રમાદનો ત્યાગ કરવામાં મદદ કરે છે.

'પ્રાર્થના' એ આ આરાધનનો પહેલો ભાગ છે. પ્રાર્થના એટલે પોતાથી ઉચ્ચ દશાવાન શુદ્ધ આત્મા પાસે કાર્યસિદ્ધિ કરવા માટે કરેલી અર્ચના. પ્રાર્થનારૂપી પુરુષાર્થ કરવામાં જીવ પોતાના કાર્યસિદ્ધિ કરવાના લોભને અન્ય ઉત્તમ આત્માના લોભમાં ભેળવી પરમ આર્દ્ર હૃદયથી વિનંતિ કરે છે. આ ભાવની સત્ય સ્વરૂપે સિદ્ધિ કરવા

માટે જીવે પોતાના માન કષાયને ત્યાગવો પડે છે અથવા દબાવવો પડે છે. તેથી જીવ પ્રાર્થનામાં અનાયાસે વ્યવહારલોભને પરમાર્થલોભમાં પરિણમાવે છે; અને માનને છોડે છે. લોભ અને માન એ બે કષાય જેમ રાગ કે દ્વેષ કરવા માટે મુખ્ય કારણરૂપ છે, તેમ એ બે કષાય પ્રમાદના પણ મુખ્ય હેતુ છે. પરંતુ પ્રાર્થનામાં અન્ય પવિત્ર આત્માનો સાથ તેણે સહજતાથી પ્રાર્થ્યો હોવાથી લોભને પરમાર્થરૂપ બનાવવાનું અને માનને દબાવવાનું કે તોડવાનું કાર્ય સુલભ બને છે. વળી જો પ્રાર્થના પરમાર્થે હોય તો એ જીવ પંચપરમેષ્ટિ ભગવંતનો પરોક્ષ સાથ પણ માગે છે, જેથી તે સહજતાએ આજ્ઞારાધનમાં જઈ શકે છે. આજ્ઞાનું આરાધન યથાર્થતાએ કરવાથી ક્રમે ક્રમે જીવની ભૂમિકા અને કાર્ય શુદ્ધ થતાં જાય છે. પરિણામે એ ઘાતીકર્મો અને અશુભ અઘાતીકર્મોનો પણ ત્યાગ કરી શકે છે. આ પ્રક્રિયાથી જીવ ઉત્તમ સંવર સાધી શકે છે.

સંવર કર્યા પછી પૂર્વસંચિત કર્મની નિર્જરા કરવા માટે બીજા બે સાધનો ક્ષમાપના અને મંત્રસ્મરણ તૈયાર જ હોય છે. મંત્રસ્મરણથી સંવર તથા નિર્જરા બંને સાધી શકાય છે. અને ક્ષમાપનાથી નિર્જરા બળવાન કરી શકાય છે. પ્રાર્થના, ક્ષમાપના અને મંત્રસ્મરણની પ્રક્રિયા તથા કાર્યનો સૂક્ષ્મતાથી અને ઊંડાણથી વિચાર કરીએ છીએ ત્યારે જણાય છે કે મંત્રસ્મરણ એ પરિણામ છે, અને પ્રાર્થના તથા ક્ષમાપના એ બંને તેનાં કારણ રૂપ છે. પ્રાર્થના એ ક્ષમાપનાનું કારણ છે અને ક્ષમાપના તથા પ્રાર્થના એ મંત્રસ્મરણનાં કારણરૂપ છે. આ દૃષ્ટિથી વિચારતાં આ ત્રણ પુરુષાર્થ માટે ત્રણ વિભાગ રચાય છે –

૧. **પ્રાર્થનાથી પ્રેરિત ક્ષમાપના અને મંત્રસ્મરણ:** આપણે જાણીએ છીએ તેમ પ્રાર્થના કરવાથી ઉત્તમ આત્મા પ્રતિ જીવનાં પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા કેળવાય છે. ઉત્તમ આત્મા માટે તે બળવાન અહોભાવ વેદે છે, અને એ દ્વારા શુદ્ધાત્મા પ્રતિ તેનું શ્રધ્ધાન અતૂટ બને છે. આ શ્રદ્ધાનના મુખ્યપણાથી જીવ સમ્યક્‌દર્શનનું આરાધન કરે છે. અને તેનાં અનુસંધાનમાં પોતે ભૂતકાળમાં કરેલી સર્વ ભૂલોનો એકરાર કરી,

પશ્ચાત્તાપ વેદી, ક્ષમા માગી શુદ્ધ થવા પુરુષાર્થી થાય છે. સાથે સાથે ઉત્તમ આત્મા તરફથી મળેલા મંત્રનું આરાધન કરી તે જીવ આત્મસ્થિરતા કેળવે છે. પરિણામે તેને શાંતિદાતા માટે ખૂબ અહોભાવ અને વિનયભાવ વેદાય છે, જે મહાબળવાન માનભાવને છેદવા માટે ખૂબ ઉપકારી થાય છે. આ થાય છે ભક્તિમાર્ગ.

૨. **ક્ષમાપનાથી પ્રેરિત પ્રાર્થના અને મંત્રસ્મરણઃ** સંસારમાં પરિભ્રમણ કરતાં અનેક દુઃખોમાંથી પસાર થતાં જીવને જ્યારે ખ્યાલ આવે છે કે આ બધી દુઃખની પરંપરા પોતાનાં પૂર્વકાળની ભૂલોનું જ પરિણામ છે, ત્યારે તેને તે ભૂલો બદલ પશ્ચાત્તાપ થાય છે અને ક્ષમાપના કરવા પ્રવૃત્ત થાય છે. અને ભૂલોથી છૂટવા માટે સમજણ લેવા તે જીવ ઉત્તમ આત્મા પ્રત્યે પ્રાર્થના કરવા લલચાય છે. તેને જ્ઞાનની – સમજણ લેવાની મુખ્યતા રહે છે. તે પ્રાપ્ત કરવા તે ઉત્તમ પુરુષ માટે ભાવનું વેદન કરે છે અને તેમની ભલામણ અનુસાર મંત્રસ્મરણનું આરાધન કરે છે. આ પ્રક્રિયામાં જીવ જ્ઞાની પાસે ભક્તિ ન ઇચ્છતાં જ્ઞાન ઇચ્છે છે. તેનાથી બને છે જ્ઞાનમાર્ગ.

૩. **મંત્રસ્મરણથી પ્રેરિત પ્રાર્થના અને ક્ષમાપનાઃ** સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં જીવ લબ્ધિસિદ્ધિ પ્રાપ્ત વ્યક્તિના યોગમાં આવે છે ત્યારે તેના ચમત્કારોથી આકર્ષિત બની અનેક શક્તિઓ મેળવવાનો લોભ તથા સંસારી શાતાઓની ઇચ્છા બળવાન થાય છે. અનાદિકાળથી સંસારી ઇચ્છામાં જ રમતા જીવને આ રીતે વર્તવું સહજ બને છે, તેથી તે જેના શરણે જાય છે તેના સાથથી મંત્રસ્મરણની પ્રક્રિયા બળવાનપણે કરે છે. એક તત્ત્વનું રટણ અને તેમાં કરેલી એકાગ્રતા સિદ્ધિ માટે જરૂરી છે. તે આ રટણ અને એકાગ્રતા કેળવવા માટે પ્રાર્થના તથા ક્ષમાપના કરવા પ્રેરાય છે. તેના માટે સિદ્ધિ મેળવવી એ મુખ્ય ધ્યેય હોય છે, જો કોઈ આપ્તપુરુષનો એને મેળાપ થાય તો તે સંસારી ધ્યેયને પરમાર્થ ધ્યેયમાં પલટાવી શકે છે, પણ તેમાંય

> સિદ્ધિ અને પ્રસિદ્ધિનો મોહ હોય તો તેનું આત્મસિદ્ધિનું કાર્ય કઠણ બની જાય છે. અહીં સમ્યક્ચારિત્રની આરાધના કરી સમ્યક્જ્ઞાન અને સમ્યક્દર્શન મેળવવાનો શિરસ્તો બને છે, જે ખૂબ લાંબો અને કઠણ માર્ગ કહી શકાય કારણ કે સાચા શ્રધ્ધાન અને સમજણ વિના સાચું ચારિત્ર પાળવું ખૂબ મુશ્કેલ છે. તેને કહી શકાય યોગમાર્ગ.

આ ત્રણે વિભાગને આપણે ચાલુ ભાષામાં ભક્તિમાર્ગ, જ્ઞાનમાર્ગ અને યોગમાર્ગ તરીકે ઓળખીએ છીએ. તેમાં દર્શન, જ્ઞાન તથા ચારિત્રનું આરાધન થાય છે.

આ ત્રણે માર્ગમાં પહેલો 'ભક્તિમાર્ગ' એ ઉત્તમોત્તમ છે, કારણ કે એ માર્ગમાં પ્રથમ પગલે જીવ માનનો છેદ કરી શકે છે, મનુષ્યજીવનમાં વિકાસ કાર્યમાં સહુથી વિશેષ અવરોધ કરનાર માન કષાય જ છે. તે ક્ષીણ થતાં આત્મશુદ્ધિ કરવી સુલભ થાય છે. જ્યારે જ્યારે જીવનાં ક્ષમાપના અને મંત્રસ્મરણ મંદ થાય છે ત્યારે ત્યારે એ ફરીથી પ્રાર્થનાનો આશ્રય લઈ બળવાન થઈ જાય છે. આ પ્રક્રિયાથી મનુષ્ય જીવનમાં સૌથી વિશેષ બળવાન એવા માન કષાયને જીવ કાબૂમાં રાખે છે, અને સહજતાથી અપ્રમાદી થઈ શકે છે. બીજી બાજુ આ માર્ગમાં જીવ સતત ઉત્તમનો સાથ માગ્યા કરે છે, એટલે તેને સતત પંચપરમેષ્ટિ ભગવંતના કલ્યાણનાં ઉત્તમ પરમાણુઓનો સાથ મળ્યા કરે છે. આ પરમાણુઓના સાથને લીધે આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપનો સંગમ શુધ્ધ થતો જાય છે. આજ કારણથી જિનદીક્ષામાં અન્નગ્રહણ તેની પ્રાર્થના કરીને જ કરવાની આજ્ઞા છે. તેનો સૂક્ષ્મ ભાવાર્થ એ છે કે જેમ અપ્રમાદી થવા માટે અન્ન પણ પ્રાર્થીને જ ગ્રહણ કરવાનું છે તેમ, પરમાણુઓ પણ પ્રાર્થના દ્વારા જ ગ્રહણ કરવા જોઈએ. આમ કરવાથી અપ્રમાદી આત્મા જે પરમાણુઓ ગ્રહણ કરે છે, એ માત્ર પંચપરમેષ્ટિ ભગવંતના કલ્યાણકારી પરમાણુઓ પૂર્ણ આજ્ઞાના ગુંજનથી કરે છે. એ દ્વારા સાધુ-સાધ્વી આદિ આરાધકોને જિન પ્રભુ એ બોધ આપે છે કે પંચમહાવ્રતનું યથાર્થ પાલન જીવ અપ્રમાદી રહીને અને વિનયી બની પ્રાર્થનાના સાધનથી સહેલાઈથી કરી શકે છે.

બીજા બંને માર્ગમાં પ્રાર્થનાનું ગૌણપણું હોવાને લીધે સાધકને ઉત્તમનો સાથ ઓછા પ્રમાણમાં મળે છે. આ બંને માર્ગમાં મુખ્ય પાયો જીવનાં સામર્થ્ય પર રહેલો છે, ઉત્તમનો સાથ ગૌણતાએ રહે છે. તેથી જીવ સિદ્ધિ તો મેળવી શકે છે, પણ તે માટે તેણે ઘણો વિશેષ પુરુષાર્થ કરવો પડે છે. અને કરેલા પરિશ્રમના આધારે સિદ્ધિ મળતી હોવાથી, પોતે જે મેળવ્યું છે તે કેટલું મુશ્કેલીથી મળ્યું છે તેનો અનુભવ માનભાવ કેળવવા પ્રતિ તેને દોરી જાય છે. કેળવેલા માન કષાયને કારણે સાધકમાં પ્રમાદનું જોર વધે છે. પોતાના પુરુષાર્થથી મળ્યું છે એવો ભાવ વર્તતો હોવાથી માર્ગદર્શક પ્રતિ યથાયોગ્ય અહોભાવ કે વિનયભાવ જાગતા નથી, અને પોતે ધારે તે મેળવી શકશે એવો અહંભાવ કેટલીક વાર મળેલી સિદ્ધિનો દુરુપયોગ કરવા તેને પ્રેરે છે. જે પ્રમાદને વધારી જીવને પતન પ્રતિ પણ દોરી જાય છે. આવું ન બને તો પણ તેને પ્રમાદને ત્યાગી અપ્રમાદી થવા ખૂબ ખૂબ પુરુષાર્થ કરવો પડે છે. અનાદિકાળથી જીવે આરાધેલો પ્રમાદ ઉત્તમના સહવાસ વિના છૂટતો નથી. માનભાવને કારણે જીવમાં સંસારશાતાની સ્પૃહા જન્મે છે, વધે છે અને જીવને સ્વરૂપવિમુખ કરે છે. જે કરેલા પુરુષાર્થને નિષ્ફળ કરી શકે છે. તેથી આ બંને માર્ગે આત્મશુદ્ધિ પ્રાપ્ત કરવા જીવે 'ભક્તિમાર્ગ' કરતાં ઘણો ઘણો વિશેષ પુરુષાર્થ પ્રમાદરહિત બની કરવો પડે છે. આથી સર્વ ઉત્તમ જ્ઞાનીઓએ પોતાના અનુભવના આધારે 'ભક્તિમાર્ગ'ને સ્વરૂપસિદ્ધિ પ્રાપ્ત કરવા માટે સર્વોત્તમ અને શ્રેષ્ઠ માર્ગ તરીકે ગણાવ્યો છે.

'ભક્તિમાર્ગ'માં સાધક ઉત્તમનો આશ્રય સ્વીકારે છે, તેના પ્રતિ પ્રેમભાવ, શ્રદ્ધાભાવ, અર્પણભાવ અને અહોભાવ કેળવતાં જઈ પોતાના અનાદિકાળથી નડતા માનભાવને ઓગાળે છે, અને ઉત્તમ આત્માનાં જાણપણાનો સાથ લઈ, સીધા ધોરી માર્ગે, ક્યાંય આડાઅવળા ક્લેશકારી માર્ગે ફંટાયા વિના આત્મશુદ્ધિ મેળવે છે. અને ગુરુ તથા પંચપરમેષ્ટિ ભગવંતના રક્ષણનું કવચ તેને મળતું હોવાથી તે માન અને પ્રમાદથી બચી, ઉત્તમ આરાધન કરવા ભાગ્યશાળી થાય છે.

અનાદિ કાળથી જીવને આત્મવિકાસ કરવામાં સ્વચ્છંદ, પ્રમાદ તથા માનભાવ ખૂબ જ વિઘ્નો કરતા આવ્યા છે. સત્પુરુષની કૃપાથી જ્યાં થોડો વિકાસ જીવ

કરે છે ત્યાં તેને સ્વચ્છંદ, પ્રમાદાદિ પાછો પાડી નીચે ઊતારે છે, આમ અનંતકાળ સુધી જીવની ચડઊતર ચાલ્યા જ કરે છે. આવા ચડઊતરના કાર્યમાં જ્યારે સત્પુરુષનો અને સદ્‌ગુરુનો યોગ થાય છે, તેમના કલ્યાણભાવને સ્વીકારવા જીવ ઉત્સુક થાય છે ત્યારે તેનામાં અનાદિકાળથી પજવતા પ્રમાદ, સ્વચ્છંદ કે માનભાવને તોડવા માટે શક્તિ ઉત્પન્ન થાય છે. તે જીવ સદ્‌ગુરુ આશ્રયે વિનયી થતાં શીખે છે. તેને સમજાય છે કે પોતાના દોષ ટાળવા માટે વિનય એ પરમ ઉપકારી સાધન છે અને જેમ જેમ તેનામાં સદ્‌ગુરુ પ્રતિ પ્રેમ, શ્રદ્ધા અને અર્પણભાવ વધતાં જાય છે તેમ તેમ તેનામાં ગુરુ પ્રતિનો વિનયભાવ વિકસતો જાય છે.

"સદ્‌ગુરુ સાચા છે, તેમનું કહ્યું કરવાથી મને શાંતિ તથા સુખનો અનુભવ થાય છે, તેમની આજ્ઞામાં રહેવાથી મારું કલ્યાણ જ થવાનું છે" આવું તેનું શ્રધ્ધાન વધતું જાય છે. તે શ્રધ્ધાનના પ્રભાવથી તેની વિવેકશક્તિ ખીલતી જાય છે, સારા નરસાનો તફાવત સમજાતો જાય છે, શ્રેય અને પ્રેયના દ્વંદ્વમાં શ્રેયના માર્ગે જવાથી શાશ્વત સુખ મળવાનું છે, તથા ટૂંકી દૃષ્ટિથી સુખની વ્યાખ્યા કરવાને બદલે દીર્ઘદૃષ્ટિથી શાશ્વત સુખ તરફ જવાના માર્ગને તે વધારે મહત્ત્વ આપતો થાય છે. અમુક કાર્ય કરતાં તેની તાત્કાલિક જરૂરિયાત પોષાય છે, પણ પરિણામમાં દીર્ઘકાળનું દુઃખ અનુભવવું પડે તેમ પણ થઈ શકે છે, અને થોડા કાળ માટે દુઃખ વેઠી સમય પસાર કરતાં દીર્ઘકાલીન સુખ પ્રતિ જઈ શકાય છે - એ બે માર્ગ વચ્ચેનો ભેદ પારખી દીર્ઘકાલીન સુખના પ્રયત્નમાં જવાનો વિવેક તેનામાં જાગે છે. ટૂંકામાં કહીએ તો સાધકને ગુણોની પરખ આવે છે, કલ્યાણકારી અકલ્યાણકારી તત્ત્વ વચ્ચેના તફાવતનો ખ્યાલ આવે છે, ક્ષણિક અને શાશ્વત સુખ વચ્ચેના પરિણામની સમજ આવે છે અને તે સાધક વધારે ઉપકારી તત્ત્વ મેળવવા તરફ વિશેષ જાય છે. જે તેનામાં ખીલેલી વિવેકબુદ્ધિનું પરિણામ હોય છે.

આવી ઉત્તમ વિવેકબુદ્ધિ ખીલવાનો ભેદ તેના ગુરુ પ્રતિના કેળવાયેલા પ્રેમ, શ્રધ્ધા અને અર્પણતામાં જોવા મળે છે. આ ગુણોના વિકાસ સાથે સાધકમાં વિનયગુણ વિકસતો જાય છે. જેની પાસેથી આવી ઉત્તમ જાણકારી, કલ્યાણને પુષ્ટિ આપનાર માર્ગદર્શન

મળે છે તેનાં ફળરૂપે તેને ગુણોની સાચી પરખ આવે છે. જે પોતાથી ઉચ્ચ છે, તેનો તે સહૃદયતાથી સ્વીકાર કરી શકે છે, અને આવા ઉચ્ચ આત્મા માટે તેને પૂજ્યભાવ અને અહોભાવ વધારે વેદાતો જાય છે. આ રીતે સત્યને સત્યસ્વરૂપે સ્વીકારી, ઉચ્ચને ઉચ્ચરૂપે અનુભવતાં જીવના સ્વચ્છંદ, પ્રમાદ અને માનભાવ ઓગળતા જાય છે, માન તૂટતાં તેનો વિનય જાગે છે, તથા પ્રમાદ છૂટે છે.

જીવમાં વિનયગુણ વિકસે છે ત્યારે તેનામાં કેવાં લક્ષણો અને પરિણામ જોવા મળે છે તે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના પહેલા 'વિનય-શ્રુત' નામના અધ્યયનમાં શ્રી સુધર્માસ્વામીએ પોતાના સુશિષ્ય જંબુસ્વામીને શ્રી મહાવીર ભગવાન પાસેથી જાણીને જણાવ્યાં છે.

વિનયી શિષ્ય ગુરુની આજ્ઞાનું પાલન યથાર્થ રીતે કરે છે, તે ગુરુનાં સાનિધ્યમાં રહે છે, તેમના સંકેત તથા મનોભાવને જાણીને તે અનુસાર વર્તના કરે છે. આવા વિનયથી વર્તનાર શિષ્યને ઉત્તમ શીલની પ્રાપ્તિ થાય છે, કારણ કે તે ગુરુ પાસે પ્રશાંત ભાવથી રહે છે, અર્થપૂર્ણ તત્ત્વોને શીખે છે અને નિરર્થક વાતોને ત્વરાથી છોડી દે છે. ગુરુ તેને દોરતા રહે છે, ત્યારે તેમાં શિષ્યને ક્યારેક અણગમતું થાય તો પણ તેનાથી ક્રોધિત ન થતાં તે ક્ષમાની આરાધના કરે છે અને શાંત રહે છે. તે અન્ય કોઈની પણ હાંસી કે મજાક કરતો નથી. વળી તે કોઈ પણ પ્રસંગે આવેશમાં આવી કોઈ પણ અપકર્મ કરતો નથી; ખોટી ચર્ચા કરતો નથી; પરંતુ પોતાનું આરાધનકાર્ય નિયમિતપણે કર્યા કરે છે. ક્યારેક જો કોઈ અપકર્મ કે અભદ્ર કાર્ય તેનાથી થઈ જાય, કે તેનાથી કોઈ ખોટો વ્યવહાર થઈ જાય, તો તેને પોતાના ગુરુ પાસે છુપાવતો નથી, પણ દોષ કબૂલ કરી, તેનો એકરાર કરી તેની ક્ષમા માગે છે. અને જરૂરત હોય તો યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત પણ ગુરુની આજ્ઞાનુસાર ગ્રહણ કરે છે. આચાર્ય જે શિક્ષા આપે તે સહજતાએ તે ધારણ કરે છે. તે વખતે તે એમ વિચારે છે કે ગુરુ મારા કલ્યાણાર્થે આ શિક્ષા આપે છે. એ દ્વારા હું આત્મા પર વિજય કરવા પુરુષાર્થી થાઉં, આત્મવિજેતા જ આ લોક અને પરલોકમાં સુખી થાય છે. દુરાચારથી મારે બંધન અને વધ દ્વારા બીજાથી દમાવું પડે તેના કરતાં હું પોતે જ

સંયમ અને તપ દ્વારા આત્મા પર વિજય મેળવી સુખી થાઉં. તેમાં ગુરુની આ શિક્ષા મને સહાયરૂપ છે. આવો વિચાર કરીને તે એકાંતમાં પણ વાણીથી અથવા કર્મથી ક્યારેય ગુરુથી પ્રતિકૂળ આચરણ કરતો નથી. કદાચિત્ કોઈ અભદ્ર વ્યવહારથી ગુરુ અપ્રસન્ન થયા હોય તો ક્ષમાયાચના કરી, પ્રીતિવચન કહી તેને પ્રસન્ન કરે અને પોતે ફરીથી ક્યારેય આવું વર્તન નહિ કરે એમ તે ગુરુને જણાવે. અને ગુરુના સંકેત માત્રથી પાપકર્મ કે ખોટા આચરણને તે ત્યાગી દે છે. એ દ્વારા તે આત્માની શાંતિ તથા શુદ્ધિ મેળવતો જાય છે.

ગુરુનાં મનને અનુકૂળ થઈ ચાલવાવાળો શિષ્ય કુપિત થયેલા ગુરુને પણ પોતાની કાર્યપટુતાથી ત્વરિત પ્રસન્ન કરી દે છે. તે વગર પૂછ્યે બકબક કરતો નથી, પૂછે તો અસત્ય કહેતો નથી, ક્રોધ કરતો નથી અને જો ક્યારેક ક્રોધ આવી જાય તો તેને આગળ વધવા ન દેતાં ત્યાં જ તેને શાંત કરી દે છે, તે નિશ્ચયાત્મક ભાષા બોલે નહિ, સંશયાદિ દોષો ત્યાગતો જાય, માયાનો પરિત્યાગ કરતો જાય, અને તે પોતા માટે કે અન્ય માટે પાપકારી ભાષા વાપરે નહિ, મર્મભેદક વચનો કહે નહિ, તે ક્ષમા અને ચિત્ત વિશુદ્ધ કરવાવાળા ગુરુની આજ્ઞાઓને હિતકર માને અને પોતા માટે ગુરુની પ્રસન્નતા સતત જળવાઈ રહે તેવો પુરુષાર્થ કરે.

ગુરુ માટે તેને પૂજ્યભાવ, અહોભાવ તથા વિનયભાવ રહેતા હોવાથી તે ગુરુ પ્રતિ શિષ્ટતાથી વર્તે છે; બેસવામાં, ગુરુ સામે ઊભા રહેવામાં, પ્રશ્નોના ઉત્તર આપતી વખતે કે પ્રશ્નો પૂછતી વખતે અને તેમના આદેશને અનુસરતી વખતે તે યત્નાપૂર્વક સાવધાનીથી વર્તે છે.

આવા વિનિત શિષ્યને ગુરુ સૂત્ર, અર્થ અને માર્ગનાં રહસ્યોની યથાશ્રુત સમજણ આપે છે. શિષ્ય તે ત્વરાથી ગ્રહણ કરી શકે છે. એ વિનયી શિષ્ય તેની વિનમ્રતાને કારણે લોકમાં કીર્તિ પામે છે. તેને ગુરુ પાસેથી અર્થગંભીર વિપુલ શ્રુતજ્ઞાનનો લાભ થાય છે. પરિણામે તે શિષ્ય સમય આવ્યે ધર્માચરણ કરવાવાળા માટે આધારરૂપ થાય છે. અને સ્વપર કલ્યાણ કરનાર ઉત્તમ ગુરુ થવા સમર્થ બને છે.

જે શિષ્ય આથી વિપરીતપણે વર્તે છે તે અવિનયી અને અવિનિત કહેવાય છે. તે અશુભ રીતે વર્તી સદ્ગુરુ, સત્પુરુષ આદિ પ્રત્યે અશુભભાવ કરી ઘાતીકર્મોનો બળવાન જથ્થો એકઠો કરે છે. તેને વિનિત શિષ્યને થાય છે તેવો કોઈ લાભ થતો નથી; એટલું જ નહિ તે બધે નિંદાપાત્ર થાય છે, તે સ્વચ્છંદી, તથા પ્રમાદી બની અનેક પ્રકારે પાપકર્મ ઉપાર્જી પોતાનાં પરિભ્રમણને વધારે છે.

વિનય અને પ્રમાદ એ વિરોધી તત્ત્વો છે. વિનયથી જીવને પોતાથી આત્મવિકાસ વિશેષ છે એવા આત્મા પાસેથી માર્ગદર્શન મેળવવાની અને તે અનુસાર વર્તવાની શક્તિ મળે છે. વિનયના પ્રભાવથી તે પોતાના અવગુણો કે દોષને ઓળખી શકે છે, સત્પુરુષ અને સદ્ગુરુના ગુણોને પણ ઓળખી શકે છે, એટલું નહિ પણ પોતાના દોષને ટાળી ઉત્તમ ગુણોને ગ્રહણ કરવાની શક્તિ પણ મેળવી શકે છે.

અવિનયી જીવ પ્રમાદી બની માન વેદે છે ત્યારે એ પોતાને બીજા કરતાં સ્થૂળપણે કે સૂક્ષ્મપણે ઊંચો સમજે છે, અને ઘણીવાર તો તે પોતાને સદ્ગુરુ કે ભગવાનથી વિશેષ ડાહ્યો માનવાનો દોષ પણ કરી બેસે છે. આવી સ્થિતિમાં તે સદ્ગુરુ કે ભગવાનનો સાથ છોડી પોતાને માટે મોટું નુકશાન ઊભું કરે છે. તેને એ લક્ષ રહેતો નથી કે ભગવાન કે સદ્ગુરુ કદી પણ જીવનો સાથ છોડતા નથી, તેમનો જીવ માટેનો કલ્યાણભાવ સતત વહેતો જ રહે છે, પણ જીવ જ વિપરીત બુદ્ધિના કારણે ઉત્તમનો સાથ છોડી પોતાની અધોગતિ કરે છે કારણ કે સંસારનો મોહ તેના પર વિજય મેળવી ગયો હોય છે.

વિનયગુણ આટલો બધો લાભકારી હોવાથી તે ગુણનો ઉપયોગ ક્યા પ્રકારે થાય છે તેના આધારે જીવનો ભાવિનો વિકાસ રચાય છે. એક પ્રકારમાં જીવ પોતાનો વિનયભાવ વધારી, ભક્તિ વધારી મોહ તોડે છે, અને તેના અનુસંધાનમાં જીવ પોતાનાં જ્ઞાન તથા દર્શનનાં આવરણ તોડે છે. બીજા પ્રકારમાં ગુરુ આશ્રયે જ્ઞાન અને દર્શનનાં આવરણ તોડી સાચી સમજણ મેળવી તેના આધારે મોહ તોડવાનો પુરુષાર્થ કરે છે.

પહેલા પ્રકારમાં જીવ વિનયગુણ વધારે છે, તેનાથી ગુરુ પ્રત્યેની તેની ભક્તિ વધે છે, અને તેનો સંસારી મોહ ક્ષીણ થતો જાય છે. મોહના જવાથી તે જ્ઞાનદર્શનનાં આવરણને ઓળખી સમજણ સહિત તોડવા લાગે છે. એટલે કે તે જીવ મોહના અનુસંધાનમાં જ્ઞાન તથા દર્શનનાં આવરણો તોડે છે. વિનય અને ભક્તિનો સંગમ થતાં પ્રમાદ અને માન પહેલાં જાય છે. અને તે જવાથી જ્ઞાનદર્શનની ખીલવણી અવશ્ય થતી જાય છે; અને તે પણ સહજતાએ ખીલવણી થતી જતી હોય એમ તેને અનુભવાય છે.

બીજા પ્રકારમાં ગુરુના આશ્રયે, તેમની સહાયથી તે જ્ઞાન તથા દર્શનનાં આવરણો તોડે છે, જ્ઞાન અને દર્શનની ખીલવણી કરી, તેનાથી પ્રગટતી જાણકારીનો આધાર લઈ જીવ મોહ તોડવા પ્રયત્ન કરે છે. સમજ હોવા છતાં, જ્ઞાનનો આધાર લેવાથી જીવમાં નવું માન પેદા થાય છે. તેનાં પરિણામે જીવને માન અને મોહનો નાશ કરવામાં વિશેષ પુરુષાર્થ કરવો પડે છે. જાણકારી આવવાથી તેનું આકર્ષણ થવાથી જીવ માન સાથે અન્ય કષાયો - મોહને પણ આવકારે છે. આથી તેને મોહ તોડતાં અર્થાત્ અંતરંગ શુદ્ધિ વધારતાં પહેલા પ્રકાર કરતાં વધારે સમય લાગે છે.

અહીં જોયું તે પ્રમાણે જીવ વિનયભાવને વધારી, ભક્તિમાર્ગે જાય તો તેને વિશેષ લાભ થાય છે. આ બાબત આપણે શ્રી કૃપાળુદેવ વિશે વિચારીએ છીએ ત્યારે સમજાય છે કે તેઓ ક્ષાયિક સમકિત મેળવતાં સુધીનો વિકાસ કરવામાં બીજા પ્રકારને અનુસરતા હતા. એટલે કે તેઓ જ્ઞાનાવરણ તથા દર્શનાવરણનો બળવાન ક્ષયોપશમ કરતાં કરતાં, તેનાથી ખીલેલાં જ્ઞાન તથા દર્શનનો આધાર લઈ પોતાનો મોહ તોડતા જતા હતા.

ક્ષાયિક સમકિત લીધા પછી, તેમના આ પ્રકારના માર્ગના આરાધનમાં પરિવર્તન શરૂ થયું હતું. આ અરસામાં તેઓ શ્રી સૌભાગભાઈના ઘનિષ્ટ સંપર્કમાં આવ્યા, અને તેઓ બંને વચ્ચે જોરદાર શુભ ઋણાનુબંધનો ઉદય શરૂ થયો. એ અંગત સંપર્કમાં સૌભાગભાઈના વિનયભાવે તેમના પર અદ્‌ભુત કામણ કર્યું. કૃપાળુદેવથી ૪૪ વર્ષ મોટા સૌભાગભાઈનાં હૃદયમાં કૃપાળુદેવ માટે જે વિનયભાવ, શ્રધ્ધા આદિ

હતાં તે જોઇને તાજ્જુબ થઈ જવાય તેવું હતું. સૌભાગભાઈનાં નિમિત્તથી કૃપાળુદેવે પોતે અનુસરતા માર્ગમાં ફેરફાર આદર્યો. તેઓ મહાવીરપ્રભુ પ્રતિના પોતાના વિનયભાવને અને આદરભાવને ખૂબ વધારી, ભક્તિમાર્ગ સ્વીકારી મોહ તોડતા ગયા. અને આ માર્ગે તેઓ ખૂબ ઝડપથી ગુણસ્થાન ચડયા. ક્ષાયિક સમકિત લીધા પછી માત્ર ત્રણ માસ જેવા નાના ગાળામાં તેઓ સાતમા ગુણસ્થાનનો સ્પર્શ કરી ચૂક્યા હતા. સાથે સાથે વર્તતાં જ્ઞાનદર્શનનાં આવરણને ઝડપથી ક્ષીણ કરતા ગયા. એમનાં જ્ઞાન તથા દર્શનની ખીલવણી એટલી ઝડપથી થવા લાગી કે થોડા કાળમાં તેઓ ‘કેવળ લગભગ ભૂમિકા’ સુધીનો વિકાસ કરી શક્યા. સં. ૧૯૫૬માં તેઓ લખે છે કે, ‘અમને એક વચન વાંચતાં હજારો શાસ્ત્રોનું ભાન થઈ તેમાં ઉપયોગ ફરી વળે છે.’ આ વચન તેમનાં ખીલેલાં જ્ઞાનનો આપણે માટે પૂરાવો છે.

પ્રથમ માર્ગે જતાં, સં. ૧૯૪૦ માં પૂર્વે મેળવેલાં સમ્યક્જ્ઞાનની તેમને પ્રતીતિ આવી હતી. તે પછી સં. ૧૯૪૭માં તેમને ક્ષાયિક સમકિત પ્રાપ્ત થયું. એટલે કે સમ્યક્ત્વની સ્મૃતિ પછી ક્ષાયિક સુધીનો મોહ તોડતાં વર્ષો વીત્યાં. તે અરસામાં તેમણે માર્ગ બદલ્યો. વિનયભાવ વધારી ભક્તિમાર્ગે મોહ તોડતાં માત્ર ત્રણ માસમાં સાતમા ગુણસ્થાન સુધીનો મોહ ક્ષીણ કર્યો, સાથે સાથે એટલી જ ત્વરાથી જ્ઞાન તથા દર્શનનાં આવરણ ઘટાડયાં. અને થોડા વર્ષોમાં ‘કેવળ લગભગ ભૂમિકા’ અને ઉત્કૃષ્ટ સાતમું ગુણસ્થાન મેળવ્યાં. તેમનો આ પુરુષાર્થ બતાવે છે કે વિનયગુણને અવધારી સદ્‌ગુરુને આજ્ઞાધીન થઈ વર્તતાં જીવ આત્મિક વિકાસ ખૂબ ઝડપથી કરી શકે છે.

સં. ૧૯૪૬માં કૃપાળુદેવ સૌભાગભાઈના સંપર્કમાં આવ્યા ત્યારથી તેમના વિનયભાવે કૃપાળુદેવને ખૂબ આકર્ષ્યા હતા. એ વિનયભાવને કારણે અને પોતાના ઉત્તમ પુરુષાર્થને કારણે તેમનો આત્મિક વિકાસ ખૂબ જ ઝડપથી થયો, એટલું જ નહિ પૂર્ણ આજ્ઞાધીન બની પુરુષાર્થ કરતાં તેમને માટે દેવલોકનો ભવ કુદાવવો સહજ થઈ ગયો. શુક્લધ્યાનમાં પાપપુણ્યના જથ્થાને બળવાન રીતે ક્ષીણ કરવાનો માર્ગ તેમને યથાર્થતાએ સમજાઈ ગયો અને મનુષ્ય જન્મ પામી લઘુવયે કેવળજ્ઞાન લેવાનો સફળ પુરુષાર્થ તેઓ કરી શક્યા. આ માર્ગનું સહજપણું થવામાં શ્રી સૌભાગભાઈનો ફાળો

તેમને અકલ્પનીય લાગ્યો હતો, જેના અનુસંધાનાં આવાં વચનો તેમણે સૌભાગભાઈ માટે લખ્યાં હતાં…

"તમે અમારા માટે માટે જન્મ ધર્યો હશે એમ લાગે છે."

"તમે અમારા અથાગ ઉપકારી છો."

"તમે અમને અમારી ઇચ્છાનું સુખ આપ્યું છે. તે માટે નમસ્કાર સિવાય બીજો શું બદલો વાળીએ?" (આંક ૨૫૯, શ્રાવણ સુદ ૧૧, ૧૯૪૭)

"આપની સર્વોત્તમ પ્રજ્ઞાને નમસ્કાર કરીએ છીએ. કળિકાળમાં પરમાત્માએ કોઈ ભક્તિમાન પુરુષો ઉપર પ્રસન્ન થવું હોય તો તેમાંના આપ એક છો. અમને તમારો મોટો ઓથ આ કાળમાં મળ્યો અને તેથી જ જિવાય છે." (આંક ૨૧૫, ફાગણ સુદ ૮, ૧૯૪૭)

"હે શ્રી સોભાગ! તારા સત્સમાગમના અનુગ્રહથી આત્મદશાનું સ્મરણ થયું; તે અર્થે તને નમસ્કાર હો." (હા. નો. ૨, પૃ ૪૫)

(આ વચનો શ્રી રાજચંદ્ર વચનામૃત – અગાસની આવૃત્તિમાંથી લીધાં છે.)

આ અને આવાં વચનોના સંદર્ભને સમજવાથી આપણને સમજાય છે કે કૃપાળુદેવને પોતાનાં મોહ, જ્ઞાનાવરણ અને દર્શનાવરણ તોડવામાં સૌભાગભાઈનો ખૂબ સાથ મળ્યો હતો. કૃપાળુદેવની પ્રજ્ઞા અને શક્તિ તથા પુરુષાર્થ એટલાં બળવાન હતાં કે નાનું નિમિત્ત મળતાં પણ ઘણો ઉઘાડ કરી શકે. તેઓ સં. ૧૯૪૭થી બળવાન પુરુષાર્થથી ઉત્તમ વિકાસ કરતા ગયા, અને પોતાનાં ઉપકારી શ્રી સૌભાગભાઈનું ઋણ ચૂકવવા તેમને સુંદર માર્ગદર્શન આપી આત્મવિકાસ કરાવતા ગયા. પોતાનાં જ્ઞાનના ઉઘાડથી સં. ૧૯૪૭માં તેમણે શ્રી સૌભાગભાઈને લખ્યું હતું કે,

"પણ અમને લાગે છે કે અમારે હાથે હરિ તમને પરાભક્તિ અપાવશે; હરિનાં સ્વરૂપનું જ્ઞાન કરાવશે; અને એ જ અમે મોટો ભાગ્યોદય માનીશું." (આંક ૨૫૯)

આ વચનમાં પ્રભુ પ્રતિનો વિનયભાવ, ઉપકારનો બદલો વાળવાની ભાવના તથા પોતાને પ્રગટેલાં જ્ઞાન તથા દર્શનનો પ્રભાવ જોવા મળે છે. શ્રી સૌભાગભાઈ પર લખાયેલા પત્રો આદિ જોતાં આ ભાવની પુષ્ટિ થયા વિના રહેતી નથી. અને તેનું ઉત્કૃષ્ટપણું અનુભવાય છે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનાં અવતરણનો ભેદ સમજવાથી.

"શ્રી સુભાગ્યને શ્રી અચળ આદિ મુમુક્ષુ કાજ,
તથા ભવ્યહિત કારણે, કહ્યો બોધ સુખસાજ"

પરમ હિતકારી અને કલ્યાણના સાગર એવા શ્રી રાજપ્રભુને અત્યંત ભક્તિભાવે કોટિ કોટિ વંદન હો. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર અને તે પહેલાં પ્રેરાયેલાં શ્રી રાજપ્રભુ, શ્રી સૌભાગભાઈ અને શ્રી અંબાલાલભાઈનાં પરમભક્તિ, વિનય અને આજ્ઞાંકિતપણાને પ્રદેશે પ્રદેશથી વંદન હો.

શ્રી રાજપ્રભુએ સં. ૧૯૫૦ના ફાગણ માસમાં 'છ પદનો પત્ર' (આંક ૪૯૩) પ્રભુશ્રી માટે લખ્યો હતો. એ પત્રમાં તત્ત્વની સમજણ મુખ્યત્વે જ્ઞાનમાર્ગથી આપી છે. આ પત્ર જ્યારે સૌભાગભાઈએ વાંચ્યો ત્યારે એમને એ પત્રનું ઊંડાણ સમજવા માટે ઘર્ષણ વેદવું પડયું, કારણ કે એમનો પુરુષાર્થ મુખ્યત્વે ભક્તિમાર્ગ અને વિનય પર આધાર ધરાવતો હતો. અને આ પત્રનાં ભાષા તથા ભાવાર્થ જ્ઞાનમાર્ગ પર આધારિત હતાં. શ્રી સૌભાગભાઈના આત્માને સતત એવું લાગતું હતું કે આ પત્રમાં તત્ત્વની ઘણી ઊંડી જાણકારી છે. જેનાથી એ પોતાના ભક્તિમાર્ગના પુરુષાર્થને આજ્ઞારૂપી મહામાર્ગમાં સંયોજિત કરી શકે, અને શુક્લ પરિણતિમાં વિશેષતાએ એકાગ્ર કરી શકે. તેમણે આ પત્ર ઘણી રીતે અને વારંવાર વાંચવાનો તથા સમજવાનો પ્રયત્ન કર્યો પણ જોઈતો સંતોષ તેમને થયો નહિ. તેથી તેઓ પોતાની મંદ સમજણને અને આત્માને નિંદવા લાગ્યા, તેમણે ગ્લાનિ અને ગમગીની પણ વેદ્યાં. એ ગ્લાનિથી એમને અશાતા થઈ. વળી મોટી વયને કારણે ઇન્દ્રિયોની શક્તિ ઘટતી જતી હતી. આર્થિક મુશ્કેલીનો ભીડો હતો. આમ ચારે બાજુની અસુવિધા સર્જી કર્મરૂપી ચોરોએ એમના આત્માને

ચોગરદમ ઘેરી લીધો હતો. કર્મનાં આટલાં બધાં જોરની વચ્ચે પણ તેમણે પ્રભુ આશ્રયે સમતા અને સૌમ્યતા કેળવ્યાં અને રાજપ્રભુને પ્રાર્થના કરી કે,

'હે પ્રાણનાથ! મારો મલિન આત્મા હું તમને સોંપું છું. મારામાં શારીરિક, માનસિક, આર્થિક કે આત્મિક વીર્ય ઘટી રહ્યું છે. હું માત્ર તમારો દાસાનુદાસ છું. હું પોતાની જ પૂર્વની અણસમજણ અને વિભાવથી બંધાયેલા કર્મનો ભોક્તા બન્યો છું. હું આ ઊંડું તત્ત્વજ્ઞાન સમજવા માટે મને શક્તિહીન અનુભવું છું. પરંતુ તમારી અને જિનમાર્ગની કૃપાથી મારાં અંતરમાં વિશ્વાસ છે કે હું આ તત્ત્વને કદાચ શબ્દગોચર ન કરી શકું તોપણ એનો અનુભવ જરૂર કરી શકીશ. આ અનુભવ, માત્ર દીન આત્માની પ્રાર્થનાથી, તમારા પરમ આજ્ઞામયી કલ્યાણમાર્ગની સહાયતાથી જ પ્રાપ્ત થશે. મારા મતિજ્ઞાનમાં આ તત્ત્વજ્ઞાન ન હોવા છતાં, મને તમારી કૃપાથી ભેદજ્ઞાનમાં જરૂર આ તત્ત્વ અનુભવાશે. શ્રી રાજપ્રભુ! તમારી પરમ અનુકંપાથી હું મારા મંદ અને હીન ત્રિયોગ (મન, વચન, કાયાના) તથા મલિન આત્માને તમારા ચરણમાં મૂકું છું. આપ અનુકંપા ધારી એ આત્મા અને યોગને શુધ્ધ કરો, કે જેથી હું આ તત્ત્વજ્ઞાનને ભેદજ્ઞાનરૂપે અનુભવી શકું.'

આવી વિનયભરી અને ભક્તિસભર પ્રાર્થનાના નિમિત્તે શ્રી રાજપ્રભુને, તત્ત્વજ્ઞાનરૂપ સાગરનાં પેટાળમાં રહેલ પરમ આજ્ઞારૂપી અમૃતને ભક્તિરૂપી પુરુષાર્થથી મેળવવાનો માર્ગ ખુલ્લો થયો. એમને અંતરંગમાં બળવાન ઉહાપોહ થયો, કે જેના પ્રભાવથી તેઓ આહારક શરીરથી સૌભાગભાઈના આહારક શરીર સાથે મળી, શ્રી સિમંધર સ્વામીની દેશનામાં ગયા. પછી, સૌભાગભાઈના ભક્તિરૂપી પરમાણુઓમાં શ્રી રાજપ્રભુનાં જ્ઞાનરૂપી પરમાણુઓ ભળ્યા, અને તેમને આજ્ઞારૂપી ભાવના, માર્ગ અને તેનું રહસ્ય પ્રાપ્ત થયાં, એ આજ્ઞાનાં રહસ્યને શબ્દમાં ઉતારવા માટે શ્રી અંબાલાલભાઈની ભક્તિએ સથવારો આપ્યો. અને પરમ આત્મરત્નરૂપ, આજ્ઞારૂપી ભેદરહસ્યથી ભરપૂર શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની રચના સં. ૧૯૫૨ના આસો વદ એકમે થઈ. આ રચનામાં – આ શાસ્ત્રમાં પરમ વીતરાગ માર્ગમાં ગુપ્ત રહેલ ભક્તિની ભાવનાને આજ્ઞાના માર્ગમાં પરિણમાવવાની ચાવી રહેલી છે. સાથે સાથે

મતિ, શ્રુત, અવધિ અને મન:પર્યવ એ સર્વ અપૂર્ણ જ્ઞાનને અને સર્વ અપૂર્ણ દર્શનને કેવળજ્ઞાન તથા કેવળદર્શનના હેતુરૂપ ભેદજ્ઞાન અને ભેદદર્શનમાં પલટાવવાનો માર્ગ ગુપ્તપણે રહેલો છે.

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં શ્રી તીર્થંકર પ્રભુની દેશનાના ૐ ધ્વનિનો રણકાર છે, કારણ કે એ વાણી ભક્તિસ્વરૂપ નૈયાના આધારથી પરમ શુક્લ, પરમ અમૃતમય અને પરમ તેજસ્વી 'આત્મિક શુદ્ધિથી પરમાર્થિક સિદ્ધિ'ના હેતુરૂપ છે. આ રચનાના હાર્દને સમજતાં, ભાવરૂપ સૌથી બળવાન સમવાયને બાકીના ચાર સમવાય – દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ કેવી રીતે અનુકૂળ થાય છે તે સ્પષ્ટ થાય છે. આ પરથી એ નક્કી થાય છે કે ભક્તિ એ આજ્ઞામાર્ગ તથા આત્મિક શુદ્ધિને પરમાર્થિક સિદ્ધિમાં પરિણમાવવા માટે સહેલામાં સહેલો અને ટૂંકામાં ટૂંકો માર્ગ છે. તેનાં કારણો –

૧. ભક્તિ વિનયગુણ પર આધારિત છે. માનરૂપી મહાશત્રુનો નાશ કરવા માટે તે અપરાજિત શસ્ત્ર છે.

૨. ભક્તિમાર્ગ એ એવો માર્ગ છે કે જેમાં જીવ મનોયોગ, વચનયોગ, અને કાયયોગને આત્મયોગ સાથે એકત્રિત કરી શકે છે કેમકે ભક્તિમાર્ગમાં જીવ પોતાના સદ્‌ગુરુનાં સામર્થ્યનું કવચ પહેરી યોગની ભિન્નતાને એટલા કાળ માટે રુંધી શકે છે અર્થાત્ એ પોતાનો પુરુષાર્થ આત્મયોગથી કરે છે. અને આત્મયોગની ભાષા એટલે આજ્ઞા. જ્ઞાનમાર્ગ, ક્રિયામાર્ગ કે અન્ય માર્ગમાં જીવ આત્મયોગ કરતાં મનોયોગ, વચનયોગ કે કાયયોગની મુખ્યતા કરે છે, જેથી તે પાંચ સમવાયમાં ભાવ કરતાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભવને મુખ્યતા આપે છે.

૩. ભક્તિમાર્ગમાં જીવ પોતાની શક્તિ કરતાં વિશેષ ઊંચા ધ્યેયની ઝંખના કરે છે તેથી તેનો પુરુષાર્થ વિશેષ થાય છે. પુરુષાર્થ વિશેષ થવાથી એ જીવ સહજતાએ એનાં સર્વ શક્તિ તથા વીર્યને ઉત્કૃષ્ટતાએ ફોરવે છે. તેથી પ્રમાદરૂપી શત્રુ તેને પજવી શકતો નથી. જ્યારે ધ્યેય પોતાની શક્તિ

કરતાં ઊંચું હોય છે અને જીવનું આજ્ઞાધીનપણું પ્રવર્તતું હોય છે, ત્યારે જીવ પોતાથી વિશેષ એવા સદ્‌ગુરુ પાસે વિશેષ ધ્યાનથી અને વિશેષ એકાગ્રતાથી એમની શુભ ચેષ્ટાને પાળવાના ભાવ કરે છે, તેથી તેની અંતરાય જે સર્વ કર્મમાં સૌથી બળવાન છે તે તૂટયા કરે છે. વળી પોતાના સદ્‌ગુરુ પાસે પંચપરમેષ્ટિનો સાથ લઈ વીર્ય અને શક્તિ માગવા દ્વારા સહજતાએ એ પંચપરમેષ્ટિ ભગવંત પાસે વીર્ય માગે છે. તે કરવાથી તેની અંતરાયો ઘણી વિશેષ તૂટે છે. આ માર્ગથી એ પોતાને જ નહિ, પણ પોતાના ગુરુને પણ જ્ઞાનદર્શનના ખુલાસા માટે નિમિત્તરૂપ થાય છે. પરિણામે તે બળવાન પરમાર્થ પુણ્ય બાંધે છે. આ પરમાર્થ પુણ્ય એવા પ્રકારનું હોય છે કે તેના સાથથી આત્મા સંસારી શાતાવેદનીય કર્મને પરમાર્થ પુણ્યમાં પલટાવી, તે પુણ્યને હડસેલો મારી કેવળજ્ઞાન પછી ભોગવાય તેવા પ્રકારનું કરે છે. પરિણામે કેવળજ્ઞાન જલદીથી પ્રગટે છે. ઉદાહરણ માટે 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' લખવામાં સૌભાગભાઈ તથા અંબાલાલભાઈની ભક્તિનો ફાળો વિચારી શકાય. તેનું સમર્થન કરતી આ કડી વિચારો –

"એવો માર્ગ વિનયતણો, ભાખ્યો શ્રી વીતરાગ,
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય."

૪. આ કડી પર વિચારણા કરતાં ભક્તિમાર્ગની એક બીજી વિશેષતા પ્રગટ થાય છે. ભક્તિમાર્ગનો પાયો જ્ઞાન કે દર્શન પર નહિ પણ ચારિત્ર પર રચાયેલો છે. ચારિત્ર એટલે આત્માના ચાર ગુણ – ક્ષમા, માર્દવ, આર્જવ અને શૌચને એકત્રિત કરવા. આમ કરવાથી જીવ દર્શનમોહ અને ચારિત્રમોહ બંનેનો ક્ષય જલદીથી કરી શકે છે.

અત્યાર સુધીની વિચારણાને આધારે આપણે સમજી શકીએ છીએ કે આત્મશુદ્ધિ કરવા આપણે પ્રમાદરહિત બની પુરુષાર્થ કરવાની જરૂર છે. પ્રમાદનો ત્યાગ કરી,

ભક્તિમાર્ગે પ્રાર્થના, ક્ષમાપના અને મંત્રસ્મરણનો આધાર લઈ જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના કરવા માટે આપણને શ્રી પંચપરમેષ્ટિના કલ્યાણભાવના સ્કંધોનો પૂર્ણ આધાર મળે છે અને આપણું આત્મશુદ્ધિનું ધ્યેય ત્વરાથી અને વિના વિલંબે સફળ થાય છે. આ ધ્યેયને સફળ કરવા આપણે શુધ્ધ હ્રદયથી અને ઉત્તમ ભાવથી શ્રી પંચપરમેષ્ટિ ભગવંતને પ્રાર્થીએ –

**શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનો સાચો પરિચય કરાવનાર, તેમના ઉપકારનું મહાત્મ્ય સમજાવનાર અને ઉત્તમ ઈષ્ટ ભગવંત રૂપે બિરાજમાન થનાર શ્રી રાજપ્રભુને ખૂબ ભક્તિભાવથી કોટિ કોટિ વંદન હો.**

**ણમો અરિહંતાણં ણમો સિદ્ધાણં ણમો આયરિયાણં**
**ણમો ઉવજ્ઝાયાણં ણમો લોએ સવ્વ સાહૂણં**
**એસો પંચ નમુક્કારો સવ્વ પાવ પણાસણો**
**મંગલાણં ચ સવ્વેસિં, પઢમમ્ હવઈ મંગલમ્**

## ણમો અરિહંતાણં

હે અરિહંત ભગવાન! અમે તમને ખૂબ ભક્તિભાવથી વંદન કરીએ છીએ. તમે સર્વ પ્રકારે નિર્વેરી, પૂર્ણ વીતરાગી અને સર્વ રાગદ્વેષથી રહિત બન્યા છો. અમે આપને અમારા મસ્તકનું રક્ષણ કરવા વિનંતિ કરીએ છીએ. અમારા મસ્તકનું રક્ષણ કરી અમને સદાય કલ્યાણકારી વિચારો જ ઉદ્ભવે એવી કૃપા કરજો. તમારી કૃપાથી આપે વહાવેલા કલ્યાણનાં પરમાણુઓના સ્કંધો પ્રમાદરહિત બની અમે ગ્રહણ કરીએ અને તેના પ્રભાવથી અમારા જ્ઞાન તથા દર્શનનાં આવરણોને ક્ષીણ કરતા જઈ, પૂર્ણ જ્ઞાની તથા દર્શી થવાનો ઉત્તમ પુરુષાર્થ સતત કરી શકીએ એ જ માગીએ છીએ. જ્યાં સુધી આપના જેવી પૂર્ણતા અમારામાં પ્રગટે નહિ ત્યાં સુધી અમારા પુરુષાર્થમાં શિથિલતા આવે નહિ, કે કોઈ અશુધ્ધ ભાવ પ્રવેશે નહિ કે જેનાં ફળરૂપે અમને જ્ઞાનદર્શનનાં આવરણો બંધાય, તેવી કૃપામાં રાખજો.

## ણમો સિધ્ધાણં

હે સિદ્ધ ભગવાન! તમને અમે ખૂબ ભક્તિભાવથી વંદન કરીએ છીએ. અમે આપને અમારી મુખપટ્ટીનું રક્ષણ કરવા વિનંતિ કરીએ છીએ. અમારી આંખ સહિત પાંચે ઇન્દ્રિયોનું રક્ષણ કરી, તેની તેજસ્વીતા વધારો. એ તેજસ્વી ઇન્દ્રિયોનો ઉપયોગ અમે સર્વ કર્મથી મુક્ત થવાના પુરુષાર્થમાં કરીએ એવી કૃપા કરશો. આપ પ્રભુ સર્વ ઇન્દ્રિયોની પૂર્ણતા પામી, આઠે કર્મથી સર્વથા મુક્ત થઈ સિદ્ધભૂમિમાં બિરાજમાન થયા છો. સિદ્ધ થતી વખતના આપે વહેતા મૂકેલા સિધ્ધનાં પરમાણુઓ અમે ગ્રહણ કરી, પૂર્ણ શુધ્ધ થવાના અમારા પુરુષાર્થને ઉગ્ર તથા પ્રમાદરહિત કરી શકીએ એવી ભાવના ભાવી વંદન કરીએ છીએ.

## ણમો આયરિયાણં

હે આચાર્યજી! તમને અમે ભક્તિ સહિત વંદન કરીએ છીએ. શ્રી જિનપ્રભુ પ્રણીત શુધ્ધ આત્મધર્મને તમે પ્રમાદ રહિત બની, તેમની આજ્ઞાએ ચાલી, આચરી રહ્યા છો, અને એ દ્વારા જ્ઞાન, દર્શન તથા ચારિત્રની ખીલવણી ઉત્તમતાએ કરવા તમે પ્રયત્નવાન બન્યા છો. આપના આ પ્રત્યક્ષ પુરુષાર્થને ઇચ્છી, અમે અમારાં હૃદય, પેટ અને પીઠનું રક્ષણ કરવા આપને વિનંતિ કરીએ છીએ. અમે આપે સેવેલા કલ્યાણભાવનાં પરમાણુઓ આજ્ઞાપૂર્વક ગ્રહણ કરી, પ્રમાદરહિત બની અમારાં અંતરાય કર્મ તથા મોહનીય કર્મને ક્ષીણ કરવા તમારા જેવા પુરુષાર્થી બનીએ એવી ભાવના ભાવીએ છીએ.

## ણમો ઉવજ્ઝાયાણં

હે ઉપાધ્યાયજી! તમને ભક્તિસભર ભાવથી વંદન કરીએ છીએ. શ્રી જિનેશ્વર પ્રભુ પ્રરૂપિત, અને આચાર્યજીએ આચરેલા શુધ્ધ આત્મધર્મને તમે સમજીને પાળી રહ્યા છો, અને અન્યને વિશદતાથી સમજાવી પાળવા બોધી રહ્યા છો. પ્રમાદ રહિત બની,

શુધ્ધ પુરુષાર્થના આધારે તમે કર્મ સામે વિજયી થઈ રહ્યા છો; એ જાણીને અમારા બંને બાહુનું રક્ષણ કરવા અમે તમને વિનંતિ કરીએ છીએ. અમારા હાથમાં ઉત્તમ ધર્મરૂપી શસ્ત્ર આપી અઘાતી કર્મ સામે લડવા અમને અખૂટ વીર્ય તથા શુભ ભાવ આપો. જેથી કોઈ પણ અઘાતી કર્મ અમને પીડવા શક્તિશાળી થઈ શકે નહિ, એટલું જ નહિ પણ અમે આપના કલ્યાણનાં પરમાણુઓ ગ્રહણ કરી, ઉત્તમતાએ આરાધન કરી, અમારા પૂર્વ સંચિત અશુભ કર્મોને આપની કૃપાથી શુભમાં પલટાવી, શુધ્ધમાં પરિણમાવવાનો પુરુષાર્થ પ્રમાદ વિના કરતા રહીએ.

## ણમો લોએ સવ્વ સાહૂણં

આ લોકના સર્વ સાધુસાધ્વીજી! તમને ખૂબ ભાવથી વંદન કરી, અમારા પગની રક્ષા કરવા અમે તમને વિનંતિ કરીએ છીએ. તમે સહુ શ્રી જિનપ્રભુ પ્રકાશિત, આચાર્યજીએ આચરેલા અને ઉપાધ્યાયજીએ ભણાવેલા આત્મધર્મનું પાલન કરી, કર્મથી છૂટતાં છૂટતાં ત્વરિત ગતિએ મોક્ષમાર્ગમાં ચાલી રહ્યા છો. એ જ રીતે અમારા પગનું રક્ષણ કરી, તમારા કલ્યાણાભાવનાં પરમાણુઓનું દાન આપી, પ્રમાદ રહિત બનાવી, અમને પણ મોક્ષમાર્ગમાં શીઘ્રગતિથી ચલાવો એ જ પ્રાર્થના છે. તમારા વિશાળ સમૂહની કૃપાથી અમારા મોક્ષમાર્ગની સફર નિર્વિઘ્ને પૂર્ણ થાઓ એ જ માગણી કરીએ છીએ.

## એસો પંચ નમુક્કારો

આ પાંચ પરમઈષ્ટ ભગવંતને ભાવથી નમસ્કાર કરવાથી, સંસાર સમુદ્ર સહેલાઈથી તરી શકાય તેવી મજબૂત આસનરૂપ નાવની પ્રાપ્તિ થાય છે. પાંચે ભગવંતોએ છોડેલા કલ્યાણનાં પરમાણુઓ ગ્રહણ કરી આત્મા કર્મ સામે લડવા અમોઘ શક્તિ પ્રાપ્ત કરે છે. હે પરમેષ્ટિ! આપની કૃપાથી અમને પણ આવા મજબૂત આસનની પ્રાપ્તિ થાઓ અને સંસાર પાર ઉતારો.

## સવ્વ પાવ પણાસણો

પરમેષ્ટિ ભગવંતને ઊંડા ભાવથી નમસ્કાર કરવાથી જીવનાં સર્વ પાપકર્મનો નાશ થાય છે. પરમેષ્ટિનાં શરણે જવાથી, તેમનું આધિપત્ય સ્વીકારવાથી, જીવ તેમનાં છોડેલાં કલ્યાણનાં પરમાણુઓ વિશેષ સંખ્યામાં ગ્રહણ કરી શકે છે. તે સ્કંધો આત્મા પરના અશુભ કર્મોને જલદીથી ખેરવે છે અને જીવને શુભ અવલંબનમાં લઈ જઈ નવાં આવતાં અશુભ કર્મોથી રક્ષણ કરે છે. આમ શ્રી પંચ પરમેષ્ટિ ભગવંતની કૃપાથી મળેલા આસનની આસપાસ રક્ષણ કરનાર મજબૂત કિલ્લો રચાય છે, જેનાં કારણે નવાં કર્મો આત્મા પર સહેલાઈથી પ્રવેશી શકતા નથી. હે ભગવંત! અમારી આસપાસ પણ આવા ઉત્તમ કિલ્લાની રચના થાઓ, કે જે નવાં બંધાતાં કર્મોથી અમારું રક્ષણ કરે.

## મંગલાણં ચ સવ્વેસિં

આ નમસ્કાર મંત્ર સર્વથા કલ્યાણકારી છે, તેના પ્રભાવથી કિલ્લાના ફરતી ઊંડી આગઝરતી ખાઈની રચના થાય છે, જેને કારણે નવાં બંધાતાં અશુભ કર્મો એ ખાઈમાં બળીને ખાખ થઈ જાય છે, આત્મા સુધી પહોંચી શકતાં નથી. જ્યારે કલ્યાણનાં પરમાણુઓ વિશેષ સંખ્યામાં ગ્રહાય છે ત્યારે આત્માનું અશુભભાવથી એટલી મજબૂતાઈથી રક્ષણ થાય છે કે નવું કર્મ બંધાતાં અટકી જાય છે. આત્મપ્રદેશને ફરતું કલ્યાણભાવનું કવચ રચાય છે, જે દબાયેલાં કર્મને પ્રદેશોદયથી વેદાઈને ખરવાની ફરજ પાડે છે, અને નવાં કર્મબંધનો નિષેધ થાય છે. મંત્રના આવા પ્રભાવથી અમારે માટે પણ કિલ્લાના ફરતી આવી ખાઈની રચના હે પ્રભુ! તમારી કૃપાથી થાઓ. જે અમારામાં પ્રમાદને પ્રવેશવા ન દે.

## પઢમં હવઈ મંગલમ્

આ રીતે જોતાં સર્વ કલ્યાણકારી તત્ત્વોમાં નમસ્કાર મંત્ર અગ્રસ્થાને છે. તેના સતત ભાવપૂર્વકના રટણથી કિલ્લા ઉપર રક્ષણકારી છત્રની રચના થાય છે. જેના લીધે

કર્મને આત્મપ્રવેશ કરવા માટે ક્યાંય જગ્યા રહેતી નથી. મંત્રસ્મરણના સતત રટણના કારણે આત્મપ્રદેશો કલ્યાણભાવના પરમાણુઓથી જ્યારે ઉત્કૃષ્ટતાએ છવાઈ જાય છે ત્યારે એ પ્રદેશો પરથી સર્વ ઘાતી કર્મો ત્વરાથી વિદાય લઈ આત્માને પૂર્ણ શુદ્ધિ બક્ષે છે. હે પરમેષ્ટિ ભગવંત! અમને પ્રમાદરહિત પુરુષાર્થ કરાવી, રક્ષાના આવા છત્રમય કવચના અધિકારી બનાવો કે જેથી અમે પરમેષ્ટિ ભગવંતની પૂર્ણ આજ્ઞામાં રહી, સર્વ પ્રકારે પૂર્ણ બની કલ્યાણનો ઉત્કૃષ્ટતાએ સ્વીકાર કરીએ.

આ પ્રકારે અમારા આત્મા તથા દેહનું સર્વાંગી રક્ષણ હે શ્રી પંચપરમેષ્ટિ ભગવંત! તમારી કૃપાથી થાઓ. અંદરનાં કે બહારનાં કોઈ પણ તત્ત્વ, કોઈ પણ સંજોગમાં અમને પીડા કરવા શક્તિમાન ન થાય તેવી કૃપા કરો. અમે અમારા પૂર્વકૃત તથા વર્તમાનમાં થતા સર્વ દોષોની અત્યંત પશ્ચાત્તાપપૂર્વક ક્ષમા માગીએ છીએ, નવા દોષ ન કરીએ એવી કૃપા માંગીએ છીએ. અમને સર્વ પ્રકારના દોષોથી બચાવી શુધ્ધ કરો, શુધ્ધ કરો. અમે આપની તથા ગુરુજીની આજ્ઞાભક્તિ આરાધી અમારાં જ્ઞાન, દર્શન તથા ચારિત્રની વિશુદ્ધિ અને એકતા વધારતા જઈએ એ જ પ્રાર્થના છે.

હે ઈષ્ટ ભગવંત! અમારે તમારા જેવા સુખી થવું છે. તે માટે સદાકાળ તમારા શરણમાં રહીએ, સતત આજ્ઞારાધનમાં એકાગ્ર બની પૂર્ણ ન થઈએ ત્યાં સુધી પ્રમાદ રહિત પુરુષાર્થ કરતા રહીએ એ માટે આશીર્વાદ માગી, અમારાં મન, વચન, કાયા સહિત આત્મભાવે કોટિ કોટિ વંદન કરીએ છીએ.

ૐ શાંતિઃ

नष्टे मनसि समन्तात्सफले विलयं य सर्वतो याते ।
निष्फलमुदेति तत्त्वं निर्वातस्थायिदीप इव ॥३६॥

જ્યારે મન ભસ્મથી ઢંકાયેલા અગ્નિની પેઠે દેખાતું નથી અને કલા સહિત સર્વથા પાણીના પ્રવાહની અંદર પડેલા અગ્નિની પેઠે વિલય પામે છે, ત્યારે પવન વિનાના સ્થાનમાં રહેલા દીવાની પેઠે સંપૂર્ણ આત્મજ્ઞાનરૂપ તત્ત્વ પ્રગટ થાય છે. (૩૬)

अंगमृदुच्यनिदानं स्वेदनमर्दनविवर्जनेनापि ।
स्निग्धीकरणमतैलं प्रकाशमानं हि तत्त्वमिदम् ॥३७॥

આત્મજ્ઞાન જેને પ્રાપ્ત થાય છે તેનું શરીર સ્વેદન અને મર્દન સિવાય પણ કોમળતા ધારણ કરે છે, અને તેલ વિના પણ સ્નિગ્ધતા પ્રાપ્ત કરે છે. (૩૭)

— હેમચન્દ્રાચાર્ય રચિત યોગશાસ્ત્ર
બારમો પ્રકાશ.

## પ્રકરણ ૧૫

# આત્મિક શુદ્ધિથી પરમાર્થિક સિદ્ધિ

'સમયમાત્રનો પણ પ્રમાદ કર્તવ્ય નથી', એ શ્રી મહાવીર ભગવાને આપેલો બોધ અવધારી, જીવ શ્રી પ્રભુની કૃપા પામી, અપ્રમાદી બની, જેમ જેમ સન્માર્ગમાં પોતાનો પુરુષાર્થ વધારતો જાય છે તેમ તેમ તેના આત્મા પરથી કર્મરૂપી મેલ નીકળતો જાય છે, અને તેની વિશુદ્ધિ વધતી જાય છે. આત્માની શુદ્ધિ વધવાથી તેને પરમાર્થિક સિદ્ધિઓ મળતી જાય છે. આ પ્રક્રિયાને વિચારવાથી, 'આત્મિક શુદ્ધિથી પરમાર્થિક સિદ્ધિ' વિષય વિશે સમજાય છે કે આત્મિક શુદ્ધિ એ કારણ છે અને પરમાર્થિક સિદ્ધિ એ પરિણામ અથવા કાર્ય છે. આ વાતને યથાર્થ સમજવા માટે આપણે 'આત્મિક શુદ્ધિ' અને 'પરમાર્થિક સિદ્ધિ' એટલે શું તે જાણવું જોઈએ.

'આત્મિક શુદ્ધિ' એટલે આત્મા કે જીવમાં ઉપજતા શુદ્ધ સ્વરૂપની વૃદ્ધિ. જીવ મન, વચન તથા કાયાની જે પ્રવૃત્તિથી કર્મમળને તજતો જાય છે, પોતાની સ્વરૂપલીનતા વધારતો જાય છે અને આત્મશુદ્ધિ વધારતો જાય તે પ્રવૃત્તિ તેની પરમાર્થિક સિદ્ધિ મેળવવામાં સહાયક થતી જાય છે. એટલે કે જીવની જેમ જેમ આત્મશુદ્ધિ વધતી જાય છે, તેમ તેમ તે પરમાર્થિક સિદ્ધિ મેળવતો જાય છે.

'પરમાર્થિક સિદ્ધિ' એટલે જીવને પરમાત્મા કે સિદ્ધપ્રભુ જેવી સિદ્ધિ મળતી જવી. પરમાત્માને અનંત પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થઈ હોય છે. આમાંની મોટા ભાગની સિદ્ધિઓ તેમને સિધ્ધત્વ પ્રાપ્ત થવાની સાથે ઉપજે છે, પરંતુ તેમાંની એક સિદ્ધિ એવી છે કે જેની શરૂઆત નિત્યનિગોદમાં રહેલા જીવને રુચક પ્રદેશો પ્રાપ્ત થવાની સાથે થાય છે. આ સિદ્ધિને કારણે તે જીવનો એક પ્રકારનો વિશેષ પુરુષાર્થ શરૂ થાય છે, અને તે વધતા વધતા આત્મા સિદ્ધ થાય છે ત્યારે પૂર્ણતા પામે છે!

પરમાત્મસ્વરૂપ સુધી પહોંચાડનાર એવી કઈ સિદ્ધિ જીવને પ્રાપ્ત થાય છે? આ સિદ્ધિનું રહસ્ય પ્રભુ અને ૐની આજ્ઞામાં રહેલું છે, તેના ઉપયોગથી જીવ સ્વ સાથેના ભેદનો ત્યાગ કરી અભેદતા પામે છે. અભેદતા પામવાનો પુરુષાર્થ જીવ નિત્યનિગોદમાં રુચક પ્રદેશના ઉપજવાથી શરૂ કરી, મોક્ષપ્રાપ્તિ સુધી કર્યા કરે છે. આવો પુરુષાર્થ ન હોય ત્યારે સંસારનું પરિભ્રમણ વધતું જાય છે. આ પુરુષાર્થ છે, 'આણાએ ધમ્મો અને આણાએ તવો' નું આરાધન. ઊંડાણથી તથા સ્થિરપરિણામથી વિચારતાં સમજાય છે કે નિત્યનિગોદમાં જીવને રુચક પ્રદેશની પ્રાપ્તિ ત્યારે જ થાય છે કે જ્યારે તે કોઈક અપેક્ષાથી એક સમય માટે આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપમાં પ્રવર્તે છે. જો આમ ન હોય તો, સર્વ શક્તિમાન શ્રી તીર્થંકર પ્રભુ પોતાના ઉત્તમ કલ્યાણભાવને આધારે નિત્યનિગોદમાં રહેલા સર્વ જીવના પ્રદેશોને રુચક કરી દેત.

શ્રી તીર્થંકર પ્રભુની આવી શુદ્ધ કલ્યાણભાવ તથા પ્રેમભાવથી નીતરતી વીતરાગતા સર્વ જીવ પ્રત્યે સમાન પ્રેમભાવ રાખે છે, એટલું જ નહિ તેઓ સર્વનું કલ્યાણ કરવાની સમર્થતા પણ ધરાવે છે, જેના થકી તેઓ સર્વ જીવને રુચક પ્રદેશોની ભેટ આપી શકે તેમ છે; તેમ છતાં શા માટે નિત્યનિગોદના અમુક જ જીવોના પ્રદેશો રુચક થાય છે, તે ખૂબ વિચારણીય છે. આ વિશે વિચારતાં શ્રી પ્રભુની અસીમ કૃપાથી લક્ષ આવે છે કે જીવને આત્મપ્રદેશની રુચકતા મળવા માટે શ્રી તીર્થંકર પ્રભુનું નિમિત્ત હોવા ઉપરાંત તેના વ્યક્તિગત પુરુષાર્થ ઉપર પણ ઘણો મોટો મદાર રહેલો છે. નિત્યનિગોદમાં મિથ્યાત્વ તથા રૌદ્રધ્યાનથી સતત લદાયેલો જીવ જ્યારે માત્ર એક સમય માટે આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપનું આરાધન કરે છે, અર્થાત્ એક સમય માટે તે જીવ અપેક્ષાએ ઉત્તમ સંવર તથા નિર્જરા કરી શકે છે, ત્યારે તે જીવ તે સમયે મહાસંવરના માર્ગનો ઉપયોગ કરી, પોતાના એક આત્મપ્રદેશને પૂર્ણ આજ્ઞામાં પરોવી, શ્રી તીર્થંકર પ્રભુની સહાયથી રુચક બનાવે છે. તેનો એ પ્રદેશ કાળે કરીને સર્વ કર્મ પરમાણુઓ રહિત બની નિત્યનિગોદમાંથી બહાર નીકળતાં પહેલાં શ્રી સિદ્ધ ભગવાનના શુદ્ધ પ્રદેશ સમાન શુદ્ધ બને છે.

આ જ પ્રમાણે જીવ પ્રત્યેક પ્રગતિનાં સર્વ પગથિયે, એ સમય માટે આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપનું આચરણ કરી, મહાસંવરના માર્ગને આરાધી આત્મિક શુદ્ધિ દ્વારા પરમાર્થિક સિદ્ધિ મેળવતો જાય છે. આત્મિક પ્રગતિનાં વિકાસનાં પગથિયાં આ પ્રમાણે વિચારી શકાય –

૧. શ્રી તીર્થંકર પ્રભુની સહાયથી નિત્યનિગોદમાં એક પછી એક રુચક પ્રદેશ મેળવતા મેળવતા સાત રુચક પ્રદેશ પ્રાપ્ત કરવા સુધી પહોંચતાં.

૨. સિદ્ધ થતા પ્રભુનાં નિમિત્તથી આઠમો રુચક પ્રદેશ મેળવી નિત્યનિગોદમાંથી બહાર નીકળી ઈતર નિગોદમાં આવતાં.

૩. કોઈ ભયંકર અશુભ કર્મોદયના કારણે જીવ ત્રસ નાડીની બહાર ફેંકાઈ ગયો હોય તો, કેવળી સમુદ્‌ઘાત કરતા કેવળીપ્રભુનો સાથ લઈ ફરીથી ત્રસ નાડીમાં પ્રવેશ કરતી વખતે.

૪. શ્રી સત્પુરુષના સાથથી સંજ્ઞી પંચેન્દ્રિય થતાં સુધી, પ્રત્યેક ઈન્દ્રિયની વૃદ્ધિ કરતી વખતે.

૫. અંતર્વૃત્તિસ્પર્શ કરતી વખતે.

૬. નિશ્ચયથી વ્યવહાર સમકિત પ્રાપ્ત કરતી વખતે.

૭. કેવળીગમ્ય પ્રદેશની પ્રાપ્તિ વખતે.

૮. ઉપશમ સમ્યક્ત્વ લેતાં.

૯. ક્ષયોપશમ સમકિત મેળવતાં.

૧૦. ક્ષાયિક સમકિત ફોરવતાં.

૧૧. પાંચમા ગુણસ્થાને જતાં.

૧૨. છઠ્ઠા ગુણસ્થાને પહોંચતાં.

૧૩. સાતમા ગુણસ્થાનનો સ્પર્શ કરતાં.

૧૪. શુક્‌લધ્યાનમાં પાંચ મિનિટ સુધી પહોંચતાં.

૧૫. પાંચથી પંદર મિનિટ સુધી શુક્‌લધ્યાન વધારતાં.

૧૬. પંદરથી વીસ મિનિટ સુધી શુક્‌લધ્યાનમાં પહોંચતાં. (બોધ સ્વરૂપ થતાં).

૧૭. વીસથી પાંત્રીસ મિનિટનું શુક્‌લધ્યાન કરતાં. (અમૃતસાગર થતાં).

૧૮. પાંત્રીસથી પીસ્તાલીસ મિનિટ સુધી શુક્‌લધ્યાનમાં રહેતાં.

૧૯. ક્ષપક શ્રેણિએ ચડી કેવળી પ્રભુ થતાં(૧૩મા ગુણસ્થાને આવતાં).

૨૦. કેવળી સમુદ્‌ઘાતના પહેલા ચાર સમય.

૨૧. કેવળી સમુદ્‌ઘાતના બીજા ચાર સમય.

૨૨. તેરમાથી ચૌદમા ગુણસ્થાને જતાં (અયોગી કેવળી થતાં).

૨૩. કર્મભૂમિ પરથી સિદ્ધભૂમિ પ્રતિનું ગમન એક સમયમાં કરતાં.

૨૪. સિદ્ધભૂમિમાં ચૈતન્યઘનરૂપે આત્મસ્થિતિ કરતાં.

૨૫. સિદ્ધભૂમિમાં આત્માની અક્ષય સ્થિતિ.

મુખ્યત્વે આ પચ્ચીસ પ્રસંગોમાં જીવાત્માએ પૂર્ણ આજ્ઞામાં રહેવું જરૂરી બને છે, અને એ સમયમાં જીવે મહાસંવરનો માર્ગ આરાધી આત્મશુદ્ધિ દ્વારા પરમાર્થિક સિદ્ધિ પ્રાપ્ત કરવાની હોય છે. આ સિવાયના કાળમાં જીવ જો મહાસંવરનો માર્ગ આરાધે છે, તો તેના વિકાસની ઝડપ ખૂબ વધી જાય છે, અને તે નાનાકાળમાં કેવળજ્ઞાન મેળવવા ભાગ્યશાળી બને છે. ક્ષપકશ્રેણિના પ્રારંભથી તો જીવ આ જ માર્ગમાં હોય છે, જે સિદ્ધ થતાં સુધી સચવાય છે. એથી ક્ષપક શ્રેણિએ ચડવા પહેલાના કાળમાં મહાસંવરનો માર્ગ જીવે સપ્રયત્ન આરાધવાનો હોય છે. મહાસંવર માર્ગના આરાધન કાળમાં જીવથી ઘડાતા કલ્યાણનાં પરમાણુઓ અન્ય જીવો માટે ખૂબ ઉપકારી બને છે. પરંતુ, જો આ પ્રસંગોમાં જીવ પૂર્ણ આજ્ઞામાં ન રહેતાં, અપૂર્ણ આજ્ઞાથી ધર્મારાધન કરે છે તો તે જીવનો આત્મવિકાસ મંદતાએ અથવા નહિવત્ થાય છે; જે તેના પ્રમાદના પ્રમાણભાનમાં સંભવે છે.

પૂર્ણ તથા અપૂર્ણ આજ્ઞા એટલે શું? સ્થૂળતાથી તેનો વિચાર કેવી રીતે કરી શકાય કે જેથી જીવને સ્પષ્ટતાથી લક્ષ આવી શકે કે તે પૂર્ણ આજ્ઞામાં છે કે અપૂર્ણ આજ્ઞામાં સરી પડયો છે?

શ્રી અરિહંત પ્રભુ અંતર્જ્ઞાનની પ્રસાદીરૂપે આપણને સમજણ આપે છે. દરેક છદ્મસ્થ જીવને તેનાં પૂર્વકૃત કર્માનુસાર શાતા તેમજ અશાતાના ઉદયો આવ્યા જ કરે છે. છઠ્ઠા ગુણસ્થાને વર્તતા મોટાભાગના જીવો અશાતાના ઉદયમાં શ્રી પ્રભુની આજ્ઞા મુજબ ચાલવાનો નિર્ણય રાખી, પ્રયત્નવાન રહે છે, અને તેઓ શાતાના ઉદયમાં અમુક માત્રામાં સ્વચ્છંદે વર્તે છે. આમ તેઓ પ્રભુની આજ્ઞાને માત્ર અશાતાના ઉદયમાં વિશેષે પાળે છે અને શાતાના ઉદયમાં આજ્ઞાપાલનમાં શિથિલ થાય છે. અંતરંગમાં તેમને સંસારસ્પૃહા વર્તતી હોય છે તેના અનુસંધાનમાં તેઓ શાતાના ઉદય વખતે સ્વચ્છંદમાં ચાલ્યા જાય છે, અને એ દ્વારા તેઓ પોતાની સંસારી સ્પૃહાને પોષણ આપે છે. તેમના અંતરંગમાં ઊંડે ઊંડે એવી ભીતિ વસી હોય છે કે તેઓ જો સંસારી શાતાના ઉદયમાં શ્રી પ્રભુની આજ્ઞાએ ચાલશે તો તેમની મનીષા અધૂરી રહી જશે, કેમકે તેમની આજ્ઞા તો સંસારના સર્વ પ્રકારના ઉદયોમાં નકાર વેદવાની છે, જે તેની અંતરંગ સ્પૃહાની વિરોધવાળી છે. આથી તેઓ સ્પૃહાના કારણે શાતાના ઉદયોમાં સ્વચ્છંદે વર્તે છે. ઉપરાંતમાં તેઓ શાતાના ઉદયો માટે લોભ તથા માનનું વેદન કરે છે, જે તેમને રાગપ્રેરિત દ્વેષમાં દોરી જાય છે. આવા સગવડિયા આજ્ઞાપાલનને શ્રી પ્રભુજી 'અપૂર્ણ આજ્ઞાપાલન' તરીકે ઓળખાવે છે.

છઠ્ઠા ગુણસ્થાને પહોંચતા પહેલાં જીવનાં મન, વચન, તથા કાયા સ્વચ્છંદે જ વર્તતા હોય છે, માત્ર આત્મવિકાસ કરતી વખતે જ તે આજ્ઞામાં આવતાં હોય છે. તેથી છઠ્ઠા ગુણસ્થાને મન, વચન તથા કાયાની સોંપણી થયા પછી જ જીવમાં અપૂર્ણ આજ્ઞા કે પૂર્ણ આજ્ઞામાં રહેવાની શક્તિ આવે છે. શરૂઆતમાં અપૂર્ણ આજ્ઞામાં વર્તી, આરાધનને વિશુદ્ધ કરતાં કરતાં જીવ પૂર્ણ આજ્ઞા પ્રતિનો વિકાસ સાધી પૂર્ણ આજ્ઞા પાળતાં શીખતો જાય છે.

જીવ જ્યારે આજ્ઞારૂપી ધર્મની સાથે આજ્ઞારૂપી તપને પણ પૂર્ણ ભક્તિથી સેવે છે ત્યારે તેને લક્ષ આવે છે કે રાગ એ જ દ્વેષનું કારણ છે, અર્થાત્ સંસારી શાતા તથા તેની સ્પૃહા જ સર્વ અશાતાનું કારણ થાય છે. આ સમજણ જેમ જેમ સ્પષ્ટ થઈ વધતી જાય છે તેમ તેમ તેની સાંસારિક સ્પૃહા ઘટતી જાય છે. તેની સાથે સાથે સંસાર પ્રતિની તેની સુખબુદ્ધિ પણ તૂટતી જાય છે. એનાં ફળરૂપે તેને જ્ઞાનનો ઉઘાડ થતો જાય છે. આ ઉઘાડથી તેને સ્પષ્ટપણે સમજાય છે કે શાતાની સ્પૃહા કરવાથી હું અશાતાના વમળમાં ફસાઈ જઈશ; માટે મારે શાતાનો નકાર કરવો એ જ સુખી થવા માટેનો ઉત્તમ ઉપાય છે. શાતાના આ નકારને તે અશાતાના નકાર સાથે જોડે છે, અને પૂર્ણ લક્ષ તથા પ્રભુની આજ્ઞામાં રહીને હું આ કાર્યની સિદ્ધિ પૂર્ણતાએ અને વેગથી કરી શકીશ એવી દૃઢતા તેનામાં આવે છે. આ દૃઢતા થતાં તે અશાતાના તેમજ શાતાના નિમિતોને શ્રી પ્રભુની આજ્ઞાથી ધિક્કારતો થાય છે. આ પરથી નક્કી થાય છે કે એ જીવને મૂળથી જ સંસારનો નકાર થયો છે. આ સ્થિતિ અનુભવાતાં કૃપાળુદેવનાં નીચેનાં વચનોની યથાર્થતા જણાશે. ગૂઢાર્થ સમજાશે. "જગત આખું સાવ સોનાનું થાય તો પણ અમને તૃણવત્ છે. અને પરમાત્માની વિભૂતિરૂપે અમારું ભક્તિધામ છે." "ઝવેરાત અમને કાળકૂટ વિષ લાગે છે."

આ પ્રકારનાં આજ્ઞાપાલનની સ્થિતિને શ્રી પ્રભુ 'પૂર્ણ આજ્ઞા' તરીકે સમજાવે છે તથા બોધે છે. જીવ જેમ જેમ પૂર્ણ આજ્ઞાપાલન તરફ આગળ વધતો જાય છે તેમ તેમ તેનાં કર્મબંધના કારણો અલ્પ તથા શિથિલ થતાં જાય છે, અને જ્યારે તે સ્વચ્છંદથી વર્તતો રહે છે ત્યારે કર્મબંધનાં કારણો ઘટ્ટ તથા મજબૂત બનતાં જાય છે.

કર્મ બાંધવાના કુલ પાંચ કારણો શ્રી પ્રભુએ વર્ણવ્યાં છે, તે છે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ. આમાનાં પહેલાં ચાર કારણો એ ઊતરતા ક્રમમાં ઘાતીકર્મોને બાંધવાનાં કારણો છે, અને ચડતા ક્રમમાં અઘાતી કર્મોને બાંધવાનાં કારણો છે. યોગ એ ચાર કારણોને ગતિ આપવાના સાધનરૂપ છે, તેથી તે ઘાતી તથા અઘાતી કર્મ પ્રત્યે તટસ્થ હોય છે. આમ યોગના કારણથી અઘાતી કર્મ બાંધતી વખતે ઘાતીકર્મનું ઘટત્વ થઈ શકે છે અને ઘાતીકર્મ બાંધતી વખતે અઘાતી કર્મનું પણ ઘટત્વ થઈ શકે છે. યોગ

ઘાતીકર્મનું અસ્તિત્વ હોય ત્યાં સુધી પરતંત્ર છે, એટલે કે યોગ એ કર્મ બાંધવા માટેનું કારણ બાકીના ચાર કારણો સાથે, અથવા ચારમાંના કોઈ એક કારણ સાથે પણ બની શકે છે. યોગમાં કર્મ બાંધવાની સ્વતંત્ર શક્તિ ઘાતીકર્મ પૂર્ણતાએ ક્ષય થયા પછી જ આવે છે, કારણ કે યોગ સ્વતંત્રતાએ માત્ર અઘાતીકર્મ બાંધે છે, અને તેમાં પણ માત્ર શાતાવેદનીય કર્મ જ બાંધી શકે છે.

બંધનના પાંચ કારણમાંથી માત્ર એક યોગ જ એવું સાધન છે કે જે કર્મ બાંધવાનું અને ભોગવવાનું કારણ બને છે. બીજાં ચાર કારણો માત્ર કર્મ બાંધવાનાં જ કારણ બને છે, પરંતુ કોઈ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે, ભવે કે ભાવે એ કર્મ ભોગવવાનાં કારણ બની શકતાં નથી. ઉપરાંત, કેવળજ્ઞાન થયા પહેલાનાં સર્વ સમયે યોગ અન્ય ચારમાંથી કોઈ એક કે વધારે કારણ સાથે જોડાયેલો હોય છે, અને આ ચાર કારણોને કાર્યાન્વિત થવા માટે યોગનો સાથ અનિવાર્ય બને છે. આટલી પ્રારંભિક સમજણ લીધાં પછી આપણે જીવના વિકાસના પ્રત્યેક પગથિયાંને સમજવાનો પ્રયત્ન કરીએ.

## ૧. રુચક પ્રદેશની પ્રાપ્તિ

કર્મબંધનાં પાંચે કારણો નિત્યનિગોદમાં સર્વ જીવોને નિયમથી ધ્રુવબંધી છે, એટલે કે દર સમયે આ પાંચે કારણો ગોળારૂપે ભળેલા હોય છે. આ પાંચે કારણોના ધ્રુવબંધીપણાને લીધે જીવ કર્મની સતત ઉત્કૃષ્ટ સંખ્યા જાળવ્યા કરે છે. જ્યારે શ્રી કેવળીપ્રભુ કેવળી સમુદ્ઘાત કરે છે ત્યારે સંખ્યાત વિરલા જીવોને માત્ર એક સમય માટે કેવળી પ્રભુના સાથથી માત્ર એક પ્રદેશમાં આ કારણોનું ધ્રુવપણું હલકું થઈ, એક સમય જેટલી જગ્યા (અંતરના એકમ તરીકે) માટે એ ચાર કારણો તથા યોગ છૂટા થાય છે. એ સમય વીતતાં પાછું પાંચેનું જોડાણ થઈ જાય છે. અનંતકાળ પછી આવી પ્રક્રિયા તે જીવના બીજા એક પ્રદેશ પર થાય છે. આમ અનંતકાળ સુધીમાં તે જીવના ત્રીજાથી આઠમા પ્રદેશ સુધી આ પ્રક્રિયા થાય છે. આ રીતે અનંતકાળના આંતરે જીવના જુદા જુદા એક પછી એક આઠ પ્રદેશ પર એક એક સમય માટે યોગનું બીજા ચાર કારણોથી છૂટાપણું વેદાય છે.

જ્યારે જીવના આઠ પ્રદેશ પર આ અનુભવ થઈ રહે છે ત્યારે તે પછીના અનંતકાળે શ્રી પ્રભુના કેવળી સમુદ્ઘાત વખતે તે જીવ તેના પહેલા પ્રદેશ પર મિથ્યાત્વ, કષાય, અવિરતિ (સ્વચ્છંદ), અને પ્રમાદથી એક સમય માટે એક સમયના અંતર સુધી ભિન્નતા અનુભવે છે. આ જાતનો અનુભવ તે જીવ અનંતકાળના અંતરે કેવળી સમુદ્ઘાત વખતે ઉત્તરોત્તર બીજાથી આઠમા પ્રદેશ પર કરે છે. આઠ પ્રદેશ પરના આવા અનુભવ પછી તે જીવ અમુક કાળ ગયા પછી એક પ્રદેશ પર મિથ્યાત્વ અને કષાયથી એક સમય માટે અને એક સમયની દૂરી સુધી ભિન્નતા અનુભવે છે. આ પ્રકારે તે જીવ આઠે પ્રદેશ પર, અનંતકાળના આંતરે કેવળી સમુદ્ઘાત વખતે મિથ્યાત્વ તથા કષાયથી ભિન્નતાનો અનુભવ કરે છે. આ અનુભવના અનુસંધાનમાં તે જીવ અનંતકાળના આંતરે આંતરે એક પછી એક એમ આઠે પ્રદેશ પર સ્વચ્છંદ અને પ્રમાદથી ભિન્નતાનો અનુભવ એક સમય માટે અને એક સમયના અંતરે કરે છે. અહીં આપણે એ સ્મૃતિમાં રાખવાનું છે કે અનંતકાળ પહેલાં જીવે યોગથી જે ભિન્નતા અનુભવી હતી તે માત્ર એક જ સમય પૂરતી મર્યાદિત હતી. તેથી જ્યારે તેને મિથ્યાત્વ અને કષાયથી કે સ્વચ્છંદ અને પ્રમાદથી ભિન્નતા થાય છે ત્યારે યોગથી ભિન્નતા હોતી નથી. આમ જ્યારે જીવના આઠ પ્રદેશ પર આ પ્રક્રિયા થઈ રહે છે ત્યારે તે જીવ પોતાના આઠ પ્રદેશને નિરાવરણ કરવા માટે પાત્ર બને છે.

આ યોગ્યતા આવ્યા પછી શ્રી તીર્થંકર પ્રભુના કલ્યાણભાવ અને કલ્યાણકના નિમિત્તથી તે જીવના સાત પ્રદેશ નિરાવરણ થાય છે, અને સિદ્ધ થતા આત્માના નિમિત્તથી તેનો આઠમો પ્રદેશ શુદ્ધ થાય છે. જીવના આઠ પ્રદેશ શુધ્ધ થયા પછી તે નિત્યનિગોદ સદાકાળ માટે ત્યાગી સંસારનું પરિભ્રમણ શરૂ કરે છે.

નિત્યનિગોદમાં માત્ર સૂક્ષ્મ એકેંદ્રિય જીવો જ રહે છે, ત્યાં બીજા કોઈ પણ પ્રકારના જીવોનું અસ્તિત્વ નથી. ત્યાં સર્વ જીવો સતત જન્મમરણ કરતાં કરતાં દુઃખી થયા જ કરે છે, તો તે જીવોને છૂટવાનો કે ધર્મનો વિચાર જ ક્યાંથી હોય? ત્યાં જ્ઞાની મહાત્મા કે ધર્મના સંસ્કારની સંભાવના જ ન હોવાથી એવા પરમાણુઓની ખામી સતત વર્તાતી હોય તે સ્વાભાવિક છે. તેથી આપણને સવાલ થાય કે નિત્યનિગોદના સર્વ જીવોને

પુદ્‌ગલનું વાતાવરણ સરખું જ છે, સ્વતંત્રતા પણ નથી, તો અમુક જ વિરલા જીવો શા હેતુથી નિત્યનિગોદમાંથી બહાર નીકળવાની પાત્રતા મેળવે છે? ત્યાં એવું શું થાય છે કે અમુક જીવોને જ નિત્યનિગોદ નિત્ય માટે ત્યાગવાનો અવસર આવે છે?

શ્રી પ્રભુને પ્રાર્થતાં તેમની કૃપાથી સમજણ મળે છે. નિત્યનિગોદમાં લોકના પ્રદેશો તો છે જ. એ પ્રદેશો પર, શ્રી અરિહંત ભગવાને ગણધર પ્રભુનાં નિમંત્રણથી કેવળી સમુદ્‌ઘાત વખતે જે સનાતન અને મંગલમય ધર્મનાં બીજનું રોપણ કર્યું હતું, તે ધર્મનાં પરમાણુનું અસ્તિત્વ રહેલું જ હોય છે. આજ્ઞારૂપી ધર્મનાં અને તપનાં બીજ લોકના પ્રદેશો પર રોપવાની શક્તિ માત્ર શ્રી તીર્થંકર પ્રભુમાં અને ગૌણતાએ ગણધરમાં રહેલી છે. આ રોપાયેલા બીજને આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપમાં રૂપાંતરિત કરવાનું કાર્ય શ્રી કેવળીપ્રભુ કેવળી સમુદ્‌ઘાત કરતી વખતે કરે છે. જ્યાં સુધી શ્રી કેવળીપ્રભુ સમુદ્‌ઘાત કરી બીજને જાગૃત કરી, એમાંથી મંગલમય અને સનાતન ધર્મરસ જન્માવતા નથી, ત્યાં સુધી ધર્મનાં એ રોપાયેલાં બીજ, બીજરૂપે જ રહે છે. કેવળીપ્રભુથી રૂપાંતરિત થયેલો એ ધર્મરસ, શ્રી કેવળીપ્રભુના સાથથી ત્યાં રહેલા જીવના એક પ્રદેશ પર ચીટકે છે, આ પ્રક્રિયા એવા જીવ પર થાય છે કે જેના મિથ્યાત્વની સ્થિતિ ૭૦ ક્રોડાકોડી સાગરોપમની હોવા છતાં તેનું ઈતરનિગોદમાં જવાનું અંતરાય કર્મ, પૂર્વે વર્ણવેલી પ્રક્રિયા અનુસાર નબળું બન્યું હોય. બીજને ખીલવવાની આ પ્રક્રિયા કેવળી સમુદ્‌ઘાત કરતા સર્વ તીર્થંકર, ગણધર તથા અન્ય કેવળી પ્રભુ કરતાં રહે છે.

આ ધર્મરૂપી બીજને ખોલવા માટેનો યોગ શ્રી કેવળી પ્રભુને તેમના કેવળી સમુદ્‌ઘાત વખતે જ થાય છે. પરંતુ શ્રી તીર્થંકર ભગવંતને આ યોગ તેમનાં દરેક કલ્યાણક વખતે થાય છે. (નામકર્મ બાંધે ત્યારે, તે દેહ ત્યાગતી વખતે, ચરમદેહના ગર્ભપ્રવેશ વખતે, જન્મ વખતે, દીક્ષા વખતે, કેવળજ્ઞાન લે ત્યારે, કેવળી સમુદ્‌ઘાત કરે ત્યારે અને સિદ્ધ થાય ત્યારે). એટલે કે શ્રી તીર્થંકર ભગવાનથી આ બીજ ખીલવવાની પ્રક્રિયા કુલ આઠ વખત થાય છે. અને શ્રી ગણધર ભગવાનથી આ પ્રક્રિયા ગણધર નામકર્મ બાંધતી વખતે, દીક્ષા લેતી વખતે, કેવળજ્ઞાન થાય ત્યારે અને કેવળી સમુદ્‌ઘાત કરતી વખતે

એમ કુલ ચાર વખત થાય છે. આ અપેક્ષાએ શ્રી ગણધરને અડધા તીર્થંકર કહેવામાં આવે છે.

ધર્મરૂપી બીજ ખીલ્યા પછી તેનો ધર્મરસ જે જીવનું અંતરાય કર્મ અપેક્ષાએ નબળું થયું હોય તેના એક આત્મપ્રદેશ પર ચીટકે છે. આ પ્રક્રિયા થતાં થતાં જ્યારે એ જીવના એક પ્રદેશ પર ધર્મનાં બીજ એટલી સંખ્યામાં થાય કે જેટલી સંખ્યામાં ક્ષપક શ્રેણિને માંડતા આત્માના સર્વ પ્રદેશ પર શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓ રહ્યાં હોય, ત્યારે એ પ્રદેશ શ્રી તીર્થંકર ભગવાનનાં કલ્યાણક વખતે શુદ્ધ થાય છે. આ પ્રકારે જ્યારે જીવના આઠ પ્રદેશો શુદ્ધ થાય છે ત્યારે તે નિત્યનિગોદમાંથી નીકળી ઈતર નિગોદમાં આવે છે. આ શુધ્ધ પ્રદેશો રુચક પ્રદેશ તરીકે ઓળખાય છે, અને તે શ્રી તીર્થંકર પ્રભુનાં કલ્યાણક સાથે સીધો સંબંધ ધરાવે છે.

શ્રી અરિહંત પ્રભુ તથા ગણધરજીની કેવળી સમુદ્‌ઘાત વખતની પ્રક્રિયા અન્ય કેવળી ભગવંતના સમુદ્‌ઘાત કરતાં અમુક અંશે જુદી પડે છે. શ્રી ગણધર પ્રભુના આત્માએ શ્રી અરિહંત પ્રભુ પાસેથી પ્રેરણા લઈ નામકર્મ બાંધ્યા પછી મહદ્‌અંશે એવા ભાવ ભાવ્યા હોય છે કે, ‘આ લોકના સર્વ જીવાત્માઓનું કલ્યાણ ત્વરાથી થાઓ.’ તેમના આ ભાવની પૂર્ણતા તથા પરાકાષ્ટા તેમના કેવળી સમુદ્‌ઘાત વખતે આવે છે. તેમને વર્તતા કલ્યાણના ઉત્કૃષ્ટ ભાવને કારણે શ્રી ગણધર પ્રભુના આત્માના અમુક કેવળીગમ્ય પ્રદેશો ગણધર નામકર્મ બાંધતી વખતે, દીક્ષા લેતી વખતે અને કેવળજ્ઞાન લેતી વખતે આખા લોકમાં ફરી વળે છે. આ પ્રદેશો લોકના છેડા સુધી વિસ્તરે છે. તેથી કેવળી સમુદ્‌ઘાત કરતી વખતે જ્યારે તેમનો આત્મા આખા લોકમાં ફેલાય છે ત્યારે તેમને પૂર્વમાં લોકમાં પ્રસરવાના અનુભવને કારણે માત્ર બે સમય જ લાગે છે, અર્થાત્ અન્ય કેવળીપ્રભુ કરતાં અડધો સમય લાગે છે. પછીના બે સમયમાં તેઓ આખા લોકના પ્રદેશોને ખોલી, તેમાં પોતાનાં કલ્યાણનાં પરમાણુઓ રોપે છે. પછીના ચાર સમયમાં આત્માનો વિસ્તાર સંકેલી દેહમાં આવી જાય છે.

શ્રી તીર્થંકર પ્રભુએ લોકમાં પ્રદેશો ફેલાવવાની પ્રક્રિયા શ્રી ગણધરજી કરતાં બમણી કરી હોવાને કારણે તેમના આત્મપ્રદેશો એક જ સમયમાં આખા લોકમાં

ફેલાઈ જાય છે. તેઓ બીજા બે સમયમાં ગણધરજી દ્વારા ખોલાયેલા લોકના પ્રદેશોમાં ધર્મની સર્વોત્કૃષ્ટતા, તેનાં મંગલપણા તેમજ સનાતનપણાનાં બીજ રોપે છે. અને ચોથા સમયમાં લોકના પ્રદેશોને બંધ કરી, બાકીના ચાર સમયમાં આત્માને સંકેલી સમુદ્‌ઘાત પૂર્ણ કરે છે.

આ રીતે ધર્મને સનાતન, મંગલ અને સર્વોત્કૃષ્ટ કરવામાં શ્રી તીર્થંકર પ્રભુ તથા ગણધરનો ફાળો અમૂલ્ય છે. નિત્યનિગોદમાં જો તેઓ ધર્મનાં આ બીજની સ્થાપના કરી શકતા ન હોત તો નિત્યનિગોદમાંના કોઈ જીવ ત્યાંથી બહાર નીકળી શકત જ નહિ, જેને કારણે સિદ્ધભૂમિનું અસ્તિત્વ પણ જોખમાઈ જાત, એટલું જ નહિ પણ ધર્મનું સનાતનપણું અને મંગલપણું પણ ભયમાં આવી પડત.

સર્વશ્રી કેવળીપ્રભુ કલ્યાણભાવથી નિત્યનિગોદમાં ધર્મનાં સનાતનપણાના તથા મંગલપણાના બીજ રોપે છે. અને તેનો સદુપયોગ જે જીવ અપેક્ષાએ આજ્ઞાધીન બની, એક સમય માટે મહાસંવરના માર્ગને આરાધે છે તે જીવ કરી શકે છે, અને તેના આધારથી નિત્યનિગોદમાંથી બહાર નીકળવાની પોતાની પાત્રતા કેળવી શકે છે.

## ૨. જીવનું નિત્યનિગોદમાંથી ઈતર નિગોદમાં આવવું

આઠ રુચક પ્રદેશની પ્રાપ્તિ થતાં તે જીવ સિધ્ધ થતા પ્રભુનાં નિમિત્તથી નિત્યનિગોદમાંથી બહાર નીકળી ઈતર નિગોદમાં આવે છે અને તે એકેંદ્રિયરૂપે પૃથ્વીકાય બની પોતાનું સંસારનું પરિભ્રમણ શરૂ કરે છે. તે સમયે તે જીવ સિદ્ધ થતા આત્માના નિમિત્તથી અપેક્ષાએ શુભભાવ પામે છે, એ પ્રકારે આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપનું આચરણ કરી તે મહાસંવરના માર્ગનું આરાધન કરે છે.

## ૩. ત્રસનાડીની બહાર ફેંકાયેલા જીવોનો પુનઃપ્રવેશ

સંસાર પરિભ્રમણ શરૂ કર્યા પછી જીવને જે જે પ્રકારનાં શુભાશુભ નિમિત્તો મળે છે, તે અનુસાર તે જીવ અસંજ્ઞીપણામાં ચડતી પડતી અનુભવ્યા કરે છે. આમ થતાં થતાં

કોઈક વખત તે જીવ બળવાન અશુભયોગમાં આવી, એકેંદ્રિયપણમાં જ ત્રસનાડીની બહાર ફેંકાઈ જાય છે. ત્રસનાડીમાં એકેંદ્રિય થી સંજ્ઞી પંચેંદ્રિય જીવો વસે છે, અને તેની બહાર માત્ર સ્થાવર એકેંદ્રિય જીવો જ હોય છે. જે પોતાની શક્તિથી હાલીચાલી શકે તે ત્રસ જીવ ( બે થી પાંચ ઈન્દ્રિય સુધીના) અને એ શક્તિરહિત જીવ તે સ્થાવર જીવ કહેવાય છે.

ત્રસનાડીની બહારના ભાગમાં માત્ર એકેંદ્રિય જીવો જ રહ્યા હોવાથી સામાન્યપણે ત્યાં શુભ નિમિત્તનો અવકાશ જ રહેતો નથી, તેથી તે જીવો અનંત દુઃખ ભોગવતાં ભોગવતાં જન્મ મરણ કરતાં રહી સમય વીતાવે છે. તેવા ઉદયોમાં જ્યારે શ્રી કેવળીપ્રભુ સમુદ્ઘાત કરે છે ત્યારે ઉદયવશાત્ જે જીવો આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપનું આચરણ કરે છે તેઓ શ્રી પ્રભુના ફેલાયેલા શુધ્ધ પ્રદેશને ચીટકી ત્રસનાડીમાં પુનઃપ્રવેશ પામે છે. અને ત્યાર પછીથી તેઓ શ્રી તીર્થંકર પ્રભુ, શ્રી કેવળી પ્રભુ, શ્રી પંચ પરમેષ્ટિ ભગવંત કે અન્ય સત્પુરુષોનાં નિમિત પામી આજ્ઞારૂપી ધર્મ અને તપનું અનુસંધાન કરી પોતાની ઈન્દ્રિયો વધારવા ભાગ્યશાળી થાય છે.

## ૪. ઈન્દ્રિયોની સંજ્ઞીપણા સુધીની વૃદ્ધિ

ત્રસનાડીમાં રહેલા પૃથ્વીકાયરૂપ એકેંદ્રિય જીવો જ્યારે શ્રી સત્પુરુષના ઉત્તમ ભાવના સંપર્કમાં આવે છે, અને તે નિમિત્તના આધારે શુભભાવમાં પ્રવર્તી દેહત્યાગ કરે છે, ત્યારે તે ઉત્તમ નિમિત્તનાં ફળરૂપે તે જીવો પૃથ્વીકાયમાંથી આગળ વધી અપકાયનો દેહ ધારણ કરે છે. તે ગતિમાં જન્મમરણ કરતાં કરતાં અમુક કાળ પછી કર્મ થોડાં વિશેષ હળવાં થાય અને ફરીથી ઉત્તમ આત્માના પ્રબળ શુભભાવોનું નિમિત્ત પામી, શુભભાવમાં રહી દેહ ત્યાગે ત્યારે તે જીવ અપકાયનો ત્યાગ કરી તેજસકાયમાં પ્રવેશ કરે છે. ત્યાં પણ જન્મમરણ કરતાં કરતાં કર્મભાર હળવો થતાં ઉત્તમ આત્માનું પ્રબળ શુભ નિમિત્ત પામી, સૂક્ષ્મતાએ શુભભાવ કેળવી દેહ ત્યાગતાં તે વાયુકાયનો જીવ બને છે. એ જ પ્રમાણે તે વાયુકાય છોડી વનસ્પતિકાયનો જીવ બને છે. આ દરેકે દરેક વિકાસની પ્રક્રિયા વખતે તે ઉત્તમ નિમિત્તનો આધાર લઈ આજ્ઞારૂપી ધર્મ અને

આજ્ઞારૂપી તપનું આરાધન કરે છે. એ આરાધન એ સમય માટે હોય તો જ વિકાસ થાય છે, નહિ તો મળેલું નિમિત્ત નિષ્ફળ જાય છે.

આ પ્રમાણે એકેંદ્રિયપણામાં અનંતકાળ ગાળ્યા પછી; વનસ્પતિકાયરૂપે ઉત્તમ આત્માને શાતાનું નિમિત્ત બની, તેમના પ્રબળ શુભભાવને ગ્રહણ કરી, પોતે સૂક્ષ્મ શુભભાવમાં પ્રવર્તી દેહ ત્યાગે છે ત્યારે બેઈન્દ્રિય બની રસના ધારણ કરે છે. જ્યાં સુધી ફરીથી ઉત્તમ આત્માનો આવો યોગ થતો નથી, ત્યાં સુધી તે જીવ બેઈન્દ્રિયપણે જન્મમરણ કર્યા જ કરે છે. ઉત્તમ નિમિત્ત મળતાં, ફરીથી સત્પુરુષના યોગે શુભભાવમાં વર્તી આજ્ઞારૂપી ધર્મ અને તપનું આરાધન સૂક્ષ્મતાએ કરી તે જીવ ત્રીજી ઘ્રાણેંદ્રિય મેળવે છે. તે જ રીતે પછીથી ચોથી ચક્ષુ ઈન્દ્રિય અને પાંચમી શ્રવણેંદ્રિય પણ તે જીવ મેળવે છે. આ સ્થિતિ સુધી જીવ અસંજ્ઞી હોવાથી સંપર્કમાં આવેલા સંજ્ઞીપંચેન્દ્રિય જીવના ભાવાનુસાર શુભાશુભભાવ કરી ચડઊતર કર્યા કરે છે અને જન્મમરણાદિ અનંત દુઃખો ભોગવ્યાં કરે છે.

પરવશપણે આવાં દુઃખો ભોગવતાં ભોગવતાં જીવ જ્યારે જ્ઞાનીપુરુષના સંપર્કમાં આવે છે ત્યારે તેમના પ્રભાવથી પોતાનો કર્મભાર હળવો કરી સંજ્ઞા મેળવવા ભાગ્યશાળી થાય છે. સંજ્ઞા આવવાથી જીવની વિચારશક્તિ, સારાસાર તોલનશક્તિ, વિવેક આદિ જાગૃત થવાં લાગે છે. પોતે જે ભાવ કે લાગણી અનુભવે છે તેનો લક્ષ પણ તેને આવવા માંડે છે. અને એ રીતે જેટલાં પ્રમાણમાં તેની સંજ્ઞા ખીલી હોય તેટલા પ્રમાણમાં સ્વતંત્રપણે તે શુભ કે અશુભભાવ કરી શકે છે, અને અન્ય અસંજ્ઞી જીવો પર પોતાના ભાવો પણ લાદતો જાય છે. તેનાં ફળરૂપે પોતે સેવેલા શુભાશુભ ભાવનાં અનુસંધાનમાં બંધાયેલાં કર્મોને ભોગવવા તે ચડઊતર કરતો રહે છે.

આવી ચડઊતરની પ્રક્રિયાનો વિચાર કરીએ તો સમજાય છે કે કર્માશ્રવ એ સંસારનાં સાતત્યનું મૂળભૂત કારણ છે. અને કર્મનો સંવર કરવો એ આત્મિક શુદ્ધિ મેળવવાનું મૂળભૂત નિમિત્ત છે. સંવરથી જીવ આત્મિક પુરુષાર્થનો કર્તાભોક્તા

થાય છે. સંવરની તીક્ષ્ણતાથી આત્મિક પુરુષાર્થની શુદ્ધિનો નિર્ણય થાય છે. આમ સંવર એ જીવનાં અપૂર્વ આરાધનનું મુખ્ય કારણ છે. તેથી સંવરને ઊંડાણથી વિચારવો જોઈએ. સંવરના મુખ્ય બે પ્રકાર જોવામાં આવે છે –

(૧) કુકર્મને રોકવાની પ્રક્રિયા કે પુરુષાર્થ (નકારાત્મક વલણ).

(૨) સ્વભાવને વિકસાવવાની પ્રક્રિયા કે પુરુષાર્થથી ઉપજતો જીવનો કુકર્મ પ્રત્યેનો સહજ નકાર. (હકારાત્મક વલણ).

અનાદિકાળથી જીવ પૂર્વસંચિત કર્મના ભોગવટા સાથે અકામ નિર્જરા કરી નવાં નવાં કર્મો બાંધતો આવ્યો છે. ફરીથી તે કર્મ ભોગવતી વખતે નવાં કર્મ ઉપાર્જન કરી સંસારમાં સતત પરિભ્રમણ કરતો રહ્યો છે. સંજ્ઞીપણામાં તેમજ અસંજ્ઞીપણામાં ઝોલાં ખાતાં ખાતાં જન્મમરણની સંતતિ વચ્ચે આવા જીવો સતત ભીંસાતા રહે છે.

આવા સંજોગોમાં તેને ક્યારેક ક્યારેક ધર્મપ્રાપ્તિ થતી હોય છે. ધર્મ એ એવો માર્ગ છે કે જેને આરાધતાં, તે સમયે જીવ પુદ્‌ગલ પરમાણુઓના આશ્રવ કરતાં નિર્જરા વધારે કરી શકે છે. આથી જે જે સમયે જીવની નિર્જરા આશ્રવ કરતાં વધારે થાય છે, તે તે સમયે તે જીવ ધર્મમાં છે એમ વ્યવહારનયથી કહેવાય છે. આવા સમયમાં જીવને શાતાના અને પુણ્યના બંધ થોડા વધારે થતા હોય છે. આ વિશે વિચારતાં સમજાય છે કે જીવ અજ્ઞાન અવસ્થામાં ધર્મને બે પ્રકારે આરાધતો હોય છે. બીજી રીતે કહીએ તો અકામ નિર્જરાના બે ભેદ જોવામાં આવે છે.

(૧) વિશેષ નિર્જરાથી ઉપજતો આશ્રવનો સંહાર.

(૨) વિશેષ આશ્રવના સંહારથી થતી નિર્જરાની વિશેષતા.

પહેલા માર્ગમાં જીવ આશ્રવની ગતિને ઓછી કરતો નથી, પરંતુ નિર્જરાની ગતિ વધારે છે અને એ દ્વારા પોતા પરનો કર્મભાર હળવો કરે છે. બીજા માર્ગમાં જીવ આશ્રવની ગતિ ઓછી કરે છે અને નિર્જરાની ગતિ એટલી જ રાખે છે, અર્થાત્ આશ્રવની સરખામણીમાં નિર્જરા વધારી પોતા પરના કર્મભારને હળવો કરે છે.

આ બંને માર્ગમાં જીવનો લક્ષ 'કુકર્મનો નાશ કરવાનો' રહે છે. આ જીવનું નકારાત્મક વલણ કહી શકાય.

બીજા વિભાગમાં સ્વભાવને વિકસાવવાની પ્રક્રિયા કરી કુકર્મ ઘટાડવાની વૃત્તિ જીવને રહે છે તે તેનું હકારાત્મક વલણ છે. તેમાં જીવ આત્માના ગુણોનો આશ્રવ વધારવા પ્રયત્ની થાય છે, જેનાં ફળરૂપે સહજપણે તેનાં કુકર્મ ઘટતાં જાય છે અને જીવનાં સાહજિક ગુણો ખીલતા જતા હોવાથી તે પ્રસન્નતા અને આનંદનું વેદન વધારે માત્રામાં કરી શકે છે.

## ૫. અંતર્વૃતિસ્પર્શ

આ પ્રમાણે અકામ નિર્જરા કરતો કરતો જીવ ચારે ગતિમાં પોતાના ભાવાનુસાર ભમ્યા કરે છે. આવો અજ્ઞાની જીવ જ્યારે પરમ કલ્પવૃક્ષ સમાન શ્રી અરિહંત પ્રભુના સીધા યા આડકતરા સાનિધ્યમાં આવે છે ત્યારે તેમના કલ્યાણભાવનો સ્પર્શ થવાથી, તેની આ અનાદિકાળની કલંકભરી પ્રક્રિયાને ધક્કો લાગે છે; અને તેને અંતરંગમાં એવા અવ્યકત ભાવ ઊઠે છે કે પોતાની વર્તમાન પ્રક્રિયામાં કંઈક ઓછપ કે અધૂરપ છે. તે લાગણીનાં અનુસંધાનમાં તે જીવ પ્રભુનાં શરણમાં જઈ પ્રાર્થના અવ્યકતપણે કરે છે.

આવી અવ્યકત પ્રાર્થનાની માગણીના આધારે શ્રી અરિહંતપ્રભુ તેને એક અપૂર્વ માર્ગનાં દર્શન કરાવે છે. એ માર્ગના આરાધનથી જીવ 'આત્મિક શુદ્ધિ' દ્વારા 'પરમાર્થિક સિદ્ધિ' મેળવે છે. પ્રભુજીએ બતાવેલો માર્ગ પોતે આચરતો હતો તેનાથી જુદા પ્રકારનો છે એવી સમજણ તેને આવવાની શરૂ થાય છે. આ માર્ગમાં આશ્રવ કે નિર્જરાને બદલે સંવર પર વધારે ભાર મૂકાયો છે તેવું તેને સમજાવા લાગે છે. તેથી આ માર્ગમાં જીવ સંવરની તીક્ષ્ણતાથી ધર્મ આદરે છે. કદાચ આપણને સવાલ થાય કે પ્રભુજીએ બતાવેલો સંવરનો માર્ગ કઈ રીતે જુદો પડે છે? શ્રી અરિહંતપ્રભુ એનું રહસ્ય સમજાવી આપણા પર ઘણો ઘણો ઉપકાર વરસાવે છે.

શ્રી અરિહંત પ્રભુના જણાવ્યા પ્રમાણે યથાર્થ સંવર એટલે આશ્રવની ગતિને વિશેષતાએ ઘટાડવી અને એ જ વખતે નિર્જરાની ગતિને વિશેષતાએ વધારવી. એક અપેક્ષાએ આ રીતિને મહાસંવરના માર્ગનું આરાધન કહી શકાય.


'નિર્જરાથી નિપજતા આશ્રવનો સંહાર કરવારૂપ અકામ નિર્જરા'ના પહેલા પ્રકારમાં જીવ સંવર કરવામાં પ્રમાદ કરે છે, ત્યારે 'આશ્રવના સંહારથી નિર્જરાની વિશેષતા' કરવારૂપ અકામ નિર્જરાની બીજા પ્રકારમાં જીવ નિર્જરા કરવામાં પ્રમાદ કરે છે. ઉત્તમ સંવર કરતી વખતે જીવ આશ્રવને વિશેષતાએ તોડવા સાથે નિર્જરાને પણ એ જ સમયે વધારતો જાય છે. આશ્રવ ક્ષય અને નિર્જરા વૃદ્ધિ એક સાથે કરવારૂપ અપૂર્વ માર્ગનું દાન, શ્રી અરિહંત પ્રભુ પહેલ વહેલી વખત જીવને રુચક પ્રદેશનું સર્જન કરતી વખતે અર્થાત્ આત્મપ્રદેશને નિત્યનિગોદમાં શુદ્ધ કરતી વખતે આપે છે. એ વખતનું તેમનું દાન એક પ્રદેશ અથવા અમુક જ પ્રદેશ પૂરતું મર્યાદિત હોય છે.

જીવને પોતાને આ માર્ગનું દાન મળ્યું છે તેની પહેલ વહેલી સ્થૂળ જાણકારી અંતર્વૃત્તિસ્પર્શ કરતી વખતે આવે છે. તે વખતે શ્રી અરિહંતપ્રભુ એ જીવને એક સમય માટે મિથ્યાત્વના ઉદયથી અને બંધનથી મુક્તિ અપાવે છે. એટલે કે એ આત્મશુદ્ધિ કઈ પરમાર્થિક સિદ્ધિ માટે કાર્યકારી બને છે તેનો લક્ષ જીવને આવવા લાગે છે. આવી આત્મશુદ્ધિ કરવા માટે જીવને કયા માર્ગે સફળતા મળી? કે જે માર્ગે અભવિ આત્માના અભવિ અકામ પુરુષાર્થને ભવિ આત્માના ભવિ સકામ પુરુષાર્થમાં પરિણમાવ્યો?

અંતર્વૃત્તિસ્પર્શ કરતી વખતે જીવમાં એક અતિગુપ્ત પ્રક્રિયા થાય છે. એ સમયે જીવના રુચક પ્રદેશો એ જ આકૃતિમાં ગોઠવાઈ જાય છે કે જે આકૃતિમાં એના રુચક પ્રદેશો તે જીવ નિત્યનિગોદમાંથી બહાર નીકળી ઈતર નિગોદમાં આવે તે વખતે ગોઠવાયા હોય. એટલે કે નિત્યનિગોદમાંથી બહાર નીકળતી વખતની અને અંતર્વૃત્તિસ્પર્શ કરતી વખતની જીવના રુચક પ્રદેશની આકૃતિ સમાન હોય છે. આ રુચક પ્રદેશોને તેની મૂળ આકૃતિમાં લાવવા માટે શ્રી પંચપરમેષ્ટિ ભગવંતના કલ્યાણનાં પરમાણુઓ જીવના તે ભાગ પર થર કરે છે. કલ્યાણના પરમાણુઓના

આ બળથી એ પ્રદેશો શ્રી અરિહંત ભગવાનના આજ્ઞારસ તથા શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓમાં રહેલા અરિહંત પ્રભુના કલ્યાણરસની સમાનતા જોઈ; તેના પ્રતિ આકર્ષાય છે. આ રુચક પ્રદેશોને મૂળ આકૃતિમાં આવતાં આઠ સમય લાગે છે.

શ્રી અરિહંત પ્રભુને સમય સમયનું પૂર્ણ જ્ઞાન વર્તે છે, તેના થકી તેઓ જીવના રુચક પ્રદેશોને મૂળ આકૃતિમાં એક સમય (પ્રદેશનો નાનામાં નાનો ભાગ) માટે લાવે છે, અને જીવને રુચક પ્રદેશના માધ્યમથી મિથ્યાત્વના પંજામાંથી એક સમય (કાળનો નાનામાં નાનો ભાગ) માટે છોડાવી, એક સમય (ક્ષેત્રનો નાનામાં નાનો ભાગ) માટે ઉપર ચડાવે છે, જેથી એ જીવ એક સમય માટે મિથ્યાત્વના ઉદયથી અને બંધનથી પર થાય છે.




આ રુચક પ્રદેશો શ્રી અરિહંત પ્રભુના પ્રદેશને ઓળખે છે. વળી, શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓમાં શ્રી અરિહંતનાં કલ્યાણનાં પરમાણુઓ તો હોય જ છે, અને એ જ આત્મા પાસે (શ્રી અરિહંત પ્રભુના આત્મા પાસે) એક એક સમયનું જ્ઞાન છે. (સિદ્ધ પ્રભુ અક્રિય છે, અને બીજા પરમેષ્ટિ ભગવંત છદ્મસ્થ હોવાથી અસંખ્યાત સમયવર્તી જ્ઞાન ધરાવે છે). સમય એટલે કાળ તથા ક્ષેત્રનો નાનામાં નાનો ભાગ. આ બધાં કારણોને લીધે માત્ર અરિહંત પ્રભુ જ અંતર્વૃત્તિસ્પર્શ સંજ્ઞીપંચેન્દ્રિય જીવને કરાવી શકે છે.

અંતર્વૃત્તિસ્પર્શ કર્યા પહેલાં જીવને કાં આશ્રવ તોડવાની અથવા તો નિર્જરાને વધારવાની પ્રક્રિયા આવડતી હોય છે, પણ બંને સાથે કરી શકવાની શક્તિ તેનામાં હોતી નથી. પણ અંતર્વૃત્તિસ્પર્શ કરવાની પહેલી પરમાર્થિક સિદ્ધિ માટે જીવે આ બંને ક્રિયા સાથે કરી ઉત્તમ સંવર કરવો ખૂબ જરૂરી છે. આ માર્ગની જાણકારી તેને રુચક પ્રદેશની પ્રાપ્તિ કરતી વખતે અતિ અતિ અલ્પ અંશે થઈ હોય છે, અને તે પણ અસંખ્યાતમાના માત્ર આઠ જ પ્રદેશ પર. આના કારણે જ્યારે જીવ અંતર્વૃત્તિસ્પર્શ કરવાનો હોય છે ત્યારે એ કાં તો અકામ નિર્જરાના પહેલા માર્ગે અથવા તો બીજા માર્ગે આવતો હોય છે. તેથી તે નિર્જરાને વિશેષ કરે છે, અથવા તો આશ્રવને મંદ કરે છે. જે જે જીવો આ વખતે પોતાના આશ્રવને મંદ કરે છે તેઓ ભાવિમાં લગભગ પંચપરમેષ્ટિ પદમાં સ્થાન પામે છે; કેમકે તેઓ નવાં કર્મનાં આશ્રવદ્વાર બંધ કરતા હોવાથી પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞામાં વિશેષ રહી શકે છે, અને એ રીતે અરિહંતાદિ પંચપરમેષ્ટિનો વિનય કરી, પોતાનાં કર્મોની નિર્જરા કરવા માટે એમનો સાથ મેળવે છે. આ સિવાયના જીવો કર્મ નિર્જરા વધારે છે, પણ કર્મનો સંવર કરવામાં તેઓ પ્રમાદી રહે છે, તેમ છતાં પોતાનાં પૂર્વ સંચિત કર્મોના ક્ષયના અનુસંધાનમાં તેઓ સ્વચ્છંદને તોડતા જાય છે.

અંતર્વૃત્તિસ્પર્શ કરવા માટે, જે જીવ નિર્જરા કરવા માટે પ્રમાદી થાય છે અને કર્મનો સંવર વધારે કરે છે તેને શ્રી અરિહંતપ્રભુ નિર્જરા ઉત્તમ દાનરૂપે આપે છે, પરિણામે તે જીવ એ સમયે નિર્જરા સાથે ઉત્તમતાએ સંવરનું વેદન કરી શકે છે. એ જ પ્રમાણે અંતર્વૃત્તિસ્પર્શ કરતી વખતે જે જીવ સંવર કરવામાં પ્રમાદી થાય છે અને કર્મની નિર્જરા કરવામાં વ્યસ્ત રહે છે, તે જીવને શ્રી અરિહંત પ્રભુ સંવરનું ઉત્તમ દાન આપે છે, અને તેના આશ્રવનાં જોરને તોડે છે. પરિણામે તે જીવને ઉત્તમ સંવરના દાનના આધારથી આશ્રવનું જોર ઘટે છે, અને પોતાથી થતી નિર્જરાનું જોર વધતાં બંને સમાન બની જાય છે. તે દ્વારા મહાસંવરના માર્ગનું આરાધન તેના થકી થાય છે, જેથી તેને અપૂર્વ આત્મશુદ્ધિ થાય છે, અને અંતર્વૃત્તિસ્પર્શની પરમાર્થિક સિદ્ધિ મળે છે.

# ૬. નિશ્ચયથી વ્યવહાર સમકિતની પ્રાપ્તિ

અંતર્વૃત્તિસ્પર્શ કર્યા પછી જ્યારે તે જીવને સંજ્ઞી પંચેન્દ્રિયપણે ફરીથી શ્રી તીર્થંકર પ્રભુનો યોગ થાય છે ત્યારે શ્રી પ્રભુનું ઉત્તમ કલ્યાણદાન જીવના અંતરંગ પુરુષાર્થને સક્રિય કરે છે, અને તે જીવનો મિથ્યાત્વને દબાવવાનો પુરુષાર્થ વધે છે. એક સમય માટે તેણે અનુભવેલી દેહ તથા આત્માની ભિન્નતા સમય સમય વધતાં આઠ સમયની ભિન્નતા સુધી પહોંચે છે. અને જ્યારે તે જીવ દેહથી આઠ સમય માટે ભિન્ન રહી શકે છે ત્યારે તે નિશ્ચયથી વ્યવહાર સમકિત પામ્યો ગણાય છે. આ કાર્યસિદ્ધિ થવામાં જો કે મુખ્ય ફાળો શ્રી તીર્થંકર પ્રભુનો છે, કેમકે જીવને તો સમયસમયનું જ્ઞાન જ એ વખતે સંભવતું નથી, તેમ છતાં આગળ જણાવ્યા પ્રમાણેનો સંવરનો માર્ગ જીવથી આરાધાતો હોવાથી, તેના પુરુષાર્થની પણ નોંધપાત્ર ગણતરી કરવાની રહે છે. આ આઠ સમય સુધી પહોંચવામાં તે જીવની જે આત્મશુદ્ધિ થાય છે, તેને આધારે તેને નિશ્ચયથી વ્યવહાર સમકિત મેળવવા રૂપ પરમાર્થ સિદ્ધિ પણ પ્રાપ્ત થાય છે.

નિશ્ચયથી વ્યવહાર સમકિત મેળવવા સુધીની સિદ્ધિ પ્રાપ્ત કરવામાં શ્રી તીર્થંકર પ્રભુ સિવાય અન્ય કોઈ આત્મા સમર્થ થતા નથી. તેનાં કારણો આ પ્રમાણે વિચારી શકાય. કોઈ પણ છદ્મસ્થ જીવને એક સમયનું જ્ઞાન સંભવતું નથી, તેથી તેમની સહાય દેહાત્માની ભિન્નતાને એક સમયથી વધારી આઠ સમય સુધી પહોંચાડવામાં કાર્યકારી થતી નથી. વળી અન્ય કેવળીપ્રભુએ જીવ સમસ્ત માટેના કલ્યાણભાવ છદ્મસ્થ અવસ્થામાં કર્યા હોતા નથી, તેથી એ પ્રકારનું સામર્થ્ય તેમનામાં પ્રગટતું નથી. જો કે ગણધર કેવળીપ્રભુએ જીવ સમસ્તના કલ્યાણના ભાવ જરૂર સેવ્યા હોય છે, પરંતુ તેમનામાં રહેલા કર્તાપણાના ભાવને કારણે તેમનું કલ્યાણકાર્ય છદ્મસ્થ અવસ્થામાં જ પૂરું થઈ જાય છે, અને તેથી તેઓ પૂર્ણ અવસ્થાએ આ કાર્ય કરતાં નથી. તે ઉપરાંત બીજું એ પણ કારણ છે કે તેમના કલ્યાણભાવ સ્વતંત્ર નથી, પણ શ્રી તીર્થંકર પ્રભુના આશ્રયે કરેલા હોવાથી, આ સમર્થતા આવવામાં અપૂર્ણતા આવે છે. ત્યારે બીજી બાજુ શ્રી તીર્થંકર પ્રભુએ સેવેલા 'જીવ સમસ્ત' માટેના કલ્યાણભાવ સ્વયંસ્ફૂરણાથી,

નિરાવલંબનપણે તથા નિર્માનીપણે થયેલા હોય છે, તેથી જીવ સમસ્ત તેમના આશ્રયે આવે તો પણ તેમનું કલ્યાણ કરવાની સમર્થતા તેમનામાં પ્રગટ થાય છે. આ પ્રકારે સમર્થતાથી જીવ સમસ્ત માટે કલ્યાણભાવ કરનાર તો એક અને અનન્ય એવા શ્રી તીર્થંકર પ્રભુજી જ છે. આમ પોતાના ઉત્તમોત્તમ ભાવના પ્રભાવથી પ્રાથમિક આત્મિક સિદ્ધિ કરાવવાની શક્તિ માત્ર તેમનામાં જ પ્રગટ થાય છે; અન્ય કોઈ આત્મા એ શક્તિ પામતા નથી. પરંતુ નિશ્ચયથી વ્યવહાર સમકિત મેળવ્યા પછીની આત્મિક સિદ્ધિ મેળવવામાં શ્રી અરિહંત પ્રભુના સાથ ઉપરાંત શ્રી કેવળીપ્રભુનો સાથ પણ એવો જ ઉપકારી થઈ શકે છે.

## ૭. કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ

શ્રી અરિહંત પ્રભુનાં આશ્રયથી અને સાનિધ્યથી જીવ દેહ તથા આત્માની ભિન્નતાનો અનુભવ આઠ સમય સુધી વધારે છે. અને એ જ રીતે તે અરિહંત પ્રભુના ઉપકાર નીચે તેના દેહ સાથેની ભિન્નતા અસંખ્ય સમય સુધી વધારી શકે છે, તેનાથી વિશેષ સમયની ભિન્નતા કેળવવા માટે તેને કેવળીગમ્ય પ્રદેશો મેળવવાની અનિવાર્યતા છે, કારણ કે જીવને અસંખ્યાત સમયવર્તી જ્ઞાન વર્તતું હોવાથી, વિશેષ સમયની ભિન્નતા કેળવવી એ તેની સ્વતંત્રતાની બાબત બની જાય છે, એટલે તેની ઇચ્છા વિના આ ક્રિયા થઈ શકતી નથી.

આ ઉપરાંત, જીવ જો કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ કરે તો આઠ સમયથી અસંખ્ય સમય સુધીની ભિન્નતા અનુભવવા માટે શ્રી અરિહંત પ્રભુ ઉપરાંત શ્રી કેવળી પ્રભુનો સાથ પણ મેળવી શકે છે. જીવ જ્યારે આઠ સમયની દેહાત્માની ભિન્નતા અનુભવવા ભાગ્યશાળી થાય છે ત્યારે તેનામાં કેવળીગમ્ય પ્રદેશો પામવાની પાત્રતા પ્રગટ થાય છે. તેમાં તે જીવ પોતાના આઠ રુચક પ્રદેશ ઉપરાંત પ્રત્યેક રુચક પ્રદેશની બાજુના એક અશુધ્ધ પ્રદેશને શ્રી તીર્થંકર પ્રભુની સહાયથી, માત્ર આઠ જ સમયમાં પોતાનો પુરુષાર્થ ભેળવી શ્રી કેવળીપ્રભુના આત્મપ્રદેશ જેવા શુધ્ધ કરે છે. એટલે કે એ રુચક પ્રદેશની બાજુના આઠ અશુધ્ધ પ્રદેશ પરથી સર્વ ઘાતી

કર્મો તથા સર્વ અશુભ અઘાતી કર્મો નીકળી જાય છે, અને આસપાસના અન્ય પ્રદેશો પર વેરાઈ જાય છે. એ પ્રદેશો પર માત્ર શુભ અઘાતી કર્મો અને શુભ કલ્યાણનાં પરમાણુઓ જ રહે છે. આ પ્રદેશો કેવળીપ્રભુના આત્મપ્રદેશો જેવા શુધ્ધ હોવાથી 'કેવળી ગમ્ય પ્રદેશ' તરીકે ઓળખાય છે. જીવ કેવળીગમ્ય પ્રદેશો મેળવવાની પ્રક્રિયા આઠ સમયથી અસંખ્યાત સમયની ભિન્નતા અનુભવવાના કોઈ પણ કાળ દરમ્યાન કરી શકે છે. અને કેવળીગમ્ય પ્રદેશો પ્રાપ્ત કર્યા પછી જ જીવ આગળ વધવા માટે શ્રી કેવળીપ્રભુનો સાથ લઈ શકે છે.

કેવળીગમ્ય પ્રદેશો મેળવવાની પ્રક્રિયા કરવામાં જીવે શ્રી અરિહંત પ્રભુના સાથથી મહાસંવરના માર્ગને આરાધવાનો રહે છે. પરંતુ આટલા ઓછા સમયનું જ્ઞાન તે જીવને પ્રવર્તતું ન હોવાથી ભૂલ થવાનો સંભવ ઘણો વધારે રહે છે, અને પરિણામે તેણે શરૂ કરેલી પ્રક્રિયા અધવચ્ચે જ તૂટી જાય છે, અને તે પ્રદેશો પરથી નીકળવા લાગેલા અશુભ પરમાણુઓ નીકળતા અટકી જઈ, ફરીથી ત્યાં નવાં કર્મ પરમાણુઓનો ઘટ્ટ જમાવ થઈ જાય છે. ફરીથી યોગ મળતાં જીવ પુરુષાર્થ કરી આત્મપ્રદેશો શુધ્ધ કરવા માટે પ્રયાસી થાય છે, વળી વિઘ્ન આવતાં તે પ્રક્રિયા છૂટી જાય છે. આવું અનંતવાર બન્યા પછી, એક વખત જીવ પોતાનાં વીર્યને યથાર્થતાએ ફોરવી આઠ પ્રદેશોને આઠ જ સમયમાં શુધ્ધ કરવામાં સફળ થાય છે. આ સફળતા આવે ત્યારે તે 'ગ્રંથિભેદ કરી આઠ કેવળીગમ્ય પ્રદેશો' મેળવવા સદ્ભાગી થાય છે. એ આઠ પ્રદેશો પર જે ઘાતી કર્મોનો જમાવ હોય છે તે ઘટ્ટ હોવાથી 'ગ્રંથિ' – ગાંઠ જેવું કામ કરે છે. આ સર્વ ઘાતીકર્મ તથા સર્વ અશુભ અઘાતી કર્મ ત્યાંથી નીકળી જાય ત્યારે તેણે 'ગ્રંથિભેદ' કર્યો એમ કહી શકાય. આવો ગ્રંથિભેદ કરવાનો પુરુષાર્થ જીવે પહેલા ગુણસ્થાને કરવાનો હોય છે. પહેલા ગુણસ્થાને રહેલી આ ગ્રંથિ તોડયા વિના જીવ ચોથા ગુણસ્થાને આવી શકતો નથી, કેમકે તેનો દેહાત્માની ભિન્નતાનો કાળ અસંખ્યસમયથી કેવળીગમ્ય પ્રદેશના સાથ વિના વધી શકતો નથી. એક વખત કેવળીગમ્ય પ્રદેશો પ્રગટ થયા પછી, તે ક્યારેય અશુધ્ધ કે ઘાતીકર્મનાં પરમાણુઓ સહિત બનતા નથી. આમ આત્માના વિકાસ માટે ગ્રંથિભેદ થવો એ અનિવાર્ય પ્રક્રિયા છે.

કેવળીગમ્ય પ્રદેશો મળ્યા પછી જીવ શ્રી કેવળી પ્રભુનો પણ સાથ લઈ પોતાનાં દેહાત્માની ભિન્નતાનો સમય વધારી શકે છે, માત્ર અરિહંત પ્રભુના જ આધારે તેની કાર્યસિદ્ધિ થાય એવું જરૂરી નથી. તેથી જીવ જેટલા વહેલા કેવળીગમ્ય પ્રદેશો પ્રાપ્ત કરે તેટલા વહેલાં વિકાસનાં પગથિયાં ચડી શકે છે. આ રીતે મહાસંવરના માર્ગને આરાધી જીવ શ્રી અરિહંત પ્રભુના સાથથી કેવળીગમ્ય પ્રદેશો મેળવે છે. અને અસંખ્ય સમય સુધીની દેહાત્માની ભિન્નતા સુધી પહોંચ્યા પછીના વિકાસ માટે તે જીવ સર્વજ્ઞ પ્રભુ ઉપરાંત સત્પુરુષનો સાથ પણ મેળવી શકે છે. અને તે દ્વારા વિશેષ પરમાર્થિક સિદ્ધિ મેળવે છે.

## ૮. ઉપશમ સમ્યક્ત્વ લેતાં

ઉપર જણાવ્યા પ્રમાણે શ્રી તીર્થંકર પ્રભુ અને શ્રી કેવળી પ્રભુનો સાથ લેતા લેતા જીવ સંવર માર્ગને આરાધી અસંખ્યાત સમય સુધી દેહ તથા આત્માની ભિન્નતા અનુભવવા સુધીની આત્મિકશુદ્ધિ અને પરમાર્થિક સિદ્ધિ મેળવે છે. અસંખ્યાત સમયથી ઓછા સમયનું જ્ઞાન કોઈ છદ્મસ્થ જીવને વર્તતું ન હોવાને કારણે ત્યાં સુધીના જીવના વિકાસમાં તેઓ સક્રિય ફાળો આપી શકતા નથી.

અસંખ્યાત સમય સુધી દેહથી ભિન્ન રહી શકે તેવી શુદ્ધિ અને સિદ્ધિ મેળવ્યા પછીનો વિકાસ કરવામાં શ્રી સત્પુરુષ તેમ જ વિકાસ પામતા જીવના પુરુષાર્થનો નોંધનીય ફાળો ઉમેરાય છે. તેઓ બંનેને અસંખ્યાત સમયવર્તી જ્ઞાન વર્તતું હોવાથી જીવને પોતે શું કરે છે, અને શું કરવાનું છે તેની સક્રિય સમજ શ્રી સત્પુરુષ તથા તેમનાથી પણ ઊંચી આત્મદશા ધરાવનાર આત્માના સાથથી મળે છે. તે સમજ થકી તે જીવનો આત્મવિકાસ અર્થે સભાન પુરુષાર્થ શરૂ થાય છે. સ્વપુરુષાર્થની સહાયથી આત્મિક શુદ્ધિ કરતા જઈ પરમાર્થિક સિદ્ધિ વધારવાનો માર્ગ તેને માટે મોકળો થતો જાય છે, અર્થાત્ ખૂલતો જાય છે. તેની વિકાસ કરવા માટેની સાચી સમજણ વધતી જાય છે.

કર્મ બાંધવાનાં મુખ્ય પાંચ કારણોમાં સૌથી પહેલું અને અતિ બળવાન કારણ મિથ્યાત્વ છે, તે આપણે જાણીએ છીએ. તેનાં કારણે ચાર ઘાતી અને ચાર અઘાતી

કર્મ બંધાતાં રહે છે; જે કર્મો જીવે પરવશપણે પણ ભોગવવાં જ પડે છે. વ્યવહારમાં અઘાતી કરતાં ઘાતી કર્મ ઘણાં બળવાન છે, કારણ કે તેનાં કારણે જ અઘાતી કર્મો બંધાતા રહે છે. તેમ છતાં અઘાતી કર્મો ભોગવતી વખતે જીવ અનેક કષાય કરી નવાં ઘાતી કર્મો બાંધતો જાય છે તે વિશેષતા છે. સર્વ ઘાતી કર્મોમાં અંતરાય કર્મ સહુથી બળવાન કર્મ છે. કોઈ પણ પરમાર્થિક સિદ્ધિ મેળવવામાં આ કર્મ ખૂબ જ આડું આવે છે. એટલું જ નહિ પણ તે કર્મ બીજાં બધાં કર્મ સાથે પણ ઊંડો સંબધ ધરાવે છે. વળી, તે કર્મ ધ્રુવબંધી હોવાથી જીવ કાં સંસારની અને કાં પરમાર્થની અંતરાય સતત બાંધતો જ રહે છે. અન્ય જીવોને સંસારની શાતા મેળવવામાં જ્યાં વિઘ્ન નાખવામાં આવે છે ત્યાં જીવને સંસારની અંતરાય બંધાય છે, અને જ્યાં સત્‌દેવ, સદ્‌ગુરુ અને સદ્‌ધર્મની અશાતના કે અવિનય કરવામાં આવે છે ત્યાં જીવને પરમાર્થની અંતરાય બંધાય છે. આ પ્રકારનાં અશાતના તથા અવિનય થવાનું કારણ બને છે જીવનાં મિથ્યાત્વ, સ્વચ્છંદ અને પ્રમાદ. આ ત્રણેનાં મૂળમાં જીવનો માનભાવ રહેલો હોય છે, જે આ ત્રણેને વધવામાં પોષણ આપે છે, પરિણામે જીવ વધારે અવિનય કરી વધારે ઘાટી અંતરાય બાંધે છે.

આવો જીવ જ્યારે વિઘ્નરૂપ થતી અંતરાયનો નાશ કરવાનો નિર્ણય કરે છે ત્યારે સામાન્યપણે તે જીવ મુખ્યત્વે જ્ઞાન તથા દર્શનની શુદ્ધિ કરવાનો પુરુષાર્થ કરી પોતાની અંતરાયને તોડે છે. મોટાભાગના જીવો શરૂઆતમાં આ માર્ગે જાય છે, પરંતુ આ રીતે વર્તવાથી જીવનો માનભાવ જતો ન હોવાને કારણે તે જીવ સૂક્ષ્મતાએ કે સ્થૂળતાએ અંતરાયના ક્ષયને પોતાના પુરુષાર્થનું ફળ સમજે છે, જે અસત્ય છે. તેની ભૂલ પણ છે, કારણ કે અંતરાય કર્મ તો શ્રી સદ્‌ગુરુનાં શરણમાં સદ્‌ભાવથી જવાથી જ તોડી શકાય છે. એટલે કે શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓ ગ્રહણ કરતા જવાથી જીવ અંતરાય કર્મને તોડે છે. આથી જ્યારે જીવ માનપ્રેરિત ભાવથી એમ વિચારે છે કે, 'મેં આ અંતરાય કર્મનો ક્ષય કર્યો' ત્યારે તે વિચારમાં શ્રી પંચપરમેષ્ટિ ભગવંતે કરેલા ઉપકારની અવગણના રહેલી છે. તે અવગણના સત્દેવ, સદ્‌ગુરુ અને સદ્‌ધર્મનો અવિનય છે. જે તેનાં પાંચે વ્રતનો ભંગ કરાવે છે. પરિણામે આ

પ્રકારે કરેલા અંતરાય કર્મના ક્ષય સાથે તે જીવ નવાં અંતરાય કર્મનો બંધ કરે છે. આ મકડીજાલમાંથી જીવ ત્યારે જ છૂટી શકે છે કે જ્યારે એ કોઈ પણ માર્ગથી માન તથા અંતરાય કર્મનો ક્ષય લગભગ સાથોસાથ કરે છે.

આ મકડીજાલને લક્ષમાં રાખીને શ્રી જ્ઞાની મહાત્માઓએ ભક્તિમાર્ગનું નિરૂપણ કર્યું છે. સિદ્ધિ પામવા માટે ભક્તિમાર્ગ ખૂબ સરળ માર્ગ છે, સુગમ માર્ગ છે. ભક્તિનો માર્ગ એ આજ્ઞામાર્ગ, નિર્ગ્રંથમાર્ગ, નિર્વાણમાર્ગ અને પરિનિર્વાણમાર્ગને સ્પર્શવાનો, અનુભવવાનો અને સિધ્ધ કરવાનો ધોરી માર્ગ છે. તેનું રહસ્ય એ છે કે ભક્તિમાર્ગનો મુખ્ય ઘટક (constituent) 'વિનય' છે. ભક્તિમાર્ગમાં વિનયનું મુખ્યપણું હોવાથી જીવ સહજતાએ માન કષાયનો ત્યાગ કરી શકે છે, અને સાથે સાથે પૂર્વે બાંધેલી અંતરાયો પણ તોડતો જાય છે. પરંતુ ભક્તિ ઉપજવી એ જ બહુ કઠણ કાર્ય છે. આ કાર્ય કોઈ વિરલા જીવો જ કરી શકે છે. ભક્તિ દ્વારા જીવ માન અને અંતરાયનો એક સાથે ક્ષય કરી શકે છે, અને તે પણ પ્રારંભમાં, તેથી મનુષ્ય માટે એ ઘણું કઠણ થાય છે કેમકે મનુષ્ય ગતિમાં જીવને માનનો ઉદય વધારે રહેતો હોય છે. માન તથા અંતરાયનો ક્ષય કર્યા પછી તે જીવ જ્ઞાનાવરણ તથા દર્શનાવરણનો ક્ષયોપશમ વધારે છે, તેનાં ફળ રૂપે જીવને ભક્તિમાર્ગથી વૈરાગ્ય જલદીથી ઉપજે છે. પરંતુ શરૂઆતમાં તે જીવને જ્ઞાન તથા દર્શનની વિશુદ્ધિ જલદીથી થઈ શકતી નથી, તેનું વીર્ય માન અને અંતરાય ક્ષીણ કરવામાં વિશેષ વપરાઈ જતું હોય છે.

એક અપેક્ષાએ આ સ્થિતિ જીવને લાભનું કારણ થાય છે. જીવને જ્ઞાન તથા દર્શનની વિશુદ્ધિ પૂરતા પ્રમાણમાં હોતી નથી ત્યારે તેને પોતાનાં વિશેષ જાણપણા માટે સત્‌દેવ, સદ્‌ગુરુ અને સત્‌ધર્મનો આશ્રય લેવો પડે છે. તે વખતે તેને અંતરંગમાં એવા ભાવ થાય છે કે પોતે અલ્પજ્ઞ છે, પોતાનું સામર્થ્ય ઘણું ઓછું છે, અને કલ્યાણ કરવું છે. આને લીધે તે લઘુત્વ પામી પ્રભુને વિનવે છે કે, "પ્રભુ! ગુરુજી! મને આશ્રય આપો. કલ્યાણ પામવામાં મને સહાય કરો." આ ભાવથી તેનો વિનયભાવ વધે છે. અને પરિણામે તે જીવ શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓ ખેંચી શકે છે. આ પરમાણુઓ ભેટ રૂપે આવવાથી તેનાં અંતરાય કર્મ તૂટતાં

જાય છે. આ પ્રક્રિયામાં જીવે મૂળમાં શ્રી સત્દેવ, સદ્ગુરુ અને સત્ધર્મનો આશ્રય કર્યો હોવાથી અંતરાયના ક્ષયથી ઉપજતી સુખબુદ્ધિ સાથે તેને માન ઉપજતું નથી, પણ પ્રભુ પ્રતિનો અહોભાવ ઉત્પન્ન થાય છે. આ અહોભાવના પડછામાં તેનું માન વિશેષ ક્ષીણ થાય છે, જે માન મિથ્યાત્વ, સ્વચ્છંદ અને પ્રમાદનું મૂળ છે. માન તુટતાં જીવ અમિથ્યાત્વી, અસ્વચ્છંદી અને અપ્રમાદી થતો જાય છે, જેનાં ફળરૂપે તેની અંતરાયો વિશેષતાએ ઘટે છે. આ અપૂર્વ પ્રક્રિયાના સાથથી જીવ સહેલાઈથી મુક્તિ મેળવી શકે છે. "પરમાત્મા મુક્તિ આપવામાં કૃપણ નથી પણ ભક્તિ આપવામાં કૃપણ છે" એવું શ્રી રાજપ્રભુનું વચન આપણને આ પ્રક્રિયાની સિદ્ધિ માટે પુરાવો આપે છે.

બીજી અપેક્ષાએ જીવને અંતરાયના ક્ષયથી ઉપજતો અહોભાવ એ પરમાર્થ લોભનું કારણ બને છે. તેથી જીવ મોહનો ક્ષય કરવા સાથે ચારિત્રની ખીલવણી પણ સહજતાએ કરી શકે છે. ચારિત્રની ખીલવણીના ફળરૂપે એ જીવને જ્ઞાન તથા દર્શનનો ઉઘાડ થાય છે. આ પ્રક્રિયાની લાક્ષણિક્તા એ છે કે ચારિત્રની શુદ્ધિ જ્ઞાન અને દર્શનના ઉઘાડ પહેલા થતી હોવાથી, તે જીવ બંનેના ઉઘાડ પછી પણ એવો જ નિર્માની રહી શકે છે, એટલું જ નહિ પણ તે ઉપરાંત તે પરમ અને પૂર્ણ વિનયી તથા આજ્ઞાપાલક બને છે. આવી વિનય સહિતની ભક્તિ જીવને ક્યારે ઊગે તે સમજવા યોગ્ય છે.

જીવ જ્યારે શ્રી સત્દેવ તથા સદ્ગુરુનાં જ્ઞાન અને દર્શન કરતાં તેમને વર્તતાં શુભ અને શુદ્ધ ચારિત્રનો ભક્ત થાય છે, ત્યારે તે સત્દેવ અને સદ્ગુરુનાં આજ્ઞારૂપી તપ પ્રત્યે ભક્તિ કરે છે. આમ થવાથી, જીવના જે આઠ શુદ્ધ રુચક પ્રદેશ છે તે સતત પૂર્ણ આજ્ઞારૂપી ધર્મમાં આરૂઢ હોય છે, તે પ્રદેશો જ્યારે સત્દેવ કે સદ્ગુરુનાં આજ્ઞારૂપી તપને જુએ છે, અનુભવે છે ત્યારે તેના અશુધ્ધ પ્રદેશો પણ તે તપ માટે સહજતાએ અહોભાવ વેદે છે, આ અહોભાવ માનરહિત હોય છે. પરંતુ એ જીવ જ્યારે સત્દેવ અને સદ્ગુરુના આજ્ઞારૂપી ધર્મને જુએ છે ત્યારે આવો ધર્મ મારામાં પણ ક્યાંક રહેલો છે એવી સુક્ષ્મ લાગણી તે વેદે છે અને તેથી ધર્મ માટેનો તેનો

અહોભાવ માન સહિત થાય છે. આ પરથી સમજાય છે કે આજ્ઞારૂપી તપ સર્વ પ્રદેશવર્તી થાય તે પછીથી તેનામાં સમાનતાની લાગણી આવે છે. અને આજ્ઞારૂપી ધર્મ માત્ર આઠ પ્રદેશવર્તી હોવાથી જીવ અપ્રગટપણે સમાનતા અનુભવી શકે છે. આમ થવાનું બીજું કારણ એ પણ ગણી શકાય કે આઠ શુધ્ધ પ્રદેશો આજ્ઞારૂપી ધર્મને પ્રત્યેક સમયે પૂર્ણ જ્ઞાનમયતા, પૂર્ણ દર્શન અને પૂર્ણ વેદકતામાં અનુભવે છે, પરંતુ આજ્ઞારૂપી તપનો ઉપયોગ તે જીવ અવ્યાબાધ સુખને મેળવવા માટે કરે છે. આથી આજ્ઞારૂપી ધર્મનું પ્રમાણભાન (Ratio) પ્રત્યેક સમયે આજ્ઞારૂપી તપ સાથે ૩:૧ નું થાય છે.

બીજી અપેક્ષાએ આજ્ઞારૂપી ધર્મ શુધ્ધાત્માનાં જ્ઞાન, દર્શન તથા વેદકપણાનું કારણ થાય છે, તેથી શુધ્ધ પ્રદેશોનું (રુચક પ્રદેશોનું) આજ્ઞારૂપી વર્તુળ (Aura) અશુધ્ધ પ્રદેશોનાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને વેદનીય કર્મના ક્ષય માટે કારણરૂપ બને છે. આજ્ઞારૂપી તપથી અવ્યાબાધ સ્વરૂપ પ્રગટ થાય છે, તેથી શુધ્ધ પ્રદેશોનું આજ્ઞારૂપી તપનું વર્તુળ (Aura) મોહનીય કર્મના ક્ષય માટે કારણભૂત થાય છે. માટે જે ભક્તિમાર્ગનો ધ્રુવકાંટો આજ્ઞારૂપી તપ છે, તે માર્ગથી મોહ (અર્થાત્ માન) નો ક્ષય થાય છે, અને જે ભક્તિમાર્ગનો ધ્રુવકાંટો આજ્ઞારૂપી ધર્મ છે એ માર્ગથી જ્ઞાનાવરણ તથા દર્શનાવરણનો ક્ષય થાય છે. પહેલા માર્ગમાં ચારિત્રની ખીલવણીથી જ્ઞાનદર્શનનો ઊઘાડ થાય છે, ત્યારે બીજા માર્ગમાં જ્ઞાનદર્શનના ઊઘાડથી ચારિત્રની ખીલવણી થાય છે. આમ ભક્તિમાર્ગમાં બે ફાંટા પડે છે, તેનાં કારણથી જીવની પૂર્ણતા અને સિદ્ધિમાં તફાવત પડે છે.

ભક્તિમાર્ગના બે ફાંટામાંથી મોટેભાગે જીવ એકને અપનાવે છે, જ્વલ્લે જ જીવ બંને માર્ગ સાથે અપનાવે છે, ભક્તિમાર્ગે જતા જીવમાંથી મોટાભાગના જીવો જ્ઞાનદર્શનની વિશુદ્ધિ કરતાં કરતાં ચારિત્રની ખીલવણી કરતા હોય છે. અર્થાત્ તેઓ બીજો ફાંટો અપનાવે છે કેમકે તેમ કરવાથી તેમનો માનભાવ પોષાતો હોય છે. આ માનભાવના પોષણ માટે જીવે પોતે જ્ઞાન મેળવવા માટે મહેનત કરવાની રહે છે; તેથી આવા જીવો ક્ષમાપના કરવા પર વિશેષ ભાર મૂકતા હોય છે. વિરલા જીવો જ

ભક્તિનો પહેલો માર્ગ સ્વીકારતા હોય છે, તે માર્ગથી તેઓ ચારિત્રની ખીલવણી કરવા પર ભાર મૂકે છે. આવા વિરલા જીવોને જ્ઞાન તથા દર્શનની ખીલવણી મુખ્યતાએ દાનરૂપે અથવા સહજતાએ મળે છે. તેઓ પ્રાર્થના કરવા પ્રતિનું વલણ લઈ, તેના પર ભાર મૂકે છે. પરિણામે તેમની પ્રગતિ ઘણા ઘણા વેગથી થાય છે. આવા જીવો જ્યારે આજ્ઞામાર્ગમાં આગળ વધે છે ત્યારે તેઓ પૂર્ણ આજ્ઞા, પરમ આજ્ઞા, નિર્ગ્રંથ માર્ગ, નિર્વાણ માર્ગ અને પરિનિર્વાણ માર્ગમાં સહજતાથી જઈ શકે છે, અને જાય છે. આનું મુખ્ય કારણ એ છે કે કેવળજ્ઞાન મેળવ્યા પછી બધાજ આત્માઓ આ માર્ગ સ્વીકારે છે. તેથી જ્યારે આવા વિરલા જીવોને આ શુધ્ધ માર્ગનું સાતત્ય (consistency) રહે છે ત્યારે તેઓને શક્લધ્યાનમાં સંસારી પુણ્યને કેવળજ્ઞાન પહેલાં ભોગવાય તેવા પરમાર્થ પુણ્યમાં અને તે પરમાર્થ પુણ્યને કેવળજ્ઞાન પછી ભોગવી શકાય તેવા પરમાર્થ પુણ્યમાં ફેરવવાનો અવકાશ મળે છે, કારણ કે જે ચારિત્રનું પાલન કેવળજ્ઞાન પછી અનિવાર્ય છે, તે જ ચારિત્ર તેમને કેવળજ્ઞાન લેતાં પહેલાં જ ખીલી જાય છે.

આ અપૂર્વ માર્ગમાં સત્દેવ, સત્ધર્મ અને સદ્‌ગુરુ પ્રતિનો વિનયભાવ વધુમાં વધુ ખીલતો હોવાથી શ્રી પંચપરમેષ્ટિ ભગવંતના નિસ્પૃહ કલ્યાણનાં પરમાણુઓ વધુમાં વધુ માત્રામાં જીવ ગ્રહણ કરી શકે છે. જેના લીધે તેનો માનભાવ સતત ઓગળતો જાય છે, અને અન્ય જીવોની સરખામણીમાં તેનો માનભાવ અતિ અલ્પ રહે છે. આ માર્ગમાં ચાલતા જીવોને ક્ષપક શ્રેણિમાં જવાનું અભયવચન મળે છે; અને સિદ્ધિ મેળવ્યા પહેલાં જ પંચપરમેષ્ટિપદમાં સ્થાન મેળવવાની તેની સંભાવના થાય છે, એટલું જ નહિ પણ પંચપરમેષ્ટિપદની શ્રેણિમાં પણ અગ્રસ્થાને રહેવાની તેની શક્યતા વધી જાય છે.

શ્રી પંચપરમેષ્ટિ ભગવંત પણ આ રીતે મુક્તિનો માર્ગ ભક્તિમાર્ગથી મેળવે છે. આ માર્ગમાં સર્વ જીવાત્મા માટે કલ્યાણના ભાવ કરવાનો તથા કલ્યાણ કરવાનો અવકાશ સૌથી વિશેષ રહેલો છે. તેથી પંચપરમેષ્ટિ ભગવંતો મુખ્યતાએ ભક્તિમાર્ગથી જ આગળ વધતા હોય છે, તેની સાથે તેઓ કેટલીકવાર જ્ઞાનમાર્ગ તથા ક્રિયામાર્ગનો સથવારો પણ લેતા હોય છે.

શ્રી તીર્થંકર પ્રભુના આત્માનો વિકાસ પણ ભક્તિમાર્ગના બે ફાંટામાંથી એકને અનુસરીને થતો હોય છે. ચારિત્રની ખીલવણીને પ્રાધાન્ય આપી પહેલો પ્રકાર સ્વીકારનાર શ્રી તીર્થંકર પ્રભુને સમકિત અને કેવળજ્ઞાન વચ્ચે ઘણો ઓછો કાળ ગાળવાનો વખત આવે છે, કેમકે ચારિત્રની વિશુદ્ધિથી સંવર તથા નિર્જરા બંને જોરદાર રીતે તેમને થતાં રહે છે. ત્યારે જ્ઞાનદર્શનની ખીલવણીથી ચારિત્ર ખીલવવાનો બીજો માર્ગ સ્વીકારનાર તીર્થંકર પ્રભુને સમકિત તથા કેવળજ્ઞાન વચ્ચે અપેક્ષાએ વિશેષ લાંબો ગાળો પસાર કરવો પડે છે, કેમકે ચારિત્ર પહેલાં ખીલતાં જ્ઞાનદર્શનને કારણે અમુક માનભાવ તથા સુખબુદ્ધિને કારણે આવતાં આવરણો કાઢતાં વિશેષ કાળની જરૂર પડે છે.

કોઈ અપવાદરૂપ તીર્થંકર પ્રભુ બંને માર્ગે ચાલે છે. ઉદા. શ્રી કૃપાળુદેવ. એમના આત્માએ બીજા માર્ગનું અમુક અશુદ્ધિથી પાલન કરીને ઉપશમ શ્રેણિ અનુભવી. તે વખતે તેમના આરાધ્યદેવ હતા શ્રી મહાવીર પ્રભુ. એ જ આત્માએ શ્રી રાજપ્રભુના ભવમાં પહેલા માર્ગનું આચરણ કરી, બીજા માર્ગની સહાયતા લઈ, એ જ જન્મમાં કેવળ લગભગ ભૂમિકા સુધીનો વિકાસ કર્યો હતો. આવી બેવડી મહેનતના ફળરૂપે રાજપ્રભુનાં જીવનમાં એમનાં જ્ઞાનદર્શન તથા ચારિત્રની ખીલવણી વાયુવેગે થયેલ હતી. વળી, પુણ્ય કર્મનું વિશિષ્ટ પરિણમન કરી તેમણે દેવલોકનો ભવ પણ કુદાવી દીધો. ક્ષાયિક સમકિત લીધા પછી એમનામાં પહેલા માર્ગનું મહાત્મ્ય વિશેષતાએ પ્રગટ્યું હતું. જે એમણે 'શ્રી સદ્ગુરુ ભક્તિ રહસ્ય' (વીસ દોહરા)માં ગુપ્ત રીતે સમજાવ્યું છે. 'યમ નિયમ' કાવ્યમાં પણ આ ભાવની ઝાંખી જોવા મળે છે – "પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસે, સબ આગમ ભેદ સુઉર બસે." આ ભાવના વધતાં વધતાં એટલી તીવ્ર અને તીક્ષ્ણ બની કે એમના આત્માએ સર્વ માર્ગની જાણકારીને (બીજા માર્ગના આધારે) અપૂર્વ રીતે શ્રી પ્રભુની આજ્ઞાની પ્રસાદીમાં પરિણમાવી.

"એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો,

તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો." અપૂર્વ.

અપૂર્વ અવસરની આ કડીમાં શ્રી રાજપ્રભુએ બીજા માર્ગની જાણકારી ને (હે જીવ! ક્યા ઈચ્છત હવે, હૈ ઈચ્છા દુઃખ મૂલ, જબ ઈચ્છા કા નાશ તબ મિટે અનાદિ ભૂલ) અપૂર્વ આરાધનથી પહેલા માર્ગમાં પરિણમાવવાની પ્રક્રિયાને ગુપ્તપણે સમાવી છે.

ચારિત્રની ખીલવણીરૂપ પહેલા માર્ગની સમજણ (પ્રેમ, શ્રદ્ધા, અર્પણતા અને તાદાત્મ્યભાવ) તેમને તેમના પરમ આજ્ઞાંકિત સખા પ.પુ. સૌભાગભાઈના આરાધનનાં અવલોકનથી મળી હતી. એમને મળેલી બીજા માર્ગની આજ્ઞાને કારણે એમણે છ પદનો પત્ર (આંક ૪૯૩) પ્રભુશ્રી માટે લખ્યો હતો. એ જ ભાવને વધારે ગૂઢ કરીને, સૂક્ષ્મ કરીને, પરમ આજ્ઞાની પ્રસાદીરૂપે છ પદના પત્રને પહેલા માર્ગમાં (ચારિત્રની ખીલવણીની પ્રધાનતાના માર્ગમાં) ગૂંથીને, પૂર્ણ આજ્ઞારૂપ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં પરિણમાવ્યો છે. આ શાસ્ત્ર, ક્ષપક શ્રેણિએ જતાં પહેલાં જે પરિપૂર્ણ વીતરાગમય સ્થિતિ આત્મા અનુભવે છે, એ માટે જે શુદ્ધિ, આજ્ઞા, ચારિત્ર, જ્ઞાન, દર્શન અને વીર્ય સ્ફૂરાયમાન થાય છે તે સ્થિતિના અનુભવમાં તરબોળ એવા વિરલા આત્માના ચારિત્ર સ્ફૂરિત ભક્તિમાર્ગની સુંદર પ્રસાદી છે. આ માર્ગની જાણકારીનું જે ઋણ તેમણે લીધું હતું તેનો ગુપ્ત અહોભાવ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં વર્ણવાયેલો છે.

આ પરથી એક નિયમ સમજાય છે કે પહેલા માર્ગને આચરવા માટે પ્રત્યક્ષ સદ્‌ગુરુની મોજુદગી અથવા પરમ આજ્ઞામય સંતના સંગની અનિવાર્યતા છે. આ માર્ગના ગુપ્ત રહસ્યો સર્વ આત્મા માટે ઉત્કૃષ્ટ કલ્યાણભાવ વેદનાર વિરલા આત્માને જ અનુભવાય છે, કે જેઓ શ્રી પંચપરમેષ્ટિ ભગવંતના કવચથી વિભૂષિત થયા હોય છે. આ માર્ગની જાણકારી મેળવ્યા પછી સામાન્યપણે જીવ ક્ષપક શ્રેણિ જ માંડે છે. જે વિરલા જીવોને આ જાણકારી વહેલી આવે છે, તેમને પુણ્યને પરિણમાવવાની પ્રક્રિયા કરવાનો સુયોગ સાંપડે છે. સાથે સાથે એમનાં વાણી, વર્તનમાં પંચપરમેષ્ટિ ભગવંતનો પરમ નિસ્પૃહ કલ્યાણભાવ વધારે નીતરતો હોય છે.

આ મુખ્ય કારણથી શ્રી મહાવીર પ્રભુએ શ્રી ગૌતમસ્વામીને ઉત્તરાધ્યયન સૂત્રના ૧૦મા 'સૂકાં પાન' નામના અધ્યયનમાં ૩૬ વખત કહ્યું છે કે 'સમયં ગોયમ્ મા પમાયએ' (હે ગૌતમ! સમય માત્રનો પણ પ્રમાદ કરીશ નહિ.). સામાન્યપણે પૂર્ણ વીતરાગની વાણી ત્રીજા પુરુષમાં પ્રકાશિત થતી હોય છે, તેમ છતાં શ્રી મહાવીર પ્રભુએ આ કિસ્સામાં પહેલા પુરુષમાં ગૌતમસ્વામીને સંબોધન કર્યું છે, તે વિચારણીય છે. તેનાં કારણો આ પ્રમાણે વિચારી શકાય. ભક્તિમાર્ગનાં ગૂઢ તથા ઊંડા રહસ્યો માત્ર પંચપરમેષ્ટિ ભગવાનને જ છદ્મસ્થપણામાં અનુભવાય છે; અન્ય જીવો આ માર્ગનો યથાર્થ સાર પામી શકતા નથી. તેથી જો સર્વ જીવોને આ રીતે સંબોધવામાં આવે તો તેઓ યથાર્થ દશા તથા રહસ્ય પામવાની શક્તિ ન હોવાને કારણે પ્રભુની આજ્ઞા યથાયોગ્ય રીતે પાળી શકે નહિ, તેથી તેઓ વિનાકારણ આજ્ઞાભંગના દોષમાં સપડાઈ જાય. આવું અકાર્ય સર્વજ્ઞપ્રભુ શી રીતે સ્વીકારે? તેથી જેમને જરૂરિયાત છે તે ગૌતમસ્વામીને જ અને તેમની કક્ષાના ઉચ્ચ આત્માઓને જ તેમણે આ બોધ આપ્યો છે.

શ્રી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન લેવામાં થોડો વિશેષ સમય ગયો હતો તે સૂચવે છે કે એમના આરાધનનો ધ્રુવકાંટો ભક્તિમાર્ગના બીજા ફાંટા પરનો હતો. શ્રી મહાવીર પ્રભુ પ્રતિનો એમનો જે રાગ વર્ણવાયો છે, તે રાગને કારણે તેમને સૂક્ષ્મ માન નડતું હતું. આ અધ્યયનમાં એમને ૩૬ વખત અપ્રમાદી થવાનું જણાવી શ્રી પ્રભુએ ગૌતમસ્વામીને માન મોડી સાધુના ૩૬ ગુણોમાં પરિણમન કરવાનું ઈજન આપ્યું છે. એમાં, જે કલ્યાણનાં પરમાણુઓ તેમના આત્મા પર હતા, તેનો શુધ્ધ ઉપયોગ કરી, તેમાંથી માનભાવને કાઢી, તેની જગ્યાએ ઉત્તમ અહોભાવ પૂરવાનો (substitute) સંદેશો સમાયેલો છે. આ કાળ પછી ગૌતમસ્વામીને બોધ આપવાનો યોગ શ્રી પ્રભુને ન હતો કેમકે આ તેમની છેલ્લી જ દેશના હતી, અને ગૌતમસ્વામીનું કેવળજ્ઞાન તેમના નિર્વાણ પછી તરતમાં જ હતું. તેથી તેમને પહેલા પુરુષમાં સંબોધી સદ્‌બોધ આપ્યો હતો, વળી, શ્રી મહાવીર પ્રભુએ અપ્રમાદી થવા પર વિશેષ ભાર મૂકી, શ્રી ગૌતમસ્વામીનો જે આંતર પ્રશ્ન હતો કે, 'મારું કેવળજ્ઞાન ક્યાં રોકાયું છે?' તેનો ઉત્તર આપી પોતે ગૌતમ પ્રતિના ઋણથી મુક્ત થયા હતા. આ વચન શ્રી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન લેવા

માટે મહાનિમિત્ત બન્યું હતું. તેના સહારે તેમણે શ્રી મહાવીર પ્રભુ પ્રતિનો પોતાનો સૂક્ષ્મ રાગ ક્ષીણ કર્યો, અને અહોભાવ મેળવી પૂર્ણ આજ્ઞામાં પરિણમન કર્યું હતું.

શ્રી પ્રભુએ પ્રસરાવેલા કલ્યાણભાવનો આધાર તથા સહાયતા મેળવી, શ્રી તીર્થંકર પ્રભુ, કેવળીપ્રભુ અથવા તો શ્રી સત્પુરુષના યોગબળની સહાયથી પોતાના પુરુષાર્થને ફોરવી, જીવ મિથ્યાત્વને દબાવી, અવ્યક્તપણે માર્ગની જાણકારી મેળવી, અસંખ્યાત સમયથી વધારે સમય માટે દેહ તથા આત્માની ભિન્નતાનો અનુભવ કરવા માંડે છે. અને પોતાના પુરુષાર્થ પ્રમાણે ઉત્તમ આત્માનો સાથ મેળવી મહાસંવરના માર્ગને આરાધી, આત્મદશામાં આગળ વધતાં વધતાં જીવ જ્યારે પાંચ મિનિટ સુધી દેહાત્માની ભિન્નતા અનુભવવા સુધીનો વિકાસ કરે છે ત્યારે તે ઉપશમ સમ્યક્ત્વ પામ્યો કહેવાય છે. આઠ સમયથી વધારે કાળની ભિન્નતાથી શરૂ કરી પાંચ મિનિટ સુધીની ભિન્નતાના અનુભવને 'નિશ્ચયથી વ્યવહાર સમકિત' ગણવામાં આવે છે. આ કાળમાં જીવના પોતાના પુરુષાર્થ કરતાં ઉત્તમ પુરુષનું યોગબળ વિશેષ કાર્યકારી થતું હોય છે, ત્યારે પાંચ મિનિટથી વિશેષ સમયની ભિન્નતા અનુભવવા માટે જીવનો પુરુષાર્થ તથા તેનું સંજ્ઞાના ઉપયોગ સાથેનું આજ્ઞાધીનપણું વિશેષ કાર્યકારી થતું હોય છે. તેથી પાંચ મિનિટ પછીની ભિન્નતાનો અનુભવ ઉપશમ સમકિત તરીકે ઓળખાય છે.

## ૯. ક્ષયોપશમ સમકિત મેળવતાં

એક વખત ઉપશમ સમકિત પ્રાપ્ત કર્યા પછી જીવની કર્મ સામે લડવાની શક્તિ વધી જાય છે. તેને સદ્‌ગુરુનાં શરણમાં રહેવાની જરૂરિયાત સમજાતી જાય છે, સાથે સાથે તે માટે શિષ્ય તરીકે તેનામાં કેવી યોગ્યતા હોવી જોઈએ તેનો લક્ષ પણ તેને આવતો જાય છે. તે ઉપરાંત સદ્‌ગુરુ તથા ઉત્તમ સત્પુરુષ પાસેથી તેને જે માર્ગદર્શન મળે છે તેના આધારે મોક્ષમાર્ગની સાચી સમજણ અવ્યક્ત કે વ્યક્તપણે વધતી જાય છે, અને કર્મ બંધાવાનાં જે પાંચ કારણો છે તેનો ક્ષય કઈ રીતે કરતા જવો તેની આવડત પણ તેનામાં આવતી જાય છે. આ આવડતનો ઉપયોગ કરી તે કર્મ સામે સ્વતંત્ર તથા સક્રિય લડાઈ કરી જીતતો જાય છે.

કર્મ બંધાવાનાં પાંચ કારણો – મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ – ને ઉપશમાવવા, ક્ષયોપશમ કરવા તથા ક્ષય કરવા માટે શ્રી જિનેશ્વરદેવે પાંચ માર્ગની પ્રરુપણા કરી છે –

અ. ભક્તિમાર્ગ, જ્ઞાનમાર્ગ, ક્રિયામાર્ગ તથા યોગમાર્ગ.

બ. આજ્ઞા માર્ગ.

ક. નિર્ગ્રંથ માર્ગ.

ડ. નિર્વાણ માર્ગ.

ઈ. પરિનિર્વાણમાર્ગ – જેનાં બે ભાંગા છે : (અ) સયોગી પરિનિર્વાણ માર્ગ અને (બ) અયોગી પરિનિર્વાણ માર્ગ.

## અ. ભક્તિમાર્ગ

મિથ્યાત્વને ઉપશમાવવા માટે, ક્ષયોપશમ કરવા માટે તથા ક્ષય કરવા માટે ભક્તિમાર્ગ એ ઉત્તમ માર્ગ છે. અન્ય માર્ગ જેવાકે જ્ઞાનમાર્ગ, ક્રિયામાર્ગ તથા યોગમાર્ગ ઇત્યાદિ દ્વારા મિથ્યાત્વને છોડી શકાય છે, પણ તેમાં જીવને ઘણો વિશેષ પુરુષાર્થ કરવો પડે છે. કેમકે તેમાં જીવને માર્ગદર્શક ભોમિયા તરીકે ઉત્તમ આત્મા મળે કે ન મળે, એટલું જ નહિ પણ માર્ગદર્શક પ્રતિ તેને ઉત્તમ ભાવ રહે અથવા ન પણ રહે, જે કાર્યસિદ્ધિ માટે સ્વપુરુષાર્થની બળવત્તરતા માગે છે. અને તેમાંથી સાધકને માનભાવ નિષ્પન્ન થવાનો ઘણો મોટો સંભવ રહે છે. ત્યારે શ્રી જિનેશ્વરદેવ પ્રરૂપિત ભક્તિમાર્ગમાં સત્દેવ, સદ્ગુરુ, સદ્ધર્મ તથા સત્શાસ્ત્રો માટે સાધકને અહોભાવ, પૂજ્યભાવ, પ્રેમભાવ, વિનયભાવ, શ્રદ્ધાભાવ, અર્પણભાવ તથા આજ્ઞાભાવ સતત વધતી માત્રામાં વેદાય છે. ભક્તિમાર્ગ એ અન્ય માર્ગો કરતાં ઘણો ચડિયાતો છે તે આપણે પૂર્વે જાણ્યું છે. ભક્તિમાર્ગમાં કલ્યાણનાં પરમાણુઓ પ્રત્યે અને પોતાના સદ્ગુરુ પ્રત્યે જે રાગભાવ ઉત્પન્ન થાય છે, તે મિથ્યાત્વરૂપી મહાશત્રુને બાળવા માટે પરમ અને પૂર્ણ ઇંધનનું કામ કરે છે. કલ્યાણભાવ એ ભક્તિની જનની છે, અને

ભક્તિ એ કલ્યાણભાવને માર્ગ આપવા માટે તથા કલ્યાણના પરમાણુઓને આત્મા પર આવી એકઠા થવા માટે આવાહન આપે છે. ભક્તિમાર્ગ અસંજ્ઞીપણામાં તથા સંજ્ઞીપણામાં પહેલા ગુણસ્થાનથી શરૂ કરી પાંચમા ગુણસ્થાનના મધ્યભાગ સુધી મુખ્યતાએ વર્તે છે.

## બ. આજ્ઞામાર્ગ

આજ્ઞામાર્ગ એટલે જે માર્ગમાં જીવ અંતરંગથી પોતાનાં મન, વચન તથા કાયાને સર્વ સદ્‌ગુરુનાં શરણમાં સોંપે છે, પોતાની મતિકલ્પનાને અલ્પ તથા ન્યૂન જાણી, તેને તે ત્યાગતો જાય છે, અને પોતે માત્ર પરમ સેવક તથા ઉપાસકરૂપે પોતાની અંતરંગ ચર્યાને ઘડતો જાય છે. આજ્ઞામાર્ગ પાંચમા ગુણસ્થાનના મધયમભાગથી શરૂ કરી છઠ્ઠા ગુણસ્થાનના અંત સુધી કાર્યરત રહે છે; ભક્તિ વધારે શુધ્ધ થવાથી આજ્ઞા ઉત્પન્ન થાય છે. આજ્ઞામાર્ગનો મૂળ પાયો વિનય છે; જીવમાં જેટલો વિનયભાવ વધારે તેટલો વિશેષ તે આજ્ઞામાર્ગ આરાધી શકે છે. આ માર્ગમાં જીવ અવિરતિ એટલે કે સ્વચ્છંદનો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય કરે છે. આ માર્ગનો મુખ્ય હિસ્સો છઠ્ઠા ગુણસ્થાનના અંત સુધી છે, પરંતુ તે પછીની અવસ્થામાં તે ભક્તિ તથા આજ્ઞામાર્ગ અન્ય માર્ગ સાથે એકરૂપ થઈ પોતાનો ફાળો આપતા રહે છે, તે વિલીન થતા નથી.

## ક. નિર્ગ્રંથમાર્ગ

નિર્ગ્રંથમાર્ગમાં જીવ પોતાનાં આંતરબાહ્ય સમૃદ્ધિ, શકિત, વૈભવ આદિનું મમત્વ ત્યાગી, તેને શ્રી સત્પુરુષને અર્પણ કરી દે છે. અને તે સત્પુરુષ સાથે એકરૂપ થઈ, સ્વચ્છંદનો રોધ કરી, પોતાના અસ્તિત્વને સત્પુરુષમાં સમાવી દે છે. જેથી તેનો કર્માશ્રવ અતિ અલ્પ તથા કર્મનિર્જરા વિસ્તૃત થતી જાય છે. નિર્ગ્રંથમાર્ગ સાતમા ગુણસ્થાનના પ્રારંભથી શરૂ કરી, તેના અંત સુધી મુખ્યતાએ પ્રવર્તે છે, અને તે પછી આ માર્ગ સહાયકરૂપે રહી પોતાનું કાર્ય કરતો રહે છે. નિર્ગ્રંથમાર્ગનાં આચરણથી જીવ પોતાના પ્રમાદનો ઉપશમ, ક્ષયોપશમ તથા ક્ષય કરતો જાય છે.

## ડ. નિર્વાણમાર્ગ

આ માર્ગમાં જીવ પોતાના આત્માના ગુણોની પૂર્ણતાએ ખીલવણી કરી, સિદ્ધ ભગવાનનાં પહેલાં ચાર લક્ષણોની પ્રાપ્તિ કરે છે. આ માર્ગ કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત ચારિત્ર (યથાખ્યાત ચારિત્ર), તથા અનંતવીર્યની પ્રાપ્તિનો છે, જેના થકી આત્માને અવ્યાબાધ સુખ મળે છે. નિર્વાણમાર્ગનાં આરાધનથી જીવ કષાયનો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય કરી શકે છે. ઉપશમ કે ક્ષયોપશમ કરનાર જીવ થોડા કાળ પછી માર્ગથી પતન પામી નીચે ઊતરી આવે છે, અને ક્ષય કરનાર આત્મા પૂર્ણ શુધ્ધ થઈ તેરમા ગુણસ્થાને પહોંચે છે. નિર્વાણમાર્ગ આઠમા ગુણસ્થાનથી શરૂ કરી બારમા ગુણસ્થાના અંત સુધી મુખ્યતાએ કાર્યરત રહે છે, તે પછી તે પરોક્ષરૂપે ભાગ ભજવે છે.

## ઈ. પરિનિર્વાણ માર્ગ

આ માર્ગના આરાધનથી આત્મા પોતાનાં તેજસ તથા કાર્મણ શરીરનો પૂર્ણતાએ ક્ષય કરવાનો પુરુષાર્થ કરી શકે છે. અને તે આત્મામાંથી પરમાત્મા બની, સિદ્ધભૂમિમાં સિદ્ધાત્મારૂપે અક્ષય સ્થિતિને પ્રાપ્ત કરે છે. પરિનિર્વાણ માર્ગ બે ભાગમાં વહેંચાયેલો છેઃ સયોગી પરિનિર્વાણ માર્ગ અને અયોગી પરિનિર્વાણ માર્ગ.

સયોગી પરિનિર્વાણમાર્ગ મુખ્યતાએ તેરમા ગુણસ્થાને વર્તે છે. તે શ્રી કેવળીપ્રભુને અઘાતી કર્મોની ઉત્તમતાએ નિર્જરા કરવામાં ખૂબ સહાયકારી થાય છે. આ માર્ગના આરાધનથી કર્મબંધના પાંચ કારણોમાંથી માત્ર યોગના કારણથી જ પ્રભુને કર્મબંધ થાય છે, અને તે પણ માત્ર શાતાવેદનીય પ્રકારનો. યોગના જોડાણ વખતે પ્રભુને પૂર્વબધ્ધ અઘાતી કર્મોની બળવાન નિર્જરા થાય છે, સાથે સાથે કલ્યાણભાવના ઉત્તમ પરમાણુઓનો આશ્રવ થાય છે. અને જે વખતે પ્રભુને યોગ સાથેનું જોડાણ હોતું નથી, તે વખતે તેમને પૂર્વબધ્ધ કર્મોનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થાય છે, પરંતુ નવો આશ્રવ અલ્પ માત્રામાં પણ થતો નથી. સાથે સાથે આ માર્ગ પ્રભુને યોગનો ઉપશમ અને ક્ષયોપશમ કરાવે છે. આ માર્ગ મુખ્યતાએ આત્માને તેરમા ગુણસ્થાને પ્રવર્તે છે.

બીજો અયોગી પરિનિર્વાણ માર્ગ છે, તે શ્રી કેવળી પ્રભુને યોગનો ક્ષય કરાવે છે. આ માર્ગ કેવળી સમુદ્‌ઘાત વખતે પ્રભુનાં સર્વ કર્મોને સમકાળના કરાવી મોક્ષમાં જવાનો માર્ગ આપે છે. અને સમુદ્‌ઘાત કર્યા પછી પ્રભુ મન, વચન તથા કાયાના ત્રણે યોગને રુંધી, તેનો ક્ષય કરી પૂર્ણ શુદ્ધ થઈ સિદ્ધભૂમિમાં સિદ્ધાત્મા રૂપે સ્થિર થાય છે. આ માર્ગ મુખ્યતાએ ચૌદમા ગુણસ્થાને વર્તે છે.

આ પાંચે માર્ગની અતિ સામાન્ય જાણકારી જીવને ઉપશમ સમકિત લીધા પછી મળતી જાય છે, તેમજ તેના યોગ્ય પુરુષાર્થને કારણે તેની ક્ષયોપશમ સમકિત લેવાની તૈયારી પણ ક્રમે ક્રમે થતી જાય છે.

ભક્તિમાર્ગ સિવાયના બાકીના ચાર માર્ગમાં એટલે કે આજ્ઞામાર્ગ, નિર્ગ્રંથમાર્ગ, નિર્વાણમાર્ગ અને પરિનિર્વાણ માર્ગમાં અમુક કાર્ય પૂર્ણ આજ્ઞાએ થાય છે અને અમુક કાર્ય સ્પૃહા એટલે ભક્તિ સહિત થાય છે, તે કઈ રીતે છે તેનો આપણે વિચાર કરીએ.

ભક્તિમાર્ગમાં સસ્પૃહ ભક્તિ હોય છે. એટલે જીવનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ એ પાંચે સમવાય અપૂર્ણ આજ્ઞામાં અર્થાત્‌ સ્પૃહા સહિત હોય છે.

આજ્ઞામાર્ગમાં જીવ ભાવથી પૂર્ણ આજ્ઞામાં વર્તે છે, પરંતુ તેનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભવ સસ્પૃહ ભક્તિવાળા હોય છે, અર્થાત્‌ અપૂર્ણ આજ્ઞામાં પ્રવર્તતાં હોય છે.

નિર્ગ્રંથમાર્ગમાં જીવ, દ્રવ્ય અને ભાવથી પૂર્ણ આજ્ઞામાં વર્તતો હોય છે, પણ તેનાં ક્ષેત્ર, કાળ અને ભવ સસ્પૃહ ભક્તિવાળાં અર્થાત્‌ અપૂર્ણ આજ્ઞામાં પ્રવર્તતાં હોય છે.

નિર્વાણમાર્ગમાં રહેલો આત્મા દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવથી પૂર્ણ આજ્ઞામાં પ્રવર્તે છે, ત્યારે કાળ અને ભવથી તેને ભક્તિમાર્ગ રહે છે; અર્થાત્‌ અલ્પાંશે અપૂર્ણતા વર્તે છે.

સયોગી પરિનિર્વાણ માર્ગે આત્મા દ્રવ્ય, ક્ષેત્ર, બે સમયથી વધારેનો કાળ અને ભાવથી પૂર્ણાજ્ઞામાં રહે છે, ત્યારે ભક્તિમાર્ગમાં તે આત્મા એક સમય માટે યોગ સાથે જોડાય છે તે કાળે તથા ભવથી રહે છે. અને અયોગી પરિનિર્વાણ માર્ગમાં રહેલો આત્મા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ તથા ભવથી પણ પૂર્ણ આજ્ઞામાં રહે છે. તે પછીના જ સમયે તે આત્મા પૂર્ણાજ્ઞામાં રહી સિદ્ધ થાય છે.

આમ જોઈએ તો ભક્તિમાર્ગ એ જ્ઞાનમાર્ગ, ક્રિયામાર્ગ, કે યોગમાર્ગ કરતાં આગળ વધવા માટે ઉત્તમ માર્ગ છે. તેની સાથે ભક્તિમાર્ગ એ આજ્ઞામાર્ગ, નિર્ગ્રંથમાર્ગ, નિર્વાણમાર્ગ, સયોગી પરિનિર્વાણમાર્ગ અને અયોગી પરિનિર્વાણમાર્ગ તરફ આગળ વધવા માટે સેતુરૂપ બને છે. અને એથી જ ભક્તિમાર્ગને આરાધી આગળ વધનાર જીવ ત્વરાથી આત્મવિકાસ કરી શકે છે. તે જીવને વિકસવા માટે શ્રી સદ્‌ગુરુ તથા શ્રી પંચપરમેષ્ટિ ભગવંતોનો અમૂલ્ય સાથ મળે છે, જે તેનાં ઉપશમ સમ્યક્‌ત્વને ક્ષયોપશમ સમ્યક્‌ત્વરૂપ બનાવે છે. ક્ષયોપશમ સમકિત લેવાથી જીવનાં મિથ્યાત્વનાં દળિયાં અને સર્વ અનંતાનુબંધી કષાયો સત્તામાં ચાલ્યા જાય છે, તે ઉપશમરૂપ થઈ જાય છે; અને તેને સ્વાત્માની પ્રતીતિ સ્પષ્ટપણે અનુભવાય છે. આમ આ માર્ગે આગળ વધવાથી પછીનો તેનો વિકાસ પણ ઝડપથી થતો જાય છે.

આવો ભક્તિરૂપી સેતુ જીવમાં વિનય કેળવે છે; જે સાધનથી તે માનરૂપી મહાશત્રુને પહેલેથી જ પરાજિત કરતો જાય છે. આ પરથી એક નિયમ આપણને સમજાય છે. જ્ઞાનમાર્ગ, યોગમાર્ગ કે ક્રિયામાર્ગથી આગળ વધતો જીવ પહેલા શક્તિનો સંચય કરે છે. એટલે કે તે પહેલાં કાર્યની જાણકારી મેળવે છે – શક્તિ ગ્રહણ કરે છે અને તે શક્તિની માત્રામાં કાર્યની ઈચ્છા કરે છે.

ભક્તિમાર્ગમાં વર્તતો જીવ આનાથી જુદું વર્તે છે. ભક્તિમાર્ગનો પાયો યાચનાથી બંધાય છે. માગણીના પ્રકારને આધારે ભક્તિમાર્ગનો રસ્તો ઘડાય છે. યાચનાનું મુખ્ય લક્ષણ એ છે કે યાચક કાર્ય કરવાની ઈચ્છા પહેલાં કરે છે, અને પછીથી તે દાતા પાસે એ કાર્યની સિદ્ધિ કરાવવા માટે જાણકારી તથા શક્તિની માગણી કરે છે. દાતા જો પરમ વીર્યવાન હોય અને સાથે કરુણાભાવથી સભર હોય તો તે યાચકને સાચી જાણકારી આપે છે, શક્તિ આપે છે અને કાર્યસિદ્ધિ કરવામાં સહાય પણ કરે છે. તેથી જીવને આ માર્ગે આગળ વધવું ઘણું સહેલું લાગે છે, કેમકે તેને સબળનું પીઠબળ મળે છે. તે ઉપરાંત તેને એક અપૂર્વ ચાવી પણ મળે છે, તેને નિશ્ચય થાય છે કે, મારી જાણકારી વગર, શક્તિ વગર, પણ પરમ વિનયથી હું સામર્થ્યવાન દાતા પાસે દુષ્કરમાં દુષ્કર કાર્યની સિદ્ધિ માગીશ તો પણ તે કરુણામય દાતા મને એ સિદ્ધિ જરૂર

આપશે જ. આ સાથે તે યાચકને પોતાના ગજાબહારની કાર્યસિદ્ધિની ઈચ્છા થયા કરે છે. તેનાથી તેને બે મોટા લાભ થાય છે. (૧) યાચક હંમેશા આગળ જ જુએ છે. (૨) ગજાબહારની કાર્યસિદ્ધિની ઈચ્છા કરવાથી તેને પૂર્વે કરેલી કાર્યસિદ્ધિનો માનભાવ આવતો નથી; કારણ કે તે પ્રત્યક્ષપણે અનુભવે છે કે કાર્યસિદ્ધિ તે દાતાની કરુણાનું ફળ છે. આમ તે માનરહિત બની પ્રભુ અને સદ્‌ગુરુ પાસે યોગ્ય પ્રાર્થના તથા વિનંતિ કરતાં કરતાં પોતાનાં મિથ્યાત્વનાં અને મોહનાં અન્ય દળિયાં તોડતો જાય છે. અને સમ્યક્‌ત્વનો ભોકતા સહજતાથી થઈ જાય છે. અને ત્યારે તે સિદ્ધિ ગ્રહતી વખતે તે પ્રભુકૃપાથી સહેજે મહાસંવરના માર્ગનો આરાધક બની જાય છે.

## ૧૦. ક્ષાયિક સમકિત ફોરવતાં

શ્રી સદ્‌ગુરુનાં આધાર અને સહાયતા મેળવી જીવ ભક્તિમાર્ગે આગળ વધે છે ત્યારે તે મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયના સર્વ કર્મોનો ક્ષય કરવા તથા શુધ્ધ સમકિત પ્રાપ્ત કરવા સદ્‌ભાગી થાય છે. ત્યારથી તેને આત્માની પ્રતીતિ નિરંતર રહ્યા કરે છે. આવી પ્રતીતિના પ્રભાવથી તેનું આજ્ઞામાર્ગ પ્રતિનું આકર્ષણ વધતું જાય છે. કર્મકટિનું આ કાર્ય કરતી વખતે પ્રભુકૃપાથી તે સંવર તથા મહાસંવરના માર્ગની આરાધના કરે છે. આ આરાધનાની અસરથી તેને જણાય છે કે, 'મારે હવે જલદીથી આજ્ઞામાર્ગમાં પ્રવેશ કરવો છે. મારું બાહ્ય વર્તન મને સંતોષકારક જણાતું નથી. અઢાર પાપસ્થાનકોમાંનાં કેટલાંક સ્થાનોને હું દ્રવ્યથી અથવા ભાવથી અગર ઊભય રીતે સ્પર્શું છું. મારી આંતરબાહ્ય ચર્યા એવી થતી જાઓ કે સહજતાએ આ બંને ચર્યા શુધ્ધ તેમજ શુક્લ થતી જાય.'

આમ પોતાનો આત્મવિકાસ સાધતા સાધતા તે જીવ દ્રવ્યથી તેમજ ભાવથી ધર્મનું શુધ્ધ પાલન કરવાનું કપરું કાર્ય પાર પાડવા ઈચ્છતો રહે છે. આ ઇચ્છા મનમાં રમ્યા કરતી હોવાને કારણે તેને પોતાની વર્તમાન ચર્યા નબળી લાગે છે, અને તે સહજતાએ પોતાને હીનપુરુષાર્થી સમજતો થાય છે. પરિણામે તે જીવ સહેજે – સ્વાભાવિક રીતે પોતાના પૂર્વના વિભાવની ક્ષમાપના કરવા લાગે છે; અને પોતે ઈચ્છેલું કપરું જણાતું કાર્ય સિદ્ધ કરવા માટે તે પ્રાર્થના કરતો થાય છે. એનાં ફળરૂપે

તેનાં અંતરાય કર્મ વિના વિઘ્ને તૂટતાં જાય છે. આ માર્ગે જતાં, પોતાની વર્તમાન શક્તિ કરતાં વધારે માંગવાની ઈચ્છાથી અને તેનાથી મળતી પ્રભુની સહાયતાથી જીવને ચડિયાતા માર્ગ પર ચાલવામાં મુશ્કેલી અનુભવાતી નથી, કેમકે તેનું જે લક્ષ છે તે તેની મુશ્કેલી કરતાં ઘણું મોટું છે. તેનાં કારણે જીવને આજ્ઞામાર્ગમાં જવા અને આજ્ઞામાર્ગથી આગળ વધી નિર્ગ્રંથમાર્ગ પર સરવા માટે જે ઉદિત સંજોગો સાથે સમાધાન કરવાનું હોય છે તે ખૂબ સહેલાઈથી થતું જાય છે. આમ ભક્તિમાર્ગ સુંદર કલ્યાણકારી સેતુ બની જીવને આગળ વધારે છે. જીવ આજ્ઞાનું મહત્ત્વ સમજાતાં ભાવ કરતો થાય છે કે,

"પરમ શ્રી પ્રભુની કૃપાથી અને આજ્ઞામાં રહેવાથી, જે આજ્ઞાની મને પ્રાપ્તિ થઈ છે, તેને માટે હું પરમ આભાર અને અહોભાવ વેદી શ્રી પ્રભુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરું છું. તે સાથે હું એવી ભાવના ભાવું છું કે મળેલી આજ્ઞાને હું પૂર્ણ આજ્ઞાથી ઉત્કૃષ્ટપણે તથા યથાર્થપણે પાળી શકું, અને પરમ મૈત્રીથી ઉપજતી વીતરાગતા મેળવી મહાસંવરના માર્ગને માણી શકું તે માટે, હે પ્રભુ ! આપ કૃપા કરી મને શ્રી પંચપરમેષ્ટિ ભગવંતની કૃપા અને આજ્ઞામાં લીન બનાવો."

## ૧૧. પાંચમા ગુણસ્થાને જતાં

## ૧૨. છઠ્ઠા ગુણસ્થાને પહોંચતા

ચોથા ગુણસ્થાને રહેલા જીવને પોતાનું સ્વરૂપ માણવામાં જે જે પદાર્થો કે પરિસ્થિતિ વિઘ્નરૂપ જણાય છે તે તે છોડતા જવાનો ભાવ તેનામાં ઉત્પન્ન થાય છે, કારણ કે સ્વસ્વરૂપનો જે આસ્વાદ તેને મળ્યો છે તેનું આકર્ષણ તેને વિઘ્નકર્તા સંસારી પદાર્થોના ત્યાગ પ્રતિ દોરી જાય છે. અને આ દેશત્યાગ કરી જીવ પાંચમા ગુણસ્થાને આવે છે ત્યારે તે ટૂંકા કાળ માટે મહાસંવરના માર્ગનું આરાધન કરી વિકાસ પામે છે.

'આણાએ ધમ્મો, આણાએ તવો' એ મુક્તિ મેળવવા માટે ટૂંકામાં ટૂંકો સહુથી સહેલો છતાં સૌથી તીક્ષ્ણ માર્ગ છે. આ માર્ગમાં ધર્મ એટલે 'આત્માનો મૂળ સ્વભાવ'

કેળવવા માટે આજ્ઞાનો આધાર લેવામાં આવ્યો છે. કેવળજ્ઞાન મેળવ્યા પહેલા જીવ વધુમાં વધુ બે ઘડી સુધી મૂળ સ્વભાવ (ધર્મ)માં રહી શકે છે. એ સમય દરમ્યાન કે પછી જીવનાં કોઈને કોઈ પૂર્વસંચિત કર્મ કોઈક પ્રકારે ઉદયમાં આવી જીવને તેના મૂળ સ્વભાવથી એટલે કે ધર્મથી ચ્યુત કરે છે. આવા ઉદય વખતે ટકી રહેવા માટે શ્રી જિનેશ્વર દેવે આજ્ઞામાર્ગની બીજી ભૂમિકા અર્થાત્ 'આજ્ઞારૂપી તપ' નું નિરૂપણ કર્યું છે. તેની સહાયથી એટલે કે આજ્ઞાથી આચરેલા ધર્મ અને તપથી મુક્તિનો માર્ગ સરળ, સુગમ અને ટૂંકામાં ટૂંકો બને છે. આ પ્રકારે આચરેલી આજ્ઞા જીવને સ્વચ્છંદનો નિરોધ કરાવી, ભક્તિમય સોંપણી દ્વારા છઠ્ઠા ગુણસ્થાને લાવે છે. વિકાસના આ પગથિયે પણ જીવ મહાસંવરના માર્ગનું આરાધન કરતો હોય છે.

છઠ્ઠા ગુણસ્થાને આવ્યા પછી જીવને મુખ્યતાએ ત્રણ કારણોથી કર્મ બંધાય છે – પ્રમાદ, કષાય અને યોગ.

પ્રમાદ જીવને અનુદ્યમી બનાવે છે. આ અનુદ્યમ જીવ સંવર કરવામાં, નિર્જરા કરવામાં કે બંને કરવામાં કરી શકે છે. જે ન કરવા માટે શ્રી મહાવીર સ્વામીએ ગૌતમસ્વામીને બોધ્યું હતું, કે "હે ગૌતમ! સમય માત્રનો પણ પ્રમાદ કરીશ નહિ." કર્મબંધના પાંચ કારણમાંથી પહેલાં ત્રણ કારણો – મિથ્યાત્વ, અવિરતિ અને પ્રમાદમાં જીવ સંવર તથા નિર્જરા કરવામાં લગભગ સરખો પુરુષાર્થ કરે છે. પરંતુ કષાય તથા યોગના કારણમાં જીવે સંવર તથા નિર્જરાના પુરુષાર્થને છૂટા પાડવા પડે છે, કારણ કે ત્યાં કર્મનું સ્વરૂપ એવું સૂક્ષ્મ થઈ જાય છે કે સંવરથી રોકાતાં કર્મની પ્રક્રિયામાં અને નિર્જરાથી ખેરવાતાં કર્મની પ્રક્રિયામાં ઘણો તફાવત પડે છે. તેથી તેમાં પુરુષાર્થની દૃષ્ટિએ પણ ઘણો તફાવત થાય છે.

જીવ કર્મ ઘટાડવા માટે બે પ્રકારે પુરુષાર્થ કરી શકે છેઃ સંવર પ્રેરિત નિર્જરાનો અને નિર્જરા પ્રેરિત સંવરનો. પરંતુ આ બે પ્રકારના પુરુષાર્થ વચ્ચેનો ભેદ, જેમ જેમ જીવની આત્મિક શુદ્ધિ વધતી જાય છે તેમ તેમ ઘટતો જાય છે. અને તેથી આગળ વધતાં તે જીવ આ બંને પુરુષાર્થ એક સાથે પણ કરી શકે છે.

છઠ્ઠા ગુણસ્થાને વર્તતા જીવને જ્યારે ભેદજ્ઞાનનું ઊંડાણ મળતું જાય છે ત્યારે તેને લોકમાં રહેલાં છ દ્રવ્યમાંના એક ચેતનની વિશેષતા તથા અનન્યતા સમજાતી જાય છે. તેની સાથે સાથે અન્ય અસ્તિકાયનો ફાળો પણ ચેતન સાથે કઈ રીતે છે તેની તેને સ્પષ્ટતા થતી જાય છે. આ અસ્તિકાયમાંનું પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય આત્મિક ભાવને કર્મરૂપી શરીર આપી, આત્માનાં કર્તાપણા, ભોક્તાપણા તથ નિત્યપણા સાથે અસ્તિત્વ, મોક્ષત્વ અને મોક્ષના ઉપાયરૂપ છ પદનું ભાન કરાવે છે.

જે પ્રક્રિયાથી જીવના ભાવ કર્મરૂપી પુદ્‌ગલને પોતા પર આકર્ષે છે, તે પ્રક્રિયાનો લક્ષ થતાં એ જીવને ખ્યાલ આવે છે કે ‘હું સ્વતંત્ર છું. કર્મપુદ્‌ગલાદિ સર્વ અસ્તિકાય મારા આશ્રિત છે. જો હું યોગ્ય ભાવ કરીશ તો તે સર્વ અસ્તિકાયને કાર્યકારી થવું પડશે. માટે હે આત્મન્! તું જેટલો સ્થિર થઈશ, વિભાવ રહિત થઈશ તેટલા અંશે આ પંચાસ્તિકાય નિષ્ક્રિય થતાં જશે. તારી શુદ્ધિ વધારતાં તું તેમના પર સિદ્ધ થતો જઈશ.’ આ પ્રકારનો બોધ સ્વીકારી તે પોતાની શુદ્ધિ વધારતો જઈ સિદ્ધિને ત્વરાથી મેળવતો જાય છે.

અનાદિકાળથી કર્મભારથી લદાયેલા જીવને પાંચ સમવાયની ગોઠવણી પ્રમાણે તેનો ઉદય વેઠવો પડે છે. એ ઉદય વખતે પોતાનાં જ વીર્યથી બંધાયેલા કર્મનો ગુલામ થઈ, વિભાવમાં જઈ, જીવ નવાં કર્મો ઉપાર્જન કરે છે. આ પ્રક્રિયા અનાદિ સાંત છે. જીવ આ પુદ્‌ગલ પરમાણુઓનાં આકર્ષણમાં કોઈકવાર શુભભાવ વેદી પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓને પણ આકર્ષી સ્વીકારે છે. આ પરમાણુઓમાં શુદ્ધિ અને કરુણા સાથે ‘મહાસંવરનો માર્ગ’ પણ ગુપ્ત રીતે સમાયેલો હોય છે. આ માર્ગનો ઉદ્દેશ અને ઉપદેશ એ છે કે, ‘હે જીવ! હવે થોભ! પરિભ્રમણથી અટક. કર્મબંધન આપનાર વિભાવથી વિરામ પામ. અંતર્મુખ થા! તને પૂર્વે ન અનુભવાયેલી એવી અદ્‌ભુત શાંતિ મળશે.’

આ પ્રકારે ગ્રહણ કરાયેલા કલ્યાણનાં પરમાણુઓની સંખ્યા અમુક માત્રાએ પહોંચે છે અને તેને કોઈક વૈરાગ્યપ્રેરક નિમિત્ત મળે છે, ત્યારે એ જીવમાં સંસારથી છૂટવાની

લાગણી જન્મે છે. આ લાગણીથી થતા ભાવને અનુરૂપ કર્મપરમાણુના સ્કંધને તે આવકારે છે, જેનાથી તેના ભાવ પૂરા થવામાં તેને સહાયતા મળે છે. આ ભાવના આધારથી તે જીવ સહજતાએ તે વખતે સંસારને વધારનારા કર્મનો આશ્રવ ઘટાડે છે, એટલે કે તે સંવર આચરે છે. આમ વારંવાર થયા પછી જ્યારે તેના છૂટવાના ભાવ ઉગ્રરૂપ ધારણ કરે છે ત્યારે તે જીવ પૂર્વે સંચિત કરેલાં સર્વ કર્મ, જે તેનાં ધ્યેયને પાર પાડવામાં આડા આવે છે, તેને નિઃશેષ કરવાના ભાવ કરે છે. પરિણામે તે જીવ પોતાનાં ધ્યેયને સાર્થક કરવા માટે યોગ્ય તપરૂપી આરાધન કરવાનો પુરુષાર્થ કરે છે. આ ભાવની પરંપરાને આપણે શાસ્ત્રીય પરિભાષામાં 'સકામ સંવર' કહી શકીએ. આમ કોઈ પણ સિદ્ધિ મેળવવા માટે જીવ સામાન્યપણે પહેલા સંવર કરે છે અને પછી પૂર્વકર્મની નિર્જરા કરે છે. આમ કરવામાં જીવ જો પ્રમાદરહિત બને તો તે ત્વરાથી સિદ્ધિ મેળવે છે, અને પ્રમાદી થાય તો તેને સિદ્ધિ મેળવવામાં વિલંબ થયા કરે છે. ટૂંકામાં કહીએ તો જીવે જ્યારે જ્યારે આત્મવિકાસ સાધવો હોય ત્યારે ત્યારે અપ્રમાદી થવું જ પડે છે. પ્રમાદથી વિકાસ અટકી જાય છે.

આમાં પુરુષાર્થની ભિન્નતાવાળા બે માર્ગ આ લોકમાં આપણને જોવા મળે છે. એક સંવરની મુખ્યતાવાળો માર્ગ અને બીજો નિર્જરાની મુખ્યતાવાળો માર્ગ. સંવરપ્રધાન માર્ગમાં જીવ આ સંસારથી છૂટવાના ભાવને જ પ્રાધાન્ય આપે છે, તે જીવ પૂર્વકર્મ નિઃશેષ કરવામાં મંદ થાય છે કે પ્રમાદી થાય છે. આવા પુરુષાર્થને કારણે જીવ સૂક્ષ્મ કે મધ્યમ તીવ્રતાવાળા કર્મના ઉદય વખતે સ્થિર રહી શકે છે, પણ ઉગ્ર કર્મોદય વખતે તે જીવ તીવ્રભાવમાં સરી પડી પોતાનો સંસાર લંબાવી નાખે છે, મોક્ષને દૂર કરે છે. તેથી આ માર્ગ શ્રેષ્ઠ માર્ગ નથી.

કેટલાક જીવો આ માર્ગથી તદ્દ્ન વિપરીત એવા નિર્જરાપ્રધાન માર્ગને સેવે છે. આ માર્ગે આગળ વધતો જીવ કોઈ શુભ ઋણાનુબંધીને પૂર્વ સંચીત કર્મની નિર્જરા કરતો જોઈ, એના જેવો પુરુષાર્થ કરવા પ્રેરાય છે. વળી, આવો જીવ માર્ગની અધૂરી જાણકારીને ભૂલના કારણે પૂરી જાણકારી ગણે છે, અને એ રીતે માર્ગનું આરાધન કરે છે. તેથી આ જીવ વિભાવ કરવામાં ક્યાંય મોળો પડવાનો કે મંદ થવાનો

સકામ પુરુષાર્થ કરતો નથી. પરિણામે તે જીવ અમુક કાળ સુધી ઉત્તમ નિર્જરા કરી કર્મનો સ્થિતિઘાત કરે છે, પરંતુ સાથે સાથે તે એટલા જ વિભાવ કરી કર્માશ્રવ પણ એટલો જ વધારી નાખે છે. આ જીવ મોટાભાગે સંવરમાર્ગ આરાધતા જીવ કરતાં મોક્ષપ્રાપ્તિને વિશેષ લંબાવે છે, કેમકે તે જીવ જ્યારે જ્યારે કર્મસ્થિતિને તોડે છે, ત્યારે ત્યારે તેનાં અનુસંધાનમાં પોતાનાં યોગની શક્તિને વધારે છે. જેટલી માત્રામાં તેની યોગશક્તિ વધે છે, તેટલી માત્રામાં તેની વિભાવદશામાં આશ્રવ વધતો જાય છે. પરિણામે તેની સ્થિતિ 'આંધળો વણે અને વાછડો ચાવે' જેવી થઈ જાય છે. આ રીતે પુરુષાર્થ કરતા જીવને કેટલીકવાર એવા ભાવ થઈ જાય છે કે, 'મેં આટલો બધો પુરુષાર્થ કર્યો, તેમ છતાં કર્મ કે સંજોગોમાં કેમ ઈચ્છિત ફેરફાર થતો નથી? કેમ મને ઈષ્ટપ્રાપ્તિનુ ફળ મળતું નથી?' તેમાં પણ જો તેને આવા ભાવનું ઉગ્રપણું આવે તો તેને સત્ધર્મ, સદ્ગુરુ અને સત્શાસ્ત્ર પ્રતિ શંકા, કાંક્ષા આવે છે અને ક્યારેક તેને આર્તધ્યાન પણ થઈ જાય છે.

આથી શ્રી જિને સંવર માર્ગ તથા નિર્જરા માર્ગ કરતાં મહાસંવરના માર્ગને શ્રેષ્ઠ ગણ્યો છે. તેમણે રોમેરોમથી સર્વ આત્માઓનું કલ્યાણ આ ટૂંકામાં ટૂંકા અને સહેલામાં સહેલા માર્ગથી ઈચ્છયું છે. શ્રી જિને આ માર્ગમાં એવું આયોજન કર્યું છે કે જેથી ઉત્કૃષ્ટ સંવર અને ઉત્કૃષ્ટ નિર્જરા એક જ સમયે કાર્યકારી થાય છે. આ માર્ગે ચાલવાથી ઉત્કૃષ્ટ સંવર તથા ઉત્કૃષ્ટ નિર્જરાનો અનુભવ એકી સાથે થતો હોવાથી તે પોતાનાં કર્તાપણાના અને ભોકતાપણાના ભાવને એક જ સમયમાં સ્વભાવ તરફ વાળી શકે છે. આમ કરવાથી જીવ સમાન ઉગ્રતાથી કર્મનો જથ્થો તથા સ્થિતિ છેદી શકે છે. આ પુરુષાર્થથી જીવ પોતાનો મોહ તથા સંસારી સુખબુદ્ધિ તોડવા ઉપરાંત અહિંસાનું યોગ્ય પાલન કરે છે, અને પહેલા માર્ગ કરતાં આ માર્ગમાં વધુ તીક્ષ્ણતાથી અને સહજતાથી પોતાના સ્વભાવમાં વધુ એકરૂપ થાય છે. આમ ઘાતીકર્મનાં સમાંતર છેદનથી એ જીવ મુખ્યત્વે શુભ અઘાતી કર્મ બાંધે છે, પરમાર્થ પુણ્ય બાંધે છે, જેનાં ફળરૂપે તેને પરમાર્થિક સિદ્ધિ મેળવવા વિશેષ સાનુકૂળ સંજોગો મળે છે. આ માર્ગમાં ચાલવાથી તેની ઉપયોગની તીક્ષ્ણતા વધે છે,

અને લોકકલ્યાણના ભાવની વર્ધમાનતા કરતા જવાથી જીવને મહાસંવરના માર્ગમાં ચાલવાની શક્તિ મળતી જાય છે.

## ૧૩ થી ૧૫. સાતમા ગુણસ્થાને આવતાં અને સત્પુરુષની દશા સુધીનો વિકાસ કરતાં

જીવ છઠ્ઠા ગુણસ્થાને પોતાનાં મન, વચન તથા કાયાની સોંપણી શ્રી પ્રભુને તથા સદ્‌ગુરુને કરે છે, ત્યારે તે પ્રભુમાં એકરૂપ થવાની ભાવના ભાવે છે. તેથી તેના મનમાં નીચે જણાવેલી ભાવના સાકાર બનતી જાય છે.

> "હે પ્રભુ! તમે આ દાસ પર પરમ અનુગ્રહ કરી; અપૂર્વ એવો દર્શન, જ્ઞાન, ચારિત્ર તથા ભક્તિનો માર્ગ બતાવી, વચનાતીત છતાં સચોટ અનુભવાય એવા કલ્યાણમાર્ગની પૂર્ણતારૂપ આજ્ઞામાર્ગ, નિર્ગ્રંથમાર્ગ, નિર્વાણમાર્ગ અને પરિનિર્વાણમાર્ગનાં સૂક્ષ્મ ભેદરહસ્યોનું પરમ દાન આપી, અમારા પર અહો! પરમ અહો! એવો ઉપકાર કરી, અમને એ ભેદજ્ઞાનથી વિભૂષિત કર્યા છે. હે પરમ વીતરાગ! તમારી જે પૂર્ણ આજ્ઞાના બળથી આ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે, એ જ આજ્ઞાનાં સાનિધ્યમાં અમે માગીએ છીએ કે એ જ્ઞાન તથા દર્શન અમારા રોમેરોમમાં આજ્ઞામય ચારિત્રથી ફલિત થાઓ. આ કાર્ય પૂર્ણ થવામાં જે જે મોહ તથા અંતરાય કર્મ નડતરરૂપ હોય, એ સર્વ પૂર્વે કરેલા વિભાવના કર્મોની, સર્વ પ્રકૃતિના ક્ષય માટે તમારા ચરણકમળમાં શિષ નમાવી પરમ ક્ષમા માગીએ છીએ. હે કલ્યાણ સિંધુ! ભક્તની ભક્તિ પૂર્ણ કરવામાં જંબુદ્વીપ સમાન! અમારી આ યાચના ત્વરાથી પૂર્ણ કરજો."

છઠ્ઠા ગુણસ્થાનમાં જીવ જ્યારે આગળ વધે છે ત્યારે તે 'આણાએ ધમ્મો, આણાએ તવો'નું મહાત્મ્ય વધારે સારી રીતે સમજી શકે છે. તે આજ્ઞા માર્ગ જ્યારે સમય સમયના ગુંજનથી શરૂ કરી આત્માના પ્રદેશે પ્રદેશમાં વણાઈ જાય છે ત્યારે તે માર્ગને શ્રી જિન ભગવંતે નિશ્ચયથી 'પૂર્ણ આજ્ઞા' તરીકે ઓળખાવ્યો છે. નિશ્ચયથી પૂર્ણ આજ્ઞાના આ માર્ગને પામવા માટે શ્રી જિન ભગવંતે આ પ્રમાણે આત્મિક પુરુષાર્થ

દર્શાવ્યો છે, જેના થકી જીવને આત્મિક શુદ્ધિ પ્રાપ્ત થાય છે અને તે શુદ્ધિ પરમાર્થિક સિદ્ધિનું કારણ, હેતુ તથા નિમિત્ત બને છે.

અનાદિકાળથી સંસારમાં ભમતો જીવ પાંચ કારણોથી કર્મ પુદ્‌ગલનો સતત આશ્રવ કરતો આવ્યો છે. કર્માશ્રવની આ પ્રક્રિયા કોઈ પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ કે ભવ વખતે બંધ થતી નથી. કર્મરૂપી આવો મહારોગ ન મટવાનું મુખ્ય કારણ એ છે કે જીવ સર્વ પ્રકારનાં ભાવ કરતી વખતે કોઈ ને કોઈ જીવ, પદાર્થ, ક્ષેત્ર આદિ માટે પ્રત્યક્ષ કે પરોક્ષભાવે પોતાપણું સેવી, રાગ, દ્વેષ તથા અજ્ઞાનની સેવા કરી, સતત મિથ્યાદૃષ્ટિને સેવતો આવ્યો છે. તે જીવ પોતાના જ અસ્તિત્વને ભૂલી, નકાર કરી પર પદાર્થ કે જીવને પોતાના ગણી, એમાં તાદાત્મ્યભાવ કેળવતો અને અનુભવતો આવ્યો છે. આ ટેવ જીવને અનાદિકાળથી પડેલી છે; અને તે ધારે તો પણ જીવ તે ટેવમાંથી સહેલાઈથી છૂટી શકતો નથી. આ જ કુટેવને સુલટાવી અધ્યાત્મમાર્ગમાં તેનો સદુપયોગ કરવા શ્રી જિનપ્રભુ ભવ્ય જીવોને બોધ આપે છે. ઉદા. વ્યવહારમાં વેપાર કરતી વખતે જીવ પોતાનો માલ ઉધારીથી આપે તો તેને ખોટ ખાવાનો સંભવ રહે છે, જેની સાથે તેણે ધંધો કર્યો છે તે પૈસા આપવામાં નિષ્ફળ જાય તો ઉધાર માલ આપનારને ખોટ ખાવી પડે છે. પરંતુ તે જીવે જો સધ્ધર અને સક્ષમ વેપારી સાથે વેપાર કર્યો હોય તો તેને ખોટ ખાવાનો સંભવ નહિવત્ થઈ જાય છે. ઉપરાંત, આવી સધ્ધર વેપારીની મધ્યસ્થી સાથે તેણે અન્ય વેપારીને માલ આપ્યો હોય તો પણ તેને ખોટ ખાવાનો ભય નડતો નથી, કેમકે સધ્ધર વેપારીની બાંહેધારી હોવાને કારણે તેની કમાણી સુરક્ષિત રહે છે.

શ્રી પ્રભુ ધર્મનો પુરુષાર્થ કરતી વખતે આપણને આ નિયમનું પાલન તથા ઉપયોગ કરવાનો બોધ આપે છે. એક જીવ ‘અ’ બીજા અનેક જીવો જેવાકે ‘બ, ક, ડ’ આદિ સાથે વિભાવ કરતો રહે છે. આ વિભાવને કારણે તે કર્મબંધ તો કર્યા જ કરે છે, પણ સાથે સાથે તે અન્ય જીવો સાથે વેર કે અશુભભાવના બંધ પણ બાંધી નાખે છે. આ કારણને લીધે તેને જ્યારે કર્મ ભોગવવાનું આવે છે ત્યારે તેને બાંધેલા વેર તથા અશુભભાવ પણ ભોગવવા પડે છે. પરિણામે તેને જો એ કર્મ નિવૃત્ત કરવું

હોય તો ઘણું ઘણું વીર્ય ફોરવવું પડે છે. એમ ન થઈ શકે તો એ કર્મ ભોગવતી વખતે તેને નવો વિભાવ ઉત્પન્ન થતો હોવાથી તેને પાછો નવાં વેરનો બંધ પડે છે. જીવ જો આ રીતે વર્ત્યા કરે તો તેને કર્મની પરંપરાનો ક્યારેય અંત આવે નહિ. આમ 'અ'ને અન્ય જીવો સાથે સતત વિભાવ કરવાને કારણે ભવિષ્ય ધૂંધળું બની જાય છે. આવી પરિસ્થિતિમાં જો તેને એવા આત્માનો સંયોગ થાય કે જે તેને માટે મધ્યસ્થી કરી નવા વિભાવથી – દેણાથી બચાવી દે, તો તે જીવનું ભવિષ્ય ઉજ્જવળ બની જાય છે.

જીવ પ્રત્યેક સમયે કોઈ ને કોઈ રાગદ્વેષના ભાવ કરી બંધન સ્વીકારતો રહે છે. પરંતુ તે જીવ જો પોતાના દરેક ભાવ માટે વીતરાગ સર્વજ્ઞ પ્રભુને મધ્યસ્થી તરીકે સ્વીકારતો રહે તો, તેનાથી થતી ભાવની ઉણપ શ્રી પ્રભુ તેમના શુદ્ધ સ્વરૂપના કલ્પવૃક્ષથી પૂરી કરે છે, જેથી તે જીવ અન્ય જીવ કે પદાર્થના નિમિત્તથી બંધાતા નવા બંધથી બચી જાય છે. આપણને મનમાં વિચાર થાય કે શ્રી વીતરાગ પ્રભુ, આ કાર્ય કરવા તૈયાર કેમ થાય છે? આ વિકલ્પનું સમાધન શ્રી પ્રભુ આપણને એવી રીતે આપે છે કે શ્રી અરિહંતાદિ સર્વ પંચપરમેષ્ટિ ભગવંતોએ 'સર્વ જીવો આ સંસારનાં કષ્ટોથી અને સંસારથી મુક્ત થાય' એવો ભાવ એ પદમાં સ્થાન પામતાં પહેલાં વેદ્યો હોય છે. અને હજુ સુધી તેમનો આ ભાવ પૂર્ણ થયો નથી, કેમકે અનંતાનંત જીવો વર્તમાનકાળ સુધી આ દુઃખદ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે, એટલું જ નહિ પણ એથીયે વધુ જીવો નિત્યનિગોદમાં સબડયા કરે છે. આથી તેમણે પોતાના અધૂરા રહેલા આ ભાવને કલ્યાણનાં પરમાણુરૂપે સિધ્ધ થતી વખતે વહેતા મૂક્યા છે. આવા કલ્યાણનાં પરમાણુઓને વર્તમાનના પંચપરમેષ્ટિ ભગવંત પોતાના વર્તમાનના કલ્યાણકારી ભાવની સહાયતાથી કાર્યકારી કરે છે, અને એ કારણે તે પરમાણુઓ સર્વ પાત્ર જીવને માટે જામીન (counter party) થવા બંધાય છે. આ ભાવનો ઉત્તમ લાભ લેવા જીવે કેવા ભાવ કરવા ઘટે?

જીવ પ્રાર્થના, ક્ષમાપના, મંત્રસ્મરણ તથા ધ્યાન દ્વારા આ પંચપરમેષ્ટિ ભગવંતના સાથને પોતાના દરેક શુભ ભાવમાં જામીન થવા આવાહન આપી શકે છે. આપેલા આ આમંત્રણના ફળરૂપે જ્યારે આ કાર્ય કરનાર વિરલાને આનો અપૂર્વ સાથ પ્રાપ્ત

થાય છે ત્યારે તેની ભાવચર્યામાં અમુક ફેરફાર ભક્તિમાર્ગીને સહજતાએ થાય છે, અને અન્ય જ્ઞાનમાર્ગી, ક્રિયામાર્ગી તથા યોગાદિ માર્ગીને તેવો ફેરફાર કરવા શ્રમિક પુરુષાર્થ કરવો પડે છે.

સામાન્ય રીતે રાગદ્વેષને કારણે ઉત્પન્ન થતા વેરને તોડવા જતાં જીવ નવા વેરની જાળમાં ફસાતો હોય છે. આ જાળથી છૂટવું હોય તો જીવે વેરને તોડવું પડે છે, અને તે વેર પોતાની રીતે તોડવા જતાં સહેલાઈથી તૂટતું નથી, તે સહજતાએ શમતું નથી, કારણ કે એમાં જીવ રાગથી (કે દ્વેષથી) મૂળમાં જોડાયેલો હોય છે. આ અનિષ્ટ રાગને ક્ષીણ કરવા જીવે ઈષ્ટ રાગનો સહારો લેવો જરૂરી છે. તેથી સંસારના આ અનિષ્ટ રાગને છોડવા તેણે શ્રી પ્રભુએ દર્શાવેલા સત્દેવ, સદ્ગુરુ, સત્ધર્મ તથા સત્શાસ્ત્રનો રાગ કેળવવો અભીષ્ટ બને છે. આ રાગ કેળવાતાં જીવ વિનયી થાય છે, કેમકે તેને અનુભવ થાય છે કે શ્રી પ્રભુ, સદ્ગુરુ આદિ પ્રતિ રાગ કરવાથી એને અપૂર્વ સુખ તથા શાંતિ અનુભવાય છે. આ અનુભવના લીધે તેને આંતરસ્ફૂરણા થાય છે કે મારે હવે શ્રી પ્રભુ પ્રતિ રાગ વધારવો છે અને તેને શુધ્ધ કરતાં કરતાં પ્રેમમાં પલટાવવો છે. આવું પ્રેમામૃત પામવા તે જીવને શ્રી પ્રભુ જણાવે તે સર્વ આજ્ઞા પાળવાના ભાવ ઉપજે છે. આમ શ્રી પ્રભુ પ્રતિનો તેનો વિનય કેળવાતો જાય છે. આ રીતે પ્રભુ પ્રતિનો રાગ જેમ જેમ વધતો જાય છે, તેમ તેમ તેનો પ્રભુ પ્રતિનો વિનય પણ વધતો જાય છે. વિનયની વર્ધમાનતા સાથે તેનું આજ્ઞાધીનપણું વધતું જાય છે. પરિણામે તે જીવ સહજતાએ આજ્ઞારૂપી તપને આદરે છે. આજ્ઞારૂપીતપ તેના પ્રભુ પ્રતિના રાગને પ્રેમમાં અને પછી શુધ્ધ પ્રેમમાં રૂપાંતરિત કરે છે. આમ પ્રભુ પ્રતિના રાગને વધારતા જઈ શુધ્ધ કરતા રહેવાથી જીવને ક્રમથી આત્મિક શુદ્ધિ મળે છે. અને તેના દ્વારા તે જીવ પરમાર્થિક સિદ્ધિને મેળવતો જાય છે. રાગ પ્રેમમાં પલટાતા તેને પ્રેમનો જાદુ અનુભવાય છે; તેને સમજાય છે કે,

> "પ્રેમ એ પ્રમોદભાવ, વિનયભાવ અને અહોભાવથી ઉપજતો અપૂર્વ ભાવ છે. પૂર્ણ પ્રેમ એ સર્વ અપેક્ષારહિત, માત્ર આજ્ઞારાધન પ્રાપ્ત કરવા અને પાળવા માટે આત્માને ઉત્તમ કક્ષા આપનાર છે, જેના થકી પરમાત્માનું

ઉત્તમ યથાખ્યાત ચારિત્ર મેળવવા માટે નિઃસરણી મળે છે. પ્રેમરૂપ જાદુની મુખ્ય ચાવી પરમભક્તિથી શરૂ કરી પરાભક્તિની ઉત્તમ કક્ષામાં સ્થિર અને નિમગ્ન રહેવા સુધીમાં ગુપ્તપણે છૂપાયેલી છે. પ્રેમ એ આત્માના અન્ય ગુણથી જુદા એવા ચારિત્રમાં રહેવા ઉત્પન્ન થાય છે. ચારિત્રમાં પ્રેમની શુદ્ધિથી આત્મા પ્રેમને જ્ઞાન તથા દર્શનમાં ગૂંથે છે. પ્રેમ એ આત્માનો એવો અપૂર્વ ગુણ છે કે જે રાગ, દ્વેષ અને મોહાદિને છિન્નભિન્ન કરી, પરમ શાંતિ તથા સમતાને કેળવે છે. એ શાંતિ તથા સમતા પ્રેમના ધોરી માર્ગ દ્વારા અન્ય આત્મા સુધી અને ઉત્કૃષ્ટપણે લોકના સર્વ આત્મા સુધી પ્રસરે છે.

"પ્રેમ એ મૈત્રીની જનની છે. મૈત્રી એ પરમ મૈત્રીની જનની છે. પરમ મૈત્રી એ વીતરાગતાની જનની છે. અને પરમ વીતરાગતા એ પૂર્ણતાની જનની છે. પૂર્ણતા સિદ્ધિની જનની છે, તેમજ સિદ્ધિ એ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ, અવ્યાબાધ સુખ, કેવળજ્ઞાન, કેવળદર્શન, પરમ વીર્ય, અક્ષય સ્થિતિ, પૂર્ણ અગુરુલઘુત્વ સહિત પરમ આજ્ઞાંકિત એવં પૂર્ણ વીતરાગમય ક્ષાયિક ચારિત્ર અર્થાત પૂર્ણ યથાખ્યાત ચારિત્રની સત્વર પ્રાપ્તિ કરાવે છે."

"આમ પ્રેમનો માર્ગ એ ધૂરંધર માર્ગ છે. તેમાં માનરહિત, કર્તાપણાના ભાવરહિત, સહજતાએ લોકાલોકનું આધિપત્ય સમાય છે. પ્રેમ એ સર્વ સિદ્ધાત્માની આચરણા છે. પ્રેમ એ શ્રી પંચપરમેષ્ટિ ભગવંતના પાંચ ભાગ અને પાંચ સમવાયને આત્માના પરમાત્મપદ સુધીના સર્વ આરાધનને અપૂર્વ આજ્ઞામાં ફેરવવા માટે મુખ્ય સેંગુ (ભોમિયા)નું કાર્ય કરે છે. પ્રેમમાં કયાંય કદાગ્રહ કે દુરાગ્રહ નથી, પણ ઉપકારી મક્કમતા છે; દ્વેષ, માયાકપટ, અહંકાર, લોભાદિ એક પણ દૂષણ નથી, પરંતુ ગુણસભર મક્કમતા છે. પ્રેમ પ્રેમને ગૂંથે છે."

પ્રેમની આ પ્રકારની અદ્ભુત અનુભૂતિ જીવને મળે છે ત્યારે તેને ભાવ ઉપજે છે કે,

"હે પ્રભુ! હું આ સંસારની અસારતા, ક્ષણિકતા, તથા એકાંત દુઃખની પરંપરાથી થાકી ગયો છું. સર્વ શક્તિમાન પ્રભુ! મારા પર પરમ અનુગ્રહ

કરી આ દુઃખના દરિયાથી છૂટવા મને પ્રત્યક્ષ માર્ગદર્શન આપો, કે એ આજ્ઞા પાળી હું આ સંસારની મોહિનીથી મુક્ત થાઉં, અને સુખી બનું. પ્રભુજી! તમે મને તમારી આજ્ઞાનું દાન આપો કે જેથી હું કોઈ કર્મની જાળમાં બંધાઉં નહિ. પ્રભુ! તમે જ મને એ આજ્ઞા પાળવા માટે પાત્રતા તથા શક્તિ આપતા રહેજો અને સન્માર્ગમાં સતત રાખજો."

આ પ્રકારની પ્રાર્થનાનાં અનુસંધાનમાં એ જીવને શ્રી પ્રભુ પાસેથી અમુક સમયે આજ્ઞા મળે છે. શરૂશરૂમાં તે જીવ દુઃખને નિવૃત્ત કરનારી આજ્ઞાઓ પાળે છે, અને સુખ પ્રત્યે નિસ્પૃહ થવાની આજ્ઞા તે પાળતો નથી. આજ્ઞાપાલન તે કરે છે તેનાં ફળરૂપે તેને અમુક શુદ્ધિ તથા સિદ્ધિ પ્રાપ્ત થાય છે. એનાં જે જે કામો ઘણા વિચાર કે પ્રયત્નથી પણ પૂરાં ન થાય તેવાં લાગતાં હોય તે કામો તે જીવ પ્રભુની આજ્ઞા પાળવાથી ટૂંકા ગાળે અને પૂર્ણતાએ થતાં અનુભવે છે. વળી, જે કામોમાં તે આજ્ઞા પાળતો નથી તે કામોમાં તેને વિલંબ થતો અનુભવાય છે અને કાર્યસિદ્ધિમાં પણ તેને અપૂર્ણતા અનુભવાય છે. આવા આવા થતા અનુભવોથી તેને નિર્ણય તથા નિશ્ચય થાય છે કે આજ્ઞાનો માર્ગ એ ટૂંકામાં ટૂંકો અને પૂર્ણ માર્ગ છે. આવા વારંવારના અનુભવ પછી જ્યારે જીવ વધારે શુદ્ધિ પામે છે ત્યારે તે પોતાની ઇચ્છા કરતાં પ્રભુની ઇચ્છાને વિશેષ મહત્ત્વ આપતાં શીખે છે. પરિણામે તે જીવ સહજતાએ અપ્રમાદી બનતો જાય છે, સાથે સાથે વધતા વિનયને કારણે તે જીવ સહજતાએ આજ્ઞારૂપી તપ આદરતો જાય છે. વિનયી થવાનો પુરુષાર્થ કરતાં કરતાં તે વધુ ને વધુ આજ્ઞાંકિત થતો જાય છે, અને જ્યારે તે વિનય મંદ કરે છે કે ત્યાગે છે ત્યારે તે અપેક્ષાએ સ્વચ્છંદી થાય છે. સ્વચ્છંદ આચરવાથી તે દુઃખી થાય છે. તેનાથી થતાં રાગ અને દ્વેષનાં પરિણામ તેને ખૂબ પીડા પહોંચાડે છે. આ પીડાથી છૂટવા તે પ્રભુને પ્રાર્થે છે કે, "હે પ્રભુ! તમે મારા યોગ્ય અધ્યવસાયમાં આવો અને મને સર્વ કાર્યોમાં તમારી આજ્ઞામાં જ રાખો. કાર્ય કરવા માટે તમે મને માર્ગદર્શન અને આજ્ઞા આપતા રહો."

આવા ભાવો કરતા રહેવાથી તેની વધતી વિશુદ્ધિ અમુક મર્યાદાએ પહોંચે છે ત્યારે તે જીવને એવી સિદ્ધિ ઉપલબ્ધ થાય છે કે જેથી તે જીવ સર્વ ભાવમાં

શ્રી પ્રભુને જામીન આપનાર બનાવી શકે છે. આ સિદ્ધિના ફળરૂપે તેને વેદાતા રાગ અને દ્વેષના ભાવમાં પ્રેમ વેદવાની શક્તિ જાગે છે. તે સર્વ સંસારી રાગભાવને પરમાર્થિક રાગમાં અર્થાત્ પ્રભુ પ્રતિની અપેક્ષાના રાગમાં ફેરવે છે. તે ઇચ્છા કરે છે કે, "પ્રભુ! મને નિરાગી કરો, નિર્વિકારી કરો, સચ્ચિદાનંદ સ્વરૂપ બનાવો, સહજાનંદી કરો, અનંતજ્ઞાની તથા અનંતદર્શી અને ત્રૈલોક્ય પ્રકાશક કરો." આ સિદ્ધિની સહાયથી તે જીવ સહજપણે સાંસારિક રાગને નિસ્પૃહ પ્રેમમાં ફેરવતો જાય છે. પ્રભુ પ્રતિના રાગભાવમાં તે પ્રભુથી જુદાપણું સતત વેદે છે, કેમકે તેને પ્રભુ પાસે સતત માગવું પડે છે કે મને આ આપો, મને તે આપો વગેરે વગેરે.

અહીં એક ગુપ્તવાત સમજવા યોગ્ય છે. આ જાતના ભાવમાં અંદેશો આવે છે કે જો હું પ્રભુ પાસે માગીશ નહિ તો મને ઇચ્છિત મળશે નહિ. તેથી તેને જ્યારે દુઃખ વેદવાનો પ્રસંગ આવે છે ત્યારે તે પ્રભુ સમક્ષ પ્રાર્થતો થાય છે. આવી પ્રાર્થના કરતાં કરતાં તેના ભાવની વિશુદ્ધિ થાય છે, અને તેની પ્રાર્થનાનું સ્વરૂપ ફરતું જાય છે. તે પ્રાર્થે છે કે, "હે પ્રભુ! હું તમારું બાળક છું. મને તમારાં બાળક તરીકે સ્વીકારો. મને બહુ માગવાની ઇચ્છા થતી નથી, કેમકે મારાં જ્ઞાનદર્શન કરતાં તમારાં જ્ઞાનદર્શન ઘણાં ઉત્તમ અને વિશેષ છે. માટે તમને જે યોગ્ય લાગે તેની સિદ્ધિ મને આપો. તમારાં ચરણમાં રહેવાથી મને જે શાંતિ અને સુખ મળે છે, તે શાંતિ તથા સુખની ધારાને, માગવાના સંસારી ભાવથી અશુદ્ધ કરવી નથી, કે જેથી મારા સહજાનંદને ઠેસ પહોંચે."

આ સ્થિતિ પરમ વીતરાગમય દશામાં આવે છે. તેમાં જીવ આજ્ઞામાર્ગમાંથી નિર્ગ્રંથમાર્ગમાં સરે છે, અને ત્યારે તેને માત્ર પ્રભુનાં ચરણોનો લોભ હોય છે. બાકીના બધા અન્ય પદાર્થો તેને માટે ગૌણ થઈ જાય છે. 'બોધસ્વરૂપ'ની દશાએ (શુક્લધ્યાનની વીસ મિનિટ પૂરી કર્યા પછીથી) આવી સ્થિતિ પુરુષાર્થથી સહજ બની શકે છે; પણ તેમ થવામાં જીવને મધ્યમ શ્રુતકેવળીપણું હોવું જરૂરી છે. આ શ્રુતકેવળીપણું પણ તેને પ્રભુકૃપાથી દાનમાં મળે છે.

આ રીતે ચાલતાં સુચક્રનો અભ્યાસ કરવાથી જીવને સમજાય છે કે પ્રભુપ્રતિ રાગ કરવાથી જીવ મિથ્યાત્વનો ક્ષય કરતો જાય છે, પ્રભુની આજ્ઞામાં રહેવાથી તેનો સ્વચ્છંદ ત્યજાતો જાય છે, વિનય વધવાથી તે પ્રમાદ છોડતો જાય છે, અને પ્રેમની માત્રા વધારતા જવાથી તેના કષાયો ક્ષય પામે છે. આ વિચારણામાં તથા તેનાં ઊંડાણમાં જતાં આપણા મનમાં સવાલ ઊઠી શકે છે કે કર્મબંધનનાં જે પાંચ કારણો છે તેમાં પહેલાં ચાર કારણોની નિવૃત્તિ માટે ગુણોની ખીલવણી કરવાનો ઉપાય જ્ઞાની ભગવંતોએ બતાવ્યો છે, તો તે જ પ્રમાણે યોગનાં કારણના ત્યાગ માટે કેમ કોઈ ગુણ તેમના થકી વર્ણવાયો નથી?

શ્રી પ્રભુની કૃપાથી અને તેમની આજ્ઞામાં રહેવાથી આપણી પાસે તેનું રહસ્ય ખૂલે છે. 'યોગ' એ કર્મબંધનું એવું કારણ છે કે જે એકલું પ્રવર્તી શકતું નથી. તેને બાકીનાં ચાર કારણમાંથી કોઈ ને કોઈ એક કે તેથી વધારે કારણના સથવારાની જરૂરત રહે જ છે. યોગનું કામ અઘાતી કર્મ જેવું છે. જેમ અઘાતીકર્મ ક્યારેય એકલું બંધાતું નથી, તેને કોઈને કોઈ ઘાતીકર્મના સથવારાની જરૂર પડે જ છે, તેમ યોગને પણ કર્મબંધન કરાવવા માટે કોઈક અન્ય કારણના સાથની જરૂર પડે જ છે. પહેલાં ચાર કારણોને લીધે જીવને મુખ્યતાએ ચાર પ્રકારનાં ચારિત્રમોહનાં બંધન થાય છે. તે આ પ્રમાણે છે –

મિથ્યાત્વ – દર્શનમોહ, અનંતાનુબંધી (કષાય), ચારિત્રમોહ.

અવિરતિ (સ્વચ્છંદ) – અપ્રત્યાખ્યાની ચારિત્રમોહ.

પ્રમાદ – પ્રત્યાખ્યાની ચારિત્રમોહ.

કષાય – સંજવલન ચારિત્રમોહ.

કોઈ પ્રાજ્ઞ વિચારકને એવી આશંકા ઉદ્‌ભવે કે કેવળીપ્રભુ જ્યારે યોગ સાથે જોડાય છે ત્યારે, યોગ જો સ્વતંત્ર કર્મબંધન કરાવી શકતો નથી તો એ યોગ દ્વારા પ્રભુજીને શાતાવેદનીય કર્મનાં બંધન કેવી રીતે થાય છે? આપણે જાણીએ છીએ કે

શ્રી કેવળીપ્રભુને કર્મબંધનાં પહેલાં ચાર કારણોનો તો નાશ થયો છે, તો પછી કેવળીપ્રભુને કર્મનાં બંધન થવાનાં કારણોને કેમ સમજવાં?

શ્રી પ્રભુ તથા ગુરુની અસીમ કૃપાથી અને તેમની આજ્ઞામાં જવાથી તથા રહેવાથી આ બાબતનું રહસ્ય સહિત ભેદજ્ઞાન પ્રાપ્ત થાય છે. શ્રી કેવળીપ્રભુને કર્મ બંધાવાનાં ચાર કારણોનો ક્ષય અપેક્ષાએ થયો છે, અતિ અતિ અલ્પ તથા સૂક્ષ્માતિસૂક્ષ્મ માત્રામાં આ ચારે કારણો અસ્તિત્વ ધરાવે છે.

શ્રી કેવળીપ્રભુનો આત્મા કેવળી પર્યાયમાં જ્યારે એક સમય માટે યોગ સાથે જોડાય છે ત્યારે તે સમયમાં અસંખ્યાત કલ્યાણના પરમાણુરૂપ શાતાવેદનીયના સ્કંધો તેઓ આશ્રવે છે. તે પરથી વિચાર આવે છે કે એ આત્મા જ્યારે ક્ષપક શ્રેણિમાં વર્તતો હોય છે ત્યારે તે આત્માની યોગશક્તિ તેરમા ગુણસ્થાન કરતાં બહુ ફેરફારવાળી હોતી નથી. તો પછી એ આત્મા બારમા ગુણસ્થાને જે સંખ્યામાં શાતાવેદનીયકર્મના સ્કંધો આશ્રવે છે, તેના કરતાં ઘણા ઘણા વધારે શાતાવેદનીયકર્મના સ્કંધો શ્રી કેવળીપ્રભુ તરીકે કેવી રીતે આશ્રવી શકે છે? બારમા ગુણસ્થાને આશ્રવ કરતાં નિર્જરા ઘણી ઘણી વધારે હોય છે, એટલું જ નહિ પણ તેરમા ગુણસ્થાનના આશ્રવની અપેક્ષાએ શાતાવેદનીય કર્મનો આશ્રવ ઘણો અલ્પ પણ હોય છે. જો યોગની શક્તિમાં નોંધપાત્ર ફેરફાર ન હોય તો આશ્રવમાં આવો નોંધનીય ફેરફાર કેવી રીતે શક્ય બને છે?

શ્રી પ્રભુને આજ્ઞાધીન થવાથી, તેઓ કૃપા કરી રહસ્યનો વિસ્ફોટ કરે છે. સિદ્ધાંત પ્રમાણે જીવને કર્મ બંધાવાનાં મુખ્ય પાંચ કારણો છેઃ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ. જીવ કર્મ બંધન કરતી વખતે ઓછામાં ઓછાં બે કારણોના (યોગ તથા પહેલાં ચારમાંથી કોઈ એક) સહયોગમાં અને વધુમાં વધુ પાંચે કારણોના સહયોગમાં રહેલો હોય છે. જીવને કેવળજ્ઞાન થયા પહેલાં કર્મબંધન માટે પહેલાં ચાર કારણમાંથી એક કારણ મુખ્ય હોય છે અને બીજાં કારણો ગૌણતાએ પ્રવર્તતાં હોય છે. ઉદા.ત. મિથ્યાત્વ મુખ્ય કારણ હોય તો મિથ્યાત્વ પ્રેરિત અવિરતિ, પ્રમાદ અને કષાય ગૌણતાએ વર્તે છે, અને યોગ મુખ્યતાએ મિથ્યાત્વ સાથે જોડાયેલ હોય છે.

તેમાં મિથ્યાત્વનાં શક્તિ તથા જોર બીજાં ત્રણ કારણો કરતાં ઘણાં વધારે હોય છે. બીજાં ત્રણે કારણોની શક્તિ સમાનતાવાળી હોઈ શકે છે, તેમ જ તરતમતાવાળી પણ હોઈ શકે છે. જેટલી પહેલાં મિથ્યાત્વ કારણની શક્તિ વધારે એટલી મોહનીય કર્મની ચીકાશ વધારે થાય છે. અહીં શ્રી પ્રભુ આપણને સમજાવે છે કે પુદ્‌ગલને પ્રકૃતિ (રૂપ), રસ, સ્થિતિ અને પ્રદેશબંધ આપવામાં આ પાંચે કારણો ગુંદર જેવી જ ચીકાશનું કામ કરે છે. તેમાં મિથ્યાત્વની ચીકાશ સહુથી વધારે અને યોગની ચીકાશ સહુથી ઓછી હોય છે; આમ ઊતરતા ક્રમમાં ચીકાશનું જોર હોય છે. જીવને જો બંધનું મુખ્ય કારણ પ્રમાદ હોય તો પ્રમાદની ચીકાશ સૌથી વધારે રહે છે, પરંતુ એ વખતે જીવ મિથ્યાત્વ, અવિરતિ અને કષાયનાં કારણે પણ કર્મ બાંધી શકે છે. સિદ્ધાંત પ્રમાણે મિથ્યાત્વ અને અવિરતિની શક્તિ સામાન્યપણે પ્રમાદ કરતાં વધારે છે, પરંતુ અહીં પ્રમાદની મુખ્યતા હોવાને લીધે એમની શક્તિ એ કર્મનાં બંધારણ માટે પ્રમાદ કરતાં ઓછી હોય છે. આ રીતે જીવ ચારિત્ર – મોહની ચારે પ્રકૃતિ બાંધ્યા કરે છે, અને સંસારમાં સતત પરિભ્રમણ કરતો રહે છે.

હવે આપણે એ વિચારવાનું છે કે શ્રી કેવળીપ્રભુ સર્વ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ તથા કષાયથી રહિત થયા છે, તો તેમને કર્મબંધ કેવી રીતે થાય છે? તેઓ સ્થૂળરૂપથી આ કારણોમાં સર્વથા મૂકાયા છે, પણ અતિ અતિ સૂક્ષ્મ સ્વરૂપે આ કારણોના પરોક્ષ બંધનમાં બંધાયેલા છે. તે કેવી રીતે તે વિચારીએ.

શ્રી કેવળીપ્રભુ જ્યારે એક સમય માટે યોગ સાથે જોડાય છે ત્યારે અસંખ્યાત શાતાવેદનીયનાં સ્કંધને આવકારે છે. આ એક સમય માટેની તેમના આત્માની અપેક્ષાએ અશુદ્ધિ કહી શકાય, એ સમયે તેમના આત્માએ શુદ્ધ સ્વરૂપને બદલે યોગ (મન, વચન અને કાયા) માટે મોહ કર્યો એમ કહી શકાય; આ એક સમય માટે તેમને પૂર્ણ શુદ્ધાત્માની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિ કહી શકાય. શ્રી કેવળી પ્રભુનાં શુધ્ધ આત્માએ એક સમય માટે મિથ્યાદૃષ્ટિની સેવના કરી કહેવાય કેમકે એ સમયે એ આત્માના આજ્ઞારૂપી ધર્મપાલનમાં એટલી ઓછપ આવી, જેના લીધે તે શુદ્ધાત્મા સ્વરૂપને ત્યાગી યોગ સાથે જોડાયો. એ અપેક્ષાથી એ આત્માની એ સમય માટે સૂક્ષ્મ અવિરતિ થઈ ગણાય. વળી,

આ જ સમયે શ્રી કેવળીપ્રભુના આત્માએ એક સમયનો પ્રમાદ કર્યો કેમકે તે શુદ્ધાત્મા સ્વરૂપને ત્યાગી યોગના ભોકતા બન્યા. એ જ રીતે કષાય માટે કહી શકાય. જે સમયે તેઓ યોગ સાથે જોડાય છે તે સમયે તેમના આત્માએ યોગનો રાગ કર્યો કહી શકાય. બીજી અપેક્ષાએ વિચારીએ તો જણાય છે કે, કષ એટલે સંસાર અને આય એટલે લાભ કે ઉત્પન્ન થવું. આમ કષાય એટલે સંસારનું ઉત્પન્ન થવું. જે સમયે પ્રભુનો આત્મા યોગ સાથે જોડાય છે તે સમયે તે આત્મા અસંખ્યાત શાતાવેદનીયના કર્મ પરમાણુઓનો આશ્રવ કરે છે. આ પરમાણુઓ ભોગવવા ગ્રહણ કરેલા પરમાણુઓના પ્રમાણમાં તેમનો સંસાર વધે છે. વળી, શાતાવેદનીય કર્મ અઘાતી કર્મ છે. અને કર્મ પરમાણુઓ કાર્મણ શરીર બનાવે છે. આ પરમાણુઓ આત્મા પર આવતાં તેમાંથી કાર્મણ શરીર રચાય છે. અર્થાત્ તે અપેક્ષાથી આત્મા નિશ્ચયનયથી કષાયી થયો કહેવાય. વળી, યોગ સાથે તો શ્રી કેવળી પ્રભુનો આત્મા તે સમયે જોડાય જ છે. આમ એક સરખી માત્રાથી – તીવ્રતાથી (intensity થી) તે આત્મા નિશ્ચયનયથી મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ સાથે જોડાય છે. આ કારણથી શ્રી પ્રભુની યોગસ્ફૂરણા તે સમયે પાંચગણી પ્રગટ થાય છે. (મિથ્યાત્વ – યોગ, અવિરતિ – યોગ, પ્રમાદ – યોગ, કષાય – યોગ અને યોગ – યોગ). આ કારણથી શ્રી કેવળીપ્રભુનો આત્મા તે સમયે આટલી મોટી સંખ્યામાં શાતાવેદનીય કર્મનો આશ્રવ કરે છે. આ ઉપરાંત, તે જ સમયે તેમનો આત્મા શાતાવેદનીયના બંધને અપૂર્વકરણ, અધઃકરણ અને અનિવૃત્તિકરણની પ્રક્રિયાથી ખેંચે છે, પરિણામે તે પછીના સમયે તેમનો આત્મા યોગ સાથે જોડાતો નથી.

આ રીતે અઘાતીકર્મો નિવૃત્ત થતાં થતાં, જેમ જેમ આત્માની શુદ્ધિ વધતી જાય છે, તેમ તેમ એ સમયે તેમનો ઉપયોગ વિશેષ તીક્ષ્ણ થાય છે, અને તેમનો આત્મા વધારે શુદ્ધિથી આ ત્રણ કરણ કરે છે. આ કરણ કરવાથી તેઓ વધારે સમય માટે યોગથી ભિન્ન થઈ શકે છે. જેટલા વધારે સમય માટે તેઓ યોગના જોડાણથી અલગ રહે છે, તેટલી મોટી સંખ્યામાં શાતા વેદનીય કર્મનાં પરમાણુઓનો આશ્રવ શ્રી પ્રભુને એક સમયમાં થાય છે. જેટલો આશ્રવ વિશેષ થાય છે, તેટલી વિશેષ કલ્યાણનાં પરમાણુઓની નિર્જરા તેમને થાય છે. બીજી રીતે કહીએ તો એ આત્મા જેટલા વિશેષ

સમય માટે યોગ સાથે જોડાતા નથી, તે વખતની શુદ્ધિના ફળરૂપે તેઓ જોડાણના એક સમયમાં ઘણી વધારે તીક્ષ્ણતાથી પોતાના ઉપયોગને ફેરવી શકે છે. અર્થાત્ એટલી વધારે પરમાર્થિક સિદ્ધિ તેઓ મેળવે છે. તેઓ જેટલી તીક્ષ્ણતાથી ઉપયોગને ફેરવી શકે છે તેટલી તેમની કરણ કરવાની ત્વરા અને શક્તિ વધે છે, અને એટલા વિશેષ કલ્યાણનાં પરમાણુઓ તેમના થકી બહાર ફેંકાય છે. આ નિયમના આધારે શ્રી અરિહંતપ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓની સંખ્યા સહુથી મોટી હોય છે. તે પછીના ક્રમમાં ગણધર કેવળીનાં પરમાણુઓ, તે પછી પંચપરમેષ્ટિ કેવળીનાં પરમાણુઓ અને તે પછી છેવટમાં અન્ય કેવળીપ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓની સંખ્યા ઊતરતા ક્રમમાં આવે છે. આ બધાં જ કલ્યાણનાં પરમાણુઓ જગતજીવોને માટે ખૂબ ઉપકારક છે.

ગણધર કેવળીની એક વિશેષતા છે. અમુક વિરલા ગણધર પ્રભુ છદ્મસ્થ અવસ્થામાં એમના ગુરુ શ્રી તીર્થંકર પ્રભુની પૂર્ણ આજ્ઞામાં રહેતા હોય છે. તેઓ કેવળજ્ઞાન લે છે તે પછીથી તેમનાં કલ્યાણનાં પરમાણુઓની કેવળી સ્વરૂપે સ્ફૂરવાની શક્તિ અન્ય ગણધરો કરતાં વધારે હોય છે. સામાન્ય રીતે કેવળજ્ઞાન લીધા પછી ગણધરપ્રભુનું કલ્યાણકાર્ય સિમિત થઈ જતું હોય છે, પણ આવા વિરલા ગણધરપ્રભુનું આ કાર્ય કેવળજ્ઞાન લીધા પછી પણ લગભગ એવી જ માત્રામાં ચાલુ રહેતું હોય છે. તેથી કેવળી સ્વરૂપે તેઓ ઘણા જીવોનું કલ્યાણ કરતા રહે છે. આવા ગણધર પ્રભુનો ગણધર તરીકેનો છદ્મસ્થ અવસ્થાનો કાળ અન્ય ગણધરો કરતાં પ્રમાણમાં નાનો હોય છે.

આ પ્રમાણે આજ્ઞામાં રહેતા રહેતા જીવ સાતમા ગુણસ્થાન સુધીની આત્માની શુદ્ધિ કરે છે, અને અનેક પ્રકારે સિદ્ધિ મેળવતાં મેળવતાં શ્રેણિની તૈયારી કરતો જાય છે. તે તૈયારી કરવા માટે તે પોતાની અપૂર્ણ આજ્ઞામાં રહેવાની ટેવને પૂર્ણ આજ્ઞામાં રહેવાની ટેવમાં પલટાવતો જાય છે; તેમજ પોતાનો આત્મવિકાસ સાધતો જાય છે, જેમ જેમ તેની આત્માની શુદ્ધિ વધતી જાય છે તેમ તેમ તેને પરમાર્થિક સિદ્ધિઓ આવતી જાય છે, અને તેના અનુસંધાનમાં જેમ જેમ જ્ઞાનનાં આવરણો હટતાં જાય છે તેમ તેમ જ્ઞાનનાં સૂક્ષ્મ ભેદોની જાણકારી પણ તેનામાં પ્રગટતી જાય છે. આ

જાણકારીના આધારે તે જીવ પૂર્ણ આજ્ઞામાં રહેતા શીખતો જાય છે. પૂર્ણ આજ્ઞામાં રહીને તે પોતાનાં શુદ્ધિ અને સિદ્ધિ વધારતો જાય છે.

સાતમા ગુણસ્થાને બોધસ્વરૂપ (શુક્લધ્યાનની વીસ મિનિટ) થયા પહેલાં જીવ મુખ્યત્વે સંવર પ્રેરિત નિર્જરા અથવા નિર્જરા પ્રેરિત સંવર, એ બેમાંથી એક પ્રકારના પુરુષાર્થ પર લક્ષ રાખતો હોય છે. આમ એક પ્રકાર પર ભાર મૂકતો હોવાને કારણે તે જીવનો બીજા પ્રકારના પુરુષાર્થ પર લક્ષ ઓછો થાય છે અને તે પુરુષાર્થમાં મંદતા આવી જાય છે. ઉદા.ત. જીવ જ્યારે સંવરના પુરુષાર્થ પર લક્ષ ઠેરવે છે ત્યારે તે વિશેષતાએ આશ્રવની પ્રક્રિયાને તોડે છે. તે વખતે નિર્જરા કરવા પર જોઈતું લક્ષ ન હોવાથી નબળી નિર્જરાને લીધે પૂર્વ સંચિત કર્મ પર વ્યાજરૂપ કર્માશ્રવ થતો રહે છે. જીવ જ્યારે નિર્જરા પર ધ્યાન કેંદ્રિત કરે છે ત્યારે પૂર્વ સંચિત કર્મો ક્ષીણ થતાં જાય છે, અને વ્યાજરૂપ કર્માશ્રવ મંદ અથવા નહિવત્ બને છે. પરંતુ વર્તતી પરિસ્થિતિને આધારે તે જીવ જે કષાયો કરે છે તેના પ્રમાણમાં પ્રધાનતાએ નવાં કર્મોનો આશ્રવ કરતો જાય છે. આમ જીવ સકામ સંવર અને સકામ નિર્જરા વચ્ચે ઝોલાં ખાતો રહે છે. આમ ઝોલાં ખાતાં ખાતાં જીવ જ્યારે બોધસ્વરૂપની દશાએ પહોંચે છે ત્યારે પહેલી વખત એ જીવ સભાનપણે તથા સ્થૂળરૂપે સકામ કલ્યાણના ભાવ આખા લોકના જીવો માટે વેદી શકવાની પાત્રતા મેળવે છે. આ નિયમમાં સર્વ તીર્થંકરપ્રભુ અને વિરલા ગણધરો અપવાદરૂપ હોય છે. તેઓ છઠ્ઠા ઉત્કૃષ્ટ ગુણસ્થાને પણ આવા ભાવ વેદવાની પાત્રતા મેળવે છે. જીવ જ્યારે આ ભાવનું વેદન કરે છે ત્યારે એ પરમ મૈત્રી સમસ્ત લોકની અપેક્ષાએ કેળવે છે. આવું ઉત્તમ કાર્ય કરવા બદલ તેમને એક અલૌકિક નિસ્પૃહતાની પ્રાપ્તિ થાય છે. આ નિસ્પૃહતા અને અપૂર્વ મૈત્રીની સહાયથી જીવ વૈરાગ્ય અને ઉદાસીનતાના પગથિયાં વગર પણ વીતરાગતાનો અનુભવ કરે છે. જીવ જો વૈરાગ્ય અને ઉદાસીનતાના ક્રમથી વીતરાગતા અનુભવે છે, તો તે વીતરાગતામાં વૈરાગ્ય જાગ્યા પૂર્વે ઉપજેલા સંસાર અને કર્મ પ્રત્યેના નકારની ઝાંખી ભળેલી હોય છે. પરંતુ જો જીવ કલ્યાણભાવના આધારે પરમ મૈત્રી અનુભવે અને તેનાં અનુસંધાનમાં વીતરાગતાનો અનુભવ કરે છે, તો એ વીતરાગતામાં મૈત્રીથી ઉપજેલા શુક્લ પ્રેમનો

ભાવ ઉમેરાયેલો હોય છે. આમ આવા હકારાત્મક વલણથી જીવ વીતરાગતા આ માર્ગે અનુભવે છે, અને માર્ગના પહેલા પ્રકારમાં જીવ નકારાત્મક વલણ સાથે વીતરાગતાનો અનુભવ કરે છે.

જીવ જ્યારે નકારાત્મક વલણથી વીતરાગતાનો અનુભવ કરે છે, ત્યારે તે જીવ કર્મક્ષય અર્થાત્ નિર્જરા પર વિશેષ ભાર મૂકે છે. અને જીવ જ્યારે હકારાત્મક વલણથી વીતરાગતા અનુભવે છે ત્યારે તે આત્માના શુદ્ધ સ્વભાવ, પ્રેમ તથા કલ્યાણભાવથી વીતરાગતામાં જતો હોય છે, તેથી તે જીવ કોઈ પણ પદાર્થનો હકાર કે નકાર વેદતો નથી. એ માત્ર પ્રભુઆજ્ઞામાં પૂર્ણપણે રહેવાની અને વર્તવાની ઇચ્છા રાખે છે. આ અપૂર્વ વલણના આધારે જીવ સંવર તથા નિર્જરા બંને પર સમાનપણે ભાર મૂકી શકે છે, અને બંને સાથે સાધી શકે છે. આમ તે જીવ જે સમયે ઉત્તમ સંવર વેદે છે, તે જ સમયે તીવ્ર નિર્જરા પણ સકામપણે વેદે છે. આ કારણથી એ જીવ એક જ સમયે નવા આશ્રવનો તથા પૂર્વ સંચિત કર્મ પર આવતા વ્યાજરૂપી નવાં કર્મનો સકામ સંવર કરે છે. આશ્રવ તોડી સંવર નિર્જરા એક સાથે જે માર્ગે જીવાત્મા ઉત્તમતાએ કરી શકે છે તે માર્ગને શ્રી વીતરાગ ભગવંતોએ મહાસંવરના માર્ગ તરીકે ઓળખાવ્યો છે. આ મહાસંવરના માર્ગમાં જીવ નિકાચીત કર્મ કે અઘાતી કર્મની અમુક પ્રકૃતિ સિવાયના કર્મોને વિશેષતાએ પ્રદેશોદયથી ભોગવી શકે છે. આ માર્ગ આચરનાર જીવ વીતરાગતામાં પ્રસન્નતા પામે છે, અને દશાનુસાર ઉત્કૃષ્ટ કલ્યાણભાવ વેદી શકે છે. જે જીવ પૂર્ણ આજ્ઞામાં રહીને મહાસંવરના માર્ગને આરાધે છે, તે જીવ ઘણા મોટા પ્રમાણમાં સંસારીપુણ્યને પરમાર્થપુણ્યમાં પલટાવે છે, અને કેવળજ્ઞાન લેતાં પહેલાં ભોગવાય તેવાં પરમાર્થપુણ્યને કેવળજ્ઞાન લીધા પછી ભોગવી શકાય તેવા પરમાર્થપુણ્યમાં રુપાંતરિત કરી શકે છે.

મહાસંવરના ઉત્તમ માર્ગમાં જીવને આજ્ઞાપાલનની પૂર્ણતાની યથાર્થ ખીલવણી થાય છે. તે પહેલાં જીવ મુખ્યતાએ કર્મનાં ભોકતાપણામાં આજ્ઞાધીન રહેતો હોય છે. શરૂશરૂમાં જીવ અશુભ કર્મો ભોગવતી વખતે જ આજ્ઞાધીન હોય છે, પછી જેમ જેમ જીવની આજ્ઞામાર્ગમાં પ્રગતિ થતી જાય છે, તેમ તેમ તે અશુભ તથા શુભ પ્રકૃતિના

ભોગવટામાં આજ્ઞાધીન રહેતાં શીખતો જાય છે. તેમ છતાં, તે વખતે તે કર્મનાં કર્તાપર્ણાના ભાવમાં સ્વચ્છંદથી વર્તતો હોય છે. આમ થવાનું કારણ એ જણાય છે કે મનુષ્યને જીવનમાં માનભાવનું પ્રાબલ્ય તથા બહુલતા રહેલી હોય છે. પરિણામે કર્મનાં કર્તાપણાના ભાવમાં આજ્ઞાધીનપણું લાવવા માટે જીવે મહાસંવરના માર્ગનો યથાર્થ રીતે ઉપયોગ કરવો પડે છે. એમાં જીવે સંવર તથા નિર્જરા બંને પ્રત્યે ઉત્કૃષ્ટ પુરુષાર્થી થવાનું હોવાથી ક્રમે ક્રમે આજ્ઞાધીન કલ્યાણભાવના પ્રભાવથી જીવ કર્મનાં કર્તાપણાના તથા ભોકતાપણાના ભાવમાં આજ્ઞાધીન થતો જાય છે. આજ્ઞાધીનપણાની પૂર્ણતા આવતાં જીવ ક્ષાયિક ચારિત્રની પૂરી ખીલવણીવાળું ફળ પ્રાપ્ત કરે છે. આ તબક્કામાં જીવ મહાસંવરના માર્ગને વિશેષ પ્રમાણમાં આરાધતાં શીખતો જાય છે. અને દિવસનો ઘણો ભાગ તે જીવ આ માર્ગમાં રહેતો થાય છે.

## ૧૬,૧૭,૧૮. શ્રેણિની તૈયારી કરતાં


જીવ શુક્લધ્યાનમાં પંદર મિનિટ પૂરી કરે ત્યારે તે સત્પુરુષની પદવી પામે છે. અને ત્યારથી તેના પર સ્વપર કલ્યાણમાં સક્રિય થવાની બેવડી જવાબદારી આવે છે. જીવ સત્પુરુષની અવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે તેને શ્રેણિ માંડવાની પાત્રતા આવે છે, પરંતુ સામાન્યપણે જીવ શ્રેણિ માંડવાની તૈયારી વહેલામાં વહેલી શુક્લધ્યાનની વીસ મિનિટે પહોંચે ત્યારથી કરતો હોય છે. સત્પુરુષની દશાએ પહોંચ્યા પછીથી જ તેની શ્રેણિ માટેની ઊંડાણભરી સમજણ અને ક્ષમતા વધવા લાગે છે, અને તે માટેની તેની કાર્યશક્તિ વીસ મિનિટે પહોંચ્યા પછીથી સામાન્યપણે સક્રિય થાય છે.

જીવ જેમ જેમ સંસારીભાવથી નિસ્પૃહ થતો જાય છે, માર્ગની જાણકારી મેળવતો જાય છે, તેમ તેમ ચારિત્રની ખીલવણી કરતાં જઈ તે શ્રેણિ માંડવાની તૈયારી કરતો જાય છે. તે વખતે તે ભક્તિમાર્ગ, જ્ઞાનમાર્ગ, ક્રિયામાર્ગ કે યોગમાર્ગની ઉત્તમતા વેદી આજ્ઞામાર્ગમાં સરે છે. ભક્તિમાર્ગની ઉત્કૃષ્ટતાએ પહોંચી, તેનો યોગ્ય પુરુષાર્થ કરી, નિર્ગ્રંથમાર્ગમાં જવાની ઇચ્છા રાખે છે. એ માર્ગમાં પણ ઉત્કૃષ્ટપણે વર્તવાના ભાવ કેળવી, તે નિર્વાણમાર્ગ અને પરિનિર્વાણમાર્ગમાં પણ ઉત્કૃષ્ટપણે વર્તી સંસારનો સંપૂર્ણ

ક્ષય કરવાની તૈયારી કરી લે છે. આમ પ્રમાદ કર્યા વિના સર્વ અનુસંધાનવાળા માર્ગમાં સરવાની તે તૈયારી કરી લે છે, અને તે છે મહાસંવરનો માર્ગ. ક્યારેક ને ક્યારેક પૂર્ણ થતાં પહેલાં જીવે આ માર્ગે આવવું જ પડે છે, અને જેટલો વહેલો તે આ માર્ગ પર આવે છે, આ માર્ગનું આરાધન શરૂ કરે છે, તેટલો જલદીથી તે પૂર્ણ થઈ શકે છે; અર્થાત્ સિદ્ધભૂમિમાં જવાની સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

સામાન્યપણે જીવ સાતમા ગુણસ્થાનના મધ્યભાગથી, સત્પુરુષની દશા પ્રાપ્ત કરે ત્યારથી આ માર્ગનું સતત આરાધન કરે છે, પરંતુ કેટલાક જીવો પ્રમાદી બની આ દશાએ પહોંચ્યા પછી પણ સતત આરાધન કરતા નથી, અને કેટલાક અપવાદરૂપ જીવો આ દશાએ આવ્યા પહેલાના ઘણા વહેલા કાળે પણ આ માર્ગનું આરાધન કરતા હોય છે. તે જીવના પુરુષાર્થ પર તેને મળતી સિદ્ધિનો આધાર રહે છે. સાધનની શુદ્ધિથી, આરાધનની યોગ્યતાથી આત્મિક શુદ્ધિ વધારતાં જઈ જીવ પરમાર્થિક સિદ્ધિ મેળવતો જાય છે.

શ્રી પંચપરમેષ્ટિ ભગવંતની પરમઆજ્ઞારૂપ ભક્તિ, તેમાંથી નીપજતો મહાસંવરનો માર્ગ એ કલ્યાણ પામવા માટે ધુરંધર માર્ગ છે, અને તેમાં અન્ય સર્વ માર્ગ સમાઈ જાય છે.



મહાસંવરનો માર્ગ અનાદિ અનંત છે, શાશ્વત છે અને સર્વોત્કૃષ્ટ મંગલમય છે. એ માર્ગની શાશ્વતતા અને સર્વોત્કૃષ્ટતાનું કારણ એ જણાય છે કે એ માર્ગનાં નિરૂપણ, પોષણ અને અંત શ્રી પંચપરમેષ્ટિ ભગવંતના આજ્ઞારૂપી ગુપ્ત પેટાળમાં રહેલાં છે. આ માર્ગનાં સમજણ, અર્થ, ગૂઢાર્થ અને વિશેષ ગૂઢાર્થ માત્ર અનુભવગમ્ય છે, અને એનું વર્ણન માત્ર સદ્‌ગુરુ, સત્પુરુષ અને પંચપરમેષ્ટિ ભગવંતના આજ્ઞારૂપી ગુપ્ત પેટાળમાં રહેલું છે. જ્ઞાનીઓ અને મહાજ્ઞાનીઓ એ માર્ગને શબ્દબળથી કે વચનથી વ્યક્ત કરતા નથી, પણ એ માર્ગને સર્વ જ્ઞાનીઓ આચરણથી ગુપ્ત રીતે પ્રસિદ્ધ કરે છે. એ માર્ગમાં એક સુંદર, અદ્‌ભુત અને ગુપ્ત રહસ્ય રહેલું છે, જે માત્ર વિરલા અનુભવગમ્ય આત્માને દૃષ્ટિગોચર તથા અનુભવગોચર થાય છે. આ માર્ગનું સેવન કરી જીવ પરમાત્મપણા સુધી વિકસે છે અને પરમાર્થિક સિદ્ધિને પ્રાપ્ત કરે છે. તેમાં જીવ આત્માથી પરમાત્માની દશા સુધી પહોંચવાના માર્ગના ભાંગા કરે છે – એ પરમાત્માની સ્થિતિ અને પરમાર્થિક સિદ્ધિરૂપ ભાગ કરે છે. પરમાત્માની સ્થિતિને તે જીવ અણુમાત્રથી શરૂ કરી, વિશેષ વિશેષ આત્મિક પુરુષાર્થ કરી, પરમાર્થિક સિદ્ધિ રૂપે પામતો જાય છે. આવો અદ્‌ભુત અનુભવ માત્ર વિરલા જીવોને જ થાય છે, કે જેથી જીવ આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપને (અપેક્ષાએ) એક સમયના પ્રમાદ વિના સેવે છે.

આપણે શ્રી પંચપરમેષ્ટિ ભગવંતની આજ્ઞા લઈ, એમનાં કૃપાદાનના આધારે આ મહાગુપ્ત છતાં અગત્યના માર્ગને સમજવાનો પ્રયત્ન કરીએ. શ્રી પંચપરમેષ્ટિ ભગવંતના મુખ્ય પાંચ વિભાગ છે : અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુસાધ્વી રૂપ પ્રભુજી.

આ પાંચે પરમેષ્ટિ ભગવંત પોતાની આત્મિક શુદ્ધિ અનુસાર આ મહાસંવરના માર્ગને આચરે છે. જેના લીધે તેઓ પોતાના પુરુષાર્થ અનુસાર પરમાર્થિક સિદ્ધિને મેળવે છે. આ મહાસંવર માર્ગની મુખ્ય લાક્ષણિકતા એ છે કે જે સમયે જીવ ઉત્તમ સંવર કરે છે, એ જ સમયે તે પોતાના પુરુષાર્થથી ઉત્તમ સકામ નિર્જરા પણ કરે છે.

શ્રી અરિહંતપ્રભુએ ચારે ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન, કેવળદર્શન, અપેક્ષાએ યથાખ્યાત ચારિત્ર તથા અપેક્ષાએ અનંતવીર્ય રૂપ પરમાર્થિક સિદ્ધિ મેળવી હોય છે. આ અરિહંત પ્રભુની આત્મિક શુદ્ધિ કેવી છે કે જેનાં કારણે તેઓ આ પરમાર્થિક સિદ્ધિને આંબી શક્યા છે! એમની આત્મિક શુદ્ધિની યોગ્ય સમજણ લેવા માટે કેટલીક વસ્તુ સમજવા યોગ્ય છે. ૧. અકામ નિર્જરા – જે કર્મ/કાર્ય જીવ અનિચ્છાપૂર્વક ભોગવી ભોકતા થાય છે. ૨. સકામ નિર્જરા – જે કર્મ/કાર્ય જીવ ઇચ્છાપૂર્વક ભોગવી ભોકતા થાય છે. ૩. સકામ આશ્રવ – જે કર્મ/કાર્ય ઇચ્છાપૂર્વક કરી જીવ કર્તા થાય છે. ૪. અકામ આશ્રવ – જે કર્મ/કાર્ય ઇચ્છારહિતપણે કરી જીવ કર્તા થાય છે. ૫. સકામ સંવર – જે કર્મ/કાર્ય જીવ ઇચ્છાપૂર્વક કરતો નથી અને કર્તા થતો નથી. ૬. અકામ સંવર – જે કર્મ/કાર્ય જીવ અનિચ્છાપૂર્વક નથી કરતો અને કર્તા થતો નથી. ૭. મહાસંવરનો માર્ગ – જે માર્ગથી આત્મા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ અનુસાર સકામ આશ્રવ, સંવર, નિર્જરા તથા અકામ આશ્રવ, સંવર, નિર્જરાને પ્રમાદરહિત બની પંચપરમેષ્ટિના આજ્ઞારૂપી ધર્મને તપમાં એવી રીતે પરિણમાવે છે કે જેને લીધે (સ્પૃહાથી) આત્મિક શુદ્ધિનું પાલન કરવાથી જે પરમાર્થિક સિદ્ધિ ઉત્પન્ન થાય છે, તેને માટે તે પરમ નિસ્પૃહતા વેદે છે. ટૂંકમાં કહીએ તો આત્મિક શુદ્ધિનાં આરાધનથી નીપજતી પરમાર્થિક સિદ્ધિ માટે તે નિસ્પૃહતા વેદે છે.

આપણે જાણીએ છીએ કે સર્વ આરાધક જીવોમાંથી અમુક વિરલા જીવો જ પંચપરમેષ્ટિ ભગવંતરૂપ થાય છે. આવા પંચપરમેષ્ટિ ભગવંતોમાંના ઘણા ઓછા જીવો જ મહાસંવરના માર્ગને યથાર્થરૂપે, ઉત્કૃષ્ટપણે અને પૂર્ણ આજ્ઞામાં રહીને જોઈ શકે છે, જાણી શકે છે, અનુભવી શકે છે અને આચરણ કરી શકે છે. બીજી રીતે કહીએ તો મહાસંવરના માર્ગનો અનુભવ કરવાની પૂર્વ શરત એ છે કે એ જીવનું શ્રી પંચપરમેષ્ટિ ભગવંતના સમૂહમાં સ્થાન હોવું જોઈએ, અથવા સિદ્ધ થતા પહેલા એ સમૂહમાં સ્થાન પામવા જોઈએ. આ પરથી ફલિત થાય છે કે મહાસંવરના માર્ગની યથાર્થ ખીલવણી માટે જીવે લોકના સમસ્ત જીવો માટે કલ્યાણભાવ વેદવો જરૂરી છે. આ કલ્યાણભાવ માત્ર છદ્મસ્થ જીવો માટે જ નહિ પણ સિદ્ધાત્મા માટે પણ એ જ

ઉત્કૃષ્ટતાથી વેદાવો જોઇએ.આવો ભાવ કરવાથી જીવને મહાસંવરના માર્ગની અઘરી અપેક્ષાઓ જેવીકે પાંચ સમવાય સાથે અકામ/સકામ આશ્રવ, સંવર તથા નિર્જરાની પૂર્ણ આજ્ઞામાં રહીને પ્રમાદ રહિત ખીલવણી કરવી આદિ સહજતાએ પૂરી થતી જાય છે. એમ સહજતા આવવાનું કારણ એ છે કે એ જીવ જ્યારે તમામ જીવાત્મા માટે અંતરંગથી કલ્યાણભાવ વેદે છે ત્યારે તે પોતાનાં અંતરાય કર્મનો વધુ ને વધુ ક્ષય કરતો જાય છે, જેના થકી તે આત્માના ગુણોનો સકામ આશ્રવ તથા નવાં કર્મનો સકામ સંવર અને પૂર્વસંચિત કર્મોની સકામ નિર્જરા કરવા માટે પાત્રતા પામતો જાય છે. પરિણામે તે જીવ જૂનાં કર્મ ભોગવતી વખતે અપેક્ષાએ અડોલ, સ્થિર તથા સ્વરૂપમય રહી શકે છે. તેના થકી તે કુકર્મનો યોગ્ય સંવર કરે છે, અને ગુણોનો સકામ આશ્રવ કરે છે. આ બધી જ પ્રક્રિયાઓ તે પ્રભુની આજ્ઞામાં રહીને કરતો હોવાથી તેને શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓનો સાથ, માર્ગદર્શન તથા રક્ષણ મળ્યા કરે છે. આ સાથથી તે મહાસંવરના માર્ગની આંટીઘૂંટીને (પાંચ સમવાય તથા સકામ/અકામ આશ્રવ, સંવર, નિર્જરાના વિવિધ મિશ્રણોને) સહજતાએ સરળ કરી શકે છે; તેને પાંચે સમવાયનો સાથ મળે છે, એટલું જ નહિ પણ તે જીવ ગુણાશ્રવ તથા કર્મનિર્જરા એકીસમયે કરી શકે છે. આ અપેક્ષાએ મહાસંવરના માર્ગને જાણ્યા પછી શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનો આ માર્ગમાં શું અને કેવો ફાળો છે તેની વિચારણા પ્રતિ વળીએ.

શ્રી અરિહંતપ્રભુ મુક્તિસુંદરીને વરવાના માર્ગના પ્રણેતા છે. તેઓ દેશકાલીન સત્ય તથા સર્વકાલીન સત્યને પાંચ સમવાયની અપેક્ષાથી એકત્રિત કરી, મુક્તિમાર્ગનો સંદેશો ૐ ધ્વનિના આધારે લોકમાં પ્રસારિત કરે છે. તેની વિસ્તરણા એવી હોય છે કે જેટલા કાળ માટે એ તીર્થંકર પ્રભુનું શાસન ચાલવાનું હોય એટલા કાળ માટે એ માર્ગમાં આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપનો આજ્ઞારસ 'રસ' રૂપે રહે છે, જેનાથી મહાસંવરના માર્ગને આદરવા જ્યાં નિર્જરા વધારે થતી હોય ત્યાં સંવર પૂરાય છે, અને જ્યાં સંવરની માત્રા વધારે હોય ત્યાં નિર્જરાની પૂરવણી થાય છે. આ સંવર સાથે નિર્જરાનું ભળવું અથવા નિર્જરા સાથે સંવરનું ભળવું એ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ

અને ભવ પ્રમાણે ફેરફાર પામતા રહે છે. એ આજ્ઞારસ શ્રી અરિહંતપ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓમાં આજ્ઞારસરૂપે ત્યાં સુધી રહે છે કે જ્યાં સુધી એ માર્ગનું કાર્યકારીપણું એ અરિહંતપ્રભુ દ્વારા સક્રિય રહેવાનું હોય. આ રસ પ્રભુનાં તીર્થંકર નામકર્મનાં ધ્રુવબંધીપણાને લીધે સતત બંધાયા કરે છે, અર્થાત્ આવા આજ્ઞારસની ઉત્પત્તિ પણ તીર્થંકર નામકર્મ નિકાચીત થયા પછીથી ધ્રુવબંધી થઈ જાય છે.

શ્રી અરિહંતપ્રભુ તીર્થંકર નામકર્મ નિકાચીત કર્યા પછી જેટલા અંશે પૂર્ણ આજ્ઞામાં રહે છે, તેટલા અંશે તેમની રત્નત્રયની આરાધના પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓ સાથે સુમેળ પામે છે, અને એટલી વિશેષ માત્રામાં કલ્યાણનાં પરમાણુઓ તેમનો આત્મા ખેંચી શકે છે. પૂર્ણ આજ્ઞામાં રહીને, જો અરિહંતપ્રભુનો આત્મા મહાસંવરના માર્ગે તીર્થંકર નામકર્મ બાંધે છે તો એમનાં નામકર્મનાં પરમાણુઓનો આશ્રવ વધારે સકામ થાય છે. જેટલો સકામ આશ્રવ વધારે તેટલો વિશેષ આજ્ઞારસ તેમાં ભળે છે. આજ્ઞારસ જેટલો વધારે ભળે તેટલા વધારે કલ્યાણનાં પરમાણુઓ સઘન થાય છે. આ પરમાણુઓની સઘનતા જેટલી વિશેષ, તેટલા પ્રમાણમાં તેનો આશ્રવ કરનાર જીવ પર મહાસંવરના માર્ગનું સિંચન યોગ્યતાએ થતું જાય છે. અને આ સિંચન તે જીવને વિશેષ વિશેષ અપ્રમાદી બનાવવામાં કારણભૂત થાય છે. શ્રી અરિહંતપ્રભુનું અપ્રમાદીપણું જેટલું વિશેષ તેટલું વિશેષ તે કાળના જીવોનું પુરુષાર્થીપણું. એવી જ રીતે આ વિશિષ્ટ માર્ગનું વિશેષપણું તથા વિસ્તૃતપણું હોય છે. આ કાર્યથી એ ભાવિ અરિહંતને એમના કેવળીગમ્ય પ્રદેશો અને રુચક પ્રદેશો પાસેથી સહેલાઈથી શ્રુતજ્ઞાન મળે છે, સાથે સહજતાએ પણ મળે છે. આ દાન ખૂબ જ વિશાળ, ગંભીર અને ગુપ્તજ્ઞાનનું દાન છે, તે ઉપરાંત તેનાથી તે આત્માના સર્વ પ્રદેશો પર શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓનો એક અપૂર્વ થર જામતો જતો હોય છે. જ્યારે એ આત્મા એક બાજુથી તીર્થંકર નામકર્મ બાંધે છે ત્યારે બીજી બાજુથી એ જ સમયે એ આત્મા શ્રી પંચપરમેષ્ટિના કલ્યાણનાં પરમાણુઓના સ્કંધમાં પોતાના આજ્ઞારસને ભેળવીને એ સ્કંધોને જગતમાં વહેતા મૂકે છે. આવી અપૂર્વ પ્રક્રિયા કરવાને લીધે એ આત્માને મધ્યમથી વિપુલ ચાર જ્ઞાન પૂર્વ ભવમાં પ્રગટ થાય છે. આ ચાર જ્ઞાનની

સહાયથી એ આત્મા શુક્લધ્યાન અથવા ઊંડા ધર્મધ્યાનમાં નિસ્પૃહતાથી જાય છે. એ ધ્યાન પ્રતિ એમનો લોભ અથવા તો સુખબુદ્ધિ બહુ જ અલ્પ અગર નહિવત્ હોય છે. તે કારણથી તેમને જ્ઞાનદર્શનનો ઊઘાડ વિશેષ થાય છે, વાણીની શુદ્ધિ મળે છે, જેમકે મૌખિક વચન કે લખાણની અભિવ્યક્તિ સિદ્ધહસ્ત રહે છે, છઠ્ઠા ગુણસ્થાને પરમ વીતરાગદશા આવે છે, અનાહદ નાદ અને ૐ ધ્વનિની વિશેષ સિદ્ધિ પ્રગટે છે, પરમ વિનયની પ્રાપ્તિ થાય છે વગેરે અનેક સિદ્ધિઓ મળે છે.

આ ઉપરાંત એક ગુપ્ત છતાં અતિસુંદર આંતરસિદ્ધિ પણ મળે છે. એ જીવ જ્યારે જ્યારે મહાસંવરના માર્ગે ધર્મધ્યાન અગર શુક્લધ્યાનમાં જાય છે ત્યારે ત્યારે તેના રુચક પ્રદેશ, નિત્યનિગોદમાંથી નીકળતી વખતે તેના રુચક પ્રદેશની જે આકૃતિ હોય તે આકૃતિમાં ગોઠવાઈ જાય છે. તેની સાથે સાથે તેના કેવળીગમ્ય પ્રદેશોની આકૃતિ પણ એ જ જાતની રચાય છે. એટલે કે તેમના ધ્યાનમાં રુચક પ્રદેશ અને કેવળીગમ્ય પ્રદેશથી બનતી આકૃતિઓ સમાન આકારની થાય છે. આમ થવાથી તેના રુચક પ્રદેશો કેવળીગમ્ય પ્રદેશોને અતિ શુધ્ધ જ્ઞાન તથા દર્શન (જે શ્રી સિધ્ધપ્રભુ પાસે અનુભવમાં છે અને શ્રી કેવળીપ્રભુ પાસે શ્રુતરૂપે છે) નું દાન કરે છે. આ વચનનું રહસ્ય એમ સમજવું કે શ્રી સિદ્ધપ્રભુને એવાં શુધ્ધ જ્ઞાનદર્શન અનુભવમાં છે કે જેનાથી તેમને અક્ષય સ્થિતિ મળી છે. વળી સિદ્ધપ્રભુના અન્ય ગુણો કે જે શ્રી અરિહંતપ્રભુમાં અનુભવરૂપે નથી, પણ અપેક્ષાએ શ્રુતરૂપે છે (જે ગુણો તેમને સિદ્ધ થયા પછી મળવાના છે) તેનું દાન મળે છે. આવા જ્ઞાનદર્શનનું દાન રુચક પ્રદેશો કેવળીગમ્ય પ્રદેશોને આપે છે.

જ્યારે ભાવિ તીર્થંકર પ્રભુનો જીવ ધ્યાનમાંથી બહાર નીકળી સ્વઉપયોગમાં આવે છે, ત્યારે તેમના કેવળીગમ્ય પ્રદેશો, પોતાના અશુદ્ધ પ્રદેશોને આ જ્ઞાનદર્શન દાનરૂપે આપે છે. આ દાનના પ્રભાવથી એ જીવ રત્નત્રયની આરાધના વિશેષતાએ કરી કેવળજ્ઞાનને નજીક લાવે છે.

જેમણે તીર્થંકર નામકર્મ બાંધ્યું ન હોય તેવા જીવ મહાસંવરના માર્ગને આરાધતા હોવા છતાં, તેમના રુચક પ્રદેશો અને કેવળીગમ્ય પ્રદેશોથી બનતી આકૃતિ સમાન થતી

નથી. પરિણામે એ રુચકપ્રદેશો કેવળીગમ્ય પ્રદેશોને જ્ઞાનદર્શનનું યથાર્થ દાન આપી શકતા નથી. તેના અનુસંધાનમાં એ કેવળીગમ્ય પ્રદેશો અશુદ્ધ પ્રદેશોને જ્ઞાનદર્શનનું યથાર્થ દાન કરી શકતા નથી. તેટલા પ્રમાણમાં તેની રત્નત્રયની આરાધના અશુધ્ધ રહે છે. આ સ્થિતિનું વર્ણન ગુપ્તતાએ શ્રી રાજપ્રભુએ અપૂર્વ અવસરની નીચેની કડીમાં કર્યું છે,

"જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો,
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો." અપૂર્વ.

અહીં 'શ્રી સર્વજ્ઞ' એટલે કેવળીગમ્ય પ્રદેશો અને 'શ્રી ભગવાન' એટલે રુચક પ્રદેશો તથા રુચક પ્રદેશો પાસેથી આ અપૂર્વજ્ઞાન પામેલા કેવળીગમ્ય પ્રદેશો એમ અર્થ લઈ શકાય. આ વાણી માત્ર અનુભવથી એટલે કે ચેતન દ્વારા જ ચેતનને મળી શકે છે. આ ગુપ્ત જ્ઞાનદર્શન રુચક પ્રદેશથી કેવળીગમ્ય પ્રદેશોને અને કેવળીગમ્ય પ્રદેશોથી અશુધ્ધ પ્રદેશોને માત્ર અનુભવ દ્વારા જ મળે છે. આ અનુભવ જીવને ત્યારે જ થાય છે કે જ્યારે તેના આત્માને પરમાર્થિક સિદ્ધિ મળી શકે તેમ હોય.

જે ભાવિ તીર્થંકર આત્માનુબંધી યોગ સાથે મહાસંવરના માર્ગે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે, તેમને ઉપર જણાવેલી ભાવિ અરિહંતની સિદ્ધિ ઉપરાંત એક વિશેષ ગુપ્ત આંતરક્રિયા થાય છે. આત્માનુબંધી યોગ એટલે છેલ્લા આવર્તનના સંજ્ઞી પંચેન્દ્રિયપણામાં બે જીવો વચ્ચેનો ૩૫૦ ભવથી વધારે ભવનો શુભ સંબંધ. આવો શુભ સંબંધ ચાર જીવ વચ્ચે રચાય ત્યારે તે ચતુર્વમુખીન યોગ કહેવાય છે, અને તેમાંથી બે જીવ તીર્થંકર અને બે જીવ ગણધર થાય છે. આવા ચતુર્વમુખીન આત્માનુબંધી યોગના પહેલા તીર્થંકર મહાસંવરના માર્ગમાં નામકર્મનો આશ્રવ કરે તો તે જીવના રુચક પ્રદેશોની અને કેવળીગમ્ય પ્રદેશોની આકૃતિ સમાન આકારની બને છે. સાથે સાથે તેમનાં જ્ઞાનદર્શન ખીલવા ઉપરાંત આત્માનુબંધી યોગવાળા બીજા

ભાવિ તીર્થંકરની પ્રેરણાથી એ જીવના આત્મપ્રદેશપરથી એ જ આકૃતિના કલ્યાણનાં પરમાણુઓ એ જ સમયે બહાર નીકળે છે. એક અપેક્ષાએ આ મહાસંવરમાર્ગની પૂર્ણ પ્રક્રિયા ગણી શકાય. એકબાજુથી જ્ઞાનદર્શનનો આશ્રવ થવો અને બીજી બાજુથી એ જ સમયે કલ્યાણનાં પરમાણુઓની નિર્જરા થવી. કલ્યાણનાં આ પરમાણુઓની એ વિશેષતા છે કે એ પરમાણુઓ અન્ય ઉચ્ચ આત્માની પ્રેરણાથી ઘડાયા હોય છે. એટલે જ્યાં જયાં તે અન્ય ઉચ્ચ આત્મા રહે છે ત્યાં ત્યાં કલ્યાણનાં આ પરમાણુઓ પણ રહે છે; અને એ આત્માને આત્મિક – શુદ્ધિ કરવા પ્રતિ ખેંચે છે. આ પરમાણુઓની સહાયને લીધે એ બીજા આત્માની પરમાર્થિક સિદ્ધિ વિશેષ શુદ્ધ હોય છે. ઉદા. બીજો જીવ જ્યારે ક્ષયોપશમ સમકિત લે ત્યારે તેના નીચેના મિથ્યાત્વના થરમાં ચારિત્રમોહ તથા દર્શનમોહનાં કણો છૂટા થઈ ગયા હોય છે અને તેને ૯૯% સુધી પણ મિથ્યાત્વનો ક્ષય થઈ શકે છે. બીજા જીવને જ્યારે સમકિત થાય છે ત્યારે તેને લગતા પહેલા આત્માનુબંધીનાં કલ્યાણનાં પરમાણુઓનો વિસ્ફોટ થાય છે. અને તે અન્ય પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓમાં ભળી જાય છે. આ પ્રમાણે બીજા જીવની પ્રત્યેક પરમાર્થિક સિદ્ધિ વખતે પહેલા જીવનાં અમુક કલ્યાણનાં પરમાણુઓનો વિસ્ફોટ થાય જ છે, અને અન્ય પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓમાં તે ભળી જાય છે.

આત્માનુબંધી યોગવાળો બીજો જીવ જ્યારે તીર્થંકર નામકર્મ બાંધે છે ત્યારે તે ગુપ્ત પ્રક્રિયા ફરીથી થાય છે. તેનાં કલ્યાણનો સ્કંધ જ્યારે બહાર નીકળે છે ત્યારે એ સ્કંધ પહેલા તીર્થંકર પાસે જાય છે, અને પૂર્વના ઋણથી મુક્ત થવા માટે એ કલ્યાણનાં પરમાણુઓને પહેલા ભાવિ તીર્થંકર અરિહંતપણે ગ્રહણ કરે છે. ત્યાં તે વિસ્ફોટ પામી પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓમાં ભળી જાય છે. આ પ્રક્રિયાથી બીજા જીવને એ લાભ થાય છે કે એને એના પુરુષાર્થ માટે પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓમાંથી માત્ર શ્રી અરિહંતનો આજ્ઞારસ મળે છે (તેઓ ધ્યાનમાં હોય ત્યારે જ). વળી, જો એ જીવને અંતરવૃત્તિસ્પર્શ, નિશ્ચયથી વ્યવહાર સમકિત અને કેવળીગમ્ય પ્રદેશોની ઉત્પત્તિ એક જ તીર્થંકરથી થઈ હોય અને જો એ તીર્થંકર પ્રભુ સિદ્ધ થયા ન હોય તો એ જીવને આ પહેલા આત્માની સાથે આ તીર્થંકર પ્રભુનો

આજ્ઞારસ ધ્યાન દરમ્યાન મળે છે. આમ બે તીર્થંકર પ્રભુનો આજ્ઞારસ એના કેવળીગમ્ય પ્રદેશો ખેંચે છે; અને નિર્જરા પામતા પુદ્‌ગલ દેહને પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓમાં ફેરવે છે, તે પછી તેને એ જ ઘાટ આપી નિવૃત્ત થાય છે.

આ વિરલા જીવને અપેક્ષાએ એક નહિ પણ બે તીર્થંકર પ્રભુ સાથે આત્માનુબંધી યોગ હોવાને લીધે એ કલ્યાણનાં પરમાણુઓ બંને પ્રભુ પાસે જાય છે અને ઉપર કહ્યા પ્રમાણે કાર્યકારી થાય છે. આ પ્રક્રિયાથી એ સિદ્ધ થાય છે કે જે ક્ષેત્રમાં પહેલો જીવ છે અને જે ક્ષેત્રમાં બીજો જીવ છે, એ બંને ક્ષેત્રમાં પહેલા જીવની તીર્થ પ્રવર્તાવવાની પ્રક્રિયા થાય છે. અને જો ત્રણ તીર્થંકરોનો આ કાર્યમાં ફાળો હોય તો ત્રણે ક્ષેત્રમાં આ બંને તીર્થંકરની તીર્થ પ્રવર્તાવવાની પ્રક્રિયા થાય છે.

શ્રી સિદ્ધપ્રભુના સર્વ ગુણોમાં ધ્રુવકાંટા સમાન એક મુખ્ય ગુણ એવો છે કે જે ગુણના આધારે સિદ્ધાત્મા સદાકાળ માટે સિદ્ધરૂપે રહી શકે છે, એટલું જ નહિ પણ અન્ય સર્વ સિદ્ધાત્માના ગુણોને જાળવવામાં સહાયક પણ થાય છે. આ ગુણ છેઃ તેમનાથી આચરણ કરાતા સમય સમયના આજ્ઞારૂપી ધર્મ અને સમય સમયના આજ્ઞારૂપી તપનું પાલન. સર્વ સિદ્ધ પ્રભુના આત્મા સમયે સમયે મહાસંવરના માર્ગમાં લીન રહે છે. આ મહાસંવરના માર્ગના આધારે સિદ્ધાત્મા સતત સ્વરૂપલીનતા અને પરમાર્થિક સિદ્ધિમાં નિમગ્ન તથા એકરૂપ રહે છે.

જીવને જો સિદ્ધપ્રભુના આ મહાસંવર માર્ગનાં આજ્ઞાપાલનની કેળવણી લેવી હોય તો તેમાં તેને શ્રી સિદ્ધપ્રભુનાં સાથ, માર્ગદર્શન અને રક્ષણની જરૂર હોય તે સમજાય તેવી બાબત છે. વળી, સિદ્ધપ્રભુ સર્વ સમયે સ્વરૂપલીનતા માણી રહ્યા છે, તેવે સમયે તેમને લોકકલ્યાણ જેવી શુભ અને શુદ્ધ પ્રક્રિયા પણ બંધનરૂપ લાગે છે, તો તેમનો સાથ અને માર્ગદર્શન કેવી રીતે મેળવી શકાય? શ્રી જિનેશ્વરદેવ માત્ર નિષ્કારણ કરુણાથી આપણને તેનું સમાધાન આપે છે. શ્રી જિનપ્રભુ પરમોત્તમ મહામંત્રની રચના કરે છે જે અનાદિઅનંત સિદ્ધ છે, સર્વકાળ માટે એકસરખી રીતે ઉપકારી છે. અહીં 'રચના' શબ્દનો ભાવાર્થ એવો છે કે તેઓ એ મંત્રમાં પોતાના અત્યુત્તમ કલ્યાણભાવનો પ્રાણ પૂરી એ મહામંત્રના કાર્યને જાગૃત કરે છે. આ મહામંત્રના બીજા પદમાં શ્રી સિદ્ધપ્રભુને

વંદન કરાયા છે. આપણે સહુ વ્યવહારથી સમજીએ છીએ કે જ્યારે આપણે કોઈ મહાન વ્યક્તિને વંદન કરીએ છીએ ત્યારે એ વ્યક્તિ આશીર્વાદરૂપ સિદ્ધિ આપણને આપે છે. એ જ પ્રમાણે જ્યારે આપણે શ્રી સિદ્ધપ્રભુને ભાવપૂર્વક વંદન કરીએ છીએ ત્યારે, તેઓ આપણને સમયે સમયે આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપને પાળવા માટેના મહાસંવર માર્ગનાં ભેદરહસ્યો, તેમણે તેમના કેવળી સમુદ્ઘાત વખતે છોડેલા કલ્યાણનાં પરમાણુઓને કાર્યકારી બનાવી, આશીર્વાદરૂપે માર્ગનું માર્ગદર્શન, સાથ અને રક્ષણ આપે છે.

શ્રી સિધ્ધપ્રભુનાં આ કલ્યાણનાં પરમાણુઓ પરમ વીતરાગતાથી ભરેલાં હોય છે, અને અયોગી કેવળીની અવસ્થાએ જન્મ પામેલાં હોય છે. તેથી આવા મહાશુદ્ધ પરમાણુઓને લોક માટે યોગ્ય રીતે કાર્યકારી બનાવવા માટે એવા આત્માની આવશ્યકતા છે કે જે આત્માએ લોકના સર્વ જીવોનું કલ્યાણ યોગ્ય રીતે ઇચ્છયું હોય, તેની સાથે સાથે એ કર્મ એમને એવા કાળે ભોગવવાનું હોય કે જ્યારે એમનામાં એ પરમાણુઓને જાણવાની તથા જોવાની અને ઓળખવાની શક્તિ સિદ્ધપ્રભુ જેવી જ પ્રાપ્ત થઈ હોય. આવું અપૂર્વ કાર્ય કરવાનું વીર્ય વિરલ આત્મા શ્રી અરિહંત પ્રભુ પાસે છે, એવું કર્મ પણ તેમની પાસે છે. એટલું જ નહિ પણ તેમને એ બંને એક સાથે પ્રવર્તતાં હોય છે. માટે શ્રી અરિહંતપ્રભુ એમના પૂર્વે કરેલા લોકકલ્યાણના ભાવરૂપ તીર્થંકર નામકર્મને યથાર્થતાએ ભોગવવા માટે, તેઓ જ્યારે એક સમય માટે યોગ સાથે જોડાય છે ત્યારે તેઓ સિદ્ધપ્રભુનાં પરમાણુઓને એકત્ર કરી, તેમાં પાંચ સમવાય અનુસાર રૂપાંતર કરી એમને જગત જીવો સમક્ષ જીવિત કરે છે. આમ શ્રી સિદ્ધપ્રભુનાં લોકકલ્યાણનાં પરમાણુઓ આ સિદ્ધિ ત્યારે જ પ્રાપ્ત કરે છે જ્યારે એ પરમાણુઓમાં શ્રી અરિહંત પ્રભુનો આજ્ઞારસ અને કલ્યાણરસ ઉમેરાય છે. આ કારણથી પણ નમસ્કાર મહામંત્રમાં શ્રી અરિહંત પ્રભુને પહેલા અને પછી શ્રી સિદ્ધપ્રભુને નમસ્કાર કરાયા છે.

શ્રી ગણધર પ્રમુખ આચાર્યજી સિદ્ધપ્રભુનાં એ કલ્યાણનાં પરમાણુઓમાં, સાધક જીવને સરાગી કક્ષામાં આકર્ષી શકાય એ માટે તેમાં અતિસૂક્ષ્મ પરમાર્થલોભ રૂપ આજ્ઞારસ ભેળવે છે. તેનાથી, જે સાધક જીવ સિદ્ધભગવાનની સિદ્ધિ માટે અતિસૂક્ષ્મરૂપે

પણ પરમાર્થલોભ કરે તો, એ પરમાર્થલોભ અને આચાર્યજીએ ભેળવેલા પરમાર્થલોભનો રસ - બંને આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપમાં રહેલા હોવાથી એ સાધક જીવ પાસે ખેંચાઈને કાર્યસિદ્ધિ કરાવે છે. આ હેતુથી શ્રી સિદ્ધપ્રભુ પછી નમસ્કાર મહામંત્રમાં શ્રી આચાર્યજીને વંદન કરાય છે. આ સમજણથી નમસ્કાર મહામંત્રમાં રચાયેલો ક્રમ યથાર્થ લાગે છે.

આપણે સમજ્યા તે પ્રમાણે શ્રી સિદ્ધપ્રભુનો સર્વોત્તમ મહાસંવરનો માર્ગ નિત્યનિગોદમાં રહેલા જીવથી શરૂ કરી સિદ્ધ થતા શુદ્ધાત્મા માટે અનિવાર્ય છે. સિદ્ધપ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓને યોગ્ય રૂપ આપી અરિહંતપ્રભુએ પૂરેલા પોતાનાં કલ્યાણનાં પરમાણુઓને જનભોગ્ય બનાવ્યા હોય છે. તેમાં શ્રી આચાર્યજીએ જે પરમાર્થલોભનો રસ ભેળવ્યો હોય છે તે અતિશુદ્ધ અને ધોધસ્વરૂપ હોય છે તેથી શુદ્ધિની અમુક કક્ષાએ પહોંચ્યા પછી જ જીવને ઉપકારી થાય છે. તેથી જો કલ્યાણની પ્રક્રિયાને શ્રી આચાર્યજી સુધી જ સિમિત રાખવાની હોય તો જીવો ધોધસ્વરૂપને આકર્ષી શકે એ કક્ષાએ પહોંચ્યા પછી જ એ પરમાણુઓનું આકર્ષણ કરત. પરંતુ તેમ થવાથી જનજગતમાં ભેદભાવ ઉત્પન્ન થાત અને  આચાર્યજીની કક્ષાની નીચેની અવસ્થાએ રહેલા જીવો માટે આ પરમાણુઓનું ગ્રહણ નિષિદ્ધ બનત, જે સિધ્ધનાં પરમાણુઓની નીતિ વિરુદ્ધ છે. એટલે આચાર્યથી થોડી નીચી કક્ષાના જીવોને માટે પણ એ પરમાણુઓ યોગ્ય થાય તે માટે અમુક અંશે શુદ્ધ સંસારસ્પૃહા પણ ભળેલી હોય તેવા પરમાર્થલોભના આજ્ઞારસની જરૂરિયાત ઊભી થાય છે. તે વખતે એ પરમાણુઓના સ્કંધમાં શ્રી ઉપાધ્યાયજીનો પરમાર્થલોભરૂપ આજ્ઞારસ ભળે છે.

શ્રી ઉપાધ્યાયજીએ સામાન્યપણે મિથ્યાત્વનો સંપૂર્ણ ક્ષય કર્યો હોય છે, માટે પહેલા ચાર પદવીધારી સુધી જ સિદ્ધના આ પરમાણુઓ પ્રક્રિયા કરી ફેલાઈ શકે, આમ થાય તો પછી આ પરમાણુઓ ક્યારેય મિથ્યાત્વી જીવો સુધી પહોંચી શકે નહિ. આ અવરોધ દૂર કરવા જ્યારે આ પરમાણુઓમાં 'સર્વ સાધુસાધ્વીનો' આજ્ઞારસ ઉમેરાય છે ત્યારે તેમાં મિથ્યાત્વી, ઉપશમ સમ્યક્ત્વી, ક્ષયોપશમ સમ્યક્ત્વી, ચોથા ગુણસ્થાને વર્તતા ક્ષાયિક સમ્યક્ત્વી અને પાંચમા તથા છઠ્ઠા ગુણસ્થાને વર્તતા જીવોને

ઉપકારી થાય તેવો યોગ્ય આજ્ઞારસ ઉમેરાય છે. જો એમાં 'સર્વ સાધુસાધ્વીના રસ'ને બદલે માત્ર 'સાધુસાધ્વીનો રસ' ઉમેરાતો હોત તો કોઈ પણ મિથ્યાત્વી જીવને આ કલ્યાણનાં પરમાણુઓનો સંગ મળી શકત નહિ કેમકે તેનાથી સર્વને ઉપકારી થાય એવું કલ્યાણનું પ્રાબલ્ય સંભવી શકત નહિ અને દરેક પરમાર્થિક સિદ્ધિનાં પગથિયે કલ્યાણનાં પરમાણુની સહાયની જરૂરત તો છે જ.

જીવ જ્યારે આરંભમાં કલ્યાણનાં પરમાણુઓનો સંગ કરે છે ત્યારે તેને શ્રી અરિહંત પ્રભુનો પ્રત્યક્ષ કે પરોક્ષ સાથ હોય જ છે. ઉદા. રુચકપ્રદેશ મેળવતી વખતે, નિશ્ચયથી વ્યવહાર સમકિત લેતી વખતે, કેવળીગમ્ય પ્રદેશાદિની પ્રાપ્તિ કરતાં વગેરે પ્રસંગે આવો સાથ હોય છે. તેનાથી આગળનો વિકાસ કરતી વખતે જીવને શ્રી કેવળીપ્રભુનો સાથ પણ મળે છે. આ સાથ તેને અસંખ્યસમય સુધીની દેહાત્માની ભિન્નતા સુધી લઈ જાય છે. તે પછીથી તેનો સ્વતંત્ર પુરુષાર્થ જાગે છે અને તે જ્યારથી સદ્‌ગુરુ પાસે આવી આરાધન કરે છે ત્યારથી સામાન્યપણે તે સાધુસાધ્વીજીનો પ્રત્યક્ષ સાથ લે છે. તેમના સાથથી આવા કલ્યાણનાં પરમાણુઓને તે ખેંચે છે, અને એ દ્વારા તે જીવ શ્રી અરિહંત, શ્રી સિદ્ધ, શ્રી આચાર્ય અને શ્રી ઉપાધ્યાયજીનો પરોક્ષ સાથ મેળવે છે.

આવો સાધક જ્યારે આગળ વધી પોતે સાધુસાધ્વીરૂપ થાય છે ત્યારે તેને શ્રી ઉપાધ્યાયજીનો પ્રત્યક્ષ સાથ મળે છે અને શ્રી અરિહંત, શ્રી સિદ્ધ તથા શ્રી આચાર્યનો કલ્યાણનાં પરમાણુની પ્રાપ્તિ દ્વારા પરોક્ષ સાથ મળે છે. આ દશાએ એ સાધકને માર્ગની અંતરંગ જાણકારી કે માર્ગનાં ભેદરહસ્યોનું ઊંડાણ મળે છે. તે વખતે તેને પોતાનાથી નબળા જીવો પણ આ માર્ગને પામે તેવા કલ્યાણભાવ સહજતાએ ઊગે છે. આમ તે અન્ય સાધુસાધ્વી માટે કલ્યાણના ભાવ સહજતાએ વેદતો થાય છે. આ જ પ્રમાણે જીવ જ્યારે ઉપાધ્યાયજીની કક્ષાએ આવે છે ત્યારે તેને શ્રી આચાર્યજીનો પ્રત્યક્ષ સાથ અને શ્રી અરિહંત તથા શ્રી સિદ્ધનો પરમાણુરૂપે પરોક્ષ સાથ ઉપલબ્ધ થાય છે. એ વખતે તે સાધક સાધુસાધ્વીજી તથા પોતાથી નબળી કક્ષાએ રહેલા ઉપાધ્યાય માટે કલ્યાણભાવ વેદતો થાય છે. એ જ પ્રમાણે સાધક ઉત્તરોત્તર આગળ વધતો જાય છે તેમ તેમ તે જીવ સમસ્તના કલ્યાણભાવ વેદવાની ક્ષમતા મેળવતો જાય છે. તેને જ્યારે

કલ્યાણભાવનું ઉત્કૃષ્ટપણું આવે છે ત્યારે તે પોતાનાથી નબળા તેમજ સબળા સહુ કોઈ માટે કોઈ પણ અવસ્થાએ કલ્યાણભાવ વેદી શકે છે.

આ પરથી સ્પષ્ટ થાય છે કે મહાસંવરના માર્ગની સિદ્ધિ માટે પ્રત્યક્ષ સાથ, પરોક્ષ સાથ અને કલ્યાણભાવના વેદનની અનિવાર્યતા છે, અને તેનું મૂળ આજ્ઞારાધનનાં પાલનમાં રહેલું છે. તેથી આપણે કહી શકીએ કે મહાસંવરનો માર્ગ એ આજ્ઞામાર્ગ ઉપર આધારિત છે. પૂર્ણ આજ્ઞા એ મહાસંવર માટે સેતુ છે, તેમજ મહાસંવર માર્ગ મોક્ષસિદ્ધિ અને સાદિઅનંત સિદ્ધત્વનું કારણ છે.

આ પ્રકારે મહાસંવરના માર્ગને સમજી, આરાધી, અનુભવી, જીવ શ્રેણિની તૈયારી કરે છે. તે ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં આજ્ઞાપૂર્વક વર્તી પોતાનાં ઘાતીકર્મોનો ક્ષય કરતો જાય છે, અને યોગ્ય સમય આવતાં ક્ષપકશ્રેણિની શરૂઆત કરે છે.

## ૧૯. ક્ષપક શ્રેણિએ ચડતાં

આપણે ઉપર જોયું તે પ્રમાણે જીવ કાળે કાળે મહાસંવરના માર્ગનું આરાધન કરતાં કરતાં પોતાની આત્મિક શુદ્ધિ અને સિદ્ધિ વધારતો જાય છે અને ક્ષપક શ્રેણિએ ચડવાની તૈયારી કરતો જાય છે. તેની સાથે સાથે તે પ્રાર્થના, ક્ષમાપના અને સ્મરણની સહાયથી તે શ્રેણિની તૈયારી સુધી પહોંચ્યો તેની સૂક્ષ્મતાએ સમજણ લઈ, શ્રેણિમાં તેનો ઉપયોગ કરી, મહાસંવરના માર્ગને યથાર્થતાએ આરાધી, આઠમાથી બારમા ગુણસ્થાનને વટાવી, તેરમા ગુણસ્થાને આવી, 'સયોગી કેવળી' સ્વરૂપે બિરાજે છે.

અગાઉ આપણે જોયું હતું તે પ્રમાણે મોક્ષસિદ્ધિને માણવા માટે, શ્રી કેવળીપ્રભુના સાથને સાર્થક કરવાની પ્રક્રિયારૂપ આજ્ઞારૂપી મહાસાગરમાં સંવર તથા નિર્જરા એ બે પ્રવાહો છે. મોટાભાગના જીવો આ સંવર તથા નિર્જરાના પ્રવાહને વારાફરતી પોતાની કક્ષાના સામર્થ્યથી અનુભવે છે, કેમકે આ બંને પ્રવાહોમાં આત્માને પોતાનું વીર્ય તથા સામર્થ્ય એ પ્રક્રિયામાં કેંદ્રિત કરવું પડે છે, તે પછીથી જ તેને સિદ્ધિ મળે છે. પરંતુ વારાફરતી લક્ષ કેંદ્રિત કરવામાં વચ્ચે જે ગાળો રહે છે તેમાં પ્રમાદ ઘૂસી જઈ જીવને

પાછો પાડે છે. આથી ક્ષપક શ્રેણિમાં એકધારા આગળ વધવા માટે આ બંને પ્રવાહોમાં ઉપયોગને પૂર્ણ લક્ષથી એકસાથે કેંદ્રિત કરી, મહાસંવરના માર્ગને આરાધવો જીવ માટે અનિવાર્ય બને છે. મહાસંવરના ઉત્તમ આરાધન વિના ક્ષપકશ્રેણિ સંભવિત બનતી નથી. વળી, મહાસંવરનો માર્ગ આરાધવો અતિ દુષ્કર હોવાથી તે અપૂર્વ પુરુષાર્થરૂપ પૂર્વ તૈયારી માગે છે. આ તૈયારી કરવા જીવે સંવર તથા નિર્જરા માર્ગને વાસ્તવિક સ્વરૂપમાં જાણવા ઘણા જરૂરી છે.

સંવર એ કર્મરૂપી શત્રુને ખાળવા માટે પાળરૂપ પ્રવાહ છે, તેમાં પ્રાર્થના, મંત્રસ્મરણ અને ધ્યાન સમાયેલાં છે. આ ત્રણેનાં સમન્વયથી જીવ સંવરના પ્રવાહને અનુભવી શકે છે. નિર્જરા એ સંવરના પ્રવાહમાં અંતર્ગત વહેતો, કર્મને નિઃશેષ કરતો બીજો પ્રવાહ છે. અને તેને ક્ષમાપના, મંત્રસ્મરણ તથા ધ્યાનના અનુભવથી માણી શકાય છે.

પ્રાર્થના દ્વારા જીવ શ્રી પ્રભુ પાસે કાર્યસિદ્ધિ કરવા માટે શક્તિ માગે છે, જેનાં ફળરૂપે શ્રી પ્રભુ એ જીવને રક્ષણ કરનાર કલ્યાણનાં પરમાણુઓથી રચાયેલું કવચ વરદાનરૂપે આપે છે. મળેલાં કવચની સહાયથી અને સત્પુરુષાર્થથી જીવ નવાં કર્મના આશ્રવથી બચી જાય છે. પરિણામે તેને પૂર્વસંચિત કર્મનો ક્ષય કરવા માટે સમય તથા વીર્યનો લાભ મળે છે. તે થકી તે જીવ ક્ષમાપનાના પુરુષાર્થમાં પ્રવર્તે છે. ક્ષમાપના કરતાં રહેવાથી તે જીવ વર્તમાનમાં, પોતાનાં ભાવિમાં ઉદયમાં આવનારા કર્મને સ્વ ઇચ્છાથી વેદે છે. તે વેદીને એ કર્મનો ક્ષય કરતો જાય છે. પૂર્વકર્મોને આ રીતે ક્ષીણ કરતાં જવાથી તેનો આત્મા પરનો ભાર હળવો થાય છે, એટલે તે પ્રભુ પાસેથી મળેલાં કવચ માટે અહોભાવ વેદે છે, અને અત્યાર સુધી મળી ન હતી તેવી આત્મિક શુદ્ધિ કરવાની ચાવી તે મેળવે છે. અહોભાવની લાગણી અને પૂર્વકર્મ ભોગવીને ખેરવી નાખવાની લાગણી, એ બેમાં તેને અહોભાવની લાગણી વધારે પ્રિય લાગે છે, કારણ કે તેમાં તેને સહજસ્વરૂપનો ભાસ થાય છે. તેથી સહજતાએ ક્ષમાપનાના પુરુષાર્થમાંથી બહાર નીકળી, પ્રભુના ગુણોને વર્ણવતા મંત્રસ્મરણમાં લીન થવા લાગે છે. આ મંત્રસ્મરણમાં તેને સંવર તથા નિર્જરા એ બંને પ્રવાહનો વારાફરતી અનુભવ

થાય છે. જ્યારે જ્યારે તેને મંત્રસ્મરણનું જોર ઘટે છે, ત્યારે ત્યારે તે સાધક જીવ ક્ષમાપના અને પ્રાર્થનાનો આશ્રય લઈ ફરીથી મંત્રસ્મરણમાં સ્થિર થાય છે. અને આત્માની વિશુદ્ધિ વધારતો જાય છે. મંત્રસ્મરણમાં એકાગ્રતા અને લીનતા આવતાં તે ધ્યાનમાં સ્થિર થાય છે, અને એ ધ્યાનમાં તે સંવર તથા નિર્જરાને એકસાથે અનુભવી શકે છે. પરંતુ એ વખતે આ બંને પ્રવાહોની તીવ્રતા એકસરખી હોતી નથી, તરતમતાવાળી હોય છે. આરંભમાં તેને સંવરની તીવ્રતા વધારે હોય છે, અને પછી ક્રમથી નિર્જરાની તીવ્રતા વધતી જાય છે. તે વખતે જીવ મહાસંવરના પુરુષાર્થને પહેલીવાર સ્થૂળતાએ તથા પ્રત્યક્ષ રીતે અનુભવે છે; તેમ છતાં તે સૂક્ષ્મતાએ સંવર તથા નિર્જરા માર્ગને જ અનુભવે છે, કેમકે એ જીવ સંવર તથા નિર્જરાને વારાફરતી વેદતો હોય છે.

અહીં આપણને જરૂર જિજ્ઞાસા થાય કે જીવ આ મહાસંવરના માર્ગને કેવી રીતે પોતાનાં અપૂર્વ આરાધનરૂપ પ્રાર્થના, ક્ષમાપના, મંત્રસ્મરણ તથા ધ્યાનમાં વણી લે છે. આપણે જાણ્યું તે પ્રમાણે મહાસંવરના માર્ગમાં સંવર તથા નિર્જરાની ઉત્કૃષ્ટતા એક જ સમયે હોવી ઘટે છે. એ દુષ્કર, અછેરાના પુરુષાર્થને આદરવા માટે આત્માના ઉપયોગની તીક્ષ્ણતા એટલી સૂક્ષ્મ હોવી જોઈએ કે જેથી સંવર તથા નિર્જરારૂપ પરસ્પર વિરોધી પ્રવાહોને તે એક જ સમયે ઉત્કૃષ્ટતાથી વેદી કાર્યકારી કરી શકે. આ પુરુષાર્થમાં કર્મને અતિ અલ્પ કાળમાં કાપવાનો માર્ગ રહેલો છે, એમાં ઘણા વધારે વીર્યની જરૂર પડે છે, કારણ કે જીવે અલ્પ કાળમાં બેવડું કાર્ય સફળતાથી પાર પાડવાનું રહે છે. આવું વધારાનું વીર્ય મેળવવા માટે ખૂબ વીર્યવાન આત્મા પાસે જવું જરૂરી થાય છે. આવું ઉત્કૃષ્ટ વીર્ય સર્વસમર્થ આત્મા પાસેથી કે નજીકનાં ભવિષ્યમાં આવી સમર્થતા પામવાના હોય તેવા જીવ પાસેથી જ મળી શકે એ હકીકત છે. આવા આત્માઓ છે; શ્રી અરિહંત પ્રભુ, પંચપરમેષ્ટિ પદનાં ધારક થયેલા શ્રી પંચપરમેષ્ટિ કેવળી, શ્રી સિદ્ધપ્રભુ, ભાવિ તીર્થંકર, ગણધર અને મહાદશાવાન આચાર્યો. આવા પુરુષાર્થી જીવો મહદ્ અંશે પરમ વીતરાગમય સ્થિતિમાં રહેતા હોય છે. તો તેમનું વીર્ય મહાસંવરના માર્ગમાં પ્રવર્તતા જીવને કઈ રીતે મળે છે, તે જિજ્ઞાસાયુક્ત વિચારણા પરમ ઉપકારી બને તેમ છે.

આવા મહાસમર્થ જીવો પરમ વીતરાગમય સ્થિતિમાં રહેવા છતાં, લોકસમસ્તના જીવો માટે સતત કલ્યાણભાવ વેદતા જ હોય છે, તેથી તેમનાથી છોડાયેલા કલ્યાણનાં પરમાણુઓમાં આ મહાસંવરના માર્ગને આદરવા માટેનું ગુપ્ત વીર્ય સમાયેલું હોય છે. તેથી સ્પષ્ટ સમજાય છે કે મહાસંવરના માર્ગ પર ચાલવા માટે દાતાની સ્થિતિ પરમ વીતરાગમય હોવા છતાં લોકકલ્યાણના ઉત્તમ ભાવથી નીતરતી રહે છે. એ મહાન આત્મા એક જ સમયે વીતરાગ અવસ્થા અને લોકકલ્યાણના ભાવ વેદે છે. તે માટે તે જીવ તેનો આત્મોપયોગ એટલા વેગથી ફેરવે છે કે જ્યારે તે પોતાની પરમાર્થિક દશાનુસાર વીતરાગતા અનુભવે છે તે જ સમયે તે લોકકલ્યાણના ભાવ પણ ઉત્કૃષ્ટતાએ વેદે છે.

આવી અપૂર્વ પ્રક્રિયા કરવાનું પરિણામ એ આવે છે કે જીવ જ્યારે લોકકલ્યાણના ભાવ કરે છે ત્યારે તેના આત્મામાંથી પરમાર્થ કલ્યાણનાં પરમાણુઓ બહાર નીકળી આખા લોકમાં ફેલાય છે. આ કાર્યથી ધર્મનું મંગલપણું, આણાએ ધમ્મો, અને આણાએ તવોની ત્રિકરણ પ્રક્રિયા એકસાથે કાર્યકારી થાય છે. આ પ્રક્રિયા કરવાથી એ જીવને ઉત્તમ પ્રકારનું પરમાર્થ પુણ્ય બંધાય છે. વળી એ જ સમયે તે જીવ ભાવપૂર્ણ આજ્ઞામાં રહી રાગરહિત એવી વીતરાગમય સ્થિતિમાં આવો પુણ્યબંધ કરે છે; તેને લીધે તેને કોઈ પદાર્થ, વસ્તુ કે ભાવની સ્થૂળતાએ ઇચ્છા હોતી નથી. ઇચ્છાના આવા અભાવને લીધે એ પરમાર્થ પુણ્યનો ઉદય તરતમાં થાય છે અને તેને રક્ષણ કરવાવાળું આજ્ઞાકવચ મળે છે. આ આજ્ઞાકવચની સહાયથી તેને ઉત્તમ સંવર પ્રાપ્ત થાય છે. વળી તેને વર્તતી વીતરાગતાને કારણે તે શીઘ્રતાથી સકામ નિર્જરા પણ કરે છે, કેમકે જો તે ન હોય તો વીતરાગતા પણ ન હોય. આમ સંવર તથા નિર્જરા બંને ઉત્તમતાએ થાય છે. અર્થાત્ તેને આશ્રવ નહિવત્ અને નિર્જરા અમાપ થાય છે.

અહીં આપણને જિજ્ઞાસુભાવ થાય કે જીવને જો અતિ અલ્પ કર્માશ્રવ હોય તો તેના લોકકલ્યાણના ભાવને પુદ્ગલદેહ આપવા માટે પૂરતા પુદ્ગલો ક્યાંથી સંપ્રાપ્ત થાય છે! આ પુદ્ગલો તેમને તેમના આત્મામાં સંઘરાયેલા પૂર્વ કર્મોમાંથી જ મળે છે.

તેઓ આ કલ્યાણના ભાવને પુદ્ગલદેહ આપવા પોતાના પૂર્વકૃત કર્મોને ઉદ્દીરણા કરી ત્વરાથી વેદી લે છે, તેને નિષ્ક્રિય કરે છે અને એ જ પુદ્ગલ પરમાણુઓને લોકકલ્યાણરૂપ પુદ્ગલ પરમાણુઓમાં રૂપાંતરિત કરે છે. તેમને જો ઉત્કૃષ્ટ લોકકલ્યાણના ભાવથી ઉત્પન્ન થતો ઉત્તમ સંવર હોય તો, તે પૂર્વકર્મનાં પરમાણુઓને કલ્યાણનાં પરમાણુઓમાં ફેરવવા માટે ઘણી મોટી સંખ્યામાં પરમાણુઓ જોઈએ, તે તો એટલા ગ્રહણ થતા ન હોવાથી કલ્યાણનાં પરમાણુઓના સર્જન માટે પૂર્વ સંચિત કર્મોનો સહારો તેમને લેવો પડે છે. આવો સહારો ઉત્તમ નિર્જરા વિના મળી શકે નહિ, તેથી તે આત્મા ઉત્તમ સંવર અને ઉત્તમ સકામ નિર્જરા એક સાથે એક જ સમયે કરે છે – આ છે મહાસંવરનો મહામાર્ગ. આવો માર્ગ વર્તમાનના કે ભાવિના પંચપરમેષ્ટિ ભગવંતને જ ઉપલબ્ધ થાય છે.

શ્રી તીર્થંકર પ્રભુ છેલ્લા સંજ્ઞીપંચેન્દ્રિયપણામાં અંતિમ ૨૦૦ - ૨૫૦ ભવમાં અપ્રગટપણે તથા પ્રગટપણે લોકકલ્યાણના ભાવ કરે છે. તેમને જ્યારથી જેટલા અંશે સકામ લોકકલ્યાણનો ભાવ વેદાય છે ત્યારથી તેટલા અંશે સકામ મહાસંવરનો માર્ગ આરાધાય છે. આ જીવ છેલ્લા આવર્તનમાં મુખ્યતાએ શ્રી તીર્થંકર પ્રભુ કે ભાવિ તીર્થંકર પ્રભુનાં નિમિત્તથી ઇન્દ્રિયવિકાસ તથા આત્મવિકાસ સાધતો હોય છે તેથી તેમને મહાસંવરના માર્ગને અનુભવવાની શક્યતા પહેલાથી ચૌદમા ગુણસ્થાન સુધી રહેલી છે. આ માર્ગની ઉપલબ્ધિ માત્ર તીર્થંકર પ્રભુ તથા ઘણા ઓછા ગણધરપ્રભુ પામે છે. જે ગણધરપ્રભુને તીર્થંકરપ્રભુનાં લોકકલ્યાણના ભાવમાં સ્પૃહા હોય છે, જેને પ્રભુના આત્માનાં ચમત્કારિક ચારિત્ર માટે ભક્તિ કેળવાઈ હોય છે, અને તેના અનુસંધાનમાં અમુક અપેક્ષાએ જે તીર્થંકર પ્રભુની રાગરહિત લોકકલ્યાણની ભાવનાને અનુમોદન આપે છે તે વિરલા ગણધરપ્રભુ ૧ થી ૧૪ ગુણસ્થાન સુધી મહાસંવરનો માર્ગ અનુભવવા ભાગ્યશાળી થાય છે. આ સિવાયના અન્ય કોઈ પણ જીવ પ્રત્યેક ગુણસ્થાને મહાસંવરના માર્ગને અનુભવી શકતા નથી. આ મહામાર્ગનું આરાધન કર્મબંધનના પાંચ કારણોનો ત્યાગ કરવામાં સહાય આપવા માટે સાધકને રક્ષણ પૂરું પાડે છે. તે કેવી રીતે છે તે આપણે સમજીએ.

ભક્તિમાર્ગ, ક્રિયામાર્ગ, જ્ઞાનમાર્ગ કે યોગમાર્ગમાં રહીને જીવ જ્યારે મહાસંવરના માર્ગની આરાધના કરે છે ત્યારે તેને પ્રત્યક્ષ સદ્‌ગુરુનું આજ્ઞાકવચ પ્રાપ્ત થાય છે, અને તેની સહાયથી મિથ્યાત્વની નિર્જરા થાય છે.

આજ્ઞામાર્ગમાં આવ્યા પછી મહાસંવરના માર્ગની આરાધના કરવાથી જીવને સર્વ સદ્‌ગુરુનું આજ્ઞાકવચ મળે છે, અને તેની મદદથી જીવ અવિરતિથી છૂટતો જાય છે.

તેના પછી નિર્ગ્રંથમાર્ગમાં સરી જીવ મહાસંવર માર્ગનું આરાધન કરે છે ત્યારે તેને સર્વ સત્પુરુષનું આજ્ઞાકવચ મળે છે અને તેનો પ્રમાદત્યાગ થતો જાય છે.

એ જ રીતે જીવ વિકાસ કરી નિર્વાણમાર્ગના આશ્રયે જાય છે ત્યારે તેને પંચપરમેષ્ટિનું આજ્ઞાકવચ દાનરૂપે મળે છે. જેના થકી તે જીવ કષાયથી મુક્ત થઈ જાય છે.

અને છેવટમાં એ શુદ્ધાત્મા પરિનિર્વાણમાર્ગમાં મહાસંવર માર્ગનું આરાધન કરી ઉત્કૃષ્ટ પંચપરમેષ્ટિ ભગવંતના આજ્ઞાકવચની મદદથી યોગના બંધનથી પણ છૂટી જાય છે, અને સર્વ કાળને માટે સિદ્ધભૂમિમાં સ્થિર થઈ જાય છે.

આ મહાસંવરનો માર્ગ 'નિર્જરા' ની અપેક્ષાએ પણ સમજવા યોગ્ય છે. શ્રી પ્રભુએ નિર્જરા બે પ્રકારે બોધી છે. અકામ નિર્જરા અને સકામ નિર્જરા. તેના સૂક્ષ્મ ભેદ અનંત છે, અકામ અને સકામ નિર્જરા જુદી જુદી માત્રાના મિશ્રણરૂપે પણ અનુભવી શકાય છે એટલે તેના અનંત ભેદ થઈ શકે છે.

અકામ નિર્જરા એટલે કર્મનાં પરમાણુઓનું આત્માના પ્રદેશ પરથી એવી રીતે નીકળી જવું કે જેમાં જીવની સ્વાભાવિક ઇચ્છા આ પ્રક્રિયાથી જુદી એવી બીજી પ્રક્રિયા પર કેંદ્રિત થઈ હોય. સકામ નિર્જરામાં જીવ સ્વ ઇચ્છાએ કર્મનાં પરમાણુઓને આત્માના પ્રદેશ પરથી કાઢવાનો સભાન પ્રયત્ન કરે છે.

સામાન્યપણે જીવ કર્મો વિપાકોદયથી ભોગવીને નિર્જરાવે છે, અને અમુક વખતે તે પ્રદેશોદયથી કર્મને વેદી તેની નિર્જરા કરે છે. કર્મ ભોગવતાં જીવ જેટલા અંશે તેના આનુષંગિક ભાવો વેદે છે તેટલા અંશે એ નવાં કર્મોનો આશ્રવ કરે છે.

સાનુકૂળ કર્મના ભોગવટામાં જીવ આવા સંજોગ વધારે મળે એવા રાગાદિ ભાવ કરે છે, અને પ્રતિકૂળ કર્મના ભોગવટામાં આવા સંજોગ ફરી ક્યારેય ન આવે એવા કર્મનો વિયોગ ઇચ્છતા દ્વેષાદિ ભાવ કરે છે. તેમાં જીવના તીવ્ર કે મંદ ભાવ અનુસાર રસ તથા જથ્થાનો બંધ થાય છે. જીવના ફરતા રહેતા આવા ભાવાનુસાર તેનાં કર્મોનું સંક્રમણ થયા કરે છે, અને તેના લીધે તેને કર્મનું કર્તાપણું તથા ભોકતાપણું અનુભવાય છે. ભોકતાપણાના પ્રભાવથી તેને કર્મનું કર્તાપણું ઉદ્ભવે છે. આ રીતે સંસાર ચાલ્યા જ કરે છે.

આ પરિભ્રમણથી નિવૃત્ત થવા જીવ જ્યારે વીતરાગધર્મનો રાગી થાય છે ત્યારે તે શ્રી પંચપરમેષ્ટિ ભગવંતના કલ્યાણનાં પરમાણુઓનો આશ્રવ કરે છે, અને તે ભાવાનુસાર પ્રક્રિયા કરે છે. આ કલ્યાણનાં પરમાણુઓમાં મહાસંવરનો માર્ગ ગુપ્તપણે ગોઠવાયેલો હોય છે. એ માર્ગે જીવ અતિ આવશ્યક એવા સંવર તથા નિર્જરાને સકામપણે ઉત્કૃષ્ટતાએ એક જ સમયમાં આદરી શકે છે. તેની સાથે તે એક એવી અપૂર્વ પ્રક્રિયા કરે છે કે જેના થકી એ શુધ્ધ સ્વરૂપનાં અનંત ગુણોનો સકામ આશ્રવ કરી શકે છે. આ પ્રક્રિયા કેવી રીતે થાય છે?

પ્રત્યેક કર્મોદય વખતે થતા રાગદ્વેષથી જીવ નવાં કર્મોનો બંધ કરે છે. પરંતુ જે જીવ મહાસંવરના માર્ગમાં પૂર્ણ આજ્ઞામાં રહી પુરુષાર્થ કરે છે, તેને આ પ્રક્રિયામાં ફેરફાર થાય છે. પૂર્ણ આજ્ઞામાં રહેવાને લીધે તે જીવ પોતાના ગમા કે અણગમાનો નિરોધ કરે છે, તે પોતાની ઇચ્છાને પ્રભુની ઇચ્છાને અનુકૂળ કરે છે. તે પ્રભુની ઇચ્છાનુસાર પોતાની ઇચ્છા રાખતો હોવાથી, શ્રી પંચપરમેષ્ટિ ભગવંતના કલ્યાણનાં પરમાણુઓનો આશ્રવ તેને વધતો જાય છે. આ આશ્રવનાં કારણે વિભાવથી થતા કર્મના આશ્રવ માટે પહેલાં જેટલું યોગનું ખેંચાણ રહી શકતું નથી. આમ મંદ થયેલા રાગદ્વેષને લીધે તેનો કર્મપરમાણુઓનો આશ્રવ ઘટતો જાય છે. યોગની કર્મ ખેંચવાની શક્તિ દશાનુસાર રહે છે, તેથી તેનાથી કલ્યાણનાં પરમાણુઓ જેટલા વધારે ખેંચાય તેટલાં ઓછાં કર્મ પરમાણુઓ આવે. અન્ય રીતે જણાવીએ તો, જેટલી યોગની બળવત્તરતા તેટલાં વિશેષ કર્મપુદ્ગલોનો આશ્રવ થાય છે, પણ તેમાં જેટલી કષાયની

મંદતા તથા પૂર્ણ આજ્ઞાધીનતા સમાય છે, તેટલા પ્રમાણમાં શ્રી પંચપરમેષ્ટિ ભગવંતના પરમાણુઓ આવતા હોવાથી અન્ય ઘાતી અઘાતી કર્મોની અલ્પતા થાય છે. આને આપણે સહજતાવાળો સકામ આશ્રવ કહી શકીએ, કારણ કે તેમાં કર્મનાં પરમાણુઓ કરતાં કલ્યાણનાં પરમાણુઓનો ગમો વધારે હોય છે. વળી, જે જીવ ધર્મનો રાગી છે તેને સંસારનો સહેજે નકાર થાય છે. માટે જે જે પૂર્વનાં કર્મો તેને સંસારમાં બાંધી રાખે છે, તે સર્વનો વેગથી ક્ષય કરવાના ભાવ તેને જાગે છે. તેથી જેટલા વેગથી તેનાં કર્મની નિર્જરા થાય છે, તેટલા જ વેગથી તેને કલ્યાણનાં પરમાણુઓનો આશ્રવ થાય છે; કેમકે ઉપરની પ્રક્રિયા નિર્જરા કરતી વખતે થાય છે. આ ઉપરાંત, જેટલો વેગ આ કલ્યાણનાં પરમાણુના આશ્રવનો હોય છે, એટલો જ વેગ નવા વિભાવભાવના સંવરમાં રહે છે. તેથી તે ઉત્કૃષ્ટ સકામ નિર્જરા સાથે ઉત્કૃષ્ટ સકામ સંવર કરી, એટલો જ શુધ્ધ સ્વરૂપના ગુણોનો સકામ આશ્રવ કરે છે.

વિચાર થઈ જાય તેવું છે કે આવી ત્રણ પ્રક્રિયા એકી વખતે જીવ કઈ રીતે કરે છે? જે જીવ પૂર્ણ આજ્ઞાસહિત લોકકલ્યાણના ભાવમાં વ્યસ્ત છે, તે જીવ સિદ્ધાંતથી કર્મની નિર્જરા કરે છે. નિર્જરા કરતાં તે જીવ લોકકલ્યાણના ભાવ કરે છે, અને કલ્યાણનાં પરમાણુઓનો ફરીથી આશ્રવ કરે છે. આ પ્રક્રિયામાં તે જીવ લોકકલ્યાણનાં પરમાણુઓનો પરિગ્રહ અલ્પ માત્રામાં અને અલ્પ સમય માટે કરે છે. અર્થાત્ તે જીવ જે સંખ્યામાં કલ્યાણનાં પરમાણુઓની નિર્જરા કરે છે તે જ સંખ્યામાં નવાં કલ્યાણનાં પરમાણુઓનો આશ્રવ કરે છે. તફાવત એ રહે છે કે તે જીવ નબળાં કલ્યાણરસનાં પરમાણુઓની નિર્જરા કરે છે અને સબળાનો આશ્રવ કરે છે. આમ આ જીવ પરમાણુઓની સંખ્યાની અપેક્ષાએ મહાવ્રતનું પાલન કરે છે.

તેને ગ્રહણ કરેલાં પરમાણુમાંથી જે કલ્યાણરસ મળે છે, તે રસને પોતાના આત્મામાં ગ્રહણ કરી, ફરીથી તેને પ્રેમરસ, મૈત્રીરસ અને કલ્યાણરસરૂપ આજ્ઞારસથી સંચિત કરી નિર્જરાવે છે. ઉદા. એક જીવ ઉપાધ્યાયજીના કલ્યાણરસને ગ્રહી, તરતમાં જ સાધુસાધ્વીના આજ્ઞારસભરિત કલ્યાણનાં પરમાણુઓને નિર્જરાવે છે. આ રીતે આજ્ઞારસનો આશ્રવ તથા નિર્જરા મહાસંવરમાર્ગીને થાય છે.

જે જીવ સાધુસાધ્વીના કલ્યાણરસને ગ્રહણ કરે છે, તે શ્રાવક શ્રાવિકાના આજ્ઞારસથી ભરેલાં કલ્યાણનાં પરમાણુને તરતમાં નિર્જરાવે છે, અને તે ભક્તિમાર્ગ, યોગમાર્ગ, ક્રિયામાર્ગ કે જ્ઞાનમાર્ગને અનુસરનાર હોય છે.

જે જીવ ઉપાધ્યાયના કલ્યાણરસને સ્વીકારે છે, તે સાધુસાધ્વીના આજ્ઞારસથી ભરેલાં કલ્યાણનાં પરમાણુને ત્વરિત નિર્જરાવી જગતને ભેટ આપે છે, તે જીવ પણ ઉપરના ચારમાંથી કોઈ એક માર્ગને અનુસરતો હોય છે.

જે ઉપાધ્યાય આચાર્યના કલ્યાણરસને આવકારે છે, તે ઉપાધ્યાયજીના આજ્ઞારસથી ભરપૂર કલ્યાણનાં પરમાણુઓને સત્વર નિર્જરાવી જગતમાં દોહરાવે છે. અને તે મુખ્યતાએ આજ્ઞામાર્ગને આરાધી આગળ વધે છે.

જે આચાર્ય ગણધરનાં કલ્યાણનાં પરમાણુઓમાં તરબતર થાય છે, તે પોતાનાં સ્વતંત્ર કલ્યાણરસ ભરિત પરમાણુઓ જગતમાં ફેલાવી, નિર્ગ્રંથમાર્ગને મુખ્યતાએ અનુસરી જગતના જીવો પર ઉપકાર કરતા રહે છે.

જે ગણધરો શ્રી અરિહંત પ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓનો સ્વીકાર કરી તેમાં એકરૂપ થાય છે, તેઓ તે પરમાણુઓનો ઉત્તમ ઉપયોગ કરી, તેમાં પોતાનો સ્વતંત્ર કલ્યાણરસ ઉમેરી તેને નવતરરૂપ આપી, તે પરમાણુઓને જલદીથી જગતને ભેટરૂપે આપે છે, અને એ વખતે તેઓ નિર્વાણમાર્ગને અનુસરતા હોય છે.

શ્રી અરિહંતપ્રભુ કેવળી સ્વરૂપે વિચરતાં વિચરતાં શ્રી સિદ્ધ પ્રભુનાં ત્યાગેલાં સર્વોત્તમ પરમાણુઓ ગ્રહણ કરી, તેના રસમાં પોતાનો આત્મરસ ઉમેરી પંચપરમેષ્ટિનાં પરમાણુરૂપ તેને કરી જગતમાં કલ્યાણાર્થે વહેતા મૂકે છે. અને તેઓ એ કાળમાં પરિનિર્વાણ માર્ગમાં ઝૂલતા રહે છે.

શ્રી કેવળીપ્રભુ સિદ્ધ થતા પહેલા કેવળી સમુદ્‌ઘાત કરે છે, તેમાં તેઓ સર્વ પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓ આવકારી, પોતાનો સર્વ કલ્યાણમય રસ ઉમેરી, જગતને સર્વોત્તમ કલ્યાણરૂપ થાય એવાં પરમાણુરૂપ બનાવી લોકને એ પરમાણુઓ ત્વરિત ગતિએ ભેટરૂપ આપી, પોતે સર્વ ઋણથી મુક્ત થઈ સિદ્ધભૂમિમાં વિરાજે છે.

આ પ્રમાણે મહાસંવર માર્ગને આરાધતો જીવ ક્રમે ક્રમે શુધ્ધ પુરુષાર્થ વધારતા જઈ, ઉચ્ચ પ્રકારનાં કલ્યાણરસને મેળવતો જઈ વેદતો જાય છે, અને એ જ સમયે તેનાથી નબળા—ઊતરતી કક્ષાના આજ્ઞારસને આ લોકમાં વહાવતો જાય છે. આ પ્રક્રિયા કરવાથી એ જીવ પાંચ મહાવ્રતનું પાલન ખૂબ સુંદર રીતે આત્મિક શુદ્ધિથી પાળે છે, જેના થકી તેને અપૂર્વ એવી પરમાર્થિક સિદ્ધિ મળતી રહે છે.

મહાસંવરમાર્ગને અદ્‌ભુત પુરુષાર્થથી આરાધતા જીવને આત્મિક દૃષ્ટિએ ઘણો મોટો લાભ થાય છે. આ જીવ જ્યારે કલ્યાણનાં કાર્યમાં પણ મહાસંવરના માર્ગનો ઉપયોગ કરે છે ત્યારે તેને સહજતાએ એ આજ્ઞારસ દ્વારા સાધુસાધ્વી, ઉપાધ્યાય, આચાર્ય, ગણધર, અરિહંત, સિદ્ધ અને પંચપરમેષ્ટિ ભગવંતનો મૈત્રીભાવ મળે છે. આ મૈત્રીભાવને એ જીવ એ જ સમયે નિર્જરાના આજ્ઞારસ દ્વારા લોકમાં પ્રસરાવે છે. આ મૈત્રીભાવના પ્રસારણના બદલામાં તેને મૈત્રી પ્રેરિત વૈરાગ્યની ભેટ મળે છેઃ તેના સથવારામાં તેને મૈત્રી પ્રેરિત ઉદાસીનતા અને મૈત્રી પ્રેરિત વીતરાગતા પણ ભેટમાં મળે છે. આ ત્રણે ભેટની લાક્ષણિકતા એ છે કે ત્રણે ઉત્તરોત્તર ચડિયાતી કક્ષાનાં હોવા છતાં, તેનાં મૂળમાં મૈત્રીભાવ રહેલો હોવાથી તેને તેઓ જુદાં પણ અનુભવી શકે છે, અને સાથે પણ અનુભવી શકે છે. એટલે કે જે જીવ સાતમા ગુણસ્થાને મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિએ હોય એ સહેજાસહેજ મૈત્રી પ્રેરિત વૈરાગ્ય, મૈત્રી પ્રેરિત ઉદાસીનતા અને મૈત્રી પ્રેરિત વીતરાગતાને સ્થૂળતાએ એક સાથે અનુભવી શકે છે. માટે તે ક્ષાયિક સમકિત લીધા પછીના સૂક્ષ્મ તથા પરોક્ષ મિથ્યાત્વને, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજવલન મોહને પણ એકસાથે નિર્જરાવી શકે છે. આમ તે મહદ્ અંશે પાંચે મહાવ્રતનું પાલન કરતો રહે છે, જેથી તેને દર્શનાવરણ કર્મનો ક્ષય થતો જાય છે. આ પ્રક્રિયામાં જીવને સંસારની સુખબુદ્ધિ વેદવા માટે યોગની જગ્યા રહેતી નથી એટલે તે જ્ઞાનાવરણનો ક્ષય પણ વધારતો જાય છે. પાંચ મહાવ્રતનું પાલન કરવાથી તેની સ્વરૂપ સ્થિરતા વર્ધમાન થાય છે એટલે અંતરાયકર્મ હળવું ને હળવું થતું જવા સાથે મોહનીય પણ ઘટતું જાય છે. આ રીતે તેને ઘાતીકર્મોનું અલ્પત્વ થતું જતું હોવાથી એ જીવ મુખ્યત્વે શાતાવેદનીય કર્મનો બંધ કરતો રહે છે. આ જીવ પૂર્ણ આજ્ઞામાં

રહ્યો હોવાથી 'આણાએ તવો' ને ઉત્તમતાએ વેદે છે, પરિણામે તેનો પુણ્યબંધ સંસારી પુણ્યમાંથી કેવળજ્ઞાન પહેલાં ભોગવાય તેવાં પરમાર્થ પુણ્યમાં પલટાય છે અને એ પુણ્યને તે કેવળી સમુદ્‌ઘાત વખતે વેદી શકાય તેવા પુણ્યમાં રૂપાંતરિત કરી શકે છે. આવા બળવાન પુરુષાર્થી જીવને જ્ઞાનદર્શનના ઊઘાડ સાથે પરમ વીતરાગતા અને પરમ પૂર્ણ આજ્ઞાનું વેદન રહેતું હોવાથી તેની ક્ષપક શ્રેણિ માત્ર નવ સમયમાં પૂરી થઈ શકે છે.

આ બધા ઉપરાંત તે જીવને છઠ્ઠા અને સાતમા ગુણસ્થાને એક બીજી સિદ્ધિ પણ મળે છે. કોઈ પણ જીવને જો વીતરાગતાના અનુભવમાં કે શુક્લધ્યાનમાં જવું હોય તો તેને પ્રાર્થના, ક્ષમાપના, મંત્રસ્મરણ અને ધર્મધ્યાનનાં આરાધન પછી તેની પ્રાપ્તિ સામાન્ય રીતે થતી હોય છે. તેવો જીવ વૈરાગ્ય, ઉદાસીનતા અને વીતરાગતા ક્રમથી પામતો હોય છે. પરંતુ જે જીવ મહાસંવરના માર્ગમાં યથાર્થતાએ પ્રવર્તે છે, તે જીવ પ્રાર્થના, ક્ષમાપના કે મંત્રસ્મરણ, કોઈ પણ એકના આરાધનથી થોડો સમય ધર્મધ્યાનમાં રહી શુક્લધ્યાનમાં જઈ શકે છે. એ જીવને વીતરાગતા મૈત્રીપ્રેરિત વીતરાગતારૂપે મળે છે, તેનું મૂળ મૈત્રી તથા આનંદ હોય છે. આથી આવો જીવ જાગૃત અવસ્થામાં, કામ કરતી વખતે પણ શૂન્ય રહી શકે છે. અર્થાત્ તેને કર્માશ્રવ કરતાં કર્મનિર્જરા ઘણાં વધારે પ્રમાણમાં થતાં હોય છે. તેને વૈરાગ્ય પ્રેરિત વીતરાગતાની સહાય લેવી પડતી નથી. વૈરાગ્યપ્રેરિત વીતરાગતામાં નકારાત્મક વલણની ઝાંખી છે, જે વીતરાગતાની કક્ષાને નબળી બનાવે છે.

મહાસંવરના માર્ગની જાણકારી અને અનુભૂતિ આવતાં જીવને નિશ્ચય થાય છે કે ધર્મનો માર્ગ તે ત્યાગનો નહિ પણ પ્રાપ્તિનો માર્ગ છે. પ્રાપ્તિના આ માર્ગમાં શોકને કે દુઃખને સ્થાન નથી, તેમાં તો હર્ષ છે અને આનંદ સહિતની પ્રસન્નતા છે. આમ ધર્મારાધનનો માર્ગ જીવને આનંદ ઉપજાવનાર, ઉત્સાહપ્રેરક, થકાવટ તોડાવનાર એવો ધુરંધર માર્ગ છે. શ્રી જિનેશ્વર પ્રણીત ધર્મનો આજ્ઞામાર્ગ – મહાસંવરનો માર્ગ એ મૂળ આજ્ઞામાર્ગનો એક ભાગ છે; તેથી તે કર્મ સાથે સંવરનો માર્ગ હોવા છતાં, તેમાં આનંદ છે, મંગળ છે, શાંતિ છે. સવાલ આવી શકે એમ છે કે જ્યાં

કર્મને રોકવામાં આવે છે એવા સંવરમાં શાંતિ કેવી રીતે સંભવી શકે ? વળી કર્મ પુદ્‌ગલો જે પરપદાર્થ છે, જીવને ભારરૂપ છે તેની વિચારણામાં આનંદ ક્યાંથી હોઈ શકે ?

શ્રી ગુરુઆજ્ઞા પ્રેરિત જિનદાનના પ્રતાપે તેનું રહસ્ય આપણી પાસે પ્રગટ થાય છે. મહાસંવરના માર્ગમાં નવાં આવતાં કર્મોને રોકવાની અને પૂર્વ કર્મોની નિર્જરા કરવાની પ્રક્રિયા એક જ સાથે થતી હોવા છતાં તેનાં બે ભાગ થાય છે.

૧. કર્મના લક્ષે વર્તવાથી આવતો નકારાત્મક વલણવાળો માર્ગ.

૨. સ્વભાવના લક્ષથી વર્તવામાં આવતો હકારાત્મક ભાવવાળો માર્ગ.

પહેલા પ્રકારમાં જીવ કર્મના નકારને પ્રાધાન્ય આપી તેની સ્પૃહા રાખે છે. તે જીવ સાતમા ગુણસ્થાનના ઉચ્ચ મધ્યભાગ સુધી (૩૫ મિનિટે પહોંચવા સુધી) મહાસંવરના માર્ગને સારી રીતે આચરી શકે છે. આવો જીવ શુક્‌લધ્યાનમાં જાય ત્યારે અશાતાવેદનીય કર્મનો નકાર કરે છે, પણ શાતાવેદનીયકર્મનો એ જ ઉત્સાહથી નકાર કરી શકતો નથી. પરિણામે તે સમયે તે શાતાવેદનીય કર્મના જથ્થાને વધારતો જાય છે. અને તેનાં ફળરૂપે તે દેવલોકનું આયુષ્ય બાંધી બેસે છે, જેનું ઉત્કૃષ્ટપણું સર્વાર્થસિદ્ધ વિમાનના તેંત્રીસ સાગરોપમના આયુષ્યમાં આવે છે.

એથી વિરુધ્ધ, જીવ જ્યારે સ્વભાવના ગુણના લક્ષથી હકારાત્મક ભાવથી મહાસંવરના માર્ગને આરાધે છે ત્યારે તે શુદ્ધ સ્વભાવની સ્પૃહા રાખતો હોવાથી, તે અંતરંગથી પાંચ મહાવ્રતનું પાલન સૂક્ષ્મપણે કરે છે, આવા પાલનથી જીવ કર્મ તરફ નિસ્પૃહ થતો જાય છે, અને ધર્મધ્યાન તથા શુક્‌લધ્યાનમાં મહાસંવરના માર્ગને તે પૂર્ણ આજ્ઞાથી પાળી શકે છે; પરિણામે તે શાતા તથા અશાતાનાં કર્મોને સમાન ઉત્સાહથી હણતો જાય છે. તે સંવર તથા નિર્જરાની તીવ્રતાને (intensity ને) સમાન રાખે છે, અને કર્મનાં સ્થિતિ તથા જથ્થાનો સાથે સાથે નાશ કરતો જાય છે. આ મહાસંવરના માર્ગના તેના પુરુષાર્થથી તેની વાણી ખૂલે છે, અને જે જે પરમાણુઓ તેનાં વાચાવર્ગણાના પુદ્‌ગલ દ્વારા નીકળે છે, તે તે પરમાણુઓમાં અરિહંત, સિદ્ધ તથા ગણધરનાં કલ્યાણનાં પરમાણુઓ વધારે ભરેલાં હોય છે. આ કારણથી

તેની વાણી વિનયયુક્ત, તીક્ષ્ણ (exact), કરુણાસભર અને સ્વપરકલ્યાણકારી થાય છે. આ વાણીના ભાવ તે જીવ પ્રાર્થના દ્વારા વધારે શુધ્ધ કરતો હોય છે. ઉદા.ત. “હે કલ્યાણપિંડ વીતરાગ પ્રભુ! આપની કૃપાના દોરથી મારી વાણીને એવી બનાવો કે જેથી અનેક જીવો કલ્યાણના માર્ગમાં પ્રવર્તવાની પોતાની ભાવનાને દૃઢ કરે અને મને મારી પૂર્વની ભૂલોની ક્ષમાયાચના કરવાનો સુઅવસર પ્રાપ્ત થાય.”

આ માર્ગે ચાલી જીવ સ્વરૂપના ગુણનો સકામ આશ્રવ કરે છે. આ સકામ આશ્રવ જ એની સ્પૃહા બને છે, એટલે કે એ તેનું કારણ (cause) થાય છે, અને કર્મનાં સંવર તથા નિર્જરા એ મહાસંવર માર્ગ દ્વારા તેનું કાર્ય કે પરિણામ (effect) થાય છે. આમ તે મહાસંવરના માર્ગ માટે પણ નિસ્પૃહ થતો જાય છે, તે નિસ્પૃહતાના પ્રભાવથી જીવ શાતા તેમજ અશાતાનો સમાન ઉગ્રતાથી ક્ષય કરી શકે છે. જે જીવ કર્મનાં સ્થિતિ તથા જથ્થા માટે નિસ્પૃહ હોય છે, તે જીવ એની ઉત્કૃષ્ટતા અનુભવતી વખતે પણ આજ્ઞાધીન જ રહે છે; અને પોતાના માનકષાયનો નિરોધ કરતાં કરતાં ક્ષય કરતો જાય છે. આ કર્મક્ષયથી ઉપજતા માનભાવને તે જીવ જ્યારે સ્વભાવગુણના લોભથી ક્ષય કરે છે ત્યારે તે પહેલીવાર કેવળીભોગ્ય શાતાવેદનીયને કેવળી સમુદ્‌ઘાતનાં કલ્યાણનાં પરમાણુમાં પરિણમાવે છે. કલ્યાણનાં આવાં પરમાણુઓની સંખ્યા જેટલી વધારે થાય તેટલા વિશેષ કાળ માટે તે આત્મા કેવળીપર્યાયમાં યોગના જોડાણથી છૂટો રહી શકે છે. છઠ્ઠા સાતમા ગુણસ્થાને વર્તતી વખતે જીવને યોગ સાથેનું જોડાણ જેટલી મંદતાથી થાય અર્થાત્ જોડાણની તીવ્રતા જેટલી ઓછી હોય તેટલા પ્રમાણમાં તે જીવ કર્મનાં બંધનનાં બીજાં કારણોથી છૂટતો જાય છે. આમ થવાથી તે જીવ પોતાનાં જ્ઞાન તથા દર્શનનો ઉઘાડ વિશાળતાથી કરી શકે છે, તેની સાથે સાથે તે અંતરાય કર્મને પ્રદેશોદય દ્વારા ભોગવીને ક્ષીણ કરતો જાય છે. તે ભાવ કરે છે કે,

“મહાસંવર માર્ગના પ્રણેતા શ્રી અરિહંત પ્રભુને, મને આ ભવ્ય માર્ગની જાણકારી કરાવી તેના માટે પરમ આભારભાવથી વંદન કરું છું. આ

મહાસંવરના માર્ગને યથાર્થપણે પાલન કરનાર સર્વશ્રી પંચપરમેષ્ટિ ભગવંતને, જેમણે આ ઉપકારક પ્રક્રિયા દ્વારા માર્ગને પાળવાની મને જાણકારી કરાવી, એ તેમના મહાસંવરરૂપ આજ્ઞાપાલનને મારા ભક્તિભર્યા, આભારભર્યા, હર્ષાશ્રુ સાથે સાષ્ટાંગ વંદન હો. આ જાણકારીનો હું સદુપયોગ કરી પૂર્ણ શુદ્ધ થઈ જાઉં એ જ પ્રાર્થના છે."

આ પ્રકારની બધી સમજણ મેળવી, તેની ઊંડાણથી અનુભૂતિ કરી, મહાસંવરના માર્ગને યથાર્થતાએ પચાવી જીવ ક્ષપક શ્રેણિ શરૂ કરે છે. એક સમયના પણ પ્રમાદ વિના, પ્રાર્થના, ક્ષમાપના અને મંત્રસ્મરણનો અતિ સૂક્ષ્મ સ્વરૂપે આધાર લઈ, પોતાના સ્વગુણોનો આશ્રવ કરતો કરતો આત્મા એક પછી એક ગુણસ્થાન ઝડપથી ચડતો જઈ, ઘાતીકર્મોની પ્રત્યેક સમયે અસંખ્યગણી નિર્જરા કરતાં કરતાં તે કેવળજ્ઞાન તથા કેવળદર્શન પ્રગટાવે છે. અને સયોગી કેવળી સ્વરૂપે તે આત્માનું આ પૃથ્વી પર વિચરવું થાય છે.

## ૨૦-૨૧. કેવળી સમુદ્‌ઘાતના આઠ સમય

## ૨૨. તેરમાથી ચૌદમા ગુણસ્થાને જતાં (અયોગી કેવળી થતાં)

૧૩મા ગુણસ્થાને વિચરતા કેવળી ભગવાન કષાયરહિત બની, શેષ રહેલાં અઘાતી કર્મોનો ક્ષય કરતાં કરતાં ઉદયગત સ્થિતિ અનુસાર વિચરતા રહે છે. તેમની સ્વરૂપલીનતા એવી બળવાન હોય છે કે અમુક સમયના આંતરા પછી તેઓ માત્ર એક સમય માટે મન, વચન ને કાયાના યોગ સાથે જોડાઈ શાતા વેદનીયનો બળવાન આશ્રવ કરે છે. આ જોડાણમાં કષાયની કાલિમા ન હોવાને કારણે તથા પૂર્ણ સ્થિરતા હોવાને લીધે, બીજા જ સમયે તે શાતાવેદનીય કર્મ વેદાઈને ત્રીજા જ સમયે ખરી જાય છે. સાથે સાથે પૂર્વસંચિત ચારે અઘાતી કર્મો પણ ભોગવાઈને નિવૃત્ત થતા જાય છે. આ રીતે જેમ જેમ તેમના આત્મા પરનો કર્મભાર ઓછો થતો જાય છે તેમ તેમ તેમનો યોગ સાથેના જોડાણનો ગાળો પણ વધતો જાય છે. ઉદા. કોઈ

કેવળીપ્રભુ એક એક સમયના આંતરે યોગ સાથે જોડાતા હોય છે, પણ અમુક કાળ પછી તેઓ કર્મભાર ઘટવાથી બે સમય માટે યોગ સાથે જોડાયા વિના રહી આશ્રવ તોડે છે. એ જ રીતે સમય જતાં તેઓ ત્રણ સમય, ચાર સમય પછી જોડાય છે, અને આ રીતે આગળ વધી સાત સમય સુધી પણ યોગના જોડાણથી તેઓ છૂટા રહે છે. જે સમયમાં તેમનું યોગ સાથેનું જોડાણ હોતું નથી, તે સમયે તેમને શાતાવેદનીય કર્મનો આશ્રવ પણ હોતો નથી, માત્ર ઉત્તમ સ્વરૂપલીનતા સાથે તેમને પૂર્વ સંચિત કર્મોની બળવાન નિર્જરા જ થાય છે. આમ યોગ સાથેના જોડાણની વચ્ચેનો ગાળો વધવા સાથે આશ્રવની અલ્પતા અને નિર્જરાનું પ્રમાણ વધતાં જાય છે. પ્રત્યેક કેવળી પ્રભુના શ્રેણિના પુરુષાર્થના આધારે તેમના યોગના જોડાણનો ગાળો તરતમતાવાળો હોય છે. કોઈ આત્મા એક સમયના આંતરે યોગ સાથે જોડાય છે, તો કોઈ આત્મા બે કે ત્રણ કે ચાર સમયના આંતરે યોગ સાથે શરૂઆતથી જ જોડાતો હોય છે. જેમ જેમ તેમની કર્મનિર્જરા વધતી જાય છે તેમ તેમ તેમનું યોગના જોડાણનું અંતર પણ વધતું જાય છે. આ અંતર વધ્યા પછી જ્યારે આત્મા એક સમય માટે યોગ સાથે જોડાય છે ત્યારે તેમનો ઉપયોગ ખૂબ જ તીક્ષ્ણ થયો હોવાથી, એ સમયનો કર્માશ્રવ પણ વધે છે. પરંતુ તેઓ એ જ તીક્ષ્ણ ઉપયોગને યથાર્થતાએ વાપરી તે પછીના જ સમયે એ કર્મપરમાણુઓને વેદી, શ્રી કેવળીપ્રભુ તેથી પણ વિશેષ ઉગ્રતાથી એ કર્મોને ખેરવી નાખે છે. આમ આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપનું મહાસંવરના માર્ગે આરાધન કરી શ્રી પ્રભુ ઉગ્રતાથી અઘાતી કર્મનો ક્ષય કરતા જાય છે. અને અયોગી ગુણસ્થાને જવા માટે પોતાના આત્માની પાત્રતા પ્રતિસમયે વધારતા જાય છે.

'અયોગી કેવળી' ગુણસ્થાને પહોંચતા પહેલાં ચારે અઘાતી કર્મોની સ્થિતિ એક સરખા કાળની હોતી નથી, તેમાં ઘણું તરતમપણું રહેલું હોય છે. આ ચારે કર્મોની સ્થિતિ એક સરખા કાળની કરવા માટે શ્રી પ્રભુ 'કેવળી સમુદ્દ્ઘાત' કરે છે. આમ કરવામાં શ્રી કેવળી પ્રભુ વિશિષ્ટ પ્રક્રિયા કરે છે, તેઓ પોતાના આત્મપ્રદેશોને આખા લોકમાં ફેલાવી, વિશિષ્ટ રીતે પ્રદેશોદયથી વિશેષ કાળનાં કર્મોને ભોગવી ચારે અઘાતી

કર્મોની સ્થિતિ સમકાળની કરી નાખે છે. અને તેમ કરવામાં માત્ર આઠ સમય જેટલા જ કાળનો ઉપયોગ તેઓ કરે છે. તેઓ ઉત્કૃષ્ટતાએ આજ્ઞાધીન બની, પહેલા ચાર સમયમાં પોતાના આત્મપ્રદેશોને સિદ્ધભૂમિથી લઈ નિત્યનિગોદ સુધીના લોકમાં ફેલાવે છે, એ વખતે મહાસંવરના માર્ગને ઉત્તમોત્તમતાથી આરાધી સર્વ વધારાનાં કર્મોને ત્વરાથી ભોગવી ખંખેરી નાખે છે, એ બાકીના ચાર સમયમાં તેઓ આત્માને સંકોરી સ્વશરીરમાં સમાઈ જાય છે. આ પ્રક્રિયા કરવાથી જગતજીવોને થતા લાભ આપણે પૂર્વે જાણ્યા છે. શ્રી પ્રભુ કેવળી સમુદ્‌ઘાત કરે છે તે વખતની પ્રક્રિયા સામાન્યપણે આ રીતે શાસ્ત્રમાં વર્ણવવામાં આવી છે.

શ્રી કેવળીપ્રભુને વેદનીય આદિ ચાર અઘાતીકર્મની સ્થિતિ જ્યારે ઓછીઅધિકી એટલે કે તરતમતાવાળી હોય છે, ત્યારે તે સર્વને સમ કરવા માટે શ્રી પ્રભુ 'કેવળી સમુદ્‌ઘાત' કરે છે. આ સમુદ્‌ઘાત આઠ સમયનો હોય છે. જ્યારે શ્રી પ્રભુનું આયુષ્ય અંતર્મુહૂર્ત કાળનું બાકી રહે છે ત્યારે જ પ્રભુ સમુદ્‌ઘાત કરે છે.

તેઓ સમુદ્‌ઘાતના પહેલા સમયે આત્મપ્રદેશનો અધઃઉર્ધ્વ લોકાંત લગે દંડ કરે છે, બીજા સમયે પૂર્વાપર લોકાંત લગે કપાટ કરે છે, ત્રીજા સમયે દક્ષિણોત્તર લોકાંત લગે આત્મપ્રદેશોને વિસ્તારીને મંથાનરૂપ કરે છે, ચોથા સમયે વચ્ચેનું અંતર પૂરીને તેઓ સમગ્ર લોકવ્યાપી થાય છે. પાંચમા સમયે આંતરા સંહરે છે, છઠ્ઠા સમયે મંથાન સંહરે છે, સાતમા સમયે કપાટ સંહરે છે અને આઠમા સમયે દંડ પણ સંહરીને તેઓ શરીરસ્થ થાય છે.

અને તે પછી તેઓ ચૌદમા ગુણસ્થાને જવાની તૈયારી કરે છે. જ્યારે શ્રી કેવળી ભગવાન તેરમાથી ચૌદમા ગુણસ્થાને આવવાના હોય છે ત્યારે અમુક સમય પહેલાં તેઓ મિથ્યાત્વ અને યોગ વચ્ચેનું અનુસંધાન તોડે છે, પછી તેઓ અવિરતી અને યોગ વચ્ચેનું જોડાણ છોડે છે; તે પછી પ્રમાદ અને યોગનો વારો આવે છે, અને છેવટે કષાય તથા યોગનો નાતો નીકળી જાય છે. છેવટમાં તેઓ મનોયોગ, વચનયોગ, અને કાયયોગ રુંધે છે. આ યોગનિરોધની શરૂઆત પ્રભુ આયુષ્યનો અંતર્મુહૂર્તકાળ બાકી રહે ત્યારે કરે છે. ત્યાં પ્રથમ બાદર કાયયોગે કરી બાદર મનોયોગ રુંધે છે, પછી તે

વડે બાદર વચનયોગ રુંધે છે. પછી સૂક્ષ્મ કાયયોગથી બાદર કાયયોગ રુંધે છે, તેનાથી સૂક્ષ્મ મનોયોગ રુંધાય છે અને પછી તે વડે જ સૂક્ષ્મ વાક્યોગ રુંધે છે, પછીથી સૂક્ષ્મ કાયયોગ રુંધાતો થકો સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ નામનું ત્રીજું શુક્લધ્યાન તેઓ ધ્યાવે છે. તેના સામર્થ્યથી દેહનો ત્રીજો ભાગ સંકોચીને તાવત્ પ્રદેશી થાય છે. તે ધ્યાને વર્તી સ્થિતિઘાતાદિકે કરીને આયુ વિનાના ત્રણ કર્મ સયોગી કેવળીના ચરમ સમય લગી તેઓ અપવર્તે છે. ચરમ સમયે તેમનાં સર્વ કર્મ અયોગી અવસ્થાની સ્થિતિ સમાન સ્થિતિનાં થાય. અને જે કર્મનો અયોગી અવસ્થાએ ઉદય નથી તેની સ્થિતિ એક સમય ઊણી કરે. તે પછી કર્મની ઉદય ઉદ્‌રણા ટાળી પછીના સમયે તેઓ અયોગી કેવળી થાય છે.

અયોગી કેવળી રહેવાનો કાળ માત્ર પાંચ હ્રસ્વસ્વર (અ,ઇ,ઉ, ઋ,લૃ) અક્ષર ઉચ્ચાર પ્રમાણ અંતર્મુહૂર્ત છે. તેઓ તે અયોગી સ્થાનવર્તી સૂક્ષ્મક્રિયા ધ્યાને પૂર્ણ કરી વ્યુપરતક્રિયા નામે ચોથું શુક્લધ્યાન ધ્યાવે છે. તેઓ સ્થિતિઘાતરહિત ઉદયવંત કર્મને સ્થિતિ ક્ષયે કરી, અનુભવી ક્ષય કરે, અને અનુદયવંત કર્મને વૈદ્યમાન પ્રકૃતિમાં સંક્રમાવી, વૈદ્યમાન પ્રકૃતિપણે વેદી અયોગી અવસ્થાના દ્વિચરમ સમય સુધી જાય. છેલ્લા સમયે બાકી રહેલાં સર્વ કર્મ વેદી રત્નત્રયના સારભૂત મોક્ષસુખને મેળવે છે.

અહો! શ્રી જિનમાર્ગની અપૂર્વતા અને કલ્યાણભાવ તો જુઓ! જે માર્ગનું યથાર્થ જ્ઞાન અને કલ્યાણ, શ્રી તીર્થંકર પ્રભુને પણ યોગ રુંધાયા પછી જ એટલે કે કેવળી સમુદ્‌ઘાત કર્યા પછી જ વેદાય છે, અર્થાત્ અતિશુધ્ધ તેમજ લગભગ પૂર્ણ આજ્ઞારૂપી ધર્મ અને તપનું પાલન કર્યા પછી જ ઉત્પન્ન થાય છે. એ યથાર્થજ્ઞાન લોકના પ્રદેશના અણુએ અણુમાં વ્યાપી રહેલ છે. આ જ્ઞાનની અપૂર્વતા કેવી છે કે આટલી શુદ્ધિ પામ્યા પછી પણ તે જ્ઞાન લોકની અશુચિમય જગ્યામાં પણ પરમ વીતરાગરૂપે અનંતકાળ સુધી રહે છે! અને લોકની સૌથી વિશેષ પવિત્ર જગ્યામાં પણ પરમ વીતરાગરૂપે સનાતન સ્વરૂપે રહે છે. લોકની સૌથી વિશેષ અશુચિમય જગ્યા એટલે નિત્યનિગોદ અને સૌથી પવિત્ર જગ્યા એટલે સિદ્ધભૂમિ આવી પરસ્પર વિરોધી જગ્યામાં આ મંગલમય ધર્મ રહેલો છે, અને તેની જરૂરિયાત પણ એટલી જ છે.

## ૨૩. સિદ્ધભૂમિ પ્રતિનું એક સમયમાં ગમન

## ૨૪. સિદ્ધભુમિમાં ચૈતન્યઘન સ્થિતિ

## ૨૫. સિદ્ધભુમિમાં અક્ષય સ્થિતિ

સિદ્ધભૂમિમાં સર્વ સિદ્ધાત્માઓ ભાવરહિત અને પૂર્ણ સ્વરૂપમાં નિમગ્ન છે. શુદ્ધાત્માને – સિદ્ધાત્માને આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપમાં આરૂઢ રહેવા માટે ધર્મના સમાન પાયાની જરૂરિયાત છે. જો તેમની વચ્ચે સમાન પાયો (common foundation) ન હોય તો સર્વ સિદ્ધપ્રભુની આજ્ઞા જુદી જુદી હોય, કારણ કે એ સર્વ આત્માનાં સિદ્ધ થતાં પહેલાનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ જુદાં જુદાં હતાં. વળી, સિદ્ધભૂમિમાં આવ્યા પછી એમને ભાવ તો નથી, તો આ વિભિન્ન સમવાય હોવા અને આજ્ઞાનું એકરૂપપણું હોવું એ કોઈ અપૂર્વ રહસ્યનું જ પરિણામ હોવું જોઈએ. એ રહસ્ય આપણને શ્રી પ્રભુ ગુરુ અરિહંતની કૃપાના આધારે સ્પષ્ટ જણાય છે.

લોકના પ્રદેશો સિદ્ધભૂમિમાં પણ રહેલા છે. એ પ્રદેશોમાં શ્રી અરિહંત પ્રભુનો સનાતન અને સર્વોત્કૃષ્ટ ધર્મ સિંચાયેલો છે. કેવળી સમુદ્‌ઘાત વખતે, શ્રી કેવળીપ્રભુના સાથથી એ ધર્મનાં બીજ આજ્ઞારૂપી ધર્મ અને તપમાં પરિણમે છે. સિદ્ધાંત પ્રમાણે કેવળી સમુદ્‌ઘાત વખતે કેવળી પ્રભુના આઠે રુચક પ્રદેશો સિદ્ધભૂમિમાં જાય છે, આ પ્રદેશો અને સિદ્ધપ્રભુના સર્વ પ્રદેશો સમાન છે. પણ સમુદ્‌ઘાત કરતી વખતના આત્માના અન્ય પ્રદેશો હજુ સંપૂર્ણ શુધ્ધ થયા હોતા નથી, એટલે એ પ્રદેશો કેવળીગમ્ય પ્રદેશોની (શ્રી તીર્થંકર પ્રભુનાં નિમિત્તથી નિશ્ચયથી વ્યવહાર સમકિત મેળવ્યા પછી શુધ્ધ થયા હોય છે તેની) સ્ફૂરણાથી એ ધર્મરૂપી બીજને આજ્ઞારૂપી ધર્મ અને તપ સ્વરૂપે સ્ફૂરાવે છે. આ સ્ફૂરણાને તે પોતાના આઠ રુચક પ્રદેશ અને આઠ કેવળીગમ્ય પ્રદેશોમાં સિંચિત કરે છે. આનું મુખ્ય કારણ એ છે કે આ સોળે પ્રદેશોની શુદ્ધતા શ્રી તીર્થંકર પ્રભુની સહાયથી કે એમની આજ્ઞાથી થયેલી હોય છે. એટલે એ પ્રદેશોમાં કેવળીપ્રભુને સ્વચ્છંદ આવવાની કોઈ સંભાવના રહેતી નથી. આ કાર્ય કરી, કેવળીપ્રભુનો આત્મા કેવળી સમુદ્‌ઘાત કરી, યોગ રુંધી સિદ્ધ થાય છે.

સિદ્ધભૂમિમાં જતી વખતે તે આત્મા આઠે પ્રકારનાં કર્મોથી છૂટી શુદ્ધ થાય છે. આવો શુદ્ધાત્મા સિદ્ધભૂમિમાં જવા ગમન કરે છે, અને જ્યારે તે સિદ્ધભૂમિના નીચેના ભાગમાં (જ્યાં કેવળી સમુદ્ઘાત વખતે તેના આઠે કેવળીગમ્ય પ્રદેશો ફેલાયા હતા ત્યાં) આવે છે ત્યારે તેના આત્માનું કેવળજ્ઞાન બોધસ્વરૂપ – અનુભવરૂપ બને છે. આમ તે આત્મા શુદ્ધ થયા પછી બુદ્ધ થાય છે.

બુદ્ધ થયા પછી તે આત્મા સિદ્ધભૂમિના ઉપરના ભાગમાં એટલે કે જ્યાં લોકનો અંત આવે છે ત્યાં જાય છે, ત્યારે તે આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપની સ્ફૂરણાને પોતાની સાથે લઈ જાય છે, અને અન્ય સિદ્ધાત્માઓની સાથે ભળી જઈ તે ચેતનઘનરૂપ થાય છે.

એ આત્મા જ્યારે ચેતનઘન થાય છે ત્યારે તે આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપનો પ્રવાહ અન્ય સિદ્ધાત્માઓને પહોંચાડે છે – તે પ્રવાહની વહેંચણી કરે છે. ધર્મરૂપી બીજને આજ્ઞારૂપી ધર્મ અને તપમાં પરિણમાવવાની પ્રક્રિયા કેવળી સમુદ્ઘાત વખતે આજ્ઞાથી થઈ હોય છે. એટલે બીજો એક આત્મા સિદ્ધ થાય ત્યાં સુધી તે પર્યાપ્ત રહે છે – અર્થાત્ આજ્ઞારૂપી તપનો પ્રવાહ ત્યાં સુધી રહે છે. આ આજ્ઞારૂપી ધર્મ અને તપ અન્ય સિદ્ધાત્માઓને પહોંચાડયા પછી, એ આત્માનું સર્વ સિદ્ધ આત્મા પ્રતિનું ૠણ પૂરું થાય છે – ૠણ ચૂકવાઈ જાય છે. એ વખતે તેની અક્ષય સ્થિતિની અંતરાય ક્ષીણ થાય છે. અંતરાય તૂટતાં તેનું પૂર્ણ જ્યોતિસ્વરૂપ પ્રકાશિત થાય છે, અને તેને સિદ્ધભૂમિમાં અક્ષય સ્થિતિ મળે છે.

સ્વયંજ્યોતિસ્વરૂપ ચારિત્ર અને પૂર્વનાં ક્ષીણ કરેલાં અંતરાય કર્મનાં ફળરૂપે મળેલાં કેવળજ્ઞાન તથા કેવળદર્શનને આત્મા અનંતાનંત કાળ સુધી માણે છે, જે શુદ્ધાત્મા માટે પરમ સુખનું કારણ છે. આમ શાશ્વતા કાળ માટે આત્મામાંથી નીપજતા સુખને આત્મા ભોગવતો હોવાથી તે સુખધામ બને છે. તેથી તો શ્રી રાજપ્રભુએ સાત્મસિદ્ધિશાસ્ત્રમાં આત્મા વિશે લખ્યું છે કે,

"શુધ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ."

આ પ્રકારે શ્રી સિદ્ધપ્રભુ આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપ સમયની સીમાથી પર બની અબાધિતપણે પાળે છે, જેના થકી તેઓ કેવળજ્ઞાન, કેવળદર્શન, અવ્યાબાધ સુખ અને પૂર્ણ યથાખ્યાત ચારિત્રને માણે છે. કદાચિત સવાલ ઊઠે કે શ્રી સિદ્ધપ્રભુ સતત આજ્ઞામાં રહેવા માટે કોની આજ્ઞા લે છે? તેઓ શ્રી પંચપરમેષ્ટિ ભગવંતની જ આજ્ઞા સ્વીકારે છે; કારણ કે તેઓએ છદ્મસ્થપણે અને કેવળીપર્યાયમાં શ્રી પંચપરમેષ્ટિ ભગવંતની જ આજ્ઞા પાળી હતી. પરિણામે જ્યાં યોગ નથી તેવી સિદ્ધગતિમાં તેઓ જેની આજ્ઞા છેલ્લે પાળી હોય તેની જ આજ્ઞા પાળતા રહે છે. આ આજ્ઞા શ્રી પંચપરમેષ્ટિ ભગવંતની હોવાથી શ્રી સિદ્ધપ્રભુ તેમનું ઋણ સ્વીકારે છે. આ ઋણથી તેઓ કેવી રીતે મુક્ત થાય છે?

શ્રી પ્રભુની અસીમ કૃપાથી સમજાય છે કે, કેવળી સમુદ્દ્ઘાત વખતે સર્વ સિદ્ધ થતા પ્રભુ પોતાનાં શેષ કર્મોનાં પરમાણુઓ જગતમાં છોડતા જાય છે તેમાં મુખ્યતાએ તો કલ્યાણનાં જ પરમાણુઓ હોય છે. જ્યારે કોઈ પણ કેવળીપ્રભુ કેવળી સમુદ્દ્ઘાત કરે છે ત્યારે તેઓ પહેલાં લગભગ સિદ્ધનાં જ પરમાણુઓ ખેંચે છે, કેમકે કેવળી સમુદ્દ્ઘાતનો અનુભવ માત્ર સિધ્ધનાં જ પરમાણુઓમાં રહેલો છે. આ પરમાણુઓને આકર્ષી કેવળીપ્રભુ સમુદ્દ્ઘાત કરે છે. એ વખતે દુર્ભાગ્યવશાત્ ત્રસનાડીની બહાર ફેંકાયેલા અનેક એકેંદ્રિય જીવો ત્રસનાડીમાં પુનઃપ્રવેશ પામે છે, અને એ કેવળીપ્રભુ સિદ્ધ થાય છે ત્યારે તેમનાં નિમિત્તે એક જીવ નિત્યનિગોદમાંથી નીકળી ઇતરનિગોદમાં પ્રવેશે છે. આ પ્રક્રિયા ઝીણવટથી સમજાતાં સાબિત થાય છે કે જે અન્ય કોઈ ઉપાયથી સિધ્ધ થતું નથી, તે ધર્મથી સિધ્ધ થઈ શકે છે. આ બતાવે છે કે સિદ્ધ થતી વખતે જગતજીવો પર ચડાવેલું ઋણ અન્ય જીવ જ્યારે આત્મસ્વરૂપે સિદ્ધ થાય છે ત્યારે સિદ્ધપ્રભુને આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપનાં પાલનમાં રહેવાનો રસ આપી ઊતારે છે, અને તેની પાછળના જીવો માટે ઋણ ચડાવે છે. આ પ્રક્રિયાથી ધર્મનું સર્વોત્તમ મંગલપણું તથા સનાતનપણું અનુભવાય છે.

શ્રી તીર્થંકર પ્રભુના આત્માથી એક વિશેષ પ્રક્રિયા થાય છે. શ્રી તીર્થંકર પ્રભુનાં નિમિત્તે જ્યારે નિત્યનિગોદના જીવોના આત્મપ્રદેશ નિરાવરણ થાય છે

ત્યારે સમસ્ત જીવો એ સમયે શાતાનું વેદન કરે છે. આ કેવી રીતે સંભવે છે? શ્રી પ્રભુ જ્યારે તીર્થંકર નામકર્મ બાંધે છે ત્યારે તેમના એક કે બે શુધ્ધ કેવળીગમ્ય પ્રદેશો સિદ્ધપ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓને વિશેષતાથી ગ્રહણ કરે છે, અને તે પછી એ પ્રદેશો લોકવ્યાપી થાય છે. આ પ્રદેશોનું લોકવ્યાપકપણું કલ્યાણક વધતાં વધતું જાય છે. જ્યારે શ્રી તીર્થંકર પ્રભુનો આત્મા કેવળી સમુદ્ઘાત કરે છે ત્યારે તે પહેલાં ઘણાં ઘણાં સિદ્ધનાં પરમાણુઓને તે આકર્ષે છે, અને પૂર્વકાળમાં તેમના આત્માએ જે લોકવ્યાપકતા અનુભવી હતી તેને લીધે સમુદ્ઘાત કરતી વખતે એમના સર્વ આત્મપ્રદેશની લોકના પ્રદેશો પરની પકડ ખૂબ જ ઊંડી અને ઘેરી થાય છે. લોકના પ્રદેશો પર, સિધ્ધ પ્રભુનાં પરમાણુઓથી ઘેરાયેલા શ્રી અરિહંત પ્રભુના પ્રદેશો જ્યારે એ પરમાણુઓની નિર્જરા કરે છે ત્યારે તે પ્રદેશો પર સિધ્ધનાં પરમાણુઓનું ધ્રુવપણું નિશ્ચિત થાય છે. એથી ધર્મનું સનાતનપણું પણ નિશ્ચળ બને છે. માટે સિધ્ધ થતા પ્રભુનો આત્મા ધર્મનાં મંગળપણાથી આજ્ઞારૂપી ધર્મનું ઋણ ચૂકવે છે અને ધર્મનાં સનાતનપણાથી આજ્ઞારૂપી તપનું ઋણ ચૂકવે છે અને એ આત્મા આ રીતે સંપૂર્ણપણે ઋણમુક્ત થાય છે.

"સર્વ જીવ કરું શાસનરસિ" નાં ધ્વનિને નાભિથી શરૂ કરી, રોમેરોમ અને આત્માના પ્રદેશે પ્રદેશથી જે શુભભાવને શુભ શુભ કરી શુદ્ધ કરે છે, શુદ્ધ શુદ્ધ કરી શુક્લ કરે છે, શુક્લ શુક્લ કરી કેવળ કરે છે, કેવળ કેવળ કરી ૐના પવિત્ર અને પરમ નાદમાં તરબોળ કરે છે, એવા પ્રભુના સાદિ અનંત ભાવને જે શાતાવેદનીયના માધ્યમથી પહેલાં પ્રસરાવે છે અને પછી કેવળી સમુદ્ઘાત જેવા ઘટ્ટ બંધનથી સંસારના આધારસ્તંભ એવા લોકના સર્વ પ્રદેશો પર ચેતનના માધ્યમથી કલ્યાણનાં પુદ્ગલોને અનાદિ અનંત, સનાતન અને સર્વોત્કૃષ્ટ મંગલરૂપ ધર્મરૂપે પ્રતિપાદન કરી સ્થાપન કરે છે, તે શ્રી અરિહંત પ્રભુને અને તેમના સનાતન ધર્મને, બાર પ્રકારનાં તપથી સુશોભિત એવી આંતરચર્યાથી અભિનંદીએ છીએ, તેમનો આભાર માનીએ છીએ અને કોટિ કોટિ વંદન કરીએ છીએ.

# શ્રી નવકાર મહિમા

નવકાર મહામંત્રનો મહિમા શ્રી રાજપ્રભુએ વચનામૃતના પત્રાંક ૧૨૮માં ખૂબ જ લાક્ષણિક રીતે ગાયો છે. પ્રથમ ભાદરવા સુદ છઠ, ૧૯૪૬ ના દિવસે લખાયેલા આ પત્રનાં નીચેનાં વચનો ખૂબ જ ધ્યાન ખેંચનારા છે. જુઓ,

> "ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઇતી. અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઇતું. તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઇતું. તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઇતું. તે ન હોય તો આર્યાચરણ સિવાય કંઈ નથી જોઈતું. તે ન હોય તો જિનભક્તિમાં અતિશુધ્ધભાવે લીનતા સિવાય કંઈ નથી જોઇતું. તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી."

> "ગમ પડયા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્સંગ વિના ધ્યાન તરંગરૂપ થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી, લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે."

સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં તેમાં અનુભવવા પડતાં દુ:ખોથી થાકીને જીવ છૂટવાના ભાવ કરે છે ત્યારે અનુભવવા પડતાં વિભાવોના ફેરફારથી તે ત્રાસી જાય છે, અને એ વખતે તેનાં મનમાં નિર્ણય થાય છે કે આ "ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઇતી." મનમાં એક ભાવ જાગે, ત્યાં તે ફેરફાર પામી બીજા ભાવમાં જાય અને તેમાંથી ત્રીજા ભાવમાં સરકે છે અને પ્રત્યેક ફેરફાર વખતે અંતરમાં પીડા અનુભવે છે. અને તેનાથી મુક્ત થવાનો ભાવ કરે છે. તો તેને જોઇએ છે શું?

ભાવના ફેરફારથી થાકેલા જીવને સ્થિરતાની ઇચ્છા જાગે છે. અને ત્યારે તેને આદર્શરૂપે ભગવાનની શાંતમુદ્રા અને વીતરાગતાનું આકર્ષણ થાય છે. આવી અદ્ભુત સ્થિરતાનું કારણ શૂન્યતા – જગતથી પૂર્ણ અલિપ્તપણું લાગે છે. તેથી તેની માગણી કરે છે. "અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઇતું." આ માગણી જીવ પંચપરમેષ્ટિ

ભગવંત પાસે, તેમનાં શરણે જઈ આત્માને શુધ્ધ કરવાના ભાવથી કરે છે. આ ભાવ નવકાર મંત્રના પહેલાં પદ “નમો અરિહંતાણં” થી પૂરા થાય છે.

શ્રી અરિહંત પ્રભુ ચારે ઘાતી કર્મથી પૂર્ણતાએ મુક્ત થયા છે, તેથી વિચાર વિકલ્પ રહિત બની સ્વરૂપ સિદ્ધિના સુખને માણી રહ્યા છે. તે સાથે તેઓ પૂર્વબંધિત ભાવ ‘જીવ સર્વ કરું શાસનરસિ’ ના ઉદયને લીધે અન્ય જીવોને સન્માર્ગ બતાવી વિભાવથી મુક્ત થવાનો ઉપાય સૂચવે છે. આ પ્રતીતિથી તે પ્રભુને પ્રાર્થે છે, “હે ભગવાન! હું ભક્તિભાવથી વંદન કરી વિનવું છું કે તમે મારા મસ્તકનું રક્ષણ કરો. મને સર્વ પ્રકારના અયોગ્ય ભાવથી છોડાવી, જ્ઞાન તથા દર્શનની વિશુદ્ધિ કરાવી વિકલ્પ રહિત બનાવો. જેથી હું આપની જેમ સ્વરૂપ સ્થિરતા માણી શકું. આ ઉત્તમોત્તમ દશા મને સતત રહે એની શરૂઆત માટે અમુક કાળ સુધી (વધુમાં વધુ રહી શકાય ત્યાં સુધી) શૂન્યતાની – સ્વરૂપ સ્થિરતાની પ્રાપ્તિ કરાવો.”

સન્માર્ગનું આરાધન કરતાં જીવને સમજાય છે કે પૂર્ણ શુધ્ધ ન થવાય ત્યાં સુધી સ્વરૂપ સ્થિરતા બે ઘડીથી વધારે ટકતી નથી. એટલે પાછું સવિકલ્પ સ્થિતિમાં આવવું પડે છે. આ સવિકલ્પમાંથી પાછું નિર્વિકલ્પ થવાય તે વર્તનાની માંગણી થાય છે અને એ માટે ઉત્તમ નિમિત્ત છે સંતપુરુષ કે સત્પુરુષ, જેઓ આ જ રીતે રહેતા હોય છે. તેથી પ્રાર્થે છે કે, “તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું.” જો શૂન્યતા ન હોય તો ફરીથી શૂન્યતા તરફ ત્વરાથી લઈ જઈ શકનાર સંતપુરુષના સમાગમને જીવ ઇચ્છે છે. જેથી તેમના સતત વહેતા કલ્યાણભાવનો પૂરો લાભ લઈ ઉત્તમ સ્થિતિને પ્રાપ્ત કરી શકાય. આવા ઉત્તમ સત્પુરુષને મેળવવા માટેના યોગ્ય પરમાણુઓ શ્રી સિધ્ધ ભગવાન સિધ્ધ થતી વખતે જગતને ભેટ આપી ગયા હોય છે. તેમણે પૂર્વમાં ભાવેલા કલ્યાણના ભાવ ઉત્તમોત્તમ રીતે તેમણે છોડેલા પુદ્ગલ સ્કંધમાં વેરાયેલા હોય છે, જેની સહાયથી સત્પુરુષનો પ્રત્યક્ષ યોગ મેળવી જીવ જલદીથી શૂન્યતામાં જઈ શકે છે. તેથી પ્રત્યક્ષાત્મા “અરિહંત” પ્રભુ પછી ઉત્તમોત્તમ પરોક્ષ સાથ આપનાર “સિદ્ધાત્મા” ને પ્રાર્થે છે “નમો સિદ્ધાણં” દ્વારા.

"હે શ્રી સિધ્ધ ભગવાન! નિજકલ્યાણાર્થે ખૂબ ભક્તિથી વંદન કરી પ્રાર્થું છું કે તમે મારા વદનનું રક્ષણ કરજો. તમે પાંચે ઇન્દ્રિયો અને સંજ્ઞાને પૂર્ણપણે ખીલવી, તેના જ સાથથી પૂર્ણ વીતરાગી બની તમારા આત્માને આઠે કર્મથી સ્વતંત્ર કરી સ્વસિદ્ધિથી મોક્ષભૂમિમાં બિરાજમાન થયા છો. અને ત્યાં સનાતન અનંત સુખને માણો છો. આપના આશ્રયે હું પણ સત્પુરુષનો યોગ મેળવી મારી સંજ્ઞા અને ઇન્દ્રિયોને પૂર્ણપણે ખીલવી, સ્વરૂપસિદ્ધિ કરું એવી ભાવના ભાવું છું. તે સફળ કરો."

શૂન્યતા ન હોય ત્યારે એ સ્થિતિમાં જવા માટે સહાયરૂપ થનાર શ્રી સંતપુરુષના યોગની ઇચ્છા કરી, આ યોગ પણ સંસારમાં સતત મળી શકે નહિ, વચ્ચે વચ્ચે ફાજલ સમય તો આવે જ. તે સમયમાં વિભાવમાં જઈ કર્મબંધ ન કરવા માટે જીવ ભાવે છે કે "તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું." આત્માને સાચો રંગ ચડાવી આત્મમાર્ગે વિકાસ કરાવે તે સત્સંગ, તેમાં શુધ્ધ આચારપાલનથી સ્વપર કલ્યાણ કરી – કરાવી શકે તેવા યોગની જરૂર રહે છે. આવો યોગ આપે છે ગણધર પ્રમુખ આચાર્યજી. આચાર્ય પોતાના શુધ્ધ આચરણથી આત્માર્થીને આગળ વધવા ખૂબ મદદ કરે છે, તેથી ભાવ કર્યા છે કે "નમો આયરિયાણં."

"હે આચાર્યજી! તમને ભક્તિભાવથી વંદન કરું છું. તમે શુધ્ધ આચાર પાળી, ચારિત્ર અને ભાવના બળવાનપણાથી સ્વપર કલ્યાણ કરી રહ્યા છો. તેથી વિનંતિ કરું છું કે તમે મારા હૃદય, પેટ અને પીઠનું રક્ષણ કરજો. આપના રક્ષણથી અને સંગથી હું મારા અંતરાય અને મોહનીય કર્મનો ક્ષય કરવા ભાગ્યશાળી થઈશ. તમારી શુધ્ધ આચરણાને સ્વીકારી, તમારા શરણે હું મારું કલ્યાણ કરીશ."

આવા ઉત્તમ ભાવ ભાવનાર જીવમાં પણ કર્મોદયની પછડાટ આવતાં મંદતા આવે છે, અને ઉત્તમ સત્સંગ મેળવવામાં અંતરાય આવે છે. આ અંતરાય તોડવા જીવ ભાવના કરે છે કે, "તે ન હોય તો આર્યાચરણ સિવાય કંઈ નથી જોઇતું." જે આચરણના અભાવથી સત્સંગની અંતરાય બાંધી હતી, તેને તોડવા આચરણની શુધ્ધતા ઇચ્છી છે.

આર્યાચરણ એટલે સદાચાર. આ સદાચારની માહિતી જીવને શ્રી ઉપાધ્યાયજી પાસેથી મળે છે. ઉપાધ્યાયજી જિનેશ્વર પ્રણીત અને આચાર્યજી આચરિત માર્ગને ગૂઢાર્થ સાથે સમજાવી જીવો પર ઉપકાર કરે છે. તેમને પ્રાર્થે છે કે,

"અહો ઉપાધ્યાયજી! તમને ભક્તિભાવથી વંદન કરી વિનંતિ કરું છું કે મારા બંને બાહુનું રક્ષણ કરજો. ધર્મરૂપી શસ્ત્ર મારા હાથમાં આપી કર્મ સામે લડવા મને સમર્થ બનાવજો. જેથી ઘાતીકર્મ સાથે સાથે સર્વ અઘાતી કર્મોથી ભયભીત ન થતાં, તેમને પણ હું ક્ષીણ કરી શકું."

કદાચિત આ યોગનો વિયોગ થાય તો તે જગ્યા પૂરવા જીવ માગે છે કે, "તે ન હોય તો જિનભક્તિમાં અતિશુધ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું." જો જગકલ્યાણ કરવાની ભાવના કાર્યરત ન હોય તો સ્વકલ્યાણના ભાવથી તો જરાપણ નિવર્તવું નથી, આવો નિશ્ચય હોવાથી જગતના મોહને મારીને આત્મશુદ્ધિના કાર્યમાં ગૂંથાયેલા લોકના સાધુસાધ્વીજી પ્રત્યે ઈચ્છા કરે છે કે, "નમો લોએ સવ્વ સાહૂણં."

"આખા લોકના સાધુસાધ્વીજી! તમને મારા ભક્તિભર્યા વંદન હો. તમે જગતના મોહને મારીને, જિનભક્તિમાં અતિશુધ્ધભાવે લીન થઈને, મોક્ષમાર્ગમાં ત્વરિત ગતિએ ચાલો છો. તો કૃપા કરી મારા બંને પગનું રક્ષણ કરી મને પણ તેવી તેજ ગતિથી એ માર્ગમાં ચલાવજો એવી વિનંતિ કરું છું. જેથી અઘાતી કર્મોના બંધનથી પણ હું બચી શકું."

આ પ્રકારે મોક્ષમાર્ગમાં પૂર્ણતા ઈચ્છતો જીવ સૌથી ઉત્તમ અને જરૂરી એવા શૂન્યતા સહિતના જ્ઞાનદર્શનની ખીલવણીની માગણી, સર્વોત્તમ પદવીધારી શ્રી અરિહંત પ્રભુ પાસે કરે છે. જેમના આશ્રયથી ઘાતીકર્મના ક્ષયની શરૂઆત થાય છે. તે પછી જીવ સિધ્ધભૂમિના આદર્શને આંબવા, શ્રી સિધ્ધભગવાનની સહાયથી સંતપુરુષના યોગને ઈચ્છે છે. તેના વિયોગમાં સ્વપર કલ્યાણક એવા ઉત્તમ સત્સંગના દાતા ગણધર પ્રમુખ આચાર્યજીને વાંદી, પ્રત્યક્ષ સદ્ગુરુના શરણ થકી અંતરાય

અને મોહનીયને ક્ષીણ કરવા પ્રવૃત્ત બને છે. આ યોગ મેળવવા માટે પરકલ્યાણમાં પ્રવીણ એવા ઉપાધ્યાયજીના આર્યાચરણની માંગણી કરી અઘાતી કર્મથી છૂટવાનો પુરુષાર્થ શરૂ કરે છે, સાથે સાથે સમસ્ત સાધુસાધ્વીજીની જિનભક્તિમાં જે અતિશુધ્ધ ભાવે લીનતા છે તેની ઈચ્છા કરી અઘાતીના બંધનથી બચવા માગે છે. અને આ પણ ન હોય તો કંઈ માગવાની ઈચ્છા પણ રાખી નથી. આમ શ્રી રાજપ્રભુએ પંચ પરમેષ્ટિનાં ઉત્તમ કાર્યને તેમની લાક્ષણિકતા બતાવી ઉતરતા ક્રમમાં ઈચ્છા કરી છે. સાધુસાધ્વીજીની કક્ષાથી કોઈ નીચેની કક્ષા તેમને કોઈ રીતે માન્ય નથી. કારણ કે તેથી નીચેની કક્ષામાં અર્થાત્ શ્રાવક શ્રાવિકા તરીકે જીવ યોગ્ય માત્રામાં કલ્યાણનાં પરમાણુ સ્વીકારી શકતો નથી.

"ઐસો પંચ નમુક્કારો, સવ્વ પાવ પણાસણો, મંગલાણં ચ સવ્વેસિં, પઢમમ્ હવઈ મંગલમ્" એ વચનોમાં શ્રી પંચપરમેષ્ટિ ભગવંતને ભાવથી વંદન કરવાની ફળશ્રુતિ બતાવી છે. તે છે – આ પાંચ નમસ્કાર પદ "સર્વ પાપોનો નાશ કરનાર છે, અને સર્વ મંગલોમાં પ્રથમ – ઉત્તમ મંગલ છે." તેવી જ ફળશ્રુતિ આ વચનોમાં "ગમ પડયા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્સંગ વિના ધ્યાન તરંગરૂપ થઈ પડે છે, સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પાળવો દુર્લભ છે." – જોવા મળે છે.

પંચપરમેષ્ટિને નિયમિત ભાવથી વંદન કરવાથી જીવને સંસારસમુદ્ર તરવા આસનની પ્રાપ્તિ થાય છે, તેના ફરતો મજબૂત કિલ્લો રચાય છે, કિલ્લાને ફરતી આગઝરતી ખાઈ ખોદાય છે, અને તેના પર પ્રભુકૃપાથી છત્રછાયાની રચના થતાં એ જીવ સંપૂર્ણ સુરક્ષિત બને છે.

શ્રી પ્રભુના રક્ષણ વિના ઉત્તમોત્તમ આગમ સૂત્રો સમજી ન શકવાથી સ્વચ્છંદે અર્થના ખોટા અર્થ કરી પોતાને અને અન્યને નૂકશાનમાં ઊતારે છે, અર્થાત્ આસન ન પામતાં સંસાર સમુદ્રમાં ડૂબે છે. આગમ સૂત્રોને સામાન્યપણે સમજ્યા પછી તેને પોષણ આપનાર સત્સંગ ન હોય તો જીવ વિકલ્પની વણઝારમાં ડૂબી ચણાતા રક્ષણરૂપ

કિલ્લાને ભસ્મીભૂત કરે છે. વળી કર્મ બાળવા માટે જીવને મહાસમર્થ કરનાર સંતની શીખ વગર કિલ્લા ફરતી આગઝરતી ખાઈ ખોદાતી નથી, તેથી કર્મો જીવ પર સવાર થઈ તેને ડૂબાડે છે. અને જ્યાં સુધી લોકસંજ્ઞા હોય છે – લોકોને રીઝવવાની વૃત્તિ હોય છે ત્યાં સુધી આત્મા કરતાં સંસારને વધુ મહત્ત્વ અપાતું હોવાથી તેને સત્પુરુષનું શરણ યથાર્થરૂપમાં મળતું ન હોવાથી છત્રછાયારૂપ રક્ષણ મળતું નથી, પરિણામે જીવ લોકાગ્રે – લોકના અગ્રભાગમાં અર્થાત્ સિદ્ધભૂમિમાં શુધ્ધ થઈને જઈ શકતો નથી. લોકસંજ્ઞાના ત્યાગ વિના શુધ્ધ થવા માટે વૈરાગ્યથી વીતરાગતા સુધીનો જરૂરી ભાવ મળતો નથી, અને જીવનો વિકાસ રુંધાઈ જાય છે.

માટે લોકસંજ્ઞાને સાચા રૂપે છોડી પ્રભુનું છત્ર રક્ષણ પામવું, લોકસંજ્ઞા છૂટતાં સંતની વાત યથાર્થ સમજાવાથી કર્મનું દહન કરનાર ખાઈ ખોદી શકાય છે, સંત્સંગરૂપી કિલ્લામાં આત્માને સુરક્ષતિ કરી, સત્સંગના ઉત્તમ સાધનથી આગમનાં ગૂઢાર્થ પામી સંસાર તરવા માટે સાચી સમજણ રૂપ આસન મેળવવું અનિવાર્ય છે.

આ સમજણથી સ્પષ્ટ થશે કે શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનું યથાર્થતાએ આરાધન કરવાથી આત્માને એક પછી એક સિદ્ધિ મળતી જાય છે. આ રીતે ઉત્તમ સિદ્ધિ મેળવવા શ્રી પંચપરમેષ્ટિ ભગવંતને આપણે પ્રાર્થીએ કે,

> "કરુણાસાગર શ્રી પંચપરમેષ્ટિ ભગવંત! તમારી અસીમ કૃપાથી સત્યતાએ તમારું આરાધન કરી, ક્રમથી આત્મવિશુદ્ધિ કરતાં કરતાં અમે એક પછી એક પરમાર્થિક સિદ્ધિને મેળવતા જઈએ, એ જ માગીએ છીએ. તે પ્રાપ્તિ કરવામાં વિઘ્નરૂપ થતા અમારા ભૂતકાળના કે વર્તમાનકાળના સર્વ દોષોની પશ્ચાત્તાપ પૂર્વક ક્ષમા માગી અહોભાવથી વંદન કરી છીએ."

ૐ શાંતિઃ

આ રીતે "આજ્ઞારૂપી ધર્મ અને તપના સંચાલક" એવા શ્રી પંચપરમેષ્ટિ ભગવંતને ભક્તિભાવથી નમસ્કાર કરી, દોષની ક્ષમા માગી, આત્મવિશુદ્ધિની પૂર્ણતાની ભાવના કરવી જરૂરી છે.

ધર્મરૂપી સર્વોત્તમ અને સનાતન ભોમિયાના અપાર તથા અગાધ મહાત્મ્યને તથા ઉપકારને સમયે સમયે સ્મરતાં, એના ઊંડાણમાં રહેલાં પરમ શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનો અપાર મહિમા તથા તેમની કરુણાનો ધોધ, એ ધર્મની યથાર્થતા અને મંગલતાની વિશેષતા, અપૂર્વતા અને ચેતનતાનો સ્પષ્ટ લક્ષ આવે છે. એ લક્ષ, એ દર્શન અને એ ભાન માટે શ્રી અરિહંત પ્રભુના ઉપકારને વિશેષ વિશેષતાએ નમસ્કાર કરીએ છીએ.

સર્વ જીવ પ્રત્યે, સર્વ ભાવ પ્રત્યે, સર્વ ક્ષેત્ર પ્રત્યે, સર્વ દ્રવ્ય પ્રત્યે, સર્વ કાળ પ્રત્યે જે પરમ પ્રેમભાવ, પરમ મૈત્રીથી ઉપજતી પરમ વીતરાગતામાં મહાસંવરના માર્ગને વેદકતાથી શરૂ કરી સમયે સમયે માણે છે એવા શ્રી કેવળીપ્રભુને તથા શ્રી સિદ્ધપ્રભુને પરમ પરમાર્થ લોભથી ઉપજતા શુધ્ધ રાગથી વંદન કરી, 'આણાએ ધમ્મો, આણાએ તવો' ના સમય સમયના આશિષ માગી, 'આત્મિક શુદ્ધિથી પરમાર્થિક સિદ્ધિ'ના બળવાન, ધૂરંધર, આજ્ઞારાધનમાં લીન થવા યોગ્ય પ્રાર્થના, ક્ષમાપના તથા મંત્રસ્મરણ અને ધ્યાનનાં યોગ્ય સમતોલન માટે શ્રી પંચપરમેષ્ટિ ભગવંત પાસે આશીર્વાદ તથા આજ્ઞા માગીએ છીએ, અને નમસ્કાર કરીએ છીએ.

શ્રી કેવળીપ્રભુના અગ્રેસર, મહાસંવર માર્ગના નિષ્ણાત અને નાયક એવા શ્રી અરિહંત પ્રભુની પરમ પ્રેમથી ઉપાસના કરવા, મહાસંવર માર્ગની આરાધના કરવા અનુજ્ઞા માગીએ છીએ, શક્તિ તથા આશીર્વાદ વાંછીએ છીએ, અને તે માટે શ્રી સિમંધર સ્વામી, દેવેશ્વર પ્રભુ તથા સર્વ તીર્થ કલ્યાણક પ્રવર્તાવનારાઓના પરમાણુઓની પરમ સહાય તથા આજ્ઞાની પ્રાપ્તિ અમને થાઓ. અમે ભક્તિરૂપી જાદુથી આ મહામાર્ગને શબ્દદેહ આપવાની ઉત્સુક્તાને તમારા ચરણમાં સોંપી, એ ઉત્સુક્તાને આજ્ઞાભક્તિમાં પરિણમાવી, માત્ર આજ્ઞારૂપી ધારામાં તમારી આજ્ઞાને પાળીએ એ જ માગી, વાંદીએ છીએ.

ૐ શાંતિઃ

જો જિનદેવડી સેવ કરે જગ, તાજિનદેવસો આપ નિહારે,
જો શિવલોક બસૈ પરમાતમ તાસમ આતમ શુદ્ધ વિચારૈ;
આપમેં આપ લખૈ અપનો પદ, પાપ રુ પુણ્ય દુરૂં નિરવારૈ,
સૌ જિનદેવકો સેવક હૈ જિય, જો ઈહિ ભાંતિ ક્રિયા કરતારૈ.

— જિનધર્મ પચીસિકા.

આ જગતમાં જે જિનદેવની ઉપાસના કરે છે તે જિનદેવ સમાન પોતાનું આત્મસ્વરૂપ છે એમ જાણે છે. પોતાનો આત્મા મુક્તિને વિશે વિરાજતા એવા સિધ્ધ પરમાત્મા સમાન શુદ્ધ છે એમ વિચારે છે, પોતાના આત્માને આત્મારૂપ જ જાણે છે, આત્મસ્વરૂપને જ પોતાનું પદ માને છે અને તેથી ભિન્ન એવા પાપ  પુણ્યના દ્વન્દ્વને ત્યાગે છે. આ પ્રકારની ક્રિયા જે જીવો કરે છે તે જ વીતરાગદેવના સાચા સેવક છે.

# પ્રકરણ ૧૬

# સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ

અનાહદ ધ્વનિ તથા ૐ ધ્વનિની આજ્ઞામાં સતત પોતાના યોગને પ્રવર્તાવવાનો મહાદુષ્કર તથા પરમ ગંભીર શુદ્ધિનો સકામ પુરુષાર્થ કરનાર શ્રી અરિહંત પ્રભુને કોટિ કોટિ વંદન હો.

આજ્ઞાની આજ્ઞામાં પોતાનાં રત્નત્રયની આરાધનાના આરાધક તથા બોધક એવા શ્રી ગણધરાદિ આચાર્યજીને પરમ વિનય અને આભારથી વંદન હો.

આજ્ઞારૂપી જ્ઞાન, દર્શન તથા ચારિત્રને એકત્રિત કરવાના અભિલાષી તથા આજ્ઞારૂપી પરમાર્થ લોભની વચનબળથી વૃદ્ધિ કરનાર શ્રી ઉપાધ્યાયજીને વંદન હો.

વચનબોધ અને પૂર્ણ વિનયના પુરુષાર્થને પરમ અહોભાવથી ગ્રહણ કરી યથાર્થ સકામ પુરુષાર્થ કરી, પોતાનાં ચારિત્રને ખીલવી, ઉત્તમ શિષ્ય બનવાના પુરુષાર્થી શ્રી સાધુસાધ્વીજીને વંદન હો.

આ સર્વ પદનાં ઉત્તમ ઉદાહરણ અને પરમ સકામ આજ્ઞારૂપી રત્નત્રયના સતત માણનારા, તેમજ આજ્ઞાધર્મ અને આજ્ઞાતપનાં સ્વભાવસુખ, કેવળજ્ઞાન તથા કેવળદર્શન પ્રતિ પરમ વીતરાગી, અડોલ, સિદ્ધિ તથા શુદ્ધિનાં પરમ ધારક એવા શ્રી સિદ્ધ પ્રભુજીને અન્ય પરમેષ્ટિ ભગવંતની આજ્ઞાથી તથા સહાયથી યથાર્થ સિદ્ધિ તથા શુદ્ધિ મેળવવા વંદન હો, વંદન હો.

અહો! શ્રી પંચપરમેષ્ટિ ભગવંત! તમારા કરુણાના ધોધથી જે શુદ્ધિ તથા સિદ્ધિ પ્રાપ્ત થાય છે તે અનન્ય છે. તમારા પરમોત્તમ કલ્યાણભાવના આધારે, તેમજ તેને ગ્રહણ કરવાથી અમને પાંચ ઈન્દ્રિય તથા સંજ્ઞા પ્રાપ્ત થયાં છે. આ પાંચે ઈન્દ્રિય તથા

સંજ્ઞા તમારાં ભાવેલાં કલ્યાણમય શુદ્ધિ તથા સિદ્ધિનાં કારણ બને એ જ આશીર્વાદ માંગી આરાધન શરૂ કરીએ છીએ.

કલ્યાણપ્રેરિત મહાસંવર અગર સંવર પ્રેરિત મહાસંવરના માર્ગમાં આજ્ઞાધીનપણે જે વ્યસ્ત રહે છે તેવા શ્રી અરિહંત પ્રભુને પરમ ભક્તિભાવે, પરમ વિનયી બની, માત્ર આજ્ઞાભક્તિરૂપ ચમત્કારને ક્ષણે ક્ષણે, સમયે સમયે માણવાની અભિલાષાથી આજ્ઞા લઈ સવિનય વંદન કરીએ છીએ.

આત્મિક શુદ્ધિનો માર્ગ એ પરમાર્થિક સિદ્ધિથી શરૂ કરી, સર્વોત્કૃષ્ટ સિદ્ધિ સુધી વિસ્તરે છે. પરમાર્થિક સિદ્ધિ મેળવવા માટે જ્યારે આત્મા વીતરાગી બને છે, ત્યારે તેની દરેક ચેષ્ટા આજ્ઞા આજ્ઞામાંથી તથા નિર્ગ્રંથ આજ્ઞામાંથી પસાર થઈ, નિર્વાણ આજ્ઞા અને પરિનિર્વાણ આજ્ઞાને માણી, સિદ્ધ આજ્ઞામાં સ્થિર થાય છે. સિદ્ધઆજ્ઞા એ આજ્ઞામાર્ગનો સાદિ અનંત ધ્રુવકાંટો છે. આજ્ઞા એ સાધક જીવ માટે ધ્રુવકાંટો હોવાથી, એ આજ્ઞાને જીવ જેટલા અંશે આજ્ઞા આજ્ઞામાર્ગમાં, નિર્ગ્રંથ આજ્ઞામાર્ગમાં, નિર્વાણ આજ્ઞામાર્ગમાં અને પરિનિર્વાણ આજ્ઞામાર્ગમાં ખીલવે છે, તેટલા અંશે એ જીવ પરમાર્થિક સિદ્ધિમાંથી સર્વોત્કૃષ્ટ સિદ્ધિ તરફ પ્રયાણ કરતો જાય છે. આ સર્વોત્કૃષ્ટ સિદ્ધિ માટે જીવે આજ્ઞા આજ્ઞામાર્ગના, નિર્ગ્રંથ આજ્ઞામાર્ગના, નિર્વાણ આજ્ઞામાર્ગના અને પરિનિર્વાણ આજ્ઞામાર્ગના પુરુષાર્થમાં આત્મિક શુદ્ધિનાં પુરુષાર્થને સર્વોત્કૃષ્ટ શુદ્ધિના પુરુષાર્થમાં પરિણમાવવો પડે છે. એ પુરુષાર્થમાં માત્ર આત્મિક જવાબદારીને આજ્ઞાધીનપણે પૂર્ણ નથી કરવાની, પરંતુ વ્યવહાર પરમાર્થને સિદ્ધિ પુરુષાર્થરૂપ સિદ્ધિ આજ્ઞામાં પરિણમાવવાની છે. આ આત્મિક શુદ્ધિને સર્વોત્કૃષ્ટ શુદ્ધિરૂપ આજ્ઞાસિદ્ધિ માર્ગમાં પરિણમાવવાની પ્રક્રિયા એ 'સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ' વિષયનો મુખ્ય હેતુ છે.

જીવ જ્યારે આત્માને શુદ્ધ કરવાનો સકામ પુરુષાર્થ આદરે છે ત્યારે તે શ્રી પ્રભુ તરફથી સંવરમાર્ગની જાણકારી મેળવે છે. તેમાં જીવ પહેલા સકામ સંવર કરે છે અને આશ્રવને નબળો કરે છે. જીવ આ કાર્ય મુખ્યતાએ પ્રાર્થનાના બળથી

કરે છે. પ્રાર્થનાથી યોગ્ય શક્તિ મેળવી, સંવરના પુરુષાર્થને અકામ કરી, નિર્જરાને સકામ પુરુષાર્થમાં પરિણમાવે છે. આ કાર્ય જીવ અલ્પાંશે પ્રાર્થનાથી, મુખ્યાતાએ ક્ષમાપનાથી અને થોડા અંશે ધ્યાનથી કરે છે. આમ કરતાં કરતાં તે આત્મિક પ્રગતિનાં પગથિયાં ચડતો જાય છે, અને સંવર તથા નિર્જરા વચ્ચેના તફાવતને ઘટાડતો જાય છે. છેવટે તે પૂર્ણ શુદ્ધ થાય છે.

આવો પુરુષાર્થ કરનારા અનંત જીવોમાંથી કોઈ વિરલા જીવને જ આ પ્રક્રિયા કરતાં સકામ સંવર પછી સકામ નિર્જરા આવે છે. આ વારાફરતી થતા પુરુષાર્થમાં તેને મંદતા લાગે છે, સાથે સાથે તેને મંદતાએ કે મધ્યમ અવસ્થાએ લોકકલ્યાણના ભાવ અજ્ઞાનદશામાં પણ વર્તતા રહે છે, તેવા જીવનો ઉપયોગ અન્ય જીવો કરતાં સહજતાએ વધારે તીક્ષ્ણ હોય છે. આ ગુણ તે જીવને એવી શક્તિ આપે છે કે જ્યારે તે જીવ સકામ સંવર કરે છે અને સકામ નિર્જરાની તૈયારી કરે છે ત્યારે તે જીવ પૂર્વની ઉપયોગની તીક્ષ્ણતાની સહાયથી સકામ નિર્જરા શરૂ કરી શકે છે. આગળ વધતાં તે જીવ સકામ સંવર અને સકામ નિર્જરા એક સાથે કરી શકે છે, આ છે મહાસંવર માર્ગની શરૂઆત. તે પછી વિકાસ કરી તે જીવ જ્યારે છઠ્ઠા સાતમા ગુણસ્થાને આવે છે ત્યારે તેની અંતરંગ સમજ વધી હોવાથી તેનો સંસારનો મોહ ઘટતો જાય છે, તેથી તે જીવ પોતાના ઉપયોગને વધારે એકાગ્ર કરી સકામ મહાસંવરના માર્ગને અનુસરતો થાય છે. આ રીતે મહાસંવરના માર્ગને અનુસરનારા જીવો જો અનંત હોય તો, એમાંના ગણ્યાગાંઠયા વિરલા જીવો જ કલ્યાણપ્રેરિત મહાસંવરના માર્ગને અનુસરતા હોય છે. બીજા બધા જીવો માત્ર સંવર પ્રેરિત મહાસંવર માર્ગને અનુસરતા રહે છે. સમજવાનું એ છે કે જીવ પહેલા સંવર માર્ગમાં, પછી મહાસંવર માર્ગમાં, અને તે પછી સંવર પ્રેરિત મહાસંવર અથવા કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગમાં સરે છે. આ બે ભાગ જીવની લોકકલ્યાણની ભાવનાના ભેદને લીધે પડે છે, અને તેથી જીવનો પુરુષાર્થ પણ અલગ હોય છે.

ભક્તિથી ભરેલા આજ્ઞામાર્ગમાં જીવ કર્મની સ્થિતિ, જથ્થો, રસ (અનુભાગ) ની તરતમતા પ્રમાણે જુદા જુદા આઠ માર્ગનો ઉપયોગ કરે છે, એને પ્રત્યેક માર્ગના

અનુસરણ પ્રમાણે તેનું ફળ આવે છે. દરેક માર્ગમાં અમુક કર્મનો મુખ્યતાએ ક્ષય થાય છે અને બીજા કર્મોનો ગૌણતાએ ક્ષય થતો હોય છે. તેથી જીવની જરૂરિયાત પ્રમાણે પ્રભુ તેને આજ્ઞાધીન થયા પછી જુદા જુદા માર્ગે દોરતા હોય એમ જણાય છે. આ માર્ગોની સમજણ લેવાથી એ પણ સમજાતું જાય છે કે, કયા જીવ માટે, ક્યા કર્મક્ષય માટે, ક્યો માર્ગ ઉત્તમ છે. પણ તેમાં ઘણી સૂક્ષ્મતા તથા ઝીણવટની જરૂરત છે. તેમ છતાં આ વિશે આપણે થોડી પ્રારંભિક સમજણ લઈએ.

કોઈ પણ કાર્ય કરવા માટે જીવે પોતાનું વીર્ય (શક્તિ) વાપરવું પડે છે. આ વીર્ય બે પ્રકારે છે : અભિસંધિજ વીર્ય અને અનભિસંધિજ વીર્ય. જીવનાં અભિસંધિજ વીર્યનો ઉપયોગ સભાનપણે – ઇચ્છાપૂર્વક કાર્ય કરવાની પ્રક્રિયામાં થાય છે, અને અનભિસંધિજ વીર્યનો ઉપયોગ સભાન ઉપયોગ વગરની પ્રક્રિયા કરવામાં થાય છે. ઉદા.ત. આપણે વિચાર કરી શરીરનું હલનચલન આદિ ક્રિયા કરીએ છીએ તેમાં અભિસંધિજ વીર્ય વપરાય છે, અને લોહીનું પરિભ્રમણ, ખોરાકનું પાચન આદિ ક્રિયાઓમાં અનભિસંધિજ વીર્ય વપરાય છે. એટલે કે તે ક્રિયાઓમાં અપેક્ષાએ સહજપણે વીર્યનો ઉપયોગ થાય છે. આ પ્રક્રિયાનો વિચાર કરવાથી આપણને સમજાય છે કે સકામ પુરુષાર્થ અને અકામ પુરુષાર્થના ભાંગા વીર્યના આ બે પ્રકારના ભાંગા પર આધારિત છે. તેથી જીવ જ્યારે સકામ પુરુષાર્થ કરે છે ત્યારે તે અભિસંધિજ વીર્યનો ઉપયોગ કરે છે; અને તે જીવ જ્યારે અકામ પુરુષાર્થ કરે છે ત્યારે અનભિસંધિજ વીર્યનો ઉપયોગ કરે છે.

અભિસંધિજ વીર્ય આત્માનાં કર્તાપણાના ભાવથી ઉત્પન્ન થાય છે અને અનભિસંધિજ વીર્ય આત્માનાં ભોકતાપણાના ભાવથી ઉત્પન્ન થાય છે. જીવ જ્યારે કર્તાપણાના ભાવથી ભોક્તાપણું વેદે છે ત્યારે એ જીવ અભિસંધિજ વીર્યથી અનભિસંધિજ વીર્ય ઉત્પન્ન કરે છે, જેને આપણે સાદી ભાષામાં 'સકામ પુરુષાર્થથી કરેલી અકામ નિર્જરા' કહી શકીએ.

આથી વિપરીત જ્યારે જીવ ભોકતાપણાના ભાવથી કર્તાપણું વેદે છે, ત્યારે એ જીવ અનભિસંધિજ વીર્ય થકી અભિસંધિજ વીર્ય ઉપાર્જે છે. જેને આપણે 'અકામ

પુરુષાર્થથી કરેલી સકામ નિર્જરા' કહી શકીએ. આ પ્રક્રિયાને જ્યારે આપણે વિસ્તારથી વિચારીએ ત્યારે સમજાય છે કે, જીવ ઘણીવાર સકામ પુરુષાર્થથી સકામ નિર્જરા અને અકામ પુરુષાર્થથી અકામ નિર્જરા પણ કરી શકે છે. પુરુષાર્થ તથા વીર્ય ઉપાર્જનની તરતમતા અનુસાર, તથા તેના વિવિધ ગુણક (Permutations and Combinations) થી જીવ સકામ અને અકામ પુરુષાર્થનાં પ્રાર્થના, ક્ષમાપના તથા મંત્રસ્મરણ તેમજ ધ્યાનનાં અંતરાય તોડે છે. આ સકામ – અકામ પ્રાર્થના, ક્ષમાપના, મંત્રસ્મરણ તથા ધ્યાનની તરતમતા પ્રમાણે આત્મિક શુદ્ધિ કરવા માટેના આઠ માર્ગ શ્રી જિનપ્રભુએ આપણને સમજાવ્યા છે. તે આઠ માર્ગ આ પ્રમાણે છે –

૧. સંવર માર્ગ
૨. નિર્જરા માર્ગ
૩. સંવર પ્રેરિત નિર્જરા માર્ગ
૪. નિર્જરા પ્રેરિત સંવર માર્ગ
૫. મહાસંવર માર્ગ
૬. સંવર પ્રેરિત મહાસંવર માર્ગ
૭. કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગ
૮. આજ્ઞામાર્ગ પ્રેરિત, કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગ

આ પ્રત્યેક માર્ગને અપૂર્વ લાક્ષણિકતા છે; કારણ કે આ માર્ગોનું સર્જન જુદા જુદા પ્રમાણનાં અભિસંધિજ વીર્ય અને અનભિસંધિજ વીર્યનાં પ્રતાપે ઉપાર્જન થતાં ભિન્ન ભિન્ન સકામ – અકામ પ્રાર્થના, ક્ષમાપના, મંત્રસ્મરણ તથા ધ્યાનનાં કારણથી થાય છે.

આ આઠ માર્ગ આઠ કર્મની પ્રકૃતિ, સ્થિતિ તથા અનુભાગને લક્ષમાં રાખીને સર્જાયા છે. ઉદા.ત. આયુષ્ય કર્મનો ક્યારેય સંવર થઈ શકતો નથી, તેની તો માત્ર નિર્જરા જ થાય છે. આ કારણે આ કર્મને વેદવા માટે જીવે માત્ર નિર્જરા માર્ગ જ અપનાવવો પડે. અન્ય કર્મોની સ્થિતિ અનુસાર અન્ય માર્ગ તે સાથે ભળી શકે. આ વિશેની વિચારણા જોઈએ તેટલી સહેલી નથી, કારણ કે કર્મ ક્યારેય એક એક કરીને ઉદયમાં આવતાં નથી. આઠે કર્મો સમૂહરૂપે ઉદિત થાય છે અને ભોગવાય છે. વળી, કર્મની પ્રકૃતિ, પ્રદેશ, રસ અને સ્થિતિની માત્રા પર આધારિત તેનાં અનંત ભાંગા

થાય છે. તેથી કેટલીકવાર જીવ આ આઠે માર્ગ એક સાથે આચરતો હોય એવું પણ બની શકે છે. તેમાં અમુક માર્ગ તે સકામપણે અને બીજા માર્ગો તે અકામપણે આચરતો હોય છે. સકામ – અકામનો આ ભેદ તો કેવળીગમ્ય છે, તેથી તેની ઝીણવટ આપણને મળી શકે નહિ. પરંતુ એ તો ચોક્કસ છે કે આગળ વધતો જીવ આ બધામાંથી એક માર્ગે મુખ્યતાએ ચાલતો હોય છે, અને તેમાં તે પોતાના પુરુષાર્થ, ગુરુની સમર્થતા તથા ધર્મની ઉચ્ચતાની પ્રાપ્તિ અનુસાર ફેરફાર કરતો રહે છે.

શ્રી પંચપરમેષ્ટિ ભગવંત નિયમપૂર્વક છઠ્ઠા અને સાતમા માર્ગે એટલે કે મહાસંવરના મુખ્ય માર્ગે ચાલે છે. શ્રી તીર્થંકર પ્રભુ નિયમથી સંવર પ્રેરિત મહાસંવરના માર્ગે, કલ્યાણપ્રેરિત મહાસંવરના માર્ગે અથવા તો આજ્ઞા પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવરના માર્ગે હોય છે. શ્રી ગણધર પોતાના આરાધ્યદેવ અને ગુરુ પ્રતિના પોતાના ભાવના આધારે માર્ગ ગ્રહણ કરે છે. જે પૂર્ણ આજ્ઞાથી ભક્તિમાર્ગે હોય છે, તે આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવરના માર્ગે ચાલે છે. પરંતુ જેઓ જ્ઞાનમાર્ગ કે યોગમાર્ગે આગળ વધતા હોય છે તેઓ મુખ્યતાએ સંવર પ્રેરિત મહાસંવરના માર્ગે જાય છે.

મહાસંવર માર્ગ અને સંવર કે કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગ વચ્ચે ફરક શું છે? શ્રી પ્રભુ પરમ કરુણા કરી આપણને સમજાવે છે કે મહાસંવર માર્ગમાં જીવ મુખ્યતાએ મોહનીયનો ક્ષયોપશમ કરે છે, ત્યારે સંવર કે કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગમાં જીવ મોહનીયની સાથે સાથે જ્ઞાનાવરણ અને દર્શનાવરણ કર્મનો ક્ષયોપશમ વધારતો રહે છે. સંવર પ્રેરિત મહાસંવર માર્ગમાં જીવ જ્ઞાનમાર્ગે કે યોગમાર્ગે કર્મના આશ્રવને તોડવા માટે લક્ષ કેંદ્રિત કરે છે; ત્યારે કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગમાં જીવ કર્મક્ષય કરવા કરતાં શુદ્ધાત્માના ગુણોનો આશ્રવ કરવા પર લક્ષ કેંદ્રિત કરે છે.

આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગમાં જીવ શુદ્ધ આત્મિક ગુણાશ્રવને લક્ષ બનાવવાનું કામ પણ આજ્ઞાધીનપણે કરે છે. આ શુભ કાર્ય માટેની સુખબુદ્ધિ પણ તે તોડે છે. અને પોતાના સ્વચ્છંદને આજ્ઞારૂપી અતિ ઉત્તમ પુરુષાર્થમાં પરિણમાવે છે; જે થકી જીવ આત્મગુણોનો આશ્રવ પણ આજ્ઞાધીનપણે કરે છે. લોકકલ્યાણ જેવા

ઉત્તમ કાર્ય કરતાં પણ એ જીવને આજ્ઞામાં રહેવું વધારે પ્રિય હોય છે, તેથી આવા શુદ્ધ કાર્યને પણ તે જીવ આજ્ઞાધીનપણે કરે છે. મહાસંવર માર્ગમાં બે વચ્ચેનો ભેદ આ રીતે વિચારી શકાય —

| સંવર પ્રેરિત મહાસંવર | કલ્યાણ પ્રેરિત મહાસંવર |
|---|---|
| ૧. આ માર્ગમાં જીવ લોકકલ્યાણના ભાવમાં કર્મની નિર્જરાને મુખ્ય કરે છે. | ૧. આ માર્ગમાં જીવ સ્વભાવના ગુણના આશ્રવને લોકકલ્યાણના ભાવમાં મુખ્ય રાખે છે. |
| ૨. આ માર્ગમાં લોકકલ્યાણના ભાવ જીવ જ્ઞાનમાર્ગે કે યોગમાર્ગે મુખ્યતાએ કરે છે. ભાગ્યે જ ક્રિયામાર્ગે કરે છે. આ મુખ્ય ભાવ સાથે ગૌણતાએ ભક્તિમાર્ગ આવે જ છે. | ૨. આ માર્ગમાં લોકકલ્યાણના ભાવ માત્ર ભક્તિમાર્ગથી જ થાય છે. |
| ૩. આ માર્ગમાં જીવ પહેલા લોકકલ્યાણના ભાવ કરવાની શક્તિ મેળવે છે, એટલે કે પ્રાર્થના, ક્ષમાપના, મંત્રસ્મરણ તથા ધ્યાનના માધ્યમથી જીવ લોકકલ્યાણના ભાવ સેવે છે. | ૩. આ માર્ગમાં જીવ માત્ર સ્વભાવગુણ, અહોભાવની ભક્તિથી કલ્યાણભાવ વેદે છે. એટલે કે એ જીવ પ્રાર્થનાથી (સ્વતંત્રતાથી), ક્ષમાપનાથી (સ્વતંત્રાએ), મંત્રસ્મરણથી (સ્વતંત્ર રીતે) કે ધ્યાનથી (સ્વતંત્રપણે) આ ભાવ કરી શકે છે. વળી, તે પ્રાર્થના ને ક્ષમાપનાથી, ક્ષમાપના ને મંત્રસ્મરણથી, મંત્રસ્મરણ ને ધ્યાનથી, પ્રાર્થના, ક્ષમાપના ને મંત્રસ્મરણથી અગર ક્ષમાપના, મંત્રસ્મરણ અને ધ્યાનથી લોકકલ્યાણની ભાવનાને વેદી શકે છે. |
| ૪. આ માર્ગે જીવ વૈરાગ્ય પ્રેરિત વીતરાગતામાં વધારે જાય છે. | ૪. આ માર્ગે જીવ મૈત્રીપ્રેરિત વીતરાગતામાં વધારે જાય છે. |

| સંવર પ્રેરિત મહાસંવર | કલ્યાણ પ્રેરિત મહાસંવર |
|---|---|
| ૫. આ માર્ગમાં જીવ સૂક્ષ્મતાએ જે કલ્યાણનાં પરમાણુઓ ગ્રહણ કરે છે, તેનો લોભ કે પરિગ્રહ કરે છે; કેમકે તે જાણકારી મળ્યા પછી જ લોકના કલ્યાણના ભાવ કરે છે. | ૫. આ માર્ગમાં જીવ સહજતાએ પાંચ મહાવ્રતનું પાલન વધારે સૂક્ષ્મતાથી અને શુદ્ધિથી કરે છે, કારણ કે એની ભાવના લોકકરુણા સ્ફૂરિત મહાસંવર માર્ગની હોય છે. તેથી એ જીવ જેટલાં કલ્યાણનાં પરમાણુઓ ગ્રહે છે તેટલાં કલ્યાણનાં પરમાણુઓ તે જ વખતે લોકમાં પાછાં આપે છે. એ પરમાણુમાંથી તે માત્ર આજ્ઞારસ જ ખેંચે છે, અને પોતાનો આજ્ઞારસ નિર્જરતા કલ્યાણનાં પરમાણુઓમાં ભેળવી એ જ સમયે ઋણમુક્ત થાય છે. એટલું જ નહિ પણ, ઘણીવાર એ જીવ આશ્રવેલાં કલ્યાણનાં પરમાણુઓ કરતાં વધારે પરમાણુઓને લોકમાં પ્રસરાવે છે; તેથી એ જીવનું પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુ પર ઋણ રહે છે, જેનાં નિમિત્તે એ જીવને પોતાની આત્મિક કક્ષા કરતાં વધારે ઉચ્ચ કક્ષાનાં કલ્યાણનાં પરમાણુઓ પ્રાપ્ત થાય છે. આથી એનાં જ્ઞાન તથા દર્શનનો ઉઘાડ વેગથી થાય છે. આ ઉઘાડથી એ જીવ મોહનીય અને અંતરાયના ચૂરેચૂરા કરે છે. |
| ૬. આ માર્ગમાં પાંચ સમવાયની મર્યાદાથી કલ્યાણ થાય છે. | ૬. આ માર્ગમાં કલ્યાણનાં પરમાણુ ખેંચવાની પ્રક્રિયા અને લોકકલ્યાણની ભાવના પાંચ સમવાયની મર્યાદાથી પર પણ થાય છે. |
| ૭. આ માર્ગથી જીવનો આત્મા મુખ્યત્વે રુપેરી સોનેરી થાય છે. | ૭. આ માર્ગથી જીવનો આત્મા મુખ્યત્વે સોનેરી થાય છે. |

કલ્યાણ પ્રેરિત મહાસંવરના માર્ગમાં પરમ મૈત્રીમાંથી પરમ વીતરાગતા આવે છે. આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવરના માર્ગમાં પરમ મૈત્રી સહિતની પરમ વીતરાગતા આવે છે.

જીવન એ એક સંગ્રામ છે, જંગ છે. એ જંગમાં સર્વ રૂપી પદાર્થો અરૂપી પદાર્થને રૂપી બનાવવા પ્રેર્યા કરે છે. જેટલા પ્રમાણમાં અરૂપી પદાર્થ રૂપી પદાર્થને ગ્રહણ કરે છે, તેટલા પ્રમાણમાં તે જીવ પોતાનો મૂળ સ્વભાવ છોડી, પરભાવના પ્રત્યાઘાતથી રંગાય છે. અને તેનાં નિમિત્તે તે પાંચ મહાવ્રતનું છેદન કરી, અંતરાયાદિ આઠ કર્મનું બંધન સ્વીકારે છે. અરે! આ કેવી વિચિત્રતા છે? રૂપી પદાર્થ જડ છે, અરૂપી પદાર્થ ચેતન છે, તેમ છતાં અરૂપી પદાર્થ રૂપી પદાર્થને ગ્રહણ કરીને અરૂપીમાંથી રૂપી બને છે! આ અરૂપી પદાર્થને રૂપી બનાવનાર જે તત્ત્વ છે તે અંતરાય કર્મ છે. શ્રી સર્વજ્ઞ જિનેશ્વર પ્રભુ, અરૂપી પદાર્થમાં રહેલ અંતરાય કર્મની સંખ્યા, જથ્થો, રસ અને સ્થિતિ જોઈને અરૂપી પદાર્થનાં રૂપીપણાનાં કર્મની સ્થિતિ તથા કાળને જાણે છે.

શાસ્ત્રમાં અંતરાય કર્મ છેલ્લું વર્ણવાયું છે; તે અરૂપી પદાર્થ પર પોતાનું રાજ્ય ચલાવે છે. કેવળી સમુદ્‌ઘાત જેવા શુધ્ધાત્માના બળવાન પુરુષાર્થમાં પણ એ અંતરાય કર્મ પોતાનાં અસ્તિત્ત્વને જાળવી રાખે છે. એ અરૂપી શુદ્ધાત્મા જ્યારે સિદ્ધભૂમિમાં અન્ય અડોલ શુદ્ધાત્માની પરમ પૂર્ણ આજ્ઞાને સ્પર્શે છે, ત્યારે જ એ આત્મા પોતાનાં અરૂપીપણાની પૂર્ણતા અનુભવી શકે છે, માણી શકે છે. અને ત્યારે જ એ આત્મા નિશ્ચયનયથી પૂર્ણ અરૂપી કહેવાય છે. શ્રી રાજપ્રભુએ આ હકીકતને નીચેની પંક્તિઓમાં ગુપ્તપણે સમાવી છે –

"ગ્રહે અરૂપી રૂપીને એ અચરજની વાત"

– જડ ભાવે જડ પરિણમે. શ્રી. રાજચંદ્ર

(અંતરાયકર્મની મુખ્યતાનું કારણ દર્શાવ્યું છે.)

"શુદ્ધ,બુદ્ધ,ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ, સુખધામ."

– આત્મસિદ્ધિ શાસ્ત્ર. શ્રી. રાજચંદ્ર

(સિદ્ધભૂમિમાં થતાં અંતરાય કર્મના સંપૂર્ણ નાશનું ગુપ્ત વર્ણન છે.)

અંતરાયકર્મ અન્ય સર્વ કર્મ સાથે સંબંધ ધરાવે છે. આ કર્મને લીધે જ રૂપી પદાર્થ અરૂપી પદાર્થ પર રાજ્ય ચલાવે છે. જો આ કર્મ ન હોત, તો અરૂપી પદાર્થ પોતાના મૂળ સ્વભાવને કોઈ કાળે ભૂલી ન શકત, અને તેથી કોઈ પણ કાળે તે રૂપી પદાર્થને ગ્રહણ કરત નહિ. આમ અંતરાય કર્મ મોહરૂપી રાજાનો ગુરુ છે. એનાં અસ્તિત્ત્વથી જ મોહાદિ સર્વ કર્મરૂપે પરિણમે છે. અંતરાય કર્મની લાક્ષણિકતા તથા અપૂર્વતા એ છે કે આ કર્મ આત્માને વિભાવ કરવાનું કારણ છે; ત્યારે બીજાં કર્મો આત્માના વિભાવને કારણે ઉદ્‌ભવે છે. આ અપેક્ષાએ જીવાત્મા અંતરાય કર્મનાં કારણે જ વિભાવમાં જાય છે. આ સિદ્ધાંતથી જ શ્રી કેવળીપ્રભુ યોગ સાથે જોડાય છે; કેવળી સમુદ્‌ઘાતમાં સર્વ આત્માઓ માત્ર આઠ સમય માટે જ રહે છે.

આ કર્મનો જો વિશેષ ઊંડાણથી વિચાર કરીએ તો સમજાય છે કે અંતરાય કર્મ એક પ્રકારે આત્મા માટે ગુણ પણ છે, અને અન્ય પ્રકારે દુર્ગુણ પણ છે. આત્માની પ્રક્રિયાથી કોઈને કોઈ પદાર્થને અંતરાય થાય જ છે. આત્મા જ્યારે વિભાવમાં હોય છે ત્યારે તે પોતાનાં અરૂપીપણાને અંતરાય કરે છે, અને એથી વિરુદ્ધ જ્યારે આત્મા પોતાના સ્વભાવમાં હોય છે ત્યારે એ જ આત્મા રૂપી પદાર્થ માટે અંતરાયરૂપ નીવડે છે. આથી અપેક્ષાએ અંતરાય એ આત્માનો અવગુણ પણ છે અને ગુણ પણ છે; એમ કહી શકાય. આ વાત અતિ સૂક્ષ્મ પણ છે, અને અતિ ગુપ્ત પણ છે. તે ખૂબ વિચારવા યોગ્ય પણ છે. વળી, આ વાતને શાસ્ત્રોના સ્થૂળ લખાણથી જુદી જાણી નિંદા કરવા યોગ્ય નથી. આ અતિ સૂક્ષ્મ જ્ઞાન છે. અને આ સિદ્ધાંતના આધારે જ "સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ" નો પાયો રચાયો છે.

મુક્તિ મેળવવા માટે જે આઠ માર્ગની રચના શ્રી પ્રભુએ જણાવી છે તે સર્વ આઠે માર્ગ સૂક્ષ્મતાએ અંતરાય કર્મની સ્થિતિ અનુસાર રચાયા છે. અંતરાય કર્મનાં આશ્રવ, સંવર તથા નિર્જરાની દૃષ્ટિથી આત્માના આશ્રવગુણ, સંવરગુણ તથા નિર્જરાગુણ નિરૂપાયા છે. આ અતિ દુષ્કર જ્ઞાનને મેળવવા માટે આપણે આપણા જીવને જ્ઞાનાંતરાયથી મુક્ત કરવાનો છે. અંતરાય કર્મને તોડવા માટે આજ્ઞામાર્ગ એ અન્ય સહુ માર્ગ કરતાં સરળ, સુગમ, ટૂંકો અને બાધારહિત માર્ગ છે. અંતરાયકર્મને

અંતરાયગુણમાં રૂપાંતરિત કરવા માટે જીવે આજ્ઞામાર્ગ આરાધવો જરૂરી છે. તે થકી આ રૂપાંતર તથા પરિવર્તન શક્ય થાય છે; કારણ કે વિભાવથી બાંધેલા અંતરાય કર્મ શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓથી અંતરાયગુણમાં પરિવર્તિત થાય છે.

આત્માનાં છ પદ માંના ‘આત્મા કર્તા છે’ અને ‘આત્મા ભોક્તા છે’ એ બે પદમાં અંતરાય કર્મની આ લાક્ષણિક્તા ગુપ્તપણે સમાયેલી છે. ‘કર્મનું કર્તાપણું’ એટલે કાર્ય કે ભાવ કરવાની પ્રક્રિયા. જીવ જ્યારે સ્વભાવને છોડીને વિભાવમાં પ્રવેશે છે ત્યારે એ પોતાના આત્માને સ્વરૂપથી વંચિત કરે છે. સ્વરૂપથી વંચિત થતાં જ એ પાંચ મહાવ્રતનો ભંગ કરે છે. મહાવ્રતના ભંગથી એ જીવ જે જે કર્મ એ વિભાવ ભાવમાં બાંધે છે, એ ભાવમાં એ અંતરાયકર્મ પણ બાંધે છે. આમ વિભાવજનિત કર્મબંધ વખતે જીવ અંતરાયકર્મ પણ બાંધે છે. આનાથી ઊલટું જીવ જ્યારે કર્મનાં ભોક્તાપદનો અનુભવ કરે છે ત્યારે તે જીવ વિપાક અથવા પ્રદેશ અથવા બંને પ્રકારે ઉદય વેદી કર્મનાં પરમાણુઓને ત્યાગે છે. આ પ્રક્રિયાની સફળતા ત્યારે જ સંભવિત થાય છે, જ્યારે એ જીવ એને લગતાં અંતરાયકર્મને અંતરાયગુણમાં ફેરવે છે. જીવનાં અંતરાયકર્મ અંતરાયગુણમાં જ્યારે પલટાય છે, ત્યારે એ જીવ કર્મનાં પુદ્‌ગલ પરમાણુઓને ખેરવી સ્વરૂપની સન્મુખ જઈ શકે છે. સ્વરૂપની સન્મુખ જવાથી તે જીવ વિભાવ પ્રત્યે અંતરાય વેદી, અંતરાય ગુણને ખીલવે છે.

આ પરથી સિદ્ધ થાય છે કે અંતરાયની બંને પર્યાય એ આત્માના મૂળ સ્વભાવનું નજીકમાં નજીકનું પ્રતિબિંબ છે. આ પર વિચાર કરવાથી સ્પષ્ટ થશે કે અંતરાય એ એવું કર્મ છે કે જે પુદ્‌ગલરૂપે પણ પ્રવર્તે છે અને આત્માના ભાવરૂપે પણ પ્રવર્તે છે. જીવ જ્યારે વિભાવમાં હોય છે ત્યારે તે સ્વરૂપ પ્રતિની અથવા પરમાર્થની અંતરાય બાંધે છે તથા વેદે છે, જેને લીધે તે વર્તતા વિભાવનુસાર અંતરાય કર્મ સહિત સાત કે આઠ પ્રકૃતિનો બંધ કરે છે. અર્થાત્ તે જીવ અંતરાયના ભાવથી અંતરાયકર્મ સહિત સાત કે આઠ પ્રકારના કર્મ બાંધે છે. જીવ જ્યારે સ્વભાવમાં હોય છે ત્યારે તે આત્માના ભાવ પ્રમાણે તે વિભાવનાં અંતરાય બાંધે છે તથા વેદે છે. તેને લીધે સ્વભાવનો અનુભવ સંભવિત બને છે. આમ અંતરાય એ આત્માના ભાવ અને કર્તાભોક્તાપણાના

ભાવ વચ્ચેનો સેતુ છે. જો અંતરાયનું અસ્તિત્વ ન હોત તો આત્મા તથા પુદ્ગલ જે બંને ભિન્ન ભિન્ન પદાર્થો છે તે ક્યારે પણ એકમય થઈ શક્યા ન હોત; જીવ કર્તાભોકતાપણાના ભાવને વેદી શકત નહિ. વિસ્તારથી વિચારણા કરતાં લક્ષ આવે છે કે કોઈક અપેક્ષાથી આત્માના કર્તાગુણનો અને ભોક્તાગુણનો અનુભવ કરવામાં સહાયક થનાર અંતરાય છે.

પ્રત્યેક સમયે જીવ જ્યારે સાત કે આઠ કર્મનું બંધન કરે છે ત્યારે તે દરેક કર્મ સાથે અંતરાયકર્મ પણ બાંધે જ છે. અંતરાય કર્મ ધ્રુવબંધી છે. અહીં અંતરાયનો ભેદ સમજવાનો છે. મૂળ અંતરાય કર્મ અને અન્ય કર્મોની સાથે બંધાતું અંતરાય કર્મ, એ બંને વચ્ચે ઘણા ભેદ છે. દા.ત. મૂળ અંતરાય કર્મ, જ્ઞાનાવરણની અંતરાય, દર્શનાવરણની અંતરાય, વેદનીયની અંતરાય વગેરે વગેરે, જુદી જુદી રીતે પ્રવર્તે છે. અંતરાય કર્મનાં વિવિધ પુદ્ગલોનાં દર્શન કરવામાં આવે તો એવી નવાઈ લાગે કે આટલી બધી વિવિધતા હોવા છતાં આ સર્વ એક જ કર્મના ભાંગામાં કેવી રીતે આવી શકે છે ? વળી, તેમાં પણ દરેક કર્મની અંતરાયના અનંત ભાંગા છે. જેમકે જ્ઞાનાવરણની અંતરાયના અનંત પ્રકાર છે. આ ઉપરાંત, આત્માને જુદા જુદા પ્રત્યાઘાતમાં જુદા જુદા ભાવ થાય છે, અને તે સર્વ ભાવ માટે જુદા જુદા પ્રકારની અપૂર્વ અંતરાય બંધાય છે. આ કારણથી અને આ જ્ઞાનની સમજણથી શ્રી કેવળી ભગવાન અન્ય જીવની પરિણતિ જાણી શકે છે અને સમજી શકે છે. વ્યવહારથી કહેવું હોય તો કહી શકાય કે દરેક આત્મિક ભાવ માટે અંતરાય એક વિશિષ્ટ માધ્યમ (code) જેવું કામ કરે છે. ઉદા.ત. એક જીવ એક પ્રકારનું કર્મ બાંધે જેમાં તેને પૂર્વનિશ્ચિત જ્ઞાનાવરણ દર્શનાવરણ આદિ આઠે કર્મ બંધાય તો, એ કર્મ બાંધતા આઠે કર્મ સાથે જે અંતરાય કર્મ બંધાય તે વિશિષ્ટ પ્રકારનાં (unique) હોય છે. જો બીજો જીવ અંતરાય કર્મની એ જ સંખ્યા બાંધે તો નિશ્ચિતપણે કહી શકાય કે એ બીજા જીવે પણ પહેલા જીવ જેવું એકરૂપતાવાળું (identical) કર્મ બાંધ્યું છે. આ જ્ઞાન છદ્મસ્થ અવસ્થામાં મેળવવું ઘણું ઘણું કઠણ છે, કારણ કે આઠ કર્મનાં ભાગ, તે બધા ભાગના રસ, સ્થિતિ અને જથ્થા પ્રમાણે અંતરાય કર્મના પેટાભાગ અર્થાત્ ફેરફાર થાય છે. આના જ્ઞાન દ્વારા


શ્રી કેવળીપ્રભુ અંતરાયના માધ્યમ (code) ની જાણકારીથી નિશ્ચિતપણે જીવને ભાવિ જણાવી શકે છે.

પોતાની વિશુદ્ધ દૃષ્ટિથી અંતરાય કર્મના ભાગ, રસ, સ્થિતિ, પ્રકાર આદિ જાણી શ્રી કેવળી ભગવાન, એ જીવને એ અંતરાય કર્મના પરિપાક પ્રમાણે એ કર્મ ક્યારે ઉદયમાં આવશે, કેટલો વખત ટકશે, ક્યારે ક્ષય થશે અને એ જીવ ક્યો પુરુષાર્થ કરી ક્યા વેગથી એ અંતરાય કર્મને અંતરાય ગુણમાં પલટાવી શકશે, તેની જાણકારીથી ક્યા સમયે તે જીવ તે કર્મથી છૂટી જશે તે જણાવી શકે છે. આ અંતરાયની પર્યાયનાં કારણે (એટલે કર્મ તથા ગુણના કારણે) શ્રી કેવળી ભગવાન તથા સિદ્ધ ભગવાન, આત્માનાં આકૃતિ તથા કદ જુદાં હોવા છતાં, આત્માના સર્વ ગુણોને સમાનપણે વેદી શકે છે. આ અંતરાય પર્યાય તથા અગુરુલઘુ ગુણથી આત્મા તેના ભૌતિક આકારથી (physical shape) સ્વતંત્ર થઈ પૂર્ણ બને છે.

અંતરાય કર્મને અશુભ પર્યાયમાંથી શુધ્ધ પર્યાયમાં લઈ જવા માટે શ્રી જિનપ્રભુએ આઠ માર્ગનું નિરૂપણ કર્યું છે. તેમાંનો કોઈ ને કોઈ માર્ગ જીવ જુદા જુદા સમયે પોતાની પાત્રતા તથા પુરુષાર્થ અનુસાર આદરે છે. આ આઠે માર્ગની સમજણ લેતાં પહેલાં, અંતરાય કર્મની અશુભ પર્યાય તથા શુભ પર્યાય ઉત્પન્ન થવામાં ક્યા કારણો નિમિત્તરૂપ છે, તે કઈ રીતે ઉત્પન્ન થાય છે તે વિશે જાણવું ખૂબ જરૂરી છે.

અશુભ અંતરાય પર્યાય ઉત્પન્ન થવા માટે મુખ્ય ચાર પ્રત્યક્ષ કારણો છે અને એક પરોક્ષ કારણ છે. પ્રત્યક્ષ કારણો તે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાય છે. યોગ એ પરોક્ષ કારણ છે. મિથ્યાત્વ આદિ ત્રણ મુખ્ય કારણોને જ્ઞાનીઓ વિભાવરસ તરીકે ઓળખાવે છે. વિભાવરસ એટલે નિશ્ચયનયથી આ કારણો કર્મ નથી, પણ જીવે કરેલા વિભાવનું પરિણામ છે. જીવ જ્યારે વિભાવ કરે છે, એટલે કે કર્મનો કર્તા થાય છે ત્યારે એ કારણો વિભાવના પ્રતિકરૂપ – રસરૂપે પરિણમે છે. જેના લીધે તે જીવ એના આત્મા પર ભાવિમાં ભોક્તા બને એવા પુદ્‌ગલ પરમાણુઓને આશ્રવે છે. આ બધું કાર્ય માત્ર એક જ સમયમાં થાય છે. પરંતુ જો આપણે એ કાર્યના ભાગ કરીએ તો જીવ જ્યારે વિભાવ કરે છે ત્યારે તે ચાર પ્રકારના વિભાવરસ વેદે છે. આ વિભાવરસ

ઉત્પન્ન થતા જ જીવ સ્વભાવથી વિમુખ બને છે. એટલે કે (૧) તે જીવ સૂક્ષ્માતિસૂક્ષ્મ રીતે પાંચ મહાવ્રતનો ભંગ કરે છે. (૨) જેવો એ મહાવ્રતનો ભંગ થાય તેવો જ એ જીવ એ સમયે અંતરાયની અશુભ પર્યાય બાંધે છે. (૩) આ અશુભ પર્યાયને કર્મદેહ આપવા (કે જેથી ભાવિમાં એ ભોક્તારૂપ નીવડી શકે) પુદ્‌ગલનાં પરમાણુઓ વિભાવરસમાં ચીટકે છે. અહીં કાર્ય પુરું થતું નથી. જો અહીં કાર્ય પુરું થતું હોત તો જીવ જે સમયે વિભાવમાંથી બહાર આવે તે જ સમયે એ કર્મને ખેંચી ખેરવી નાખે. (૪) પરંતુ આ કર્મનાં પુદ્‌ગલ પરમાણુઓ ઉપર ફરીથી એક બીજું અંતરાયની અશુભ પર્યાયનું કવચ થાય છે, જેના લીધે જીવ એનાં વીર્ય દ્વારા એ કર્મનાં અસ્તિત્ત્વને ત્યાં સુધી છિન્નભિન્ન ન કરી શકે કે જ્યાં સુધી એ કર્મનો અબાધાકાળ પૂરો થાય નહિ. આ ક્રિયાનું દશ્ય –




મુખ્યતાએ અઘાતીકર્મને અનુલક્ષીને આ પ્રક્રિયા સમજવા જતાં સવાલ ઊભો થાય છે કે અંદરના વિભાવરસ અને બહારના વિભાવરસના કવચમાં શું તફાવત રહેલો છે?

બહારના વિભાવરસનાં કવચ દ્વારા આત્મા પર કર્મનાં પુદ્‌ગલ પરમાણુઓ શા માટે ખેંચાતા નથી?

શ્રી પ્રભુની પરમ કૃપાથી જવાબ મળે છે કે ચાર વિભાવરસમાં દરેક રસના બે ભાગ થાય છે. (૧) સક્રિય અથવા સકામ ભાગ. (૨) અક્રિય અથવા અકામ ભાગ.

સક્રિય અથવા સકામ ભાગ એ ચારે કારણોમાં જોવા મળે છે. જીવ જ્યારે સકામપણે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અથવા કષાયને વેદે છે, અગર તો બધાં જ કારણોને સાથે વેદે છે ત્યારે એ ભાવ વિભાવરસનો સક્રિય કે સકામ ભાગ બને છે. આ સક્રિય અથવા સકામ ભાગમાં અંતરાયની બળવાન અશુભ પર્યાય હોય છે, જે તે આત્માનાં વીર્યને રુંધી મુખ્ય અંતરાય બને છે. વળી, એ વિભાવરસ સકામપણે વેદાતો હોવાથી તેનામાં લોહચુંબક જેવી આકર્ષવાની શક્તિ (attraction power) આવે છે. આ આકર્ષવાની શક્તિને, આત્માના વિભાવભાવ, કર્તાપણું – સક્રિયપણું આપે છે.

તે સક્રિયપણાને કારણે એ વિભાવરસ એના અંતરાય code દ્વારા સાત અથવા આઠ કર્મનાં પ્રકૃતિ, સ્થિતિ અને જથ્થાને ખેંચે છે, અને એ આત્માને ચીટકી જાય છે.

જ્યારે પુદ્ગલનાં પરમાણુઓ કર્મરૂપે આત્મા પર ચીટકે છે, ત્યારે આ આખું બંધારણ જીવના સકામ વિભાવને કારણે થયું હોય છે. કર્મનાં આ કર્તાપણાના વિભાવને યોગ્ય રીતે ભોગવવા માટે, યોગ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ સહિત યોગ્ય પંચાસ્તિકાય અનિવાર્ય છે. જીવ પોતાના કોઈ અનિયમિત સ્વભાવમાં પરિણમતા ભાવને કારણે, એ યોગ્ય પાંચ સમવાય કે યોગ્ય પંચાસ્તિકાય વગર બંધાયેલા બંધારણને છિન્નભિન્ન કરી ન શકે તે માટે આ બંધારણ પર એક અકામ અથવા અક્રિય વિભાવરસનું કવચ રચાય છે. અહીં 'અક્રિય' શબ્દ બે અર્થમાં વાપર્યો છે –

૧. અક્રિય એટલે (આત્મા) જીવ તેનાં અનભિસંધિજ વીર્ય દ્વારા અથવા તો અકામપણે (involuntarily – ફરજિયાત) આ વિભાવરસ વેદે છે; જેના થકી આ કવચ બને છે.

૨. અક્રિય એટલે આ કર્મ બંધારણને યોગ્ય અવસ્થા (યોગ્ય સમવાય તથા યોગ્ય પંચાસ્તિકાયનો સુમેળ થાય ત્યાં) સુધી અક્રિય – ઉદયરહિત રાખે છે, જેને આપણે 'અબાધાકાળ' રૂપે ઓળખીએ છીએ.

આ બંને વિભાવરસનું મૂળ છે અંતરાયની અશુભ પર્યાય. આ પરથી સ્પષ્ટ થશે કે ચારે કારણોના બે ભાંગા થાય છે –



ક્ષાયિક સમકિત લીધા પછી જીવ સકામ મિથ્યાત્વ બાંધતો નથી, ક્ષાયિક સમકિત સાથેના છઠ્ઠા ગુણસ્થાને જીવ સકામ અવિરતિ નથી કરતો. ક્ષાયિક સમકિત સાથેના સાતમા ગુણસ્થાને જીવ સકામ પ્રમાદ સેવતો નથી અને ક્ષપક શ્રેણિના દશમા ગુણસ્થાનના અંત ભાગ પછીથી જીવ સકામ કષાય વેદતો નથી.

આ પ્રકારે વિચારતાં આપણને સમજાય છે કે આત્મા તેરમા ગુણસ્થાનના અંત સુધી (જ્યાં સુધી યોગ છે ત્યાં સુધી) અકામપણે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ તથા કષાય કરે છે. જો આ પ્રક્રિયા ન હોત તો, કેવળજ્ઞાન લીધા પછી કોઈ કાળે આત્મા યોગ સાથે જોડાત નહિ, અને સીધો સિદ્ધ થઈ જાત. આ અકામ અંતરાયની અશુભ પ્રકૃતિનાં કારણે જ આત્મા અવ્યાબાધ સુખસ્વરૂપ એવા સ્વભાવસુખથી ચ્યુત થઈ, યોગ સાથે જોડાઈને સયોગી કેવળી બને છે.

મિથ્યાત્વાદિ ચાર વિભાવરસની જે સકામ અને અકામ પ્રકૃતિ આપણે જોઈ, તેમાં આત્માના કેવા પ્રત્યાઘાતથી આ પ્રકૃતિઓ થાય છે તેનો વિચાર કરીએ.

| પ્રકૃતિ | સકામ રસ | અકામ રસ |
|---|---|---|
| મિથ્યાત્વ | સકામપણે દેહમમત્વનો તીવ્ર ભાવ, દેહાત્માનું જોરદાર એકપણું — સકામ અમાનવતા | દેહયોગની અકામ આસક્તિ — અકામ અમાનવતા |
| અવિરતિ | સત્દેવ, સદ્‌ગુરુ તથા સદ્‌ધર્મ પ્રતિ નિજ માનાર્થે સકામ અશ્રુતિ | સત્દેવાદિ પ્રત્યે અકામ અશ્રુતિ |
| પ્રમાદ | સત્દેવ, સદ્‌ગુરુ તથા સદ્‌ધર્મ પ્રતિ સકામ અશ્રદ્ધા | સત્દેવાદિ પ્રત્યે અકામ અશ્રદ્ધા |
| કષાય | સત્દેવ, સદ્‌ગુરુ, સદ્‌ધર્મ પ્રતિ સકામ પુરુષાર્થહીનતા | સત્દેવાદિ પ્રત્યે અકામ પુરુષાર્થહીનતા |

આનો અભ્યાસ કરતાં સમજાય છે કે વિભાવરસની ઉત્પત્તિ સદ્‌ગુરુ, સત્દેવ, અને સદ્ધર્મ પ્રતિ સકામ કે અકામ અભાવ તથા અવિનયથી થાય છે. આ

વિભાવરસથી મુક્ત કેવી રીતે થવું? એ આપણને આજનો મુંઝવતો પ્રશ્ન છે. શ્રમણ ભગવાન મહાવીરે તેમની છેલ્લી દેશનામાં જે ઉપદેશ સહુને આપ્યો હતો, તે ઉપદેશ શ્રી સુધર્માસ્વામીએ તેમના શિષ્ય શ્રી જંબુસ્વામીને કર્યો હતો. આ ઉપદેશ શ્રી ઉત્તરાધ્યયન સુત્રના 'ચતુરંગીય' નામનાં અધ્યયનમાં ગ્રંથસ્થ થયો છે. એમાં સત્દેવ, સદ્‌ગુરુ અને સદ્‌ધર્મને પ્રાપ્ત કરવા માટે ચાર લક્ષણો બતાવ્યાં છે – માનવતા, શ્રુતિ, શ્રદ્ધા અને શ્રમ (પુરુષાર્થ). વિચારતાં સ્પષ્ટ થાય છે કે આ જ લક્ષણોને મેળવીને, તેનો સદુપયોગ કરીને જીવ વિભાવરસને તોડી સ્વભાવરસ તરફ પ્રગતિ કરી શકે છે.

માનવતાથી મિથ્યાત્વ વિભાવરસથી બંધાયેલી અંતરાયની અશુભ પર્યાયને અંતરાયની શુભ પર્યાયમાં લાવી શકાય છે. આ શુભ પર્યાયમાં જીવ એની સંજ્ઞાનો ઉપયોગ કરી, દેહની આસક્તિ તોડવા, સત્ પ્રત્યે (સત્દેવ, સદ્‌ગુરુ અને સદ્‌ધર્મ પ્રતિ) પ્રેમ ઉત્પન્ન કરે છે. તેનાથી તેના દેહની આસક્તિ સહજપણે છૂટતી જાય છે.

આ પછી આગળ વધી જીવ જ્યારે સત્ પ્રતિ સત્શ્રુતિ કરે છે ત્યારે અવિરતિ વિભાવરસથી ઉત્પન્ન થતી અંતરાયની અશુભ પર્યાયમાંથી અંતરાયની શુભ પર્યાય પ્રગટ થાય છે. સત્શ્રુતિમાં જીવ પોતાની ઇન્દ્રિયો તથા સંજ્ઞાનો સદુપયોગ કરે છે; પરિણામે તેને ઇન્દ્રિયજનિત સુખનો નકાર વર્તાતો જાય છે, અને તે ઇન્દ્રિય તથા સંજ્ઞાને સત્‌ના શ્રવણ પ્રતિ કેંદ્રિત કરતો જાય છે. લાભ લેતો જાય છે.

જેમ જેમ સત્શ્રુતિ વધતી જાય છે તેમ તેમ જીવ સત્ શ્રદ્ધા પ્રતિ પ્રગતિ કરે છે. મળેલી સત્ શ્રદ્ધાથી પ્રમાદ વિભાવરસથી ઉત્પન્ન થતી અંતરાયની અશુભ પર્યાય શુભ પર્યાયમાં પરિણમે છે. સત્‌શ્રદ્ધાના વધવા સાથે જીવ પોતાની ઇન્દ્રિયો અને સંજ્ઞાની સાથે પોતાની લાગણીઓ એટલે કે હૃદય અને ચિત્તને સત્ તરફ કેંદ્રિત કરે છે. આવેલી શ્રદ્ધાથી જીવ સંસારસુખના પુરુષાર્થને સત્‌ના પુરુષાર્થ તરફ વાળવાનો નિર્ણય કરે છે.

સત્શ્રમ એ માનવતા, શ્રુતિ અને શ્રદ્ધાનું અંતિમ ધ્યેય છે. ઉત્તમ માર્ગમાં માનવતા, શ્રુતિ અને શ્રદ્ધા એ ત્રણનો ક્રમ ચડતો હોવો જોઇએ, તે સત્ફળ મેળવવા માટે

સહજ છે. પરંતુ આ સંસારમાં જ્ઞાનમાર્ગ, ક્રિયામાર્ગ કે યોગમાર્ગ જેવા માર્ગોમાં આ ક્રમ ઘણીવાર નથી પળાતો. આથી એ માર્ગમાં સફળતા મળવી દુષ્કર થઈ જાય છે. આ ત્રણ પગથિયાં કદાચ ચડતા ક્રમમાં સેવી ન શકાય તો પણ વહેલી કે મોડી સફળતા મળી શકે છે, પરંતુ જો પુરુષાર્થ કે શ્રમ ઉપરનાં લક્ષણો કેળવ્યા પહેલાં કરવામાં આવે તો નક્કી અસફળતા મળે છે.

"પણ કારણ વિણ કારજ નીપજે રે,
એ નિજમત ઉન્માદ."

— આનંદઘનજી

સત્શ્રમ કષાયના વિભાવરસથી થતી અંતરાયની અશુભ પર્યાયને શુભ પર્યાયમાં પરિણમાવે છે. સત્શ્રમ જુદી જુદી પ્રેરણાથી થઈ શકે છે.

કલ્યાણ મેળવવા માટે જે આઠ માર્ગ શ્રી જિને પ્રરૂપ્યા છે, તેમાંના પહેલા છ માર્ગ ચતુરંગીયના પહેલાં ત્રણ ઘટકો — માનવતા, શ્રુતિ તથા શ્રદ્ધા — નાં જુદાં જુદાં મિશ્રણથી ઉત્પન્ન થયેલા છે. આ આઠ માર્ગમાંથી પહેલા ચાર માર્ગ, સંવર માર્ગ, નિર્જરા માર્ગ, સંવર પ્રેરિત નિર્જરા માર્ગ અને નિર્જરા પ્રેરિત સંવર માર્ગ, અસંજ્ઞી તેમજ સંજ્ઞી એમ બંને પ્રકારના જીવો આદરી શકે છે. ત્યારે બાકીના ચાર માર્ગ — મહાસંવર માર્ગ, સંવર પ્રેરિત મહાસંવર માર્ગ, કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગ અને આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગ એ માત્ર સંજ્ઞી જીવો જ આદરી શકે છે.

સંજ્ઞા એ મનોયોગની વિશેષતા છે. સંજ્ઞા ઇન્દ્રિય નથી, પણ ઇન્દ્રિય જનિત સર્વ ભાવોનું વિશેષતાએ પૃથક્કરણ કરવા માટેનું એક સાધન છે. પાંચે ઇન્દ્રિયો આવ્યા પછી જ સંજ્ઞા આવે છે; કારણ કે તે ઇન્દ્રિયોને વિષેશતાએ જાણવાનું સાધન છે. સંજ્ઞા આવવાથી જીવમાં ચિંતન, મનન તથા નિદિધ્યાસન કરવાની શક્તિ આવે છે. સંજ્ઞા આવ્યા પછી જીવ ઇન્દ્રિય દ્વારા પ્રાપ્ત થયેલ ભાવને સ્વાધીનપણે વિશેષપણું આપી શકે છે અથવા એ ભાવથી વિરુધ્ધ ભાવને વેદી, ઇન્દ્રિયોથી પર બની ઇન્દ્રિયાતીતપણું વેદે છે.

મનોયોગ, વચનયોગ અને કાયયોગ એ ત્રણ યોગમાં મનોયોગ સહુથી બળવાન યોગ છે, એટલે સંજ્ઞા આવતાં જીવ નિમિત્તથી પર બની સ્વાધીનપણે ભાવ કરતાં શીખે છે. આ ભાવ સારા કે નરસા હોઈ શકે છે, પણ તે ભાવ આત્માના સ્વતંત્ર ભાવ હોય છે.

અસંજ્ઞી જીવોમાં મનોયોગ પૂરેપૂરો વિકસિત હોતો નથી, એટલે જીવને પોતાના ભાવ વેદવા માટે શિથિલ મનોયોગ, વચનયોગ અને કાયયોગથી ચલાવવું પડે છે. આ શિથિલ યોગ જીવને નિમિત્તાધીન ભાવવાળો બનાવે છે. જીવ જેમ જેમ વિકાસ કરતો જાય છે તેમ તેમ તેના યોગ વિશેષ બળવાન થતા જાય છે, અને જ્યારે તે સંજ્ઞા મેળવે છે ત્યારે તે કર્મબંધનનાં અન્ય ચાર કારણો વેદવા માટે પૂર્ણતાએ સ્વતંત્ર તેમજ સ્વાધીન થાય છે.

એકેંદ્રિયપણામાં જીવ મુખ્યતાએ કર્મ વેદે છે. ઘણી ઘણી અલ્પતાએ (નાની સંખ્યામાં) એ કર્મબંધ કરે છે; આનું કારણ એ છે કે એ સ્થિતિમાં એ જીવનાં કર્મો એટલાં ભારે હોય છે કે એક માત્ર સ્પર્શેન્દ્રિય સિવાયની તેની બાકીની ચારે ઇન્દ્રિયો અવરાયેલી હોય છે. તેથી નવાં ઝાઝાં કર્મો બાંધવા માટે તેને લોભાદિ કષાય, રાગદ્વેષ, આદિ વેદવાનો અવકાશ કે સાધનો મળતાં નથી. પરિણામે જીવ એકેંદ્રિયપણામાં મુખ્યતાએ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાયને ભોગવીને નિર્જરાવે છે. અને તેનાં પ્રમાણમાં નહિવત્ નવાં કર્મો બાંધે છે. આ પ્રકારની સર્વ અસુવિધાઓને કારણે એકેંદ્રિય જીવોને કર્મ ભોગવવા માટે માત્ર કાળ જ સહાયરૂપ થાય છે. અન્ય પંચાસ્તિકાય તેને પરોક્ષ સાથ આપે છે. ઉદયકાળ અને સંજ્ઞીપંચેન્દ્રિય (જીવ) નું નિમિત્ત એ બે જ પદાર્થો કર્મની નિર્જરા કરવા માટે તે જીવને સહાય કરે છે, વળી તે સર્વ ભોગવવા માટે તેની પાસે એક કાયયોગ જ કાર્યકારી હોય છે. પુદ્‌ગલનો સ્પર્શગુણ તેને માત્ર પરોક્ષ સાથ આપે છે. આ કારણથી જીવ એકેંદ્રિયપણામાં અનંતકાળ સુધી રહે છે. જ્યારે આ જીવ સત્પુરુષાદિ પંચપરમેષ્ટિ ભગવંતના વીતરાગી સાથથી (અહીં વીતરાગી સાથ એટલે સત્પુરુષોએ નિસ્પૃહભાવથી આપેલો કલ્યાણભાવવાળો સાથ એમ સમજવું) બે ઇન્દ્રિય પ્રાપ્ત કરે છે. એ જીવ જો બળવાન અશુભભાવી જીવના સંપર્કમાં રહે તો તેનું જેટલું

મિથ્યાત્વ ભોગવાય તેટલું નવું બંધાતુ પણ જાય છે. આ બંધન કાયયોગના કારણથી થતું રહે છે, અને તે વિકસતો નથી.

ઉત્તમ પુરુષના યોગે વિકાસ કરી જીવ જ્યારે બે ઇન્દ્રિયવાળો થાય છે ત્યારે તેને બીજી રસના ઇન્દ્રિય પ્રાપ્ત થાય છે. રસના ઇન્દ્રિય વધવાથી જીવ પુદ્ગલને ચાખી શકે છે તથા તેનો સ્વાદ લઈ શકે છે. આમ એનાં સ્પર્શેન્દ્રિયનાં જ્ઞાનમાં રસનો ઉમેરો થાય છે. રસરૂપી પુદ્ગલને અનુભવતાં તે જીવને પહેલીવાર સકામપણે મિથ્યાત્વનું વેદન થાય છે. એટલે કે જે જે પદાર્થને તે જીવ ગ્રહણ કરે છે તે સર્વ માટે તેને મારાપણાનો ભાવ સૂક્ષ્મતાએ વેદાય છે. આમ કર્મની નિર્જરા તથા બંધન માટે કાળરૂપી પદાર્થમાં પુદ્ગલાસ્તિકાયના રસના ગુણનો ઉમેરો થાય છે; તે રસના ગુણથી જીવ મિથ્યાત્વનું સકામ વેદન શરૂ કરે છે. તેમાં કાયયોગ અને વચનયોગ સહકારી ભાગ ભજવે છે. રસના ગુણના વેદન દ્વારા તે જીવ નવું સકામ મિથ્યાત્વ બાંધી શકે છે, અને એ કર્મ ભોગવવા માટે તે જીવને સંજ્ઞી પંચેન્દ્રિયનું નિમિત્ત, કાળ તથા પુદ્ગલના રસનો સથવારો મળે છે.

આ સંયોગનાં કારણે જીવને માત્ર સંખ્યાતકાળ સુધી જ બેઇન્દ્રિયપણામાં રહેવું પડે છે. એ જીવ જો શુભ નિમિત્તમાં શુભભાવ કરે તો તે પ્રગતિ કરે છે, અને અશુભ નિમિત્તમાં આવી મિથ્યાત્વરૂપી મહાશત્રુના પંજામાં ફસાય તો એ પાછો એકેંદ્રિય થઈ જાય છે. આ મિથ્યાત્વ સાથે તે જીવ જે જે પુદ્ગલના રસના સ્પર્શથી – ચાખવાથી તે સર્વ પુદ્ગલ માટે મારાપણાનો ભાવ વેદી, મિથ્યાદૃષ્ટિથી પરિગ્રહભાવ વેદે છે; તે પરિગ્રહબુદ્ધિના જોરથી, જો જોગાનુજોગ એ જીવને સત્પુરુષના શુભ કલ્યાણભાવનો સ્પર્શ થાય છે, તો એ પરિગ્રહભાવની આદતમાં તે સત્પુરુષના શુભભાવનો પરિગ્રહ વેદે છે. આ શુભ પરિગ્રહભાવથી એ જીવની મિથ્યાદૃષ્ટિ અપેક્ષાએ મંદ થાય છે. તે વખતે જો તે જીવનું આયુષ્ય પૂરું થતું હોય તો વર્તતા શુભભાવના જોરથી તે બેમાંથી ત્રણ ઇન્દ્રિય પામવા તરફ આગળ વધે છે.

તેને ત્રીજી ઇન્દ્રિયરૂપે ઘ્રાણેંદ્રિય મળે છે. નાક આવવાથી જીવને સંજ્ઞી પંચેંદ્રિયનું નિમિત્ત, કાળ અને પુદ્ગલના રસના ગુણને સહાય કરનાર પુદ્ગલના ગંધગુણનો

અનુભવ શરૂ થાય છે. ઘ્રાણેન્દ્રિય આવતાં જીવને જે રસનારૂપી પૌદ્ગલિક પરમાણુનાં ગ્રહણથી મિથ્યાદૃષ્ટિ વેદાતી હતી, તેને મજબૂત કરતી પુદ્ગલની વાસ ભળે છે. પુદ્ગલની વાસનો સહવાસ થતાં, તેને માટે તે મારાપણાંનો ભાવ વેદે છે, અને આ પુદ્ગલો મારાં છે એવો ભાવ દૃઢ કરે છે. આ ભાવમાં મિથ્યાત્વ સાથે અવિરતિનું જોડાણ થાય છે. તેથી કર્મબંધના કારણોમાં વધારો નોંધાય છે. જેમ કર્મબંધના કારણો વધે છે તેમ કર્મને ભોગવવાનાં સાધનો પણ વધે છે. આ જીવને સંજ્ઞીપંચેન્દ્રિયનું નિમિત્ત, કાળ અને પુદ્ગલના રસગુણની સાથે પુદ્ગલનો ગંધગુણ પણ મળે છે, જેથી તે જીવ સત્પુરુષના સુનિમિત્તને સ્પર્શ, રસના અને નાક દ્વારા ઓળખી શકે છે. રસના સાથે જે પરિગ્રહબુદ્ધિ આવે છે, તેના સથવારામાં ઘ્રાણેંદ્રિયના વધવાથી અબ્રહ્મભાવનો તે કર્તા થાય છે. એ વખતે સ્વચ્છંદ કે મિથ્યાત્વનાં જોરમાં જો જીવ આયુષ્ય પૂરું કરે છે તો તે જીવ કાં એટલી જ ઇન્દ્રિય સાથે જન્મે છે અગર તો તે બે ઇન્દ્રિયપણામાં ઊતરી જાય છે. પરંતુ જો તે જીવને યોગાનુયોગે સત્પુરુષના વીતરાગભાવ કે કલ્યાણભાવ સાથે આયુષ્યના અંત વખતે જોડાણ થાય છે કે સંપર્ક થાય છે તો તે જીવને એ શુભભાવ પ્રતિ પરિગ્રહબુદ્ધિ થાય છે, તેનાથી તે અતિ સૂક્ષ્મતાએ બ્રહ્મમાં ચરે છે, અને તેને વેદાતો મિથ્યાત્વ તથા અવિરતિનો ભાવ અપેક્ષાએ મંદ થાય છે; તેથી તે જીવ ચાર ઇન્દ્રિય પામવા પ્રતિ વિકાસ કરે છે.

જીવને મળતી ચોથી ઇન્દ્રિય છે ચક્ષુ. ચક્ષુ આવતાં જીવે અનુભવ કરવા માટે પુદ્ગલનો સ્પર્શ કરવો પડતો નથી. પદાર્થને દૂરથી જ ઓળખવાની શક્તિ તેને પ્રાપ્ત થાય છે. આ પ્રકારની શક્તિ મળવાની શરૂઆત જીવને ત્રીજી ઇન્દ્રિયની પ્રાપ્તિથી શરૂ થાય છે, પરંતુ એ શક્તિનું સ્પષ્ટપણું ચોથી ઇન્દ્રિય પ્રગટવાથી થાય છે. પદાર્થ કે પુદ્ગલને દૂરથી જ જોવાથી શક્તિ મળવા સાથે જીવમાં સહજાસહજ એક દોષ ઉત્પન્ન થાય છે. જીવ જ્યારે પદાર્થને દૂરથી જુએ છે ત્યારે તેનાં અંતરમાં એ પદાર્થ પ્રત્યે ભાવાનુસાર રાગ કે દ્વેષ જાગે છે. આ સૂક્ષ્મ રાગદ્વેષનાં ફળરૂપે જીવને પદાર્થ પ્રત્યેના પુરુષાર્થમાં ઉદ્યમી થવાની લાગણી અથવા સ્વરૂપ પ્રત્યેના પુરુષાર્થમાં અનુદ્યમી થવાની લાગણી પ્રત્યક્ષપણે અનુભવાય છે. આ લાગણી એ જ 'પ્રમાદ' છે. તે પરથી

સમજાય છે કે ચોથી ઇન્દ્રિય આવતાં જ જીવ કર્મ બાંધવાનાં ત્રણ કારણો – મિથ્યાત્વ, અવિરતિ અને પ્રમાદ – નો અનુભવ બહુલતાએ કરવા માંડે છે. પ્રમાદ આવતાં જ જીવમાં પદાર્થ મેળવવા માટે પુરુષાર્થહીનતા આવવા લાગે છે. તેમાંથી તેને અન્ય મંદ પુરુષાર્થી આત્માની અસર નીચે પુરુષાર્થ કર્યા વિના જ પદાર્થને મેળવી લઈ પોતાના પુરુષાર્થનો સમય ઘટાડવાની વૃત્તિ ઉદ્‌ભવે છે. આ ભાવમાં જીવનો ચોરી કરવાનો ભાવ સમાયેલો છે. તેથી ઇન્દ્રિય વધવાની સાથે એનાં કર્મ બાંધવાનાં કારણો પણ વધતાં જાય છે. પરંતુ જીવને મળેલાં સંજ્ઞીપંચેન્દ્રિયનું નિમિત્ત, કાળ, પુદ્‌ગલનાં રસ,ગંધ અને રૂપી ગુણ કર્મની નિર્જરા કરવામાં એટલાં જ સહાયક પણ થઈ શકે છે. પુદ્‌ગલના સ્પર્શ વગર તેનો અનુભવ કરવાથી જીવને સકામપણે ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાયનો પ્રાથમિક અનુભવ થાય છે. ચોથી ઇન્દ્રિયના વધવા સાથે જીવ સંવર તથા નિર્જરા વધારે સ્વાધીનપણે કરતો થાય છે; નિમિત્ત સાથેની તેની પરતંત્રતા ઘટતી જાય છે. જેમ જેમ તેની આ પરતંત્રતા ઘટતી જાય છે તેમ તેમ તેને સંજ્ઞારૂપી મનોયોગની ખીલવણી શરૂ થતી જાય છે. સ્પર્શ, રસ, ગંધ, રૂપ (ચક્ષુ), આ ચાર સાધનો દ્વારા જીવ સત્પુરુષનાં શુભ નિમિત્તને ઓળખવાની શક્તિ મેળવે છે. જે ઇન્દ્રિય દ્વારા એ સત્પુરુષનાં શુભ નિમિત્તને ઓળખે છે, તેના અનુસંધાનમાં એ જીવની ભાવિ ગતિ નક્કી થાય છે. જેટલી ઊંચી ઇન્દ્રિય દ્વારા એને સત્પુરુષની ઓળખ થાય છે, તેટલો જલદી તે જીવ આગળની પ્રગતિ સાધી શકે છે. ઉદા.ત. ચક્ષુ દ્વારા શ્રી સત્પુરુષનાં શુભ નિમિત્તને ઓળખનાર જીવે પ્રાથમિક રીતે સંજ્ઞાનો ઉપયોગ કરવો પડે છે, કેમકે તેમાં પુદ્‌ગલનો સીધો સંપર્ક નથી. આ ઓળખ મેળવવા માટે જીવે મિથ્યાત્વ, અવિરતિ તથા પ્રમાદને અંશે મંદ કરવા પડે છે. આ સત્પુરુષાર્થથી જીવ નિમિત્તને આધીન થઈ, સ્વભાવમાં રહી પ્રગતિ કરે છે.

જીવને પાંચમી અને છેલ્લી ઇન્દ્રિય મળે છે તે 'કર્ણેન્દ્રિય' છે. કાન દ્વારા જીવે આંખ કરતાં સૂક્ષ્મ અને દૂરથી પુદ્‌ગલને ઓળખવાં પડે છે. એટલે કાનથી ઓળખવા માટે જીવને વિશેષ સંજ્ઞાની જરૂર પડે છે. કાન આવવાથી, જીવને સંજ્ઞીપંચેન્દ્રિયનું નિમિત્ત, કાળ, પુદ્‌ગલના સર્વ ગુણો, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની સહાયતા મળે છે.

પરિણામે જીવમાં પ્રાથમિક અવસ્થાનાં સારાનરસાપણાના ભાવ ઊઠવા માંડે છે. તેનાં ફળરૂપે જીવ કષાયનાં કારણે સકામપણે કર્મ વેદવા તથા બાંધવા લાગે છે. પાંચમી ઇન્દ્રિય પ્રગટવા સાથે મોટાભાગે સંજ્ઞા ઉત્પન્ન થાય છે. જો ન થાય તો તે જીવ નાના આયુષ્યે અંતર્મુહૂર્તમાં જ જીવન પૂરું કરે છે. આ બધું વિચારતાં સમજાય છે કે કષાય એ મિથ્યાત્વનું સૂક્ષ્મ સ્વરૂપ છે. જીવ કષાયને સંજ્ઞાના મધ્યમ ઉપયોગથી જ સકામપણે વેદી શકે છે, તેથી જીવ ચાર ઇન્દ્રિય મળતાં સંજ્ઞાનો મધ્યમ ઉપયોગ શરૂ કરે છે. આ મધ્યમ ઉપયોગ દ્વારા જીવ કર્મનાં ચાર કારણોથી કર્મબંધ કરે છે. પણ બીજી બાજુ તે જીવ પાંચ ઇન્દ્રિય અને મધ્યમ સંજ્ઞાથી સત્પુરુષનાં શુભ નિમિત્તને ઓળખી શકે છે. આમ કર્માશ્રવનાં કારણો વધવાં સાથે જીવને માટે કર્મની નિર્જરા કરવાનાં સાધનો પણ વધે છે. શુભ નિમિત્તને પામી જીવ આગળ વધી સંજ્ઞાને યોગ્ય માત્રામાં ખીલવે છે. સાથે સાથે જીવ કર્ણેન્દ્રિય તથા સંજ્ઞાનાં સાધનથી સત્યાસત્યની પરખ પણ કરતો થાય છે. આમ જીવ પાંચ ઇન્દ્રિય અને સંજ્ઞાની પૂર્ણતા થતાં સુધી વિકાસ કરે છે. પાંચ ઇન્દ્રિયની પ્રાપ્તિથી જીવ પરિગ્રહ, અબ્રહ્મ, ચોરી અને સત્યાસત્યનો અનુભવ કરે છે, તેનું પૃથક્કરણ થતાં સંજ્ઞા પૂર્ણતાએ ખીલતી જાય છે. તે થવાથી તેની શક્તિ પણ વધતી જાય છે અને ભયસ્થાનો પણ વધતાં જાય છે.

સંજ્ઞા એ પાંચે ઇન્દ્રિયોને તેજસ્વી બનાવતી શક્તિ છે, તેના ઉપયોગ સાથે ત્રણે યોગનો ઉપયોગ પણ શરૂ થાય છે. સંજ્ઞા પાંચે ઇન્દ્રિયોને એકત્રિત કરી જીવને ભાવ, પદાર્થ, તથા પુદ્‌ગલની વધારે જાણકારી આપે છે. સંજ્ઞા જીવને પંચાસ્તિકાય તથા છ દ્રવ્યની પણ જાણકારી આપે છે. સંજ્ઞાના કારણે જીવ કર્મબંધનનાં પાંચે કારણોનો ઉપયોગ કરી કર્મ બાંધવા માટે શક્તિશાળી થાય છે. આ બધા ઉપરાંત, સંજ્ઞાને લીધે જીવમાં બીજી એક અપૂર્વ વિશેષતા આવે છે. આ સંજ્ઞાને લીધે, જીવ સારા કે નરસા ભાવ પ્રત્યક્ષપણે તેમજ પરોક્ષપણે કરી શકે છે. સંજ્ઞા મળતાં પહેલાં જીવ માત્ર નિમિત્તને જ આધીન રહી ભાવ કરી શકતો હોય છે, અને નિમિત્ત દૂર થતાં જ અલ્પકાળમાં તેનો તે ભાવ વિલીન થઈ જતો હોય છે. એટલે કે તે માત્ર પરોક્ષ રીતે જ ભાવ કરી શકવાની શક્તિ ધરાવતો હોય છે.

ઉદા.ત. કોઈ વેળા અસંજ્ઞી જીવને કોઈક પ્રકારના ભાવ કરવાની ઈચ્છા આત્માથી થતી ન હોય, પણ કર્મના ઉદયને કારણે તે એવા નિમિત્ત પાસે આવી જાય કે જેથી તેને અનિચ્છાએ તથા પરવશપણે એને નિમિત્તાનુસાર ભાવ કરવા પડે છે. એમાં તેના આત્માનાં અનભિસંધિજ વીર્યનો ઉપયોગ થાય છે. સંજ્ઞા આવ્યા પછી જ જીવ પોતાનાં અભિસંધિજ વીર્યનો ઉપયોગ કરી શકે છે. એનામાં પાંચ સમવાયમાંના સૌથી બળવાન સમવાય 'ભાવ' નો ઉપયોગ કરવાની શક્તિ આવે છે. અહીં 'ભાવ' શબ્દ 'સ્વાધીન ભાવ' ના અર્થમાં સમજવાનો છે. આ અભિસંધિજ વીર્યથી જીવ ભાવને બે પ્રકારે વેદી શકે છે. – પ્રત્યક્ષપણે તથા પરોક્ષપણે. જીવ જ્યારે ભાવને પ્રત્યક્ષપણે વેદે છે ત્યારે તેનાં સારા કે નરસા ભાવની કાર્યસિદ્ધિ વધારે બળવાન થાય છે. પણ જીવ જ્યારે પરોક્ષપણે ભાવને વેદે છે ત્યારે તેના ભાવની સિદ્ધિ શિથિલતાથી થાય છે. આ બે ભાવના પેટાવિભાગ જોવા જઈએ તો અનંત થાય છે, કેમકે પ્રત્યક્ષભાવ વર્તમાનના નિમિત્તથી, ભૂતકાળના નિમિત્તથી કે ભવિષ્યકાળના નિમિત્તથી પણ થઈ શકે છે. એ રીતે પ્રત્યક્ષ ભાવ વર્તમાન દ્રવ્યથી, ભૂતકાળના દ્રવ્યથી કે ભાવિના દ્રવ્યથી પણ થઈ શકે છે. એ જ રીતે ક્ષેત્ર, કાળ તથા ભવ માટે પણ વિચારી શકાય. આ પાંચે સમવાયની તરતમતાના આધારે પ્રત્યક્ષ ભાવના અનંત પેટાવિભાગ થાય છે. વળી, પ્રત્યક્ષ ભાવ કરતાં કરતાં જીવ અન્ય સંજ્ઞી તથા અસંજ્ઞી જીવો માટે પરોક્ષ રીતે ભાવ કરાવવામાં નિમિત્ત થઈ જાય છે.

આ ઉપરાંત જીવમાં સંજ્ઞા આવવાથી તેને સ્મૃતિબળ મળે છે. સ્મૃતિબળની સાથે જીવમાં વિશ્લેષણ કરવાની શક્તિ પણ આવતી જાય છે. તેને કારણે જીવ પોતાની એક ઈન્દ્રિયના પ્રત્યક્ષ ભાવના નિમિત્તથી બીજી ઈન્દ્રિય દ્વારા પરોક્ષ ભાવ કરી શકે છે. ઉદા.ત. જીવ જ્યારે આંખ દ્વારા સુંદર ભોજન પિરસાયેલું જુએ છે, ત્યારે તે દૃશ્યના નિમિત્તથી તેની રસના ઈન્દ્રિય પરોક્ષભાવ કરે છે. આ જ ઉદાહરણને વિસ્તારીએ તો સમજાય છે કે તેને સાથે સાથે ભોજનની મીઠી સુંગધ ઘ્રાણેંદ્રિય દ્વારા મળે તો તેની રસના - જીભ વધારે ઉત્તેજિત થાય છે. આ જીવને તે સાથે આ ખાદ્ય પદાર્થનો જો સ્પર્શ થાય તો તેનો રસનાનો ભાવ વધારે પ્રબળ થાય છે. આ પ્રક્રિયાને યોગ્ય

રીતે વિચારતાં નિશ્ચિત થાય છે કે સંજ્ઞાને લીધે જીવમાં પ્રસંગને સ્મૃતિમાં નોંધવાની (recording કરવાની) અને જરૂર પડે તો તેને ફરીથી સ્મૃત (replay) કરવાની શક્તિ આવે છે. આ કારણથી જીવ એક ઇન્દ્રિય દ્વારા જે વિષયને અનુભવે છે તેને યાદ રાખી, ફરીથી ભાવિમાં તેને સ્મૃત કરી તે નવો વિભાવ કરી શકે છે. આ રીતે સંજ્ઞા મળવાથી જીવના વિભાવ અનંત પ્રકારના થઈ શકે છે. વળી, કર્મની અનંત પ્રકૃતિનાં કારણે તે વિવિધ નિમિત્તોને છૂટા કરવાની તથા ભેગા કરવાની શક્તિ જીવમાં આવે છે. આ શક્તિથી જીવને કર્મબંધનનાં પાંચ કારણોમાંથી એક, બે, ત્રણ, ચાર કે પાંચેપાંચ કારણનાં સાધનથી કર્મબંધ થયા કરે છે. એમાં પણ અમુક કારણને પ્રત્યક્ષપણે તથા અમુક કારણને પરોક્ષપણે વેદી જીવ કર્મબંધન કરે છે. આમ સંજ્ઞા પામ્યા પછી જીવ અનંત પ્રકારે કર્મબંધ કરતો રહે છે.

સંજ્ઞાની પ્રપ્તિ થયા પહેલાં કર્મબંધન કરવામાં અને કર્મને ભોગવવામાં જીવને ઘણી ઘણી મર્યાદાઓ રહેલી છે. તેથી શ્રી પ્રભુએ જણાવેલા કલ્યાણના આઠે માર્ગ અસંજ્ઞી જીવ આદરી કે આરાધી શકતો નથી. તે માત્ર પહેલા ચાર માર્ગ – સંવર માર્ગ, નિર્જરા માર્ગ, સંવર પ્રેરિત નિર્જરા માર્ગ અને નિર્જરા પ્રેરિત સંવર માર્ગ – ને જ આરાધી શકે છે. અન્ય ચાર માર્ગ તો સંજ્ઞા આવ્યા પછી જ જીવથી આરાધી શકાય છે. અસંજ્ઞી જીવો પહેલા ચાર માર્ગ કેવી રીતે અને કેવી અપેક્ષાથી આરાધે છે તે સમજણ લેવા યોગ્ય છે.

## ૧. સંવર માર્ગ

સંવર તથા નિર્જરારૂપ પહેલા બે માર્ગ બે પ્રકારના ઉદય સામે 'સમ' રહેવા માટે સર્જાયા જણાય છે. અર્થાત્ તેમાં સમભાવે રહેવાનો જીવનો પુરુષાર્થ છે. 'સંવર' એ વિપાક ઉદય સામે સમ રહેવાનો પુરુષાર્થ છે, અને 'નિર્જરા' એ પ્રદેશોદયથી કર્મ ખેરવવામાં બળ આપવાનો પુરુષાર્થ છે. આ પરથી સમજાય છે કે મોટાભાગે 'સંવર' શા માટે 'નિર્જરા' પહેલાં આવે છે. જે કર્મની ભવસ્થિતિ પાકી ગઈ છે, એટલે કે પાંચ સમવાય અને પંચાસ્તિકાયની સ્થિતિ અનુકૂળ થઈ ગઈ છે, તેવા ભોગવવારૂપ

કર્મને આપણે વિપાકોદય કહીએ છીએ. ઉદિત કર્મ સામે સ્થિર રહેવું અને બને તેટલો કર્માશ્રવ અલ્પ કરવો એ છે 'સંવર માર્ગ'.

સર્વ અસંજ્ઞી જીવો પાસે સંજ્ઞા ન હોવાના કારણે તેઓ પોતાની ઇચ્છા પ્રમાણે પુરુષાર્થ કરી શકતા નથી. એ સહુ જીવો માત્ર સત્પુરુષો અને પંચપરમેષ્ટિ ભગવંતના કલ્યાણભાવના આધારે વિપાક ઉદયમાં સમભાવ રાખી શકે છે. આવા જીવોને જે સમયે આયુષ્ય પૂરું થતું હોય તે જ સમયે તેને કોઈ સત્પુરુષનો કલ્યાણભાવ મળે, તેનો સ્વીકાર થાય, વેદાય અને દેહત્યાગ થાય તો તે શ્રી સત્પુરુષના સાથથી પોતાના વિપાકોદયમાં સમ પરિણામે રહી શકે છે, અને કર્મનો સંવર કરી શકે છે. પરંતુ તેઓ સંજ્ઞા તથા ઇન્દ્રિયોની અપૂર્ણતાને કારણે નિર્જરા માર્ગ પર જઈ શકતા નથી.

આમાં તેમનો પુરુષાર્થ કઈ રીતે થાય છે? એ જીવોને કોઈ પૂર્વકૃત ઋણાનુબંધને લીધે સત્પુરુષ પ્રત્યે અવ્યક્ત શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. આવેલી શ્રદ્ધાનાં નિમિત્તથી એ જીવ સત્પુરુષના કલ્યાણભાવની શ્રુતિ કરે છે. આવેલી શ્રુતિના માધ્યમથી તે જીવ પ્રગટેલી ઇન્દ્રિય તથા આત્માનાં વીર્યને મળેલાં નિમિત્ત પ્રતિ કેંદ્રિત કરે છે. આ અપેક્ષાએ તે જીવ પોતામાં મનુષ્યત્વ કેળવે છે. આ ત્રણ કારણોના આધારે તે જીવ અપેક્ષાએ સત્શ્રમ આદરે છે. પરિણામે તે ઇન્દ્રિય પ્રાપ્તિ તથા સંજ્ઞાની પ્રાપ્તિ પ્રતિ પ્રગતિ કરે છે. આ રીતે સંવર માર્ગમાં શ્રદ્ધા, શ્રુતિ, માનવતા અને શ્રમ એ રીતનો ઘટકોનો ક્રમ રહે છે.

## ૨. નિર્જરા માર્ગ

સર્વ અસંજ્ઞી જીવો આયુષ્યની પૂર્ણતા થવાની હોય ત્યારે જ માત્ર સત્પુરુષના સંગમાં આવે છે એવું નથી. તેઓ આયુષ્યની મધ્યમાં પણ શ્રી સત્પુરુષના કલ્યાણભાવના સંપર્કમાં આવી શકે છે. તે વખતે તેમની ઇન્દ્રિયોની ઓછપ તથા ઊણપને લીધે અને સંજ્ઞાનાં નાસ્તિત્વને લીધે તે જીવ એ શુભ ઉદયના સાથથી પણ વિપાકોદયમાં સમપરિણામ રાખી શકતો નથી. એ શુભ ઉદય વખતે તે પોતાનાં સત્તાગત કર્મોમાં જ ફેરફાર કરી શકે છે.

તે જીવ વિપાક ઉદયના ગમાના કારણે મોહનીય કર્મથી ઉપજતી અંતરાયનાં કારણે પોતાને ઉદિત કર્મથી, શુભ નિમિત્ત હોવા છતાં છૂટકારો અપાવી શકતો નથી. બીજી બાજુ શુભ ઉદયની શાંતિ માટે પણ તેને અપેક્ષાએ પરમાર્થ લોભ થાય છે. આ દ્વિતીય લોભને લીધે એ જીવ અનુદિત કર્મો માટે, સત્તાગત કર્મો માટે સહજતાએ નકાર કરે છે. એટલે કે જેનો ઉદય નથી અને જે ભાવિમાં ઉદિત થવાનાં છે તેવાં કર્મો માટે તે અપ્રગટ ધિક્કાર અનુભવે છે. તેથી ભાવની જગ્યા થવાથી, તેનામાં શુભ નિમિત્ત પ્રત્યેનો પરમાર્થ લોભ અને વર્તતા વિપાક ઉદયનો લોભ બંને સાથે પ્રવર્તે છે. આ કારણથી એ જીવ સંવર નથી કરતો પણ પ્રદેશોદયથી ભાવિના વિપાક ઉદયની નિર્જરા કરે છે.

કરેલા આ પુરુષાર્થનું ફળ શું હોય? આ જીવ પૂર્વના ઋણાનુબંધને લીધે સત્પુરુષ પ્રત્યે શ્રદ્ધા કરે છે. આ શ્રદ્ધા થાય છે ત્યારે આયુષ્ય કર્મના ઉદયને કારણે તેનો વિપાક ઉદય પ્રતિનો લોભ ચાલુ રહે છે; વળી, ઋણાનુબંધને કારણે તે પરમાર્થ લોભ પણ કરે છે, અને એ જીવ આ બંને પ્રકારના લોભને એકસાથે પ્રવર્તવા દે છે. આ રીતે તે જીવ અપેક્ષાએ પોતાની ઇન્દ્રિયો અને આત્માને એ નિમિત્ત પ્રત્યે કેંદ્રિત કરે છે. આમ અતિ અલ્પ માત્રામાં તેનું મનુષ્યત્વ કેળવાય છે. મનુષ્યત્વ કેળવાયા પછી તે જીવ એ સત્પુરુષનાં નિમિત્ત પ્રતિ શ્રુતિ કરે છે, જેનાથી તેને ભાવિના વિપાક ઉદય માટે સૂક્ષ્મ નકાર વેદાય છે. આ ત્રણ કારણોથી એ જીવ સત્શ્રમ કરી પ્રદેશોદયથી કર્મને નિર્જરાવે છે. આમ નિર્જરામાર્ગમાં પુરુષાર્થનો ક્રમ શ્રદ્ધા, માનવતા, શ્રુતિ અને શ્રમ એ પ્રકારે રહે છે.

નિર્જરા માર્ગ સંવર માર્ગ સાથે ઓછામાં ઓછી બે ઇન્દ્રિયો મેળવ્યા પછી જ પ્રવર્તે છે, કેમકે આ દ્વિતીય ભાવ માટે જીવને ઓછામાં ઓછી બે ઇન્દ્રિયોની જરૂર રહે છે. નિર્જરા માર્ગની સહાય મળવાથી, બે ઇન્દ્રિયપણું મેળવ્યા પછી જીવને માત્ર સંખ્યાતકાળ માટે જ ત્રસકાયની પ્રત્યેક ઇન્દ્રિય સાથે રહેવાનું થાય છે, અર્થાત્ જીવ બે ઇન્દ્રિયપણે, ત્રણ ઇન્દ્રિયપણે, ચાર ઇન્દ્રિયપણે સંખ્યાતકાળ સુધી જ રહે છે, અને મળતાં નિમિત્તાનુસાર પ્રગતિ કે અધોગતિ પામે છે. આ નિર્જરા માર્ગ કોઈ પણ

એકેન્દ્રિય જીવ પાળી શકતા નથી, તેથી એ જીવો એકેંદ્રિયપણે અનંતકાળ સુધી પણ રહે છે, એકેંદ્રિય જીવોએ સત્તાગત કર્મોને વિપાકરૂપ આપી, ભોગવીને જ નિવૃત્ત કરવા પડે છે, તેમ કરતાં અનંતકાળ વહી જાય તો પણ નવાઈ લાગે નહિ. તેઓ આયુષ્યની પૂર્ણતા થતી હોય તે વખતે શ્રી સત્પુરુષના આશ્રયથી અને સહાયથી સંવર માર્ગ આરાધે તો જ પ્રગતિ કરી શકે છે, તે સિવાય અન્ય કોઈ પણ રીતે તેમની પ્રગતિ થઈ શકતી નથી. ઝડપી વિકાસ કરવા માટે જીવને એક કરતાં વિશેષ સાધનોની જરૂરત રહે છે.

## ૩. સંવર પ્રેરિત નિર્જરા માર્ગ

પાંચમી ઇન્દ્રિય છે કર્ણેન્દ્રિય. આ ઇન્દ્રિય જીવને સૌથી છેલ્લી મળે છે. જીવ જ્યારે અમુક કાળ સુધી અને અમુક તીક્ષ્ણતાથી સંવરમાર્ગ તથા નિર્જરામાર્ગને સેવે છે, ત્યારે તેને પુરુષાર્થના એક ભાગને લગતું સ્થૂળ સાધન પ્રાપ્ત થાય છે, એ છે 'કાન'. કાન દ્વારા જીવ સ્થૂળતાથી શ્રુતિ કરી શકે છે. આ સ્થૂળ શ્રુતિ કરવાથી એ જીવના પુરુષાર્થમાં વૃદ્ધિ થાય છે. જીવ જ્યારે પાંચમી ઇન્દ્રિય 'કાન' મેળવે છે ત્યારે તેને સંવરમાર્ગ તથા નિર્જરા માર્ગ સાથે 'સંવર પ્રેરિત નિર્જરા માર્ગ' અને 'નિર્જરા પ્રેરિત સંવરમાર્ગ' ની પ્રાપ્તિ થાય છે. સંવર પ્રેરિત નિર્જરા માર્ગમાં જીવને સૂક્ષ્મ શ્રુતિ સાથે સ્થૂળ શ્રુતિ પણ મળી શકે છે. એ શ્રુતિ મારફત એ જીવને સત્પુરુષના કલ્યાણભાવનો સ્પર્શ વધારે હકારાત્મક વલણથી પામવાની સંભાવના થાય છે.

પ્રત્યેક સત્પુરુષનો કલ્યાણભાવ તેમનાં દેહના અમુક ભાગમાંથી વધારે નીકળે છે. ઉદા. હાથ, કપાળ, ચક્ષુ વગેરે. પરંતુ જે સત્પુરુષો પંચપરમેષ્ટિ પદમાં સ્થાન પામ્યા હોય કે પામવાના હોય તે પુરુષોના આખા દેહમાંથી ન્યૂનાધિકપણે કલ્યાણભાવ પ્રસરતો હોય છે. તેમાં પણ ભાવિ અરિહંત, ભાવિ ગણધર, પદવીધારી પરમેષ્ટિ અને આચાર્ય મુખ્ય છે. આ બધા આત્માઓની સંખ્યાનો સરવાળો સર્વ સત્પુરુષોની સંખ્યા કરતાં ઘણો નાનો હોય છે. આ સહુનો કલ્યાણભાવ મુખ્યતાએ મુખમાંથી (તેમાં પણ રસનામાંથી), આંખમાંથી, આજ્ઞાચક્રમાંથી વહેતો હોય છે. આ કલ્યાણભાવમાં

સંવર – નિર્જરાનો પરમ માર્ગ સિંચાયેલો હોય છે. આ કલ્યાણભાવથી સર્વ સત્પુરુષોનું સમાનપણું સર્જાય છે. અને તે કલ્યાણભાવ દ્વારા સર્વ સત્પુરુષોનું આજ્ઞાકવચ રચાય છે.

સંવર તથા નિર્જરા માર્ગમાં જીવનો મુખ્ય પાયો શ્રદ્ધા છે, કારણકે તેની શ્રુતિ સૂક્ષ્મ છે. એક જીવ સંવર તથા નિર્જરા માર્ગને ભજતા ભજતા પાંચમી કર્ણેન્દ્રિય પામે છે, તે વખતે જ્યારે તે વિપાક ઉદયે સંવરમાર્ગમાં સત્પુરુષના કલ્યાણભાવનો સ્પર્શ પામે છે ત્યારે કોઈકવાર એ કલ્યાણભાવ મેળવતી વખતે એમના કલ્યાણકારી શબ્દો પણ સાંભળે છે. આ શબ્દોમાં તે કોઈક અપૂર્વતા વેદે છે. આ વેદકતા તેના માટે પહેલી વખતની હોય છે. આવા કલ્યાણકારી શબ્દો એના કાન પર પડે છે ત્યારે તે જીવનો સૂક્ષ્મ હેતુ હોય છે સંવરમાર્ગ દ્વારા વિપાક ઉદયને ખપાવવાનો. પણ જ્યારે આ પુદ્‌ગલ શબ્દો તેના કાન પર પડે છે ત્યારે એ કલ્યાણનાં સ્થૂળ પરમાણુઓમાં એ જીવને અપેક્ષાએ શાંતિ વેદાય છે, જે અતિ અલ્પ કાળ માટે એને એના સંસારલોભનો નકાર કરાવે છે. પરિણામે તેને પરિભ્રમણ કરાવનાર પોતાનાં સત્તાગત કર્મથી છૂટવાની ઈચ્છા અતિ સૂક્ષ્મપણે થાય છે. તેથી તે જીવ પોતાનાં અમુક સત્તાગત કર્મોની પ્રદેશોદયથી નિર્જરા કરે છે. આમ તેણે જે સત્પુરુષનું શરણું સંવર કરવા લીધું હતું, તે શરણ કર્ણેન્દ્રિયના સાધનના સાથથી નિર્જરા પણ આપે છે. માટે આ માર્ગનું નામ છે 'સંવર પ્રેરિત નિર્જરા માર્ગ'.

આ માર્ગમાં જીવનો પુરુષાર્થ કઈ રીતે થાય છે? આ માર્ગનું બીજ શ્રુતિ છે. એ શ્રુતિ પર જીવને સંવરમાર્ગના હેતુથી શ્રદ્ધા ઉપજે છે. આ શ્રદ્ધાથી તેને અસ્પષ્ટ લક્ષ થાય છે કે આમાં કંઈક અપૂર્વતા છે, માટે તે નિર્જરા કરી શકે છે. આ માર્ગનો પુરુષાર્થ છે શ્રુતિ, શ્રદ્ધા, માનવતા કે મનુષ્યત્વ અને શ્રમ.

આ પરથી સમજાયું હશે કે આ માર્ગમાં જીવ પોતાના સંવરમાર્ગ પ્રેરિત કલ્યાણભાવના હકારથી કર્મની નિર્જરા કરતો જાય છે. પરંતુ તે જીવનો ઉપયોગ એવો નથી હોતો કે તે સંવર તથા નિર્જરા બંને કરી શકે. તે જીવે સંવર કરવાના અવ્યક્ત

ભાવ કર્યા હોય છે. આ કર્તાપણાના ભાવથી એ જીવને વિપાક ઉદયના ભોગવટા માટે અંતરાય બંધાય છે, અને બીજી બાજુ કાન પર આવેલા કલ્યાણભાવના સ્પર્શથી એ જીવને સત્તાગત કર્મ માટે નકાર થાય છે, તેથી પ્રદેશોદયના વ્યાજના આશ્રવ માટે આ નકાર દ્વારા અંતરાય બંધાય છે. તેથી તે જીવ પહેલા સંવર કરે છે અને સંવરના અંત પછી નિર્જરા કરે છે. આમ તેને વારાફરતી સંવર તથા નિર્જરા થયા કરે છે.

## ૪. નિર્જરા પ્રેરિત સંવર માર્ગ

પંચેન્દ્રિય થવાથી જીવ કાન પામે છે. ઉપર સમજ્યા તે પ્રમાણે સત્પુરુષ શબ્દો દ્વારા તેમનાં કલ્યાણભાવને વિશેષ ફોરવી શકે છે. અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ જ્યારે નિર્જરા માર્ગ પર ચાલવાના તેના સહજ પુરુષાર્થથી વિપાક ઉદયના લોભ સાથે શ્રી સત્પુરુષના સૂક્ષ્મ કલ્યાણભાવનો સ્પર્શ પામે છે ત્યારે તેને એ કલ્યાણભાવથી મળતી શાંતિથી સૂક્ષ્મ પરમાર્થ લોભ ઉપજે છે. તે પરમાર્થ લોભથી તે જીવ સહજતાએ પ્રદેશોદય દ્વારા સત્તાગત કર્મોની નિર્જરા કરે છે. આ નિર્જરા કરતાં કરતાં તેને જો જોગાનુજોગ સત્પુરુષના બોલવાના ઉદયનો લાભ મળે (સત્પુરુષના ઉચ્ચારાયેલા શબ્દો કાન સુધી પહોંચે), તો એ નિર્જરા માર્ગથી પામેલી માનવતા તેને શ્રદ્ધા તરફ ખેંચી જાય છે. આ શ્રદ્ધા દ્વારા તે કલ્યાણનાં સ્થૂળ પરમાણુઓ એનામાં વિપાક ઉદયના લોભ પ્રતિ નકાર વર્તાવે છે. આ નકારથી, પહેલી જ વાર, નિર્જરા માર્ગમાં જે પરમાર્થ લોભ સાથે વિપાક ઉદયનો પણ લોભ હતો, તે લોભ માટે પણ આ શ્રુતિના માધ્યમથી અટકાયત (રોકાણ) થાય છે. તે કારણે તે જીવ નિર્જરા પછી સંવર વેદે છે. આ થયો 'નિર્જરા પ્રેરિત સંવર માર્ગ.'

આ માર્ગ 'સંવર પ્રેરિત નિર્જરા માર્ગ' કરતાં વધારે કઠણ છે, કારણ કે તેનો આધાર પરમાર્થ લોભની માત્રા પર રહેલો છે. તેને લીધે જીવને આ માર્ગની પ્રાપ્તિ 'સંવર પ્રેરિત નિર્જરા માર્ગ' ની પ્રપ્તિ થયા પછી જ થાય છે.

નિર્જરા પ્રેરિત સંવર માર્ગમાં જીવે શ્રદ્ધા કરતા પહેલા પરમાર્થ લોભ સેવવાનો હોય છે; તેથી તેણે નક્કી કરવું પડે છે કે આ કલ્યાણ તે સંસારયોગ કરતાં વધારે

ઉચ્ચ છે. તેથી માનવતા કે મનુષ્યત્વ પહેલાં આવે છે અને શ્રદ્ધા તે પછીથી આવે છે. નિર્જરા પ્રેરિત સંવર માર્ગમાં પુરુષાર્થનો ક્રમ આવો હોય છેઃ શ્રુતિ, માનવતા, શ્રદ્ધા અને શ્રમ.

આ ચારે માર્ગનું આરાધન કરતાં કરતાં જીવની સંજ્ઞા ખીલતી જાય છે. સત્પુરુષના શુભ સંપર્કથી તેની ઇન્દ્રિયોની શક્તિ અને સંજ્ઞા ખીલતાં જાય છે. જીવને આંતરબાહ્ય તત્ત્વોની જાણકારી જો ધારે તો વિશેષ વિશેષ મળતી જાય છે.

## સંજ્ઞાનો સદુપયોગ કરવાથી મળતી સિદ્ધિ

સંજ્ઞાની શક્તિનો ઉપયોગ જ્ઞાની મહાત્માઓ જીવને ધર્મ પ્રતિ વાળવા માટે કરાવે છે. કર્મબંધનનાં કારણોનો ક્ષય કરવા માટે શ્રી અરિહંત પ્રભુએ મુખ્ય ત્રણ માર્ગ બતાવ્યા છે. ગુણોનો આશ્રવ, વર્તમાનમાં કર્મનો સંવર તથા પૂર્વ કર્મોની નિર્જરા. આ ત્રણ કાર્યને આધારે જીવ કર્મ બાંધવાનાં પાંચે કારણોનો ક્ષય કરી સિધ્ધ થઈ શકે છે. આ ત્રણે ભાવને યથાર્થ માત્રામાં યોગ્ય સમતુલન સહિત કરવા માટે ઘણા માર્ગો છે, તેમાં ભક્તિ પ્રેરિત આજ્ઞામાર્ગ એ ટૂંકામાં ટૂંકો અને સહેલામાં સહેલો તથા સહજ માર્ગ છે. શ્રી વીતરાગ અરિહંતપ્રભુ, કેવળીપ્રભુ આદિ પોતાનાં અનંતજ્ઞાન તથા અનંતદર્શનને, લોકકલ્યાણની ભાવનાથી ઉપજાવેલા નિકાચીત કર્મને પૂર્ણ ક્ષય કરવા અર્થે અને પરમ કરુણાબુદ્ધિના પરમ ઉદ્દેશથી, શ્રી સિદ્ધ ભગવાન જે ભક્તિપ્રેરિત આજ્ઞામાર્ગને સિદ્ધભૂમિમાં અનંતકાળથી પાળતા આવ્યા છે, (અર્થાત્ પાળ્યો છે, પાળે છે અને પાળશે) તે માર્ગને સરળપણે લોકના જીવો સમક્ષ દાન દ્વારા બોધે છે.

શ્રી સિદ્ધ ભગવાન ભલે ગમે તે માર્ગથી કે પ્રકારથી સિદ્ધ થયા હોય, પણ સિદ્ધભૂમિમાં ગયા પછી સર્વ સિદ્ધાત્માઓ પંચપરમેષ્ટિ ભગવંતની ભક્તિ પ્રેરિત આજ્ઞાના માધ્યમથી અક્ષય સ્વભાવ – વીતરાગ દશાને પામે છે. તેઓ 'આણાએ ધમ્મો આણાએ તવો' ના માર્ગને, એક આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવરના માર્ગથી પાળી, પરમ ઉત્કૃષ્ટ અંતરાય ગુણને વેદી અક્ષય, અવિછિન્ન, અભેદ, સુધામય, ઘનસ્વરૂપ, તેજોમય, બુદ્ધ વીતરાગતાને સ્વાધીન છતાં એકરૂપે આત્માના

સ્વભાવને માણે છે. તેથી શ્રી અરિહંત પ્રભુએ આ માર્ગને શ્રેષ્ઠ કહ્યો છે. તેમ છતાં જીવના વિભાવની તરતમતા અને પુરુષાર્થની તીવ્રતા કે મંદતાના આધારે વિકાસ જારી રાખવા બીજા સાત માર્ગ પણ પ્રરૂપ્યા છે. આ માર્ગોમાં મુખ્યતાએ સંવર તથા નિર્જરા ક્યા પ્રકારે અને કઈ માત્રામાં થાય છે તેને આધારે તેનો પ્રકાર નક્કી થાય છે. સંવર કરવા કરતાં નિર્જરા કરવી જીવને સહેલી પડે છે, અથવા નિર્જરા કરવા કરતાં સંવર કરવો જીવને કઠણ પડે છે.

નિર્જરા કરવા કરતાં સંવર કરવો જીવને કેમ કઠણ લાગે છે તે સમજવા યોગ્ય છે. આપણા સહુનો અનુભવ છે કે બાળપણમાં શીખેલું આપણને મોટા થતાં સુધી યાદ રહે છે. પણ મોટા થયા પછી શીખેલું યાદ રાખવામાં આપણને વધારે મહેનત પડે છે. તેમાં વીર્ય વધારે વાપરવું પડે છે. આ ઉદાહરણ સમજવાથી જીવને સંવર કરવો કેમ વધારે કઠણ લાગે છે તે સ્પષ્ટ થશે.

જીવ નિર્જરા પૂર્વ કર્મની કરે છે. તે પૂર્વકર્મો તેણે સંજ્ઞીપણામાં કે અસંજ્ઞીપણામાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ ભાવથી બાંધ્યા હોય છે. તે જીવ જેમ જેમ આત્મિક પ્રગતિ કરે છે તેમ તેમ તેની યોગની શક્તિ વધતી જાય છે. આથી જીવ તેની શુદ્ધિના આધારે એક સમયમાં તેના પુરુષાર્થના અનુસંધાનમાં સહજપણે વધારે કર્મની નિર્જરા કરી શકે છે. આ કારણે તેને જેટલો સમય આશ્રવ કરતાં લાગે છે, એટલો સમય આત્મિક પ્રગતિ કર્યા પછી નિર્જરા કરતાં લાગતો નથી. આનાથી ઉલટું જીવ જ્યારે વર્તમાનકાળમાં વિભાવમાં જાય છે ત્યારે તેની યોગની શક્તિ તો એટલી જ હોય છે; આથી નવો કર્માશ્રવ કરવામાં પૂર્ણ શક્તિ વપરાતી હોય છે. આ જીવને એ વખતે થતો કર્માશ્રવ જો રોકવો હોય તો, તેની યોગશક્તિ એટલી જ હોવાથી, તેણે વિભાવથી પરિણમતા આશ્રવને રોકવા માટે વિભાવથી મુક્ત થઈ, યોગની એ શક્તિને કર્મને રોકવા માટે વાપરવી પડે છે. આને ઉદાહરણથી સમજીએ.

ધારોકે એક જીવે અસંજ્ઞીપણામાં એક લાખ કર્મપરમાણુઓનો પ્રતિ સમય દશ પરમાણુ લેખે આશ્રવ કર્યો હોય છે, એટલે કે તેણે એક લાખ કર્મપરમાણુઓ આશ્રવતાં દશ હજાર સમય વાપર્યા હોય છે. તે પછી સંજ્ઞીપણું આવતાં તેની યોગની શક્તિ

પ્રતિસમય એક લાખ પરમાણુ નિર્જરાવવા કે આશ્રવવા જેટલી થઈ ગઈ હોય તો, તે જીવ દશ હજાર સમયમાં બાંધેલાં કર્મને એક જ સમયમાં નિર્જરાવી શકે. આથી વિરુદ્ધ, જો એ જીવ એક સમયનો વિભાવ કરે તો તે એક સમયમાં લાખ પરમાણુનો આશ્રવ કરે, બીજા સમયે વિભાવ કરે તો બીજા એક લાખ પરમાણુ વધી જાય. વળી, છદ્મસ્થ અવસ્થામાં આત્માનું જ્ઞાન અસંખ્યાત સમયવર્તી હોય છે. માટે જ્યાં જીવને આશ્રવનો લક્ષ આવે ત્યાં તો એક લાખ x અસંખ્યાત સમય જેટલા પરમાણુઓનો આશ્રવ થઈ ગયો હોય. તેથી તે યોગની શક્તિને પૂર્ણતાએ નિર્જરા કરવામાં વાપરી શકતો નથી. જો તેની શક્તિ પ્રતિ સમય ૮૦,૦૦૦ પરમાણુ નિર્જરાવવાની થઈ હોય તો, નવાં કર્મ એક લાખ x અસંખ્યાત સમયનાં પરમાણુનાં નિમિત્તથી સંવર કરવા માટે જીવને માત્ર ૮૦,૦૦૦ પરમાણુ પ્રતિસમય રોકવાની શક્તિ મળે છે. તેથી આ નિર્જરા કરવા માટે જીવને ખૂબ તીક્ષ્ણતાવાળો અને તીવ્ર પુરુષાર્થ કરવો પડે છે. અથવા તો કોઈ સમર્થ આત્માનો સાથ લઈ એ સંવરની પ્રકૃતિને સાધ્ય કરવી પડે છે. આ રીતે જીવને નિર્જરા કરવા કરતાં સંવર કરવો વધારે દુષ્કર લાગે છે. તે દુષ્કરતા ઘટાડનાર છે ભક્તિ માર્ગ. ભક્તિનું યથાર્થ મહત્ત્વ સમજાતાં માર્ગની સરળતા સમજાતી જાય છે.

## ભક્તિમાર્ગની મહત્તા અને પ્રભુનો બોધ

આ ભક્તિને યથાર્થ સ્વરૂપે પ્રગટાવવાનું કામ કરે છે શ્રી વીતરાગ પ્રભુનો બોધ. આ બોધ જીવપર ક્યારથી કેવી અસર કરે છે, તેનાથી ભક્તિ કઈ રીતે ઉત્પન્ન થઈ વધતી જાય છે, અને આત્માને શુદ્ધિના માર્ગમાં કેવી રીતે દોરતી જાય છે તે જીવને સ્પષ્ટપણે સમજાતું જાય છે.

કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ,
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ.
કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ,
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ.

શ્રી રાજચંદ્ર – આત્મસિદ્ધિ શાસ્ત્ર ગાથા – ૧૦૨, ૧૦૩.

શ્રીમદ્ રાજચંદ્રે પરમ કૃપા કરી, પરમ કલ્યાણરૂપી ભક્તિરસને આજ્ઞારસથી નીતરતી એવી આત્મસિદ્ધિમાં અતિ ગુપ્તપણે કર્મસિદ્ધાંત અને જીવનો અસંજ્ઞી તથા સંજ્ઞીપણાનો પ્રગતિમાર્ગ સમાવ્યો છે.

જીવ અસંજ્ઞી હોય છે ત્યારે તે પ્રત્યક્ષ સત્પુરુષના શુભ ભાવના આધારે પરોક્ષપણે શુભભાવ કરી પોતાનાં શક્તિ અને ગતિ વધારે છે. એમાં અસંજ્ઞી જીવને મુખ્યતાએ અંતરાયકર્મ ઉદયમાં હોય છે, અને મોહાદિ અન્ય ઘાતિકર્મો પરોક્ષરૂપે ઉદયમાં હોય છે. સત્પુરુષના શુભભાવના સંપર્કથી જીવની અંતરાય તૂટે છે; અને જીવ મોહાદિ ઘાતિકર્મોને દબાવી શુભ પરિણતિમાં જઈ શકે છે. અંતરાય કર્મ એ મોહાદિ સર્વ ઘાતિકર્મોનો સારથિ છે. અસંજ્ઞીપણામાં આ કર્મ તોડવાનો પુરુષાર્થ શ્રી સત્પુરુષના સાથથી થાય છે. અંતરાય કર્મનો ક્ષય કરી જીવ પરોક્ષપણે અન્ય ઘાતિકર્મ અને અશુભ એવા અઘાતિકર્મોને ઉપશમાવતો જાય છે; અને પોતાની યોગની શક્તિને ઉત્તરોત્તર ખીલવતો જાય છે. સાથે સાથે પોતાનાં વીર્યને દબાવનારા નિમિત્તોનો ક્ષય કરતો જાય છે. આ સર્વ નિર્જરા જીવ અકામપણે કરે છે. સકામપણે નિર્જરા કરવાની શક્તિ તો જીવમાં માત્ર સંજ્ઞીપણામાં જ પ્રાપ્ત થાય છે. જીવ જેમ સકામ નિર્જરા અસંજ્ઞીપણામાં કરી શકતો નથી, તેમ જ તે જીવ સકામ આશ્રવ પણ અસંજ્ઞીપણામાં નથી કરી શકતો. આ કારણથી જીવનો મોહ અસંજ્ઞીપણામાં સુષુપ્ત રહે છે. તે જ્યારે સંજ્ઞા પામે છે ત્યારે જ તે જીવ પરોક્ષ તથા પ્રત્યક્ષ પુરુષાર્થ કરવાની શક્તિ મેળવે છે.

જીવ જો સવળો ચાલે તો તે સકામ નિર્જરા અને સકામ સંવર કરે છે, અને જો તે અવળો ચાલે તો અકામ આશ્રવ કરે છે. સંજ્ઞા આવતાં જીવને મોહ પ્રત્યક્ષપણે અંતરાય સાથે ઉદિત થાય છે. મોહ એ સર્વ કર્મમાં રાજા સમાન છે. જે શ્રી રાજપ્રભુએ આત્મસિદ્ધિશાસ્ત્રમાં નિરૂપ્યું છે. જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી સહુ અશુભ કર્મનાં બંધન અનિવાર્ય છે, જ્યારે મોહ તૂટે છે ત્યારે જીવ અશુભ કર્મનાં ક્ષય કરતો થાય છે. મોહનો ક્ષય કઈ રીતે થાય?

મોહનીય કર્મના મુખ્યત્વે બે ભાગ છે: દર્શનમોહ અને ચારિત્રમોહ. શ્રી રાજપ્રભુએ આત્મસિદ્ધિશાસ્ત્રમાં મોહરાજાને હણવા માટે એક ધુરંધર માર્ગ શીખડાવ્યો છે.

"હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ."

શ્રી વીતરાગપ્રભુનો બોધ જો જીવ અવધારે અને પાળે તો તેના મોહનો નિઃસંશય ક્ષય થાય. મોહને તોડવાના માર્ગ તો ઘણા છે, પરંતુ શ્રી વીતરાગપ્રભુના બોધની સહાયથી જે મોહ તૂટે છે તેમાં જીવની ક્યાંય પણ ચૂક થવાનો અવકાશ નથી. માટે સફળ થવા માટે આ માર્ગે જીવે માત્ર એક જ વખત યથાર્થ પુરુષાર્થ કરવાનો રહે છે. એક વખતના વીતરાગબોધના આધારે યથાર્થ પુરુષાર્થ કરવાથી જીવ સાદિ અનંત કાળ સુધી મોહરૂપી રોગથી દૂર થાય છે – નિવૃત્ત થાય છે.

આવો અદ્ભુત વીતરાગબોધ કોણ આપી શકે? અલબત્ત, જે વીતરાગતાની ઉચ્ચ શ્રેણિએ વિરાજતા હોય તે જ પોતાના અનુભવજ્ઞાનને આધારે આ બોધ વહાવી શકે. આપણે જાણીએ છીએ તે પ્રમાણે પ્રમાદરૂપી કર્મનાં કારણનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય કરવાથી જીવ વીતરાગતાનો અનુભવ કરી શકે છે. વીતરાગતા જીવને બે માર્ગથી મળે છે – (૧) વૈરાગ્ય પ્રેરિત વીતરાગતા અને (૨) મૈત્રી પ્રેરિત વીતરાગતા.

વૈરાગ્ય પ્રેરિત વીતરાગતામાં જીવ કર્મના ક્ષય પ્રતિ લક્ષ રાખી, કર્મના આશ્રવને મંદ કરવાના ધ્યેય સાથે વીતરાગ સ્થિતિનો અનુભવ કરે છે. આ સ્થિતિને અનુભવવા માટે જીવે વૈરાગ્ય, ઉદાસીનતા અને વીતરાગતા એ ત્રણ પગથિયાંનો સાથ લેવો પડે છે, પહેલાં બે પગથિયાંમાંથી પસાર થયા પછી તે વીતરાગતાનો અનુભવ કરે છે.

મૈત્રી પ્રેરિત વીતરાગતામાં જીવ લોકકલ્યાણના ભાવને મુખ્ય રાખી, પ્રેમભાવની ઉત્કૃષ્ટતાએ પહોંચવા માટે તે વીતરાગતાને મુખ્ય પાયો બનાવે છે, અને કલ્યાણભાવનાં ધ્યેયથી જીવ વીતરાગતાની સ્થિતિને ભજે છે તેથી પહેલાં બે પગથિયાં તેના માટે ગૌણ બની જાય છે.

જે જીવ વીતરાગતામાં વસે છે તે જીવ નથી રાગ કરતો કે નથી દ્વેષ કરતો. તે જીવ કષાયના ઉદયને એ જ કષાયમાં પરિણમાવે છે. આ સ્થિતિ વીતરાગતાની છે. આવી વીતરાગતા જીવ પહેલીવાર સાતમા ગુણસ્થાને અનુભવે છે. અપવાદરૂપે કોઈ વિરલા જીવ છઠ્ઠા ગુણસ્થાને વીતરાગતા અનુભવી શકે છે. સાતમા ગુણસ્થાનમાં

આગળ વધ્યા પછી જીવ પોતાના પુરુષાર્થ પ્રમાણે છઠ્ઠા ઉત્કૃષ્ટ ગુણસ્થાને પણ એ વીતરાગતાનો અનુભવ કરી શકે છે.

આ વીતરાગતામાં જીવને આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપનો લગભગ એક જ સમયે અનુભવ થાય છે. આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપનો એક સાથે થતો અનુભવ એ મહાસંવર માર્ગની પ્રથમ ભૂમિકા છે. મુખ્યતાએ સાતમા ગુણસ્થાને આવ્યા પછી જીવ આ ભૂમિકાએ આવે છે. પરંતુ અપવાદરૂપે કોઈ જીવ આ પહેલા પણ આ ભૂમિકાએ આવી શકે છે.

ધર્મનાં અપૂર્વ આરાધનમાં નિશ્ચયનયથી ત્રણ ભાગ થાય છે; ગુણાશ્રવ, નવીન પુદ્ગલનો સંવર અને પુરાણાં પુદ્ગલની નિર્જરા. આ ત્રણ ભાગનું સક્રિયપણું એ રત્નત્રયની આરાધના જ છે. અને તેનો વ્યવહારનયથી વિચાર કરતાં એ ત્રણ ભાગ પ્રાર્થના, ક્ષમાપના અને મંત્રસ્મરણરૂપ થાય છે. માટે સમર્થ જ્ઞાની મહાત્માઓએ આ વીતરાગતાની કેડીને શુધ્ધ કરવા માટે તથા પવિત્ર કરવા માટે આ ત્રણ ભાગ ઉપર પોતાનાં લક્ષને કેંદ્રિત કરવાનું ઉદ્બોધન સહુ જીવને અનુલક્ષીને કર્યું છે.

આ ત્રણે વિભાગને વિશેષતાએ વિચારીએ. આત્માનો ગુણાશ્રવ, નવાં પુદ્ગલનો સંવર અને પુરાણાં પુદ્ગલની નિર્જરા, એ ત્રણમાં આત્મગુણ તથા પુદ્ગલ ઘણા કાળ સુધી સાથે રહે છે છતાં તે એકબીજાના વિરોધી તરીકે વર્તતાં જણાય છે. નિત્યનિગોદમાં જીવ પુદ્ગલથી ઉત્કૃષ્ટતાએ લદાયેલો છે, જ્યાં આત્માનો એકપણ પ્રદેશ ગુણના પ્રકાશ સહિત જણાતો નથી, અર્થાત્ ત્યાં આત્મગુણ નહિવત્ જણાય છે. જેમ જેમ પુદ્ગલનો ભાર આત્મા પરથી નીકળતો જાય છે તેમ તેમ તે જીવના ગુણો પ્રકાશિત થતા જાય છે. જેની છેવટની સ્થિતિ સિદ્ધિભૂમિમાં જોવામાં આવે છે. ત્યાં આત્મિક ગુણો પૂર્ણતાએ આત્મામાં ખીલ્યા છે અને તેને લીધે એકપણ પુદ્ગલ પરમાણુ એ આત્મા પર રહી શકતું નથી.

આત્મિક ગુણોની સભરતા એ જીવની સ્વભાવ સ્થિતિ છે, અને આત્મા પર પુદ્ગલનું ચીટકવું એ પરપદાર્થનું આત્મા પરનું આધિપત્ય છે. આ જ કારણથી ગુણના

આશ્રવનો એક ભાગ, બીજા બે ભાગ પુદ્‌ગલનાં સંવર અને નિર્જરા સામે બળવાન બની કાર્યકારી થાય છે. એનાથી સમજાય છે કે આત્માને શુધ્ધ કરવાની પ્રક્રિયા જીવ બે રીતે કરી શકે છે. (૧) પુદ્‌ગલને લક્ષમાં રાખી એ પુદ્‌ગલનાં સંવર તથા નિર્જરા વધારતા જઈ સહજાસહજ ગુણોના આશ્રવને થવા દેવો. (૨) ગુણોના આશ્રવનો મુખ્ય લક્ષ તથા પુરુષાર્થ રાખી, પુદ્‌ગલનાં સંવર તથા નિર્જરાને સહજાસહજ થવાં દેવાં.

પહેલા માર્ગમાં પુરુષાર્થનો મુખ્ય લક્ષ કર્મનો સંવર બને છે, અર્થાત્ કર્મને અનુલક્ષીને પુરુષાર્થ કરવામાં આવે છે. બીજા માર્ગમાં આત્માના ગુણોની વૃદ્ધિ કરવા પર લક્ષ રાખી પુરુષાર્થ કરવામાં આવે છે. આ બે ભેદથી બે મુખ્ય માર્ગ રચાય છે. ૧. સંવર માર્ગ. ૨. કલ્યાણ માર્ગ.

સંવરમાર્ગમાં જીવનો મુખ્ય હેતુ રહે છે કર્મનો સંવર કરવાનો, અને એ સંવરની પ્રક્રિયાથી કર્મની બળવાન નિર્જરા કરવાનો. કલ્યાણમાર્ગમાં જીવનો મુખ્ય હેતુ આત્માના ગુણોનો આશ્રવ વધારવાનો રહે છે. આ માર્ગમાં જીવને આત્મિક ગુણોની પ્રાપ્તિ થતી હોવાથી તેનાં અનુસંધાનમાં તેને ઉત્તમ સંવર તથા નિર્જરા થાય છે. સંવરમાર્ગમાં જીવે અનાદિકાળથી પડેલી પુદ્‌ગલનો આશ્રવ કરવાની ટેવને પુરુષાર્થથી નબળી પાડી, ઉત્તમ સંવર તથા નિર્જરા કરવાનો પુરુષાર્થ કરવાનો હોય છે. કલ્યાણમાર્ગમાં જીવે અનાદિકાળથી પડેલી પુદ્‌ગલનો આશ્રવ કરવાની ટેવને ગુણાશ્રવ કરવામાં પલટાવવાની રહે છે, તેથી તે માર્ગ વધારે સહજ, સરળ અને સુગમ અનુભવાય છે. આ માર્ગ એ ધોરી માર્ગ છે, ધુરંધર માર્ગ છે.

આટલી બધી સહજતા હોવા છતાં મોટાભાગના જીવો સંવરમાર્ગને જ આરાધે છે, તેનું કારણ શું હોઈ શકે? શ્રી પ્રભુ એ માટે આપણને સમજાવે છે કે કલ્યાણમાર્ગ ખૂબ સહજ અને સરળ છે તે સાચું છે, પરંતુ એ માર્ગની સિદ્ધિ કરવા માટે જીવે પહેલા પોતાના માનભાવને તોડવો પડે છે. માનભાવ તૂટે તો જ ગુણોનો આશ્રવ સહેલાઈથી અને સમર્થતાથી થઈ શકે છે. આ માન કષાય સંજ્ઞી પંચન્દ્રિય મનુષ્યને સહુથી વધારે પીડે છે. જે ગતિમાં વિકાસ કરવાનો પુરુષાર્થ સૌથી વિશેષ સંભવે છે તે

ગતિના દોષોનો વહેલામાં વહેલી તકે સંહાર કરવો એ માર્ગમાં વિકાસ કરવા માટેનું સાચું અને સરસ પહેલું પગથિયું છે. માનમાં પ્રવર્તતા જીવને માન તોડવાની ક્રિયા દુષ્કર લાગવાને લીધે માર્ગ સહજ, સરળ અને સહેલો હોવા છતાં દુષ્કર લાગે તે સાવ સ્વાભાવિક છે. કલ્યાણમાર્ગની આ દુષ્કરતાને દૂર કરે છે શ્રી 'વીતરાગનો બોધ.'

વીતરાગ પુરુષ મુખ્યતાએ મૌન રહેતા હોય છે કારણ કે તેઓ રાગ તથા દ્વેષથી પર રહે છે. તેમની નિસ્પૃહતા ઘણી ઊંચી કક્ષાની હોય છે. આથી આપણને સવાલ થાય કે આવા ઉત્તમ નિસ્પૃહી વીતરાગીનો બોધ મળે કેવી રીતે? કેટલાક વીતરાગી મહાત્માઓ આવી ઉચ્ચ કક્ષા સુધી પહોંચતા પહોંચતા અન્ય આત્માઓનું કલ્યાણ થાય એવા ભાવ અંતરંગમાં વારંવાર સેવતા હોય છે, ત્યારે અમુક વિરલા આત્માઓ જગતના સર્વ જીવોનું કલ્યાણ થાય એવા ભાવ કરતા રહેતા હોય છે. આ ભાવના કારણે એ જીવોના આત્મા પર પુદ્‌ગલનાં કલ્યાણનાં પરમાણુઓ વધારે ને વધારે સંખ્યામાં ચીટકતાં જાય છે.જ્યારે તેમની વીતરાગતા અમુક કક્ષાએ પહોંચે છે ત્યારે જ તે જીવમાં એ ભાવને પૂર્ણ કરવાની શક્તિ આવે છે, ત્યાં સુધી તે કલ્યાણનાં પરમાણુઓનો જથ્થો વધતો જ રહે છે. તેથી જ્યારે તે જીવ વીતરાગી થાય છે ત્યારે તેને આ સંચિત કર્મનો ઉદય આવે છે. કર્મની નિવૃત્તિ અર્થે એ વીતરાગી પુરુષ બોધ આપે છે, તેમનો આ બોધ પૂર્ણ આજ્ઞામાં રહીને થયો હોય છે. તેથી તે બોધમાં નિસ્પૃહતા હોવા છતાં ભરપૂર કરુણા પણ નીતરતી હોય છે, તે સનાતન ધર્મને અનુસરનારી હોય છે. આ સમજણ સ્વીકારવાથી આત્મસિદ્ધિ શાસ્ત્રની પંક્તિ 'હણે બોધ વીતરાગતા' માં મૂકાયેલી સૂક્ષ્મ અપેક્ષા સમજી શકાશે. મળતા વીતરાગ બોધથી જે ફાયદા થાય છે તેની જાણકારી વધારે ઉપકારક થશે.

## વીતરાગ બોધના ફાયદા

નિત્યનિગોદમાં રહેલો જીવ ઉત્કૃષ્ટતાએ કર્મથી લેપાયેલો હોય છે, અને અનંતકાળથી તે અતિશય દુઃખથી પીડાતો રહ્યો હોય છે. નિત્યનિગોદમાંના કેટલાક જીવોને શ્રી તીર્થંકર પ્રભુનાં કલ્યાણક વખતે રુચક પ્રદેશની પ્રાપ્તિ થાય છે. રુચક પ્રદેશ

મેળવવામાં જીવનો પોતાનો પુરુષાર્થ તો ઘણો ઘણો અલ્પ હોય છે. મોટા ભાગનો મુખ્ય પુરુષાર્થ તો શ્રી તીર્થંકર પ્રભુનો જ હોય છે; જેના કારણે તે જીવોને રુચક પ્રદેશની ભેટ મળે છે. પ્રત્યેક કલ્યાણક વખતે શ્રી તીર્થંકર પ્રભુ 'વીતરાગના બોધ' ને દોહરાવે છે. આ બોધનું એવું અદ્ભુત ઊંડાણ હોય છે કે એમનાં કલ્યાણક વખતે નીપજતાં કલ્યાણનાં પરમાણુઓના પ્રભાવથી, નિત્યનિગોદના અતિ અતિ અલ્પ પુરુષાર્થી જીવોનો એક એક પ્રદેશ એક એક કલ્યાણક વખતે નિરાવરણ થતો જાય છે. તે પરથી વિચારી શકાય કે આ 'વીતરાગનો બોધ' સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યને કેટલો વિશેષ ઉપકારી થઈ શકે! પ્રત્યેક કલ્યાણક વખતે શ્રી તીર્થંકર પ્રભુના આત્માની શુદ્ધિ ચડતા ક્રમમાં હોય છે, તેથી તેમના 'વીતરાગબોધ' નું શુધ્ધપણું તથા ઊંડાણ વધારે ને વધારે ઘટ્ટ તથા સઘન બનતું જાય છે. નિત્યનિગોદના જીવના ક્રમે કરીને આઠ પ્રદેશ શુધ્ધ થાય છે ત્યારે તેનું સંસારનું પરિભ્રમણ પૃથ્વીકાયથી શરૂ થાય છે. પછીથી તે જીવ જેવા સંજ્ઞી પંચેન્દ્રિય જીવના સંપર્કમાં રહે તેનાં પરિણામ ગ્રહણ કરી ગતિની ચડઊતર કર્યા કરે છે. આવા અનંતકાળનાં પરિભ્રમણ પછી સંજ્ઞીપંચેન્દ્રિયરૂપે તે જીવ 'વીતરાગ બોધ' થી મોહાઈને શ્રી તીર્થંકર પ્રભુનાં સાનિધ્યમાં આવે છે ત્યારે, શ્રી વીતરાગનો બોધરસ જે તીર્થંકર પ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓમાં સંચિત થયો હોય છે, તેના સંપર્કમાં આવે છે. આ રીતે બોધરસથી તર બનેલા કલ્યાણનાં પુદ્ગલ પરમાણુઓ જ્યારે એ જીવના આઠમા રુચક પ્રદેશની બાજુના અશુધ્ધ પ્રદેશ પાસે પહોંચે છે (આઠમો પ્રદેશ જે સિદ્ધાત્માના નિમિત્તથી ખૂલે છે તેના થકી તે જીવનું ભાવિ નિશ્ચિત થાય છે માટે). ત્યારે તે કલ્યાણનાં પરમાણુઓ પોતામાં સંચિત કરેલા વીતરાગના બોધરસને અશુધ્ધ પ્રદેશ પર ધારારૂપે નિર્જરાવે છે. એ ધારાના પ્રભાવથી તે નવમો પ્રદેશ આઠમા રુચક પ્રદેશ સાથે અનુસંધાન કરે છે. આ આઠ રુચક પ્રદેશો અને નવમો અશુધ્ધ છતાં વીતરાગ બોધરસની ધારા સાથેનો પ્રદેશ એ જીવના એક સમયના મિથ્યાત્વના ઉદયને અધ:કરણ, અપૂર્વકરણ તથા અનિવૃત્તિકરણની પ્રક્રિયાથી એક સમય માટે સામર્થ્યવાન બની તોડે છે. એ વખતે એ બોધરસ આત્માના સર્વ પ્રદેશોમાં ફેલાઈ જાય છે. આ રસ શીત હોય છે, તે મિથ્યાત્વના થરની માત્ર એક સમય માટે ઉપશમ નિર્જરા કરી સર્વ

આત્મપ્રદેશો સુધી પહોંચે છે. આમ એ જીવ મિથ્યાત્વના ઉદયને એક સમય માટે તોડે છે. મિથ્યાત્વના ઉદયનો એક સમય માટે થયેલો ક્ષય, એ વીતરાગ બોધરસ (અથવા આજ્ઞારસ) જીવના પ્રદેશના ઠેઠ અંતઃસ્થલ (અંતરંગ) સુધી પહોંચવાથી થયેલો હોય છે. તેથી જ્ઞાનીઓ આ સિદ્ધિને 'અંતર્વૃત્તિ સ્પર્શ' કહે છે.

વીતરાગનો આ બોધરસ કે આજ્ઞારસ જ્યારે આઠમા રુચક પ્રદેશની બાજુના અશુધ્ધ પ્રદેશ પર સંચિત થવાથી માંડીને, આઠે રુચક પ્રદેશના બાજુના અશુધ્ધ પ્રદેશોને તરબોળ કરે છે ત્યારે એ જીવ ઉત્તરોત્તર મિથ્યાત્વના ઉદયને એક સમયથી વધી આઠ સમય સુધી રોકી શકે છે, આઠ સમય સુધી જીવથી અનુભવાતી દેહ આત્માની ભિન્નતા 'નિશ્ચયથી વ્યવહાર સમકિત' તરીકે ઓળખાય છે. આ પ્રક્રિયામાં જીવે એક જ તીર્થંકર પ્રભુ પાસેથી મળેલા પહેલા સાત રુચક પ્રદેશ પાસેના એક એક અશુદ્ધ પ્રદેશ પર વીતરાગતાના બોધનો આજ્ઞારસ સંચિત કરવાનો હોય છે. માટે આ પ્રક્રિયા માત્ર તીર્થંકર પ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓથી જ શક્ય થાય છે. આમ થવાનું બીજું કારણ એ છે કે એ વખતે જીવનો પોતાનો પુરુષાર્થ ઘણો ઘણો મંદ હોય છે કેમકે તે જીવને એક સમય જેટલા સૂક્ષ્મ કાળની જાણકારી હોતી નથી. એટલા માટે આ સિદ્ધિ મેળવવામાં એ જીવને શ્રી તીર્થંકર પ્રભુનાં બળવાન કલ્યાણનાં પરમાણુઓ સિવાય અન્ય કોઈ આત્માનાં કલ્યાણનાં પરમાણુઓ લાભકારી કે કલ્યાણકારી થઈ શકતાં નથી. વળી, પહેલા સાત રુચક પ્રદેશો એક જ તીર્થંકર પ્રભુની કૃપાથી પ્રાપ્ત થયા હોય છે, એ જ પ્રમાણે એ પ્રદેશોની બાજુના એક એક અશુધ્ધ પ્રદેશ પર વીતરાગબોધરસનું સ્થાપન થવા માટે કોઈક એક તીર્થંકર પ્રભુની જ સહાય આવશ્યક છે. આમ, જેમ જેમ એક એક પ્રદેશ પર વીતરાગના બોધરસનું સ્થાપન થતું જાય છે, તેમ તેમ એ જીવ એટલા સમય માટે મિથ્યાત્વના ઉદયને તોડી શકે છે. આ સ્થિતિ જ્યારે આઠ સમય સુધી પહોંચે છે ત્યારે તે જીવ મિથ્યાત્વના ઉદયને આઠ સમય માટે અટકાવી શકે છે. તે વખતે તે જીવના આત્મામાં એવી સ્થિતિ ઉત્પન્ન થાય છે કે તેના સર્વ રુચક પ્રદેશને એક એવા પ્રદેશનો સાથ મળે છે કે જે સત્ છે, સમ્યક્ છે, જેમાં વીતરાગનો બોધ સમાયેલો છે – તેથી એ દશાએ જીવે નિશ્ચયથી વ્યવહાર સમકિત મેળવ્યું ગણાય છે.

આ સિદ્ધિ આવ્યા પછીથી જીવના આઠ રુચક પ્રદેશો તથા બોધવાસીત પ્રદેશો ફરીથી આખા દેહમાં ફર્યા કરે છે. એ આઠે બોધવાસીત પ્રદેશો ફરતાં ફરતાં જ્યારે ફરીથી આઠ રુચક પ્રદેશની બાજુમાં પૂર્વવત્ ગોઠવાઈ જાય છે, ત્યારે તે વખતે તેને કાં તો પહેલાના અને કાં તો અન્ય કોઈ તીર્થંકર પ્રભુના વીતરાગ બોધથી સંચિત કલ્યાણનાં પરમાણુઓનો સંપર્ક થાય છે. કલ્યાણનાં આ પરમાણુઓ ઘાતિ કર્મોને ક્ષય કરનાર વીતરાગબોધને રુચક પ્રદેશમાંથી ખેંચી પાસેના આઠ પ્રદેશ પર રસની ધાર કરાવે છે. તેના પરિણામે પહેલાના વીતરાગ બોધરસ અને નવીન વીતરાગ બોધરસના પ્રભાવથી એ આઠે પ્રદેશ પરથી સર્વ ઘાતિકર્મ તથા અશુભ અઘાતિકર્મ અન્ય અશુધ્ધ પ્રદેશો પર સરી જાય છે. અને કેવળીપ્રભુના આત્મપ્રદેશો સમાન શુધ્ધ થયેલા આ આઠે પ્રદેશો 'કેવળીગમ્ય પ્રદેશો' તરીકે ઓળખાય છે. કેવળગમ્ય પ્રદેશના સાધન દ્વારા શ્રી કેવળીપ્રભુ જીવને સાથ આપી આત્મશુદ્ધિ વધારવામાં મદદ કરી શકે છે. આ કેવળીગમ્ય પ્રદેશની પ્રાપ્તિ સાથે શ્રી તીર્થંકર પ્રભુના આત્મામાંથી નીકળેલો બોધરસ તેમાં એવી રીતે સ્થપાય છે કે જેથી તે પ્રદેશો કેવળી પ્રભુના સાથને સમજી શકે છે, ઓળખી શકે છે અને કાર્યસિદ્ધિ કરવા તેમનો સાથ લઈ શકે છે. આમ કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ થયા પછી જીવને મિથ્યાત્વના ઉદયને તોડવા માટે શ્રી તીર્થંકર પ્રભુ ઉપરાંત શ્રી કેવળી પ્રભુનો સાથ પણ ઉપકારી થાય છે. તેથી જીવને આત્મિક વિકાસ કરવા માટે વિશેષ સુવિધા પ્રાપ્ત થાય છે.

શ્રી કેવળીપ્રભુનાં કલ્યાણનાં પરમાણુની તીક્ષ્ણતા અને કલ્યાણરસ શ્રી તીર્થંકર પ્રભુનાં કલ્યાણનાં પરમાણુ કરતાં ઊતરતી કક્ષાનાં હોય છે. એ ઊતરતી કક્ષાને જીવ સમજી શકે તે માટે શ્રી પ્રભુએ કેવળીગમ્ય પ્રદેશનું માધ્યમ બનાવ્યું છે. આ પ્રદેશો ઘાતિકર્મ તથા અશુભ અઘાતિ કર્મોથી રહિત છે, માટે 'વીતરાગનાં પરમ વીર્યનાં' ધારક છે. પરંતુ આ પ્રદેશો પર શુભ અઘાતિ કર્મ તો હોય જ છે, તેથી એ કર્મના ઉદયે એ પ્રદેશો કેવળીપ્રભુની જેમ યોગ સાથે જોડાય છે. જ્યારે તે યોગ સાથે જોડાય છે ત્યારે તે શાતાવેદનીયની પરમાર્થ પ્રકૃતિને ખેંચે છે. એ દ્વારા તેને શ્રી કેવળીપ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓને ઓળખવાનું સાધન – માધ્યમ પ્રાપ્ત થાય છે. જેમ સત્પુરુષના

સાથથી જીવ એક પછી એક ઇન્દ્રિય મેળવતો જાય છે, તેમ કેવળીપ્રભુના સાથથી જીવ મિથ્યાત્વના ઉદયને તોડવાનો સમય વધારતો જાય છે.

'વીતરાગના બોધ' ને સફળ થવા માટે મુખ્ય બે કારણો જવાબદાર છે. (૧) વીતરાગબોધના ધારક એવા સત્પુરુષાદિ જ્ઞાની પુરુષોની કક્ષા અને (૨) વીતરાગના બોધને ધારણ કરનાર એવા પાત્ર જીવની કક્ષા. ઇચ્છુક જીવની કક્ષા જેટલી નબળી તેટલી વીતરાગના બોધના ધારક પુરુષની કક્ષા સબળી હોવી જરૂરી છે. જીવ જ્યારે નિત્યનિગોદમાં હોય છે ત્યારે માત્ર તીર્થંકર પ્રભુનો આત્મા જ તેની શુદ્ધિ માટે કાર્ય કરી શકે છે. તેમાં પણ માત્ર તેમનાં કલ્યાણક વખતે જ તેમનો બોધ કાર્યકારી થાય છે. અને તે જીવ વિકાસ કરી પૃથ્વીકાયરૂપે સંસારનો આરંભ કરે છે. સંસારમાં તે સત્પુરુષાદિની સહાયથી સંજ્ઞીપંચેન્દ્રિયપણા સુધી પ્રગતિ કરી અંતર્વૃત્તિસ્પર્શ કરવા યોગ્ય અર્થાત્ પરમાર્થની પહેલી પ્રગતિ કરવા યોગ્ય બને છે ત્યારે એ મહત્ કાર્ય કરવા માટે શ્રી તીર્થંકર પ્રભુના આત્મામાંથી નીકળતો કલ્યાણનો ધોધ અનિવાર્ય છે, પણ એ વખતે કલ્યાણક હોવું જરૂરી નથી, કેમકે, જીવની શક્તિ એટલી વધી હોય છે. અંતર્વૃત્તિસ્પર્શ કરવાનું મુખ્ય કાર્ય મુખ્યતાએ સમવસરણમાં શ્રી પ્રભુની દેશના વખતે થાય છે. આમ સંસાર કે પરમાર્થના વિકાસનાં પહેલા પગથિયામાં શ્રી તીર્થંકર પ્રભુનો સાથ અનિવાર્ય છે. તે પછીનો આઠ સમયની દેહાત્માની ભિન્નતા સુધીનો વિકાસ, નિશ્ચયથી વ્યવહાર સમકિતની પ્રાપ્તિ, આઠ કેવળીગમ્ય પ્રદેશની પ્રાપ્તિ વગેરે જીવની શુદ્ધિ અમુક અંશે વધી હોવાથી શ્રી તીર્થંકર પ્રભુના સાથથી અન્ય સમયે પણ થઈ શકે છે, પ્રભુનું કલ્યાણક હોવું જરૂરી નથી. એટલે કે થોડી ઊતરતી કક્ષાના સંજોગોમાં પણ જીવની પાત્રતા વધી હોવાથી કાર્યસિદ્ધિ થઈ શકે છે. કેવળીગમ્ય પ્રદેશો મળ્યા પછી જીવ કેવળીપ્રભુનો સાથ મેળવવા માટે અધિકારી થઈ પોતાનું સુભાગ્ય વધારે છે.

આ બધાં ઉદાહરણો પરથી એ સ્પષ્ટ થશે કે સર્વ આત્મિક કાર્યસિદ્ધિ માટે દાતાર (વીતરાગના બોધને આપનાર), ઇચ્છુક (વીતરાગના બોધને સ્વીકારનાર) અને વાર્તાલાપનું માધ્યમ જરૂરી છે. ઇચ્છુકની શુદ્ધિ જેટલી વધારે તેટલી યોગ્ય દાતાર

પાસેથી કલ્યાણનાં પરમાણુની પ્રાપ્તિ વધારે થઈ શકે, અને તે પ્રમાણમાં કલ્યાણ તથા કાર્યસિદ્ધિની સંભાવના વિશેષ થાય છે. દાતારની શુદ્ધિ જેટલી ઓછી હોય, તે ઓછપને પૂરી કરવા, તેટલી વાર્તાલાપના માધ્યમની જરૂરિયાત કાર્યસિદ્ધિ કરવા માટે વધારે રહે છે. વળી, જેમ જેમ ઇચ્છુકની પાત્રતા તથા શુદ્ધિ વધતાં જાય છે, તેમ તેમ એ કલ્યાણનાં પરમાણુઓને મોટી ને મોટી સંખ્યામાં ખેંચતો જાય છે. પરિણામે એમાંથી આગળ વધવા માટેનું એનું વાર્તાલાપનું માધ્યમ ઘડાતું જાય છે.

આ ઉપરાંત બીજી એ વાત સમજાય છે કે યાચકને દાતારનો સાથ બે પ્રકારે મળે છે — પ્રત્યક્ષ અને પરોક્ષ. પ્રત્યક્ષ સાથ આપનાર દાતારે દાન આપવા માટે સાનુકૂળ સંજોગોમાં આવવું પડે છે. સાનુકૂળ સંજોગ એટલે દાતારને એ ઇચ્છુક કે યાચક માટે કલ્યાણના ભાવ ઉપજવા જોઇએ અથવા તો તેની પૂર્વસંચિત કલ્યાણભાવની નિર્જરા અર્થે ઇચ્છુક યા યાચક માટે કલ્યાણભાવ વેદાવા જોઈએ. પ્રત્યક્ષ સાથમાં વીતરાગનો બોધરસ એ પરમાણુઓમાં અંતર્મુહૂર્ત કાળ સુધી હોય છે. નિશ્ચયનયથી એ કાળમાં ગ્રહણ કરેલો બોધરસ પ્રત્યક્ષ સાથ કહેવાય છે. આ જ વીતરાગરસ કે બોધરસને પરમાણુઓમાં રહ્યા રહ્યા બે ઘડીથી વધારે સમય થાય છે ત્યારે તે રસ સુષુપ્ત બને છે. અને ત્યારથી તેનાથી મળતો સાથ સુષુપ્ત બને છે. આ બોધરસને ફરીથી સક્રિય કરવા માટે જીવે પોતે પુરુષાર્થ કરવાનો રહે છે.

જીવ કેવળીગમ્ય પ્રદેશોની સ્થાપના કર્યા પછી શ્રી કેવળી પ્રભુનો સાથ લે છે ત્યારે તેને પ્રત્યક્ષ સાથનો યોગ વધતો જાય છે. કેવળીપ્રભુનો સાથ એટલે શું?

શ્રી કેવળીપ્રભુ પોતાનાં ઘણાં ઘણાં ગુણો તથા લક્ષણોથી ઓળખાય છે. તેમાંય તેમની અનંત શક્તિ, અનંત જ્ઞાન, અનંત દર્શન આદિ હોવા છતાં જે તેમની પરમોત્તમ વીતરાગતા છે એ તેમનું મૂળ અને અદ્ભુત લક્ષણ છે. આ વીતરાગતામાં શ્રી કેવળીપ્રભુ સંપૂર્ણ સંવર કરે છે અને સાથે સાથે સકામ નિર્જરા પણ કરે છે. જેને તત્ત્વજ્ઞાનીઓ 'મહાસંવર માર્ગ' તરીકે ઓળખાવે છે. આ માર્ગમાં રાચતા મહાત્માઓ પ્રત્યક્ષ સાથ આપી શકવાની સમર્થતા ધરાવતા હોય છે. તેથી આઠ સમયથી વધારે ભિન્નતાની આરાધનામાં મહાસંવરમાં રાચતા જ્ઞાનીઓ માટે પ્રત્યક્ષ સાથ નોંધાયો છે.

વ્યવહારનયથી સમજાવતી વખતે ૮ સમયની દેહાત્માની ભિન્નતાથી શરૂ કરી પાંચ મિનિટ સુધીની શૂન્યતા માટે શ્રી કેવળીપ્રભુનો સાથ કહ્યો છે, કેમકે આ કાર્ય મુખ્યતાએ તેમનાથી થતું આવ્યું છે. પરંતુ જે જે સત્પુરુષો મહાસંવરના માર્ગમાં આગળ વધતા હોય, અને આજ્ઞા પ્રેરિત, કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગમાં મૈત્રી પ્રેરિત વીતરાગતામાં જે જ્ઞાની ભગવંત રહ્યા હોય, તે જ્ઞાની ભગવંત આઠ સમયની ભિન્નતાથી આગળ વધવા માટે જીવને તરત જ પ્રત્યક્ષ સાથ આપી શકે છે. તેઓ આઠ સમયથી સંખ્યાત સમય સુધીના વિકાસ માટે મૈત્રી પ્રેરિત વીતરાગતામાં રહ્યા હોય ત્યારે આ સાથ આપી શકે છે. જીવને સંખ્યાત સમયની ભિન્નતાથી આગળ વધી અસંખ્યાત સમયની ભિન્નતા સુધીનો વિકાસ કરવા માટે આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગમાં રમતા, તથા કલ્યાણ પ્રેરિત વીતરાગતામાં રહ્યા છે એવા જ્ઞાનીઓ પણ પ્રત્યક્ષ સાથ આપી શકે છે. અસંખ્યાત સમયથી એક મિનિટ સુધીની ભિન્નતાનો અનુભવ કરવામાં કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગના આરાધક જ્ઞાનીઓ પણ પ્રત્યક્ષ સાથ આપી શકે છે. એક મિનિટથી ત્રણ મિનિટ સુધીની દેહત્માની ભિન્નતા વધારવા માટે સંવર પ્રેરિત મહાસંવર માર્ગમાં રહેલા જ્ઞાનીઓ પણ જીવને પ્રત્યક્ષ સાથ આપી શકે છે. અને ત્રણથી પાંચ મિનિટ સુધીની શૂન્યતા પામવા માટે જીવને મહાસંવર માર્ગના જ્ઞાનીઓનો સાથ પણ અનુકૂળ રહે છે. અર્થાત્ જેમ જેમ સાધકની આરાધન શક્તિ વધતી જાય છે તેમ તેમ તેને થોડી ઊતરતી કક્ષાના જ્ઞાનીઓનો સાથ પણ લાભકારી થતો જાય છે. બીજી રીતે કહીએ તો જીવની સાધના શક્તિ જેમ જેમ વધે છે તેમ તેમ તેને પ્રત્યક્ષ સાથ આપનારા જ્ઞાનીઓનો સમૂહ પણ મોટો ને મોટો થતો જાય છે. આથી મહાસંવરના માર્ગને શ્રી પ્રભુએ યોગ્ય રીતે 'કેવળી પ્રભુનો સાથ' તરીકે ઓળખાવ્યો છે.

જે સત્પુરુષો છઠ્ઠા સાતમા ગુણસ્થાને રમતા હોય છે, અને મહાસંવર માર્ગને આરાધતા હોય છે, તે સત્પુરુષો પોતાનો પ્રત્યક્ષ સાથ ઈચ્છુકને ઘણો વહેલો આપી શકે છે. તેઓ ઘણી ઉચ્ચ કક્ષાએ પહોંચ્યા પહેલાં જ કલ્યાણકાર્ય શરૂ કરી શકે છે. આનું મુખ્ય કારણ એ છે કે મહાસંવરના માર્ગમાં કે એનાથી વિશુધ્ધ અન્ય મહાસંવરના

માર્ગમાં રહેલા જ્ઞાની મહાત્માઓ એક જ કલ્યાણનાં પરમાણુમાં ઘણી સૂક્ષ્મતાએ વીતરાગનો બોધ ઉમેરી શકે છે, જેથી તે કલ્યાણનાં પરમાણુઓ કર્મના મોટા થરની વચ્ચેથી પણ પસાર થઈને આત્મપ્રદેશ સુધી પહોંચી શકે છે, અને પોતાનું કાર્ય કરી શકે છે.

દેહાત્માની ભિન્નતાના અનુભવની અર્થાત્ શૂન્યતાની પાંચ મિનિટે પહોંચ્યા પછી સાધકની શક્તિ અને શુદ્ધિ એટલાં વધ્યાં હોય છે કે એ સર્વ સત્પુરુષોના સંવરમાર્ગ, નિર્જરા માર્ગ, સંવર પ્રેરિત નિર્જરા માર્ગ, નિર્જરાપ્રેરિત સંવર માર્ગ કે મહાસંવર માર્ગના સર્વ પ્રકારમાં ચાલતા જ્ઞાનીઓનો પ્રત્યક્ષ સાથ લેવાને પાત્ર બને છે. બીજી રીતે કહીએ તો તે સાધક થોડા સાથથી મહા પુરુષાર્થ કરી શકે એવા સક્ષમ બની જાય છે, સ્વતંત્ર પુરુષાર્થ કરવાની શક્તિ પ્રગટાવે છે.

શૂન્યતાની પાંચ મિનિટે પહોંચ્યા પછી, જીવને સત્પુરુષના પ્રત્યક્ષ સાથથી પ્રત્યક્ષ સદ્ગુરુનો ભેટો જલદીથી થાય છે, તેથી એ જીવને બાહ્ય અને આંતરશૈલી દ્વારા પોતાના પ્રત્યક્ષ સદ્ગુરુનો સાથ મળે છે. તેનાથી તેને સમ્યક્ત્વ પ્રાપ્તિનો લાભ મળે છે. ક્ષયોપશમ સમકિત લીધા પછી તેને પોતાના સદ્ગુરુ મારફત સર્વ સદ્ગુરુનો સાથ મળે છે (પ્રત્યક્ષ તથા પરોક્ષ બંને રીતે). એમાંથી વિકાસ કરી તે જીવ સર્વ સત્પુરુષ, પંચપરમેષ્ટિ ભગવંત, સર્વ પંચપરમેષ્ટિ અને પૂર્ણ પંચપરમેષ્ટિ ભગવંતનો સાથ મેળવવા સદ્ભાગી થાય છે. આ સાથથી તે જીવ ઋણથી મુક્ત થવા સુધીનો પુરુષાર્થ કરી શકે છે. આમ વીતરાગનો બોધ જીવને નિત્યનિગોદથી શરૂ કરી પૂર્ણ શુધ્ધ થવા સુધીનો વિકાસ કરવામાં ખૂબ જ મદદરૂપ થાય છે.

## વીતરાગનો બોધ ગ્રહણ કરવા માટે જોઈતી પાત્રતા

વીતરાગનો બોધ જીવના વિકાસ માટે કેવો નોંધનીય ફાળો આપે છે તે આપણે જોયું. આ થઈ દાતાનાં કાર્યની અપેક્ષા. દાતા દાન તો આપે છે, પણ સર્વ જીવ એ દાન સ્વીકારતા નથી અથવા તો સ્વીકારી શકતા નથી. એ પરથી સમજાય છે કે જીવને દાતાર પાસેથી દાન લેવા – મેળવવા માટે અમુક પાત્રતા કેળવવી પડે છે. આ પાત્રતા

જીવને કોણ આપે અને કેવી રીતે આપે તે જાણવું ખૂબ અગત્યનું છે અને રસપ્રદ પણ છે. આ સમજણ ન હોય તો અમુક દશા પછી જીવ દાતા પાસેથી કંઈ મેળવી શકતો નથી, પરિણામે તે યોગ્ય વિકાસ પણ કરી શકતો નથી.

યાચક પ્રાપ્ત કરી શકે અને દાતા યથાર્થતાએ દાન આપી શકે તે માટેનું મુખ્ય માધ્યમ છે ભક્તિ. જે જીવમાં ભક્તિ જન્મે છે તે કોઈ પણ કક્ષાએ, કોઈ પણ ક્ષેત્રે સત્પુરુષ પાસેથી દાન ગ્રહણ કરી વિકાસ સાધી શકે છે. માટે સર્વ જ્ઞાની પુરુષોએ અનુભવથી નિર્ણય કર્યો છે કે ''ઘણા ઘણા વિચાર પછી સિદ્ધ થયું છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે.'' એકેંદ્રિયપણાથી આરાધાતો ભક્તિમાર્ગ જીવને સંજ્ઞી પંચન્દ્રિયપણામાં મનુષ્યરૂપ સુધી પહોંચાડે છે ત્યારે તેને પ્રશ્ન થાય છે કે, ભક્તિ એ શા માટે સર્વોપરી માર્ગ છે? વીતરાગી પ્રભુ અને સરાગી જીવ વચ્ચે સેતુ કઈ રીતે બંધાય છે?

ભક્તિમાર્ગમાં સાધક પોતાનું સર્વસ્વ પોતાના આરાધ્યદેવને સોંપી, માત્ર આરાધનના ભાવથી અપૂર્વ આજ્ઞાપાલનમાં જ પોતાની સર્વ સંપત્તિને કાર્યકારી કરવાનો પ્રયત્ન કરે છે. આ ભક્તિનાં સાધન દ્વારા વીતરાગી પ્રભુ અને સરાગી જીવ વચ્ચે 'વિનયાભાર – વિનય અને આભાર' ની પ્રક્રિયાથી એક સેતુની રચના થાય છે.

સાધક જ્યારે પરમ વિનયથી એમના આરાધ્યદેવ અને ગુરુ પાસે શુદ્ધિની માગણી કરે છે, ત્યારે એ આરાધ્યદેવ કે ગુરુ એમનાં પૂર્વસંચિત ઋણને ચૂકવવા માટે, સુપાત્રે દાન કરવાનો અવસર ઇચ્છતા હોવાથી, પરમ આભાર ભાવથી (ઋણ ચૂકવવાનો સુયોગ આપવા માટે) સાધકને આજ્ઞાધીનપણે યોગ્ય દાન આપે છે. એ દાન લઈ સાધક ખૂબ જ ઉલ્લાસમાં આવી, આનંદના રેલેરેલા અનુભવે છે. તેને લાગે છે કે આ આનંદ મારા માટે અપૂર્વ છે, અકથ્ય છે તેમ છતાં તે અનુભવગમ્ય છે. તો, અનુભવના ધારક અને દાતા – તારક પ્રભુને મારો અહોભાવભર્યો આભાર અર્પણ હો. શિષ્યનો આ આભાર ગ્રહણ કરતી વખતે આરાધ્યદેવ કે ગુરુ વિનયનો સહારો લઈ, પરમ વીતરાગમય સ્થિતિની અપૂર્વ ભૂમિકામાં ડૂબી, કલ્યાણમય નેત્રો, વાણી અને સ્પર્શ

દ્વારા વિનયથી ભરેલા અહોભાવના દ્વિતીય ભાવને અનુભવે છે. આ ભાવથી તેઓ સાધકને યોગ્ય તથા જરૂરી પીઠબળ કલ્યાણભાવના દાન દ્વારા આપે છે. તેઓ બાહ્ય અથવા આંતરશૈલીથી અગર ઉભય રીતે આ દાન આપે છે. આ પ્રક્રિયા ઉત્તરોત્તર વધતાં વધતાં શુદ્ધિની પ્રથમ ભૂમિકાથી શરૂ કરી, શુદ્ધિની અંતિમ ભૂમિકામાં સ્થિર બને છે. તેથી વિનય અને અહોભાવરૂપ આભારના સંગમથી ભક્તિ એ પરમ ભક્તિ અને પરાભક્તિની જનની તથા પાલનહારી બને છે. આ વિનય તથા આભારના ભાવથી સાધક, આરાધ્યદેવ તેમજ ગુરુને શું લાભ થાય છે?

સાધક જ્યારે વિનયાભારના ભાવથી ભક્તિ અનુભવે છે, ત્યારે તે જીવ વિનયથી મોહરૂપી મહાશત્રુની ભયંકર પ્રકૃતિરૂપ દર્શનમોહ તથા ચારિત્રમોહની અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, તથા પ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભ અને તેને લગતાં સર્વ અંતરાય કર્મને સંવર, નિર્જરા અથવા મહાસંવરના માધ્યમથી નિઃશેષ કરે છે. આભારના સાધનથી તે જીવ સંસારસ્પૃહા અને સુખબુદ્ધિનો ક્ષય કરવાનો ઉદ્યમ કરે છે; તે ઉદ્યમથી સંજ્વલન કષાય તથા જ્ઞાનાવરણ તેમજ દર્શનાવરણ કર્મને નિઃશેષ કરવા સંવર, નિર્જરા અથવા મહાસંવરના માર્ગનો તે ઉપયોગ કરે છે. આમ તે જીવ ધારે તો વિનયાભારવાળી ભક્તિથી મોહ પછી સુખબુદ્ધિનો નાશ અથવા સુખબુદ્ધિ પછી મોહનો નાશ કરી શકે છે. અથવા તો બંનેનો સાથે સાથે ક્ષય કરતો જાય છે. સાધકની ભક્તિની શુદ્ધિ જેટલી વધારે હોય તેટલી વિશેષ તીક્ષ્ણતાથી તે સુખબુદ્ધિ અને મોહનો સમાંતર કે વધારે ક્ષયોપશમ કરે છે.

આરાધ્ય ગુરુ ભક્તિમાર્ગમાં પહેલા આભાર માને છે, તેથી તેમની સુખબુદ્ધિનો ક્ષય વહેલો થાય છે. આને કારણે સાધકની પાત્રતા પ્રમાણે તેને જ્ઞાન આપવાનો ઉઘાડ અને જ્ઞાન આપવાની આજ્ઞા ગુરુને મળે છે. ગુરુ તેના શિષ્યને જ્ઞાન તથા કલ્યાણભાવનું દાન આપે છે. એ દાન મેળવી સાધક જ્યારે ગુરુનો આભાર માને છે ત્યારે ગુરુ પરમ વિનયનો સહારો લઈ, વીતરાગતાના તાણેવાણે ચડતા ક્રમમાં સ્થિર થાય છે. જેટલી સાધકની શુદ્ધિ અને ઉપયોગની તીક્ષ્ણતા વધારે તેટલો વધારે ઉઘાડ ગુરુનો થાય છે. કારણ કે અપાત્રે દાન કરવાની આજ્ઞા, આજ્ઞાધીન ગુરુને મળતી

નથી. વળી, ગુરુનો ઉઘાડ જેટલો વધારે થાય એટલો સાધકનો આભારભાવ વધારે થાય છે. જે સાધકની સુખબુદ્ધિનો ક્ષય વધારે તીક્ષ્ણતાથી કરાવે છે; અને સાધકને વિનયની ઊંચી શ્રેણિ પર જવા પ્રેરણા આપે છે.

સાધકને જ્યારે ભક્તિનો આ પ્રકારનો અનુભવ થાય છે, ત્યારે તેને ભક્તિમાર્ગ માટે ખૂબ અહોભાવ આવે છે. અને વર્તમાન અવસ્થા સુધી તેને પહોંચાડવામાં ભક્તિનો કેટલો મહત્ત્વનો અને અમૂલ્ય ફાળો છે તેની જાણકારી મળતા, સાધકનું મસ્તક આપોઆપ ભક્તિ સમક્ષ ઝૂકી પડે છે. અને તે અહોભાવભરી વાણીમાં ભક્તિએ કરેલા ઉપકારને બિરદાવે છે,

"હે ભક્તિ! હું તને વંદન કરું છું. તારાં નિસ્પૃહતા અને અડોલ પ્રેમને પણ વંદન કરું છું. તેં નિત્યનિગોદમાં જ્યારે હું સૂક્ષ્મ એકેંદ્રિય રૂપે હતો ત્યારે પણ ઉત્તમ તીર્થંકર પ્રભુના આત્માનાં શુભ તથા શુદ્ધ નિમિત્તો સાથે એકરૂપપણું કરાવ્યું હતું. મને નવાઈ લાગે છે કે તીર્થંકર પ્રભુનો પરમોત્તમ આત્મા મારા ઉત્કૃષ્ટ મલિન જીવમાં પ્રવેશ્યો કેવી રીતે? આ બાબત શ્રી પ્રભુએ અવર્ણનીય કૃપા કરી મને સમજાવ્યું કે, તેમનાં દરેક કલ્યાણક વખતે મેં ભક્તિરૂપી સાગરનાં જલબિંદુનું પાન કર્યું હતું. જેનાથી મને આખો સાગર મળી ગયો. એ બિંદુ ભક્તિરૂપી સાગરમાં બિંદુરૂપ જ હતું, તેથી તે વખતે મેં 'સાગરમાં બિંદુ અને બિંદુમાં સાગર' એ ઉક્તિનો પહેલવહેલો અનુભવ નિત્યનિગોદમાં રહ્યા રહ્યા, પ્રભુનાં પ્રત્યેક કલ્યાણક વખતે કર્યો હતો. શ્રી તીર્થંકર પ્રભુની કરુણા અકથ્ય છે. એમનું એક પક્ષીય નિમિત્ત જો કાર્યકારી બને તેમ હોય તો તેઓ નિત્યનિગોદના સર્વ જીવોનો એક એક પ્રદેશ પ્રત્યેક કલ્યાણક વખતે ખોલી નાખે. પરંતુ તેઓ પોતાના ભાવ કોઈ પણ જીવ ઉપર બળજબરીથી લાદતા નથી કે ઠાંસતા નથી. તેઓ પોતાનો ઉત્તમોત્તમ ભાવ, 'સર્વ જીવ છૂટો' ને બિંદુમાં સાગરરૂપે સમાવી દે છે. અને નિત્યનિગોદના જે જીવને આ શુભ તથા શુદ્ધ નિમિત્ત પ્રત્યે એક સમય માટે ભક્તિ ઉપજે છે, તે સર્વ જીવોમાં શ્રી તીર્થંકર પ્રભુનો આજ્ઞારસ

ભક્તિરૂપી સેતુથી પ્રવેશી, એ જીવના એક પ્રદેશને તીર્થંકરના કલ્યાણક વખતની સ્થિતિ જેવા કરે છે. જેમ જેમ કલ્યાણક આગળ વધે છે, તેમ તેમ નવા પ્રદેશો ખૂલવા સાથે પૂર્વના રુચક પ્રદેશો શુદ્ધ થતા જાય છે. એ પરથી અનુભવાય છે કે ભાવિ તીર્થંકર પ્રભુ પણ ભક્તિરૂપી સાગરને માણતાં માણતાં પોતાની પૂર્વની સિદ્ધિને સુધારતા અને વધારતા જાય છે. જો આ કાર્ય અન્ય કોઈ માર્ગે થતું હોત તો પહેલા અને છેલ્લા રુચક પ્રદેશ વચ્ચે તફાવત હોત. પણ શુધ્ધ ભક્તિના માધ્યમથી તે ભિન્ન ન થતાં સમાન બને છે. આ નિઃસંશય છે.”

“જે જીવો પોતાનાં દુષ્કર્મને કારણે ત્રસ નાડીની બહાર ફેંકાઈ ગયા હોય છે, તેઓ ત્યાં એકેંદ્રિયરૂપે જન્મમરણ કરતા જ રહે છે. ત્યાં તેમને કોઈ સત્પુરુષનો પ્રત્યક્ષ યોગ આગળ વધવા માટે મળી શકતો નથી, કારણ કે ત્રસનાડીની બહાર તો માત્ર એકેંદ્રિય જીવો જ વસે છે. કોઈ પણ ત્રસકાય જીવ ત્યાં રહી શકતા નથી. પરંતુ જ્યારે શ્રી કેવળીપ્રભુ સિદ્ધ થતાં પહેલાં કેવળી સમુદ્ઘાત કરે છે, ત્યારે તેમના આત્મપ્રદેશો આખા લોકમાં ફેલાતા હોવાથી, ત્રસનાડીની બહારના લોકના ભાગમાં પણ ફેલાય છે. એ વખતે ત્યાં દુઃખમાં ખદબદતા જીવોમાંથી કેટલાક જીવો કેવળીપ્રભુના શુધ્ધ પ્રદેશના સ્પર્શ પ્રત્યે ભક્તિ વેદે છે. અને તે વખતે તે જીવો પ્રભુના પ્રદેશનો સહારો લઈ ત્રસ નાડીમાં પુનઃ પ્રવેશ કરે છે. હે ભક્તિ! તારા આ અવર્ણનીય અનંત ઉપકારને અંતરના રોમેરોમથી નમસ્કાર કરીએ છીએ.”

ત્રસનાડીના પુનઃપ્રવેશ પછી, સૂક્ષ્મ એકેંદ્રિયરૂપે જીવ અનંતકાળ દુઃખમાં રહેવા છતાં, જ્યારે ઉત્તમ સત્પુરુષનો સંપર્ક પામે છે, ત્યારે તે ઉત્તમ પુરુષના શુદ્ધ અને શુભ ભાવોનું ભક્તિરૂપી આંગણામાં સ્વાગત કરી, તે ભક્તિની સહાયથી ઇન્દ્રિયજનિત આત્મિક શક્તિને વધારતો જાય છે. આમ કરતાં કરતાં તે ભક્તિના આશ્રયે પાંચે પ્રકારનાં એકેંદ્રિયપણામાંથી પસાર થઈ, વિકાસ કરી, ત્રસકાય બની, બે, ત્રણ, ચાર, પાંચ અને સંજ્ઞી પંચેન્દ્રિયપણા સુધી વિકાસ કરે છે.

સંજ્ઞા મળ્યા પછી, જીવમાં સમર્થતા આવ્યા પછી, ભક્તિ માતાની જેમ (નિસ્પૃહ સત્પુરુષ, જ્ઞાનીપુરુષ, તીર્થંકરપ્રભુ, કેવળીપ્રભુ આદિની જેમ) નિસ્પૃહ બની જીવને સ્વતંત્રતા આપે છે. જીવને મળેલી સ્વતંત્રતાનો સદુપયોગ કે દુરુપયોગ કરવા ભક્તિ બોધતી નથી, તે પોતાનું વર્ચસ્વ પછીના એક સમય માટે પણ રાખતી નથી, એટલું જ નહિ પણ પોતે પૂર્વમાં કરેલા ઉપકારને પણ યાદ કરાવતી નથી. તે વીતરાગ અને નિસ્પૃહ પ્રેમભાવથી જીવને સાવ સ્વતંત્ર રહેવા દે છે.

સંજ્ઞીપણામાં સ્વતંત્રતા આવ્યા પછી જીવ તે સ્વતંત્રતાને સ્વજનિત વીર્ય સમજી, એના પર માનરૂપી મોહના પડળનો જમાવ કરે છે, કરાવે છે અને અનુમોદે છે. તેની સાથે સંસારની કૃત્રિમ તથા ક્ષણિક શાતાને સહાયક બને તેવો રસ્તો ગ્રહણ કરે છે. જેના પરિણામે જીવ ભક્તિના અને સત્પુરુષના અનંત અકથ્ય ઉપકારને ભૂલી જઈ, મહાબળવાન અશુભ કર્મનો કર્તા બને છે. આ ભયંકર કર્મને ભોગવવા જીવ ફરીથી સંજ્ઞા ગુમાવી બેસે છે, એક પછી એક ઇન્દ્રિય ગુમાવતો જાય છે, અને છેવટે નપુંસક એકેંદ્રિય થઈ જાય છે. ત્યાં અસહ્ય વેદનાને ભોગવતો ભોગવતો તે હીનવીર્ય બની જીવે છે. તે બેહરો, આંધળો, નાક વગરનો ગુંગો અને મુંગો થઈ જાય છે. આવા હીનવીર્ય થવાને લીધે તથા માર્ગપ્રાપ્તિની અતિ અલ્પતા થઈ હોવાને લીધે તેણે ફરીથી આગળ વધારે એવા ભક્તિમાર્ગના સેતુની પ્રાપ્તિ માટે રાહ જોવી પડે છે. સાથે સાથે એ ભક્તિરૂપ મહામાર્ગના પ્રાણેશ્વર એવા પરમ શ્રી સત્પુરુષના શુભ નિમિત્તની પણ રાહ જોવી પડે છે. આવી અસહાય સ્થિતિમાં અનંતકાળ સુધી રહ્યા પછી જ્યારે તેને વીતરાગી પ્રેમના સાગર રૂપ પરમ ભક્તિની ફરીથી પ્રાપ્તિ થાય છે ત્યારે તે જીવને ફરીથી આગળ વધારે છે, ઇન્દ્રિયોની પ્રાપ્તિ કરાવે છે.

ઉપર જણાવેલા ક્રમથી આગળ વધી જીવ ફરીથી સંજ્ઞા પામવા જેટલો ભાગ્યશાળી થાય છે. સંજ્ઞાથી આવતી સ્વતંત્રતા મળતાં જ મોટાભાગે જીવ માનરૂપી શત્રુનો સહારો લઈ વારંવાર પતન પામી, તે જીવ નિઃસહાય એકેંદ્રિય બનતો રહે છે. આવી ચડઊતર જીવ અનંતવાર કરે છે. અર્થાત્ ભક્તિના અવર્ણનીય ઉપકારને વિસરી જઈ તે ભક્તિની વિરાધના વારંવાર કરતો રહે છે. આમ અનંતવાર ઉપકારનો બદલો

અપકારથી મળવા છતાં, ભક્તિરૂપી પ્રેમનો સાગર જીવને ફરી ફરી શાંતિ, તેજ તથા દિવ્યતાનું પાન કરાવે છે, કે જેથી તેનો લાભ લઈ જીવ ફરીથી નીચે ઉતરવાનું કુકર્મ ન કરે. ભક્તિ જો એક મુંગા, ગુંગા, આંધળા અને બહેરા નપુંસક એકેંદ્રિયને આટલી ઉપકારી બને છે તો તે ભક્તિ, ભક્તિના શરણે જનાર સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યને કેટલી વિશેષ ઉપકારી થાય તે વિચારણીય છે.

સંજ્ઞીપણું આવ્યા પછી ભક્તિ, ઉપાદાનને નિમિત્ત મળે તે માટે તૈયાર કરે છે. ઉપાદાન એટલે જીવની પાત્રતા કે યોગ્યતા. ઉપાદાન જીવમાં રહે છે, તે અનાદિકાળથી અંતરંગ જીવને નિમિત્તને આધીન પરિણમતો રખાવે છે. જો નિમિત્ત શુભ અથવા શુધ્ધ હોય તો તે શુભ ઉપાદાનનું કારણ બને છે, અને અશુભ નિમિત્તમાં જીવનું ઉપાદાન અનિચ્છનીય થઈ જાય છે. જીવનું ઉપાદાન ધારો કે નિમિત્ત કરતાં નબળું છે, તો પણ ભક્તિના આશ્રયથી, પ્રભુને સોંપણી કરવા દ્વારા તે નિમિત્તનાં પુદ્‌ગલ પરમાણુઓમાંથી આજ્ઞારસ ખેંચે છે; અને આજ્ઞારસને જીવમાં ઝરાવે છે. આ આજ્ઞારસથી જીવનું ઉપાદાન શુભ અથવા શુધ્ધ નિમિત્તને ઝીલવા યોગ્ય બને છે.

આ પ્રક્રિયા પર વિચાર કરવાથી સમજાયું હશે કે ભક્તિનાં માધ્યમથી જીવને રુચક પ્રદેશ મેળવવાથી માંડીને પાંચે ઇન્દ્રિય તથા સંજ્ઞાની પ્રાપ્તિ થાય છે. ઉપરાંતમાં શુભ નિમિત્તોની ભક્તિથી એની ઇન્દ્રિયો સતેજ, તેજસ્વી તથા વીર્યવાન થતી જાય છે. એનો અર્થ એ થયો કે ભક્તિ એ સર્વ માર્ગોમાં સહજ, સરળ અને સુગમ માર્ગ છે; કારણ કે આ ભક્તિમાર્ગની સમજણ તથા આરાધના અતિ અતિ વીર્યહીન એવા એકેંદ્રિય જીવને પણ મળી શકે છે.

સંજ્ઞા મળ્યા પહેલાં જીવ નિમિત્તને આધીન થઈ કર્મની નિર્જરા કરે છે, કર્મબંધ પણ નિમિત્તાધીન બની કરે છે. એટલે કે કર્મની નિર્જરા કરતી વખતે તે પુદ્‌ગલનો આહાર અને નિહાર કરે છે. અસંજ્ઞીને નિમિત્તો તેનાં પૂર્વકર્મ અનુસાર મળે છે. અને કર્મની નિર્જરા મળેલા નિમિત્તની વર્તમાન અસરથી થાય છે. આમ જીવ પુદ્‌ગલનો આહાર પૂર્વકૃત કર્મના ભોગવટાથી કરે છે અને નિહાર વર્તમાન નિમિત્તને આધીન

થઈ કરે છે. આ રીતે આહાર કે નિહાર માત્ર એક કાળના જ પ્રભાવમાં હોય છે, કાં પૂર્વકાળ અથવા તો વર્તમાનકાળ; તેથી તેના ભાવ ફરવાની ક્રિયા અસંખ્યાત સમયના આંતરે બને છે; ભાવમાં થતો ફેરફાર જીવ ભાગ્યે જ સમજી શકે છે, અને સમજે તો પણ અતિ અતિ સામાન્ય કક્ષાથી, આથી તેનો વિશેષ પુરુષાર્થ ભાર નિર્જરા કરવા પર રહેતો હોય છે.

સંજ્ઞા આવ્યા પછી આ પ્રક્રિયા ઘણી સૂક્ષ્મ થાય છે. સંજ્ઞાના પ્રભાવથી જીવ તરત જ ભૂત, વર્તમાન અને ભવિષ્યનાં પુદ્ગલને ગ્રહણ કરી શકે છે. એટલે કે જીવ ત્રણે કાળના ભાવથી આહાર ગ્રહણ કરી શકે છે. સાથે સાથે સંજ્ઞાના સાથથી જીવમાં પુદ્ગલનો વિહાર કરાવવાની શક્તિ પણ આવે છે. વિહાર કરાવવો એટલે થયેલી કર્મરચનામાં ફેરફાર કરવો. વિહાર કરાવવાની શક્તિ આવવાથી જીવમાં આહાર, વિહાર તથા નિહારને લગતા ઘણા ઘણા ભાંગા (permutations and combinations) ઉત્પન્ન થાય છે. આહાર વિહાર પ્રેરિત હોઈ શકે, નિહાર પ્રેરિત હોઈ શકે કે આહાર પ્રેરિત પણ હોઈ શકે. એ જ રીતે નિહાર તથા વિહારમાં પણ બનતું આવે છે. આ બધાં પ્રકારની પર્યાયમાં જીવનું ભોકતાપણું અલગ અલગ હોય છે. આવી ઘણી બધી પ્રક્રિયાઓ સંખ્યાત સમયમાં પરિવર્તન પામે છે, અને જીવને તો અસંખ્યાત સમયવર્તી જ જ્ઞાન હોય છે, તેથી તેને લાગે છે કે તે એક સાથે ઘણા બધા ભાવ ભાવે છે. આ બધા વિવિધ ભાવોમાં ઉપયોગ રાખી તેની યોગ્ય રીતે નિર્જરા કરવી તે ખુબ દુષ્કર કાર્ય છે. અને એ કાળની જીવની શક્તિ પ્રમાણે તે અસંભવ જેવું છે. તેથી શ્રી પ્રભુએ યોગ્ય રીતે જ બોધ્યું છે કે શક્તિ ન આવે ત્યાં સુધી નિર્જરા કરવા કરતાં સંવર કરવા પર લક્ષ આપવું.

સંવર પર વિશેષ લક્ષ કેંદ્રિત કરવાથી અપેક્ષાએ ઉત્તમ પ્રકારનો સંવર જીવ કરી શકે છે. જો સંવર ઉચ્ચ કક્ષાનો હોય તો આહાર પણ ઉત્તમ પ્રકારનો મળે. ઉત્તમ આહાર મળતાં ઉત્તમ વિહાર થઈ શકે છે, કેમકે ઇન્દ્રિય અને સંજ્ઞા ઉત્તમતાએ પ્રવર્તી શકે છે. ઉત્તમ વિહાર થવાથી નિહાર પણ ઉત્તમ થાય, જેના થકી સહજતાએ જીવ કર્મથી નિવૃત્ત થાય છે. બીજી બાજુ, અસંખ્યાત સમયવર્તી જ્ઞાન હોવા છતાં જીવ

ઉત્તમતાએ સંવર કરી શકે છે, જેના આધારે વિહાર અને નિહાર પણ ઉત્તમ કરાય છે. આમ સંજ્ઞા આવવાથી જીવનો પુરુષાર્થ નિર્જરા પ્રેરિત પુરુષાર્થમાંથી ફેરવાઈને સંવર પ્રેરિત પુરુષાર્થ થતો જાય છે. તેનાં ફળમાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ મળે છે.

ભક્તિ જીવના વિકાસમાં કેવું અદ્‌ભુત કાર્ય કરે છે તે સમજ્યા પછી નક્કી થાય છે કે ભક્તિ એ પરમ વિનયવંત, પરમ યાચક અને પરમ શ્રદ્ધાળુ આત્માની, તેના આરાધ્યદેવ, ગુરુ અને ધર્મ પ્રત્યે વિશાળતા વ્યક્ત કરતી; અહોભાવથી નીતરતી, મનોયોગ, વચનયોગ અને કાયયોગથી ઉત્પન્ન થયેલી એવી આત્માની વિચારણા, વાણી અને આચરણા છે. ભક્તિ મુખ્યતાએ બે સાધનો પર આધાર રાખે છેઃ પ્રાર્થના અને આભાર.

ભક્તિની પહેલી ભૂમિકામાં ભક્ત તેના આરાધ્યદેવ પાસે એમના ગુણોથી આકર્ષાઈને એ ગુણોની પ્રાપ્તિ કરાવવા યાચના કરે છે. આ ગુણો મેળવવાની ક્રિયા કરવા ભક્તમાં ક્યા ગુણો પ્રારંભિક દશામાં હોવા ઘટે?

પ્રાર્થના યોગ્ય રીતે કરવા માટે ભક્તમાં પહેલવહેલું ગુણગ્રાહીપણું પ્રગટવું જોઈએ. જે જીવને માત્ર દોષ જોવાની જ ટેવ હોય તે ક્યારેય ઉચ્ચ કક્ષાનો ભક્ત બની શકતો નથી. દોષ દૃષ્ટિને વિદાય કરવાથી જ ઉત્તમ ભક્તના ગુણો જીવમાં ખીલવા લાગે છે. સાચો ભક્ત ગુણોનો પ્રેમી હોય છે, તેથી ગુણોને મેળવવા માટે ભક્ત ચારેકોર પોતાની દૃષ્ટિ ફેરવતો રહે છે. ગુણો પર દૃષ્ટિ એકાગ્ર કરનાર ભક્ત સહજતાએ પોતાનાં અંતરાય કર્મ તોડતો જાય છે, અને આત્મિક ગુણોને ધ્રુવકાંટો બનાવનાર ભક્ત સંસારની સુખબુદ્ધિ ક્ષીણ કરતો જાય છે. અને તેમ કરવામાં તેને શ્રી સદ્‌ગુરુની સહાય નિરંતર મળતી રહેતી હોય છે.

પુણ્યના અપૂર્વ યોગથી તથા ઉદયથી જીવને પૂર્વના ઋણાનુબંધી એવા પરમ કલ્યાણસ્વરૂપ સદ્‌ગુરુનો ભેટો થાય છે ત્યારે તે જીવ સદ્‌ગુરુનાં મુખમુદ્રા પર, વચનમાં અને સમાગમમાં તે ગુણોને નીતરતા – ફેલાતા જોઈ શકે છે. ગુણગ્રાહીપણાના પોતાના ગુણની સહાયથી તે જીવ સદ્‌ગુરુના ગુણોથી આકર્ષાઈ તેમની પાસે જવા સહજતાએ

ઇચ્છે છે. આ ક્રિયા કરવાથી ભક્તમાં બીજો ગુણ પ્રગટ થાય છે – ગુણોના ધારક આત્મા પ્રતિનો સહજ પ્રેમનો આવિર્ભાવ. જે ભક્ત ગુણોનો સાચો રાગી હોય છે તે અન્ય પદાર્થ પ્રતિ સમભાવી અને સમદર્શી થાય છે, એટલે કે અનન્ય ગુણોના ધારક એવા આત્માના બાહ્ય ઉદયો, બાહ્ય દેખાવો, તેની ભૌતિક સ્થિતિ, બાહ્ય સંજોગો આદિ તેની દૃષ્ટિએ ગૌણ થઈ જાય છે. અને તે આત્માના આંતરિક ગુણો, તે ગુણોને વિકસાવવાની વૃત્તિ, ગુણ ધારણ કરવાની વધતી જતી શક્તિ, સાંસારિક પદાર્થો પ્રતિની તેની નિસ્પૃહતા, શુભાશુભ ઉદયો વચ્ચે તેમનાથી જળવાતી સમપરિણતી આદિ વિશે તે ભક્તનું પ્રધાનપણું થતું જાય છે. ભક્તના ખીલતા આ ગુણને કારણે સહજતાએ તેનો માનભાવ તૂટતો જાય છે. ગુણોની આ લાક્ષણિકતા પર ભાર મૂકાતાં ભક્ત સહજપણે આરાધ્ય પાસે પ્રાર્થના કરે છે. આ પ્રાર્થનામાં તે પોતાનું અલ્પત્વ અને આરાધ્યદેવનું મહત્ત્વ તથા વિશાળત્વ સ્વીકારે છે. આરાધ્યદેવના ગુણોની બહુલતા તથા વિશાળતા જોઈ, અનુભવી ભક્ત એના જેવા પોતાને બનાવવા માટે યાચના કરે છે.

વિવેકપૂર્વક (rationally) વિચારતાં કોઈ પણ જીવને નવાઈ લાગે કે આ ભક્ત પોતાની શક્તિનો પૂરો વિચાર કર્યા વિના, આવા અકલ્પ્ય ગુણોની માંગણી કઈ રીતે કરે છે? આનો ઉત્તર મેળવવા માટે કર્મરચનાની થોડી જાણકારી જરૂરી બને છે.

કોઈ પણ કર્મબંધનના મૂળમાં મુખ્ય અંતરાય કર્મ બંધાય છે, અને એ અંતરાય કર્મ ઉપર મૂળ કર્મ બેસે છે. આ અંતરાય કર્મ તથા મૂળ કર્મ પર સંસારની સુખબુદ્ધિથી બનેલો ધાબળો બેસે છે. અંતરાયનો આ ધાબળો (ગોદડું) થવાનું મૂળ કારણ જીવનું અજ્ઞાન છે. આ બંધારણ – formation સર્વ કર્મને લાગુ પડે છે. તે પરથી આપણને સમજણ મળે છે કે અંતરાય કર્મ તથા સુખબુદ્ધિ એ બીજાં બધાં કર્મનાં આધારરૂપ છે. જ્યારે ભક્ત ગુણોનો રાગી થાય છે ત્યારે તે ગુણાનુરાગીપણાથી સહજતાએ અંતરાય કર્મનું ઉપરનું પડ (layer) અને સુખબુદ્ધિ તોડે છે. આ બંનેની અલ્પતા થતાં જીવને પોતાની આત્મદશા કરતાં વધારે વીર્ય મળે છે. સુખબુદ્ધિ તૂટી હોવાથી તેને મળેલું વીર્ય માત્ર પરમાર્થ માટે વાપરવાની ભાવના થાય છે. એ ભાવ પૂરા કરવા તેની સામે તેના આરાધ્યનું ચિત્ર ખડું થાય છે. તેના આરાધ્યદેવનાં કલ્યાણનાં

પરમાણુઓ ભક્તના ગુણગ્રાહીપણા સાથે સેતુ બાંધે છે; અને ભક્તને ગુપ્ત ગુણોનાં દર્શન કરાવે છે. શુભ દર્શન થવાથી ભક્ત પોતામાં ઉત્પન્ન થયેલા વીર્યનો ઉપયોગ, આ ગુણોની પ્રાપ્તિની માંગણી કરવામાં વાપરે છે. આમ આ ભક્ત સહજતાએ આ અકલ્પ્ય ગુણોની માંગણી કરે છે. આ માંગણી થવાથી બંધાયેલો સેતુ વધારે મજબૂત બને છે, તેથી આરાધ્યદેવનાં કલ્યાણનાં પરમાણુઓ વેગથી ભક્તને આરાધ્યની નજીક લાવે છે.

ભક્ત જ્યારે આ ચમત્કારરૂપ ગુણોની પ્રાપ્તિ પોતાનામાં જુએ છે ત્યારે તેને સ્પષ્ટતાથી લક્ષ થાય છે કે એ પ્રાપ્તિ સ્વતંત્ર રીતે કરવી હોય તો પોતાનાં ગજા બહારની વસ્તુ છે, માટે આ પ્રાપ્તિ કરાવવાનો યશ માત્ર આરાધ્યદેવને જ જાય છે. આ સમજણથી એ ભક્ત સહેજે આભારરૂપ અહોભાવના ભાવ આરાધ્યદેવ માટે વ્યક્ત કરે છે. આવા અહોભાવના વેદનથી ભક્ત સહજતાએ પાંચ મહાવ્રતનું પાલન સૂક્ષ્મતાએ કરવા લાગે છે. તે કઈ રીતે થાય છે તે સમજીએ.

જીવ કે ભક્ત જ્યારે આરાધ્યદેવ માટે હ્રદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે ત્યારે તે સાહજિકતાથી આરાધ્યદેવના ઉપકારને યોગ્ય મહત્તા આપે છે. તે કારણથી એ જીવ આરાધ્યદેવને ઉપકાર કરવા માટે કાર્યસિદ્ધિનો હેતુ ગણે છે, અને એ દ્વારા આરાધ્યના ઉપકારને યોગ્ય રીતે યશ આપી, આરાધ્યદેવની ભાવ અહિંસામાં તત્પર બને છે.

આભારના આવા ઉત્તમ ભાવના વેદનથી ભક્ત આરાધ્યદેવની જે સહાયતા મળી તેનો આત્માથી એકરાર કરે છે, અને એ રીતે તે સત્ય વ્રતનું પાલન કરે છે.

વળી, ભક્તે કાર્યસિદ્ધિ કરવા માટે આરાધ્યદેવ પાસેથી જે કલ્યાણનાં પરમાણુઓ મેળવ્યાં હોય છે, તે કલ્યાણકાર્યનો આભાર માની જીવ પોતાની શક્તિ અનુસાર આ આરાધ્યદેવનાં કાર્યનો જયજયકાર કરે છે. જયજયકારના ભાવને વેદવા માટે તેણે પુદ્ગલની સહાય લેવી પડે છે. આરાધ્યદેવનો આભાર માનવાની ક્રિયાથી તેણે જે પુદ્ગલનાં પરમાણુઓ ગ્રહણ કર્યાં છે, એ જ પુદ્ગલ પરમાણુઓને આભારનાં પુદ્ગલ પરમાણુરૂપે તે પાછાં વાળે છે. આ રીતે એ જીવ પુદ્ગલની ચોરી કરતાં બચી

જાય છે. જેટલાં અંશે આભાર માનવાની પ્રક્રિયા શુધ્ધ થાય તેટલા અંશે ચોરીની અલ્પતા થાય છે.

યોગ્ય આભારભાવ વેદવા માટે તે ભક્તે સ્વરૂપની શાંતિ અને સ્થિરતામાં સ્થિત થવું અનિવાર્ય થાય છે; તેથી આભારભાવ વેદતાં ભક્ત સહજતાએ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે છે.

ભક્ત આભારભાવ માણતી વખતે જેટલા અંશે તે અચૌર્યવ્રત પાળે છે, તેટલા અંશે તે સહજતાએ અપરિગ્રહવ્રતનું પાલન કરે છે. કારણ કે જે કલ્યાણનાં પરમાણુઓ તે ગ્રહે છે એને એ જ સમયે તે પરમાણુઓને આભારનાં પુદ્‌ગલ પરમાણુરૂપે પાછા વાળે છે.

આ સમજણ પર વિચારણા કરતાં સ્પષ્ટ સમજાશે કે ભક્ત જ્યારે માત્ર શુદ્ધ ભક્તિમાં જ રહે છે ત્યારે તે સહજતાથી સૂક્ષ્મતાએ પાંચે મહાવ્રતનું પાલન કરી શકે છે.

ભક્તિમાર્ગને સર્વ સમર્થ જ્ઞાનીઓએ સરળ, સુગમ અને સહજ માર્ગ કહ્યો છે. તેનું કારણ વિચારતાં સમજાય છે કે ભક્તિમાર્ગને તો જીવ અસંજ્ઞીપણાના એકેંદ્રિયપણાથી આરાધી શકે છે. આપણે જાણીએ છીએ કે અસંજ્ઞી જીવ સત્પુરુષના શુભ યોગથી જ આગળ પ્રગતિ કરી શકે છે. આ પ્રગતિ એટલે સંભવિત થાય છે કે, એ અસંજ્ઞી જીવ સહજતાએ એ સત્પુરુષના શુભ યોગનો ભક્ત બની, પોતાના અશુભભાવને છોડી શુભભાવમાં આવે છે. આ બિનશરતી (unconditional) પરિવર્તન એ જીવની નિમિત્તાધીન ભક્તિને લીધે સંભવિત બને છે. જે માર્ગ જીવ અસંજ્ઞીપણામાં પણ, એકેંદ્રિયરૂપે પણ અનાદિકાળ પહેલાંથી સેવી શકે છે, તે માર્ગ સહજ, સરળ અને સુગમ હોય તે સમજી શકાય તેમ છે.

બીજી અપેક્ષાએ, અન્ય સર્વ માર્ગો જેવા કે જ્ઞાનમાર્ગ, ક્રિયામાર્ગ, યોગમાર્ગ આદિ સંજ્ઞીપણું મેળવ્યા પછી જ જીવથી સેવી શકાય છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે અન્ય સર્વ માર્ગોમાં (જ્ઞાન, ક્રિયા, યોગાદિ) જીવે સંજ્ઞાનો ઉપયોગ વધારે કરવો પડે છે.

સંજ્ઞાના ઉપયોગથી જીવે ભૂત, વર્તમાન અને ભાવિની લાગણીઓ, ભાવો, ટેવોની ભેળસેળ વચ્ચે માર્ગની યથાર્થતા સેવવી પડે છે. અ બધામાં સંજ્ઞાના વિશેષ ઉપયોગને કારણે સમાનતા ઘટતી જાય છે. અને કંથવા જેવા મનના વિભિન્ન ભાવો પ્રમાણે એને માર્ગની સિદ્ધિ મળે છે, એટલે કે તેને માટે તેનાં મનના પ્રત્યાઘાત પ્રમાણે માર્ગમાં ભિન્નતાઓ વધે છે, જેથી એ માર્ગ અઘરા અને ગહન થતા જાય છે. પરિણામે વધારે પુરુષાર્થ હોવા છતાં ઓછું ફળ તેને મળે છે.

આ પરથી લક્ષમાં આવશે કે સંજ્ઞા એ ખૂબ ગૂંચવણભર્યો પદાર્થ છે. સંજ્ઞા મળતાં જ જીવ ભૂત, વર્તમાન અને ભાવિમાં ઉદયમાં આવનાર કર્મો માટે વર્તમાનમાં જ ભાવ કરવા લાગે છે. આ કાર્યથી શુદ્ધિના માર્ગોનું રૂપાંતર થાય છે. અસંજ્ઞીપણામાં જીવ માત્ર વર્તમાનમાં વર્તતા કર્મો વિશે જ ભાવ કરે છે, તેથી જીવની શુદ્ધિ માટે સંવર કરતાં નિર્જરા વધારે ઉપકારી બને છે. કેમકે જો એ જીવ નિર્જરાના ભાવમાં હોય તો તે વખતે તે આશ્રવના ભાવ કરી શકતો નથી. જીવને અસંજ્ઞીપણામાં એક ભાવ ચાલુ થાય તેમાં નિમિત્ત ફરે ત્યારે જ ફેરફાર થાય છે; તેથી જ્યારે તેનું નિમિત્ત ફરે છે ત્યારે જ ભાવમાં પલટો આવે છે.

આ પ્રમાણે સંજ્ઞા આવવાથી જીવનાં કર્મ બાંધવાનાં કારણો તથા શક્તિ ઘણાં વધી જાય છે. જીવ મળેલી શક્તિનો મોટાભાગે દુરુપયોગ કરી, કર્મો વધારી, સંજ્ઞીપણું ગુમાવી અસંજ્ઞી થઈ એકેંદ્રિયપણામાં પણ જઈ બેસે છે. સંજ્ઞા મેળવ્યા પછી વિરલા અલ્પ જીવો જ અનંત સુખ તથા અનંત શાંતિવાળી અસ્ખલિત સિદ્ધિને અનંતકાળ માટે પ્રાપ્ત કરે છે. ધન્ય છે! એ અલ્પ વિરલા જીવોના પુરુષાર્થને, એ જીવોનાં આંતરધ્યેયને! કે જે જીવો વીર્ય મેળવ્યા પછી પણ માત્ર શાશ્વત સુખનાં ધ્યેયને પ્રાધાન્ય આપી સર્વોત્કૃષ્ટ શુદ્ધિરૂપ સર્વોત્કૃષ્ટ સિદ્ધિ માટે પરમાર્થ લોભી બને છે! આ વિરલા જીવો, અન્ય સર્વ જીવો કરતાં વિરુધ્ધ દિશામાં કેવી રીતે પુરુષાર્થ કરી શકે છે?

અંતરંગદષ્ટિ કરતાં સમજાય છે કે જેમ જીવને અતિ દુષ્કર એવું સત્પુરુષનું શુભ નિમિત્ત અસંજ્ઞીદશામાં પણ મળી રહે છે, એવી જ રીતે જ્યારે અસંજ્ઞીપણામાં


તેને સત્પુરુષ, કલ્પવૃક્ષ સમાન વ્યક્તિમાં પંચપરમેષ્ટિ અથવા ભાવિ પંચપરમેષ્ટિરૂપ સત્પુરુષની મીઠાશ મહદ્ અંશે અનુભવાય છે, ત્યારે એ જીવ આ દિશામાં પ્રગતિ કરે છે. એ વિરલા જીવોને પંચપરમેષ્ટિ ભગવંતનું સુષુપ્ત આજ્ઞાકવચ મળે છે. આવું આજ્ઞાકવચ જીવને નિયમથી છેલ્લા આવર્તનમાં મળે છે. એટલે કે તેને પ્રત્યેક વિકાસનાં પગથિયે ઉત્તમ પુરુષાર્થી જીવનું નિમિત્ત મળે છે. ઉદા.ત. ભાવિ તીર્થંકરને તેના વિકાસનાં પ્રત્યેક પગલે તીર્થંકર અથવા તો જેનું નામકર્મ બંધાઈ ગયું છે તેવા ભાવિ તીર્થંકરનું નિમિત્ત આવે છે. અન્ય જીવો પંચપરમેષ્ટિ ભગવંતમાંના કોઈ એક આત્માનું નિમિત્ત પામે છે. તેથી તે જીવ જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિય થાય છે ત્યારે તેને મળેલાં વીર્યને આધારે, અને આજ્ઞાકવચની પ્રાપ્તિના આધારે તે મળેલાં વીર્યનો સદુપયોગ કરતો થાય છે. તેનાં ફળરૂપે તે મળેલાં આજ્ઞાકવચને મજબૂત કરનાર સત્દેવ, સદ્‌ગુરુ, સત્પુરુષ અને સત્ધર્મનો આશ્રય લેતાં શીખે છે, આ આશ્રયથી તે પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓ વધારે ગ્રહણ કરી શકે છે. આથી આ જીવ અન્ય જીવો કરતાં અપેક્ષાએ વિશેષ આજ્ઞાધીન થઈ શકે છે. એનાં આવા આજ્ઞાધીનપણાથી એ જીવ વધારે તીક્ષ્ણતાથી પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓ ગ્રહણ કરે છે. આ પ્રક્રિયાને શ્રી જ્ઞાની ભગવંતોએ 'ૐ ગમય આણાયં, આણાયં ગમય ૐ' તરીકે ઓળખાવી છે. તેનો અર્થ આ પ્રમાણે થાય છે, 'ૐ રૂપી પંચપરમેષ્ટિ ભગવંત જીવને જે ભાવથી આજ્ઞામાં લઈ જાય છે, એ જ આજ્ઞા એ જીવને ૐ રૂપી પંચપરમેષ્ટિ ભગવંતનો સંપર્ક વધારે શુદ્ધિથી અને શુક્લતાથી કરાવે છે.'

આજ્ઞાધીન પંચપરમેષ્ટિ ભગવંતથી મળેલ આજ્ઞાકવચની સહાયથી જીવ શુદ્ધિ તરફ કેવી રીતે જાય છે, તે સમજવા માટે આપણે પૂર્ણ આજ્ઞાધીન અને અપૂર્ણ આજ્ઞાધીન જીવની કર્મક્ષય કરવાની પ્રકૃતિનો ભેદ જાણવો જરૂરી છે. એ માટે આપણે કર્મપ્રકૃતિનો વિચાર કરવો જોઇએ.

આપણે પૂર્વે જાણ્યું તે પ્રમાણે અંતરાય કર્મ જીવના વિભાવમાં કર્તાપણા સાથે અતૂટ સંબંધ ધરાવે છે. સિદ્ધાંત પ્રમાણે વિભાવ પર્યાયના દરેક સમયે જીવ સાત અથવા આઠ પ્રકારનાં કર્મ બાંધે છે, અને તે પ્રત્યેક સમયે તે જીવ પોતાના કર્તાપણાના

ભાવને જાળવી રાખે છે, તેને છોડતો નથી. તેથી અંતરાય કર્મ સર્વ કર્મનાં બંધન સાથે સંબંધ ધરાવે છે. જે સમયે જીવ વિભાવમાં હોય છે તે સમયે તે પોતાને આત્માથી વિમુખ કરે છે, અને તે રીતે તે સતત અંતરાય બાંધતો રહે છે.

આ બીજી અપેક્ષાથી વિચારીએ ત્યારે જણાય છે કે જીવ જ્યારે વિભાવમાં જાય છે ત્યારે તે પોતાના આત્માને તેના સહજ સ્વરૂપથી તત્કાલ વંચિત કરે છે. તેથી વિભાવ કરતી વખતે જીવ અંતરાય કર્મ બાંધવા સાથે કર્મની મૂળ સાત કે આઠ પ્રકૃતિનો બંધ કરે છે. કર્મના આ બંધારણને કારણે આત્મા પરોક્ષ રીતે પોતાનાં સ્વરૂપથી વંચિત થાય છે, તેથી ફરીથી નવી અંતરાય તે બાંધે છે. આમ પ્રત્યેક કર્મની બાહ્ય રૂપરેખા (broad outline) આ જાતની થાય છે.




આ આકૃતિ પરથી સ્પષ્ટ થશે કે કોઈ પણ કર્મબંધન વખતે વિભાવ પ્રેરિત અંતરાય કર્મ (અંતરાય કર્મની પ્રથમ પ્રકૃતિ) સાથે સાથે સુખ બુદ્ધિનું કવચ હોય જ છે. અને તેના પર મૂળ કર્મ છવાય છે. આ મૂળ કર્મ પર અંતરાય કર્મની બીજી પ્રકૃતિ – કર્મ પ્રેરિત અંતરાય કર્મ સ્થપાય છે.

નિર્વાણમાર્ગનાં મૂળ ત્રણ પગથિયાં છે. સંવર, નિર્જરા અને ગુણોનો આશ્રવ. આમાં પહેલાં બે પગથિયાં કર્મક્ષયને આરાધનનો મૂળ ધ્રુવકાંટો બનાવે છે, અને ત્રીજું પગથિયું ગુણના આશ્રવને આરાધન કરવામાં ધ્રુવકાંટો બનાવે છે.આ ત્રણે પગથિયાંના મિશ્રણથી મુખ્યતાએ બે માર્ગ ફંટાય છે. (૧) આત્મિક શુદ્ધિનો માર્ગ. (૨) સર્વોત્કૃષ્ટ સિદ્ધિનો માર્ગ.

આત્મિક શુદ્ધિના માર્ગમાં જીવ કર્મક્ષયને આરાધનામાં ધ્રુવકાંટો બનાવે છે, અને તે પોતાના સંવર તથા નિર્જરાના પુરુષાર્થને વધારતો જાય છે. આ પુરુષાર્થની ટોચ એટલે મહાસંવરનો માર્ગ. આ માર્ગમાં જીવ ઉત્કૃષ્ટ સંવર અને ઉત્કૃષ્ટ નિર્જરા એકસાથે, એક સમયે કરે છે. આ પુરુષાર્થમાં કર્મ સામે ધ્રુવકાંટો રહેતો હોવાથી, જીવ પુરુષાર્થ કરી કર્મ પ્રેરિત અંતરાય કર્મનો ક્ષય કરી શકે છે અને સાથે સાથે મૂળ કર્મનો પણ ક્ષય કરે છે. પરંતુ જ્યાં તેનો પુરુષાર્થ સુખબુદ્ધિના કવચ પાસે આવે છે ત્યાં ઉચ્ચ ગુણાશ્રવનો સાથ ન હોવાને લીધે તે પહેલાં શાતાવેદનીય માટે મોહ કરે છે, પરિણામે સુખબુદ્ધિના કવચના ક્ષયની ભૂમિકા સુધી પહોંચતા સુધીમાં તેનો પુરુષાર્થ મંદ થઈ જાય છે. જો એનો પુરુષાર્થ થોડો વિશેષ એટલે કે મધ્યમ પ્રકારનો હોય તો તે શાતાવેદનીયમાં ન મોહાતાં કર્મક્ષયની સુખબુદ્ધિમાં મોહાઈ જાય છે. તેથી કર્મક્ષયની સફળતા મળતાં પોતે માનભાવ વેદી પુરુષાર્થને મંદ કરે છે. જો તે જીવ તીવ્ર પુરુષાર્થી હોય તો તે શાતાની સુખબુદ્ધિ તથા કર્મક્ષયની સુખબુદ્ધિનો ત્યાગ કરી શકે છે, પણ પરમાર્થ લોભની સફળતાની સુખબુદ્ધિનો તે ત્યાગ કરી શકતો નથી. જેટલા અંશે આ સુખબુદ્ધિને તે છોડી શકે છે એટલા અંશે એ વિભાવ પ્રેરિત અંતરાયનો ક્ષય કરી શકે છે. પણ આત્મિક શુદ્ધિના માર્ગમાં પરમાર્થ લોભની સફળતાની સુખબુદ્ધિનો સંપૂર્ણ ત્યાગ કરવો અસંભવિત થાય છે, તેથી આ માર્ગ ઈચ્છનીય હોવા છતાં પૂર્ણ માર્ગ નથી, અપૂર્ણ માર્ગ છે.

સર્વોત્કૃષ્ટ શુદ્ધિના માર્ગમાં જીવ ગુણાશ્રવને આરાધનનો ધ્રુવકાંટો બનાવે છે, અને કર્મક્ષયનાં લક્ષનો ત્યાગ કરે છે. આમ થતાં તે જીવ સહજતાએ પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓ ગ્રહણ કરે છે, અને તેનાં સાથથી અપૂર્વ પુરુષાર્થ કરી તે જીવ

કર્મ પ્રેરિત અંતરાય કર્મ, મૂળ કર્મ, શાતાવેદનીયની સુખબુદ્ધિ, કર્મક્ષયની સુખબુદ્ધિ અને પરમાર્થ લોભની સફળતાની સુખબુદ્ધિને ગુણવૃદ્ધિ તથા ગુણગ્રાહકપણાના લોભથી ત્યાગે છે. આમ કરીને તે જીવ વિભાવ પ્રેરિત અંતરાય કર્મનો પૂર્ણ ક્ષય કરી શકે છે. આ કાર્યથી જીવ પરમાર્થ શુદ્ધિ વધારવા સાથે વ્યવહારશુદ્ધિ પણ વધારે છે, અને આજ્ઞા, આજ્ઞા અને માત્ર આજ્ઞારૂપી સાથી દ્વારા આત્મિક, વ્યવહારિક અને નિશ્ચયનાં સર્વ સંકટોનો ત્યાગ કરે છે.

આજ્ઞામાર્ગની તેને સહાય મળી હોવાથી પોતાને મળેલી સફળતા કે પ્રાપ્તિ માટે તેને સંતોષ થતો નથી, બલ્કે તેને વધારે તીવ્ર લોભ થાય છે. આ તીવ્ર બળવાન અપૂર્વ પરમાર્થ લોભ તેને અન્ય કષાયો કરતાં બચાવે છે; અને તે અતિ સહેલો, સરળ અને સુગમ ભક્તિમાર્ગ એકધારો સેવી શકે છે. ભક્તિમાર્ગ ભક્ત માટે અતિ સુંદર, સહેલો અને સરળ માર્ગ છે. પણ સ્વચ્છંદી કે મનસ્વી જીવ માટે એટલો જ, અતિ દુષ્કર માર્ગ છે. જે ભક્ત છે તે આ માર્ગને સહજતાથી આજ્ઞાધીનપણે સેવી શકે છે. ભક્તિમાં જ્યારે આજ્ઞા ભળે છે ત્યારે એ જીવ લોભરૂપ અવગુણને ગુણગ્રાહકપણાના સદ્‌ગુણમાં બહુ સહેલાઈથી પરિણમાવે છે. ગુણગ્રાહકતા જેવો અતિ ઇચ્છનીય ગુણ પ્રગટાવવો કેવી રીતે?

ગુણગ્રાહકતાની ખીલવણી અન્ય બે ગુણો પર આધારિત છે. તે છે વિનય અને આભાર. સર્વોત્કૃષ્ટ શુદ્ધિ માટે વિનયાભારનું આજ્ઞાચક્ર અનિવાર્ય છે. સંજ્ઞા આવ્યા પછી જીવ માટે વિનય અને આભાર એ બે ભક્તિમાર્ગના મુખ્ય પાયા છે. આ બે પાયા આત્માને પરમાત્મા બનાવવા માટે સર્વોત્કૃષ્ટ શુદ્ધિ આપે છે તે કઈ રીતે?

વિનય એ પોતાની અલ્પતા અને દાતારની મહત્તાની કબૂલાતથી ઉપજતી જીવની સહજ આત્મિક ચેષ્ટા છે. વિનય ગુણમાં જીવ શુદ્ધિના લોભને પ્રાધાન્ય આપી, પ્રાપ્ત થયેલી સર્વ શક્તિ અને સિદ્ધિ પ્રત્યેનો ઐહિક માનભાવ ત્યાગે છે. તે વિનમ્ર ચિત્તથી પ્રાર્થના પ્રેરિત પ્રાર્થના, ક્ષમાપના, મંત્રસ્મરણ અને ધ્યાનનાં અપૂર્વ આરાધનને કલ્યાણનાં પરમાણુના સાથ દ્વારા માગે છે. આ વિનંતિને લીધે જીવને કલ્યાણનાં યોગ્ય પરમાણુઓ શ્રી પંચપરમેષ્ટિ ભગવંત પાસેથી મળે છે. જેનાં ઉપયોગથી એ કર્મપ્રેરિત

અંતરાય કર્મ અને મૂળ કર્મનો ક્ષય કરે છે. મૂળ કર્મનો ક્ષય થવાથી જીવને વિનય પાછળ પરમાર્થ લોભ મળે છે.

આ વખતે જે જીવ અપૂર્ણ આજ્ઞામાં હોય છે તે સફળતારૂપ પ્રાપ્તિના આધારે માનભાવમાં સરી જાય છે, પણ જે જીવ પૂર્ણ આજ્ઞામાં હોય છે તે જીવને લક્ષ રહે છે કે મને જે કંઈ પ્રાપ્તિ થઈ છે તે મારા આધારે નહિ, પણ પંચપરમેષ્ટિ આદિ દેવ, ગુરુ અને ધર્મના પ્રતાપથી થઈ છે. તેથી તે પ્રાપ્તિ માટે તે જીવ માનભાવમાં ન જતાં અહોભાવમાં જાય છે. અહોભાવ અને આભારભાવને લીધે જીવ સહજતાએ પાંચ મહાવ્રતનું પાલન સૂક્ષ્મ રીતે કરે છે. આ મહાવ્રતનું પાલન જીવ ત્યારે જ કરી શકે કે જ્યારે તે સંસાર અને પરમાર્થની સુખબુદ્ધિનો ત્યાગ કરી માત્ર આજ્ઞામાર્ગનું જ આરાધન કરતો હોય. આજ્ઞાનાં આવા આરાધનથી જીવ ગુણગ્રાહકપણાના ઉચ્ચ પુરુષાર્થમાં સરકે છે. અને આગળ વધતાં ગુણોનો સ્વામી થાય છે.

આજ્ઞાનાં આરાધનમાં જીવ પોતાના કર્તાપણાના ભાવને, ઉચ્ચ આત્માઓના સમૂહ એવા શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનાં શરણમાં સોંપે છે. જો જીવ જઘન્ય એવા સાધુસાધ્વીજીની આજ્ઞા પાળે છે, તો પણ તેમાં તેને સફળતા મળતાં તે જીવ સહેજે મળેલાં કલ્યાણનાં પરમાણુઓને લીધે ઉપાધ્યાયજી માટે ઉપકાર બુદ્ધિ, આજ્ઞાબુદ્ધિ અને પૂજ્યભાવ સેવે છે. વળી, એ જીવ સાધુસાધ્વીરૂપ પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુ દ્વારા સહજતાએ વિનયાભાર ગુણમાં ઉપાધ્યાયજીના ગુણો પ્રત્યે લોભ વેદે છે. જો એ વખતે તેને સિદ્ધિ થવાની હોય તો એ સિદ્ધિને અનુરૂપ પાંચ સમવાય મળે છે. અને એ વખતે જો તે પ્રભુકૃપાથી ઉપાધ્યાયજીના ગુણોને પ્રાપ્ત કરવા ઉપાધ્યાયજીના સાથની માગણી કરે છે તો એ ઉપાધ્યાયજીરૂપ પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓના સમૂહને ખેંચે છે. આ સમૂહમાં ઉપાધ્યાયજીએ વેદેલા આચાર્યજી માટેના વિનયભાવ અને અહોભાવનાં પરમાણુઓ પણ હોય છે, તેથી ઉપાધ્યાયજી પ્રેરિત કાર્યસિદ્ધિ થયે તે જીવ તેના માનભાવમાં જવાને બદલે શ્રી આચાર્યજીના ગુણપ્રાપ્તિના લોભમાં જાય છે. આ રીતે જીવ ઉત્તરોત્તર ગણધર પ્રભુ, અરિહંત પ્રભુ અને સિદ્ધપ્રભુનો અભિલાષી બની, પોતામાં વર્તતા માનભાવને

ત્યાગતો જાય છે. પરિણામે તેને પંચપરમેષ્ટિ ભગવંતના ઉત્તરોત્તર ઉચ્ચ પરમાણુઓ મળવા સાથે તેમનામાં રહેલું ઉચ્ચ, ઉચ્ચતર અને ઉચ્ચતમ આજ્ઞાધીનપણું પણ મળતું જાય છે. એમાં તે આજ્ઞાધીનપણાની શાંતિ વેદે છે તેમ જ માણે છે.

મળતી શાંતિની મહત્તા સમજાતાં જીવ કર્મ સામેનું લક્ષ ત્યાગી વધુ ને વધુ ગુણગ્રાહી થતો જાય છે, ગુણ ગ્રહણ કરવા પ્રતિ તે પોતાનું લક્ષ કેંદ્રિત કરતો જાય છે. એના થકી તેને સર્વોત્કૃષ્ટ શુદ્ધિ તેમજ સર્વોત્કૃષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થતાં જાય છે. આવી સર્વોત્કૃષ્ટ શુદ્ધિ તથા સિદ્ધિ મેળવી તે આત્મા સિદ્ધભૂમિમાં સ્થિર થાય છે.

શ્રી સિદ્ધ ભગવાનનો આત્મા સદાકાળ માટે સિદ્ધભૂમિમાં અનંતજ્ઞાન, અનંત દર્શન, પરમ સ્વરૂપની વેદકતા, યથાખ્યાત ચારિત્ર, અરૂપીપણામાં અગુરુલઘુ ગુણ સાથે અક્ષય અને અડોલ સ્થિતિમાં સ્વરૂપ સુખનો કર્તાભોક્તા બની ચેતનઘન સ્વરૂપે સ્થિર રહે છે. આ અદ્‌ભુત દશાને મેળવવા માટે જીવે શું પુરુષાર્થ કરવો જોઈએ? એ છે આ પ્રકરણનો વિષય 'સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ.' અહીં શુદ્ધિ એ કાર્ય કે કારણ છે અને સિદ્ધિ એનો પ્રત્યાઘાત કે પરિણામ છે. જ્યાં કાર્યકારણ સર્વથી ઉત્કૃષ્ટ હોય ત્યાં પરિણામ પણ સર્વથી ઉત્કૃષ્ટ હોય. જ્યાં શુદ્ધિ આત્મિક છે ત્યાં સિદ્ધિ પરમાર્થિક છે.

અહીં આપણને સ્વાભાવિક રીતે જ જાણવાની જિજ્ઞાસા થાય કે આત્મિક શુદ્ધિ અને સર્વોત્કૃષ્ટ શુદ્ધિ વચ્ચે શું ફરક છે? તેમજ પરમાર્થિક સિદ્ધિ અને સર્વોત્કૃષ્ટ સિદ્ધિ વચ્ચે શું તફાવત છે?

કરુણાવંત પ્રભુ આપણને યોગ્ય ભક્ત બનાવવા પરમ જ્ઞાનદાન આપે છે. એ જ્ઞાનદાનને ઝીલવા યોગ્ય બનવા અમને યોગબળ, વીર્ય અને ચારિત્રની વિશુદ્ધિ આપો એ જ પ્રાર્થના છે.

આત્મિક શુદ્ધિ એટલે આત્માને તેના પર લાગેલા કર્મનાં પરમાણુઓથી છોડાવવો. આત્મિક શુદ્ધિમાં જીવ સાનુકૂળ સંજોગોની ઇચ્છામાં પ્રતિકૂળ સંજોગોનો વિયોગ કરવાનો પુરુષાર્થ આદરે છે. આ પ્રક્રિયાનો સૂક્ષ્મતાએ અભ્યાસ કરતાં

સમજાય છે કે એમાં કર્તાપણાના પરમાર્થ લોભને બળ આપવા જીવ પરમાર્થ સ્વચ્છંદમાં જઈ, ભોકતાપણામાં આજ્ઞારૂપી તપથી આજ્ઞારૂપી ધર્મને વેગ આપે છે. અર્થાત્ ભોકતાપણામાં જીવ આજ્ઞાધીન રહે છે. આમ આજ્ઞાધીન થવાથી જીવનાં અંતરાયો તૂટે છે અને વીર્ય વધે છે. વીર્ય વધવાથી એ જીવમાં સુષુપ્ત રહેલી પરમાર્થ લોભની ભાવના કર્તારૂપે ઉદિત થાય છે, અને એ પરમાર્થ સ્વચ્છંદમાં આત્મિક શુદ્ધિનું કાર્ય કરે છે. આ પ્રકારના આત્મિક શુદ્ધિના પુરુષાર્થમાં નિર્જરા પ્રેરિત સંવર છે તે દેખાય છે. નિર્જરા પ્રેરિત સંવરમાં ગુણોનો આશ્રવ ઓછો થાય છે. અને છેવટે તે નિર્જરા પ્રેરિત નિર્જરા કરે છે. આ માર્ગે આગળ વધતા જીવમાં સતત એ ભાવ રમતા હોય છે કે મારે કર્મથી નિવૃત્ત થવું છે. તે માટે હે પ્રભુ! મને ગુણોનો આશ્રવ આપો; અને કર્મોનો સંવર આપો. આ પુરુષાર્થમાં જીવ મુખ્યત્વે નિર્જરા માર્ગ, નિર્જરા પ્રેરિત સંવર માર્ગ અને બહુ પુરુષાર્થી હોય તો તે મહાસંવરના માર્ગમાં જાય છે. મહાસંવરના માર્ગથી જીવને સંવરનું મહાત્મ્ય સમજાય છે, તેથી તે પછીથી જીવ યોગ્ય રીતે પોતાના પુરુષાર્થને સમ બનાવે છે. અર્થાત્ તે જીવ સંવર તથા નિર્જરા વચ્ચે પોતાના પુરુષાર્થને સમપણે રાખે છે.

સર્વોત્કૃષ્ટ શુદ્ધિમાં જીવ આત્મિક શુદ્ધિનાં અંતિમ ધ્યેયથી પુરુષાર્થની શરૂઆત કરે છે. તેથી સર્વોત્કૃષ્ટ શુદ્ધિ માટે જીવ આત્મિક શુદ્ધિ, વ્યવહાર શુદ્ધિ, ગુણ શુદ્ધિ આદિ સર્વ શુદ્ધિ આજ્ઞાનુસાર મેળવતો જાય છે. તે જીવ પોતાના પરમાર્થ લોભને અને પરમાર્થ સ્વચ્છંદને આજ્ઞાગુણ તથા આજ્ઞા ચારિત્રમાં ફેરવે છે. સર્વોત્કૃષ્ટ શુદ્ધિના ધ્યેયમાં જીવ આ પ્રકારના પુરુષાર્થને કારણે સહજતાએ ભોકતાપણામાં તથા કર્તાપણામાં આજ્ઞાધીન બને છે. એ જીવની સર્વ ઇચ્છાઓ માત્ર એક આજ્ઞામાં રહેવાના ભાવમાં સમાય છે. તેથી તે આજ્ઞામાં સ્થિર થાય છે. જીવને આવા ભાવ ક્યારે થાય? જ્યારે તેને રોમેરોમથી, પ્રદેશે પ્રદેશથી લક્ષ થાય કે જે સુખ અને શાંતિ આજ્ઞામાં રહેવામાં છે તે સર્વોત્તમ છે, અને જે સુખ અને શાંતિ અન્ય કાર્ય કે ભાવથી ઉત્પન્ન થાય છે તે તેનાં કરતાં ઘણી ઊતરતી કક્ષાનાં છે. આ સમજણને લીધે જીવ સહજપણે સંસારની તથા પરમાર્થની સુખબુદ્ધિને આજ્ઞાનું સુખ મેળવવા માટે ત્યાગી દે છે. આ જ પ્રક્રિયાને

કારણે શ્રી સિદ્ધ ભગવાન અનંતકાળ સુધી સિદ્ધભૂમિમાં અવ્યાબાધ સુખને અનુભવી રહે છે.

પરમાર્થિક સિદ્ધિમાં નિર્જરા કરવા માટે જીવ પોતાની યોગની શક્તિને વધારે છે, સ્થિતિને વધારે છે. આમ કરવાથી જીવ જ્યારે આત્મિક શુદ્ધિ કરવાના ભાવમાં હોય છે ત્યારે તે કર્મની બળવાન નિર્જરા કરી શકે છે. પરંતુ જ્યારે તે આત્મિક શુદ્ધિનાં કાર્યથી અન્યભાવ કે સુખબુદ્ધિમાં જાય છે ત્યારે તેના ત્રણે યોગ બળવાન થયા હોવાથી એટલા જ વિશેષ કર્મોનો આશ્રવ કરે છે. કર્મોદય બળવાન થતા હોવાથી જીવ એક જ ભાવમાં, ગુણશ્રેણિમાં અથવા તો આત્મશુદ્ધિ કરવાના ભાવમાં લાંબો સમય ટકી શકતો નથી, કર્મનાં દબાણને કારણે તે અન્ય ભાવમાં જાય જ છે અને મોટો કર્માશ્રવ કરી બેસે છે. કેમકે એ વખતે તેનું આજ્ઞાધીનપણું ઓછું અથવા નહિવત્ થઈ જાય છે. તેથી પરમાર્થિક સિદ્ધિ કરવામાં જીવની શુદ્ધિ ત્યારે જ થતી જાય છે જ્યારે તે આત્મિક શુદ્ધિ કરવાનાં કાર્યમાં એકરૂપ હોય છે.

સર્વોત્કૃષ્ટ સિદ્ધિ કરવામાં જીવનો ચારિત્રમાં રહેવાનો પુરુષાર્થ આજ્ઞાધીન હોય છે. એના પરિણામે એ જીવને કર્મનો જથ્થો અને સ્થિતિ તોડવાની સમાન શક્તિ પ્રાપ્ત થાય છે. આ સિદ્ધિથી જીવને એ સુવિધા રહે છે કે જ્યારે તે ધ્યાનમાં જાય છે ત્યારે તે સ્થિતિ (રસ) તોડે છે, અને ધ્યાનમાંથી બહાર નીકળ્યા પછી તે કર્મનો જથ્થો વેગથી તોડે છે. આ પુરુષાર્થને લીધે, જ્યારે તે જીવ આત્મિક શુદ્ધિનો પુરુષાર્થ કરતો હોતો નથી, ત્યારે પણ એ વ્યવહાર શુદ્ધિ જાળવતો રહે છે, અને એ નિમિત્તથી કર્મોનો જથ્થો વિશેષ કાઢતો રહી આત્માને શુદ્ધ કરતો રહે છે. આ જથ્થો જવાથી જીવનાં પરમાર્થનાં અંતરાયો ક્ષીણ થતાં જાય છે. તેનાં ફળરૂપે ફરીથી વિશેષતાએ કર્મસ્થિતિ તોડવા તે ભાગ્યશાળી થાય છે. આમ કરતાં કરતાં જીવ સર્વ અપેક્ષાએ (વ્યવહાર તેમજ પરમાર્થ) શુદ્ધ થતો રહે છે. પરિણામે તે જીવ મોહનીય ક્ષીણ કરવા સાથે સંસારની સુખબુદ્ધિ પણ છોડતો જાય છે. સંસારની સુખબુદ્ધિ અલ્પ થવાથી તે અંતરાય કર્મને અંતરાય ગુણમાં પલટાવે છે; જે ક્ષપક શ્રેણિની અંતરાય તોડવાનું કારણ બને છે. આવા ઉત્તમ પુરુષાર્થને કારણે તે જીવ ક્ષપક શ્રેણિમાં પ્રત્યેક ગુણસ્થાને અલ્પ

સમય રોકાઈ આગળ વધે છે. આમ ત્વરિત ગતિએ આગળ વધવાથી જીવ ખૂબ લાભ તેમજ સિદ્ધિ પામે છે.

બીજી અપેક્ષાથી વિચારીએ તો આત્માને સિદ્ધિ મુખ્ય ત્રણ કારણોથી પ્રાપ્ત થાય છે. તે છે આહારની શુદ્ધિ, વિહારની શુદ્ધિ અને નિહારની શુદ્ધિ. પ્રશ્ન ઊઠે કે આહાર, વિહાર તથા નિહારની શુદ્ધિ કરવાથી સિદ્ધિ કઈ રીતે આવે? જેમ શુદ્ધ કર્તાપણાના ભાવથી શુદ્ધ ભોક્તાપણું પ્રાપ્ત થાય છે, જેમ અંતરાય ગુણની શુદ્ધિ કરવાથી સર્વ અંતરાય કર્મ રહિત અડોલ, શુદ્ધ, સહજાનંદ સ્વરૂપસમાધિ પ્રાપ્ત થાય છે, તેમ સ્થૂળ તથા સૂક્ષ્મ આહાર, વિહાર અને નિહારની શુદ્ધિ કરવાથી ઉત્તમ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. શુદ્ધિ અને સિદ્ધિ પરસ્પર ઋણાનુબંધી છે. જેટલી શુદ્ધિ વિશેષ તેટલી સિદ્ધિ પણ વિશેષ. શુદ્ધિ એટલે આત્માની સ્વચ્છ પર્યાય તથા પરિણતિ; અર્થાત્ આત્માને પુદ્‌ગલરહિત કરવાની પ્રક્રિયાથી બીજા પાંચ દ્રવ્યને પરિણમાવવા. સિદ્ધિ એટલે આત્માનું પંચાસ્તિકાય પર વિજયત્વ અને વર્ચસ્વ. પંચાસ્તિકાય ત્યારે જ પરાજય પામે છે જ્યારે આત્મા એનાં પરિણતિ, ચેષ્ટા અને યોગ અધ્યવસાયમાં શૂન્ય અને શુક્લ થાય છે.

આત્માએ શુક્લતા પ્રાપ્ત કરવા માટે પોતાની અનાદિકાળની વિભાવમાં રહેવાની કુટેવને અને કુટેવની સુખબુદ્ધિ છોડીને, અન્ય કોઇ ઉચ્ચ ભાવના સાથે જોડાવું પડે છે. કુટેવની ખાલી પડેલી જગ્યા ઉચ્ચભાવ પૂરે છે. વિભાવનું પૂરક છે સ્વભાવ. પરંતુ અનાદિકાળના અભ્યાસને જીવ સ્વભાવદશામાં લાવે કેવી રીતે? સિદ્ધાંત છે કે 'માર્ગને પામેલો પમાડે.' એ ન્યાયે જે સ્વભાવ શુધ્ધદશાને પામ્યા છે એવા વિરલા આત્માનાં કથનને માન્ય કરી, એમની આજ્ઞાએ શ્રુત, શ્રદ્ધા અને શ્રમ અથવા અપ્રમત્ત પુરુષાર્થ કરવાથી આ સિદ્ધિ આવે છે. એમની આજ્ઞાએ તથા ઇચ્છાએ ચાલવાથી સર્વ કુસાધનો સુસાધનો બની જાય છે.

મનુષ્ય, તિર્યંચ, દેવાદિ દેહમાં મારાપણાનાં ભાવને લીધે જીવને મિથ્યાત્વરૂપી મહા અજગરે શિકાર બનાવ્યો છે, એ જ પાંચ ઇન્દ્રિયવાળો સંજ્ઞી દેહ, આજ્ઞાના મહા

જાદુ દ્વારા જીવને સુસાધન બની, સર્વ કુકર્મથી ક્રમ સહિત મુક્તિ અપાવી શકે છે. આ હકીકત શુદ્ધિ અને સિદ્ધિ વચ્ચેનો પરસ્પર સંબંધ બતાવે છે.

જે ઇન્દ્રિયો જીવને પુદ્‌ગલરૂપી સંસારી પ્રપંચનો ગુલામ બનાવી નિર્ભયપણે રખડાવે છે, એ જ ઇન્દ્રિયો જ્યારે આજ્ઞાની આજ્ઞામાં હોય છે, ત્યારે એ જ જીવને ત્રિલોકનો નાથ બનાવે છે, લોકવ્યાપી કરે છે અને તેને લોક પૂજનીય બનાવે છે.

જે પુદ્‌ગલો એને પોતાનું અસ્તિત્વ જ ભૂલાવી દે છે, એ નિર્જીવ પદાર્થ પણ જ્યારે પરમ આજ્ઞાનો સ્પર્શ પામે છે, ત્યારે એ પુદ્‌ગલો સુધારસરૂપે, કલ્યાણનાં પરમાણુરૂપે અને સ્વરૂપદર્શક બોધવાણી રૂપે જીવને પરમાંથી સ્વ તરફ દોરે છે. પરપદાર્થ જીવને પરભાવમાં લઈ જાય તે તો સમજાય તેવી બાબત છે, પરંતુ એ જ પરપદાર્થો આત્માને સ્વભાવ તરફ દોરે છે, એ સમજવા યોગ્ય તથા વિચારવા જેવી બાબત છે, તેમ છતાં તેમાં કેવી અદ્‌ભુતતા રહેલી છે!

પરમકૃપાળુ શ્રીપ્રભુ આ બાબત બોધ કરી આપણને ખુલાસો આપે છે. લોકમાં પ્રવર્તતાં છ દ્રવ્યમાં આત્મા એ સૌથી શક્તિશાળી દ્રવ્ય છે. તે અન્ય પાંચ દ્રવ્યોને પોતાના સ્વભાવ અનુસાર (સ્વભાવ એટલે સ્વએ પોતે કરેલા ભાવ અનુસાર) પરિણમાવે છે. સ્વભાવ એ સ્વભાવના ભાવ પણ હોઈ શકે અને વિભાવના ભાવ પણ હોઈ શકે. આ સાથે આત્મામાં રહેલી એક બીજી શક્તિ પણ કામ કરે છે. મળેલી સંજ્ઞાના આધારથી જીવ ભાવના કાળને ઇચ્છાનુસાર ફેરવી શકે છે. એટલે કે જીવ ભૂતકાળના ભાવને વર્તમાનનાં પરિણામ રૂપે ફેરવી શકે છે, વર્તમાનના ભાવને વર્તમાનનાં પરિણામ રૂપે ફેરવી શકે છે, અને વર્તમાનના ભાવને ભવિષ્યનાં પરિણામમાં પણ ફેરવી શકે છે. જીવની આ સિદ્ધિને લીધે પુદ્‌ગલનાં ભિન્ન ભિન્ન રૂપ, રસ, ગંધ તથા સ્પર્શ જોવા મળે છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ એ ચાર દ્રવ્યો સ્વતંત્રપણે સ્થિર રહે છે. પણ પુદ્‌ગલ જીવના ભાવની પ્રેરણાથી પર્યાય પામે છે. માટે તે દ્રવ્ય સ્વતંત્ર છતાં પરતંત્ર છે. આ હકીકતને જ્ઞાનીપુરુષો સમજી વિચારીને પોતાનાં કલ્યાણકાર્યનું સાધન બનાવે છે.

શ્રી તીર્થંકરાદિ સર્વ પંચપરમેષ્ટિ ભગવંત લોકના સમસ્ત જીવોનું કલ્યાણ વાંછે છે. આ લોકકલ્યાણના ભાવ એ જીવના સ્વતંત્ર ભાવ છે. તે ભાવ અનુસાર પુદ્‌ગલ પરમાણુઓના વિવિધ સ્કંધોની રચના થાય છે. આ પુદ્‌ગલને કલ્યાણ ભાવરસ મળતો રહે એવી રીતે અન્ય ચારે દ્રવ્યો જીવનાં કલ્યાણના આત્મભાવને કારણે, તે કલ્યાણભાવનાં પરમાણુઓને સાચવવાની આજ્ઞા મેળવે છે. જ્યાં સુધી આવા કલ્યાણભાવ કરનાર અન્ય જીવના ભાવ, આ ચાર દ્રવ્યને નવી આજ્ઞા આપતાં નથી, ત્યાં સુધી એ ચારે દ્રવ્યો સ્વતંત્રપણે એ કલ્યાણભાવનાં પરમાણુઓને અન્ય વિભાવભાવથી બચાવીને સાચવે છે. જ્યારે અન્ય કોઈ અન્ય સમાન કલ્યાણભાવ કરનાર જીવના ભાવ એ ચારે દ્રવ્યો પાસે પહોંચે છે, ત્યારે એ દ્રવ્યો સમાનભાવ ઓળખી, પરતંત્ર બની, પૂર્વનાં કલ્યાણનાં પુદ્‌ગલ પરમાણુઓને આવા ભાવ કરનાર જીવ પાસે મોકલે છે.

આ રીતે આવા કલ્યાણભાવ ભરેલા પરમાણુઓ કોઈ આત્મકલ્યાણ માગનાર જીવ પાસે પહોંચી, પુદ્‌ગલરૂપ પરપદાર્થમાં રહેલો આત્મકલ્યાણનો ભાવ કલ્યાણ માગનાર જીવમાં પ્રવેશ પામે છે. તેના થકી તે જીવનાં કલ્યાણના ભાવ વિકસે છે અને ખીલે છે. આ પ્રક્રિયા થાય તે દરમ્યાન જો એ જીવના ભાવ કોઈ કારણસર ફરી જાય તો, કલ્યાણભાવની શુદ્ધિ એ પરમાણુઓમાં ઓછી થાય છે.

કલ્યાણ માગનાર કે કલ્યાણના ભાવ કરનાર જીવ પાસે જ્યારે પૂર્વનાં કલ્યાણનાં પરમાણુઓ પહોંચે છે, તે સમયે તે જીવ જો પ્રમાદાદિ કર્મબંધના ચાર કારણોને વશ થઈ તેને પ્રાધાન્ય આપે છે તો, કલ્યાણભાવના કારણે સ્વતંત્રમાંથી પરતંત્ર બનેલા એ ચારે દ્રવ્યો પરમાણુઓમાં રહેલા કલ્યાણભાવને મંદ કરે છે. કલ્યાણભાવનાં પરમાણુઓ જીવ પાસે આવે છે ત્યારે તેનો કલ્યાણરૂપી આત્મરસ અક્રિયમાંથી (passive માંથી) સક્રિય (active) થઈ જાય છે, તેથી જો કોઈ મંદ પુરુષાર્થી જીવ સક્રિય આત્મરસને સ્પર્શે ત્યારે તેના વર્તમાનના આત્મભાવ ભૂતકાળના આત્મભાવ કરતાં ઓછા શક્તિશાળી હોવાને કારણે એ કલ્યાણરસને નબળો કરી નાખે છે. નબળાપણું આવતાં મંદ પુરુષાર્થી જીવને અંતરાય કર્મ બંધાય છે.

આનાથી સાવ ઊલટું, જ્યારે કલ્યાણનાં પરમાણુઓને ખેંચતો જીવ જો બળવાન પુરુષાર્થી હોય તો એ પરમાણુઓમાં રહેલો સક્રિય (active) આત્મકલ્યાણરસને વધારે શક્તિશાળી બનાવે છે, તેનાં ફળરૂપે તે જીવ અંતરાય ગુણને પ્રગટ કરી શકે છે, અને બળવાન પરમાર્થ પુણ્ય ઉપાર્જન કરે છે. આવા કારણથી શ્રી વીરપ્રભુએ ઉત્તમ પુરુષાર્થ કરવા માટે શ્રી ગૌતમ સ્વામીને બોધ્યું હતું કે, 'હે ગૌતમ! સમય માત્રનો પણ પ્રમાદ કરીશ નહિ.'

અસ્તિકાય ઉપર આવું પ્રભુત્વ જીવ સંજ્ઞીપણું મેળવ્યા પછી જ જમાવી શકે છે. એ સમજાતાં સંજ્ઞા એ કેવી અપૂર્વ સિદ્ધિ છે, તથા તે આત્માને પુદ્‌ગલ દ્વારા પ્રાપ્ત થાય છે તે જીવને માટે આશ્ચર્યનું કારણ બને છે. સંજ્ઞા મેળવીને જીવ ભૂત, વર્તમાન તથા ભવિષ્યને વર્તમાનમાં કર્તાભોક્તાપણાના આત્મિક ગુણ દ્વારા આકાર (form & shape) આપી શકે છે. સંજ્ઞા આવવાથી પુદ્‌ગલની પ્રવૃત્તિમાં કેવા કેવા ફેરફાર થાય છે તે જાણવું અને સમજવું ઉપયોગી છે. આ ક્રિયા સમજવા માટે આપણે એક સ્થૂળ ઉદાહરણ લઈએ.

આપણે મોઢેથી ખોરાક લઈએ છીએ, અન્નનળી દ્વારા તે ખોરાક પેટમાં જઈ, પાચનક્રિયામાંથી પસાર થઈ, લોહીમાં રૂપાંતર પામે છે. અને એ લોહી આખા શરીરમાં પ્રસરે છે. ખોરાક તો માત્ર મુખથી જ લઈએ છીએ, પણ એ ખોરાકમાં રહેલા વીર્યનો સંચાર જ્યારે લોહીરૂપી વીર્યમાં પરિણમે છે, ત્યારે એ લોહી આખા શરીરમાં પ્રસરી જાય છે. તે લોહી શરીરમાં બે કાર્ય કરે છે. પહેલું કાર્ય તે શરીરનાં અવયવોને તથા આખા શરીરને શક્તિ પૂરી પાડે છે; અને બીજુ કાર્ય તે એ છે કે શરીરનાં જે જે અવયવોમાં તજવા યોગ્ય કચરો એકઠો થયો હોય તેને એકત્રિત કરી યોગ્ય જગ્યાએ ભેગો કરે છે. આ કચરો શરીરના અમુક ભાગ દ્વારા મળમૂત્રરૂપે શરીરની બહાર ફેંકાય છે.

આ પ્રક્રિયાનો વિચાર કરતાં તેની પાછળ કામ કરી રહેલો સિદ્ધાંત સમજાશે. જીવ કર્તાપણું કરી, પોતાના ભાવ અનુસાર અને યોગની શક્તિ પ્રમાણે મન, વચન કે

કાયયોગથી અથવા ત્રણે યોગ દ્વારા પુદ્ગલને ખોરાકરૂપે ગ્રહણ કરે છે. સારા ભાવથી સારા પુદ્ગલો ખેંચાય છે, અને ખરાબ ભાવ કરવાથી અશુભ પુદ્ગલો આકર્ષાય છે. આ ભાવ પુદ્ગલમાં ખોરાકનાં વીર્ય જેવું કામ કરે છે. સારા પુદ્ગલમાંથી સારું વીર્ય ઉત્પન્ન થાય છે અને ખરાબ પુદ્ગલમાંથી નબળું વીર્ય ઉત્પન્ન થાય છે. તે પુદ્ગલની નિર્જરા કરતી વખતે જીવના ભાવ અનુસાર તેની ગુણવત્તા (quality) નક્કી થાય છે. એ પુદ્ગલ જે યોગ દ્વારા ખેંચાય છે, જેનાથી આત્માના અમુક ભાગમાંથી એ પુદ્ગલને લીધે વીર્ય ઉત્પન્ન થાય છે. તે વીર્ય બે પ્રકારનું છે. (૧) અભિસંધિજ વીર્ય. (૨) અનભિસંધિજ વીર્ય.

જેટલા અંશે જીવ પોતાના ભાવ સંજ્ઞા દ્વારા વેદે છે, એટલે કે પાંચ ઇન્દ્રિય સાથે ભૂત, વર્તમાન તથા ભવિષ્યના ભાવને એકત્રિત કરવાના પ્રયત્નથી વેદે છે તેટલા અંશે એ વીર્ય અભિસંધિજ વીર્યરૂપે સ્ફૂરે છે. જેટલા અંશે જીવ માત્ર ઇન્દ્રિયના સાધનથી ભાવ વેદે છે, સંજ્ઞાનો ઉપયોગ કરતો નથી, તેટલા અંશે તે વીર્ય અનભિસંધિજ વીર્યરૂપે સ્ફૂટ થાય છે. સ્થૂળતાએ વિચારીએ તો જ્યાં ભાવનું ઘૂંટણ છે ત્યાં જીવનું અભિસંધિજ વીર્ય ઉત્પન્ન થાય છે, અને જ્યાં ભાવની મંદતા કે અલ્પતા છે ત્યાં અનભિસંધિજ વીર્ય ઉત્પન્ન થાય છે. અભિસંધિજ વીર્યનો ઉપયોગ કરી જીવ સકામ આશ્રવ, સંવર તથા નિર્જરા કરી શકે છે, અને અનભિસંધિજ વીર્યના ઉપયોગથી જીવ અકામ આશ્રવ, સંવર તથા નિર્જરા કરે છે.

## આહાર – આશ્રવ

જીવ મન, વચન કે કાયાના યોગની સહાયથી પુદ્ગલનો આહાર કરે છે. યોગને આપણે પાંચ ઇન્દ્રિય તથા સંજ્ઞા તરીકે ઓળખીએ છીએ. જીવ વિચાર, વાણી અને કાયાની પ્રવૃતિ દ્વારા ભાવનું વેદન કરે છે. તેમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ એ પાંચ સમવાયના બંધારણથી જીવના યોગમાં પુદ્ગલ પરમાણુઓને ખેંચવાની શક્તિ આવે છે, તથા તેને અનુકૂળ સંજોગો પ્રાપ્ત થાય છે. આ પુદ્ગલો તો જડ છે, તેથી તેનામાં કોઈ તોલન બુદ્ધિ કે વિચારશક્તિ નથી, જીવ જેવા જેવા ભાવ

કરે છે તેવી તેવી લેશ્યા તેનામાં ઉત્પન્ન થાય છે. કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદ્મ અને શુક્લ એ છ માંથી જે પ્રકારની લેશ્યા ઉત્પન્ન થાય છે, તેને અનુરૂપ પાંચે સમવાય ગોઠવાઈ જાય છે. પાંચે સમવાયની લેશ્યાનુસાર જેવી ગોઠવણી થાય છે, કે તરત જ જીવ પોતાના ભાવ પ્રમાણે પુદ્‌ગલનાં પરમાણુઓને ખેંચે છે. આ પુદ્‌ગલનાં પરમાણુઓમાં એક પ્રકારનો અક્રિય (passive) ભાવરસ હોય છે, જે અન્ય જીવે પરમાણુનો નિહાર કરતી વખતે ભાવ્યો હોય છે. એ ભાવ હજુ સુધી પૂરો થયો ન હોવાના કારણે અધૂરો રહ્યો હોય છે. તેથી જ્યારે લેશ્યા સહિત પાંચ સમવાયથી એ પુદ્‌ગલ પરમાણુઓને જીવ ખેંચે છે ત્યારે એ ભાવરસ એ પુદ્‌ગલમાંથી ઉપર સ્ફુરે છે. પુદ્‌ગલને ખેંચતા જીવના ભાવ અને આ ખેંચાતા પુદ્‌ગલોમાં રહેલા ભાવરસમાં સમાનપણું હોવાથી બંને એકબીજામાં એકરૂપ બની, એ પુદ્‌ગલો લોહચૂંબકથી ખેંચાતા લોઢાની જેમ જીવ પ્રતિ ખેંચાય છે.

મોટાભાગે સંજ્ઞી જીવ ત્રણે યોગથી આહાર કરે છે, અને ત્રણે યોગના ભાવ સમાન હોય છે. પરંતુ સંજ્ઞા આવવાથી જીવમાં ભૂત, વર્તમાન અને ભવિષ્યના ભાવ કરવાની શક્તિ જાગી હોવાથી, કેટલીકવાર તેના ત્રણે યોગ જુદા જુદા ભાવ કરે એમ પણ બનતું હોય છે. એટલે કે કોઈકવાર જીવ મનોયોગથી ભૂતકાળના ભાવ કરતો હોય, વચનયોગથી ભાવિના ભાવ કરતો હોય અને કાયયોગથી વર્તમાનમાં વર્તતો હોય એવું પણ બની શકે છે. આવા વિવિધ પ્રકારના ભાવને લીધે જીવ જુદા જુદા પ્રકારનાં પદ્‌ગલ પરમાણુઓને ખેંચતો રહે છે.

## વિહાર – સંવર

આપણે સમજ્યા તે પ્રમાણે જીવ કર્મ પરમાણુઓનો આહાર યોગ મારફત કરે છે. આહાર કર્યા પછી આ પરમાણુઓ ખોરાકની જેમ પાચન વિભાગમાં જાય છે. ત્યાં જીવ ગ્રહેલા પરમાણુઓમાંથી ભાવરસ કાઢી પોતે વેદે છે. તે વેદન દ્વારા જીવ કર્તાપણું વેદે છે અને નવા ભાવ કરે છે; જેનાથી નવો આહાર ગ્રહણ થાય છે. આ નવો આહાર પહેલાના ભાવરસથી પ્રેરિત આત્માના ભાવને પુદ્‌ગલ દેહ આપે છે. અને

એ પુદ્ગલો કર્મરૂપે આત્માના અમુક ભાગમાં સ્થપાય છે. આ પુદ્ગલના ભાવરસ દ્વારા જ્યારે જીવ ભાવ વેદે છે ત્યારે તે આખા આત્મા દ્વારા વેદાય છે. આત્માનું પ્રત્યેક વેદન એક પ્રદેશ પૂરતું નહિ પણ સર્વ પ્રદેશોમાં ફેલાયેલું હોય છે. આ ભાવોનું વેદન જીવ અભિસંધિજ અથવા તો અનભિસંધિજ વીર્યના ઉપયોગથી કરે છે. જેટલા અંશે જીવ અભિસંધિજ વીર્ય વાપરે છે તેટલા અંશે કર્મ ઘટ્ટ થાય છે, કારણ કે એ સકામ પુરુષાર્થના આધારે સ્ફૂરિત થાય છે. જેટલા અંશે જીવ અનભિસંધિજ વીર્ય વાપરે છે, તેટલા અંશે કર્મની સંખ્યા અર્થાત્ પુદ્ગલ પરમાણુઓની સંખ્યા વધે છે. આને સ્થૂળતાથી વિચારીએ તો કહી શકાય કે અનભિસંધિજ વીર્ય કર્મની સંખ્યા નક્કી કરે છે અને અભિસંધિજ વીર્ય એ સંખ્યાને એકરૂપ કરે છે. બીજી રીતે કહીએ તો અભિસંધીજ વીર્ય આત્મા પર પરમાણુઓને ચીટકવા માટે ગુંદર જેવો પદાર્થ આપે છે. પુદ્ગલનો આ વિહાર આહારની પ્રક્રિયા વખતે થાય છે.

આ જ રીતે નિહારની પ્રક્રિયા વખતે પણ જીવમાં પુદ્ગલનો વિહાર થાય છે. તે પ્રક્રિયાની વિચારણા નિહારની પ્રક્રિયા સમજતી વખતે કરીશું. પરંતુ અત્યારે એ સમજવું યોગ્ય છે કે વિહારની પ્રક્રિયામાં જીવને સંવર કેવી રીતે થાય છે?

શ્રી પ્રભુ કૃપા કરી આપણને આ વિશે સમજણ આપે છે. વિહારમાં આપણે જોયું તે પ્રમાણે આત્મા પ્રત્યેક પ્રદેશ પર એ પુદ્ગલ પરમાણુઓના ભાવરસને વેદે છે. આ વેદન વખતે જીવ એ પુદ્ગલરસના ભાવમાં એકરૂપ હોય છે. તેથી તે સમયે જીવ અન્ય પ્રવૃતિ કરી શકતો નથી; કેમકે જીવ એકી સાથે બે ભાવમાં પ્રવર્તતો નથી. આથી જીવ એટલા કાળ માટે આહારની પ્રવૃતિનો ત્યાગ કરે છે. આ ત્યાગને લીધે જીવ એ સમયે આહાર – આશ્રવ કરતો નથી, પરિણામે જીવ વિહાર વખતે સંવરનું વેદન કરે છે. આ પ્રક્રિયા અપેક્ષાથી સમજવાની છે. શ્રી પ્રભુએ જણાવેલા નિયમ પ્રમાણે જીવ સમયે સમયે અનંત કર્મનો કર્તા તથા ભોક્તા બને છે, એનો વિરોધ ઉપરની પ્રક્રિયામાં જોવા મળે છે. તેનું સમાધાન પણ અપેક્ષાએ સમજવા યોગ્ય છે. જ્યારે આશ્રવનાં પ્રમાણમાં સંવર અને નિર્જરા ઘણા મોટા પ્રમાણમાં હોય છે ત્યારે આશ્રવ નથી એમ ગણાય છે. વિહારની પ્રવૃતિ સંજ્ઞા આવ્યા પછી જ સ્થૂળરૂપ ધારણ કરે છે. અસંજ્ઞી

જીવને સ્થૂળ આહાર છે, સ્થૂળ નિહાર છે પણ સંજ્ઞા ન હોવાથી સ્થૂળ વિહાર નથી, પરંતુ સૂક્ષ્મ વિહાર છે.

## નિહાર – નિર્જરા

જીવ કર્તાપણું કરવાની સાથે ભોક્તાપણું પણ વેદતો હોય છે. ભોકતાપણું વેદવામાં જીવ આહારની પ્રક્રિયાથી ઊલટી પ્રક્રિયા કરતો હોય છે. તે પ્રક્રિયા ધ્યાનથી સમજવા યોગ્ય છે. જીવ ભોક્તાપણું વેદવાનો હોય છે તે પહેલાં કર્મનો નિહાર કરવા માટે વિહાર કરે છે. આ વિહારમાં જે પુદ્‌ગલ પરમાણુઓનો વિપાક ઉદય કે પ્રદેશોદય આવવાનો હોય તેને જીવ આત્માના દરેક પ્રદેશમાંથી એકઠા કરે છે. એ પરમાણુઓને જીવ પોતાના ભાવ દ્વારા ઈંધન અને અગ્નિ આપે છે. આ બંને મળતાં પરમાણુઓ ગતિ પામે છે, અને નિહારનાં સ્થાન પર ભેગાં થાય છે. નિહાર માટેનાં સ્થાનો છે મનોયોગ, વચનયોગ અને કાયયોગ. જે પરમાણુઓ વિપાક ઉદયથી નિહાર પામવાના હોય એ ભાગના પ્રદેશોમાં અભિસંધિજ વીર્ય ઉત્પન્ન થાય છે; કારણ કે વિપાક ઉદયમાં જીવ કર્મનો નિહાર યોગની સ્થૂળ અસર સાથે કરે છે. આ સ્થૂળ અસરથી જીવ કર્મનો કર્તા બને છે, એથી એ ભાગમાં તે અભિસંધિજ વીર્ય દ્વારા કર્મનો આહાર કરે છે.

જ્યાં વિપાકોદય હોય છે ત્યાં કર્મનો આશ્રવ વધારે હોય છે, તેથી આશ્રવ માટે અભિસંધિજ વીર્ય વપરાય છે. ત્યાં નિહાર પ્રમાણમાં અલ્પ હોવાના કારણે નિહાર માટે જીવ અનભિસંધિજ વીર્યનો ઉપયોગ કરે છે.

જ્યારે જીવ પ્રદેશોદયથી નિહાર કરે છે, ત્યારે આનાથી ઊલટા પ્રકારની પ્રક્રિયા થાય છે. પ્રદેશોદયના નિહારમાં જીવ કર્મને યોગની સૂક્ષ્મ અસર આપે છે, આ કારણથી જીવને પ્રદેશોદયના નિહારમાં ખૂબ અલ્પ આશ્રવ અને સકામ નિર્જરા ઘણી વધારે થાય છે. તેથી જીવ ત્યાં અભિસંધિજ વીર્યનો ઉપયોગ કરે છે અને આશ્રવ માટે અનભિસંધિજ વીર્ય વાપરે છે.

અહીં આપણે એક અતિ અગત્યની વાત લક્ષમાં રાખવાની છે, કે અસંજ્ઞી જીવને માત્ર અનભિસંધિજ વીર્ય હોય છે. અભિસંધિજ વીર્ય તો માત્ર સંજ્ઞાના આધારે જ ખીલી શકે છે, ત્યારે અનભિસંધિજ વીર્ય ઇન્દ્રિયોના આધારથી ખીલે છે. આ બંને વીર્યની પ્રક્રિયા પર સૂક્ષ્મતાથી વિચાર કરતાં સ્પષ્ટ થશે.

જીવના આત્મપ્રદેશો પર પુદ્‌ગલ વિહાર કરે છે તે વખતે જીવ અભિસંધિજ તથા અનભિસંધિજ વીર્યનો ઉપયોગ કેવી રીતે કરે છે?

શ્રી પ્રભુ કરુણા કરી ઉત્તમ તથા સચોટ સમજણ આપે છે કે વિહારમાં જીવ આહાર અને નિહાર કરતાં વિરુદ્ધ, એટલે કે તે કાં તો અભિસંધિજ વીર્યનો ઉપયોગ કરે છે, અથવા તો અનભિસંધિજ વીર્યનો ઉપયોગ કરે છે. આ બંને જાતનાં વીર્યનો ઉપયોગ એક જ સમયે થઈ શકતો નથી. જીવની વિહારની પ્રવૃતિથી તે જીવ કર્માશ્રવ કરે છે કે ગુણાશ્રવ કરે છે તે નક્કી થાય છે, અને નિહારમાં એ જીવ વિપાકોદયથી નિહાર કરવાનો છે કે પ્રદેશોદયથી નિહાર કરવાનો છે તે નક્કી થાય છે. જીવ કર્મને પ્રદેશોદયથી વેદે તો ગુણાશ્રવ કરે છે, અથવા તો ગુણાશ્રવ કરવા જીવ કર્મને પ્રદેશોદયથી વેદે છે. એ વખતે જીવ વિહારનાં કાર્યમાં અભિસંધિજ વીર્યનો ઉપયોગ કરે છે. જીવ જ્યારે કર્માશ્રવને કારણે વિપાકોદય વેદે છે અથવા તો વિપાકોદય થતાં જીવ કર્માશ્રવ કરે છે ત્યારે જીવ વિહારનાં કાર્યમાં અનભિસંધિજ વીર્યનો ઉપયોગ કરે છે. પ્રદેશોદય અને ગુણાશ્રવમાં સકામ સંવર છે, અને કર્માશ્રવ કે વિપાકોદયમાં અકામ સંવર છે. આ આહાર, વિહાર અને નિહારના ગુણકો (permutations and combinations) તથા અભિસંધિજ વીર્ય કે અનભિસંધિજ વીર્યના ઉપયોગના આધારે શુદ્ધિ તથા સિદ્ધિ મેળવવાનો પુરુષાર્થ જીવ કરી શકે છે.

શુદ્ધિ અને સિદ્ધિ એ ધર્મનાં મૂળ પર આધાર ધરાવે છે. ધર્મનું મૂળ છે 'આજ્ઞા'. તેથી આજ્ઞાનાં સાધનથી જીવને શુદ્ધિ તથા સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આજ્ઞાના મુખ્યત્વે ત્રણ ભાગ છેઃ આજ્ઞા ધર્મ, આજ્ઞા તપ અને આજ્ઞારસ. આજ્ઞાધર્મ એટલે આજ્ઞાનો

આશ્રવ, જેનાથી જીવ એના મૂળ ધર્મ તરફ ગુણાશ્રવ કરતો જાય છે. આજ્ઞાતપ એટલે આજ્ઞારૂપી ધર્મ માટે જે જે સુખબુદ્ધિરૂપ અંતરાયાદિ પુદ્‌ગલ પરમાણુઓ આડા આવે છે એને આત્મસ્વભાવ રૂપી મૂળ સ્વભાવદશાની સહજદશા ઉત્પન્ન કરનાર પ્રક્રિયા કરવી. આજ્ઞારૂપી તપમાં જીવ પૂર્વ સંચિત વિભાવ પરમાણુઓને નિર્જરાવે છે, એટલે કે નિહાર કરે છે. આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપ વિશે આપણે 'આણાએ ધમ્મો, આણાએ તવો' એ પ્રકરણમાં વિસ્તારથી સમજણ લીધેલી છે. તેથી તેની વિચારણા ન કરતાં આજ્ઞાનાં ત્રીજા ઘટક 'આજ્ઞારસ' વિશે વિચારણા શરૂ કરીએ.

જીવે સેવેલા કલ્યાણભાવના આધારે આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપને ફેલાવવા માટે આજ્ઞારસ એક આત્મિક ભાવરસ રૂપ માધ્યમ છે. આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપમાં થોડા જીવો કે સમસ્ત જીવો માટે વેદાયેલો કલ્યાણનો અપૂર્ણ ભાવ જે પુદ્‌ગલ પરમાણુઓમાં સમાયો છે તે આજ્ઞારસ છે. એ અપૂર્ણ ભાવ પુદ્‌ગલ પરમાણુઓમાં ભાવરસરૂપે સમાય છે. આજ્ઞારસમાં આજ્ઞાધર્મ તથા આજ્ઞાતપની સાથે સાથે કલ્યાણભાવ પણ સમાયેલો હોય છે. આ આજ્ઞારસની મીઠી અસર જીવ પર થાય છે.

આજ્ઞારૂપી ધર્મ કે તપમાં જ્યારે કલ્યાણભાવ ભળે છે ત્યારે આજ્ઞારસ ઉપજે છે. જ્યારે કોઈ પુરુષાર્થી જીવ કલ્યાણાર્થે પ્રાર્થના, ક્ષમાપના, મંત્રસ્મરણ અથવા ધ્યાનમાં લીન થાય છે ત્યારે એ સહજરૂપે પોતાની વર્તમાન સ્થિતિ કરતાં વધારે શુદ્ધિ સાથે આજ્ઞા પાળવાના (ધર્મ કે તપ કરવાના) ભાવ કરે છે. આ વધારે શુદ્ધિના પરમાર્થ લોભ સાથે જીવ માનભાવ ત્યાગી, વિનયી બની, સત્પુરુષ, સત્ધર્મ અને સત્શાસ્ત્રનો આશ્રય લઈ મહત્ પુરુષનો સાથ માગે છે. આ ભાવ નીપજતાં તે જીવ સંજ્ઞા દ્વારા વર્તમાનમાં ભાવિમાં કરવા યોગ્ય પુરુષાર્થ માટે પ્રાર્થે છે. આ ભાવ ઉપજવાથી એ પુદ્‌ગલ સ્કંધમાં રહેલા ભાવરસને અક્રિયમાંથી સક્રિય કરે છે. ભાવરસ સક્રિય થતાં જ ધર્માસ્તિકાયની સહાયથી પુદ્‌ગલને ગતિ મળે છે. એ રસ પુદ્‌ગલને જીવના આત્મા પ્રતિ દોરે છે. જ્યારે આ પુદ્‌ગલો આત્માને સ્પર્શે છે ત્યારે શેરડીના રસની

માફક એ પુદ્ગલોમાંથી આજ્ઞારસ નીતરે છે અને એ આજ્ઞારસ જીવના શુદ્ધ પ્રદેશો તથા કેવળીગમ્ય પ્રદેશોનો સાથ લઈ, એ જીવના અન્ય અશુદ્ધ પ્રદેશોને, વર્તમાને વેદાતા આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપમાં ભાવેલી ઈચ્છાનુસાર વધારે ઊંચા ઉપાદાન પર લઈ જાય છે. આ આજ્ઞારસ જેવો તે જીવના આત્મપ્રદેશો પર રેડાય છે કે તરત જ એ જીવાત્માના આજ્ઞારસના આધારે અશુધ્ધ પ્રદેશો પર લાગેલા પુદ્ગલ પરમાણુમાં તેની યોગ્યતા પ્રમાણે સંક્રમણ થાય છે.

સંક્રમણમાં બે પ્રક્રિયા થાય છે. (૧) નવાં શુદ્ધ પરમાણુઓનો આશ્રવ વધે છે, તેથી તે જીવના ગુણોમાં વધારો થાય છે. (૨) જૂનાં કર્મોને યોગ્યતા અનુસાર નિર્જરા માટે તૈયાર કરે છે. આ પરથી આપણને સમજાય છે કે આજ્ઞારસની સહાયથી જીવ પરમાણુઓનો વિહાર કરાવે છે. આ આજ્ઞારસને સક્રિય કરવાની શક્તિ માત્ર સંજ્ઞી જીવમાં જ રહેલી છે, કારણ કે સંજ્ઞાથી જ જીવ ભાવિના ભાવ વર્તમાનમાં કરી શકે છે. આ સંજ્ઞા મનુષ્યમાં સૌથી વિશેષ ખીલે છે તેથી તેને આજ્ઞારસ મેળવવાની શક્તિ સૌથી વધારે હોય છે. આના આધારે જીવ શુદ્ધિના માર્ગમાં કેવી રીતે આગળ વધે છે અને સિદ્ધિરૂપ મેળવે છે તેનો કેટલોક અંદાજ આવી શકે છે.

શુદ્ધિ મેળવવાના પુરુષાર્થમાં આજ્ઞારસરૂપી સિદ્ધિ મેળવવા માટે આજ્ઞા એક સાથીનું કાર્ય કરે છે. સંજ્ઞારૂપ સિદ્ધિ મળ્યા પછી જો જીવ અવળો ચાલે તો નરકનાં ભયંકર દુ:ખ ભોગવવાં પડે તેવાં પાપ, તથા અસંજ્ઞી એકેંદ્રિય થવા સુધીનાં પાપ કર્મ બાંધે છે અને પોતાનો અનંત સંસાર વધારે છે. જો તે સવળો ચાલે તો પૂર્ણ શુદ્ધ થવાની સિદ્ધિ પણ મેળવે છે. આમ જોતાં સંજ્ઞા આવતાં જીવ માર્ગના ત્રિભેટે આવી ઊભો રહે છે. જે માર્ગે જાય તે માર્ગનું ફળ તે મેળવે છે.

સંજ્ઞાનો સદુપયોગ કરી, શુદ્ધિ વધારી આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવા માટે પ્રભુએ સર્વોત્કૃષ્ટ એવા ભક્તિમાર્ગના આઠ પ્રકાર જણાવ્યા છે. તેમાં એક પછી એક ચડતા ક્રમમાં આરાધન કરી જીવ પૂર્ણતા પ્રતિ આગળ વધતો જાય છે. આ આઠ માર્ગ છે. ૧. સંવર માર્ગ. ૨. નિર્જરા માર્ગ. ૩. સંવર પ્રેરિત નિર્જરા માર્ગ. ૪. નિર્જરા પ્રેરિત

સંવર માર્ગ. ૫. મહાસંવર માર્ગ. ૬. સંવર પ્રેરિત મહાસંવર માર્ગ. ૭. કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગ. ૮. આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગ.

આમાના પહેલા ચાર માર્ગ અસંજ્ઞીપણામાં આરાધીને જીવ સંજ્ઞી પંચેન્દ્રિય થવા સુધીનો વિકાસ કરી શકે છે, તે આપણે જાણ્યું છે. સંજ્ઞા મેળવીને વિચારશક્તિ જાગૃત થવાથી તે જીવ ઉર્ધ્વગતિ કે અધોગતિમાં જવા યોગ્ય કાર્ય સ્વેચ્છાથી કરી શકે છે. ઉર્ધ્વગતિમાં જવા માટે જીવ આ માર્ગોનો ઉપયોગ કેવી રીતે કરે છે તે આપણે વિચારીએ.

## ૧. સંજ્ઞી જીવનું સંવર માર્ગનું આરાધન

આ માર્ગમાં જીવ સકામ સંવર આરાધે છે. સંજ્ઞાની સહાયથી જીવ આત્મપ્રદેશો પર પુદ્‌ગલના આહાર, વિહાર અને નિહાર કરે છે. વિહાર એટલે સંવર. સંવર માર્ગમાં સકામ વિહાર થાય છે, અને આહાર તથા નિહાર ઉદયાનુસાર થતા હોય છે. વિહાર કરતી વખતે જીવ આજ્ઞારસરૂપ કલ્યાણનાં પરમાણુઓ પોતાના આત્મા તરફ ખેંચે છે. જેનાથી એના ભાવ એ કલ્યાણનાં પરમાણુના ભાવરસ સાથે સમાન થાય છે. આ કલ્યાણનાં પરમાણુઓને જીવ જ્યારે આજ્ઞારસમાં ફેરવે છે ત્યારે એ આજ્ઞારસ પોતાના પૂર્વના કલ્યાણના ભાવના આધારે પુદ્‌ગલનું સંક્રમણ કરે છે. આ સંક્રમણ એવી રીતે થાય છે કે એ જીવનો અકામ આહાર તથા નિહાર તેને આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપ તરફ લઈ જાય છે.

સંવર માર્ગમાં જીવ માત્ર કલ્યાણનાં પરમાણુના આજ્ઞારસના આધારે જ શુદ્ધિનો પુરુષાર્થ ઉપાડે છે. જેનાં પરિણામમાં એને ક્રમે ક્રમે આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપ મળે છે. આ સંવર માર્ગમાં જીવ કલ્યાણનાં પરમાણુના આજ્ઞારસના જોર સુધી જ સકામ પુરુષાર્થ કરી શકે છે. અકામ આહાર તથા નિહારના કારણે એ જીવને કલ્યાણનાં મંદ પરમાણુઓ જ મળે છે. જેથી શુદ્ધિના માર્ગમાં એ કૃત્રિમપણે અને થોડા જ સમય માટે રહે છે. આવો ઘણો કાળ જતાં એ જીવને જોગાનુજોગ પૂર્વ ઋણાનુબંધી સદ્‌ગુરુ કે સત્પુરુષનો ભેટો થાય છે; તો એ સદ્‌ગુરુ કે સત્પુરુષ એ જીવને સકામપણે

આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપથી શુદ્ધિ કરવાનો પુરુષાર્થ કરતાં શીખવે છે. આ શીખથી એ જીવ શુદ્ધિ મેળવવાના બીજા માર્ગ તરફ જાય છે, અને પુરુષાર્થ આદરે છે.

## ૨. સંજ્ઞી જીવનું નિર્જરા માર્ગનું આરાધન

આ માર્ગમાં જીવ નામ પ્રમાણે નિર્જરાના કાર્યને સકામ કરે છે. નિર્જરા એટલે કર્મનો નિહાર. સંવર માર્ગથી મળેલી શુદ્ધિના પ્રતાપે જીવને કલ્યાણનાં પરમાણુઓની ભેટ મળે છે, એ પરમાણુઓમાંથી એ આજ્ઞારસરૂપ સુવાહકને (conductor) મેળવે છે. તેની સાથે મંદ આજ્ઞારૂપી ધર્મ તથા તપ તરફ પહોંચવાની યાત્રામાં જ્યારે સત્પુરુષરૂપ ભોમિયો માર્ગ ચીંધે છે ત્યારે એ માર્ગમાં એની ગતિ તથા સરળતા અસંખ્યાતગણી શુદ્ધ થાય છે. તે સત્પુરુષ પ્રતિ તેને પ્રેમ, શ્રદ્ધા અને પ્રાથમિક અર્પણતા ઉપજતાં જીવ એ આજ્ઞારસમાં વધારે ઊંડો ઊતરે છે. આ ઊંડાણના અનુભવથી એ જીવને આજ્ઞારૂપી ધર્મની પ્રાપ્તિ કરવી વધારે ઇચ્છનીય લાગે છે. આ ઇચ્છાથી સંજ્ઞી જીવ ભવિષ્યને લગતા ભાવ વર્તમાનમાં કરે છે, અને પરમાર્થ લોભથી કર્મક્ષયના કારણમાં ચંચૂપાત કરે છે. પરમાર્થ લોભના સેવનથી જીવ વધારે શુદ્ધ કલ્યાણનાં પરમાણુઓને તીવ્ર ગતિથી પોતા તરફ ખેંચે છે, અને એવી જ ગતિથી તેને આજ્ઞારસરૂપ સિદ્ધિમાં પલટાવે છે. આજ્ઞારસ અને પરમાર્થ લોભમાં વધારે નિમગ્ન થવાથી એને સત્પુરુષ પ્રતિ વધારે ઘેરા શુભભાવ નીપજે છે. આ ક્રિયાના આશ્રયે જીવ વધારે ને વધારે શુધ્ધ કલ્યાણનાં પરમાણુઓને આજ્ઞારસરૂપે ફેરવે છે; તે દ્વારા સત્પુરુષ પ્રતિનાં પોતાનાં પ્રેમ, શ્રદ્ધા તથા અર્પણતાને વધારતો જાય છે.

આ ઉપરાંત જીવ પ્રાર્થના, તથા ક્ષમાપનાના સાધનથી પોતાની શુદ્ધિ વધારે છે. આજ્ઞારૂપી ધર્મની સુખબુદ્ધિને માણવામાં એ જીવને પોતાનાં જ પૂર્વસંચિત અંતરાય કર્મ બાધા કરે છે. આ બાધાથી જીવને દ્વેષ થાય છે. આ દ્વેષરૂપી મિથ્યાત્વ સંસારરાગરૂપી મિથ્યાત્વનો ક્ષય કરવા જીવને પ્રેરણા આપે છે. જીવને અનુભવ થાય છે કે તેને જોઈએ છે આજ્ઞારૂપી ધર્મ, પણ અંતરાયની બાધા તેને એ સુખ માણવા દેતી નથી. તેથી તે

જીવ આજ્ઞારસના સાથથી પોતાના અંતરાયાદિ કુકર્મનો કચરો નિહારનાં સાધન દ્વારા હલકો કરે છે. તે જીવ પ્રાર્થના તથા ક્ષમાપનાના સાધનથી નિહારની પ્રક્રિયાને સકામ બનાવે છે. આ શુદ્ધિથી જીવ પોતાનાં અંતરાયાદિ કુકર્મને સકામપણે નિર્જરાવે છે. પરમાર્થ પુણ્યનો સ્થૂળ અનુભવ તે જીવ કરી શકે છે.

આ પરમાર્થ પુણ્યથી જીવ મિથ્યાત્વને નબળું પાડે છે. દ્વેષરૂપ મિથ્યાત્વથી રાગરૂપ મિથ્યાત્વને તે ઓગાળે છે. આ માર્ગની સિદ્ધિ થતાં જીવ વીર્યની ખામી અનુભવે છે. તેથી તે વધારે આજ્ઞારસ મેળવવા ઉત્સુક થાય છે. તેમ છતાં તેને સકામ નિહારથી ઉપજતી શાંતિ વહાલી લાગે છે. એટલે તે એ બંને કાર્ય કરવા પુરુષાર્થી થાય છે. તેમાંથી બને છે ત્રીજો સંવર પ્રેરિત નિર્જરા માર્ગ.

## ૩. સંજ્ઞી જીવનું સંવર પ્રેરિત નિર્જરા માર્ગનું આરાધન

નિહારની સકામતાથી વીર્યની ખામી અનુભવાતાં જીવ આજ્ઞારસને વધારે મેળવવા પોતાના પુરુષાર્થને વિકસાવે છે, ઉગ્ર કરે છે. તે નિર્જરામાં ઓતપ્રોત બની, નિર્જરારૂપ નિહારના સાધનથી અને પ્રાર્થનાના માધ્યમથી ઉચ્ચ આજ્ઞારસની માગણી કરે છે. આ વિનંતિથી વધારે શુદ્ધ તથા વધુ સંખ્યાનાં કલ્યાણનાં પરમાણુઓ તેની નજીક આવે છે. તેને ગ્રહણ કરવામાં પૂર્વે બાંધેલાં અંતરાય કર્મ વિઘ્ન નાંખે છે, ત્યારે તે માત્ર પ્રાર્થનાના માધ્યમમાં નિસહાયતા અનુભવી, ભક્તિરૂપી જાદુથી પ્રાર્થનાનાં માધ્યમમાં ક્ષમાપનાનાં અંકુરો ફોરવે છે. ક્ષમા માગવાના ભાવ ઊગતાં જ એ જીવ વિહારરૂપ કર્મનાં સંક્રમણ માટે યોગ્ય આજ્ઞારસ મેળવવા પુરુષાર્થી થાય છે. અને યોગ્ય સંખ્યાના તથા યોગ્ય તીક્ષ્ણતાવાળા પરમાણુઓ મેળવવા માટે તે અંતરાય કર્મનો વિહાર સકામપણે કરવા માટે ઉદ્યમી થાય છે. આ પ્રક્રિયા જાણતાં 'સંવર પ્રેરિત નિર્જરા માર્ગ'ના નામની સાર્થકતા જણાશે.

આ શુદ્ધિથી તે જીવ ઉચ્ચ કક્ષાનાં ઘણાં પરમાણુઓ મેળવવાની સિદ્ધિ પ્રાપ્ત કરે છે. આ પરમાણુઓના સાથથી તે જીવ પોતાને જાણીતા એવા નિર્જરારૂપ સકામ નિહારના કાર્યમાં જોડાય છે. નિહારની શુદ્ધિ વધતાં તેની વિવિધ ગૂંચવણો (complexities)

જીવનાં લક્ષમાં આવે છે. નિહારનાં કાર્યથી વર્તમાન કર્મનો ક્ષય થઈ શકે છે, ભાવિ કર્મની નિર્જરા થઈ શકે છે, જો કર્મ નિકાચીત હોય તો પણ પુરુષાર્થનાં પ્રમાણમાં વર્તમાનમાં તેની નિર્જરા થઈ શકે છે વગેરે વગેરે. આ દરેકમાં નિર્જરાના પણ જુદા જુદા પ્રકાર છે તેનો તેને અનુભવ થાય છે. આથી જીવને અત્યાર સુધીમાં મળેલો આજ્ઞારસ અપૂરતો લાગવાથી, તે જીવ ફરીથી પ્રાર્થનાનો સકામ પુરુષાર્થ કરે છે. તેને લગતી મુશ્કેલીઓ દૂર કરવા, વિશેષ આજ્ઞારસ મેળવવા તે જીવ ચોથા માર્ગના આરાધન પ્રતિ જાય છે.

## ૪. સંજ્ઞી જીવનું નિર્જરા પ્રેરિત સંવર માર્ગનું આરાધન

જીવને નિર્જરાની ગૂંચવણભરી વિવિધતાનો અનુભવ થવાથી તે ખૂબ મુંઝાય છે. આ મુંઝવણ દૂર કરવા તે પ્રાર્થના તરફ વળી, શ્રી પ્રભુ તથા શ્રી ગુરુરૂપ પંચપરમેષ્ટિ ભગવંતને પરોક્ષરૂપે પ્રાર્થના કરે છે, આ પ્રાર્થનાથી તે જીવને પોતાના સમર્થ ગુરુ તરફથી અને તેવો યોગ ન હોય તો તેમના ગુરુ, અને તેમના ગુરુ એમ પરંપરાએ શ્રી તીર્થંકર પ્રભુ તરફથી એક ગુપ્ત સિદ્ધિ દાનમાં મળે છે. તેનાથી તેને નિર્જરાના ભેદ જાણવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

જીવ જ્યારે નિર્જરા પ્રેરિત સંવર માર્ગમાં આવે છે ત્યારે તેની સંસારની સુખબુદ્ધિનો નાશ થયો હોય તો જ એને નિર્જરાના ભેદનો ખ્યાલ આવે છે. આ શુદ્ધિ આવતાં તેને સંજ્ઞાના બે ભેદની સમજણ પડે છેઃ સ્થૂળ તથા સૂક્ષ્મ સંજ્ઞા. આ જાણકારીથી જીવ આજ્ઞારસને નિર્જરાના ભેદ અનુસાર વહેંચી શકે છે. આ રીતે ભાગ પાડી આજ્ઞારસનો ઉપયોગ કરવાની શક્તિથી તે જીવ આજ્ઞારસનો વ્યય ઘટાડતો જાય છે, અને તે રસના ઉપયોગની શુદ્ધિ કરતો જાય છે. આમ સૂક્ષ્મતાએ કરાતા પાંચ મહાવ્રતનાં પાલનથી જીવ અંતરાય કર્મને અંતરાય ગુણમાં રૂપાંતર કરતાં શીખે છે. અંતરાય ગુણથી તે પરમાર્થ પુણ્ય બાંધે છે. તે પુણ્યના લીધે તે જીવ કલ્યાણનાં ઉચ્ચ પરમાણુઓને મેળવવાનો અધિકારી થાય છે. આ અધિકાર મળવાની સાથે તેને સદ્ગુરુ, સદ્ધર્મ અને સત્શાસ્ત્ર પ્રતિના વિનયાભાર ગુણની પ્રાપ્તિ થાય છે.

વિનયાભાર ગુણ આવતાં, મળેલો આજ્ઞારસ પૂર્વ કર્મ માટે છે, વર્તમાન કર્મ માટે છે કે ભાવિ કર્મ માટે છે તેની પરખશક્તિ તથા સિદ્ધિ તે જીવમાં આવે છે. આ સિદ્ધિથી તેને આજ્ઞામાર્ગનું મહાત્મ્ય, વિશાળતા, ગંભીરપણું તથા ગુપ્તપણાની અંતરંગ જાણકારી મળે છે. કોઈ પણ આજ્ઞાધીન સદ્‌ગુરુ પોતાનું મહાત્મ્ય પ્રકાશતા નથી, તેથી તે જાણવા જીવે પોતે જ પુરુષાર્થ કરવાનો રહે છે. આ જાણકારીથી જીવ સ્વચ્છંદ અને પ્રમાદને ત્યાગતો જાય છે; પોતે પણ વધારે આજ્ઞાધીન થતો જાય છે. અપ્રમાદીપણું આવવાથી તે જીવ સ્થૂળતાએ આજ્ઞાપાલનમાં સ્થિર થાય છે. અને જો તેણે સંસારની સુખબુદ્ધિનો ક્ષય માગ્યો હોય તો, તે જીવ સહજતાએ પરમાર્થ શુદ્ધિ સાથે વ્યવહાર શુદ્ધિ કેળવતો જાય છે. આ બંને પ્રકારની શુદ્ધિ વધવાથી તે વૈરાગ્યમાંથી ઉદાસીનતા અને ઉદાસીનતામાંથી વૈરાગ્ય પ્રેરિત વીતરાગતાનો અનુભવ કરી શકે છે. જીવની વીતરાગતા જેટલી વધારે તેટલા બંધ અલ્પ, અને આજ્ઞારસથી વિહાર કરવાની શક્તિ વિશેષ. સરવાળે તેનો નિહાર પણ શુદ્ધ થાય છે.

નિહારની શુદ્ધિ થતાં જીવ પહેલી જ વાર આહાર તરફ લક્ષ દેવાનો પુરુષાર્થ કરવા પ્રાર્થના કરે છે. વળી તેને વિહાર તથા નિહાર કરવા માટે વારાફરતી મળતા આજ્ઞારસથી થતી પ્રક્રિયાથી આવતી શુદ્ધિ ઓછી લાગે છે. તેથી તે પ્રભુ પાસે ઊંડાણથી પ્રાર્થના કરે છે કે મને બંને પ્રક્રિયા કરવા માટે તીક્ષ્ણતા તથા ઊંડાણ એક સાથે જ આપો કે જેથી એ કળાનો યોગ્ય ઉપયોગ કરી, હું પાંચ સમવાયની ઉત્કૃષ્ટ ઉપાસના દ્વારા સંવર નિર્જરારૂપ વિહાર તથા નિહારને ઉત્કૃષ્ટ રૂપે એક જ સમયે અનુભવી શકું. આ ભાવના સાથે યોગ્ય રીતે પ્રાર્થના કરવાથી જીવ પાંચમા મહાસંવર માર્ગ તરફ આગળ વધે છે. આમ આ માર્ગમાં સ્થિર થવા તથા આગળ વધવા માટે પ્રભુને કરેલી અંતરંગથી પ્રાર્થના જીવને ખૂબ ઉપકારી થાય છે.

## ૫. સંજ્ઞી જીવનું મહાસંવર માર્ગનું આરાધન

મહાસંવર માર્ગમાં જીવ એક જ સમયે કલ્યાણનાં યોગ્ય પરમાણુઓને ખેંચે છે, એને આજ્ઞારસમાં પરિણમાવે છે, એ આજ્ઞારસ કર્મનાં સંક્રમણ માટે તૈયાર થઈ સંક્રમણ

કરે છે, કર્મના નિહાર માટે પંચાસ્તિકાયની સહાય લે છે, અને કર્મનો નિહાર કરે છે. સાથે સાથે જે આજ્ઞારસ મળ્યો છે તેને ભૂત, વર્તમાન કે ભાવિના કર્મ માટે યોગ્ય રીતે પરઠાવે છે. આ કાર્ય કરવા જીવ નિર્જરા માટે આજ્ઞારસ ખેંચે છે, અને આશ્રવરૂપ આહારને તોડવા પણ આજ્ઞારસને ખેંચે છે. આ પ્રક્રિયામાં જીવ પહેલીવાર આહાર અને નિહારને વિહાર દ્વારા એકત્રિત કરવાનો પ્રયત્ન કરે છે. વિહારના આ દ્વિતીય કાર્યને જ્ઞાનીપુરુષો સંવર x સંવર રૂપે કે મહાસંવર રૂપે ઓળખાવે છે. આ માર્ગમાં જીવ પહેલીવાર આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપને આજ્ઞારસના માધ્યમથી આજ્ઞામાર્ગમાં આજ્ઞાધીનપણે અનુભવે છે. આ માર્ગમાં જીવનાં ઉદાસીનતા અને વીતરાગતા વધતાં જાય છે. જીવ જે પ્રેમભાવ પોતાના ગુરુ પ્રત્યે અનુભવતો હતો, તેવો પ્રેમભાવ તે પોતાની સમાન કક્ષાવાળા અને પોતાથી નીચી કક્ષાવાળા જીવો સાથે કેળવતો જાય છે. આ રીતે મહાસંવરના માર્ગમાં જીવ વધારે ને વધારે આજ્ઞાધીન થતો જઈ પાંચ મહાવ્રતનું પાલન સૂક્ષ્મતાએ કરતો જાય છે.

આ માર્ગમાં જીવની પરમાર્થ શુદ્ધિ સાથે વ્યવહાર શુદ્ધિ પણ કેળવાતી જાય છે. આ શુદ્ધિથી તેને ઉચ્ચ પ્રકારનાં કલ્યાણનાં પરમાણુની પ્રાપ્તિ થાય છે; જેનાં આધારે તે ઉત્તમ માર્ગદર્શકનું પદ કે ગુરુપદ પામે છે. તે પોતાનાં જ્ઞાન તથા દર્શનની વિશુદ્ધિ વધારવા સાથે ચારિત્રની વિશુદ્ધિ પણ કરતો જાય છે, જેથી તેની રત્નત્રયની આરાધના શુધ્ધતાથી થાય છે. તેના અનુસંધાનમાં તેને અનેક સિદ્ધિઓ પણ મળે છે.

મહાસંવરના માર્ગમાં જુદા જુદા હેતુઓ જોવા મળે છે. તેને લીધે બીજા ત્રણ માર્ગનું બંધારણ થાય છે. પહેલા ચાર માર્ગની ઉત્કૃષ્ટતાએ મહાસંવર માર્ગ રચાય છે. એ માર્ગમાં બીજા ભાવ જીવ ઉમેરતો જાય છે ત્યારે બાકીના ત્રણ માર્ગની રચના થતી જાય છે.

મહાસંવર માર્ગ જીવ સંજ્ઞાની સિદ્ધિ અને શુદ્ધિથી કેળવી શકે છે. તેમાં સંજ્ઞાની સહાયથી જીવ વિહાર તથા નિહારની ઉત્કૃષ્ટતા એક સમયે કરી શકે છે, પણ આ બધા માર્ગોમાં જીવ આહારની સકામ શુદ્ધિ પર ધ્યાન આપી શકતો નથી, તેથી મહાસંવરના

માર્ગમાં સર્વોત્કૃષ્ટ શુદ્ધિ સમાયેલી નથી. આ પછીના ત્રણે માર્ગમાં જીવ વિહાર તથા નિહારને કાં તો મહાસંવરના માર્ગ જેટલા શુદ્ધ કરે છે, અથવા તો તેથી પણ વિશેષ શુદ્ધ કરે છે. આની સાથે સાથે આહારની શુદ્ધિ માટે સકામ પુરુષાર્થ કરવા પણ તે મથે છે. પ્રભુની કૃપાથી તે સફળ પણ થાય છે.

સકામ શુધ્ધ આહાર મુખ્યત્વે ત્રણ પ્રકારે છેઃ સ્વકલ્યાણનાં પરમાણુરૂપે, પરકલ્યાણનાં પરમાણુરૂપે અને સ્વપર કલ્યાણનાં પરમાણુરૂપે જીવ (સકામ શુધ્ધ આહાર) ગ્રહણ કરે છે. આ ત્રણે ત્રણ પ્રકારના શુધ્ધ આહારગ્રહણના ભિન્ન ભિન્ન પુરુષાર્થના આધારથી પ્રગટતી ત્રણ જાતની સિદ્ધિઓ ત્રણ જુદા માર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. એનો ભેદ શ્રી પ્રભુ પરમ કરુણાભાવથી ખોલે છે.

૧. પરમ વિશુદ્ધ સ્વકલ્યાણનાં પરમાણુના સકામ આહારથી સંવર પ્રેરિત મહાસંવર માર્ગનું સ્થાપન થાય છે.

૨. પરમ વિશુદ્ધ પરકલ્યાણનાં પરમાણુના સકામ આહારથી કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગનું સ્થાપન થાય છે.

૩. પરમ વિશુદ્ધ સ્વપર કલ્યાણનાં પરમાણુના સકામ આહારથી આજ્ઞા પ્રેરિત, કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગનું સ્થાપન થાય છે.

આ માર્ગોની યથાર્થ સમજણ શ્રી પ્રભુની કૃપાથી અને આજ્ઞાથી મેળવી શકાય છે.

સંજ્ઞા જીવને ભૂત, વર્તમાન અને ભાવિના ભાવનો કર્તા તથા ભોકતા કરે છે. આત્મિક સ્વભાવના ભાવ માત્ર વર્તમાનભાવ પ્રેરિત છે, તેમાં નથી પૂર્વભાવનું નિમિત્ત કે નથી ભાવિભાવનું નિમિત્ત. તેથી વર્તમાનકાળની આ મર્યાદાનો ભંગ કરી જીવ જ્યારે સંજ્ઞાના આધારે ભૂત કે ભવિષ્યના ભાવ કરે છે ત્યારે એ આત્માની સહજ સ્થિતિનો ત્યાગ કરી, ભૂત ભવિષ્યની વિભાવવાળી પર્યાયમાં અશુદ્ધ આહાર ગ્રહણ કરે છે. શરીરની અશુદ્ધિનો ત્યાગ આપણે શુદ્ધ આહારથી કરીએ છીએ. એ જ પ્રમાણે જીવ આ વિભાવરૂપી અશુદ્ધ આહારને આજ્ઞારસના ધારક એવા કલ્યાણનાં પરમાણુના

આહારથી શુદ્ધ કરી શકે છે. આજ્ઞારસ ત્રણ પ્રકારે છેઃ સ્વકલ્યાણક, પરકલ્યાણક અને સ્વપરકલ્યાણક. આ આજ્ઞારસની પ્રક્રિયા જીવ પર કેવી રીતે થાય છે તે આપણે પહેલાં જાણ્યું છે, હવે એનાથી જીવ શુદ્ધ આહાર કેવી રીતે ગ્રહણ કરી શકે છે અને પોતાના વિભાવને આજ્ઞારસના માધ્યમથી કેવી રીતે સ્વભાવ તરફ વાળે છે તે વિશે વિચારીએ.

## ૬. સંજ્ઞી જીવનું સંવર પ્રેરિત મહાસંવર માર્ગનું આરાધન

સંજ્ઞાથી જીવ વિભાવ કરી, તેનાં કર્તાપણાને દૂષિત કરે છે. કર્તાપણું દૂષિત થવાથી આહાર દૂષિત થાય છે. કર્તાપણું આત્માનો ગુણ હોવાથી તેનો ત્યાગ જીવ ક્યારેય કરતો નથી. આથી તેનો આહાર સતત ચાલુ રહે છે. માટે જો જીવની પરિણતિ કે ભાવ શુદ્ધ થાય તો જ તે આહારને શુદ્ધ કરી શકે. આવા વિભાવને શુદ્ધ કરવા કે અનાદિથી પડેલી વિભાવ કરવાની ટેવને સુલટાવવા જીવને સાથની જરૂર પડે છે. આ સાથ જીવને આજ્ઞારસ આપે છે. જીવને આજ્ઞારસ કલ્યાણનાં પરમાણુમાંથી મળે છે.

પહેલી ભૂમિકામાં જીવ માત્ર સ્વકલ્યાણની ઇચ્છા કરે છે. તેથી સ્વકલ્યાણમાં જવા માટેનો સકામ પુરુષાર્થ કરી જીવ કલ્યાણનાં પરમાણુઓને ગ્રહણ કરે છે. વિહાર અને નિહાર તો મહાસંવર માર્ગમાં ઉત્કૃષ્ટ થયા જ હોય છે, તેની સાથે સાથે જીવ જ્યારે આહારની વિશુદ્ધિ સકામપણે કરતો થાય છે, ત્યારે તેના વિહારનું બળ અસંખ્યાત કે અનંતગણું વધી જાય છે. કારણ કે સકામ વિશુદ્ધ આહાર માટે તેને જે અભિસંધિજ વીર્યની જરૂરત છે તે વીર્ય તેને વર્તમાનના આહારથી મળે છે. અને ભૂતકાળના સંચિત વીર્યમાંથી તેને વીર્ય ખેંચવું પડતું નથી. તાજા વીર્યના ઓછા જથ્થાથી પણ શુદ્ધ વિહાર કરી શકાય છે. આ રીતે જીવ જેટલો વિશુદ્ધ વિહાર કરે છે, તેટલી તેની યોગની શક્તિ અભિસંધિજ વીર્યના અકામ ઉપયોગથી બળવાન થાય છે, જેને લીધે તેનો નિહાર પણ વિશુદ્ધ થાય છે.

આવો શુધ્ધ આહાર ગ્રહણ કરવાનો લક્ષ જીવને પોતાના વિહારને અનુલક્ષીને હતો, તેથી પ્રભુએ આ માર્ગને 'સંવર પ્રેરિત મહાસંવર' માર્ગ તરીકે ઓળખાવ્યો છે. આહારની વિશુદ્ધિમાં આ જીવના ભાવ મુખ્યતાએ સ્વકલ્યાણના છે. એને તેના ભાવાનુસાર આજ્ઞારસ મળે છે. આવા ભાવ મુખ્યતાએ સાધુસાધ્વીજી ભાવે છે, કેમકે તેઓ મુખ્યત્વે સ્વકલ્યાણના પુરુષાર્થમાં રહ્યા હોય છે. આવો આજ્ઞારસ થોડા અંશે ઉપાધ્યાયજીમાં અને અલ્પાંશે આચાર્યજીમાં આવે છે.

## ૭. સંજ્ઞી જીવનું કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગનું આરાધન

સંવરપ્રેરિત મહાસંવર માર્ગમાં જીવ સ્વકલ્યાણાર્થે આહાર કરે છે. તેમ કરતાં તેને જે સાધુસાધ્વીજીનો આજ્ઞારસ મળે છે, તેમાં કલ્યાણના ભાવની ઝાંય હોય છે. આ રસ જ્યારે અમુક હદ સુધી પહોંચે છે ત્યારે તે જીવને, પોતાને મળેલી પરમાર્થ સિદ્ધિ બીજાને આપવાના ભાવ થાય છે. એ ભાવ ઉગ્ર થઈ, બીજાને સકામપણે કલ્યાણના ભાવ આપવાની ઇચ્છા જોર કરે છે. આ ભાવને સહાયક થાય છે શ્રી ઉપાધ્યાયજીનાં કલ્યાણનાં પરમાણુઓ, જેને જીવાત્મા ગ્રહણ કરે છે.

આ કલ્યાણનાં પરમાણુઓમાં જીવને ઉપાધ્યાયજીએ મુખ્યતાએ સેવેલા પરકલ્યાણના ભાવનો અનુભવ થાય છે. પરકલ્યાણના ભાવ કરવાથી એ જીવની સુખબુદ્ધિનો ઘણા અંશે નાશ થાય છે. કેમકે તેને પોતાનાં સ્વસુખનો ત્યાગ કરી, પરકલ્યાણ માટે પોતાની સર્વ શક્તિઓ અને સિદ્ધિઓ વાપરવાના ભાવ રહે છે. આવા ભાવ શ્રી ઉપાધ્યાયજીને વર્તતા હોય છે. તેઓ પોતાના આત્મિક વિકાસને મહત્ત્વ આપવા કરતાં સ્પૃહા સહિત, અન્ય જીવોને બોધ આપવાનું કાર્ય કરતા હોય છે. આમ તેઓ સ્વકલ્યાણને અકામપણું આપે છે અને પરકલ્યાણના પુરુષાર્થને તેઓ સકામપણું બક્ષે છે. આ જ પ્રક્રિયા કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગમાં ચાલતો જીવ કરે છે.

આ જીવ પરકલ્યાણ કરવાના ભાવથી જ આહાર કરે છે, અને એ ભાવના આધારે તેના વિહાર તથા નિહાર પણ પરકલ્યાણના હેતુરૂપે હોય છે. આ શુદ્ધિ

આવતાં તે જીવ પોતાનાં અંતરાય કર્મનો મહદ્ અંશે નાશ કરી શકે છે. અને મોટા જથ્થામાં પરમાર્થ પુણ્ય બાંધે છે. પરંતુ આ માર્ગમાં ચાલતાં જીવમાં 'સર્વ જીવો આ માર્ગને પામે' એવી સ્પૃહા સતત વર્તતી રહેતી હોવાથી, તે જીવ સતત પરમાર્થ લોભ બાંધતો રહે છે.

આ પરમાર્થ લોભને જીવે જો આજ્ઞાના પુરુષાર્થથી નિયંત્રિત (control) ન કર્યો હોય તો એ જીવને માન, પૂજા, સત્કાર, આદિની ઈચ્છારૂપ માનકષાયમાં જવાનો ઘણો બધો અવકાશ રહે છે, કારણ કે પરમાર્થ લોભની સ્પૃહાથી આહાર અશુદ્ધ થાય છે. જો આમ થાય તો તે જીવ વિહાર તથા નિહારની વિશુદ્ધિને આહારની અશુદ્ધિનાં કારણે જોખમમાં નાખી દે છે.

## ૮. સંજ્ઞી જીવનું આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગનું આરાધન

અન્ય જીવોનું કલ્યાણ ઈચ્છવામાં અને કરવામાં જીવને ઘણો ફાયદો થાય છે. પણ તેમાં સ્પૃહારૂપી મહાશત્રુને આજ્ઞારૂપી મહાશસ્ત્રથી પરાજિત કરવામાં આવે તો સોનામાં સુગંધ ભળે, કારણ કે આજ્ઞા એ વીતરાગતાના કવચથી સ્પૃહાને ઘટાડે છે, પરિણામે તેની કાર્યની શુદ્ધિ સતત થતી જાય છે. આવો ભાવ કરવા માટે જીવને પોતાના આહાર, વિહાર તથા નિહારને પ્રભુને સોંપવાનો આદેશ આજ્ઞારસમાંથી મળતો જાય છે. આજ્ઞારસ એ પર પદાર્થ છે; તેથી ૠણમુક્તિ માટે એ સહુનું કલ્યાણ પણ ઈચ્છે છે. આ કલ્યાણભાવ આજ્ઞાપ્રેરિત હોવાને લીધે નિસ્પૃહતાથી ભરપૂર હોય છે. આ આજ્ઞારૂપી કલ્યાણના ભાવને લીધે એ જીવને એ પ્રકારનો આજ્ઞારસ પ્રાપ્ત થાય છે કે જેથી તેની ચારિત્રરૂપી વીતરાગતા વધતી જાય છે.

ઉપરાંત, આ જીવ સ્વ તથા પર બંને કલ્યાણ આજ્ઞાધીન ચારિત્રની વિશુદ્ધિથી કરતો જાય છે. જ્યારે આજ્ઞા એને સ્વકલ્યાણનો આદેશ આપે ત્યારે તે સ્વકલ્યાણ કરે છે અને પરકલ્યાણનો આદેશ આપે છે ત્યારે એ જીવ પરકલ્યાણ કરે છે. આવો

પુરુષાર્થ શ્રી ગણધરાદિ આચાર્ય કરે છે. માટે આ પુરુષાર્થને સાથ આપવા માટે તેને ગણધરાદિ આચાર્યજીનો આજ્ઞારસ મળતો જાય છે.

આ ત્રણે માર્ગ માટે વિચારતાં સમજાય છે કે તેમાં માત્ર સાધુસાધ્વી, ઉપાધ્યાયજી અને આચાર્યજીનો સાથ મળે છે, તેમાં શ્રી અરિહંત પ્રભુ કે સિદ્ધપ્રભુના પ્રત્યક્ષ આજ્ઞારસનો સાથ નથી. શ્રી પ્રભુ આમ હોવાનાં બે કારણો જણાવે છે –

૧. આ માર્ગનું આરાધન જીવ મુખ્યત્વે છઠ્ઠા અને સાતમા ગુણસ્થાને કરે છે. આ માર્ગમાં સાથ આપનાર સમાનકક્ષી હોવા જરૂરી છે, તેથી પૂર્ણનો આજ્ઞારસ એમાં કામ આવતો નથી.

૨. આજ્ઞારસની ઉત્પત્તિ સંજ્ઞાના આધારથી સ્થૂળતાએ થાય છે. માટે જે સંજ્ઞાના ઉપયોગ સહિત છે એવા જ ઈષ્ટપ્રભુની ભાવના આ માર્ગે ચાલતા જીવની ભાવના સાથે મેળ મેળવી શકે. જો બંનેના ભાવ એકબીજા સાથે તાલમેળવાળા હોય તો જ આજ્ઞારસની પ્રાપ્તિ થાય અને તો જ જીવને શુદ્ધિ તથા સિદ્ધિ મળે.

આ ઉપરાંત, શ્રી પ્રભુ આપણને સમજાવે છે કે જીવ પુરુષાર્થ આત્માર્થે તેમજ વ્યવહારાર્થે પણ કરે છે. તેમાં તેને સિદ્ધિ આવતાં તે વધુ આજ્ઞાધીન થતો જાય છે. જે જીવ આત્માર્થે આજ્ઞાધીન હોય એ પરમાર્થે સિદ્ધિને મેળવે છે, અને જે જીવ પરમાર્થે તથા વ્યવહારે આજ્ઞાધીન હોય છે તે સર્વોત્કૃષ્ટ સિદ્ધિને પ્રાપ્ત કરે છે.

જે માત્ર આત્માર્થે આજ્ઞાધીન છે તે મોહ તોડે છે, પણ સુખબુદ્ધિ તોડતો નથી. જે બંને પ્રકારે આજ્ઞાધીન છે તે મોહ તેમજ સુખબુદ્ધિ બંને ક્ષય કરવામાં સફળ થાય છે. આ ક્ષયથી એ જીવ જુદા પ્રકારનું ફળ મેળવે છે.

સંવર પ્રેરિત મહાસંવરના માર્ગમાં (સ્વકલ્યાણના પરમાણુ ગ્રહનાર) વૈરાગ્ય પ્રેરિત વીતરાગતા જીવને મળે છે. જેમાં સંસારનો નકાર એ મુખ્ય હેતુ છે, અને સ્વકલ્યાણ મુખ્ય સ્થાને આવે છે.

કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગમાં કલ્યાણ પ્રેરિત વીતરાગતા મળે છે, જેમાં પરનું કલ્યાણ એ વીતરાગતામાં રહેવાનો મુખ્ય હેતુ હોય છે, એટલે ઉચ્ચ પરકલ્યાણના ભાવથી જીવ વીતરાગતા વેદે છે.

આજ્ઞાપ્રેરિત, કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગમાં એ જીવને આજ્ઞા પ્રેરિત વીતરાગતા મળે છે, તેમાં આરાધનનો મુખ્ય હેતુ આજ્ઞા મેળવવામાં તથા પાળવામાં વિશુદ્ધિ વધારવાનો હોય છે. આ વીતરાગતાથી એ જીવ સહજ રીતે સહુ જીવો માટે કલ્યાણભાવ સેવતો જાય છે. અને તે દ્વારા ગુણગ્રાહીપણાનો અઘરો પુરુષાર્થ આદરે છે. આ પુરુષાર્થથી મૈત્રી પ્રેરિત વીતરાગતા આવે છે. તેમાં મહાસંવરના બે સમય વચ્ચે એ જીવને આજ્ઞાના માધ્યમથી 'અનંતગુણ વિશિષ્ટ આત્મભાવ' મળે છે. જેટલા અંશે તેની મૈત્રી પ્રેરિત વીતરાગતા વધે છે, તેટલા અંશે તે છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનના મૂળ હેતુને પ્રાપ્ત કરે છે. તેનાથી તે શ્રેણિનાં અંતરાય તોડી, શ્રેણિની વીતરાગતા અનુભવી, ક્ષપક શ્રેણિએ ચડી, કેવળી બની, સિદ્ધભૂમિને પ્રાપ્ત કરી શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન સ્વરૂપી સિદ્ધાત્મા બને છે.

આવી સર્વોત્કૃષ્ટ શુદ્ધિની શ્રી પ્રભુ મને, તમને, જગતના સહુ જીવોને તીવ્ર વેગથી પ્રાપ્તિ કરાવે એ જ અંતરંગની ભાવના છે.

> "હે જિન ભગવાન! તમારી કૃપા અનંત અને અપાર છે. તમારું અંતરચારિત્ર અમ જેવા દાસને તમારી ભક્તિ કરવા પરમ પ્રેરણા આપે છે. અહો જિનપ્રભુ! તમારી પાસે અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યની સાથે પરમોત્તમ સ્વરૂપની વેદકતા હોવા છતાં, તમે એ સર્વ સિદ્ધિઓની સુખબુદ્ધિમાં ન જતાં, તેનાથી પર રહી, અડોલ, અયોગી, અને ત્રૈલોક્ય પ્રકાશક શ્રી સિદ્ધ પ્રભુના ભક્ત બની, એમની આજ્ઞામાં જ તમારી સર્વ સિદ્ધિઓનું આધિપત્ય સમર્પિત કરો છો. એ પુરુષાર્થ દ્વારા અમને શ્રી સિદ્ધ પ્રભુના, તેમનાં આજ્ઞાધીનપણાનાં તથા સિદ્ધ ભૂમિનાં દર્શન, જ્ઞાન તથા વેદકપણું પ્રાપ્ત કરાવો છો. તે માટે ઉપકાર માનવાના શબ્દો અમને સાવ

ફિક્કા લાગે છે, પણ અંતરમાં એ ભાવ થાય છે કે તમારો આ જિનમાર્ગ સર્વ જીવોને પ્રાપ્ત થાય, તમારું યોગબળ સદાય જયવંત રહે, તમારી કૃપા લોકના એકેએક જીવને અસ્ખલિતપણે મળ્યા કરે, અને આ લોકના તમામે તમામ જીવ તમારું શરણ લઈ ભક્તિધારાને પ્રેમરૂપી આજ્ઞાના મહાસાગરમાં પરિણમાવે. હે જિન! તમારી આજ્ઞાથી, તમારી વાણીને તથા બોધને શબ્દદેહ આપવાનું આ કપરું કાર્ય, તમારા ચરણકમળની પરાભક્તિમાં તરબોળ બની, કરવાના પુરુષાર્થને સફળ કરવા માટે ખૂબ ખૂબ આભાર માની વંદીએ છીએ."

ૐ

जीवस्स णिच्चयादो धम्मो दहलक्खणो हवे सुयणो ।
सो णेइ देवलोए सो चिय दुक्खक्खयं कुणइ ।।१८।।

આ જીવને પોતાનો ખરો હિતસ્વી નિશ્ચયથી એક ઉત્તમક્ષમાદિ દશલક્ષણધર્મ જ છે, કારણ કે તે ધર્મ જ દેવલોકને પ્રાપ્ત કરાવે છે, તથા તે ધર્મ જ સર્વ દુઃખના નાશરૂપ મોક્ષને પ્રાપ્ત કરાવે છે. (૧૮)

सव्वायरेण जाणह इक्कं जीवं सरीरदो मिण्णं ।
जह्मि वु मुणिदे जीवे होइ असेसं खणे हेयं ।।१९।।

હે ભવ્યાત્મા! તું જીવને શરીરથી સર્વ પ્રકારે ભિન્ન, ઉદ્યમ કરીને પણ જાણ. જેને જાણતાં બાકીનાં સર્વ પરદ્રવ્યો ક્ષણમાત્રમાં તજવા યોગ્ય લાગે છે. (૧૯)

— સ્વામી કાર્તિકેયાનુ-પ્રેક્ષા.

## પ્રકરણ ૧૭

# ૐ શ્રી ગુરુની આજ્ઞાભક્તિથી ૐ ગમય આણાયં, આણાયં ગમય ૐ

ૐ શબ્દમાં આખું વિશ્વ સમાય છે. ૐમાં ધ્વનિ છે, શબ્દ છે, ગુંજન છે અને નિયમ છે. ૐમાં આજ્ઞા છે, ૐ શાશ્વત છે; અનાદિ અનંત છે. ૐમાં ગુરુ છે, તેમ જ ૐ માં શિષ્ય પણ છે. ૐ એ જ ધર્મ છે. ધર્મ એ જ ૐ છે. માટે ૐની ગૂંથણી, ૐનું ઉપાર્જન તથા ૐના ઉપયોગને યથાર્થપણે જાણવા એ અતિ અગત્યનું છે. માટે ૐ રૂપી ઈશ્વર પાસે આપણે સહુ પ્રાર્થીએ કે,

"હે ૐ! તમારા જ્ઞાનસાગરના ઊંડાણમાં આ લોક, તેમજ આ લોકના સર્વ નિયમો, રહસ્યો, ગુપ્ત ભેદો તથા માર્ગોની જાણકારી સમાયેલી છે. આ જાણકારી અને રહસ્યો પાત્ર જીવો માટે સાવ ખુલ્લાં છે, તથા બાળ જીવો માટે એટલાં જ ગુપ્ત છે. અહો ૐ! તમારાં આ કરુણા તથા કલ્યાણ કાર્યને અમે વંદન કરીએ છીએ. જે જીવની જેટલી યોગ્યતા છે, તેટલી જ માત્રામાં તમે રહસ્યો ખોલો છો, ત્યાં તમે તમારી મોટાઈ કે જાણપણાને પરમ વીતરાગ દશામાં સમાવી, સહજાનંદના સુખને માણો છો. વળી, આ સહજાનંદના સુખમાં પણ તમે લોભાતા નથી. જ્યારે કોઈ પાત્ર જીવની તમે અભિલાષા જુઓ છો, ત્યારે એક સમયના પણ વિલંબ વિના તમે એ પાત્ર જીવની અભિલાષા પૂર્ણ કરવા કાર્યકારી થાઓ છો. અહો! કેવી તમારી અગાધ વીતરાગતા! કેવું ભવ્ય આજ્ઞાધીનપણું! જ્યાં પરની પાત્રતા દેખાય છે, ત્યાં પૂર્વ સંચિત ઋણને ચૂકવવાનો સુંદર સમય જાણી, સ્વસુખમાંથી તમે પરકલ્યાણમાં જાઓ છો. પરંતુ આ પરકલ્યાણમાં કોઈ સ્પૃહા રહી ન

હોવાથી, તમે પાત્ર જીવની ઇચ્છાનુસાર દાન કરો છો, અને ઋણમુક્ત થાઓ છો."

"પરકલ્યાણનું આ કાર્ય સમાપ્ત થાય છે કે તરત જ પ્રભુઇચ્છા જાણીને તમે સ્વના પુરુષાર્થ અને શાંતિ તથા સુખમાં નિમગ્ન થાઓ છો. તમને નથી સ્વસુખનો રાગ, નથી પરકલ્યાણનો રાગ, રાગ છે માત્ર વીતરાગતાનો, આજ્ઞાનો અને આજ્ઞારૂપ કલ્યાણનો. આ રાગને રાગરૂપે નહિ, પણ પ્રેમરૂપે, વિનયરૂપે તથા આજ્ઞારૂપે અમે ઓળખીએ છીએ. જે આજ્ઞાપ્રેરિત, કલ્યાણપ્રેરિત, મહાસંવર માર્ગની ગૂઢતા છે, એ ૐ ના આ વર્તન, આરાધન તથા પુરુષાર્થમાં છે. આ જ્ઞાન, હે ૐ! તમે જ અમને કૃપા કરી દાનમાં આપો છો. અહો ૐ! તમારી પાસેથી જે દાન મળે છે તેનો આભાર શબ્દ દ્વારા માની શકાતો નથી, તે તો માત્ર તમારા આજ્ઞાવીર્યથી સ્ફુરાયમાન થાય છે. તમારા આ જ્ઞાનદાનનો અમે ખૂબ આભાર માનવા ઇચ્છીએ છીએ. પણ એ ઇચ્છા શબ્દદ્વારા પૂરી થઈ શકતી નથી, તેથી તમારો યથાર્થ રીતે આભાર માનવા માટે, અમે તમારી પાસે વીર્ય, પુરુષાર્થ તથા સાથ માગીએ છીએ, કે જેથી અમે મળેલા જ્ઞાનદાન માટે આજ્ઞારૂપી સાધનથી યોગ્ય આભાર માની શકીએ; અને એનું યથાર્થ પાલન પણ કરી શકીએ. ૐમાં આજ્ઞા છે, અને આજ્ઞામાં ધર્મ તથા તપ છે. ધર્મમાં અને તપમાં સર્વોત્કૃષ્ટ મંગલપણું છે. મંગલમાં મંગલ એ માત્ર ૐ રૂપી ધર્મ છે. માટે જે પ્રશ્ન ૐથી શરૂ થાય છે, એ પ્રશ્નનો ઉત્તર ૐ માંથી જ મળે છે. તેથી હે ૐ! તમારા ૐપણાને અમે યથાર્થપણે સમજીને સમજાવી શકીએ એ જ આજ્ઞા માગી, ૐ રૂપી મહાસમુદ્રમાં અમે ડૂબકી ખાવા ઇચ્છીએ છીએ. ૐ! તમે જ નાવિક છો, તમે જ સાથ આપનાર મત્સ્ય છો કે જે સમુદ્રના કાંઠે તથા સપાટી પર તરવામાં મદદ કરે છે. અને જ્યારે તમે અમને મહાસમુદ્રનાં પેટાળમાં રહેલાં રત્નો મેળવવા અર્થાત્ માર્ગનાં ગૂઢ રહસ્યો જાણવા આજ્ઞા કરો છો ત્યારે તમે જ માછલી

રૂપે સાથી બની, મહાસમુદ્રની ગહેરાઈ સુધી લઈ જઈ એ ગુપ્ત રહસ્યોરૂપ રત્નોની પ્રાપ્તિ કરાવો છો. તમારા આ કલ્યાણમય સાથને અમે યોગ્યતા અનુસાર તથા આજ્ઞાધીનપણે વધારી શકીએ એ જ ભાવના સાથે તમને અહોભાવથી વંદન કરી, આશીર્વાદ માગીએ છીએ."

આ રીતે ૐની આજ્ઞા લઈ, એમના જ રહસ્યો જાણવા પ્રયત્ની થઈએ. પોતાના પુરુષાર્થમાં લોક સમસ્તનું કલ્યાણ ઈચ્છનાર પરમ ઉપકારી શ્રી પંચપરમેષ્ટિ ભગવંત ૐમાં સમાય છે. પંચપરમેષ્ટિ ભગવંત આજ્ઞાધીનપણે વર્તે છે તે અપેક્ષાએ તેઓ એક જ છે. બીજી અપેક્ષાએ શ્રી સાધુસાધ્વી, ઉપાધ્યાય અને આચાર્ય એ ત્રણ પરમેષ્ટિ છદ્મસ્થ છે, તથા શ્રી અરિહંત અને સિદ્ધ પૂર્ણ છે એ અપેક્ષાએ પરમેષ્ટિ ભગવંતના બે ભાગ થાય છે. ત્રીજી અપેક્ષાએ છદ્મસ્થ પરમેષ્ટિનો એક વિભાગ, સયોગી કેવળીનો બીજો વિભાગ અને સિદ્ધ (અયોગી કેવળી) રૂપે ત્રીજો વિભાગ, એમ ત્રણ વિભાગ જોવા મળે છે. ચોથી અપેક્ષાએ સાધુસાધ્વી માત્ર આજ્ઞાનું પાલન કરે છે, એ એક વિભાગ, ઉપાધ્યાય તથા આચાર્ય છદ્મસ્થ રૂપે આજ્ઞા પાળવા ઉપરાંત બીજાને આજ્ઞા બોધે છે એ બીજો વિભાગ, શ્રી અરિહંત સયોગી કેવળી રૂપે પૂર્ણતા પામીને આજ્ઞા પાળે છે તથા બોધે છે, એ ત્રીજો વિભાગ અને શ્રી સિદ્ધપ્રભુ યોગ વગર આજ્ઞા પાળે છે અને બોધે છે, એ ચોથો વિભાગ થાય.

પાંચમી અપેક્ષાએ સાધુસાધ્વી આજ્ઞા પાળે છે એ પહેલો ભાગ, ઉપાધ્યાય છદ્મસ્થ તરીકે આજ્ઞા પાળે છે અને બોધે છે – પરંતુ તે બોધ મુખ્યતાએ વાણી દ્વારા હોય છે એ બીજો ભાગ; આચાર્ય છદ્મસ્થ તરીકે આજ્ઞા પાળે છે અને બોધે છે – એ બોધ મુખ્યતાએ વર્તન દ્વારા અપાય છે, એ ત્રીજો ભાગ; શ્રી અરિહંત પૂર્ણતા સાથે અર્થાત્ કેવળજ્ઞાન અને કેવળદર્શન સહિત આજ્ઞા પાળે છે અને બોધે છે – તેમનું આજ્ઞા બોધવાનું કાર્ય માત્ર ઉદયાધીન હોય છે; તેથી જ્યારે બોધ વર્તન દ્વારા આપવાનો પ્રસંગ હોય ત્યારે એરૂપ તેમનું વર્તન થાય છે, અને જ્યારે બોધ વાણી દ્વારા આપવાનો પ્રસંગ હોય ત્યારે ૐરૂપી વાણી દ્વારા બોધ થાય છે, એ ચોથો ભાગ; શ્રી સિદ્ધ ભગવાન પૂર્ણતા સાથે અર્થાત્ કેવળજ્ઞાન, કેવળદર્શન અને અક્ષય સ્થિતિ સાથે આજ્ઞા

પાળે છે તથા બોધે છે, એમનો આજ્ઞાબોધ માત્ર કેવળીસમુદ્‌ઘાતના રસપરમાણુ સાથે જ હોય છે; આ પાંચમો વિભાગ થયો.

આ દરેક વિભાગમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ મુજબ આજ્ઞા આરાધનમાં – આજ્ઞા પાળવામાં અને બોધવામાં ફેર પડે છે. તેને અનુસરી ૐના અનંત વિભાગ તથા પેટાવિભાગ થાય છે.

"ૐ ગમય આણાયં, આણાયં ગમય ૐ" એટલે જીવનું એવું વર્તન કે જેથી ૐ રૂપી પરમેષ્ટિના સાથથી જીવ આજ્ઞારૂપી ધર્મમાં જાય, અને એ આજ્ઞારૂપી ધર્મના આરાધનથી જીવ આજ્ઞારૂપી તપને આદરતો જાય. જીવને જો એના વિભાવને કારણે, ઇચ્છાયોગે કે ઉદયયોગને કારણે ૐનો સાથ છૂટી જાય છે, તો આજ્ઞારૂપી તપ તેને ફરીથી ૐના સાથમાં લઈ જાય છે.

બીજી અપેક્ષાથી વિચારીએ કે જો જીવ અતિ પુરુષાર્થી હોય, અને અપ્રમત્તભાવે પુરુષાર્થ કરતો હોય તો તે ૐના સાથથી આજ્ઞારૂપી ધર્મ પામ્યા પછી, તેને જો કર્મના વિપરીત ઉદયો આવે છે તો પણ તે વિભાવમાં જતો નથી, પણ (અપેક્ષાએ) આજ્ઞામાં સ્થિર રહે છે. આવા પુરુષાર્થી જીવને માટે પણ 'ૐ ગમય આણાયં,આણાયં ગમય ૐ' ની પ્રક્રિયા જરૂરી છે. જીવ પુરુષાર્થી હોય ત્યારે તે ૐના સાથથી આજ્ઞારૂપી ધર્મમાં સરે છે. પરંતુ આ આજ્ઞાપાલન જીવની વર્તમાન સ્થિતિ પર આધાર રાખે છે. માટે જીવ જે આજ્ઞા પાળે છે તે આજ્ઞા તેની વર્તમાનની આત્મિક શુદ્ધિ કે સર્વોત્કૃષ્ટ સિદ્ધિ પર આધારિત હોય છે. હવે, આ જીવને સંજ્ઞા છે, તે સંજ્ઞાના ઉપયોગથી જીવ ભવિષ્ય માટેના ભાવ વર્તમાનમાં કરી શકે છે. તે ભવિષ્યની સિદ્ધિ કે વિકાસના ભાવ સફળ કરવા જીવે વિશેષ પુરુષાર્થ કરવો પડે, અને તે માટે વિશેષ યોગબળની જરૂર પડે. યોગબળ મેળવવા તથા ભાવિની શુદ્ધિ પામવા તે આજ્ઞા માગી શકે અને પ્રાર્થના દ્વારા આજ્ઞા મેળવી પણ શકે. આ સાધનની સફળતા કરવા, તેણે, તે સકામ પુરુષાર્થી હોવા છતાં અને આજ્ઞારૂપી ધર્મમાં ૐની સહાયથી આરૂઢ થયો હોવા છતાં, ભવિષ્યની શુદ્ધિ માટે અંતરાય અને એને લગતાં મોહનીય તથા સુખબુદ્ધિને તોડવાનાં

રહે છે. આ કાર્ય કરવા તેને આજ્ઞારૂપી ધર્મમાંથી આજ્ઞારૂપી તપમાં સરવું અનિવાર્ય બને છે. આ જીવ જ્યારે આજ્ઞારૂપી તપમાં જાય છે ત્યારે તે બે પ્રક્રિયા કરી શકે છે.

(૧) ભૂતકાળમાં બાંધેલા કર્મના ઉદયને નિઃશેષ કરી, ફરીથી ૐના સાથથી વર્તમાનમાં આજ્ઞારૂપી ધર્મમાં સરે છે. (૨) વર્તમાનની શુદ્ધિ તથા સિદ્ધિના આશયથી જીવ સકામપણે ભવિષ્યનાં શુદ્ધિ તથા સિદ્ધિ વધારવાનો પ્રયત્ન કરે છે. આથી તે ભવિષ્યનાં શુદ્ધિ અને સિદ્ધિને વર્તમાનમાં લાવી, વર્તમાનમાં મળેલાં શુદ્ધિ તથા સિદ્ધિમાં વધારો કરી શકે છે. આ પ્રક્રિયા કરવા માટે તેને ૐની સહાય ખૂબ જરૂરી છે.

આ વિશે વધારે વિચાર કરવા માટે આપણે આજ્ઞા તથા સંજ્ઞા વચ્ચેનો સંબંધ જાણીએ તો ખૂબ સુલભતા થાય.

## આજ્ઞા

આજ્ઞા એ મુખ્યત્વે અન્ય આત્માને જીવનાં પાંચ સમવાય તથા ઉદયગત કર્મ અને વર્તમાન શુદ્ધિને અને સિદ્ધિને આધારે આપેલી શિખામણ છે જેથી આત્મા પ્રગતિ કરી શકે છે. આ વચન વિચારતાં સમજાશે કે 'આજ્ઞા'માં મુખ્યત્વે વર્તમાનકાળનો પુરુષાર્થ છે. આજ્ઞામાં એક સમર્થ આત્માની શિખામણ રહેલી છે. આજ્ઞા લેવા માટે એક ઉચ્ચ દશાવાન આત્મા માટે વિનયભાવ, આદરભાવ, પ્રેમ, શ્રદ્ધા તથા અર્પણતા હોવાં જરૂરી છે. જીવ મુખ્યત્વે આજ્ઞાને હૃદયથી પાળે છે. એટલે આજ્ઞાપાલનમાં જીવની લાગણીનો ફાળો ઘણો મોટો હોય છે. આજ્ઞા પાળવામાં જીવ પોતાની બુદ્ધિનાં વર્ચસ્વને ઉચ્ચ આત્મા પ્રતિની લાગણીથી દબાવે છે, અથવા તેનો ક્ષય કરે છે, આજ્ઞાપાલનમાં જીવ મુખ્યત્વે પરમાર્થ લોભ તથા યોગની સહાય લઈ કર્મબંધનના અન્ય કારણોને દબાવે છે, અથવા તો ક્ષય કરે છે.

## સંજ્ઞા

સંજ્ઞાથી જીવ ભૂત, વર્તમાન તથા ભવિષ્યનો વિચાર કરી શકે છે. સંજ્ઞાનું ઉપાર્જન ભલે સત્પુરુષના કલ્યાણભાવને આધારે થાય છે, પરંતુ જીવ સંજ્ઞાનો ઉપયોગ

પોતાની બુદ્ધિગત માન્યતાને આધારે કરે છે. તે વખતે જીવ અજ્ઞાનના બળવાન ઉદયને કારણે, મોટાભાગે સંજ્ઞાના જન્મદાતા સત્પુરુષ પ્રત્યે અને સત્પુરુષના ધર્મમાર્ગ પ્રત્યે બુદ્ધિના વાદ વાપરી, બંનેને દૂભાવે છે. આમ થવાનું મુખ્ય કારણ એ છે કે સંજ્ઞા જીવ સાથે જોડાયેલી છે, અને જીવના ભાવ મુખ્યત્વે વિભાવ તરફ તથા સંસાર તરફ વર્તે છે, તો બીજી બાજુ સત્પુરુષ અને તેમનો સનાતન ધર્મ મોક્ષ તરફ વર્તે છે. આ પરસ્પર વિરોધને લીધે લગભગ બધા જીવો સંજ્ઞાનો ઉપયોગ આજ્ઞાથી વિરુધ્ધ વર્તવાની પ્રેરણા મેળવવામાં કરે છે. આ વિરોધને સંસારમાં પણ આપણે સ્થૂળતાએ સમજીએ છીએ. બુદ્ધિ અને લાગણી વચ્ચેનો વિરોધ જ આ સૂચવે છે. ઊંડાણથી વિચારતાં જણાય છે કે લાગણીનું મૂળ જીવના ભાવ પર રહેલું છે, ત્યારે બુદ્ધિ જીવની તર્કશક્તિ પર આધારિત છે. આ થયો સંજ્ઞાનો નબળો ભાગ. વળી આપણે જાણીએ છીએ કે આ જ સંજ્ઞા જીવને સાચો પુરુષાર્થ કરવા માટે અનિવાર્ય છે. આમ બે વિરુધ્ધદિશામાં જતાં આજ્ઞા તથા સંજ્ઞાને જીવ એક જ માર્ગમાં કેવી રીતે વાળી શકે છે? અને તે બંને એક જ દિશામાં ચાલે તો શું ફાયદો થાય?

શ્રી પ્રભુ એમના કેવળજ્ઞાનની સત્તાથી તથા પરમ કલ્યાણ અને કરુણાની લાગણીના સંગમથી ઉત્તરરૂપ વર્ષા કરે છે. સંજ્ઞા અને આજ્ઞા બંને એકમાર્ગી થઈ શકે છે. આ બંને જો એકમાર્ગી થતા ન હોત તો શ્રી તીર્થંકર પ્રભુ પરતંત્ર એવા એકેંદ્રિય અસંજ્ઞી જીવને પોતાના તાબામાં લઈ સિધ્ધ કરી દેત. આ થવું અસંભવિત છે; કારણ કે પ્રભુ કોઈની પણ સ્વતંત્રતા પર તરાપ મારતા નથી, અને તેથી જ અનંતકાળમાં પણ આમ બન્યું નથી. માટે સિદ્ધિ મેળવવા સંજ્ઞા અનિવાર્ય છે. વળી આજ્ઞા તથા સંજ્ઞા એકમાર્ગી થઈ શકતા ન હોત તો કોઈ પણ જીવ સિદ્ધ થઈ શકત નહિ, કારણ કે સર્વ કેવળી ભગવાન તથા સર્વ સિધ્ધાત્મા છદ્મસ્થ અવસ્થામાં છેલ્લા જન્મમાં નિયમથી સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય હોય છે.

સંજ્ઞા તથા આજ્ઞાને કેવી રીતે એકમાર્ગી કરવા તેની જાણકારી મેળવતાં પહેલાં તે બંનેને એકરૂપ કરવાથી શું ફાયદા થાય તે વિચારીએ. આ ફાયદાનું આકર્ષણ થતાં

જીવ સહજતાએ માર્ગ સમજી શકશે અને તેનું પાલન કરવા માટે એને એક બળવાન પ્રેરણાસ્રોત (incentive) મળશે.

## સંજ્ઞા તથા આજ્ઞાને એકમાર્ગી કરવાના ફાયદા

સંજ્ઞા અને આજ્ઞાનાં લક્ષણો (characteristics) ઘણાં જ જુદાં છે. આજ્ઞા એ અન્ય આત્મા પ્રત્યેની, જીવની વર્તમાન સ્થિતિ માટે શિખામણ છે. સંજ્ઞામાં ભૂત, વર્તમાન અને ભાવિ માટે તર્ક કરવાની શક્તિ છે. સંજ્ઞામાં ત્રણે કાળમાં મેળવેલા કે મેળવવાના શ્રુતનો યોગ્ય પરિસ્થિતિ અનુસાર ઉપયોગ કરવાની વિચક્ષણ શક્તિ પણ છે. જેને અંગ્રજીમાં આપણે application કહીએ છીએ.

સંજ્ઞા જીવની પાંચ ઇન્દ્રિયોનો રાજા છે. અને પરોક્ષ રીતે લાગણીનો પણ રાજા છે. માટે જો રાજા આજ્ઞાના તાબામાં આવી જાય તો પ્રજાને તાબામાં લાવવી જીવ માટે અતિ સુલભ છે. સંજ્ઞા મનોયોગ સાથે સંબંધ ધરાવે છે, અને મનોયોગ કર્માશ્રવ કરવા માટે સહુથી બળવાન સાધન છે. તેની પાસે વચનયોગ તથા કાયયોગ મનોયોગના દાસ જેવા છે. સંજ્ઞા જો જીવના તાબામાં આવે તો યોગ પણ તેના તાબામાં આવી જાય. જો યોગ તાબામાં આવે તો કર્મબંધના અન્ય ચાર કારણોનું ભાજન જીવના આજ્ઞાના તાબામાં હોવાથી તેનું બંધારણ મંદ થઈ શકે છે, તેથી જીવ કર્મને મંદ કરી શકે છે. અન્ય ચાર કારણોના બંધ (યોગ સિવાયના) જીવ મુખ્યત્વે મનોયોગ દ્વારા કરે છે. આ multi-functional – વિવિધ કાર્ય કરનારી સંજ્ઞાને આજ્ઞાના તાબામાં લાવવી એ જીવ માટે અતિ હિતકારી છે. પરંતુ સંજ્ઞાને તાબામાં લાવવી એ અતિ દુષ્કર છે. એ વિશે શ્રી આનંદઘનજીએ 'કુંથુજિનસ્તવન'માં લખ્યું છે કે,

> "જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અલગું ભાંજે હો,
> કુંથુજિન મનડું કિમહિ ન બાજે."

આજ્ઞા તથા સંજ્ઞાને આપણે કેવી રીતે એકમાર્ગી કરવાં? આ વિશે શ્રી પ્રભુને પ્રાર્થના કરીએ છીએ ત્યારે શ્રી જિનેશ્વર પ્રભુ અતિ કરુણાભાવથી અને ધર્મનું કર્મ

પર વિજયત્વ સિધ્ધ કરવા આ માર્ગ ખુલ્લો કરે છે. આજ્ઞા તથા સંજ્ઞાને એક કરવાનો માર્ગ તેના પોતાનાં વ્યક્તિગત ગુણમાં જ રહેલો છે. આજ્ઞાનાં ગુણોનો સારાંશ એટલે જીવનો વર્તમાન પુરુષાર્થ અને પરમઈષ્ટ આત્માની શુદ્ધ શિખામણ. સંજ્ઞાના ગુણોનો સાર એટલે ત્રણકાળના પુરુષાર્થને સેવી શકવાની યોગ્યતા અને કર્તાપણાનો (રાજેશ્વરની ભાવના) બળવાન ભાવ. આ બે પદાર્થના ગુણના સારનો વિચાર કરીએ તો અતિ ગુપ્ત છતાં અતિ સુલભ માર્ગ નીપજે છે.

જીવની સંજ્ઞા પોતા સાથે સંબંધ ધરાવે છે. તેથી તેનાથી માર્ગ શરૂ થાય છે. (ઉપાદાન તૈયાર કરવું). જીવ શુભ માનવપણું, ધર્મશ્રવણ, શ્રદ્ધા અને પુરુષાર્થ દ્વારા સંજ્ઞાને ધર્મની રાગી બનાવે છે. આ ધર્મમાં જીવ શાંતિ અનુભવે છે, તેથી સંજ્ઞાનો કર્તાપણાનો ગુણ એને ફરીથી આ તરફનો પુરુષાર્થ કરવા પ્રેરે છે. ત્યાં ત્રણ કાળનું એકપણું થતું હોવાથી ભૂતકાળની શાંતિ તથા ભાવિમાં મેળવવાની સિદ્ધિ તેને વર્તમાનમાં પુરુષાર્થ કરવા તરફ દોરે છે. આમ સંજ્ઞા ધર્મના 'ચતુરંગીય'ના સાધનથી ભૂતકાળ તથા ભાવિકાળને વર્તમાનરૂપ કરે છે.

આજ્ઞામાં માત્ર વર્તમાનકાળ હોય છે. સંજ્ઞાના પુરુષાર્થથી ત્રણે કાળ વર્તમાનરૂપ થયા હતા, તે આજ્ઞાના વર્તમાનમાં ભળે છે. આ સાથે આજ્ઞા એ બીજા પરમ આત્માની શિખામણ છે. એ પરમ આત્મા નિશ્ચયથી આત્મપ્રાપ્ત છે – પામેલો છે. અને પામેલો પમાડે એ ન્યાયે આજ્ઞા સંજ્ઞાને શુદ્ધિ તરફ વાળે છે. શુદ્ધિ તરફ જતાં સંજ્ઞા પોતાના ગુણને લીધે ભૂત તથા ભાવિનો વિચાર કરે છે. ભૂતકાળની ભૂલોને યાદ કરી, એ પશ્ચાત્તાપરૂપ ક્ષમાપના કરે છે અને ભાવિના ગુણને ઓળખી પ્રસન્નતા તથા સહજસ્થિતિ સહિત તે મંત્રસ્મરણ તથા ધ્યાન કરે છે. પરંતુ દરેક વખતે તેને આ માર્ગ સહેલાઈથી મળતો નથી, ત્યારે તે જીવ મુંઝાય છે. એ વખતે તે જીવ હારતો નથી, પણ સંજ્ઞાના કર્તાપણાના ગુણનો આધાર લઈ (રાજેશ્વરી માનભાવ, મરીશ પણ ઝૂકીશ નહિ) પોતાના બાંધવરૂપ આજ્ઞાને પ્રાર્થના કરે છે. આ પ્રાર્થના કરવાથી આજ્ઞા વર્તમાનની સ્થિતિમાં સંજ્ઞાને વીર્ય આપે છે. સંજ્ઞા આ વીર્યના આધારે ભૂતકાળના બંધનને તોડે છે. અને ભવિષ્યના ગુણોને તે

પ્રગટાવે છે. આમ ધીરે ધીરે સંજ્ઞા આજ્ઞાની ગુરુતાને (superiority ને) ઓળખે છે. અને રાજાના ગુણની જેમ પોતાની પ્રજાને ઉચ્ચ પદાર્થના સાનિધ્યમાં સોંપે છે, રાજા તથા પ્રજા બંને આજ્ઞાના તાબામાં આવવાથી આજ્ઞારસરૂપ કલ્યાણનો પ્રવાહ એ જીવમાં વહેતો થાય છે. આ આજ્ઞારસથી અંતરાયકર્મ તૂટે છે. અંતરાય જતાં જીવ વીર્ય ફોરવી, કર્મનો ક્ષય કરી શુધ્ધ, બુધ્ધ, ચૈતન્યઘન સ્વરૂપ થવાની શક્તિ મેળવે છે.

આજ્ઞા અને સંજ્ઞા એક થાય એવી સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યને ધર્મરૂપી આજ્ઞા અને તપરૂપી આજ્ઞા પાળવી અતિ સુગમ થઈ જાય છે; કારણ કે સંજ્ઞાના માધ્યમથી જીવ આજ્ઞા પાળવામાં પૂર્વે કરેલી ભૂલ માટે ઉત્તમ ક્ષમા માંગી, વર્તમાનના વર્તનને આજ્ઞાધીન બનાવી, ભાવિ તથા વર્તમાનની આજ્ઞાપાલનની અંતરાય તોડતો જાય છે. આમ ભૂત, વર્તમાન અને ભવિષ્યને વર્તમાનમાં આજ્ઞારૂપ કરવા, તેને જ્ઞાનીઓએ ઉત્તમ માર્ગ તરીકે, ગુપ્ત ભક્તિ તરીકે ઓળખાવેલ છે. ગુપ્ત ભક્તિ એટલે, અત્યાર સુધી જે સંજ્ઞા આજ્ઞાની યથાર્થતાને પોતાના તર્કથી ચકાસતી હતી, તે જ સંજ્ઞા આજ્ઞાનાં ગૂઢ રહસ્યો અને ભેદજ્ઞાનમાં પોતાના તર્કને સમર્પિત કરે છે. આથી જીવ ગુપ્ત ભક્તિમાં સંજ્ઞા દ્વારા આજ્ઞાથી વિરોધી વાણીને ગુપ્ત કરી દે છે. અને તે સંજ્ઞાદિ સર્વ વીર્યને આજ્ઞાપાલનના સકામ પુરુષાર્થમાં ઓતપ્રોત કરે છે. આ ગુપ્ત ભક્તિને શાસ્ત્રકારો પરાભક્તિ તરીકે ઓળખાવે છે. પરંતુ ગુપ્તભક્તિ તે માત્ર પરાભક્તિ નથી, તે પોતામાં પરમ ભક્તિને પણ સમાવે છે. માટે અહીં એ સિદ્ધિને એકરૂપે ગણી ગુપ્તભક્તિ કહેલ છે. બીજી અપેક્ષાએ ગુપ્તભક્તિ આવતાં જીવ અંતરમૌન સેવતો થાય છે. તેથી એ પોતાનો ભક્તિભાવ વાણીદ્વારા વ્યક્ત કરતો નથી, પણ પોતાની ભક્તિ પોતાના વિચાર(ભાવ) અને વર્તનમાં વધારતો જાય છે. આ જાતની પ્રક્રિયા મુખ્યત્વે સર્વ આચાર્યો કરતા હોય છે.

સંજ્ઞા અને આજ્ઞાની એકરૂપતા વાળી ગુપ્ત ભક્તિને પ્રાપ્ત કરવી અતિ દુષ્કર તો છે જ, પણ એ ગુપ્ત ભક્તિને ગંભીર ભક્તિરૂપ ગૂઢ ભક્તિ બનાવવી એ એનાથી પણ દુષ્કર કાર્ય છે. આ સિદ્ધિને પ્રાપ્ત કરવા માટે જીવે શ્રી ૐની સહાય અને સાથ લેવાં પડે છે. આ સાથને સમજવા માટે આપણે ૐનો સાથ કેવો હોય છે, તેના

પેટાવિભાગ કેવા છે વગેરે જાણવું અગત્યનું છે. તો હે પ્રભુ! હે ગુરુ! તમારી આજ્ઞા લઈ અમે આ ૐનું સ્વરૂપ જાણવા અને પામવા ઇચ્છીએ છીએ.

ૐ એટલે શ્રી અરિહંત, શ્રી સિદ્ધ, શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાય તથા શ્રી સર્વ સાધુસાધ્વીરૂપ પંચપરમેષ્ટિ ભગવંતનો મેળાપ. સર્વ પુદ્‌ગલ સ્કંધમાં સમાન ભાવરસવાળા પુદ્‌ગલો રહેલા છે. આ નિયમ શ્રી પંચ પરમેષ્ટિ ભગવંતના કલ્યાણનાં પરમાણુઓમાં પણ રહેલો હોવો જોઈએ. ત્યાં એ વિચાર થાય કે પાંચ જુદા જુદા પરમેષ્ટિનાં પરમાણુઓમાં સમાનતા આવે છે કેવી રીતે?

શ્રી પ્રભુ પરમ કરુણા કરી અંતરજ્ઞાનમાં સમજાવે છે કે પાંચે પરમેષ્ટિ ભગવંતમાં દશા અને કક્ષાનુસાર ઘણું તરતમપણું તો છે જ, પણ સાથે સાથે એટલું જ સમાનપણું પણ છે. આ સમાનપણું તરતમતાને ગૌણ કરે છે, અને તેમના કલ્યાણનાં પરમાણુઓ ભેગા થઈ પુદ્‌ગલનો સ્કંધ બનાવે છે. પૂર્ણ અને અપૂર્ણની તરતમતાને ગૌણ બનાવે એવી કઈ સમાનતા તેમની વચ્ચે રહેલી છે? શ્રી પ્રભુ પરમ પ્રેમથી આપણને સમજાવે છે કે એમની વચ્ચેનું સમાનપણું બે પ્રકારે છે. પહેલું છે, ‘આણાએ ધમ્મો અને આણાએ તવો’, અને બીજું છે લોકસમસ્ત માટેના કલ્યાણભાવ. આ બે પ્રકારના સમાનભાવનો વિચાર કરીએ તો તેમાં ગુપ્તભક્તિ રહેલી જણાશે. કારણ કે ‘આણાએ ધમ્મો અને આણાએ તવો’માં આજ્ઞાનો ભાગ આવે છે, તો લોકસમસ્તના કલ્યાણભાવમાં સંજ્ઞારૂપ આજ્ઞાનું વર્ચસ્વ રહેલું છે. લોકસમસ્તના કલ્યાણભાવ વેદવા માટે જીવે ભૂત, વર્તમાન અને ભાવિને એક કરી આજ્ઞારૂપી ભક્તિના મહામાર્ગના એકઠા કરેલા ભાવને કેંદ્રિત કરવા પડે છે. આ દુષ્કર કાર્ય ત્યારે જ થાય છે જ્યારે એ જીવ ગુપ્ત ભક્તિના મહાસાગરમાં ડૂબેલો હોય છે. આ રીતે તેમનામાં રહેલી સમાનતા આપણને જણાય છે.

પરંતુ તેઓ પોતામાં રહેલી શુદ્ધિની તરતમતાને કેવી રીતે ગૌણ કરે છે? શ્રી પ્રભુ એ જ શાંત મુદ્રાથી ગંભીર ૐ ધ્વનિથી ઉત્તર આપે છે કે, લોકમાં વિવિધ પ્રકારનાં જીવો છે. જે નિત્યનિગોદથી શરૂ કરી – કેવળી સમુદ્‌ઘાત કરતા અને કેવળી સમુદ્‌ઘાત કરી સિદ્ધ થયેલા સર્વ આત્મા સુધીના છે. આ બધા જ જીવો તથા આત્માઓ માટે કલ્યાણભાવ સેવવો અતિ દુષ્કર છે, કારણ કે જેની પાસે લોકનું જ્ઞાન છે તેની પાસે

સ્પૃહા નથી, અને જેની પાસે સ્પૃહા છે તેની પાસે લોકનું જ્ઞાન નથી. પણ કલ્યાણભાવ કરવા માટે લોકનું જ્ઞાન તથા કલ્યાણ કરવાની સ્પૃહા એ બે અનિવાર્ય કારણો છે. તેમ છતાં આ અસંભવિત લાગતું અતિ દુષ્કર કાર્ય શ્રી પંચ પરમેષ્ટિ ભગવંતની અપૂર્વ સમાનતાથી પૂર્ણ બને છે.

પંચપરમેષ્ટિ ભગવંતમાં મુખ્ય બે વિભાગ છેઃ પૂર્ણ પરમેષ્ટિ અને છદ્મસ્થ પરમેષ્ટિ. શ્રી અરિહંત અને શ્રી સિદ્ધ પૂર્ણ પરમેષ્ટિ છે; ત્યારે શ્રી આચાર્ય, ઉપાધ્યાયજી અને સાધુસાધ્વીજી એ છદ્મસ્થ પરમેષ્ટિ છે. પૂર્ણ પરમેષ્ટિ લોકનું જ્ઞાન આપે છે અને છદ્મસ્થ પરમેષ્ટિ કલ્યાણની સ્પૃહા આપે છે. આ બંને કારણો એમની પોતપોતાની સંજ્ઞાશક્તિ તથા આત્મશક્તિ સાથે સંયોજિત થાય છે. પણ આ બંને કાર્યને જે યોગ્ય સમતુલનમાં એક કરે છે તે છે આજ્ઞા. પૂર્ણ કે છદ્મસ્થ પરમેષ્ટિ એક આજ્ઞામાં જ છે. જે આજ્ઞા અનંતકાળ પહેલાં જ્ઞાનીઓએ પાળી હતી, એ જ આજ્ઞા વર્તમાનમાં જ્ઞાનીઓ પાળે છે, અને એ જ આજ્ઞા જ્ઞાનીઓ અનંતકાળ પછી પણ પાળશે.

> "આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય,
> થાશે કાળ ભવિષ્યમાં માર્ગભેદ નહિ કોય."
>
> શ્રી રાજચંદ્ર – આત્મસિદ્ધિશાસ્ત્ર - ૧૩૪

જો અનંતકાળની તરતમતા આજ્ઞાના માધ્યમથી સમાન થઈ જાય છે, તો એક જ કાળના વિભિન્ન આત્મશુદ્ધિવાળા આત્મા એ આજ્ઞા થકી એક કેમ ન થઈ શકે? થઈ શકે અને થાય છે. આ સુંદર સિધ્ધાંતના માધ્યમથી પરમ હિતકારી તથા પરમ અપૂર્વ એવી ૐની રચના થાય છે. ગુરુભક્તિના માધ્યમથી આ આજ્ઞા ભિન્ન ભિન્ન આત્માઓની ભિન્ન ભિન્ન સંજ્ઞાના લોકકલ્યાણરૂપ ભાવને માત્ર એક આજ્ઞામાર્ગ રૂપે સર્વ જીવો સુધી પહોંચાડે છે. આ રચનાની પ્રક્રિયા સમજવા યોગ્ય છે.

શ્રી સાધુસાધ્વી આજ્ઞામાર્ગના પ્રથમ પગથિયે છે. તેઓ મહાસંવર માર્ગને સ્થૂળતાથી પાળવાનો પ્રયત્ન કરે છે. આ સર્વ સાધુસાધ્વીજી કાં સંવર પ્રેરિત નિર્જરા માર્ગમાં હોય છે, અથવા તો નિર્જરા પ્રેરિત સંવરમાર્ગમાં હોય છે. સર્વ સાધુસાધ્વીનું

સરવૈયુ કાઢીએ તો સંવર પ્રેરિત નિર્જરામાર્ગ અને નિર્જરા પ્રેરિત સંવર માર્ગથી મહાસંવર માર્ગ નિરૂપાય છે. તેથી નમસ્કાર મહામંત્રમાં 'સવ્વ સાહૂણં'ને એટલે કે સર્વ સાધુસાધ્વીના સમૂહને નમસ્કાર કરવામાં આવ્યો છે.

શ્રી ઉપાધ્યાયજી આ મહાસંવરનો માર્ગ સાધુસાધ્વીને બોધે છે. જેઓ બોધ આપે છે તેઓ પણ મહાસંવરના માર્ગને પાળતા જ રહે છે. આ મહાસંવરના માર્ગમાં સંવરની તીક્ષ્ણતા કરી, ચારિત્રરૂપ આચરણના હેતુથી જ મહાસંવરના માર્ગનું પાલન કરે છે, એવા આચાર્ય ભગવંત સંવરપ્રેરિત મહાસંવર માર્ગનું પાલન કરે છે. માત્ર પોતાના પૂર્વ સંચિત કલ્યાણભાવની નિર્જરાના હેતુથી જે મહાસંવરમાર્ગનું પાલન કરતાં કરતાં ધર્મની સ્થાપના કરે છે એવા શ્રી અરિહંત પ્રભુ કલ્યાણપ્રેરિત મહાસંવર માર્ગમાં આરૂઢ હોય છે. સમયની મર્યાદાને ઉલ્લંઘીને જે દરેક કાળમાં આજ્ઞાને પાળે છે તેવા સિદ્ધ પ્રભુ અને કેવળી સમુદ્‌ઘાત દ્વારા શેષ રહેલા પોતાનાં કલ્યાણનાં પરમાણુને આ લોકમાં વેરી દઈ સિદ્ધ થતા ભગવાન આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગને આરાધે છે.

સાધુસાધ્વીજી માટે મહાસંવર માર્ગ એ ઇચ્છનીય ધ્રુવકાંટો છે, ઉપાધ્યાયજી માટે સંવર પ્રેરિત મહાસંવર માર્ગ એ ઇચ્છિત ધ્રુવકાંટો છે, આચાર્યજી માટે કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગ એ યોગ્ય ધ્રુવકાંટો છે અને અરિહંત પ્રભુ માટે આજ્ઞા પ્રેરિત, કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગ એ મુખ્ય ધ્રુવકાંટો છે. પોતાની વર્તમાન સ્થિતિ અને ઇચ્છનીય ધ્રુવકાંટાના ભાવથી શ્રી પંચપરમેષ્ટિ ભગવંતથી બનતા કલ્યાણનાં પરમાણુના સ્કંધ પૂર્ણ, પરિપૂર્ણ અને કેવળ બને છે. જે લોકના કોઈપણ જીવ માટે લાભદાયી નીવડે છે.


આ સ્કંધનું બંધારણ કઈ રીતે થાય છે તે સમજવું અગત્યનું છે. સાધુસાધ્વી સંવર પ્રેરિત નિર્જરા માર્ગ અથવા નિર્જરા પ્રેરિત સંવરમાર્ગનું આરાધન કરતા હોય છે. આ પુરુષાર્થ કરતાં કરતાં તેઓ મહાસંવર માર્ગની ઇચ્છા કરે છે. આ ઇચ્છાને લીધે તેમના પરમાણુમાં ભાવિનયગમ નયના આધારે મહાસંવર માર્ગના પરમાણુઓ

ભળે છે. આ પરમાણુના અમુક જથ્થાનું ઘટ્ટપણું (concentration) થાય ત્યારે તે ઉપાધ્યાયજી પાસે જાય છે. ઉપાધ્યાયજી તો મહાસંવરના માર્ગમાં હોય છે એટલે એમનાં પરમાણુ ભાવિનયગમનયવાળા મહાસંવરનાં પરમાણુની સાથે સાધુસાધ્વીનાં પરમાણુને આકર્ષે છે. આ પરમાણુઓમાં તે પોતાનાં વર્તમાનનાં મહાસંવરનાં પરમાણુને ભેળવે છે અને સંવરપ્રેરિત મહાસંવરનાં પરમાણુને ભાવિનયગમનયના આધારે ભેળવે છે.

આ રીતે વિશેષ ઘટ્ટ થયેલાં પરમાણુઓ આચાર્યજી પાસે જાય છે. ત્યાં ઉપરની ક્રિયા થવાથી તેમાં સંવર પ્રેરિત મહાસંવરનાં વર્તમાનનાં પરમાણુઓ અને કલ્યાણ પ્રેરિત મહાસંવરનાં પરમાણુઓ ભાવિનયગમનયથી ઉમેરાય છે. એનો યોગ્ય જથ્થો એકઠો થતાં તે પરમાણુઓ અરિહંત પાસે જાય છે. અરિહંત પ્રભુ પાસે કલ્યાણપ્રેરિત મહાસંવરનાં વર્તમાન પરમાણુ અને અરિહંતપ્રભુ પૂર્ણ હોવાને લીધે તેઓ જ્યારે યોગ સાથે જોડાય છે તે વખતે સિદ્ધના આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગનાં પરમાણુ લોકમાંથી ખેંચીને પંચપરમેષ્ટિ ભગવંતનાં પરમાણુને પૂર્ણ તથા કેવળ બનાવે છે.

ૐના કલ્યાણનાં પરમાણુની રચનાની અપૂર્વતા અને અનન્યતા આપણે જાણી. તેની વિશેષતા પણ જાણવા યોગ્ય છે. શ્રી પરમેષ્ટિ ભગવંત લોકકલ્યાણના વિભિન્ન ભાવમાં હોવા છતાં, માત્ર એક સનાતન તથા મંગલમય ધર્મનો બોધ એમના કલ્યાણનાં પરમાણુમાં સમાવે છે. પંચપરમેષ્ટિ ભગવંતનો પુદ્‌ગલસ્કંધ પાંચ ઈષ્ટ ભગવાનનાં સંમેલનથી બને છે. એ પરમાણુઓ અત્યંત ઉપકારી અને મંગલમય હોવા છતાં ત્યાં પૂર્ણ પરમેષ્ટિ અને અપૂર્ણ પરમેષ્ટિના મિશ્રણથી એમની લંબાઈ (range) ઘણી મોટી હોય છે. આ કારણથી આ પરમાણુઓ અમુક હદ સુધીની વ્યવહારિક તથા પરમાર્થિક સિદ્ધિનું નિમિત્તકારણ બને છે. પણ જીવને જો માત્ર વ્યવહારિક અથવા તો માત્ર પરમાર્થિક સિદ્ધિ મેળવવી હોય તો આ પંચપરમેષ્ટિ ભગવંતના પરમાણુના ભેદ પડે છે. આ કથનને યોગ્ય રીતે સમજવા માટે આપણે શ્રી પંચપરમેષ્ટિ ભગવંતના કલ્યાણનાં પરમાણુનો આકાર સમજવો ઘટે. શ્રી પ્રભુની પરમ કૃપાથી અને આજ્ઞાથી

શ્રી પંચપરમેષ્ટિભગવંતનાં કલ્યાણનાં પરમાણુનો આકાર અને બંધારણ આ પ્રમાણે સમજાય છે –




અહીં જણાવ્યા પ્રમાણે આ આકારના મધ્યભાગમાં પૂર્ણ પરમેષ્ટિનો ભાગ રહેલો છે. તેના ઉપર તથા નીચેના ભાગમાં છદ્મસ્થ પરમેષ્ટિના પરમાણુનો વિભાગ છે. આ આકારને ગુપ્ત રીતે શ્રી કલ્યાણમંદિર સ્તોત્રની નીચેની કડીમાં શ્રી સિધ્ધસેન દિવાકરે વર્ણવ્યો છે –

તારક તમે જિનરાજ! કેવી રીતથી સંસારીના,<br>
તમને હ્રદયમાં ધારી ઉલટા તારતા સંસારીઆ,<br>
આશ્ચર્ય છે, પણ ચર્મકેરી મસકથી સાચું ઠરે,<br>
અંદર ભરેલા વાયુના આધારથી જળને તરે.

શ્રી અરિહંત પ્રભુ સહુથી વચ્ચેના ભાગમાં છે. દેખાય છે એક ભાગ, પણ મૂળમાં છે બે ભાગ. આ બે ભાગના જોડાણથી એની શક્તિ અનંતગણી થાય છે, કારણ કે

એક અરિહંતના આજ્ઞારસના વીર્ય કરતાં બે અરિહંતના આજ્ઞારસના મિશ્રણનું વીર્ય અનંતગણું થાય છે. તેના ઉપર અને નીચે શ્રી સિદ્ધભગવાન માટેના બે પટ્ટા છે. તેની ઉપર નીચે આચાર્યજીના પટ્ટા છે, તે પછી ઉપાધ્યાયજીના પટ્ટા છે અને સૌથી છેલ્લે સાધુસાધ્વીના પટ્ટા છે. આ ચિત્રનું અવલોકન કરતાં સમજાશે કે સાધુસાધ્વીના પટ્ટામાં પરમાણુની સંખ્યા આછી અને સ્થૂળ છે. ઉપાધ્યાયજીના પટ્ટામાં આ પરમાણુની સંખ્યા ઓછી દેખાતી હોવા છતાં વધારે છે, કારણ કે તેનું કદ ઝીણું છે; આનું કારણ એ છે કે સાધુસાધ્વીજી સંવરમાર્ગ કે નિર્જરા માર્ગ પર હોય છે, એટલે પરમાણુનું કદ મોટું હોવા છતાં આજ્ઞારસની માત્રા ઓછી હોય છે, ત્યારે ઉપાધ્યાયજી મહાસંવરના માર્ગમાં હોવાથી તેમના પટ્ટામાં પરમાણુનું કદ સાધુસાધ્વી કરતાં નાનું હોવા છતાં આજ્ઞારસનું પ્રમાણ તથા ઘટ્ટપણું વધારે હોય છે. એ જ રીતે આચાર્યજી સંવર પ્રેરિત મહાસંવર માર્ગમાં આરૂઢ હોય છે, તેથી તેમના પટ્ટામાં પરમાણુની સંખ્યા ઉપાધ્યાયજી કરતાં આછી દેખાતી હોવા છતાં તેમાં આજ્ઞારસનું પ્રમાણ તથા ઘટ્ટપણું વધારે હોય છે.

આ આજ્ઞારસ તથા પરમાણુનું કાર્ય શું છે? અહીં આપણે એ લક્ષ રાખવાનો છે કે આપણે છદ્મસ્થ પરમેષ્ટિ ભગવંતના ભાગનો વિચાર કરીએ છીએ. આજ્ઞારસ એ આત્મપ્રદેશની શુભ તથા શુદ્ધ પરિણતિનો યોગ્ય આહાર છે. જેટલા પ્રમાણમાં આજ્ઞારસ વધારે એટલા પ્રમાણમાં આત્મપ્રદેશને તે ગ્રહવામાં સુલભતા રહે છે. પરમાણુઓને દબાવી, કચડી (crush કરી) તેમાંથી આત્મપ્રદેશે આજ્ઞારસ નીચોવવો પડે છે. સમજવા માટે શેરડીનું સ્થૂળ ઉદાહરણ લઈ શકાય. શેરડીના સાંઠામાં મીઠો રસ સમાયેલો છે, એ રસને મેળવવા માટે શેરડીને તેને પીલવાના યંત્રમાં નાખી, પીલી રસ કાઢવો પડે છે; અથવા તો જીવે એ શેરડીના ટુકડા કરી, તેને ચાવી એમાંથી રસ ચૂસવો પડે છે. આવી જ પ્રક્રિયા આજ્ઞારસ મેળવવા કલ્યાણનાં પરમાણુની બાબતમાં કરવી પડે છે. કલ્યાણનાં પરમાણુમાંથી રસ મેળવવા જીવ બે પ્રકારે પ્રક્રિયા કરી શકે છે. પહેલી પ્રક્રિયામાં જીવ પ્રત્યેક પરમાણુને એક પછી એક કચડી, તેમાંથી આજ્ઞારસ ચૂસે છે. અને બીજી પ્રક્રિયામાં જીવ પહેલાં બધાં પરમાણુને દબાવી (શેરડી પીલવાના યંત્ર માફક) એમાંથી પૂરેપૂરો આજ્ઞારસ કાઢી, પછી એક ધારાએ એ આજ્ઞારસનું પાન કરે છે.

જ્યાં સાધુસાધ્વીનાં પરમાણુઓ છે ત્યાં જીવે પહેલી પ્રક્રિયાથી જ આજ્ઞારસનો આહાર કરવો પડે છે. આનું કારણ એ છે કે સાધુસાધ્વીનાં પરમાણુનું કદ મોટું હોય છે, અને એમાંથી આજ્ઞારસ ખેંચવા માટે જીવને ઘણું વીર્ય વાપરવું પડે છે. આ માટે જીવે એક પરમાણુને દબાવી એમાંથી આજ્ઞારસ ખેંચી, ભક્ષણ કરી, તેમાંથી નવું વીર્ય ઉપાર્જન કરી બીજા પરમાણુમાંથી રસ ખેંચવાનો રહે છે, તે પછી ત્રીજું વગેરે.

શ્રી ઉપાધ્યાયજી મહાસંવરના માર્ગને આરાધે છે, એટલે તેમનાં પરમાણુની સંખ્યા વધારે હોવા છતાં તે પરમાણુઓ કોમળ અને વિશેષ રસવાળાં છતાં કદમાં નાનાં હોય છે. તેમ છતાં તે સહુને એકસાથે દબાવી, આજ્ઞારસ કાઢી એનો એકસાથે આહાર કરી શકાતો નથી; કારણ કે શ્રી ઉપાધ્યાયજીમાં અપેક્ષાએ સ્પૃહા રહેલી છે. આથી એમનાં કેટલાંક પરમાણુ જડ અને બાકીનાં કૂણાં હોય છે. પરિણામે પ્રત્યેક પરમાણુમાંથી આજ્ઞારસ ખેંચવો પડે છે.

શ્રી આચાર્યજી સંવર પ્રેરિત મહાસંવર માર્ગમાં હોય છે, તેથી તેમનું આજ્ઞાધીનપણું, વાણી, વર્તન તથા મનન વિશેષ હોય છે, તે કારણે તેમનાં પરમાણુઓ ઘણાં કૂણાં હોય છે. આને લીધે જો જીવને સિદ્ધિ મળી હોય તો તે બધાં પરમાણુઓને એકસાથે દબાવી, એમાંથી કલ્યાણરૂપ આજ્ઞારસને એકત્રિત કરી એનું પાન કરી શકે છે. આ પુદ્ગલ પરમાણુઓની સાથે શુદ્ધ આજ્ઞારસ પણ રહેલો હોય છે. શ્રી પરમેષ્ટિના પુરુષાર્થ અનુસાર આ આજ્ઞારસ કલ્યાણનાં પરમાણુમાં જીવને દાનરૂપે મળે છે. પુદ્ગલમાંથી જે આજ્ઞારસ જીવ કાઢે છે એ જીવના પુરુષાર્થ અને આજ્ઞાધીનપણા પર આધાર ધરાવે છે.

આ પરથી સમજાશે કે પરમેષ્ટિના દાનરૂપે મળેલો આજ્ઞારસ (જેને આપણે દાન આજ્ઞારસ કહીએ) અને જીવે પુરુષાર્થ કરી પરમાણુમાંથી ખેંચેલો આજ્ઞારસ (જેને મૂળ આજ્ઞારસ કહીએ) વચ્ચે ફરક હોવાની ઘણી સંભાવના છે. જેટલું આજ્ઞાધીનપણું વધારે શુધ્ધ, એટલું આ બંને પ્રકારના આજ્ઞારસમાં સામ્ય વધારે. જે જીવ પૂર્ણાતિપૂર્ણ આજ્ઞામાં પુરુષાર્થ કરે છે, તેના દાન આજ્ઞારસ અને મૂળ આજ્ઞારસ વચ્ચે કોઈ ફરક રહેતો નથી, જેટલું આજ્ઞાધીનપણું ઓછું એટલો તફાવત વધારે રહે છે. સરળ ભાષામાં

સમજવું હોય તો કહી શકાય કે જે આજ્ઞા દાનરૂપે મળે છે તે રસ વિશેષ કોટિના આજ્ઞાધીન જીવથી ઉત્પન્ન થયો છે, તેથી તે રસની ગુણવત્તા ઊંચા પ્રકારની હોય. એ જ કક્ષાના આજ્ઞાધીનપણાથી જો સાધક પરમાણુનો રસ ખેંચે તો એ આજ્ઞારસ એવા જ ગુણવાળો બને, નહિતર તે તેનાથી નબળી કે ઊતરતી કક્ષાનો બને તે સમજાય તેવું છે.

બીજી અપેક્ષાએ આ તફાવત સમજવો હોય તો આ પ્રશ્ન વિચારવો ઘટે કે દાનઆજ્ઞારસ અને મૂળ આજ્ઞારસ એ ભેદ થવાથી જીવને શું લાભ થાય છે? આપણને શ્રી પ્રભુના કેવળજ્ઞાનના પેટાળમાંથી, ભેદરહસ્યવાળી અભેદ ૐની વાણીમાંથી ઉત્તર મળે છે કે આજ્ઞારસની સહાયથી જીવ વીર્ય ઉપાર્જન કરે છે. આ વીર્ય બે પ્રકારે છેઃ અભિસંધિજ વીર્ય અને અનભિસંધિજ વીર્ય.

અભિસંધિજ વીર્યથી જીવ સકામ પુરુષાર્થ કરી શકે છે, અને અનભિસંધિજ વીર્યથી જીવ અકામ પુરુષાર્થ કરે છે. પુરુષાર્થમાં જીવનાં આશ્રવ, સંવર અને નિર્જરા આવે છે. તેથી અભિસંધિજ વીર્યથી જીવ સકામ આશ્રવ, સકામ સંવર અને સકામ નિર્જરા કરી શકે છે, ત્યારે અનભિસંધિજ વીર્યથી જીવ અકામ આશ્રવ, અકામ સંવર અને અકામ નિર્જરા કરે છે. જીવનાં કલ્યાણ માટે સકામ પુરુષાર્થ વધારે ઉપકારી છે. (ઉપયોગી તથા કલ્યાણકારી છે.) માટે જેટલા અંશે જીવ સકામ પુરુષાર્થ કરવા ઈચ્છતો હોય એટલા અંશે તેને અભિસંધિજ વીર્યની જરૂર પડે છે, આ અભિસંધિજ વીર્યનાં તીક્ષ્ણતા તથા પ્રાબલ્ય જીવનાં દાન આજ્ઞારસ તથા મૂળ આજ્ઞારસની સમાનતા પર આધાર ધરાવે છે. વળી, જીવ જેટલા અંશે પૂર્ણ આજ્ઞામાં રહે છે એટલા અંશે દાન આજ્ઞારસ અને મૂળ આજ્ઞારસનું સામ્ય થાય છે. જીવે જો દાન આજ્ઞારસ અને મૂળ આજ્ઞારસને અભેદ કરવા હોય તો તેણે પૂર્ણથી પૂર્ણ આજ્ઞાનું પાલન કરવું અનિવાર્ય બને છે.

પૂર્ણથી પૂર્ણ આજ્ઞા એટલે શું? શ્રી પ્રભુના ૐ ધ્વનિના ગુંજનમાં આનો અતિ ગુપ્ત તથા ગંભીર ખુલાસો મળે છે. પૂર્ણ આજ્ઞા એટલે જીવ શુભાશુભ કારણો,

સ્થિતિ, સંજોગ તથા ભાવમાં, શ્રી પ્રભુની આજ્ઞા અનાહદ ધ્વનિ અથવા ૐ ધ્વનિથી સાંભળી એ જ પ્રમાણે ભાવ, વાણી તથા વર્તન પ્રવર્તાવે. આ પૂર્ણ આજ્ઞાનો સુંદર પુરુષાર્થ માત્ર વર્તમાન સ્થિતિમાં જ રહેલો છે. જીવ જ્યારે આ પુરુષાર્થ કરે છે ત્યારે તે માત્ર સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય જ હોય છે. અપવાદ રૂપે કોઈ અન્ય સંજ્ઞી પંચેન્દ્રિય હોય છે. સંજ્ઞી મનુષ્યની સંજ્ઞા અતિ તીક્ષ્ણ તથા વીર્યવાન હોય છે. મનુષ્ય સંજ્ઞાના જ આધારથી વર્તમાનમાં ભૂત, વર્તમાન તથા ભાવિના ભાવ કરી શકે છે.

જે વિરલા જીવો પ્રભુની આજ્ઞા તથા પરમેષ્ટિ ગુરુની આજ્ઞાભક્તિના વિનયમાં એટલી હદ સુધી પહોંચ્યા હોય કે તેઓ માત્ર વર્તમાનના જ નહિ, પણ ત્રણે કાળના એ શુભાશુભ કારણો, સ્થિતિ, સંજોગ તથા ભાવમાં શ્રી પ્રભુની આજ્ઞાને અનાહદ ધ્વનિ અથવા ૐ ધ્વનિથી સાંભળી, એ જ પ્રમાણે વર્તમાનમાં વર્તન, વાણી તથા ભાવને પ્રવર્તાવે; આવા અતિ દુષ્કર, તીક્ષ્ણ તથા સૂક્ષ્મ પુરુષાર્થને શ્રી પ્રભુ પૂર્ણાતિપૂર્ણ આજ્ઞાપાલન તરીકે ઓળખાવે છે. પૂર્ણાતિપૂર્ણ આજ્ઞાના આ પુરુષાર્થમાં જીવો પૂર્ણ આજ્ઞાના વર્તમાન પુરુષાર્થથી ઊપજતી સંજ્ઞા દ્વારા ભૂત, વર્તમાન તથા ભવિષ્યની લાગણીઓ તથા ભાવોને પણ સ્વચ્છંદે નહિ પણ પૂર્ણ આજ્ઞાએ પ્રવર્તાવે છે.

જીવ આ પૂર્ણાતિપૂર્ણ આજ્ઞાને પાળે છે કઈ રીતે? શ્રી પ્રભુ અતિ કરુણાથી પાત્રતા જોઈ અતિ ગુપ્ત ભેદરહસ્ય ખોલે છે કે, 'ૐ ગમય આણાયં, આણાયં ગમય ૐ' – ૐના પરમાણુઓ જીવને આજ્ઞામાં લઈ જાય, અને એ જ આજ્ઞાનું વિશેષરૂપ થાય ત્યારે એ જ આજ્ઞા ૐમાં સમાઈ જાય; તે વખતે જીવ પૂર્ણાતિપૂર્ણ આજ્ઞાસિદ્ધિને પ્રાપ્ત કરે છે. શ્રી પ્રભુના સચોટ ઉત્તરમાં ઘણાં ઘણાં ભેદ રહસ્યો રહેલાં છે. શ્રી પ્રભુ પાસેથી ખુલાસો મેળવવા, શ્રી પ્રભુની આજ્ઞાથી શ્રી પ્રભુને વિનવીએ છીએ કે,

> "હે ૐરૂપી સનાતન ધર્મના ધરનાર! કરનાર! પાલનહાર! તમારા અતિશુદ્ધ ચારિત્રની ખીલવણી જોઈ, આ જગતના પરમ ઈષ્ટ એવા શ્રી પંચ પરમેષ્ટિ ભગવંત! તમને તેના પ્રણેતા, પિતા તથા પાલક તરીકે પૂજીએ છીએ. તમારી શુદ્ધિ સામે મહાપુરુષાર્થી મુનિઓ પણ ઝાંખા છે, તો અમારા જેવા

હીન પુરુષાર્થી જીવો માટે તમારા ચારિત્રની શુદ્ધિ તથા સિદ્ધિને ઓળખવા, એની વિશાળતાનો આભાસ થવો પણ અસંભવ જણાય છે. તો એવું ચારિત્ર પાળવું તે તો હાથના નાના ખોબામાં મહાસમુદ્રને સમાવવાની ચેષ્ટા કરવા જેવું હાસ્યાસ્પદ લાગે છે, અને નિષ્ફળતા અનુભવાય છે. અહો પ્રાણપ્રભુ! નિત્યનિગોદને નિત્ય માટે છોડાવવાનું પરમ કારણ તમારી શુદ્ધિ અને સિદ્ધિ ઉપરાંત તમારી અપરંપાર કરુણા પણ છે. જેટલા તમે તમારા આત્મા માટે કડક છો, એટલા જ તમે અમારા જેવા હીન આત્મા માટે નરમ-મૃદુ-કોમળ છો. તમે તમારી કડકાઈનું એક બુંદ પણ અમારા પર નાખતાં નથી, બલ્કે જેમ માતાપિતા પોતાનાં નિસહાય બાળક માટે વિશેષ ધ્યાન આપે છે, વધારે પ્રેમ અને સહાનુભૂતિ દાખવે છે, તેનાં કરતાં પણ ઘણાં વિશેષ (જે શબ્દાતીત – શબ્દોથી પર છે) પ્રેમ અને હૂંફ તમે અમ જેવા કર્મથી નિસહાય બનેલા આત્મા પર વહેવડાવો છો. હે પ્રાણાધાર! તમે જ અમારા દાતા છો, જો તમે માર્ગની જાણકારીરૂપ સહાય નહિ આપો તો, અમે અમારા જ હીન વીર્યના કારણે અને સંસારસમુદ્રની વિશાળતાના રાગભાવને કારણે તરવાનું તો બાજુએ રહ્યું, પણ ઉપરની સપાટી સુધી આવવા માટે પણ અમે સમર્થ બનીશું નહિ.”

“તો, હે જગદીશ્વર! તમારી ઈશ્વરતા જે તમે અમારામાં ભરવાના છો, તે ઈશ્વરતાનાં બિંદુ સાથે તમે અમારા મેલા આત્મામાં પ્રવેશ કરો; કે જેથી તમારી વિશુદ્ધિ અને શુદ્ધિનાં કિરણો અમારા મેલા આત્માને તમારા જેવો પારસમય બનાવે. નથી અમારી પાસે શબ્દો, નથી ભાવ, નથી વીર્ય, નથી જ્ઞાન, નથી દર્શન કે ચારિત્ર, નથી તપ, નથી શુદ્ધિ, કે નથી સિદ્ધિ. છે તો માત્ર એક શ્રદ્ધા કે અસંભવ લાગતું આ કાર્ય કરાવી તમે અમને પાર ઊતારશો. હે પ્રભુ! અમારી પાસે તમને અર્પણ કરવા માટે તો છે અમારો મેલોઘેલો આત્મા, અને નિત્યનિગોદ, ઇતરનિગોદ તથા ત્રસ નાડીમાં બંધાયેલા તમારી સાથેના શુભ ઋણાનુબંધ. પરમ પરમ કરુણા કરી – અનુગ્રહ કરી, તમે

અમને આ કર્મથી આવતી અપાહિજતા — અસહાયતામાંથી ઊગારો. તમને સર્વસ્વ સોંપી, શ્રધ્ધારૂપી આશાના કિરણથી આ દુઃખરૂપી મહાસાગરને તરવા તમારી સમક્ષ અતિ આતુરતાથી જોઈએ છીએ."

શ્રી ૐ ગુરુ પરમેષ્ટિની પૂર્ણાતિપૂર્ણ આજ્ઞાના પાલનની ભક્તિના પ્રતાપથી આપણને સર્વ સમજાતું જાય છે. પૂર્ણાતિપૂર્ણ આજ્ઞા એટલે આજ્ઞાની પૂર્ણતામાં, પૂર્ણ આજ્ઞારસરૂપ પરમેષ્ટિ ભગવંતની પરાકાષ્ટાને ઉપજાવનાર સંજ્ઞા આદિ યોગ આજ્ઞામાં આધીન થવા માટે, જીવનાં અશુધ્ધ પ્રદેશો, કેવળીગમ્ય પ્રદેશ તથા રુચક પ્રદેશની પરમ આજ્ઞામાં રહી, પરમ નિસ્પૃહપણે તથા પરમ વીતરાગતાના તાણેવાણે વણાઈ જઈ, ચડતા ક્રમમાં સ્થિર થાય છે.

અહીં નિશ્ચયનયથી અશુધ્ધ પ્રદેશો કેવળીગમ્ય પ્રદેશોની પરમ આજ્ઞામાં છે, અને કેવળીગમ્ય પ્રદેશો રુચક પ્રદેશોની સિદ્ધિ આજ્ઞામાં — સિદ્ધ ભગવાન જે આજ્ઞાનું પાલન કરે છે તે આજ્ઞામાં રહે છે. એટલે કે કેવળીગમ્ય પ્રદેશો ઉત્તમતાએ મહાસંવરના માર્ગને આચરી અશુધ્ધ પ્રદેશોને કલ્યાણના માર્ગમાં દોરે છે; તેથી તેને રુચક પ્રદેશો પાસેથી સિદ્ધિ આજ્ઞાની ભેટ મળે છે. આમ દેનાર તથા લેનાર એવા રુચક પ્રદેશો, કેવળીગમ્ય પ્રદેશો અને અશુધ્ધ પ્રદેશો પૂર્ણ પરમેષ્ટિની આજ્ઞામાં સ્થિરપણે પૂર્ણ આજ્ઞાધીન થાય છે; એને શ્રી જિન પૂર્ણાતિપૂર્ણ આજ્ઞા તરીકે ઓળખાવે છે. આ પ્રક્રિયા અતિ વિરલ તથા અતિ ગુપ્ત છે. આ કાર્યમાં પૂર્ણ રુચક પ્રદેશથી કેવળીગમ્ય પ્રદેશો અને કેવળીગમ્ય પ્રદેશોથી અશુધ્ધ પ્રદેશો પૂર્ણ આજ્ઞામાં આવે છે. આથી આ પૂર્ણાતિપૂર્ણ આજ્ઞા તરીકે ઓળખાય છે. બીજી અપેક્ષાએ આ સ્થિતિમાં પૂર્ણ આજ્ઞા કરતાં વિશેષ પૂર્ણતા છે, તેથી તેને પૂર્ણાતિપૂર્ણ (જેને Super Superlative) તરીકે ઓળખીએ છીએ. Excellently Excellent.

ત્રીજી અપેક્ષાએ આ પુરુષાર્થમાં જીવના રુચક પ્રદેશ, કેવળીગમ્ય પ્રદેશ તથા અશુધ્ધ પ્રદેશો પૂર્ણ આજ્ઞામાં હોવાને લીધે તેને શ્રી પંચપરમેષ્ટિ ભગવંત તરફથી દાનમાં માત્ર શુદ્ધ રસ જ મળે છે, એમાં કોઈ પુદ્‌ગલ પરમાણુ હોતા નથી. જીવે તેથી

પોતાનાં અભિસંધિજ વીર્યને મૂળ રસની ઉત્પત્તિ માટે વાપરવું પડતું નથી. પરિણામે તે સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વચ્છંદથી બચી જાય છે, એટલું જ નહિ, પણ તેનું અભિસંધિજ વીર્ય દાનરસને ગ્રહણ કરવા માટે તથા તેનું પરિણમન કરવા વપરાય છે.

જીવ આજ્ઞારસને ગ્રહણ કરી તેનું પરિણમન કરે છે ત્યારે કેવી પ્રક્રિયા થાય છે? શ્રી પ્રભુ એમનાં આંતરજ્ઞાનથી આપણને જણાવે છે કે જ્યારે આ આજ્ઞારસ પૂર્ણરૂપે આવે છે, ત્યારે તેનામાં અગુરુલઘુ ગુણ હોય છે, તેથી આત્માને તેનો ભાર કે હળવાશ લાગતાં નથી. આ સમ સ્થિતિને લીધે જીવ નથી રાગ કરતો કે નથી દ્વેષ કરતો. એ પરમ વીતરાગી બની પરમ વીતરાગ દશામાં આરૂઢ રહે છે. આ કારણે એ જીવ એ સમયે ઉત્તમ સંવર નિર્જરા રૂપ મહાસંવર પૂર્ણતાએ કરે છે. આ પૂર્ણ મહાસંવરના માર્ગથી એ સમયે જીવ પૂર્ણ સંવર કરે છે અને પૂર્ણ નિર્જરા એની દશા પ્રમાણે કરે છે. આ ઉત્તમ મહાસંવર જીવ પરમાણુથી વેગળો રહી, ઉત્કૃષ્ટ વેગથી કરે છે, અને નવા આવતા કર્મને એ ઉત્કૃષ્ટ વેગથી રોકે છે. માટે એના યોગનું વીર્ય માત્ર કલ્યાણનાં પરમાણુને ગ્રહવા તથા કલ્યાણનાં પરમાણુને નિર્જરાવવામાં વપરાય છે. આ સ્થિતિ તથા તેનું વર્ણન અતિગુપ્ત છે. આ સ્થિતિમાં જ્યારે જીવ કલ્યાણને યોગની ઉત્કૃષ્ટતાથી ગ્રહણ કરે છે ત્યારે પૂર્ણ મહાસંવરને લીધે એ કલ્યાણનાં પરમાણુરૂપે નહિ પરંતુ માત્ર આજ્ઞારસરૂપે ગ્રહણ કરે છે. કલ્યાણનાં ગ્રહણમાં પરમાણુની ગેરહાજરી હોવાથી અને આજ્ઞારસની મોજુદગી હોવાથી તેની શક્તિ મિશ્ર કલ્યાણનાં સાધન કરતાં અનંતગણી વધે છે. આ કલ્યાણ રસને ગ્રહણ કર્યા પછી, જીવની ઉત્કૃષ્ટ નિર્જરાને કારણે આત્મા પરથી પુદ્‍ગલનો નીકળવાનો જે વેગ છે તેને લીધે જીવને કલ્યાણની નિર્જરા કરવા માટે આજ્ઞારસને પુદ્‍ગલમાં પરિણમાવવાનો સમય રહેતો નથી. એટલે તે જીવ કલ્યાણની નિર્જરા માત્ર આજ્ઞારસથી જ કરે છે.

જ્યાં આજ્ઞારસથી નિર્જરા થાય છે ત્યાં નિર્જરા પ્રદેશોદયથી કરવાની અનિવાર્યતા થાય છે. આ કારણથી પૂર્વ સંચિત પુદ્‍ગલ પરમાણુની નિર્જરા અનંતગણી થાય છે. તેની સાથે સાથે જીવ આજ્ઞારસ પણ કલ્યાણના હેતુથી નિર્જરાવે છે. આ સુંદર અપૂર્વ પ્રક્રિયાથી જ્યારે કર્મ પુદ્‍ગલ નિઃશેષ થઈને આત્માની બહાર નીકળે છે ત્યારે તે

પરમાણુઓમાં આજ્ઞારસ લદાયેલો હોય છે. આ કલ્યાણરૂપી આજ્ઞારસ સાથે કર્મ પરમાણુ નિયમથી કલ્યાણના પરમાણુરૂપે પરિણમે છે. આ રીતે જીવ પૂર્ણાતિપૂર્ણ આજ્ઞાના સમયમાં નિર્જરતા પરમાણુને યોગ્ય રીતે કલ્યાણના પરમાણુમાં પરઠાવે છે, જેથી એ નિહારની પરમ વિશુદ્ધિ આચરી શકે છે.

આની વિવેકભરી સમજણ સ્પષ્ટતા આપે છે કે ૐરૂપી આજ્ઞારસમાં ધર્મરૂપી મંગલપણું, ધર્મરૂપી સનાતનપણું તથા આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપનો પરિપૂર્ણ આજ્ઞારસ સમાયેલો છે. એ આજ્ઞારસમાં શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનો ઉત્તમ પુરુષાર્થ પણ સમાયેલો છે. આ આજ્ઞારસ દ્વારા સર્વ પંચપરમેષ્ટિ ભગવંતના કેવળીગમ્ય પ્રદેશો બને છે. અહો ! શ્રી તીર્થંકર પ્રભુનો કેવો અપૂર્વ પુરુષાર્થ ? જે જીવ ભાવિમાં પરમેષ્ટિપદ પામવાનો છે એના કેવળીગમ્ય પ્રદેશમાં પોતાના કેવળીગમ્ય પ્રદેશના આજ્ઞારસથી સિંચન કરે છે. બીજી રીતે કહીએ તો જે જીવ તીર્થંકર પ્રભુના આજ્ઞારસથી કેવળીગમ્ય પ્રદેશને તરબોળ કરે છે તે ભાવિમાં પંચપરમેષ્ટિ પદને પ્રાપ્ત કરે છે. કદાચ સવાલ થાય કે, સર્વ જીવ મોક્ષમાં જાય તે વખતે તેઓ પરમેષ્ટિ પદને પામે છે, તો તે ન્યાયે સર્વ જીવના કેવળીગમ્ય પ્રદેશોમાં આ આજ્ઞારસનું સિંચન હોય છે ખરું ?

શ્રી પ્રભુ જણાવે છે કે સર્વ કેવળીગમ્ય પ્રદેશોમાં ૐ આજ્ઞારસ સમાયેલો તો હોય છે. પણ તેમાં ભેદ હોય છે. આ ભેદ બે પ્રકારે છેઃ અમુક આત્મા કેવળજ્ઞાન લીધાં પહેલાં પરમેષ્ટિ પદમાં સ્થાન પામે છે, કે જેઓએ શ્રેણિ માંડયા પહેલાં જ જીવ સમસ્તના કલ્યાણના ભાવ ઉચિત રીતે વેદ્યા હોય છે. અને અન્ય જીવો કે જેઓ શ્રેણિમાં જીવ સમસ્તના કલ્યાણના ભાવ કરી શ્રેણિ પૂરી કરી, સિદ્ધ થતી વખતે પંચ પરમેષ્ટિ પદમાં સ્થાન મેળવે છે.

જેઓ પરમેષ્ટિ પદના પહેલા વિભાગમાં આવે છે તેઓ છે શ્રી અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુસાધ્વી. તેમના કેવળીગમ્ય પ્રદેશોમાં સોનેરી રૂપેરી ૐ આજ્ઞારસથી સિંચન થાય છે. અને બીજા વિભાગમાં આવતા સિદ્ધ પ્રભુના આત્માના કેવળીગમ્ય પ્રદેશમાં માત્ર રૂપેરી ૐ આજ્ઞારસથી સિંચન થાય છે. આ બે વચ્ચેનો તફાવત હે પરમ પ્રભુ ! પરમ અનુગ્રહ કરી અમને સમજાવો.

શ્રી પ્રભુ ઋણમુક્ત થવાના નિશ્ચયાત્મક આશયથી અને કરુણાભાવના વ્યવહારિક આશયથી આપણને સમજાવે છે કે, ૐ આજ્ઞારસના વર્ણન પ્રમાણે એ રસ માત્ર પૂર્ણ પરમેષ્ટિના આજ્ઞારસથી બની શકે છે. પહેલા વિભાગમાં અરિહંત તથા કેવળજ્ઞાન લેતાં પહેલાં પંચપરમેષ્ટિપદ પામ્યા હોય તેવા સિદ્ધ ભગવાન (અર્થાત્ આચાર્ય, ઉપાધ્યાય, સાધુસાધ્વી) અને બીજા વિભાગમાં માત્ર સિદ્ધ ભગવાન કે જેમણે શ્રેણિમાં પ્રથમ વખત જીવ સમસ્તના કલ્યાણના ભાવ કરી પરમેષ્ટિ થયા હોય, તેઓ આવે છે.

પહેલા વિભાગના ૐ આજ્ઞારસમાં પૂર્ણાતિપૂર્ણ આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપ સાથે ધર્મનાં સનાતનપણા તથા મંગલપણાવાળા ગુણાશ્રવની ઉત્તમતાવાળો આજ્ઞારસ હોય છે, જેથી સ્વપરકલ્યાણક એવા આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગનું સિંચન થાય છે. બીજા વિભાગના ૐ આજ્ઞારસમાં પૂર્ણાતિપૂર્ણ આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપ હોય છે, જેથી સંવર પ્રેરિત મહાસંવર માર્ગની ઉત્તમતા અનુભવાય છે. આ ભેદને લીધે, એ પ્રકારે તે જીવના ભાવિનું ઘડતર થાય છે. જેને પહેલા વિભાગનો ૐ આજ્ઞારસ મળે છે, તે જીવને કેવળીગમ્ય પ્રદેશની રચના પછી મુખ્યત્વે પંચપરમેષ્ટિ ભગવંતનો સાથ વિકાસના પ્રત્યેક પગથિયે મળે છે. જેને બીજા વિભાગનો ૐ આજ્ઞારસ મળે છે તેને કેવળીગમ્ય પ્રદેશની રચના પછી મુખ્યત્વે અન્ય સત્પુરુષોનો સાથ મળે છે. આ સાથની તરતમતાને લીધે તેની મુક્તિ માટેની ગતિ તથા સમયમાં ફેરફાર જોવામાં આવે છે.

આ પ્રકારે આજ્ઞારસ મેળવી જીવ કર્મની નિર્જરા વધારે છે. તેમાં પણ વિપાક ઉદય કરતાં પ્રદેશોદય પર લક્ષિત થઈ જીવ વધારે બળવાન નિર્જરા કરી શકે છે. એ પ્રદેશોદયથી કર્મ નિર્જરા કરવાના બે પ્રકાર થાય છે. પહેલા પ્રકારમાં જીવ સંવરને મુખ્ય કરી પ્રદેશોદયથી કર્મને નિર્જરાવે છે. બીજા પ્રકારમાં જીવ કલ્યાણને મુખ્ય કરી કર્મને પ્રદેશોદય દ્વારા નિર્જરાવે છે. સંવર પ્રેરિત પ્રદેશોદયમાં જીવ કર્મનો ઉત્તમ સંહાર કરે છે, એટલે કે સંવર પ્રેરિત મહાસંવરના માર્ગથી કર્મની નિર્જરા કરે છે. અને કલ્યાણ પ્રેરિત પ્રદેશોદયમાં જીવ ગુણાશ્રવ તથા કલ્યાણભાવના આધારથી

ઉત્તમ મહાસંવર કરે છે. જેને શ્રી પ્રભુ કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગ તરીકે ઓળખાવે છે.

આ પ્રદેશોદયમાં જ્યારે કલ્યાણ પ્રત્યે નિસ્પૃહતા આજ્ઞારૂપી જાદુથી ઉમેરાય છે ત્યારે એ પ્રદેશોદયમાં આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગથી કર્મની નિર્જરા થાય છે. આ માર્ગની પ્રાપ્તિ અર્થે યોગની શુદ્ધિથી અને સિદ્ધિથી પરમ અભિસંધિજ વીર્યના કર્તા તથા ભોક્તા એવા પરમ શ્રી પ્રભુગુરુને કોટિ કોટિ વંદન હો.

સુખબુદ્ધિ એ મોહની જનની છે. મોહ એ પુદ્‌ગલરૂપ વિભાવની જનની છે, પુદ્‌ગલ એ સ્વભાવના અંતરાયની જનની છે, સ્વભાવના અંતરાય એ અશાતાની જનની છે, અને અશાતા એ દુ:ખની જનની છે. માટે જ્યાં સુખબુદ્ધિ છે ત્યાં દુ:ખ છે. આ જ કારણથી શ્રી પ્રભુએ સંસારને એકાંત દુ:ખમય કહ્યો છે, જીવની સંસાર પ્રત્યેની સુખબુદ્ધિને કારણે સંસારનું બંધારણ તથા અસ્તિત્વ અનાદિ અનંત થાય છે. જ્યાં મૂળમાં જ દુ:ખ છે ત્યાં એ મૂળથી ઉત્પન્ન થયેલા સંસારરૂપી ફળમાં દુ:ખ, દુ:ખ અને એકાંત દુ:ખ જ હોય એ કંઈ અચરજની વાત નથી. અહીં વિચાર આવે કે આવી સુખબુદ્ધિ જીવને થાય છે શા માટે? જે સુખની પાછળ દુ:ખનો અનુભવ જીવને સતત થતો રહે છે તે સુખબુદ્ધિની નિવૃત્તિ કેવી રીતે કરવી?શ્રી પ્રભુ તથા ગુરુની કૃપાદૃષ્ટિથી આ ભેદનો ખુલાસો થાય છે.

આત્માનો મૂળભૂત ગુણ છે કે સુખ પ્રતિ આકર્ષાવું. એને લીધે એ અનાદિકાળથી ભોગવતો આવ્યો છે એવા નિત્યનિગોદનાં અત્યંત દુ:ખનાં વેદનને કારણે સુખ પોતામાં નથી, પણ પરમાં છે એવી માન્યતા પ્રતિ તે દોરાઈ જાય છે. આ માન્યતાને લીધે જ જીવ નિત્યનિગોદમાં, શ્રી કેવળીપ્રભુના સમુદ્‌ઘાત વખતે તેમના શુધ્ધ પ્રદેશ માટે અપેક્ષાએ ભક્તિભાવ કેળવે છે. આના ફળરૂપે એના કર્મનાં બંધનનાં પાંચ કારણો ગોળાપણામાંથી છૂટા થાય છે. પોતાના આ ભાવને જીવ વર્ધમાન કરે છે, ત્યારે શ્રી તીર્થંકર પ્રભુનાં કલ્યાણક વખતે એને રુચક પ્રદેશની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારની માન્યતા અને લાગણી એ જીવને દરેકે દરેક પગથિયે શુદ્ધિ તથા સિદ્ધિ આપે છે, જે

"આત્મિક શુદ્ધિથી પરમાર્થિક સિદ્ધિ" – ની સમજણ વખતે આપણે જોયું છે. આ માન્યતા આ રીતે ઊંડાણથી ઘર ઘાલી ગઈ હોવાથી તે જીવ જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિય થાય છે ત્યારે એ સંજ્ઞા ભૂતકાળના અનુભવરૂપે તેને પરમાં સુખબુદ્ધિ કરવાની પ્રેરણા આપે છે. આ માન્યતાની સિદ્ધિ કરવા માટે એ જીવ જે જે પદાર્થ, વ્યક્તિ તથા જીવના સંપર્કમાં આવે છે, તેની પાસેથી સુખ મેળવવા સુખબુદ્ધિરૂપ માન્યતાનો ઉપયોગ કરી, "સુખ માટે ઝાંવા" નાખે છે. તે ભ્રમણ દરમ્યાન તેને સત્દેવ, સદ્ગુરુ તથા સત્ધર્મનો સંપર્ક ભાગ્યે જ થાય છે. વળી, અન્ય વિભાવોમાં રહેલી તેની સુખબુદ્ધિને કારણે સત્ પ્રત્યેની સુખબુદ્ધિ મંદ અથવા નહિવત્ થઈ જાય છે. આ સુખબુદ્ધિને કારણે જીવ સંસારી પદાર્થનો મોહ કરે છે, જેનાથી મિથ્યાત્વ તથા અનંતાનુબંધી કષાય દ્વારા તે મોહને ભોગવે છે, અને તેમાં સુખ માને છે, પરિણામે અનંત સંસાર વધી જાય છે. અનંત સંસારને કારણે અનંત પ્રકારનાં દુઃખનો ભોગવટો વધે છે. આમ સતત ચાલતા વિષચક્રથી છૂટાય કેવી રીતે? આત્મિક શુદ્ધિના કારણરૂપ માન્યતાને સત્ તરફ કેવી રીતે વાળવી જોઈએ? શ્રી પ્રભુ આનું સૂક્ષ્મ જ્ઞાન આપે છે, જે શ્રી ગુરુ પરમ કરુણા કરી, તેનું સ્થૂળરૂપ કરી આપણી મંદબુદ્ધિને સમજાવી સંતોષ આપે છે.

જીવ સંસાર પ્રત્યેની સુખબુદ્ધિ વેદતો હોય તેવા કાળે યોગાનુયોગે જો તેને સદ્ગુરુ કે સત્પુરુષનો સંપર્ક થાય, તેમનાં શાંત મુદ્રા, તથા સહજ સમાધિ જોતાં તેનાં મનમાં અચરજ થાય છે કે આ વ્યક્તિની વર્તના મારી માન્યતા કરતાં અલગ હોવા છતાં, તેમના ચહેરા પર મારા કરતાં ઘણું વધારે શાંતિનું વેદન જણાય છે. તે જ કાળે એની માન્યતા અનુસાર એની સુખબુદ્ધિની લાગણીને કારણે એ જીવને દુઃખનું વેદન થાય છે. આ વેદન તેના આત્મિક સુખના વેદનના ધ્યેયની વિરુધ્ધ હોવાથી, એ જીવ સંસારની સુખબુદ્ધિ માટે નકાર વેદે છે. તે સત્પુરુષની મુદ્રાની શાંતિને ઓળખે છે, આ ઓળખ તેને સંસારસુખની ભ્રાંતિરૂપ, સંસારની સુખબુદ્ધિનાં દુઃખ પ્રત્યે વળાંક લેતાં વિરોધી સાધનો પ્રત્યેના પ્રશ્નના ઉત્તરરૂપ જણાય છે. આને લીધે તે જીવ એ સમય માટે પોતાની સુખબુદ્ધિની લાગણીને સંસારથી છોડાવી સત્પુરુષ પ્રતિ વાળે છે. આવી લાગણી થતાં એ જીવ એ સત્પુરુષનાં કલ્યાણરૂપ પરમાણુઓને પોતા તરફ

આકર્ષવાનો ધોરી માર્ગ બનાવે છે. માર્ગ બનતાં, એ પરમાણુઓ જીવના પ્રદેશ પર સ્થાન પામી, તેના કેવળીગમ્ય પ્રદેશની સહાય લઈ આ લાગણીમાં વધારો કરી, સંસારની સુખબુદ્ધિને સત્પુરુષના આજ્ઞાપાલનની સુખબુદ્ધિમાં લઈ જાય છે. આ પ્રક્રિયાને ઊંડાણથી વિચારવા જતાં મુંઝવણ થાય કે આટલી વસ્તુઓ એક સાથે કેવી રીતે બને?

શ્રી પ્રભુની પૂર્ણ વાણીને શ્રી ગુરુ ઝીલી, તેને સ્થૂળરૂપ આપી બોધે છે કે આ બધી આકરી શરતોને પાર પાડનાર છે શ્રી અરિહંત સહિતના પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓ. શ્રી અરિહંત પ્રભુનાં પંચ પરમેષ્ટિ કલ્યાણનાં પરમાણુઓનું બંધારણ કઈ રીતે થાય છે તેની વિચારણા કરતાં પહેલાં તેનાથી શું કાર્ય થાય છે તેનો વિચાર કરીએ.

શ્રી સત્પુરુષની મુદ્રા શાંત રહેવાનું કારણ છે સંસાર પ્રતિની ઉદાસીનતા કે વીતરાગતા. વીતરાગતાનું કારણ છે આંશિક કે પૂર્ણ કલ્યાણભાવ. આ કલ્યાણભાવના આધારથી એ સત્પુરુષ શ્રી તીર્થંકર પ્રભુ સર્જિત પંચપરમેષ્ટિ કલ્યાણપરમાણુને અમુક સંખ્યામાં પોતા તરફ ખેંચે છે. આ પરમાણુને શ્રી પ્રભુ પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ તરીકે ઓળખાવે છે. આવા પૂર્ણ પરમેષ્ટિ પરમાણુઓમાં પૂર્ણ આજ્ઞારૂપી ધર્મ તથા પૂર્ણ આજ્ઞારૂપી તપ રહેલાં છે. પૂર્ણ આજ્ઞાના આ બંને સાથીદારો એ જીવની સંસારની સુખબુદ્ધિને છિન્નભિન્ન કરવા માટે દુઃખનો ઉદય લાવે છે. એટલું જ નહિ એ સત્પુરુષ પ્રત્યેના પ્રેમભાવનાં કર્મોને એક સાથે ઉદયમાં લાવે છે. આ કારણથી તે જીવ સંસારની સુખબુદ્ધિને અમુક સમય માટે આજ્ઞા સુખબુદ્ધિમાં લઈ જાય છે. આજ્ઞા સુખબુદ્ધિનાં વેદનથી એ જીવ પરમાર્થ લોભ કરતાં શીખે છે. પરમાર્થ લોભની સહાયથી, ભાવિમાં ધર્મપાલન માટે અનિવાર્ય એવાં પૂર્ણ પરમેષ્ટિ પરમાણુને પોતા તરફ ખેંચવા માટે નિકાચીત કર્મ બાંધે છે. આ પ્રક્રિયાથી જીવ ૐ રૂપી પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ દ્વારા આજ્ઞારૂપી ધર્મ વેદે છે.

આજ્ઞારૂપી ધર્મના વેદનથી જીવની સંજ્ઞા એ સુખને સંસારસુખથી જુદું જાણે છે; પોતાની સંસાર સુખબુદ્ધિને આજ્ઞા સુખબુદ્ધિમાં પલટાવવા માટે તે આજ્ઞારૂપી

તપ કરી, જથ્થો તોડી, પૂર્ણ પરમેષ્ટિના પરમાણુને મેળવવાના અંતરાયને તોડી, એ પરમાણુઓને પોતા તરફ ખેંચી, આજ્ઞારૂપી ધર્મમાં વધારે સમય માટે લઈ જાય છે. આ વેદનનો સમય વધતાં જીવની આજ્ઞા પ્રતિની સુખબુદ્ધિ વધે છે, તેના વધવા સાથે તેના શુભ અને શુદ્ધ ભાવ વધતા જાય છે, અને આમ ઉત્તરોત્તર એક શુધ્ધ ચક્રનું સર્જન કરી જીવ શિવ બને છે. હવે પૂર્ણ પરમેષ્ટિ પરમાણુની રચના સમજવાની છે.

મોહાદિ વિભાવ પ્રેરિત કર્મ અનાદિ અનંત છે. પંચ પરમેષ્ટિ પ્રેરિત, કલ્યાણ પ્રેરિત તથા આજ્ઞા પ્રેરિત ૐ એ પણ અનાદિ અનંત છે. મોહ ૐની શક્તિને હણી શકતો નથી, પણ જો છ દ્રવ્યમાંનું સૌથી બળવાન દ્રવ્ય આત્મા જ્યારે ૐનું શરણ લઈ આજ્ઞારૂપી સ્વભાવમાં લીન બને છે ત્યારે એ અનાદિ કાળથી ચાલતી આવેલી એવી કર્મની શક્તિને ૐની સહાયથી હણી શકે છે. તેથી એક આત્માની અપેક્ષાએ કર્મ અનાદિ સાંત છે, અને ૐ સાદિ અનંત છે; કારણ કે ૐની પ્રાપ્તિ પછી જીવ માટે જીવાત્મા રૂપે કાળના અનંતપણાનો અંત આવે છે; સર્વ જીવ તથા આત્માની અપેક્ષાએ કર્મ અનાદિ અનંત છે અને ૐ પણ અનાદિ અનંત છે.

કર્મનાં રચના, સ્થિતિ, અનુભાગ તથા પ્રકારને આપણે 'આઠ કર્મ' તથા 'અઢાર પાપસ્થાનક' વિશે વિચાર્યા હતાં, તેથી કર્મનાં વર્ણન પ્રતિ આપણે અત્યારે લક્ષ આપતા નથી. પરંતુ તે વખતે ૐના વર્ણન તથા ૐના ગુપ્ત ભેદ રહસ્યોને આપણે વિચાર્યા ન હતા, તે હવે લઈએ છીએ.

ૐ એ કર્મ કરતાં વધારે શક્તિશાળી છે, કારણ કે તે કર્મનાં અનાદિપણાને સાંત બનાવે છે; અને પોતાનાં સાંતપણાને એ શુભ તથા શુદ્ધ કાર્યથી અનંત બનાવે છે. આ ૐના સ્વરૂપને જાણવું ખૂબ જરૂરી છે, કારણ કે જો ૐના સ્વરૂપને આપણે યથાર્થપણે જાણીએ, તો જ ૐની શક્તિ, સામ્રાજ્ય તથા વિશાળતાની ઓળખ આપણને આવે, એ ઓળખ આવતાં ૐ પ્રત્યે ભક્તિ, વિનય તથા તેને આજ્ઞાધીનપણે રહેવાના ભાવ આવે છે. આ ભાવના પરિણામે આત્મા પાંચ દ્રવ્યના પંજામાંથી નીકળવા માટે વર્તતા વિભાવને તજી, સ્વભાવ તરફ પર્યટન કરવા ઉત્સુક થતો જાય છે, તે યથાર્થ પરમાર્થ-લોભ કરે છે અને સર્વ કર્મબંધનનાં કારણોનો ક્ષય કરવા માટે ઉત્કૃષ્ટતાએ પોતાનાં

સંજ્ઞા તથા ઇન્દ્રિયોને પ્રવર્તાવી, માત્ર આજ્ઞામાં રહેવાના ભાવને જ ધ્રુવલક્ષ બનાવી, પોતાનાં અભિસંધિજ વીર્યને પ્રવર્તાવે છે. આમ ૐ એ આત્માના ગુણોનો સમુચ્ચય – ભંડાર છે. આ ૐ અનન્ય છે, અપૂર્વ છે, અને સહજ તથા સુગમ હોવા છતાં જીવ માટે અટપટો છે. ૐનું મૂળ સ્વરૂપ કેવું છે તે શ્રી પ્રભુનાં પૂર્ણ સૂક્ષ્મ જ્ઞાન દ્વારા શ્રી ગુરુની અનન્ય ભક્તિ તથા આત્માનુબંધી યોગથી સ્થૂળ શબ્દગોચર જ્ઞાન રજુ કરીએ છીએ....

ૐના શુધ્ધ પરમાણુમાં આજ્ઞાનું યોગ્ય પ્રમાણ છે. કલ્યાણભાવનું યોગ્ય પ્રમાણ છે તથા વીતરાગતાનું પણ તેમાં યોગ્ય પ્રમાણ રહેલું છે. કલ્યાણ અને આજ્ઞા અથવા આજ્ઞા અને વીતરાગતા એક સાથે રહે તે તો સમજી શકાય તેમ છે, પણ કલ્યાણ અને વીતરાગતાના સહઅસ્તિત્વમાં વિરોધ જણાય છે, કારણ કે વીતરાગતામાં જીવ મૌન થાય છે અને કલ્યાણભાવમાં જીવ વાચક કે વકતા થાય છે. તો આ બંને વિરોધી જણાતા ભાવો પરમાણુઓના એક જ સ્કંધમાં કેવી રીતે રહી શકે છે? શ્રી પ્રભુનાં પરમ જ્ઞાનદાનના આધારથી શ્રી ગુરુની ચમત્કારિક સ્પૃહા આનાં ભેદરહસ્ય ખોલે છે.

આ બંને ભાવને યોગ્ય સમતોલનથી, યોગ્ય સમયે ઉત્પન્ન કરનાર તથા સુષુપ્ત રીતે સાથે રાખનાર આજ્ઞા છે. આજ્ઞાના આધારથી કલ્યાણ તથા વીતરાગતા સાથે રહે છે. જીવ જ્યારે આજ્ઞા સહિત કલ્યાણ અને આજ્ઞા સહિતની વીતરાગતામાં જાય છે ત્યારે શ્રી પ્રભુ તેની પાસે એક સાનંદ આશ્ચર્યકારક પ્રક્રિયા કરાવે છે. આજ્ઞા સહિતની વીતરાગતા જીવ ત્યારે જ વેદી શકે છે જ્યારે એ જીવ આજ્ઞારૂપી ધર્મમાં લીન હોય છે. અહીં આજ્ઞારૂપી ધર્મ એ કારણ છે (cause) અને વીતરાગતા (જે અપેક્ષાએ આજ્ઞારૂપી તપ છે) તે કાર્ય-ફળ (effect) છે. આ વીતરાગતા (આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપ)માં જીવ આજ્ઞારૂપી ધર્મ જાળવવા માટે અભિસંધિજ વીર્યનો ઉપયોગ કરે છે; ત્યારે વીતરાગતારૂપી આજ્ઞાતપ માટે જીવ વીર્યના અનભિસંધિજ ભાગનો ઉપયોગ કરે છે. આ રીતે જીવનું અભિસંધિજ વીર્ય પૂર્ણતાએ પાંચ મહાવ્રતના સૂક્ષ્મ પાલન સહિત વપરાય છે. જીવ જ્યારે આ વેદનથી બહાર નીકળે છે ત્યારે તેનું સુષુપ્ત

આજ્ઞાતપ જોર પકડે છે, અને એ જીવ આજ્ઞારૂપી ધર્મના સકામ પુરુષાર્થમાં મેળવેલાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને વીતરાગતાનો વાચક કે વક્તા બની, પોતાના સહજાનંદ સુખથી પર બની, અન્ય જીવો માટે એ યોગબળ (પુદ્ગલ રહિત, પુદ્ગલ સહિત કે ઉભયપણે) લોકકલ્યાણના હેતુથી વહેવડાવે છે.

આ પ્રક્રિયા જીવ આજ્ઞાધીનપણે કરે છે, માટે આ કાર્યસિદ્ધિ થયા પછી પણ જીવને માનાદિ કષાય ઉત્પન્ન થતા નથી, બલ્કે પરમાર્થ લોભ વર્ધમાન થાય છે. આ લોભ વધવાથી, આટલું કપરું લોકકલ્યાણનું કાર્ય કરવાં છતાં પણ જીવ પોતાનાં વીર્યને અલ્પ તથા અધૂરું જાણે છે. તેથી તે અપૂર્ણતા તોડવા અને પરમાર્થ લોભની માત્રા વધારવા શ્રી પરમેષ્ટિ આદિ જ્ઞાનીભગવંતો પાસે પ્રાર્થના કરે છે. આ પ્રાર્થના હ્રદયનાં ઊંડાણમાંથી થતી હોવાથી, એ ભક્તિમાર્ગે કાર્યસિદ્ધિ કરવા, કલ્યાણનાં પરમાણુઓ મેળવવાનાં અંતરાય તોડે છે. અંતરાયો તૂટતાં એ યોગ્ય માત્રામાં અભિસંધિજ વીર્યને ઉત્પન્ન કરી, કાર્યસિદ્ધિ કરવા યોગ્ય પ્રાર્થના, ક્ષમાપના, મંત્રસ્મરણ તથા ધ્યાનનું સર્જન કરી યોગ્ય સમયે કાર્યસિદ્ધિ મેળવે છે. આ પ્રક્રિયામાં જીવ સકામપણે કલ્યાણભાવ કરી આજ્ઞારૂપી તપ કરે છે. તેમ કરવામાં તે આજ્ઞાધીન હોવાને લીધે તેમાંથી નીપજતા પરમાર્થ પુણ્યને આજ્ઞારૂપી ધર્મમાં પરિણમાવે છે. આજ્ઞારૂપી તપ અહીં કારણ છે (cause) અને આજ્ઞારૂપી ધર્મ કાર્ય (effect) છે. અહીં આજ્ઞારૂપી તપમાં જીવ અભિસંધિજ વીર્યનો ઉપયોગ સકામપણે આજ્ઞાથી કરે છે, અને આજ્ઞારૂપી ધર્મમાં વીર્યનો અનભિસંધિજ ભાગ વાપરે છે. આ પ્રક્રિયાથી જીવનું અભિસંધિજ વીર્ય પૂર્ણતાએ પાંચ મહાવ્રતના પાલન સાથે વપરાય છે. તેથી પહેલાં જણાવેલી વીતરાગતાની કડીમાં તે સહજપણે જાય છે.

આ દ્વિતીય કાર્ય જીવ જેટલી શુદ્ધિ સાથે કરી શકે છે, એટલી શુધ્ધતા સાથે એ આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગને આચરી શકે છે. આ પરથી સ્પષ્ટ થશે કે ઉત્તમ માર્ગનાં આરાધન માટે વીતરાગતા, આજ્ઞા તથા કલ્યાણભાવ જરૂરી છે. માટે આ ત્રણે ભાવ શ્રી પંચ પરમેષ્ટિ ભગવંતમાં હોવા જરૂરી છે, કારણ કે એ પરમેષ્ટિ ભગવંતનું આરાધન સર્વ આત્માઓના આરાધનમાં સર્વશ્રેષ્ઠ ગણાયું છે. આ કઈ રીતે ?

“શ્રી પ્રભુ! આ ઉત્તમ ભેદરહસ્ય મેળવવા માટે અમે જ્ઞાનદશાથી પાત્ર નથી, પણ ભક્તિરૂપી વિનયમાં અમને આત્મિક પાત્રતાનું દાન આપો. જેથી અમે આ અમૂલ્ય આજ્ઞારસના ભેદનો લહાવો માણી શકીએ.” – જ્ઞાન બાબત શ્રી પ્રભુની ઉત્તમતા તો સર્વવિદિત છે, પણ તેઓ ભક્તિરૂપી આત્મિક પાત્રતા દેવા માટે ઉત્તમ દાતાર છે એનો અનુભવ પણ કરવા જેવો છે. જે આજે મળ્યો છે, કારણ કે સ્થૂળતાએ વિચારતાં આ ભેદ રહસ્યોને ઝીલવા માટે સર્વસંગ પરિત્યાગ ન હોવા છતાં, સંસારી જવાબદારીઓની વચ્ચે રહેવા છતાં, પ્રભુ આવી પાત્રતા અને જ્ઞાનદાન આપે છે, એ માટે આપણે તેમનાં અનંત અનંત કાળ માટે ઋણી છીએ. શ્રી પ્રભુનાં ૐના ગુંજનને શ્રી ગુરુ શબ્દદેહ આપી આપણને કૃપાના રસમાં તરબોળ કરે છે – નવડાવે છે. અહો! માણો આ ઉત્તમ કલ્યાણમય જ્ઞાનવાણીને!

ૐમાં લોકકલ્યાણની ભાવના ભાવતાં સર્વ સાધુસાધ્વી, ઉપાધ્યાય, આચાર્ય, અરિહંત અને સિદ્ધપ્રભુ સમાય છે. આ પંચપરમેષ્ટિ ભગવંત ઉત્તમ આરાધક તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે, તે સહુ જાણે છે. ઉત્તમ આરાધકો, એમની ઉત્તમ આરાધનામાં અહીં જણાવેલી ઉત્તમ વીતરાગતા, આજ્ઞા, તથા કલ્યાણનું આરાધન કરે છે તે સહેલાઈથી સમજાય તેમ છે. પરંતુ એ પાંચે પરમેષ્ટિ સાથે મળે ત્યારે જ પરમઈષ્ટ તરીકે યથાર્થરૂપે ઓળખાય છે. પ્રત્યેક પરમેષ્ટિ એક એક રૂપે જરૂર ઈષ્ટ છે, પણ પરમ ઈષ્ટ કે સર્વોત્કૃષ્ટ ઈષ્ટ નથી. તેમાં ભેદ રહસ્યો છે.

૧. શ્રી સાધુસાધ્વી સરાગી કલ્યાણભાવને વેદે છે, તેથી તેમના ઉત્કૃષ્ટ પુરુષાર્થમાં ઉત્તમ સ્પૃહા, કલ્યાણભાવ, આજ્ઞા તથા વૈરાગ્ય કે ઉદાસીનતા હોય છે.

૨. શ્રી ઉપાધ્યાયજી સરાગી વીતરાગી કલ્યાણભાવને વેદે છે, તેમાં મુખ્યત્વે સરાગી અર્થાત્ ઉદાસીનતા સાથેનો કલ્યાણભાવ અને કોઈક વિરલ સમયે વીતરાગતા સાથેનો કલ્યાણભાવ વેદાય છે. એમના પુરુષાર્થમાં કલ્યાણભાવ, આજ્ઞા, ઉદાસીનતા અને ક્યારેક વીતરાગતા હોય છે.

૩. આચાર્યજીનો પુરુષાર્થ વીતરાગી રાગી કલ્યાણભાવવાળો હોય છે. તેઓ ચારિત્રની યથાર્થ ખીલવણી કરીને ધર્મનું પ્રસારણ કરે છે. તેથી તેમના પુરુષાર્થમાં વીતરાગતા, ધર્મલાભનો રાગ, આજ્ઞા તથા કલ્યાણભાવ હોય છે. શ્રી સાધુસાધ્વી તથા ઉપાધ્યાયના પુરુષાર્થમાં કલ્યાણ એ સકામ પુરુષાર્થ છે, તેથી તેમાં કલ્યાણને પહેલાં લીધેલ છે. આચાર્યજીના પુરુષાર્થમાં વીતરાગતા એ મુખ્ય ધ્યેય છે તેથી તેને પહેલાં મૂકેલ છે. આચાર્યજી મુખ્યત્વે વીતરાગતા, આજ્ઞા તથા કલ્યાણના ભાવમાં પુરુષાર્થ કરે છે, અને ધર્મલાભનાં કાર્યોમાં સરાગી હોય છે, ગણધર પ્રભુ આ ધર્મલાભનાં કાર્યોમાં પણ વીતરાગી કે ઉદાસીન હોય છે.

૪. શ્રી અરિહંત પ્રભુ વીતરાગી કલ્યાણભાવનો પુરુષાર્થ આદરે છે. તેઓ લગભગ વીતરાગી જ હોય છે, પણ જ્યારે એક સમય માટે તેઓ યોગ સાથે જોડાય છે ત્યારે એ કલ્યાણના ભાવમાં પોતાના પુરુષાર્થને ફોરવે છે. તેથી કહી શકાય કે અરિહંતપ્રભુ વીતરાગતા, આજ્ઞા તથા કલ્યાણના ભાવમાં પુરુષાર્થ કરે છે.

૫. શ્રી સિદ્ધપ્રભુ માત્ર પરમ વીતરાગતાનો જ પુરુષાર્થ કરે છે. તેઓ તો વીતરાગી રહી આજ્ઞાને માણે છે. યોગનો અભાવ હોવાથી તેઓ કલ્યાણને સિદ્ધપણે સેવતા નથી.

આ સમજણથી લક્ષ થાય છે કે પંચપરમેષ્ટિ ભગવંતના વ્યક્તિગત પુરુષાર્થમાં કાં કલ્યાણની માત્રા વધારે હોય છે, અને કાં વીતરાગતાની માત્રા વધારે હોય છે. કોઈના પણ પુરુષાર્થમાં આ બંને વચ્ચેનું સમતોલન હોતું નથી, પણ આપણે જાણ્યું તે પ્રમાણે ઉત્તમ પુરુષાર્થને બોધવા માટે કલ્યાણ, આજ્ઞા તથા વીતરાગતાનું સમતોલન અનિવાર્ય છે. આ કાર્ય કેવી રીતે પાર પડે છે?

શ્રી પ્રભુ આપણને જે ૐરૂપે સમજાવે છે તેને શ્રી ગુરુ શબ્દરૂપ આપી આપણા સુધી પહોંચાડે છે. વ્યક્તિગત રીતે સર્વ પરમેષ્ટિના પુરુષાર્થમાં ક્યાંક ને ક્યાંક

અસમતુલા રહેલી છે, પણ જ્યારે એ પાંચે પુરુષાર્થ પંચમુષ્ટિની જેમ એકત્ર થાય છે ત્યારે તે સમૂહ રૂપે કલ્યાણ, આજ્ઞા તથા વીતરાગતાના યોગ્ય સમતોલનવાળો બને છે. તેથી એ પાંચેયના સમૂહને પરમ ઈષ્ટ અથવા સર્વોત્કૃષ્ટ ઈષ્ટ તરીકે ઓળખાવેલ છે.

આ વિવિધ પુરુષાર્થીનો પુરુષાર્થ સમતુલાવાળો કેવી રીતે બને છે? શ્રી પ્રભુ તેનો ખુલાસો કરી, શ્રી ગુરુ દ્વારા આપણને સમજાવે છે કે આ વિવિધ પુરુષાર્થને એક કરનાર પદાર્થ છે “આજ્ઞા”. સર્વ ઈષ્ટપ્રભુ આજ્ઞામાં રહે છે. એક આજ્ઞા તેઓ પાળે છે અને બીજી વિશેષ આજ્ઞા તેઓ ઇચ્છે છે. સાધુસાધ્વીજી સાધુસાધ્વીની આજ્ઞા પાળે છે, અને ઉપાધ્યાયજીની આજ્ઞા ઇચ્છે છે. ઉપાધ્યાયજી ઉપાધ્યાયની આજ્ઞા પાળે છે, અને આચાર્યજીની આજ્ઞા ઇચ્છે છે. આચાર્યજી આચાર્યની આજ્ઞા પાળે છે અને ગણધરની આજ્ઞા ઇચ્છે છે. ગણધરજી પોતાની આજ્ઞા પાળે છે અને અરિહંતની આજ્ઞા ઇચ્છે છે. અરિહંત પોતાની આજ્ઞા પાળે છે અને સિદ્ધપ્રભુની આજ્ઞા ઇચ્છે છે. સિદ્ધ સિદ્ધની આજ્ઞા પાળે છે અને પંચપરમેષ્ટિની આજ્ઞા ઇચ્છે છે. આવા વર્તમાનના આજ્ઞાપાલન અને ભવિષ્યની આજ્ઞાની ઇચ્છાના માધ્યમથી શ્રી પંચપરમેષ્ટિ ભગવંત એકત્રિત થાય છે.

અહીં એક બીજો ખુલાસો પણ મળે છે કે શ્રી સિદ્ધપ્રભુ સિદ્ધની આજ્ઞા પાળે છે, પણ પંચપરમેષ્ટિની આજ્ઞા ઇચ્છે છે, કારણ કે પંચપરમેષ્ટિમાં વીતરાગતા, આજ્ઞા તથા કલ્યાણનું યોગ્ય સમતોલન છે, જે એમના વ્યક્તિગત પુરુષાર્થમાં નથી. માટે એમના માટે શ્રી પંચપરમેષ્ટિ ભગવંત પૂજ્ય છે. આ પંચપરમેષ્ટિ ભગવંતના પૂર્ણ પરમાણુની રચના કેવી રીતે થાય છે તે વિચારીએ.

શ્રી પંચપરમેષ્ટિ ભગવંતથી ઉપજેલા, શ્રી પૂર્ણ પરમેષ્ટિ પરમાણુનું વર્ણન તથા લાભ, શ્રી પરમ તીર્થની ૐરૂપ વાણીને અવધારી, શ્રી ગુરુ એ શબ્દાતીત વાણીનું આજ્ઞારૂપી સાગરમાં શબ્દરૂપી નાવથી આજ્ઞા તથા ૐરૂપી મહાસાગરની ગંભીરતા, ઊંડાણ તથા વિશાળતાનું પાન કરાવે છે. એ પાન કરતાં કરતાં શ્રી પ્રભુ તથા

શ્રી ગુરુની આજ્ઞાને અવધારી, એમની કૃપા તથા આજ્ઞાથી એ વાણીને એ રૂપે જ મૂકીએ છીએ. ધ્યાનથી, ભક્તિસભર બની, પૂર્ણ શ્રદ્ધા તથા આજ્ઞાથી એ વાણીનું તમે શ્રવણ કરો.

ૐ એ પાંચ ભાવના યથાર્થ સમતોલન, સ્થિતિ, અનુભાગ તથા જથ્થારૂપ ભાવરસની ઉત્કૃષ્ટતાથી ઉપાર્જન થતો પુદ્ગલ શુદ્ધિ તથા સિદ્ધિનો સ્કંધ છે. તેથી કહી શકાય કે શ્રી પૂર્ણ પરમેષ્ટિ પુદ્ગલ એ પંચપરમેષ્ટિ ભગવંતના ઉત્કૃષ્ટ મહાસંવર માર્ગની યથાર્થ આજ્ઞાધીન પૂર્ણતા વખતે થતી પુદ્ગલની કલ્યાણપ્રેરિત ભાવનારૂપ નિર્જરા છે. આ અપૂર્વતા તથા ધન્યતાને સમજવા આપણે આ રચનાના રચયિતા શ્રી પંચપરમેષ્ટિ ભગવંત તથા તેના જીવન કલ્યાણદાનના પ્રણેતા શ્રી તીર્થંકર પ્રભુની આ પરમાણુની ઉત્પત્તિ વખતની અંતરંગ ચર્યા જાણવી અને સમજવી અનિવાર્ય બને છે. શ્રી પ્રભુનો આજ્ઞારૂપી અનાહદ ધ્વનિ આ ખુલાસો ૐરૂપે આપે છે.

શ્રી પંચપરમેષ્ટિ ભગવંત દરેક સમયે પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ ઉપાર્જન કરતા નથી. આગળ વધતાં પહેલાં એક અતિ ગૂઢ રહસ્ય સમજવા શ્રી પ્રભુ આજ્ઞા આપે છે, તે તમે ધ્યાનથી સાંભળો. આપણે જાણીએ છીએ કે શ્રી તીર્થંકર પ્રભુ તીર્થંકર નામકર્મ નિકાચીત કર્યા પછી, દરેક સમયે લોકકલ્યાણની ભાવનાનું વેદન કરે છે; એવી જ રીતે શ્રી ગણધર પ્રભુ નામકર્મ બાંધ્યા પછી અમુક સમયે લોકકલ્યાણની ભાવના તરતમતાથી વેદે છે. આપણે માત્ર આ બે પરમેષ્ટિ ભગવંત વિશે જ જાણીએ છીએ. પરંતુ શ્રી પ્રભુ આપણને જણાવે છે કે જે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુસાધ્વી પરમેષ્ટિ પદને પામવાના છે, તેઓ એ પદનો ઉદય આવતાં પહેલાં અમુક કાળે એ પદને એટલે કે પરમેષ્ટિ આચાર્ય, પરમેષ્ટિ ઉપાધ્યાય કે પરમેષ્ટિ સાધુસાધ્વીના પદને નિકાચીત કરે છે, અને એ કાળથી એ જીવો પણ લોકકલ્યાણની ભાવના અમુક સમયે વેદે છે. એ વેદનની તરતમતાનો આધાર તેમની દશાનુસાર તથા ભાવાનુસાર હોય છે. એક જ જીવમાં તેમની ભાવના અનુસાર એ વેદનની તરતમતા જોવા મળે છે, પરંતુ પંચપરમેષ્ટિ પદના પાંચે પાંચ સભ્યો પરમેષ્ટિ પદને તેના ઉદય પહેલાં જરૂર નિકાચીત કરે છે.

પદ ઉદયમાં આવતાં પહેલાંની નિકાચીત કરેલી ભાવનાને શ્રી પ્રભુ 'અક્રિય ભાવ, સક્રિય પદ' તરીકે ઓળખાવે છે. જેને આપણે 'અક્રિય પદ' કહી શકીએ. અને પદ ઉદયમાં આવ્યા પછીની સ્થિતિને શ્રી પ્રભુ 'સક્રિય ભાવ, સક્રિય પદ' તરીકે ઓળખાવે, જેને આપણે 'સક્રિય પદ' કહી શકીએ. પ્રત્યેક તીર્થંકર અને પ્રત્યેક ગણધર પરમેષ્ટિ પદમાં સ્થાન પામે છે. જ્યારે અમુક જ આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુસાધ્વી પરમેષ્ટિ પદમાં સ્થાન મેળવે છે. અહીં પંચપરમેષ્ટિ પદમાં સમાવિષ્ટ એવા સર્વ તીર્થંકર, સર્વ ગણધર, પરમેષ્ટિ પદવીધારી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુસાધ્વીનો જ વિચાર કર્યો છે. અન્ય સર્વ આચાર્ય, ઉપાધ્યાય કે સાધુસાધ્વીને ગણનામાં લીધાં નથી. આનો લક્ષ રાખવા વિનંતિ છે. અને સુવિધા ખાતર તેઓને આપણે તીર્થંકર, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુસાધ્વી તરીકે જ વર્ણવીશું.

આ પંચપરમેષ્ટિ ભગવંત આત્મિક શુદ્ધિ કે સર્વોત્કૃષ્ટ શુદ્ધિમાં આરૂઢ થઈ પરમાર્થિક સિદ્ધિ કે સર્વોત્કૃષ્ટિ સિદ્ધિને પામે છે. એમના આરાધનમાં જે નોંધનીય કાળ છે એ એમના મહાસંવર માર્ગનો આરાધનકાળ છે. એ કાળમાં તેઓ માત્ર મહાસંવર માર્ગ, સંવર પ્રેરિત મહાસંવર માર્ગ, કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગ કે આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગમાં હોય છે. પૂર્ણ પરમેષ્ટિ માત્ર આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગમાં હોય છે. પણ જે છદ્મસ્થ પરમેષ્ટિ છે તેમના પુરુષાર્થમાં આ મહાસંવર માર્ગના આરાધન કાળમાં પણ તરતમપણું જોવા મળે છે.

અહીં પૂર્ણ પરમેષ્ટિનાં પરમાણુનાં બંધારણની વાત હોવાથી, તેમાં એ પંચપરમેષ્ટિ ભગવંતના પુરુષાર્થની ઉત્તમ ક્ષણો વખતે નિર્જરાવેલા કલ્યાણનાં પરમાણુઓનો સમૂહ હોવો જોઈએ એ સહજ છે. આથી શ્રી પૂર્ણ પરમેષ્ટિ પરમાણુના ઉપાર્જનમાં કારણરૂપ થતા શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનાં પરમાણુ માત્ર એમના ઉત્કૃષ્ટ તથા ઉત્તમ આરાધનની ક્ષણો વખતના પરમાણુઓ હોય છે. જેથી એ બધાં પરમાણુઓ માત્ર આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગથી નિર્જરેલા હોય છે. આ પ્રક્રિયાની શરતો સમજ્યા પછી પ્રક્રિયા સમજવા પ્રયત્ની થઈએ.

શ્રી સાધુસાધ્વી જ્યારે આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગમાં થોડી ક્ષણો માટે રહે છે ત્યારે એમની યોગની શક્તિ અનુસાર કલ્યાણનાં અનંત પરમાણુનો સ્કંધ બને છે. એ સ્કંધ ભાવરસ, આજ્ઞા, વૈરાગ્ય / ઉદાસીનતા અને કલ્યાણનો હોય છે. એ સ્કંધ આજ્ઞાના આધારે શ્રી ઉપાધ્યાય પાસે પહોંચે છે. એ પુદ્ગલ સ્કંધ પૂર્ણ આજ્ઞામાં હોવાને લીધે એ ઉપાધ્યાયજીના પુરુષાર્થને બિરદાવે છે. જેથી એમની કલ્યાણની ભાવના પૂર્ણ આજ્ઞાપણે અસંખ્યાતગણી પ્રગતિ પામે છે. આ સ્કંધ અન્ય અસ્તિકાયના આધારે અને પાંચ સમવાયનો સાથ લઈ શ્રી ઉપાધ્યાયજીને આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગમાં દોરે છે. એ આરાધનથી શ્રી ઉપાધ્યાયજી પોતાનામાંથી શુભ કલ્યાણનાં પરમાણુઓ નિર્જરાવે છે. જે સાધુસાધ્વીના પુદ્ગલ સ્કંધ પર સ્થાન પામે છે. એમનાં પુદ્ગલનો ભાવરસ સાધુસાધ્વીના ભાવરસ કરતાં વધારે આજ્ઞાધીન તથા ઉદાસીન હોય છે. આ ભાવરસની ભિન્નતાને લીધે તથા બંને વચ્ચે પૂર્ણ આજ્ઞાનો સેતુ હોવાને લીધે એ ઉપાધ્યાયજીનો ભાવરસ સાધુસાધ્વીના ભાવરસને વધારે આજ્ઞાધીન થવાનો બોધ કરે છે. તેનાથી સાધુસાધ્વીના ભાવરસમાં પરમાર્થલોભ રૂપી પ્રાર્થના જાગે છે. તેનું ફળ લેવા તે ઉપાધ્યાયના સ્કંધ પાસે માગણી કરે છે. શ્રી ઉપાધ્યાયજી પાસે બોધેલી આજ્ઞા કરતાં વધારે આજ્ઞાનું ધન ન હોવાને લીધે એમનામાં પરમાર્થ લોભ વધે છે. આ પરમાર્થ લોભની પૂર્તિ માટે અને આજ્ઞાનાં માધ્યમ દ્વારા એ પુદ્ગલના સ્કંધ ગતિ પામે છે, અને આચાર્યજી પાસે જાય છે. આચાર્ય પાસે આજ્ઞાની વિશુદ્ધિ હોવાથી એમના પર આ પુદ્ગલ સ્કંધની અસર પડતાં તેઓ સહજપણે આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગમાં સરે છે; અને તેમનામાંથી ઉત્તમ માત્રાનાં તથા સંખ્યાનાં પરમાણુઓ નીકળે છે; જે પહેલાના પુદ્ગલ સ્કંધ પર બિરાજમાન થાય છે. આ પરમાણુઓના ભાવરસમાં વધારે આજ્ઞાધીનપણું અને વધારે વીતરાગતા છે. જેથી પ્રાર્થિત સમજણથી સમાધાન થતાં સાધુસાધ્વી, ઉપાધ્યાય તથા આચાર્યના પુદ્ગલ સ્કંધમાં વિશેષ આજ્ઞા, વીતરાગતા તથા કલ્યાણનો સમાવેશ થાય છે. આ આરાધનથી સાધુસાધ્વી તથા ઉપાધ્યાયના વિભાગમાં વિશેષ પરમાર્થ લોભ જાગે છે, જેથી તે વિભાગ આચાર્યના વિભાગ પાસે વિનંતિ રૂપે માગણી કરે છે. આચાર્યના

વિભાગ પાસે આજ્ઞાધીનપણાની અમુક મર્યાદા હોવાના કારણે એમનું આજ્ઞાધીનપણું એમને ઉત્તર આપવાની આજ્ઞા આપતું નથી, પણ પરમાર્થ લોભ વધારે જગાડવાની આજ્ઞા કરે છે. આ પરમાર્થ લોભ થતાં એ પુદ્‌ગલનો સ્કંધ ગતિ પામી શ્રી ગણધર પ્રભુ પાસે જઈ એમને યોગ્ય આરાધનનું નિમિત્ત બની, કલ્યાણનાં પરમાણુનું દાન માગે છે. શ્રી ગણધરપ્રભુ પાસે ચાર જ્ઞાન, શ્રુતકેવળીપણું તથા લગભગ પૂર્ણાતિપૂર્ણ આજ્ઞાધીનપણું હોવાથી એ યોગ્ય માત્રાનાં કલ્યાણનાં પરમાણુનું દાન આપે છે. એ પરમાણુઓના સ્કંધ પૂર્વનાં પરમાણુઓ પર સ્થિર થઈ, છદ્મસ્થ પરમેષ્ટિ ભગવંતના પૂરા પરમાણુ વિભાગને પૂર્ણ બનાવી આજ્ઞાધીનપણાની પૂર્ણતા કરાવે છે. શ્રી ગણધરનાં આ પરમાણુઓ ઉમેરાતાં તે સ્કંધમાં સમાન આજ્ઞાધીનપણું સમાન વીતરાગતા તથા સમાન કલ્યાણભાવનો ભાવરસ વ્યાપે છે. આ શક્તિ માત્ર ગણધર પ્રભુનાં કલ્યાણ પરમાણુઓમાં જ હોય છે. આ પરમાણુઓ અતિકલ્યાણકારી કેવી રીતે થાય છે, તથા આ પુદ્‌ગલ સ્કંધ પૂર્ણ પરમેષ્ટિ પાસે જાય ત્યારે શું પ્રક્રિયા થાય છે તે જાણવા યોગ્ય છે.

શ્રી પૂર્ણ પરમેષ્ટિ પરમાણુના સ્કંધમાં, સાધુસાધ્વી, ઉપાધ્યાય તથા આચાર્યના ઉત્કૃષ્ટ પરમાણુના સમૂહને શ્રી ગણધર પ્રભુ એમના શુભ અને શુધ્ધભાવના આધારે એ ત્રણે પરમેષ્ટિની વિભિન્નતા તથા તરતમતાને પોતાના સ્પૃહિત લોકકલ્યાણના ભાવરસને પૂર્ણ આજ્ઞાધીન બનાવી, એ રસ દ્વારા એ ન્યૂનતાને અધિક કરી સમાન કક્ષાએ લાવવાનું દુષ્કર કાર્ય કરે છે. “અહો! શ્રી ગણધર પ્રભુ! તમારાં કરુણા તથા વિનયભાવને નમસ્કાર છે. તમે તમારા આરાધ્યદેવ શ્રી અરિહંત પ્રભુની ઉત્તમ વાણી સર્વ જીવો યથાર્થ રીતે પામે એ શુભભાવથી સર્વ જીવોને (સાધુસાધ્વી, ઉપાધ્યાય તથા આચાર્યને) બળ આપી, પ્રભુની ઉત્તમ વાણીને ઝીલવા પાત્ર બનાવો છો, એ કાર્ય કરવા તમે તમારા અભિસંધિજ વીર્યને સ્વકલ્યાણ કરતાં પરકલ્યાણ માટે ફોરવો છો. તમારી આ ભાવનાને અમારા સમય સમયના ત્રણે કાળના નમસ્કાર હો.”

“આ કરતાં પણ તમારી ગુરુ પ્રત્યેની વિનય ભાવના અમને વિશેષ રુચે છે. લોકકલ્યાણ અને કરુણાની ભાવના જરૂર ઉત્તમ છે, પણ તમે જે સર્વ જીવોને અરિહંતના

બોધને પાત્ર બનાવો છો, તેની પાછળનો મુખ્ય હેતુ અને કારણ અલગ છે, જે અતિ ગૂઢ અને ગુપ્ત છે. શ્રી પ્રભુ આ અતિ ગુપ્ત રહસ્યને, ઉત્તમ દાતારનો ભાગ ભજવતા આ શિષ્ય પાસે અતિ મૂલ્યવાન એવો અનુભવગમ્ય બોધ વાણીગોચર કરે છે. આ લાભ આપવા માટે અમે સદાયના તમારા ઋણી અને દાસાનુદાસ છીએ."

શ્રી ગણધર પ્રભુ લોકકલ્યાણની ભાવના નામકર્મ બાંધ્યા પહેલાં અતિ વેગપૂર્વક કરે છે, અને નામકર્મ બાંધ્યા પછી તેમની આ ભાવના ઉત્તરોત્તર મંદ થતી જાય છે. આ મંદતાનું કાર્ય પુરુષાર્થથી નહિ, પણ સહજતાએ થાય છે. નામકર્મ બાંધ્યા પછી તેમનો પુરુષાર્થ કંઈક ઔર જ હોય છે. તેઓ ભાવ કરે છે કે જે અરિહંત પ્રભુ (વર્તમાન કે ભાવિ)ના સાથથી મને આ ઉત્તમ નામકર્મ બાંધવાની સિદ્ધિ પ્રાપ્ત થઈ એ અરિહંતની આજ્ઞામાં હું સતત રહું. આજ્ઞામાં રહેવાના ભાવ એમને પરમાર્થિક સિદ્ધિઓ કરતાં વધારે પ્રિય થતા જાય છે. આ પ્રિયતાના આધારે એમનો વિનયભાવ વધારે ને વધારે ગૂઢ, તીક્ષ્ણ તથા ઊંડો થતો જાય છે. આ વિનયભાવના આધારે તેઓ આજ્ઞારૂપી તપ (વિનય આંતરતપ છે)ની વિશુદ્ધિ વધારતા જાય છે. આ શુદ્ધિ વધતાં એમનું ચારિત્ર વિશુધ્ધ થતું જાય છે. ચારિત્રની વિશુદ્ધિથી એમનો માનભાવ, જે નામકર્મ બાંધ્યા પહેલાં અને પછી ધ્રુવબંધી છે, તે માનભાવને તેઓ પરમાર્થ લોભમાં પરિણમાવે છે. પરમાર્થ લોભનું પ્રાબલ્ય થતાં એમનો જીવ વધારે નમ્ર, વિનયી તથા સરળ બને છે. એમનું ધ્યેય જે લોકકલ્યાણની ભાવનામાં સિમિત થતું હતું તે પલટાઈને ઉત્તમ શિષ્યપદ તથા ઉત્તમ વિનિતપણું પામવાનું થતું જાય છે. એમનું લક્ષ લોકપૂજા તથા કીર્તિમાંથી ખસી આંતરમૌન પ્રેરિત પરમ ભક્તિરૂપ પરમ આજ્ઞા તથા પરમ વિનયમાં રહેવાનું બને છે.

શ્રી ગણધર પ્રભુ જ્ઞાનમાર્ગે જઈને થાય છે, ક્રિયામાર્ગે જઈને થાય છે, યોગમાર્ગે જઈને થાય છે અને ભક્તિમાર્ગે જઈને પણ થાય છે. પરંતુ તેમના આ પલટાતા ભાવને કારણે એમનો આત્મા જ્ઞાનમાર્ગમાં ભક્તિ અનુભવે છે, ક્રિયામાર્ગમાં ભક્તિ અનુભવે છે, યોગમાર્ગમાં ભક્તિ અનુભવે છે અને ભક્તિમાર્ગમાં પણ ભક્તિ અનુભવે છે. આ ભક્તિરૂપી સેતુ તેમને શ્રી અરિહંત પ્રત્યે આજ્ઞાંકિત, વિનિત, ઉત્કૃષ્ટ તથા

ઉત્તમ શિષ્ય બનાવે છે. આ ભક્તિરૂપી સેતુ દ્વારા એમનો આત્મા પોતાના વ્યક્તિગત માર્ગ ઉપરાંત અન્ય માર્ગની ઉત્કૃષ્ટ જાણકારી શ્રી અરિહંત પ્રભુ પાસેથી મેળવે છે. આ જાણકારી એમના શિષ્ય સમુદાયને અન્ય માર્ગથી પણ પ્રગતિ કરાવવા માટે એક અનિવાર્ય સાધન છે. આ સિદ્ધિ માત્ર છદ્મસ્થ અવસ્થામાં રહેલા ગણધર પ્રભુને હોય છે, અને વિરલા છદ્મસ્થ ભાવિ તીર્થંકરને હોય છે.

શ્રી પ્રભુ આ ગુપ્ત રહસ્યનો ખુલાસો કરતાં સમજાવે છે કે જે છદ્મસ્થ ભાવિ તીર્થંકર નામકર્મ બાંધ્યા પછી, મુખ્ય ભાવિ તીર્થંકર કરતાં જુદું એવા પૂર્વભવમાં મૌનનું રટણ કરતાં છતાં, ધર્મનાં આજ્ઞાંકિત પ્રચારણ માટે પ્રભુ આજ્ઞાએ જાહેરમાં આવે છે, એવા વિરલા ભાવિ તીર્થંકરને આ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આવા ભાવિ તીર્થંકર, તીર્થંકર પદ ઉદયમાં આવ્યા પહેલાં ગણધર પદને અનુભવે છે. માટે સ્થૂળતાએ વિચારીએ તો લક્ષિત થશે કે શા માટે ગણધરને આ સિદ્ધિ છદ્મસ્થ અવસ્થામાં મળે છે.

આની પાછળ એક બીજો ભેદ પણ સમાયેલો છે. આ સિદ્ધિ માટે જીવે જાહેરમાં આવી ધર્મનું પ્રચારણ અમુક કાળ સુધી અને અમુક ઊંડાણથી કરવું પડે છે. આ પ્રચાર કાર્ય જીવ વિપાક ઉદય તથા પ્રદેશોદયથી કરતો હોય છે. ધર્મના આ પ્રચાર કાર્યમાં તેમણે ભિન્ન ભિન્ન શિષ્ય સમુદાયને જુદી જુદી અપેક્ષાએ ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાવવું પડે છે. આ સમજણ દેવામાં શ્રી પ્રભુનો આજ્ઞાનો બોધ ક્યાંય દૂભાય નહિ, અને પોતાની છદ્મસ્થતા એ હેતુને મલિન ન કરે એ માટે તે જીવ શ્રી પ્રભુ પાસે યથાર્થ વાણી તથા લેખન માટે બળ, શક્તિ અને વીર્ય માગતો હોય છે. તે કારણસર શ્રી પ્રભુ તેમને શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિ પરમાણુ દ્વારા વીર્ય પૂરું પાડતાં રહે છે. આની સાથે શ્રી ગણધર પ્રભુ જે શ્રી પૂર્ણ પરમેષ્ટિ પરમાણુમાં છદ્મસ્થ પરમેષ્ટિને એક સમાન બનાવે છે એ પુણ્યના પ્રતાપે તેમને આ સિદ્ધિ મળે છે.

શ્રી ગણધર પ્રભુ આ સમાનતા ક્યા હેતુથી લાવે છે? શ્રી ગણધર પ્રભુ ઉપર જણાવ્યા પ્રમાણે અતિ આજ્ઞાંકિત તથા વિનિત હોય છે. સાથે સાથે તેઓ લોકકલ્યાણની ભાવના પણ કરતા હોય છે. આ બે ભાવનાને એકઠી કરતાં સમજાય છે કે, “પ્રભુ! તમે લોકના સર્વ જીવોને આજ્ઞાંકિત તથા પરમ વિનિત બનાવો, કે જેથી તમારો

અમૃતમય બોધ યથાર્થરૂપે પરિણમે. જીવની વિનયપણાની ઓછપથી આ બોધ ક્યાંય નકામો ન જાય." એવો ભાવ તેમનામાં ઉત્પન્ન થાય છે. આમ શ્રી ગણધર પ્રભુનું મુખ્ય ધ્યેય નામકર્મ બંધાયા પછી એ રહે છે કે શ્રી અરિહંતનો બોધ ક્યાંય નકામો કે નિરર્થક ન થવો જોઈએ. આ ભાવ શ્રી રાજપ્રભુએ 'યમ-નિયમ' કાવ્યની નીચેની પંક્તિઓમાં ગૂંથી લીધો છે –

"તનસેં, મનસેં, ધનસેં સબસેં, ગુરુદેવકી આન સ્વઆત્મ બસે,
તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહી પ્રેમ ઘનો."

પૂર્ણ પરમેષ્ટિના આ પરમાણુઓમાં સમાનતા થતાં એક બીજો બોધ પણ શ્રી ગણધરજી અતિ ગુપ્તપણે ગૂંથે છે. આ સમાનતા ક્યારે આવે તેનો વિચાર કરતાં સમજાય છે કે જ્યારે સર્વ જીવોનું ધ્યેય એક જ હોય અને એ ધ્યેય અરિહંતના બોધથી સિદ્ધ થવાનું છે, તથા એ બોધમાં માત્ર મંગલપણું જ સમાયેલું છે તેવી ખાતરી થાય ત્યારે. તે માટે શ્રી ગણધર પ્રભુ, ધર્મનાં સર્વોત્કૃષ્ટ મંગલપણાને દરેકે દરેક પરમાણુમાં આજ્ઞારસ દ્વારા પૂરે છે. આ આજ્ઞારસ પ્રત્યેક પરમાણુ પર પ્રક્રિયા કરી તેને એકરૂપ બનાવે છે; અને એ દ્વારા ભૂત, વર્તમાન, ભાવિ તથા પાંચ સમવાયને ધર્મનાં મંગલપણાના નેજા નીચે લઈ આવે છે. શ્રી રાજપ્રભુએ આ હેતુ વ્યક્ત કરતાં ઘણાં વચનો લખ્યાં છે. "ધર્મના માર્ગ અનેક નથી, પણ એક જ છે. જે વાટેથી શ્રી રામ મોક્ષે ગયા, એ જ વાટેથી શ્રી કૃષ્ણ જશે."

"એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ,
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત.
આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય,
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિ કોઈ.
સર્વ જીવ છે સિધ્ધ સમ, જે સમજે તે થાય,
સદ્ગુરુ આજ્ઞા જિનદશા નિમિત્ત કારણ માંય."

– આત્મસિદ્ધિશાસ્ત્ર

આવાં આવાં ઘણાં વચનો આપણને તેમના પત્રોમાંથી તથા પદોમાંથી મળી આવે છે. આ કાર્ય માટે આપણે સહુ શ્રી ગણધર પ્રભુના પરમ ઉપકાર માટે સદાયના ઋણી છીએ, કારણ કે જો શ્રી ગણધર પ્રભુએ આવો અમૂલ્ય ફાળો આપ્યો ન હોત તો શ્રી અરિહંત પ્રભુનો બોધ ધર્મરૂપે ફળવા માટે કદાચ અસંભવિત થાત. તેમનો આભાર માનવા આપણે શ્રી પ્રભુને પ્રાર્થીએ કે –

"હે પ્રભુ! તમે તમારા ઉત્કૃષ્ટ શિષ્યોમાં જે કલ્યાણમય આજ્ઞાંકિત વિનિતપણું રોપ્યું છે, એ મંગલ કારણ એ જ શિષ્ય અમને બોધી, તમારા ધર્મનાં યથાર્થ મંગલપણાની જાણ અમને કરાવે છે. તેઓ જે સૂક્ષ્મ આજ્ઞાને સ્થૂળરૂપ આપી અમારા પર ઉપકાર કરે છે, તેનો પ્રતિ ઉપકાર વાળવા અમે સતત નિષ્ફળ તથા નિસહાય થયા છીએ. તેમ છતાં અમને સદાય એ ભાવ થાય છે કે આ ગણધર પ્રભુનો ઉપકાર સદાય જયવંત વર્તો, અને લોકના સર્વ જીવો સુધી આ ધર્મનું મંગલપણું દિન પ્રતિદિન વર્ધમાન થઈ પૂર્ણતા સુધી પહોંચો, સર્વને ધર્મની પ્રાપ્તિ થાઓ, કોઈ પણ જીવ આ મંગળમય ધર્મથી વંચિત ન થાય એ અમારી ભાવના પૂર્ણ કરજો."

"ૐ શ્રી પરમેષ્ટિની પરમપૂર્ણ આજ્ઞાથી, રત્નત્રયની આરાધનાથી ઉપાર્જિત ભક્તિરૂપ વિનયાભારનાં માધ્યમથી શ્રી અરિહંત પ્રભુને પરમ વંદનારૂપ નમસ્કાર, નમસ્કાર, નમસ્કાર."

આ પ્રાર્થનાના સમર્થન રૂપે તથા ઉત્તર રૂપે શ્રી પ્રભુ આપણને બોધે છે અને પોતે વેદે છે –

"હે જીવો! તમે બૂઝો! સમ્યક્ પ્રકારે બૂઝો! આ સંસારમાં એકાંતે દુઃખ, દુઃખ અને દુઃખ જ છે. સંસારમાં માત્ર એક જ સુખનું અને શાતાનું સાધન અને કારણ છે; એ છે ધર્મ. જ્યાં ધર્મ છે ત્યાં સુખ છે. જ્યાં સુખ છે ત્યાં આકર્ષણ છે. જ્યાં આકર્ષણ છે ત્યાં પુરુષાર્થ છે. જ્યાં પુરુષાર્થ સમ્યક્ છે ત્યાં સિદ્ધિ છે. જ્યાં સિદ્ધિ છે ત્યાં શુદ્ધિની સિદ્ધિ છે. જ્યાં શુદ્ધિની સિદ્ધિ છે

ત્યાં શાશ્વત, ધ્રુવ અને નિત્ય સમાધિ છે. જ્યાં સમાધિ છે ત્યાં સહજ સ્થિતિ છે. જ્યાં સહજ સ્થિતિ છે ત્યાં પૂર્ણ કલંકરહિત અડોલ અવસ્થા છે. જ્યાં પૂર્ણ કલંક રહિત અડોલ અવસ્થા (સ્થિતિ) છે ત્યાં પૂર્ણ કલંકરહિત અડોલ દશા છે. જ્યાં પૂર્ણ કલંક રહિત અડોલ દશા છે ત્યાં પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ છે."

આ ભાવનું પ્રગટીકરણ કરી, પરમ કરુણાબુદ્ધિથી અને પરમ નિસ્પૃહભાવ સાથે, કોઈ પણ પ્રતિ ઉપકાર લેવાના ભાવ વગર, શ્રી અરિહંતપ્રભુ લોક કલ્યાણની ભાવના વેદે છે. આ ભાવનામાં આજ્ઞા છે, વીતરાગતા છે, છતાં પરમ નિસ્પૃહતા સાથેના કલ્યાણભાવ છે. આ ત્રણે ભાવના તરંગો એક જ વેગથી, સરખી કક્ષાએ અને એક સાથે શ્રી અરિહંતપ્રભુ વેદે છે. અહો! પુરુષાર્થની કેવી અપૂર્વતા અને ધન્યતા! જે ભાવમાં આજ્ઞા, વીતરાગતા તથા નિસ્પૃહ કલ્યાણભાવ સઘન રીતે વહે છે, એવા શ્રી અરિહંત પ્રભુની અંતરંગ ચર્યા કેવી અદ્‌ભુત હશે! કે જેની સિદ્ધિ રૂપે આવો ઉત્તમ આજ્ઞારસ એમના આત્મામાંથી વહે છે. શ્રી દેવેશ્વર પ્રભુ તથા પરમ શ્રી સદ્‌ગુરુની કરુણાકૃપાથી આ ચર્યાનો અનુભવ થયો અને એમની જ કૃપાથી અને આજ્ઞાથી એ અનુભવને શબ્દદેહ અપાયો છે.

શ્રી તીર્થંકર પ્રભુના પુરુષાર્થમાં પૂર્ણ આજ્ઞાની ઉત્કૃષ્ટતા, પૂર્ણ વીતરાગતાની ઉત્કૃષ્ટતા અને પૂર્ણ આજ્ઞાપ્રેરિત કલ્યાણભાવની ઉત્કૃષ્ટતા રહેલાં છે. આ ત્રણ રસની ઉત્કૃષ્ટતા સાથે એમના પુરુષાર્થમાં એક અપૂર્વ લાક્ષણિકતા છે. શ્રી પ્રભુની કૃપાથી અને આજ્ઞાથી એ અનુભવને શબ્દદેહ આપવાનો પ્રયત્ન કર્યો છે.

આ ત્રણ રસમાં લોક સમસ્તના કલ્યાણની ભાવનાને યથાર્થરૂપે અને ઉત્કૃષ્ટપણે વેદવા માટે એમનામાં એક ચોથો રસ વ્યાપે છે; જે આ ત્રણ રસને યથાર્થ ઉત્કૃષ્ટતામાં પરિણમાવે છે. એ રસ છે ધર્મના 'સનાતાનપણા'નો ભાવ. ધર્મને સનાતન બનાવવા માટે, તેમાં યોગ્ય ઉત્કૃષ્ટ સમતોલન સાથે આજ્ઞા, વીતરાગતા અને કલ્યાણભાવની આવશ્યકતા છે. એમાંથી એક પણ પદાર્થ ઓછો કે મધ્યમ હોય તો ધર્મનાં સનાતનપણાનાં નિર્માણમાં બાધા કે અંતરાય આવે છે. આ પરથી સ્પષ્ટ થાય છે

કે લોકકલ્યાણની ભાવના યથાર્થપણે નીપજાવવી હોય તો એ સર્વ જીવોમાં આજ્ઞા, વીતરાગતા અને કલ્યાણભાવ સાથે એક ચોથો રસ ઉપજવો જરૂરી છે કે જે આ ત્રણ ભાવોના ઉત્કૃષ્ટ સમતોલનને જાળવી રાખે. શ્રી ગણધર અને શ્રી તીર્થંકર આ ભાવમાં સયોગીપણે હોય છે, અને એની સાથે શ્રી સિધ્ધ ભગવાન અયોગીપણે આ ભાવમાં હોય છે. શ્રી ગણધરપ્રભુ 'ધર્મ એ સર્વોત્તમ મંગલ છે' એ ભાવમાં હોય છે અને શ્રી તીર્થંકર પ્રભુ 'ધર્મના સનાતનપણા'ના ભાવમાં હોય છે. શ્રી સિદ્ધપ્રભુ અયોગી હોવાથી તેમનામાં અભિસંધિજ વીર્યનું અસ્તિત્વ જ નથી, માટે તેઓ પોતાના પૂર્ણ વીર્યના પ્રભાવથી ધર્મનાં સર્વોત્કૃષ્ટ મંગલપણાનું અને સનાતનપણાનું વેદન ઉત્કૃષ્ટતાએ એક સાથે કરી શકે છે; આ જ અયોગીપણાના કારણથી કેવળીપ્રભુ તેમના સમુદ્ઘાત વખતે અસંખ્ય સમય સુધી ચાલે તેવાં કર્મને માત્ર આઠ જ સમયમાં પૂર્ણપણે વેદી લે છે. કેવળી સમુદ્ઘાત પહેલાં પ્રભુ વધુમાં વધુ સાત સમય સુધી જ યોગ સાથે જોડાયા વિના રહી શકે છે, સમુદ્ઘાતમાં પહેલી જ વાર એક સાથે યોગ હોવા છતાં આઠ સમય માટે યોગ સાથે જોડાતા નથી, અને પછી તરત જ યોગ રુંધી સિધ્ધ થાય છે. આ અપેક્ષાએ કેવળી સમુદ્ઘાત વખતથી તેમને યોગ સાથેનું જોડાણ ન હોવાથી, તેમનું માત્ર અભિસંધિજ વીર્ય જ રહે છે, અનભિસંધિજ વીર્ય નિષ્પન્ન થતું નથી, તેમજ વપરાતું નથી. એ અપેક્ષાએ તેઓ શ્રી સિધ્ધપ્રભુ જેવા ગણી શકાય. સાધુસાધ્વી, ઉપાધ્યાય અને આચાર્યનાં કલ્યાણનાં પરમાણુઓ જ્યારે શ્રી પંચપરમેષ્ટિનાં પૂર્ણ પરમાણુઓ રૂપ થઈ, શ્રી ગણધરપ્રભુ પાસે જઈ, વર્તતી તરતમતાને સમાન બનાવી તીર્થંકર પ્રભુ પાસે એકત્રિત થાય છે, ત્યારે તેમાં ધર્મનાં સર્વોત્કૃષ્ટ મંગલપણાના ભાવનો આજ્ઞારસ ઉમેરાય છે; આનું કારણ એ છે કે શ્રી ગણધર પ્રભુ છદ્મસ્થ છે, અને એમને એમના આરાધ્યદેવ શ્રી તીર્થંકર પ્રભુ માટે અપૂર્વ પ્રેમ, વિનય અને આજ્ઞાધીનપણું હોય છે. તેથી જ્યારે તેઓ ધર્મરૂપી મંગલપણાનો આજ્ઞારસ ઉમેરે છે ત્યારે તેમાં એમના ગુરુ શ્રી તીર્થંકર પ્રભુ માટેની તેમની વ્યક્તિગત સ્પૃહા ભળેલી હોય છે, આ કારણથી એ પરમાણુઓ સહજપણે એ તીર્થંકર પ્રભુ પાસે એકત્રિત થાય છે. શ્રી તીર્થંકર પ્રભુ યોગ સાથે જોડાયા હોતા નથી ત્યારે એ પરમાણુઓ પર કોઈ પ્રક્રિયા થતી નથી, પરંતુ

જ્યારે શ્રી તીર્થંકર પ્રભુ યોગ સાથે જોડાય છે, એ સમયે આ પરમાણુઓ પર કેવી પ્રક્રિયા થાય છે તે સમજવાથી આપણું જ્ઞાન ઊંડુ અને સમૃધ્ધ થશે.

આ પ્રક્રિયા સમજવા માટે એ સમયના બે ભાગ કરવા જરૂરી છે. તેમાં પહેલા અડધા સમયમાં એમનો આત્મા આજ્ઞારૂપી ધર્મ સાથે, આજ્ઞારૂપી ધર્મની વીતરાગતા, આજ્ઞારૂપી ધર્મની આજ્ઞા, આજ્ઞારૂપી ધર્મનો કલ્યાણભાવ, ધર્મનું સનાતનપણું તથા ધર્મનું સર્વોત્કૃષ્ટ મંગલપણું, જે એમણે અયોગીપણાની સ્થિતિમાં અર્થાત્ જ્યારે તેઓ યોગ સાથે જોડાયા ન હોય તે કાળની સિદ્ધની અવસ્થારૂપ સ્થિતિના પુરુષાર્થમાં એકત્રિત કર્યા હતા, એ રસને દાનરૂપે આકર્ષેલા સર્વ પૂર્ણ પરમેષ્ટિ પરમાણુઓમાં ભરે છે. પછીના અડધા સમયમાં, પહેલા ભાગમાં કરેલા આજ્ઞારૂપી તપનો પુરુષાર્થ, આજ્ઞારૂપી તપની વીતરાગતા, આજ્ઞારૂપી તપની આજ્ઞા અને આજ્ઞારૂપી તપનો કલ્યાણભાવ ઉપરાંત આજ્ઞારૂપી તપ પ્રેરિત ધર્મનું સનાતનપણું એ પરમાણુઓમાં દાનરૂપે ભરે છે. આ બીજા ભાગમાં ધર્મનું સર્વોત્કૃષ્ટ મંગલપણું આવતું નથી, કારણ કે એમના આત્માએ છદ્મસ્થ અવસ્થામાં માનરહિત લોકકલ્યાણનો ભાવ સેવ્યો હોય છે. જેથી તેમાં મંગલપણાની સ્પૃહા નથી હોતી, બલ્કે ધર્મ એ મંગલપણાનું બીજું રૂપ છે એમ સમજે છે. આમ હોવાથી તેઓ ધર્મ સનાતનરૂપે ચાલ્યા કરે એવા ભાવ વેદે છે.

અહીં સવાલ એ આવે છે કે શ્રી અરિહંતપણાના ધર્મનાં મંગલપણાનો સમાવેશ આ પરમાણુઓમાં કેવી રીતે થાય છે? શ્રી પ્રભુ આના અતિગુપ્ત ભેદરહસ્ય જાણવાની પાત્રતા દાનરૂપે આપી ખુલાસો કરે છે. શ્રી તીર્થંકર પ્રભુની ધર્મના સનાતનપણાની ભાવના જ્યારે પૂર્ણ પરમેષ્ટિ પરમાણુને સ્પર્શે છે ત્યારે શ્રી ગણધર પ્રભુના તીર્થંકર માટેનાં વ્યક્તિગત આકર્ષણને લીધે ધર્મરૂપી મંગલપણાનો આજ્ઞારસ અસ્તિત્વમાં આવે છે. આ આજ્ઞારસ શ્રી તીર્થંકર પ્રભુ માટે પરમ આજ્ઞા, પરમ વિનય અને પરમ ભક્તિ સેવે છે. આ આજ્ઞારસને તીર્થંકર પ્રભુનો ધર્મરૂપી સનાતનપણાનો આજ્ઞારસ સ્પર્શે છે ત્યારે એ પરમ વિનય, ભક્તિ અને આજ્ઞાના કારણે તીર્થંકરના આજ્ઞારસ પાસેથી બોધ લઈ, મંગલપણાના ભાવ પૂરા કરી, પોતાના અસ્તિત્વને એમના ગુરુ શ્રી તીર્થંકરના અસ્તિત્વરૂપે બનાવી, એ આજ્ઞારસની છદ્મસ્થતામાં પૂર્ણતાના પૂર્ણ

અંકુરો સ્થાપવા કાર્યકારી બને છે. આ અપૂર્વ અતિગુપ્ત તથા પરમ સૂક્ષ્મ પ્રક્રિયાથી શ્રી તીર્થંકર પ્રભુ એ પૂર્ણ પરમેષ્ટિ પરમાણુના સિદ્ધ તથા અરિહંતનો આજ્ઞારસ પૂરી પૂર્ણાતિપૂર્ણ પરમેષ્ટિ પરમાણુ બનાવે છે.

આ અપૂર્વ પ્રક્રિયાની એક બીજી પણ અપૂર્વતા છે. શ્રી તીર્થંકર પ્રભુ પહેલા અડધા સમયમાં પોતે આદરેલા પુરુષાર્થને બીજા અડધા સમયમાં દાનરૂપે આપી પુરુષાર્થની મહાસંવરતા આચરી અતિ અતિ સૂક્ષ્મ એવા પાંચ મહાવ્રતનું પાલન કરે છે. આ સુવિધા તથા સિદ્ધિ માત્ર શ્રી અરિહંત પ્રભુને જ હોય છે. શ્રી ગણધર કેવળી સિવાયના બીજા કેવળી પ્રભુને યોગના જોડાણ વખતના પુરુષાર્થમાં આવી મહાસંવરતાનો અનુભવ થતો નથી. શ્રી ગણધર કેવળી આ પૂર્ણ પરમેષ્ટિ પરમાણુમાં પોતે આપેલા દાનને લીધે પુરુષાર્થમાં મહાસંવરતા અનુભવી શકે છે. પરંતુ તેઓ મહાસંવરતા અનુભવતાં છતાં, શ્રી તીર્થંકર પ્રભુની જેમ પૂર્ણ પરમેષ્ટિ પરમાણુની સ્થાપના કરી શકતા નથી. આ કારણથી પણ શ્રી ગણધર પ્રભુને અડધા તીર્થંકર કહ્યા છે.

આ પરમાણુઓ અતિ ગંભીર, શુદ્ધ, અતિ બળવાન અને અતિ કલ્યાણના હેતુરૂપ હોય છે. પરંતુ આવા શુધ્ધ, પ્રકૃષ્ટ શુધ્ધ પરમાણુઓને ખેંચવા માટે, ઝીલવા માટે અને પરિણમન કરવા માટે જીવે શું ભાવ કરવા જોઇએ, કેવો પુરુષાર્થ કરવો જોઇએ અને શું કાર્ય કરવું જોઇએ તેની જાણકારી લેવી ખૂબ અગત્યની છે, તે જ પ્રમાણે આવા પરમાણુઓ ગ્રહણ કરવાથી કેવી સિદ્ધિઓ તથા ક્યા પ્રકારની શુદ્ધિ પ્રાપ્ત થાય છે તે જાણવું પણ એટલું જ અગત્યનું અને રસિક છે.

શ્રી પ્રભુની કૃપાથી અને શ્રી ગુરુની કરુણાથી જે અતિદુષ્કર વિષય પર જે અનુભવ તથા શબ્દદેહ સહિતની સમજણ મળી છે એ અનન્ય લાભનો ઉપકાર માનવા શબ્દ મળે તેમ નથી, તેમ કરવા જતાં અવિનયનું ભાજન થવાનો સંભવ છે, તો પછી એ ઉપકારનો પ્રતિ ઉપકાર વાળવો કેવી રીતે શક્ય બને! શ્રી પ્રભુ સમજાવે છે કે આ ઉપકારનો પ્રતિ ઉપકાર વાળવો હોય તો માત્ર એક જ રસ્તો છેઃ આજ્ઞા પ્રેરિત, કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગનાં આરાધનથી વિનય ભરિત આકૃતિ બની આ ઉપકારને માણવો.

"હે પ્રભુ! જે કરુણાથી તમે અને શ્રી ગુરુએ આ કાર્યસિદ્ધિ આપી છે, એ જ ભાવના બળથી તમારી પાસે યથાર્થ આજ્ઞા પ્રેરિત, કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગની અમે આરાધના માગીએ છીએ; જેથી પૂર્ણ પરમેષ્ટિ પરમાણુના યથાર્થ આજ્ઞાંકિત ઉપયોગ માટે યોગ્ય સમજણ, પુરુષાર્થ તથા કાર્યસિદ્ધિ તમારી કૃપાથી અને આજ્ઞાથી અમને મળી શકે. ધન્ય છે આ દ્રવ્ય! ધન્ય છે આ ક્ષેત્ર! ધન્ય છે આ કાળ! ધન્ય છે આ ભવ! અને ધન્ય છે આ ભાવ! હે પ્રભુ! આ પાંચે સમવાયની એકતા અમને સતત આપતા રહેજો, એ જ વિનંતિ છે."

શ્રી ॐ રૂપી પૂર્ણાતિપૂર્ણ આજ્ઞાના ધારકની પરમ પૂર્ણ આજ્ઞાથી 'ॐ ગમય આણાયં, આણાયં ગમય ॐ' નો ઊંડાણથી વિચાર કરીએ તો તેમાંથી એક અપૂર્વ ભેદ સમજાય છે. શ્રી તીર્થંકર પ્રભુ પૂર્ણ થયા પછી, કલ્યાણનું કાર્ય ॐના માધ્યમથી જ કરે છે. તે શ્રી પ્રભુનાં આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપનાં પુરુષાર્થનું સિંચન બતાવે છે. આ ॐરૂપ કલ્યાણમય વાણી જ્યારે છદ્મસ્થ જીવો, તેમાં પણ ખાસ કરીને છદ્મસ્થ પરમેષ્ટિ ઝીલે છે ત્યારે તેમના આત્માની અંદર એ ॐમાંથી સ્ફૂરિત થતી એક અપૂર્વ આજ્ઞા ઉપજે છે. એ આજ્ઞાનું મહાત્મ્ય એ છે કે એ આજ્ઞા પાંચ સમવાયને અવધારી, આત્મિક શુદ્ધિથી પરમાર્થિક સિદ્ધિના ધ્યેયને સર્વોત્કૃષ્ટ શુદ્ધિથી સર્વોત્કૃષ્ટ સિધ્ધિના ધ્રુવસ્થાન સુધી વિકસાવે છે. એ આજ્ઞાને જે જીવો યથાર્થરૂપે ઝીલે છે તે સર્વ જીવો પંચ પરમેષ્ટિ પદમાં સ્થાન પામે છે.

આમ 'ॐ ગમય આણાયં' એટલે શ્રી તીર્થંકર પ્રભુની ॐમયી વાણીમાં જે જીવો આજ્ઞાને જુએ છે, જાણે છે, અવધારે છે, એ જ આજ્ઞા એમને 'ॐ'માં લઈ જાય છે. 'આણાયં ગમય ॐ' પરથી એક ગુપ્ત ભેદરહસ્ય શ્રી પ્રભુની કૃપાથી પ્રાપ્ત થાય છે કે પંચપરમેષ્ટિ ભગવંતના ૧૦૮ સ્થૂળ ગુણો છે. પણ એ ગુણોની પાછળ જો આત્મિક શુદ્ધિનો વિચાર કરીએ તો જણાય છે કે એ સર્વ જીવો શ્રી તીર્થંકર પ્રભુની ॐમયી વાણીમાંથી આજ્ઞાતત્ત્વને શોધી, જાણી, અવધારી એ પોતાનાં કર્મબંધનનાં પાંચ કારણોને માત્ર પરમાર્થલોભ પ્રતિ અનુસરાવે છે. આથી આ વિરલા જીવોને શ્રી પ્રભુ પરમ ઈષ્ટ તરીકે ઓળખાવે છે. આ પરથી જણાશે કે પંચપરમેષ્ટિ ભગવંત

એ શ્રી તીર્થંકર પ્રભુની ૐરૂપી આજ્ઞાની પર્યાયો છે. એ પર્યાયોને જો એકરૂપ કરીએ તો તીર્થંકરપણું પ્રગટી જાય છે. આ ભાવનું વેદન એ સર્વ પરમેષ્ટિ ભગવંત છઠ્ઠા સાતમા ગુણસ્થાને ઉત્તરોત્તર વધતા ક્રમમાં કરે છે. પણ ભાવિ તીર્થંકર આ ભાવને અતિ ઉત્કૃષ્ટપણે અપૂર્વ પુરુષાર્થ સાથે છઠ્ઠા સાતમા ગુણસ્થાને વેદે છે. આથી એ ભાવ એમની અંદર એક ૐરૂપી અનાહદ નાદનું વર્તુળ એમના કેવળીગમ્ય પ્રદેશો, શુધ્ધ પ્રદેશોની આજ્ઞા લઈ પ્રવર્તાવે છે. આ વર્તુળથી એ ભાવિ તીર્થંકરના અશુધ્ધ પ્રદેશ પર, આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપની વર્ષા થાય છે. આ વર્ષાને લીધે એ અશુધ્ધ પ્રદેશો એમનાં સ્વચ્છંદ અને પ્રમાદને ત્યાગી કષાયની મંદતા તથા પરમાર્થ લોભને ઉત્કૃષ્ટતાથી વેદે છે. આ પુરુષાર્થને લીધે એ આત્માનો અનાહદ ધ્વનિ ૐરૂપે અનાહદપણું અનુભવે છે. આ ૐરૂપ અનાહદ ધ્વનિમાં પૂર્ણ પરમેષ્ટિ પરમાણુનું સિંચન થાય છે.

આ પ્રક્રિયાનો વિચાર કરતાં ‘અનાહદ ધ્વનિ’ ક્યારે ઊઠે તેનો લક્ષ આવે છે. જ્યારે આત્મા અનાહદ આજ્ઞાને ૐ અનાહદ આજ્ઞામાં પરિણમાવે એટલે કે એમના કલ્યાણભાવથી એ પૂર્ણ પરમેષ્ટિ પરમાણુનો આહાર કરી એ પરમાણુઓને અનાહદ ધ્વનિમાં કવચરૂપે પરિણમાવે કે જેથી એ અનાહદ ધ્વનિની આજ્ઞા પૂર્ણમાંથી પૂર્ણાતિપૂર્ણ રૂપે પરિણમતી જાય. આ ૐ ધ્વનિથી એ જીવ લોકકલ્યાણની ભાવના વધારે છે. અને વીતરાગતાના ચડતા ક્રમમાં સ્થિર થતો જાય છે. આ અનુભવ સર્વ છદ્મસ્થ પરમેષ્ટિને થાય છે.

શ્રી તીર્થંકર પ્રભુને નામકર્મ બાંધ્યા પછી આ અનુભવ થાય છે. ગણધર પ્રભુને પણ નામકર્મ બાંધ્યા પછી આવો અનુભવ થાય છે. બીજા સર્વ પરમેષ્ટિને એમનું પદ ઉદયમાં આવ્યા પછી જ આ પ્રક્રિયા થાય છે. આપણને જિજ્ઞાસા જરૂર થાય કે તીર્થંકર તથા ગણધરને નામકર્મ બાંધતાની સાથે આ પ્રક્રિયા કેમ ચાલુ થતી હશે! શ્રી પ્રભુ આપણને જણાવે છે કે એ બંને આત્માઓ લોકકલ્યાણની ભાવના પાંચ સમવાયના ખંડન વગર કરે છે; એટલે કે તેઓ આ પાંચ સમવાયને પ્રાધાન્ય આપી પોતાના કર્તાપણાના ભાવને આજ્ઞાધીન બનાવે છે. એ બે મહાત્માઓ વચ્ચે ફરક એ છે કે

શ્રી તીર્થંકર પ્રભુ કાળને પ્રાધાન્ય આપીને કલ્યાણભાવ વેદે છે, અને શ્રી ગણધર પ્રભુ ભાવને પ્રાધાન્ય આપીને કલ્યાણભાવ વેદે છે. જ્યાં કાળને પ્રાધાન્ય અપાય છે ત્યાં તેઓ પોતે કલ્યાણભાવને ધરનાર જીવોની શક્તિને લક્ષમાં રાખી કલ્યાણભાવને ખેંચે છે, તેઓ ભાવથી નિસ્પૃહ હોય છે. ગણધર પ્રભુ ભાવમાં સસ્પૃહ છે, એ કારણે તેઓ પોતાના લોકકલ્યાણના ભાવને પ્રાધાન્ય આપે છે. તે પરથી પૂર્ણ પરમેષ્ટિ પરમાણુના આહાર, વિહાર અને નિહારની પ્રક્રિયા સમજવાનું સુગમ થાય છે.

આ પ્રક્રિયા સમજવામાં સુગમ થઈ છે, કેમકે શ્રી પૂર્ણ રાગરહિત ૐના પૂર્ણ આજ્ઞારૂપ સર્વ ૐની આજ્ઞા મળી છે, શ્રી દેવેશ્વર પ્રભુની દૈવી ઈશ્વરતાનો પરમ સાથ મળ્યો છે, અને શ્રી વજ્રસ્વામીરૂપ પરમ પ્રેમની મૂર્તિ અને ભાવિ તીર્થરૂપના ૐના આજ્ઞાંકિત સાથરૂપ આત્માનુબંધી યોગ સક્રિય થયો છે.

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો.
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.

— અપૂર્વ અવસર.

અપૂર્વ અવસરની આ ચાર પંક્તિઓમાં શ્રી રાજપ્રભુએ આ માર્ગ ઘણી ગંભીરતાથી, અતિ ગૂઢરૂપે અને સુંદરતાથી સમાવ્યો છે. એમની જ કૃપાથી અને આજ્ઞાથી આ રહસ્યરૂપ ભેદજ્ઞાન શબ્દ દ્વારા પ્રગટ કરીએ છીએ. આ જ્ઞાન અતિ સૂક્ષ્મ અને તીક્ષ્ણ છે, તેથી તે જેટલા ઊંડાણથી અને સૂક્ષ્મતાથી સમજાશે તેટલું કલ્યાણકારી નીવડશે.

શ્રી પંચપરમેષ્ટિના પૂર્ણ કલ્યાણપરમાણુનું બંધારણ કેવી સુંદર રીતે થાય છે, તે આપણે વિસ્તારથી જોયું. હવે, આ પરમાણુઓને કેવી રીતે આપણા તરફ ખેંચીને સ્વીકારીએ, તેનું સંક્રમણ કરી નિર્જરા રૂપ બનાવીએ તે વિચારવાનું છે. ટુંકાણમાં આ શુધ્ધ પરમાણુના યોગ્ય આહાર, વિહાર અને નિહાર માટે જીવે શું કરવું જોઈએ, કેવા

ભાવ કે ગુણ કેળવવા જોઈએ કે જેથી આ પરમાણુઓ અસ્ખલિતપણે આપણા તરફ આવ્યા જ કરે, આનો લક્ષ કરવાનો છે.

કોઈ પણ પરમાણુના આહાર, વિહાર કે નિહાર કરવા માટે જીવે અમુક વિશિષ્ટ ભાવ કરવાના રહે છે, નરસા પરમાણુ ગ્રહણ કરવા માટે ખરાબ ભાવ કે વિભાવ કરવા પડે અને શુભ કે શુધ્ધ પરમાણુ મેળવવા માટે સારા ભાવ કે સ્વભાવ પ્રેરિત ગુણના ભાવ કરવા જોઈએ. પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ મેળવવા માટે જીવે મુખ્યતાએ ચાર ગુણનો આશ્રય લઈ શુધ્ધ ભાવ કરવા ઘટે. આ ચાર ગુણો તે સરળતા, ભક્તિ, વિનય અને આજ્ઞા.

સરળતા એટલે જે વસ્તુ જેમ છે તેમ સત્ય સ્વરૂપે, અન્ય વિભાવ કર્યા વિના સ્વીકારવી કે માન્ય રાખવી. ભક્તિ એટલે જેના (ઇચ્છિતના) ચાહક છે એ પદાર્થ, વ્યક્તિ કે આત્મા, અગર સંજોગો પ્રતિ અહોભાવરૂપ નિર્માની ભાવ. વિનય એટલે એ પદાર્થ, આત્મા કે સંજોગના સ્થૂળ અગર સૂક્ષ્મ પર્યાયોને ઓળખી એના મૂળ ધર્મને ધર્મરૂપે સ્વીકારવો. અને આજ્ઞા એટલે એ પદાર્થ, આત્મા કે સંજોગ પ્રતિ, પોતાના સર્વ યોગ અધ્યવસાય રૂપ અભિસંધિજ વીર્યને, કોઈ પણ અભિલાષા કે અપેક્ષા વિના અર્પણ કરી દેવા. આ ચારે ભાવ શ્રી રાજપ્રભુએ ઘણી સુંદર છતાં ગુપ્ત રીતે અપૂર્વ અવસરની છેલ્લી કડીમાં નિરૂપ્યા છે.

“એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં” – આ પંક્તિ વાંચતા જ સમજાય છે કે તેમણે પરમપદ - સિધ્ધપદ મેળવવાનું લક્ષ બાંધ્યું છે. આ પરમપદ મોક્ષમાર્ગની આરાધના કરવાથી મેળવી શકાય છે, એટલે કે આત્માને પરમાત્મા કરવા માટે મોક્ષમાર્ગની જરૂર છે, જે શ્રી તીર્થંકર પ્રભુની ૐરૂપ દેશનામાંથી પ્રાપ્ત થાય છે. આ સર્વ પ્રક્રિયાનો સમાવેશ આ પહેલી પંક્તિમાં થયેલો છે, જે આપણને સરળતાના ગુણની સમજણ આપે છે. જે પદ જેમ છે તેમ સ્વીકારી, સમભાવે રહેવાની વૃત્તિનો પડઘો અહીં આપણને સંભળાય છે. જે પરમપદ – મોક્ષપદ છે તે સત્ય છે, તે મેળવવાનું લક્ષ મેં બાંધ્યું છે. આ ભાવમાં સરળતાનો ગુણ સ્પષ્ટપણે અનુભવાય છે.

"ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો" આ લીટીમાં સરળતાથી જોયેલા મોક્ષમાર્ગને આરાધવા માટે પોતાના વીર્યની અપૂર્ણતાનો સ્વીકાર દેખાય છે. છતાં તે પદ મેળવવાની તમન્નાને લીધે, જેના આધારે આ પદ મેળવી શકાય છે તેમના પ્રતિનો ભક્તિપૂર્ણ ઝોક અહીં જણાય છે, અને તેની સ્પષ્ટતા આ પછીની પંક્તિમાં થાય છે.

"તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો" આ વિધાનથી, પોતાનાં હીનવીર્યની પૂર્ણ સભાનતા હોવા છતાં પ્રભુ કૃપાથી આ માર્ગે સફળતા મળવાની જ છે તેવો રણકાર અને નિર્ણય અનુભવવા મળે છે. અને એ દ્વારા સરળતાભરી ભક્તિ ઉચ્ચસ્વરૂપ પ્રાપ્ત કરે છે, ત્યારે તેમાં વિનય કેવી ઉત્તમતાએ વ્યક્ત થાય છે તેનું બળવાન દૃષ્ટાંત આપણને મળે છે.

"પ્રભુ આજ્ઞાએ થાશું તેજ સ્વરૂપ જો" આ ચોથા ચરણમાં સરળતાવાળી ભક્તિને કારણે વિનય સક્રિય બનતાં આજ્ઞાનો સાથ કેવો અનિવાર્ય છે તે સ્પષ્ટપણે સમજાય છે. જ્યારે જીવ સરળતાભરી ભક્તિથી વિનયી થઈ પ્રભુની આજ્ઞામાં લીન થઈ સતત વર્તતો રહે છે ત્યારે તે 'તે જ સ્વરૂપ' અર્થાત્ પોતાનું મૂળ રૂપ અગર 'તેજ સ્વરૂપ' અર્થાત્ તેજોમય આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે, આ નિશ્ચય રાખી, એ જ રીતે વર્તવાનો નિર્ણય આ પંક્તિમાં જોવા મળે છે.

આમ તો આ ચારે પંક્તિઓ એકરૂપે વિચારીએ તો સરળતા, ભક્તિ, વિનય તથા આજ્ઞા એ ચારે ગુણો એકરૂપ બની સર્વત્ર વેરાયેલા છે. પરંતુ ગુણોની વિશેષ સમજણ માટે પંક્તિદીઠ ગુણોની સમજણ લીધી છે.

સરળતા, ભક્તિ, વિનય તથા આજ્ઞાના સુમેળથી જીવ પૂર્ણ પરમેષ્ટિ પરમાણુઓનો આહાર, વિહાર તથા નિહાર યોગ્ય રીતે કરી શકે છે. આ ત્રણેનો – તેની પ્રક્રિયાનો યથાર્થ વિચાર કરવો હોય તો આહાર, વિહાર તથા નિહારની લાક્ષણિકતા સમજવી જોઈએ.

આહારમાં પરમાણુ ગ્રહણ કરવાના ભાવ છે. વિહારમાં પરમાણુની ગતિના ભાવ છે, અને નિર્જરામાં વપરાયેલા પરમાણુના ત્યાગનો ભાવ રહે છે. આહારમાં

જીવ જ્યારે પરમાણુ ગ્રહણ કરવાના ભાવ કરે છે ત્યારે તે સરળતા અને ભક્તિના ગુણનું જોર અનુભવે છે. ઉત્તમ પરમાણુ ગ્રહણ કરવાના ભાવ જીવને ક્યારે થાય? જીવ જ્યારે સરળતાથી સ્વીકારી શકે કે આ પદાર્થ, આત્મા કે સંજોગ પાસે ઇચ્છિત કાર્યસિદ્ધિ માટે યોગ્ય માર્ગ, સાધન તથા વીર્ય છે, ત્યારે આવા ભાવ કરી શકે છે. તેથી તે સરળતાથી માન છોડી તે પદાર્થાદિ પ્રત્યે મૂળ પ્રાપ્તિ માટે માગણી રૂપ ભક્તિ કરે છે. એ ભક્તિને સફળ બનાવવા સહજતાથી તે પદાર્થાદિ પ્રત્યે વિનયી તથા આજ્ઞાધીન થાય છે. આ વિનય અને આજ્ઞાધીનપણું એ કાર્યરૂપ છે, કેમકે તે બંનેનો આશ્રય જીવ ભક્તિ વર્ધમાન કરવા કરે છે. આ ભક્તિ જ્યારે જોરદાર બને છે ત્યારે તે જીવનાં શુદ્ધ પરમાણુને ગ્રહણ કરવાનાં અંતરાય તૂટે છે. અંતરાય ક્ષીણ થતાં તેને માટે જરૂરી યોગ્ય વીર્ય તથા પાત્રતા શ્રી પ્રભુરૂપ પંચપરમેષ્ટિ ભગવંત તથા ગુરુ પાસેથી વરદાન રૂપે મળે છે. આવું વરદાન મળતાં જીવ એ પરમાણુઓને પોતા તરફ ખેંચે છે.

અમુક માત્રામાં આવો આહાર ગ્રહણ થયા પછી એ પરમાણુઓનું સંક્રમણ કે વિહાર જીવ કરે છે. જેને આપણે વ્યવહારિક ભાષામાં પાચન કહીએ છીએ. વિહારમાં જીવે એ પરમાણુના સ્કંધને યોગ્ય રીતે વિખેરવો પડે છે. એટલે એને સાધુસાધ્વીથી સિધ્ધ સુધીના પાંચ ભાગ બનાવી યોગ્ય રીતે આત્મપ્રદેશ પર વિહાર કરાવે છે. આ રીતે જીવ ભક્તિથી આ ઉચ્ચ પદાર્થને ઓળખી, એના માટે પૂજ્યભાવ તથા આદરભાવ કેળવી એમની યોગ્યતા અનુસાર તેને વિખૂટા પાડે છે કે એકઠા કરે છે. આમ કરવામાં ભક્તિ સાથે જીવે સંજ્ઞાનો ઉપયોગ કરવો રહે છે, જેને શ્રી પ્રભુ વિનય કહે છે. આમ વિહાર માટે જીવે ભક્તિ સાથે વિનયરૂપ ગુણ ભેળવવાનો હોય છે.

ભક્તિ અને વિનય સાથે આજ્ઞાધીન બની જીવે એ પરમાણુને યોગ્ય જગ્યાએ પહોંચાડવાના હોય છે. આમાં વિહાર અને આજ્ઞાનો અમુક ભાગ સહજ હોય છે, અને ભક્તિ, વિનય તથા આજ્ઞાનો અમુક ભાગ પુરુષાર્થરૂપ હોય છે.

વિહાર કર્યા પછી તાત્કાલિક ઉપયોગમાં ન આવે તેવો જે ભાગ બચે છે તેને અને જે ઋણ ગ્રહણ કર્યું છે; એની અમુક અંશે નિવૃત્તિ કરવાના આશયથી જીવ એ પરમાણુનો

નિહાર કરે છે. નિહારમાં આહાર અને વિહાર કરતાં વધારે પુરુષાર્થનું ઊંડાણ છે, કારણ કે એક તો વધારાના ભાગને છોડી દેવાનો હોય છે, સાથે સાથે ઋણમુક્તિ પણ કરવાની હોવાથી તેમાં પોતાનો આજ્ઞારૂપી ભાવરસ ઉમેરવાનો હોય છે. આ બે કાર્ય કરવામાં જો કંઈ ભૂલ થાય તો ઉપયોગી વીર્યનો નકાર થતો હોવાથી નવા વીર્યને મેળવવાની અંતરાય બંધાય છે. અને બીજી બાજુ પોતાનો અપૂર્ણ આજ્ઞારૂપ ભાવરસ ઉમેરાતો હોવાથી તે પુદગલની શુદ્ધિ ઘટાડે છે. તેથી જે જીવો આ પરમાણુઓને ગ્રહણ કરે તેને ગેરમાર્ગે દોરવાનું તે નિમિત્ત બને છે. પરિણામે આ અપૂર્ણતાને પૂર્ણ કરવા શ્રી ગણધર પ્રભુને વિશેષ વીર્યનો ઉપયોગ કરવો પડે છે; જેનાથી નવાં પરમાણુ પૂર્ણ કરવામાં અંતરાય આવે છે. આ બધા કારણોને લીધે એ જીવ પૂર્ણ પરમેષ્ટિ પરમાણુની શુદ્ધિ પામ્યા પછી સંસારી સ્પૃહાના કારણે અપૂર્ણ આજ્ઞારસ ઝરાવે તો બળવાન પરમાર્થ અંતરાય બાંધે છે, માટે નિહાર કરવા જીવે સરળતા, ભક્તિ અને વિનયનો પુરુષાર્થ રૂપે ઉપયોગ કરી, આ ત્રણ ગુણોથી ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ તથા શૌચને કેળવી, આજ્ઞાથી આજ્ઞાની પૂર્ણતા કરી, આજ્ઞારસને પોતાની યોગ્યતા અનુસાર અને આજ્ઞાધીન થઈ ઝરાવવાનો હોય છે. જેથી પૂર્ણ આજ્ઞારસથી બંધાયેલા આ પરમાણુ બનાવી એ જીવ ઋણમુક્તિ મેળવવા સાથે બળવાન પરમાર્થ પુણ્ય બાંધે છે. આ પુણ્યથી એ જીવ ફરીથી આવા અને વધારે સંખ્યાના પૂર્ણ પરમેષ્ટિ પરમાણુનો આહાર, વિહાર તથા નિહાર કરવાનું સુભાગ્ય મેળવે છે. આ માર્ગ સાદિ અનંત બની જીવને આત્મિક શુદ્ધિથી પરમાર્થિક શુદ્ધિ અને સર્વોત્કૃષ્ટ શુદ્ધિથી સર્વોત્કૃષ્ટ સિદ્ધિ રૂપ 'ॐ ગમય આણાયં, આણાયં ગમય ॐ' ના સાધન દ્વારા શાશ્વત સુખને સદાકાળ માટે માણવાનો સુઅવસર પ્રાપ્ત કરાવે છે. "અહો! પંચ પરમેષ્ટિરૂપ ॐના ધારક! તમારી આ દાની વિશાળતા રૂપ ગંભીર ગૂઢ કાર્યને અતિ અતિ શુધ્ધ ભાવે વંદન કરીએ છીએ."

"શ્રી ॐની આજ્ઞાથી, પંચ પરમેષ્ટિના પૂર્ણ પરમાણુના સાથથી, હે ॐ મને તમારી આજ્ઞામાં ક્રમિક સર્વોત્કૃષ્ટ વિકાસ કરાવો, શુદ્ધિ આપો, સિદ્ધિ આપો જેથી 'ॐ ગમય આણાયં, આણાયં ગમય ॐ'ની પૂર્ણાતિપૂર્ણ શુદ્ધિ તથા સિદ્ધિ મળે."

પૂર્ણાતિપૂર્ણ આજ્ઞાની પ્રાપ્તિ માટે પૂર્ણ પંચપરમેષ્ટિનાં કલ્યાણપરમાણુની પ્રાપ્તિ અનિવાર્ય છે, જે આપણે જાણીએ છીએ. પૂર્ણ પરમેષ્ટિનાં પરમાણુના વ્યય, સંક્રમણ તથા નિષ્ક્રમણની ઊંડાણભરી સમજણ તથા વિચારણા કરતાં જણાય છે કે પૂર્ણાતિપૂર્ણ આજ્ઞા પામવા માટે અપૂર્ણ પંચ પરમેષ્ટિ પરમાણુની પ્રાપ્તિ જીવ કેવી રીતે કરે છે એ વિચારવું જરૂરી બને છે, એ શ્રી પ્રભુ આપણને સમજાવે છે.

"હે પ્રભુ! તમારા અનંત ઉપકાર તથા કૃપાને સરળતાથી ભક્તિસહિત, વિનયાધીન પૂર્ણાતિપૂર્ણ આજ્ઞામાં આભાર રૂપે પરિણમાવવા માટે તમારી પાસે આ બાળક વીર્ય, આજ્ઞા તથા સાથ માગે છે. હે પરમકૃપાળુ દેવેશ્વર! કર્મ સામે વજ્રસમાન પ્રભુ! તમારી પાસે આ દીન, વીર્યહીન બાળક આ અપૂર્વ જ્ઞાનને અનુભવવાણી રૂપે અનુભવવા માટે પાત્રતાનું દાન માગે છે. અહો! વીતરાગતાના સ્વામી! આજ્ઞા રૂપી પૂર્ણતાના બ્રહ્મા તથા વિષ્ણુ અને અપૂર્ણતાના મહેશ! તમે ત્રિવિધ સાથથી મારી અપૂર્ણતાને તમારી પૂર્ણાતિપૂર્ણતામાં પરિણમાવો; એ જ પરમભક્તિ સહિતની પરમ વિનંતિ છે, શ્રી પ્રભુ! શંખના અપૂર્વ ૐનાદથી જ્ઞાનદાન કરી એ જ અનુભવવાણીને પરમગુરુના સાથથી શબ્દદેહ આપવાનું સામર્થ્ય આપી, કપરું કાર્ય આજ્ઞામાં રાખી કરાવો."

જીવને કોઈ પણ શુદ્ધિ અથવા સિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તો એને કોઇક ને કોઇક વ્યક્તિગત આત્મા તથા પરમાણુરૂપ પંચાસ્તિકાય તરફથી દાન જોઇએ છે. આ દાનની ઉત્તમતા કરવા માટે દાનને લગતાં લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, દાનાંતરાય, જ્ઞાનાંતરાય આદિ સર્વ અંતરાય કર્મનો ક્ષય કરવો પડે છે. એ અંતરાયના ક્ષય સાથોસાથ અંતરાય ગુણના આશ્રવની પણ આવશ્યકતા છે. આ અતિ દુર્લભ તથા દુષ્કર કાર્ય કરવા માટે ક્યો માર્ગ આચરવો તે જાણવું અગત્યનું છે. વળી, એ માર્ગ સરળ, સચોટ અને સુગમ હોય તો કોઈ પણ વ્યક્તિને માટે તેની સમજણ સહજતાએ પ્રાપ્ત થઈ શકે. કરુણાના મહાસાગર પ્રભુ! એમના આ ભાવને ગતિ આપવા પોતાના અતિ સૂક્ષ્માતિસૂક્ષ્મ જ્ઞાનના પેટાળમાંથી આ દુષ્કર-દુર્લભ કાર્ય માટે સુલભ તથા સરળ માર્ગ બતાવે છે.

શ્રી પ્રભુ જણાવે છે કે દાનાંતરાય તોડવા માટે સૌથી પહેલાં સરળતાનો ગુણ કેળવવો જરૂરી છે. સરળતામાં સાધક પ્રભુ અને ભક્તના તફાવતનો – અંતરનો સત્યરૂપે એકરાર કરે છે. સરળતામાં મહદ્ અંશે માન કષાયનો ક્ષય છે, તથા ભક્તિ, વિનય એ આજ્ઞાનાં મૂળમાં રહેલાં છે. સરળતાને લીધે જીવ પોતાનાં હીનવીર્ય, અલ્પ સમજણ તથા કાર્યસિદ્ધિ કરવાની પોતાની અશક્તિને માયાજાળના કંબલમાં ઢાંકતો નથી. બલ્કે, એ જ અપૂર્ણતાને ભક્તિરૂપ વૃક્ષનું મૂળ બનાવે છે. એ સરળતાનો પોતાની અપૂર્ણતા અને પ્રભુની પૂર્ણતાને ઝીણવટભરી વિશદતાથી સમજવામાં ઉપયોગ કરી વીર્યને નવી દૃષ્ટિરૂપ બનાવે છે. આ સરળતાના ગુણથી જીવ પોતાના માન કષાયને પરમાર્થ લોભ રૂપે પલટાવે છે. જેથી એ જીવ સતત પૂર્ણ ભક્તિમાં રહેવાનું અભયવચન શ્રી પ્રભુ પાસેથી મેળવે છે. સરળતાના ગુણથી જીવ પોતાની આંટીઘૂંટી રૂપ માયાકપટ જનિત વિચારણાને સ્પષ્ટતાનું રૂપ આપે છે. જેથી એ અપૂર્ણતાને તથા પ્રભુની પૂર્ણતાને સમજવા માટેની અંતરાય તોડતો જાય છે. જેટલા અંશે આ અંતરાય તૂટતાં જાય છે. તેટલા અંશે એ ભવસાગર તરવા માટે સરળ, સુગમ તથા સચોટ માર્ગને સમજવા તથા આચરવાના અંતરાય તોડતો જાય છે. સરળતાના ગુણની ખીલવણી સાથે તેનું ગુણગ્રાહીપણું પણ વધતું જાય છે; તેથી તે ગુણો પ્રતિ રાગી થઈ, ગુણી પ્રત્યેના પોતાના પૂર્વકૃત વેરને પોતા તરફથી મૈત્રીરૂપ સુગંધમાં ફેરવે છે. આવી સરળતા તેને મહદ્ અંશે મૈત્રીગુણ ખીલવવા માટે જનનીનું કામ કરે છે. જે રૂપ વિશાળ બની જગતમૈત્રીરૂપ મહાદુષ્કર ગુણની સિદ્ધિ આપે છે. તેથી આ સરળતાનો ગુણ પંચપરમેષ્ટિ ભગવંતના પૂર્ણાતિપૂર્ણ પરમાણુની પ્રાપ્તિ માટે પ્રથમ ભૂમિકાનું કામ કરે છે, એ સ્પષ્ટ થાય છે.


સરળતાનો ગુણ મળવાથી જીવને એક બીજો અતિ ગંભીર તથા રહસ્યમય ભેદ જાણવા મળે છે. આપણે જોયું તેમ સંજ્ઞાથી જીવ ભૂત, વર્તમાન તથા ભાવિના ભાવ, પુરુષાર્થ તથા કર્મબંધન વર્તમાનમાં કરી શકે છે. આમ કાળની મર્યાદાની બહાર જીવ જ્યારે સ્વચ્છંદે વર્તે છે, ત્યારે તે અતિ આકરા કર્મ બાંધે છે, આ કર્માશ્રવથી મુક્ત થવાનો માર્ગ સરળતામાં સમાયેલો છે. સરળતાથી જીવમાં ગુપ્તપણે બે ગુણો પ્રગટ થાય છે. ૧. આભાર/કરુણા ૨. ધીરજ.

જીવમાં જ્યારે સરળતા યથાર્થરૂપે પ્રગટે છે ત્યારે જીવ પોતાની ભૂતની સર્વ સિદ્ધિનાં સર્વ કારણો, નિમિત્તો તથા સંજોગોને યથાર્થપણે જાણે છે. સાનુકૂળ કે પ્રતિકૂળ સંજોગમાં એ જાણે છે કે પોતા કરતાં ઘણાં બધાં કારણો, નિમિત્તો તથા સંજોગોનાં સંમેલનથી સાનુકૂળ કે પ્રતિકૂળ સંજોગો ઉદયમાં આવે છે. આ સર્વ અન્ય કારણોનો ફાળો જાણવાથી એ સાનુકૂળ સંજોગમાં માન ન કરતાં પ્રભુનો આભાર માને છે. અને પ્રતિકૂળ સંજોગમાં દ્વેષ કે ખેદ ન વેદતાં કરુણા વેદે છે. આમ આ આભાર કે કરુણાના વેદનના મૂળમાં સરળતા રહેલી છે. સરળતા હોવાથી જીવ જે વસ્તુ જેમ છે તેમ જાણે છે, અને સ્વીકારે છે. આ સરળતાનું ઉત્કૃષ્ટ શુધ્ધ સ્વરૂપ એટલે સયોગી કેવળી, અયોગી કેવળી તથા શ્રી સિદ્ધ પ્રભુની પરમ વીતરાગમય અડોલ સ્થિતિ. સરળતાના ગુણથી જીવ પોતાનાં સ્વચ્છંદ, પ્રમાદ તથા માનને સત્યતાએ હરાવે છે, જેથી એ અંતરાય કર્મનો અતિ ઉગ્રતાથી ક્ષય કરે છે. આ રીતે ભૂતકાળનાં કર્મોના પ્રત્યાઘાતોને આભાર/કરુણાના માધ્યમથી જીવ ક્ષમાવે છે.

ભવિષ્યકાળના સંજોગો માટે જીવ મુખ્યતાએ ઉત્સુક હોય છે. એમાં પણ આ સરળતાના ગુણની સહાયથી જીવ ચંચળતા / ઉત્સુકતાને ધીરજ ગુણથી શમાવે છે. જે સંજોગની ઈચ્છા છે તે પાંચ સમવાય ભેગા થયા પછી જ, પાંચેનું સંમેલન થયા પછી જ ઉદિત થાય છે. તેથી તે જીવ અધીરજ ન કરતાં, ધીરજ રાખી પ્રભુ પાસે પ્રાર્થના કરવાનો પુરુષાર્થ કરતાં શીખતો જાય છે. આ વિચારતાં સમજાશે કે સરળતાના ગુણમાં જીવ સાધુસાધ્વીના પુરુષાર્થ જેવી ગતિ કરવાનો ભાવ સેવે છે. સરળતાના ગુણમાં જીવને જે જે ગુણની પ્રાપ્તિ હોય છે, તે સર્વ ગુણોનો એકરાર કરી તેને વેદનમાં લાવવાનો પુરુષાર્થ સમાયેલો છે. સરળતાના માધ્યમથી જીવ ભાવિમાં ઉદય લાવવાના ભાવથી, વર્તમાનમાં સંજ્ઞા દ્વારા ભોગવાય એવા કર્મનો ધીરજ ગુણથી સંવર કરે છે. અને જે ભૂતકાળનાં કર્મો વર્તમાને ઉદયમાં છે, એની કરુણાના ગુણથી જીવ એ જ સમયે ઉત્તમ નિર્જરા કરે છે. ઉત્કૃષ્ટ સંવર અને ઉત્કૃષ્ટ નિર્જરા એક જ સમયે વેદવા એ મહાસંવરનો માર્ગ છે. આમ સરળતાના ગુણથી જીવ મહાસંવરનો માર્ગ આચરી શકે છે, એટલું જ નહિ પણ જીવ લોકકલ્યાણની ભાવનાની પ્રથમ ભૂમિકા પણ વેદી શકે છે.

જીવ જ્યારે સરળતાના ગુણથી લોકના સર્વ જીવો પ્રત્યે ગુણગ્રાહીપણું, ધીરજ ગુણ અને કરુણાબુદ્ધિ અમુક અંશે વેદે છે ત્યારે સહજપણે એનામાં ભાવ ઉપજે છે કે હે પ્રભુ! આ લોકના સર્વ જીવો આ ગુણોને સતત માણી શકે એવાં શક્તિ, સંજોગ અને સહજસ્થિતિ અમને પ્રાપ્ત કરાવો. આ ભાવથી એ ગુણવેદન તથા તેનાં માણવાપણાં માટે જે જે અંતરાય કર્મ હોય તેનો ક્ષય કરાવો. આ સરળતાના ગુણમાં જીવ જ્યારે વધારે રહે છે ત્યારે તેનામાં સાધુસાધ્વી પ્રેરિત પૂર્ણ પંચપરમેષ્ટિ પરમાણુ એના તરફ આકર્ષાય છે. એ પરમાણુનું ચિત્ર આવું હોય છે –

સરળતાના ગુણને વેદતો જીવ આ પ્રકારનાં પરમાણુ ખેંચે છે.




**સાધુસાધ્વીજી પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ**

આ ચિત્રથી સમજાશે કે જીવ જે પરમાણુ ખેંચે છે એ ઘડીના આકારમાં હોય છે. (Double Conical Shape). એ પરમાણુના વચલા ભાગમાં સાધુસાધ્વી પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ બિરાજે છે. એના ઉપર પરમાર્થ શાતા વેદનીય કર્મ હોય છે, તથા તેના ઉપરના ભાગમાં સંસાર શાતા વેદનીય કર્મ રહે છે. સાધુસાધ્વી પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ પણ એ જ આકારમાં – ઘડીના આકારમાં હોય છે. તેના

સહુથી વચલા ભાગમાં અરિહંત તથા સિદ્ધની એક બારીક પટ્ટી હોય છે. એના ઉપર એનાથી વધારે મોટી આચાર્યની પટ્ટી, એને તેના ઉપર ઉપાધ્યાયજીની પટ્ટી હોય છે. અને એના ઉપર મુખ્યત્વે સાધુસાધ્વીના ગુણ આજ્ઞારસરૂપ પૂર્ણ પરમાણુ આવે છે. વખતે વિચાર આવે કે જીવ સાધુસાધ્વીરૂપ સરળતાના ગુણના વેદનથી આ પરમાણુ ખેંચે છે, તો એમાં અન્ય પરમેષ્ટિ પ્રભુનાં પરમાણુઓ કેવી રીતે સ્થાન પામે છે? શ્રી પ્રભુની કૃપાથી સમજાય છે કે આજ સરળતાના ગુણની ઉત્પત્તિથી ઉપાધ્યાયજી ઉપાધ્યાય થયા, આચાર્યજી આચાર્ય થયા, અરિહંત પ્રભુએ અરિહંતપણું પ્રાપ્ત કર્યું, અને સિધ્ધપ્રભુએ સિદ્ધિ પ્રાપ્ત કરી. આની ૠણમુક્તિ અર્થે તેઓ પોતાના ગુણોનો આજ્ઞારસ આ પરમાણુઓમાં ભરે છે. જેથી આ પરમાણુને જે જીવ ગ્રહણ કરે છે તેને વખતે ઉપાધ્યાયના ગુણો, આચાર્યજીના ગુણો તથા અરિહંત તેમજ સિધ્ધના ગુણોની પ્રાપ્તિ થઈ શકે છે. આ ગુણોની પ્રાપ્તિ થતાં તેઓ સર્વ ૠણમુક્ત થતા જાય છે. આમ ધર્મનું મંગલપણું અને સનાતનપણું અનાદિ અનંત થાય છે.


સરળતાનો ગુણ આવતા જીવ જાણે છે કે પોતે કેટલો પરતંત્ર છે. એની પરતંત્રતા છે પંચાસ્તિકાય પ્રતિની, પોતાના વિભાવ પ્રતિની, સ્થિતિ સંજોગ પ્રતિની, નિમિત્ત પ્રતિની વગેરે વગેરે. પરંતુ જ્યારે એને અરિહંત પ્રભુ આદિ પંચપરમેષ્ટિ તથા સત્પુરુષોની મુખમુદ્રામાં તથા આચરણમાં સ્વતંત્રતાની ગરિમા ઉત્તરોત્તરપણે છલકાતી જોવામાં આવે છે ત્યારે એની સંજ્ઞાને લીધે એને પ્રશ્ન ઉદ્‌ભવે છે કે, “હું તો પરતંત્ર જ છું, તો મારા જેવા જ આ આત્માઓ પંચાસ્તિકાય, વિભાવ, સ્થિતિસંજોગ આદિ વચ્ચે કેવી રીતે સ્વતંત્ર રહે છે? એમનામાં એવી કઈ આચરણા છે કે આ સર્વ બંધનકારક પરતંત્ર બનાવનાર નિમિત્તો વચ્ચે પણ તેઓ સ્વતંત્ર તથા સ્વાધીન રહી શકે છે! એમનાં નિઃસ્વાર્થ પ્રેમ, અડગ શ્રદ્ધા તથા અપૂર્વ અર્પણતા અન્ય જીવ કરતાં સાવ વિપરીત જણાય છે. વળી તેઓ જગતજીવોથી વિપરીતપણે વર્તતા હોવાથી જગતજીવોની જેમ અસ્થિર નથી, સ્થિર જ રહે છે. તો એમનામાં કંઈક એવું હોવું ઘટે કે જેનાથી તેઓ અસાર સંસારી સાથને સહજતાએ છોડી, પરમ સુખરૂપ સમાધિમાં વસી શકે છે”. આવા ઉગ્ર

અને ઝીણવટભર્યા ભાવ એને સરળતાના ગુણને લીધે સતત થતા હોય છે. એક બાજુની આ ભાવની તીવ્રતા અને બીજી બાજુની સત્પુરુષની વીતરાગતા, અર્પણતા, પ્રેમ, શ્રદ્ધા એનામાં ભક્તિનો એક સેતુ બાંધે છે. એ જ સરળતાના ગુણને કારણે એનામાં અપૂર્વ શ્રદ્ધા સત્દેવ, સદ્‌ગુરુ અને સત્ધર્મ પ્રતિ ઉપજે છે. શ્રદ્ધા થવાના મૂળમાં સરળતાના ગુણ પ્રેરિત, પોતાના સર્વ દુર્ગુણો અને કર્મથી નિવૃત્તિ કરાવનાર સત્પુરુષની પરમ શાંત, અનુભવથી રંગાયેલી અડોલ સ્થિતિની અનુભૂતિ પ્રાપ્ત થાય છે. પરંતુ જે જીવ કર્મના વિપાકભાવ તથા પરિણામને સતત ધિક્કારતો રહે છે, એ જીવ આરંભમાં કર્મ અને દુઃખનો સંવર કરવાના ભાવ રાખે છે. સંવરની આ ગર્ભિત ભાવનાથી તે શ્રી પ્રભુ પાસે એમણે આચરેલા ઉત્તમ, સનાતન તથા મંગલમય ધર્મની માંગણી કરે છે. ભક્તિરૂપ અમૃતને પામવા માટે પ્રાર્થના, વિનંતિ તથા માંગણી એ ઉત્તમ સાધનો છે. આવી ભક્તિ જીવને મુખ્યત્વે બે ગુણથી પ્રાપ્ત થાય છેઃ ૧. સરળતાથી સંજ્ઞાની વિચારણાનું ઊંડાણ વધતાં યથાર્થ પ્રશ્નો કરવાનો ગુણ. ૨. એ પ્રશ્નનું સમાધાન મેળવવા માટે, સરળતાના ગુણની સહાયથી સમાધાન આપી શકે તેવી યોગ્ય વ્યક્તિની ઓળખ કરી, તેની સમક્ષ અતિ નમ્રતાથી છતાં ભાવથી ભરપૂર પ્રાર્થના, વિનંતિ તથા માંગણી કરવાનો ગુણ.

આ કાર્યમાં સહજપણે જીવ માનભાવ તોડે છે. અને પરમાર્થ લોભ વધારે છે. પરમાર્થ લોભ વધતાં, જીવ વધારે ને વધારે વિચક્ષણ તથા વિચારવાન થાય છે, અને આમ થવાથી તે અસ્વચ્છંદી તથા અપ્રમાદી થતો જાય છે. આવી આજ્ઞાધીન વર્તનાથી એનામાં અન્ય જીવો માટેની કલ્યાણભાવના વધતી જાય છે, કારણ કે તેઓ એમના આરાધ્યદેવ, ગુરુ તથા સત્પુરુષની વર્તનાને ગ્રહણ કરવા ઈચ્છતા હોય છે. આ સર્વ ગુણોની પ્રાપ્તિ થતાં એનામાં ઉદયગત કર્મો સામે સમસ્થિત તથા સમાધિસ્થ રહેવાની આચરણા આવતી જાય છે. પરિણામે તે પૂર્વકૃત કર્મોની અપૂર્વ નિર્જરા તથા નવાં કર્મોનો અપૂર્વ સંવર કરી શકે છે. આ માર્ગને શ્રી જિનપ્રભુ સંવર પ્રેરિત મહાસંવર માર્ગ તરીકે ઓળખાવે છે. આ માર્ગે જીવમાં ઉપાધ્યાયજીનો મુખ્ય (ધ્રુવ) ગુણ 'શ્રદ્ધા કેરી ભક્તિ' આવતાં તે ઉપાધ્યાય પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ

પરમાણુને ખેંચે છે. આ પરમાણુઓ કેવા છે? શ્રી પ્રભુ પરમ કરુણા કરી ઇચ્છુક જીવને બોધદાન કરે છે –

"અહો! ભવ્ય જીવો! તમે આ અસાર સંસારથી બૂઝો! તમે ધર્મરૂપી કલ્પવૃક્ષ દ્વારા ઇચ્છિત, સનાતન શાશ્વત સુખની પ્રાપ્તિ સુલભતાએ કરો. તમારી ઇચ્છાથી અને પાંચ સમવાય ભેગા થવાથી તમને આ પુદ્ગલની રચનાની સમજણ આપું છું. તે ગ્રહણ કરી અપૂર્વ ધર્મની વિશાળતા જોઈ, એના અડગ ભક્ત બનો. એ જ ભલામણ છે."




**ઉપાધ્યાયજી પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ**

સાધુસાધ્વી પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુમાં મોટો ભાગ શાતા વેદનીયનો હતો (સંસાર તથા પરમાર્થ) અને બહુ જ નાનો ભાગ પૂર્ણ પરમેષ્ટિ પરમાણુનો હતો, એમાં સાધુસાધ્વી સિવાયનો પરમેષ્ટિનો ભાગ સમજવા પરમાણુને વિસ્તૃત (magnify) કર્યો હતો.

ઉપાધ્યાય પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુમાં શાતા વેદનીયનો ભાગ ઘટે છે, જેથી પરમેષ્ટિનો ભાગ સૂક્ષ્મમાંથી સ્થૂળરૂપમાં આવે છે. તેથી તેમાં વિસ્તૃતિકરણની (magnification) જરૂર રહેતી નથી. શ્રી સાધુસાધ્વી પ્રેરિત પરમાણુમાં જે અણુઓ ઊભા હતા તે ઉપાધ્યાયજી પ્રેરિત પરમાણુમાં આડા થાય છે; કારણ કે તે ઉપાધ્યાયના ભાગ પ્રતિ ભક્તિ વેદે છે. પહેલામાં એ ધર્મના પ્રણેતા હોય છે. (ઊભા હોય છે). કારણ કે એ શાતા વેદનીય કરતાં વધારે વીર્યવાન હોય છે. પણ ઉપાધ્યાય પ્રેરિત પરમાણુમાં એ ઉપાધ્યાયનાં પરમાણુ પ્રતિ ભક્તિ વેદે છે, એટલે એ સૂતા (આડા) બને છે. ઉપાધ્યાયનાં પરમાણુ criss cross માં હોય છે કારણ કે તેનામાં ભક્તિ સાથે કલ્યાણની ભાવના સમાન વેગથી ચાલતી હોય છે. આ કારણથી તેનામાં criss cross આકાર આવે છે. આમાં વચ્ચે જે જગ્યા રહે છે તેમાં ભક્તિ પ્રેરિત વીર્ય પૂરાય છે. આ પરમાણુઓમાં આચાર્યજી, અરિહંત તથા સિધ્ધનો ભાગ અક્રિય હોય છે, કારણ કે જે ભાવ આને સક્રિય કરે છે તેની હજુ સુધી ગેરહાજરી હોય છે. પણ તે ભાગ ત્યાં જ હોય છે; કેમકે તેના રહેવાથી ધર્મનું સાતત્ય જળવાય છે. જીવ ભક્તિનાં સક્રિય વેદનમાં અક્રિયપણે વિનય અને આજ્ઞાનાં બીજાંકુર પામે છે, બીજી અપેક્ષાથી શ્રી અરિહંત પ્રભુ, સિદ્ધ પ્રભુ અને આચાર્યજીએ શ્રી ઉપાધ્યાયજીના ધ્રુવ ગુણ ભક્તિનો ઉપયોગ કરી પોતાની સિદ્ધિ પ્રાપ્ત કરી હોય છે. તેથી એ ૠણની મુક્તિ માટે તેઓ બધાનાં પરમાણુઓ અક્રિયપણે ત્યાં વસી, ઉપાધ્યાયજીને વિનય તથા આજ્ઞા પ્રતિ આગળ વધવા પ્રેરણા આપે છે.

આમ પરમાણુના દરેક ભાગમાં પરમપૂર્ણ આજ્ઞાને વણાવી લેનાર શ્રી અરિહંત પ્રભુની એ અપૂર્વ રત્નત્રયની આરાધનાને ભક્તિ વિનયપૂર્વક સાષ્ટાંગ નમસ્કાર હો. પરમ ૐ રૂપી વીતરાગ આચરણમાં ચડતા ક્રમમાં આરૂઢ રહેનારા શ્રી અરિહંત આદિ સર્વ પંચપરમેષ્ટિ ભગવંત તથા સત્પુરુષના પરમ આશિષના કવચમાં રાખી હે પ્રભુ! અમને સર્વોત્કૃષ્ટ શુદ્ધિ તથા સિદ્ધિ આપો.

શ્રી ઉપાધ્યાયજી પ્રેરિત પૂર્ણ પંચપરમેષ્ટિ પરમાણુને સાધક જ્યારે સરળતા સાથે ભક્તિરૂપ મહાગંભીર પુરુષાર્થને વધારવા પોતાની સંજ્ઞાનો ઉપયોગ કરી, જે

ભક્તિની પ્રાપ્તિ માટે શ્રધ્ધાના આધારમાં જ્યારે માનસિક વાચિક અને કાયિક હકાર ભળે છે ત્યારે એ શ્રધ્ધામાં ભૂત, વર્તમાન તથા ભવિષ્યની ઊંડી ભાવનારૂપ પરમાર્થ લોભ ભળે છે, જે એ શ્રધ્ધાના સ્થંભ (milestone) માં પ્રેમરૂપી જાદુનું સિંચન કરે છે. પ્રેમના ગુણમાં સરળતા અને ભક્તિમય સોંપણી સાથે મનરૂપી સંજ્ઞા પર સત્ કાબૂ છે. સરળતા કે ભક્તિમાં જીવ અમુક સમયે ધર્મ તથા પ્રભુમાં લીન થવાના ભાવ મોટી માત્રામાં (ખૂબ) કરે છે, પણ અમુક સમયે એ પોતાના વિભાવરૂપી સંજ્ઞાનો ગુલામ બની કર્મરૂપી ગંદકીનો આશ્રવ કરે છે. આ ક્રિયામાં સંસારના શાતા વેદનીયનો હકાર પણ હોય છે, જેથી એ સંસાર સુખબુદ્ધિને કારણે જ્ઞાનાવરણ તથા દર્શનાવરણનો આશ્રવ કરે છે. પણ જે સાધુસાધ્વી પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ અને ઉપાધ્યાય પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ એના આત્મા પર હોય છે, તેમાં અક્રિય સૂક્ષ્મ તથા સ્થૂળ, અન્ય પરમેષ્ટિનું પીઠબળ રહ્યું હોય છે. આ પીઠબળ અમુક હદે આવે છે તે પછી જીવને સંસારનો થાક લાગવા માંડે છે. આ થાક એ સંજ્ઞા દ્વારા વેદતો જાય છે. બીજી બાજુ તે જીવ શ્રી સાધુસાધ્વી તથા ઉપાધ્યાયજી રૂપ પરમેષ્ટિની આજ્ઞામાં હોય છે, જેથી 'ૐ ગમય આણાયં, આણાયં ગમય ૐ' ના માધ્યમથી એ ઉપાધ્યાય તથા સાધુસાધ્વી પ્રેરિત પરમાણુઓ જીવને આણાએ ધમ્મો તથા આણાએ તવો રૂપ સાધનમાં ઊંડો ઊતારે છે. એ આજ્ઞારૂપી સાધનથી જીવ જ્યારે આજ્ઞાની ગહેરાઈથી સ્વભાવના સાગરમાં ડૂબે છે ત્યારે તે આજ્ઞાની એક ઊંચી કેડી પર ચડે છે, ત્યાં પહોંચતા જ જીવ ૐ પરમેષ્ટિના આધારે ઉત્તમ પરમાણુઓને ખેંચવા માટે પાત્ર બને છે. ઉત્તમ પરમાણુઓ આજ્ઞારૂપી માધ્યમથી ખેંચાતાં જ તે ૐની કેડી પર પ્રગતિ કરે છે, આ પ્રગતિ થતાં જ એનામાં એ પરમાણુઓનો આશ્રવ કરવા માટે યોગ્ય ગુણોની પ્રાપ્તિ સહજતાએ થાય છે.


શ્રી સાધુસાધ્વી તથા ઉપાધ્યાયજી પ્રેરિત પરમાણુઓ ગ્રહણ કરવા જીવે ઈચ્છાગત પુરુષાર્થ કરવો પડે છે, ત્યારે શ્રી આચાર્ય અને તેમનાથી ઉપરના પ્રેરિત પરમાણુઓ ગ્રહવા માટે જીવે આજ્ઞાગત પુરુષાર્થ કરવો પડે છે. આનું કારણ સમજાય છે કે સાધુસાધ્વી તથા ઉપાધ્યાયજીના પરમાણુમાં સંસાર શાતાવેદનીયની

ઉપસ્થિતિ છે, આચાર્ય તથા તેમના ઉપરનાથી પ્રેરિત પરમાણુઓમાં માત્ર પરમાર્થ શાતા વેદનીય છે, જે કેવળજ્ઞાન પહેલાં અથવા પછી પણ ભોગવી શકાય છે. બીજી અપેક્ષાએ આચાર્યજી શ્રી જિન માર્ગમાં શ્રી જિનાદિ અને ગણધરાદિની પૂર્ણ આજ્ઞામાં હોય છે, માટે એમનાથી પ્રેરિત પરમાણુઓ ખેંચવા માટે જીવે એવો જ પુરુષાર્થ આદરવો જરૂરી છે.

શ્રી આચાર્યજીના વ્યક્તિગત પુરુષાર્થમાં આજ્ઞાનું મહાત્મ્ય સર્વશ્રેષ્ઠ અને સર્વોચ્ચ હોય છે. પુરુષાર્થની આ લાક્ષણિકતાને લીધે તેનાં પરમાણુમાં પણ ફરક પડે છે. સાધુસાધ્વી તથા ઉપાધ્યાય પ્રેરિત પરમાણુ મેળવવા માટે જીવ પહેલાં ગુણની ખીલવણી કરે છે; અને તેના આધારથી પરમાણુનો આશ્રવ કરે છે, પરમાણુના આવા આશ્રવથી જીવ એનામાં રહેલા આજ્ઞારસના સાથથી આજ્ઞાનું આરાધન કરે છે. પરંતુ આચાર્યજી અને તેમનાથી વિશેષ દશાવાન આત્મા પોતાના પુરુષાર્થમાં પહેલાં આજ્ઞાનું આરાધન વર્ધમાન કરવાનું કાર્ય કરે છે, તેથી તેઓ ॐના પરમાણુનો આશ્રવ કરે છે. ॐના પરમાણુના આશ્રવથી જીવ યોગ્ય ગુણની ખીલવણી કરે છે. આમ શ્રી પ્રભુએ આપેલો આ પ્રકરણનો વિષય કેવો યથાર્થ છે તેની સમજણ આપણને આવે છે.

સાધુસાધ્વી તથા ઉપાધ્યાયજી પ્રેરિત પરમાણુઓ ખેંચવા માટે જીવ 'ॐ ગમય આણાયં'નો ઉપયોગ કરે છે, અને બાકીના પરમેષ્ટિ પ્રેરિત પરમાણુઓ ખેંચવા માટે જીવ 'આણાયં ગમય ॐ'નો ઉપયોગ કરે છે. આ પરથી આપણને સમજાય છે કે પ્રેમના ગુણની ખીલવણીનો આધાર આજ્ઞાની શુદ્ધિ તથા સિદ્ધિ પર છે. આજ્ઞાની કેડી જ્યારે પુરુષાર્થમાં સ્થૂળરૂપ ધારણ કરે છે ત્યારે પ્રેમગુણ મળે છે. પ્રેમમાં ભક્તિરૂપ શ્રધ્ધાની ખામીનો નાશ છે. શ્રદ્ધામાં જીવ સંજોગથી વીર્યહીન બની, સંજોગ સિદ્ધિના લોભ માટે વીર્યવાન પુરુષની ભક્તિ કરે છે. પ્રેમમાં સંજોગ સિદ્ધિ માટે વીર્ય હોવા છતાં, ગુણાશ્રવ માટે એ ગુણી આત્મા પ્રતિ સંજ્ઞાના સકામ ઉપયોગ સાથે ભક્તિમય વિનયમાં પ્રગતિ કરે છે. ભક્તિમાં વિચાર નથી, માત્ર લાગણી છે, વિનયમાં લાગણી ઉપરાંત બુદ્ધિનો ઉપયોગ છે. તેમાં સદ્ધર્મ, સત્પુરુષ પ્રત્યે આજ્ઞાંકિત દાસત્વ ગ્રહણ

કરવાનો પુરુષાર્થ છે. શ્રી આચાર્ય પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુનું ચિત્ર શ્રી પ્રભુની કૃપાથી આ પ્રમાણે સમજાય છે –




**શ્રી આચાર્ય પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ**

શ્રી આચાર્ય પ્રેરિત પરમાણુ (પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ)ના ચિત્રમાં સાધુસાધ્વી અને ઉપાધ્યાયજીનાં પરમાણુ કરતાં એક વિશેષતા જોવા મળે છે. અહીં પંચપરમેષ્ટિ પ્રેરિત પરમાણુના વિભાગ ઉપર એક આજ્ઞારસ પ્રેરિત કવચ બને છે. તેથી આ પરમાણુનો ઉપયોગ ત્યારે જ થાય છે કે જ્યારે જીવ આજ્ઞાને પોતાના પુરુષાર્થમાં વણે છે. જો આજ્ઞા ન હોય તો આ પરમાણુઓ યોગાનુયોગ કોઈના સંપર્કમાં આવે તો પણ એ માત્ર પરમાર્થ શાતાવેદનીયના ભાગનો જ ઉપયોગ કરી શકે છે. તેને માટે પંચપરમેષ્ટિ પ્રેરિત પરમાણુનો ઉપયોગ કરવો અસંભવિત બને છે. આ પરમાણુની બીજી લાક્ષણિકતા એ છે કે અહીં પહેલી જ વાર આચાર્યજીના ખંડના બે ભાગ થાય છે – આચાર્ય તથા ગણધર ખંડ. એ જ રીતે શ્રી અરિહંતના ખંડમાં પહેલી જ વાર વચમાં

સિધ્ધના પરમાણુ માટે જગ્યા થાય છે. સાધુસાધ્વીના ખંડમાં પરમાણુઓ સ્થૂળ હોય છે એટલે એ પરમાણુઓની વચ્ચે અપેક્ષાએ વધારે જગ્યા હોય છે. તેથી તેમાં વીર્યનું ઘટ્ટપણું ઓછું હોય છે. અર્થાત્ તે વીર્ય પતલું હોય છે. ઉપાધ્યાયજીના વિભાગમાં ચોકડી હોય છે, એટલે જગ્યા થોડી ઓછી થાય છે. આચાર્યના ખંડમાં પરમાણુઓ સૂક્ષ્મ થતાં હોવાથી પુરુષાર્થની વર્ધમાનતાને કારણે વીર્યનું પણ ઘટ્ટપણું સર્જાય છે. શ્રી ગણધરના ભાગમાં આચાર્યજીનાં સૂક્ષ્મ પરમાણુઓ સાથે શ્રી અરિહંત જેવા viscous વીર્ય પુદ્‌ગલની લાહી (paste) નું મિશ્રણ હોય છે. અરિહંતના વિભાગમાં viscous paste રૂપ વીર્ય પુદ્‌ગલ સોનેરી બને છે, અને સિધ્ધના વિભાગમાં માત્ર રૂપેરી, પારદર્શક અને અતિ બારીક છતાં તે (semi-solid/liquid/gaseous) ઘન, પ્રવાહી અને વાયુના મિશ્રણ રૂપ પડ થાય છે. આ રચનાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવાથી જણાય છે કે ચારિત્ર વિશુદ્ધિ અને આજ્ઞાધીનપણું કેળવવા માટે સંજ્ઞા પર કાબૂ તથા આજ્ઞારૂપી પુરુષાર્થથી ૐની પ્રાપ્તિ માટે લક્ષગત ઉપયોગ રાખવો તે મુખ્ય પીઠબળ છે.


આ પરમાણુમાં પરમેષ્ટિના ભાંગા વધારે સ્થૂળ તથા સ્પષ્ટ થતા જાય છે. અને જીવને પ્રેમામૃતમાં લીન રાખી, આજ્ઞારૂપી કલ્પવૃક્ષમાં સ્વભાવસિદ્ધિ અને શુદ્ધિરૂપ ફળ ચખાડી, સંસાર માટે અનાદિકાળથી સેવેલી અતિ ગાઢ સુખબુદ્ધિ માટે ગરમ તથા ઠંડા આજ્ઞારસરૂપ સુધારસથી એ અનાદિ સાંત ટેવને સાંતપણું દેખાડી, શાંત કરી, સંસાર ઉપર ધર્મનાં સનાતનપણારૂપ તથા મંગલપણારૂપ વિજય ઘોષણાનો શંખ વગાડે છે. અહો! કેવી ધન્યતા! કેવી અપૂર્વતા! આ ૐ નાદરૂપ પૂર્ણ પરમેષ્ટિ પરમાણુમાં છે કે એ પોતાના જ, સંસારવૃદ્ધિ કરનાર પરમાણુરૂપ ભાઈબંધને, ધર્મને ટકાવવા આત્મા દ્વારા નાશ કરાવે છે! જ્યાં ધર્મ છે ત્યાં મંગલ છે, જ્યાં મંગલ છે ત્યાં સનાતનપણું છે. જ્યાં સનાતનપણું છે ત્યાં સમાધિ છે, જ્યાં સમાધિ છે ત્યાં સહજપણું છે, જ્યાં સહજપણું છે ત્યાં સુખ છે, અને જ્યાં સુખ છે ત્યાં સહજ છે, જ્યાં સહજ છે ત્યાં સમાધિ છે, જ્યાં સમાધિ છે ત્યાં સનાતનપણું છે, જ્યાં સનાતનપણું છે ત્યાં મંગલપણું છે, જ્યાં મંગલપણું છે ત્યાં ધર્મ છે. આ જ નિયમથી જ્યાં ૐ છે ત્યાં

આજ્ઞા છે, અને જ્યાં આજ્ઞા છે ત્યાં ૐ છે. માટે શ્રી પ્રભુએ કહ્યું છે કે 'ૐ ગમય આણાયં, આણાયં ગમય ૐ'. આ બનતા વર્તુળથી આજ્ઞા અનાદિ અનંત થાય છે અને ધર્મ પણ અનાદિ અનંત રહે છે.

શ્રી આચાર્યજી ચારિત્રની વિશુદ્ધિ દ્વારા ધર્મની સ્થાપના કરવા માટે સતત પુરુષાર્થી હોય છે. પણ એ પુરુષાર્થ કોઈ વાર સફળ અને કોઈ વાર અફળ થાય છે. આ સફળતા કે નિષ્ફળતા આવવા માટેનું કારણ એ છે કે, આચાર્યજી વીતરાગતાના તાણેવાણે રમતા હોય છે, તેમ છતાં તેમને સફળતાનો કેટલાક અંશે ગમો અને નિષ્ફળતાનો કેટલાક અંશે અણગમો થતો હોય છે. આને લીધે વર્તમાન સાનુકૂળ સ્થિતિ માટે સ્પૃહા તથા પ્રતિકૂળ સ્થિતિ માટે અનિચ્છાની સ્પૃહા હોવાથી છદ્મસ્થતામાં પુરુષાર્થની તરતમતા થાય છે. પરંતુ આ ચડાણ અને ઊતરાણ વચ્ચે તેઓ જે જુદા જુદા ભાવ કરે છે તે એમના ભાવિ પુરુષાર્થની ગતિ તથા તીક્ષ્ણતા નક્કી કરે છે. જે જીવ આ ખાલી જગ્યામાં કર્મના સંવરનો ભાવ રાખે છે તે જીવ સંવર પ્રેરિત મહાસંવર માર્ગને આચરે છે, જે જીવ એ જગ્યા વચ્ચે ગુણની વૃદ્ધિનો ભાવ કરે છે એ કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગને આચરે છે. આમ વિનયની ખીલવણી સાથે જીવ બે પ્રકારના માર્ગનું આરાધન કરી શકે છેઃ સંવર પ્રેરિત મહાસંવર માર્ગ કે કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગ.

જે જીવ સંવર પ્રેરિત મહાસંવર માર્ગથી વિનયગુણને ખીલવે છે તે આચાર્ય પ્રેરિત પરમાણુનો આશ્રવ વધારે કરે છે. જે કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગથી વિનયગુણને ખીલવે છે તે ગણધર પ્રેરિત પરમાણુનો આશ્રવ કરે છે. ગણધર પ્રેરિત પરમાણુઓમાં પુરુષાર્થની તીક્ષ્ણતાની સમાનતા વધારે હોય છે (consistency). અને આચાર્ય પ્રેરિત પરમાણુમાં પુરુષાર્થની તીક્ષ્ણતાનું તરતમપણું વધારે હોય છે. આ કથનને સમજવા શ્રી ગણધર પ્રેરિત પરમાણુનું બંધારણ જાણવું જરૂરી છે.

શ્રી પ્રભુ તથા શ્રી ગુરુની કૃપાથી આ પરમાણુના બંધારણની સમજણ બોધરૂપ દાનથી પ્રાપ્ત થાય છે.




**શ્રી ગણધર પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ**

શ્રી ગણધર પ્રેરિત પરમાણુનું બંધારણ શ્રી આચાર્ય પ્રેરિત પરમાણુ જેવું જ છે. પરંતુ શ્રી આચાર્ય અને ગણધરના પુરુષાર્થમાં જે તરતમપણું છે, એને કારણે અમુક બંધારણીય ફેરફાર તેમનાં પરમાણુમાં થાય છે. શ્રી પ્રભુની આજ્ઞાથી આ ફેરફાર જણાવીએ છીએ. ગણધરના પરમાણુનો આકાર લોકની ત્રસનાડી જેવો થાય છે, શ્રી આચાર્યના પરમાણુનો આકાર બેવડા ત્રિશંકુ (double cone) નો હોય છે. આનું કારણ એ છે કે શ્રી ગણધર પ્રભુમાં સાનુકૂળ પ્રતિકૂળ સંજોગોમાં મહદ્ અંશે સમતા-સમાનપણું હોય છે, એટલે એ આકાર વળાંકને બદલે સીધો થાય છે.

વળી, નામકર્મ બાંધતી વખતે એમણે લોકદર્શનનો અનુભવ કર્યો હોવાથી; લોકકલ્યાણના પ્રતિક રૂપે અને લોકકલ્યાણની ભાવના બળવાન હોવાથી એ પરમાણુનો આકાર લોકની ત્રસનાડી જેવો થાય છે. તે ઉપરાંત એમનામાં વીતરાગતા હોય છે જેથી પરમાર્થની શાતા વેદનીય અને પંચપરમેષ્ટિ પૂર્ણ પરમાણુ વચ્ચે એ સમ હોય છે, તેથી સીધો આકાર થાય છે.

ગણધરને પંચપરમેષ્ટિ માટે પરમાર્થ પુણ્ય કરતાં રાગભાવ વિશેષ હોય છે, એ કારણથી એ વચમાંથી ફૂલે છે (bulge થાય છે). આ સિવાય આચાર્ય અને ગણધરના પરમાણુ વચ્ચે એક મોટો તફાવત જોવા મળે છે. આચાર્યના પરમાણુમાં માત્ર પરમેષ્ટિના ભાગમાં જ પૂર્ણ આજ્ઞાકવચ હોય છે, ત્યારે ગણધરજીના પરમાણુમાં પરમાર્થ શાતાવેદનીયના ભાગમાં પણ લોકના આકારમાં પૂર્ણ ૐ આજ્ઞાકવચ હોય છે. આ પરથી એમના પુરુષાર્થની એક લાક્ષણિકતા જાહેર થાય છે. શ્રી આચાર્યજી પંચપરમેષ્ટિ પ્રત્યે પૂર્ણ આજ્ઞાધીન હોય છે, અને પરમાર્થ શાતા વેદનીય માટે અમુક સ્પૃહા તેમનામાં રહી હોય છે, તેથી તે ભાગમાં પૂર્ણ આજ્ઞાકવચ હોતું નથી. જ્યારે સ્પૃહા રહિત હોવાને કારણે ગણધરના પરમાણુમાં એ ભાગમાં પણ આજ્ઞાકવચ આવે છે.

બીજી અપેક્ષાએ કહીએ તો, આચાર્યજીને પંચપરમેષ્ટિ પ્રત્યે પુરુષાર્થ માટે પરમ શાતા વેદનીય કરતાં વધારે સ્પૃહા હોય છે, એટલે એ ભાગ ફૂલવાથી (bulge થવાથી) પૂર્ણ આજ્ઞાકવચ વચ્ચેના ભાગમાં સરી પડે છે. શ્રી ગણધર પ્રભુ વેદન કરવા માટે પણ પંચપરમેષ્ટિના સાથ અને પરમાર્થ શાતા વેદનીય વચ્ચે સમ છે, અને પુરુષાર્થમાં પણ સમ છે. આ અપેક્ષાથી સ્કંધનો આકાર સીધો થાય છે. આમ છતાં શ્રી ગણધર પ્રભુની સ્પૃહા ૐ આજ્ઞાપાલનની પૂર્ણતામાં વિશેષ હોવાથી, એ પૂર્ણ ૐ આજ્ઞાનું કવચ થાય છે, અને તે કવચ શ્રી આચાર્યના પરમાણુની જેમ ફૂલેલું (bulging) હોય છે. શ્રી ગણધર પ્રભુને પરમાર્થ શાતા વેદનીયની પૂર્ણ ૐ આજ્ઞા પાળવા કરતાં વિશેષ સ્પૃહા પંચપરમેષ્ટિ પ્રત્યે પૂર્ણ ૐ આજ્ઞા પાળવામાં હોય છે. આ પ્રમાણે અતિ અતિ ગૂઢ તથા ગંભીર રહસ્ય શ્રી પ્રભુ પાત્રતા જાણી દર્શાવે છે. આ ઉપકારનો આભાર માનવા માટે કોઈ રસ્તો જણાતો નથી, સિવાય કે એમની જ આજ્ઞામાં સર્વ પ્રદેશના અણુએ અણુમાં તે વેદીને માણવો.

આવા અતિ પૂર્ણ ૐ આજ્ઞાથી રંગાયેલા શ્રી ગણધર પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુને આશ્રવવા જીવે ક્યો ગુણ ખીલવવો જોઇએ? હે કૃપાળુ પ્રભુ! તમે આ નહિ જણાવો તો મળેલી જાણકારીને યથાર્થરૂપે ચારિત્ર પાલનમાં અંગીકાર કરવામાં અધુરપ અનુભવાય છે. તો પરમ કરુણા કરી આ ગુણની જાણકારી આપો. શ્રી પ્રભુના


વિશાળ દરિયાવ દિલનો અહીં અનુભવ થાય છે. રાગથી રંગાયેલા જીવના અવગુણો પ્રતિ દૃષ્ટિ ન કરતાં, શ્રી પ્રભુ જીવને પોતા સમાન બનાવવા પરમ કરુણા બુદ્ધિથી આ માર્ગને ખુલ્લો કરે છે.

શ્રી ગણધરપ્રભુ પ્રેરિત પરમાણુને ગ્રહણ કરવા જીવમાં વિનય સાથે લોકકલ્યાણ પ્રેરિત મૈત્રી તથા મધ્યસ્થતાનું એકત્વ સમાય છે, ત્યારે એને અતિ ઉત્તમ એવા શ્રી ગણધર પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુનો લહાવો અનુભવાય છે. અહો પ્રભુ! આ અતિ ગૂઢ સમજણને અનુભવરૂપ ચારિત્રમાં વિભૂષિત કરાવો. એ જ આ તમારી દાસીરૂપ બાલિકાની માંગણી તથા વિનંતિ છે. અહીં છદ્મસ્થ પરમેષ્ટિનો વિભાગ પૂર્ણ થાય છે, હવે આપણે પૂર્ણ પરમેષ્ટિ ભગવંતના વિભાગ પ્રતિ વળીએ.

પૂર્ણ પરમેષ્ટિ અને છદ્મસ્થના પુરુષાર્થ વચ્ચે એક તફાવત નોંધનીય છે. છદ્મસ્થ જીવ લાગણી, મન/બુદ્ધિની વિવિધ કક્ષાએ પુરુષાર્થ કરે છે. પૂર્ણાત્મા સયોગી રૂપે લાગણી, બુદ્ધિ તથા ચિત્તની એકતા તથા સમાનપણે આત્મારૂપે પુરુષાર્થ કરે છે. અયોગી રૂપે માત્ર પૂર્ણ આત્માપણે પુરુષાર્થ કરે છે. તેથી આ પુરુષાર્થને શબ્દદ્વારા સમજવો અતિ દુષ્કર છે. પરંતુ શ્રી પૂર્ણ વીતરાગ પ્રભુ, એમની અમૃતમય, અકલ્પ્ય, અકથ્ય, સર્વ નય તથા અનેકાંતવાદથી ભરેલી વાણીથી જો એ દશાનું વર્ણન કરે તો એ વર્ણન વાણીની મર્યાદાને લક્ષમાં રાખ્યા પછી, તે પૂર્ણાતિપૂર્ણ વર્ણન બને છે. આ વર્ણનને સાંભળવા તથા જીવનમાં ઉતારવા આપણે યોગ્ય પાત્રતા કેળવીએ એ જ એક ઈચ્છુક જીવનું કર્તવ્ય થાય છે. હે જીવો! આ કથનને નિંદશો નહિ, કારણ કે આ કથન એ શ્રી અરિહંત વાણીના મહિમાની પ્રસાદી છે. એને નિંદશો તો શ્રી અરિહંત અને તેમની વાણીના નિંદક થઈ તમે અતિ બળવાન કર્મના કર્તા થશો.

શ્રી અરિહંત પ્રભુનો પુરુષાર્થ સરળતા, ભક્તિ તથા વિનયથી ઉપજતી આજ્ઞાના પુરુષાર્થમાં અનાદિ અનંત છે. (અહીં અરિહંતને બહુ વચનમાં ગણજો). આજ્ઞાથી શ્રી અરિહંત પ્રભુ લાગણી, બુદ્ધિ અને ચિત્તના પ્રત્યાઘાતોને એક કરી આજ્ઞાની આજ્ઞામાં રહે છે. આવી આજ્ઞામાં રહેવા માટે શ્રી પ્રભુ ક્યો ગુણ ખીલવે છે? જેનાથી આજ્ઞાની આજ્ઞા સફળ થાય છે! શ્રી પ્રભુની અને પરમ ગુરુની પરમ કરુણાથી ઉપજતી

સચોટ વાણી ખુલાસો આપે છે કે આજ્ઞા અર્પણતાના ગુણથી ઊપજે છે. અર્પણતામાં, સરળતામાં, શ્રદ્ધામાં, પ્રેમમાં જે શ્રી પ્રભુ તથા શ્રી ધર્મ પ્રત્યે અતાદાત્મ્યભાવ છે એ વિલિન થઈ જાય છે. અર્પણતામાં આત્મા પોતાનાં વ્યક્તિગત બંધારણને શ્રી પ્રભુના આજ્ઞારૂપી ક્ષીરસમુદ્રમાં સમાવી દે છે. આ સમર્પણ ભાવથી શરૂ કરી, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભવમાં અત્યંત સિધ્ધપણે પ્રાપ્ત થાય છે. શ્રી અરિહંત પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ સર્વ અપેક્ષાએ પૂર્ણ છે, કારણ કે જેટલા સમય શ્રી અરિહંત પ્રભુ યોગ સાથે નથી જોડાતા તેટલા સમય માટે તેઓ સિદ્ધ અવસ્થામાં છે. જ્યારે તેઓ યોગ સાથે જોડાય છે ત્યારે તેઓ અરિહંત બને છે. અરિહંત પ્રેરિત પરમાણુ લોકના બંધારણ સાથે એકદમ સમાન છે (સરખાં છે). આ બંધારણ જાણો –




**અરિહંત પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ**

શ્રી અરિહંત પ્રેરિત પરમાણુ અન્ય છદ્મસ્થ પરમાણુ કરતાં જુદું છે – તેમાં symmetry નથી. એનું કારણ એ છે કે અરિહંતના પરમાણુ એ વખતના પાંચ સમવાયની દ્રવ્યતા, ક્ષેત્રતા, કાળતા, ભાવતા અને ભવતાના આધારે ગોઠવણી કરે છે. અન્ય છદ્મસ્થ પ્રેરિત પરમાણુનું મુખ્યપણું શ્રી અરિહંત પ્રભુની આજ્ઞાની પૂર્ણતાના આધારે થાય છે; તેથી તેમાં symmetry – એકસમતા – હોય છે; માટે આ પરમાણુનું બંધારણ પલટાયા કરે છે. જે રીતે પાંચ સમવાયની સમવાયતા બદલાય છે તે રીતે. બીજી અપેક્ષાએ શ્રી અરિહંતના પરમાણુ ધર્મના સનાતનપણાને જાળવે છે, માટે જેની ખામી હોય તેને પૂરી કરે છે, એ કારણે લોક તેના મૂળરૂપ (absolute form) માં રહી શકે છે. પરિણામે ધર્મનું મંગલપણું જે ગણધરાદિ છદ્મસ્થ પરમેષ્ટિ જાળવે છે એ સમ (symmetrical) રહે છે, અને ચારેબાજુ પૂર્ણ પરમેષ્ટિનું પૂર્ણ ૐ આજ્ઞાકવચ રહે છે, જે ધર્મના સનાતનપણાને જાળવી રાખે છે. એમાં સયોગી કેવળી શાતા વેદનીય અને અયોગી કેવળી શાતા વેદનીયના બે પટ્ટા ઉપરના ભાગમાં હોય છે, અને તેનો નાનો પટ્ટો નીચેના ભાગમાં હોય છે. તેની વચ્ચેના ભાગમાં પંચપરમેષ્ટિનો પૂર્ણ પટ્ટો હોય છે. ઉપરનો શાતા વેદનીયનો પટ્ટો જાડો હોય છે, અને નીચેનો પાતળો હોય છે. આનું રહસ્ય એ છે કે ઉપરના પટ્ટાએ પંચપરમેષ્ટિને ઉપર ખેંચવાના હોય છે. અને નીચેના પટ્ટાએ ધક્કો મારવાનો હોય છે. આ પૂર્ણ પરમેષ્ટિ પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુની સમજણ ‘પૂર્ણ કલંક રહિત અડોલ દશા’ની વિચારણામાં વધારે આવશે.

જે જીવ ૐનો આધાર લઈ આગળ વધે છે, અને જે માત્ર સદ્‌ગુરુનો સાથ લઈ આગળ વધે છે એ બંને વચ્ચેનો તફાવત શ્રી પ્રભુ આપણને સમજાવે છે. જે જીવ વ્યક્તિગત સત્પુરુષનો સાથ લે છે એમની અમુક અંશ કે માત્રા સુધી પ્રગતિ થાય છે, તે પછીથી તેણે અન્ય મહાત્માનો સાથ લેવો જ પડે છે. જે પહેલેથી ૐનો સાથ લે છે એને પ્રત્યેક પ્રગતિના સ્થાનકે ૐમાંથી સાથ મળી રહે છે. સરળતા, ભક્તિ, વિનય તથા આજ્ઞા એકબીજા સાથે બંધાયેલા છે, તેથી જીવને પ્રગતિ માટે બાંધવ જેવો સાથ મળ્યા કરે છે, અને જો વખતે પડવાઈ થાય તો આજ્ઞામાંથી વિનય આચરવો, વિનયમાંથી ભક્તિ આચરવી તથા વિનયમાંથી સરળતા આચરવી સહેલી બને છે.

વ્યક્તિગત સાથમાં કવચ અમુક સ્થિતિ સુધી જ રહે છે, માટે જો જીવને એકધારા સર્વોત્કૃષ્ટ શુદ્ધિથી સિદ્ધિમાં આગળ વધવું હોય તો 'ૐ ગમય આણાયં, આણાયં ગમય ૐ' જેવું સર્વોત્કૃષ્ટ સાધન બીજું એક પણ નથી. માટે આ ૐના સાથમાં ૐની સિદ્ધિ પ્રાપ્ત થાઓ એ ભાવના સાથે અહીં પૂર્ણ કરું છું.

ૐ શાંતિ:

## 'ૐ ગમય આણાયં, આણાયં ગમય ૐ' ની અપેક્ષાએ નવકારનું કવચ

## શ્રી નમસ્કાર મંત્ર

**નમો અરિહંતાણં** – સર્વ અરિ અર્થાત્ શત્રુઓને મિત્રમાં રૂપાંતરિત કરનાર અરિહંત પ્રભુ! અમે તમને ખૂબ ખૂબ ભક્તિસહિત વંદન કરીએ છીએ, અને આપને અમારાં મસ્તકનું રક્ષણ કરવા સવિનય વિનંતિ કરીએ છીએ. તમારી કૃપાથી અને આજ્ઞાથી અમારું મસ્તક સર્વ પ્રકારના વિભાવો અને દૂષિત વિચારોથી સુરક્ષિત બની, તમારી આજ્ઞાનુસાર વર્તતું થાય એ જ માગીએ છીએ. અહો! જીવ સમસ્તનું કલ્યાણ ઇચ્છતાં ઇચ્છતાં સર્વ ઘાતીકર્મોથી મુક્ત થઈ, જીવ માત્રના પરમ મિત્ર થયેલા એવા વિભુ! અમને પણ તમારા જેવા પરોપકારી કરવા માટે સતત માર્ગદર્શન અને આજ્ઞા આપતા રહેશો એ વિનંતિ કરીએ છીએ. કદાચિત પૂર્વકર્મનાં અશુભ ઉદયને કારણે, અથવા તો અજ્ઞાન કે અબુઝતાને કારણે અમારાં આજ્ઞાપાલનમાં મંદતા આવે તો વિશેષ કૃપા કરી ફરીથી અમને આજ્ઞાધીન બનાવી, આજ્ઞાનાં કવચમાં સુરક્ષિત કરી, અમારાં જ્ઞાન તથા દર્શનનાં આવરણો તોડાવી અમને શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનાં કૃપાપાત્ર બનાવશો; જેથી અમે પણ જીવ સમસ્ત માટે ઉત્તમ કલ્યાણભાવ વેદી, મોક્ષમાર્ગને યથાર્થતાએ અનુસરવા માટે ઉત્તમ પાત્ર થતાં જઇએ,અને અન્યને સાથ આપવા સમર્થ પણ થતા જઈએ.

**નમો સિદ્ધાણં** – સર્વ પ્રકારની સિદ્ધિને પ્રાપ્ત થયેલા શ્રી સિદ્ધ ભગવાન! અમે તમને પ્રેમભરિત ભક્તિસહિત વંદન કરીએ છીએ, અને અમારાં વદનનું પૂર્ણતાએ

રક્ષણ કરવા વિનંતિ કરીએ છીએ. અમારા વદનમાં રહેલી પાંચે ઇન્દ્રિયોનું આપના થકી પૂર્ણતાએ રક્ષણ થવાથી તેનાં તેજસ્વીતા તથા કાર્યશક્તિ વધતાં જશે, અને માર્ગ આરાધવાની અમારી ભાવના દૃઢ બનતી જશે, કેમકે સિદ્ધ થતી વખતે તમે જીવ સમસ્તના કલ્યાણ માટે વેદેલા ભાવથી નિષ્પન્ન થયેલા કલ્યાણનાં પરમાણુઓની ભેટ તમે શ્રી પંચપરમેષ્ટિ ભગવંતની આજ્ઞાનુસાર આપી અમ જેવા જગતજીવો પર ઘણો ઘણો ઉપકાર કરી, સમયમાત્રની પણ ખાંચ વગર શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞા પાળી રહ્યા છો. આવા ઉત્તમ પરમાણુઓ ગ્રહણ કરવાની આજ્ઞા પામવાના આશયથી આપને સવિનય વંદન કરી, અમે અમારી તેજસ્વી થતી ઇન્દ્રિયોનો સદુપયોગ આત્મશુદ્ધિ માટે કરતા રહીએ એ જ પ્રાર્થીએ છીએ.

**નમો આયરિયાણં** – અહો! ગણધર પ્રમુખ આચાર્યજી! આપને સવિનય વંદન કરી વિનંતિ કરીએ છીએ કે અમારાં છાતી, પેટ અને પીઠનું રક્ષણ તમારા આજ્ઞાધીનપણાના ગુણના ઉપયોગ સહિત કરજો, જેથી અમારું તમ સહુ પ્રતિનું આજ્ઞાધીનપણું સતત વધતું જાય. વળી, આપના ઉત્તમ આચારના અભ્યાસના પ્રભાવથી અમે પણ શ્રી અરિહંત પ્રભુએ રચેલા અને શ્રી સિદ્ધપ્રભુએ જગતનાં જીવોને ભેટ આપવા માટે ત્યાગેલાં કલ્યાણનાં ઉત્તમોત્તમ પરમાણુઓ ગ્રહણ કરવા આપની કૃપાથી અને આજ્ઞાથી સમર્થ થતાં જઈએ. પરિણામે ભાવિમાં એવા જ ઉત્તમ પરમાણુઓ જગતને ભેટ આપવા સક્ષમ થતાં જઇએ. આપ સહુની અસીમ કૃપાથી આપના આચારની વિશુદ્ધિ અમને પ્રત્યેક ક્ષણે પ્રાપ્ત થતી જાય, એટલું જ નહિ પણ સાથે સાથે અમારાં અંતરાય તથા મોહનીય કર્મનો એવી જ ત્વરાથી ક્ષય થતો જાય તે માટે પ્રાર્થીએ છીએ.

**નમો ઉવજ્ઝાયાણં** – અહો! પરમ કલ્યાણસાગર શ્રી અરિહંત પ્રભુએ બોધેલા માર્ગનું પ્રભુની આજ્ઞાથી ઉત્તમતાએ અધ્યયન કરી અન્યને અધ્યયન કરાવનાર શ્રી ઉપાધ્યાયજીને અમારાં વંદન હોજો! અમે આપને હ્રદયપૂર્વક વિનંતિ કરીએ છીએ કે જગતપિતાને આજ્ઞાધીન રહી તમે અમારાં બંને બાહુનું રક્ષણ કરજો. પંચપરમેષ્ટિની આજ્ઞામાં રહી અમને સર્વ પ્રકારનાં અઘાતી કર્મોને નિવૃત્ત કરવાની રીત શીખવવા

અમારા હાથમાં ધર્મરૂપી શસ્ત્ર આપજો. આ શસ્ત્રનો સદુપયોગ કરી, આજ્ઞામાર્ગને અનુસરી અમે પૂર્ણ આજ્ઞાધીન થવાનો પુરુષાર્થ કરતા રહીએ, એટલું જ નહિ પણ, અન્યને ય એ કાર્યમાં પારંગત થવા ઉપયોગી થઈ શકીએ એવી કૃપા તમે અમારા પર વરસાવતા રહેજો.

**નમો લોએ સવ્વસાહૂણં** – અનાદિકાળથી જગતની મોહમાયામાં ફસાયેલા તથા સબડતા જીવોને, પ્રભુકૃપાથી અને પ્રભુઆજ્ઞાથી સમસ્ત જીવો માટે કલ્યાણભાવ વેદી, મોક્ષપ્રાપ્તિના માર્ગના આજ્ઞામાર્ગની આદિમાં સમાવિષ્ટ કરનાર તથા કરાવનાર એવા લોકના સમગ્ર સાધુસાધ્વીજીને અમારાં વંદન હોજો. આજ્ઞામાર્ગમાં ચાલવાનો આરંભ કરી, તે માર્ગના અંત સુધી પહોંચવાના પુરુષાર્થમાં સતત જાગૃત રહેનાર સાધુસાધ્વીજી ! અમે તમોને અમારા પગનું રક્ષણ કરવા વિનંતિ કરીએ છીએ. અમને પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞારૂપ મોજડી પગમાં પહેરાવી કલ્યાણમાર્ગમાં ત્વરાથી ચાલવા ખૂબ સહાય કરજો; આ અમારી હ્રદયપૂર્વકની પ્રાર્થના સ્વીકારજો. અમને લક્ષ છે કે એના થકી જ અમારું સંસારનું અનાદિકાળનું પરિભ્રમણ શાંતતા પામવાનું છે. એટલે એમ કે અમે સંસારની લાલચોથી મુક્ત થઈ સિદ્ધભૂમિનાં શાશ્વત સુખ માણવા ભાગ્યશાળી બનવાના છીએ. સર્વ પંચપરમેષ્ટિ ભગવંતની આજ્ઞા મેળવવારૂપ કૃપા થકી અમે સર્વ ઘાતી તેમજ અઘાતી કર્મોથી છૂટકારો પામવાના જ છીએ એ શ્રદ્ધાન સાથે ભાવપૂર્વક વંદન કરીએ છીએ.

**એસો પંચ નમુક્કારો, સવ્વ પાવ પણાસણો** – આજ્ઞા પામવાના અને આજ્ઞામાં રહેવાના ઉત્તમ ભાવ સાથે કરેલા આ પાંચે નમસ્કાર સર્વ પ્રકારનાં પાપનો અર્થાત્ કર્મનો નાશ કરાવનાર છે. આ પ્રકારે શ્રી પંચપરમેષ્ટિ ભગવાનને આજ્ઞાધીન થવાથી જીવને અનેક ભયથી ભરેલા સંસારસમુદ્રને તરવા માટે એક સુંદર તથા સુરક્ષિત આસનની પ્રાપ્તિ થાય છે. અને તે આસનને ફરતો આજ્ઞાના કવચરૂપ મજબૂત કિલ્લો પણ તૈયાર થાય છે. આ કિલ્લો, જીવ પર આવતાં કર્મના હલ્લા સામે સતત રક્ષણ આપ્યાં કરે છે.

**મંગલાણં ચ સવ્વેસિં, પઢમમ્ હવઈ મંગલં** – શ્રી પંચપરમેષ્ટિ ભગવંતને આજ્ઞાધીન થવાના ભાવથી કરાયેલા નમસ્કાર સૌથી વિશેષ મંગલરૂપ છે. કેમકે જ્યારે જ્યારે જીવ પ્રભુની આજ્ઞા પાળે છે ત્યારે ત્યારે તેની આજ્ઞાપાલનની શુધ્ધતાના પ્રમાણમાં તેની આત્મિક શુદ્ધિ તથા સુખના માર્ગમાં પ્રગતિ તથા સિદ્ધિ થાય છે અને જ્યારે તે પરિપૂર્ણ કલંકરહિત આજ્ઞાપાલન કરે છે ત્યારે તે સનાતન શાશ્વત આત્મિક સુખને મેળવે છે. આમ આજ્ઞાપાલન સહિત શ્રી પંચપરમેષ્ટિ ભગવંતને કરેલા નમસ્કાર પ્રથમ અર્થાત્ સર્વોત્તમ મંગલ છે. આ નમસ્કારના પ્રભાવથી આજ્ઞાના કિલ્લા થકી રચાયેલા કવચના ફરતી એક આગઝરતી ખાઈની રચના થાય છે, જેમાં નવાં આવતાં કર્મો બળીને ભસ્મીભૂત થઈ જાય છે. ઉપરાંત, પ્રભુની આજ્ઞામાં રહેવાથી જીવનાં મસ્તક ઉપર સુરક્ષિત છાયા આપનાર છત્ર રચાય છે, જે આત્મસ્વરૂપનું સર્વાંગી રક્ષણ કરી, જીવને એક સમય માટે પણ સ્વચ્છંદમાં જવા દેતું નથી.

આ રીતે આજ્ઞાપાલન કરવાના શુભ આશયથી શ્રી પંચપરમેષ્ટિ ભગવંતને ઉત્તમ ભાવ સહિત વંદન કરવામાં આવે છે ત્યારે જીવને સંસાર સાગર તરવા નૌકા સમાન આસન પ્રાપ્ત થાય છે, આસનના ફરતો કર્મથી અભેદ્ય એવો કિલ્લો રચાય છે, કિલ્લાના ફરતી કર્મોને ભસ્મીભૂત કરતી આગઝરતી ઊંડી ખાઈની રચના થાય છે, અને તે કિલ્લાના ઉપરના ભાગમાં છત્રછાયાની રચના દ્વારા આત્માને કર્મપુદ્ગલની વર્ગણાથી સર્વથા સુરક્ષિત બનાવે છે.

આ રીતે જીવસમસ્ત માટે કલ્યાણભાવ સેવતા શ્રી પંચપરમેષ્ટિ ભગવંતને આજ્ઞાધીન થઈ નમસ્કાર કરવાથી, તેમના માટે ઊંડો સદ્ભાવ કરવાથી જીવ નિત્યનિગોદમાંથી છૂટી, સંજ્ઞીપંચેન્દ્રિયપણું પ્રાપ્ત કરી, અંતર્વૃત્તિસ્પર્શથી આધ્યાત્મિક વિકાસ શરૂ કરી સિદ્ધ થવા સુધીની આત્મિક સિદ્ધિ હાંસલ કરે છે. આવા ઉપકારી શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ ત્રિકાળ જયવંત વર્તો! તેઓ સદાકાળ આપણા હ્રદયમાં બિરાજમાન હો!

ૐ શાંતિ:

विमुच्य शुद्धचिद्रूपचिंतन ये प्रमादिन ।
अन्यत् कार्यं य कुर्वंति ते पिबंति सुधां विषं ।।१८।।
विषयानुभवे दुःखं व्याकुलत्वात् सतां भवेत् ।
निराकुलत्वतः शुद्धचिद्रूपानुभवे सुखं ।।१९।।

શુદ્ધ ચિદ્રૂપ ચિંતન તજી અન્ય જે,
કાર્ય કરવા પ્રમાદી પ્રવર્તે;
તે જનો પાન પિયૂષનું છોડીને,
વિષપાને અહો કેમ વર્તે?
વિષયસુખ અનુભવે વ્યાકુલિત મન બને,
દુઃખ ત્યાં તેથી તત્વજ્ઞ માને;
શુદ્ધ ચિદ્રૂપના અનુભવે સુખ મહા!
ત્યાં નિરાકુલતા નિત્ય માણે. ૧૮-૧૯.

– તત્ત્વજ્ઞાન તરંગિણી
ભટ્ટારક શ્રી જ્ઞાનભૂષણ
(અધ્યાય ચોથો)

# પરિશિષ્ટ ૧

# પારિભાષિક શબ્દોનો કોષ

**ૐ ધ્વનિ** - પંચપરમેષ્ટિનાં કલ્યાણના ભાવના સમુહમાંથી ઊઠતો નાદ જે 'ઓમ' જેવા ઉચ્ચારવાળો હોય છે.

**અનભિસંધિજ વીર્ય** - અનભિસંધિજ વીર્યથી જીવ અકામ પુરુષાર્થ કરે છે. જીવના ભાવાનુસાર તેના આત્માના અમુક ભાગમાંથી કર્મ પુદ્ગલને લીધે વીર્ય ઉત્પન્ન થાય છે. જેટલા અંશે જીવ માત્ર ઇન્દ્રિયના સાધનથી ભાવ વેદે છે, સંજ્ઞાનો ઉપયોગ નથી કરતો, તેટલા અંશે એ વીર્ય અનભિસંધિજ વીર્યરૂપે સ્ફૂરે છે.

**અનંતગુણ વિશિષ્ટ આત્મભાવ** - જીવમાં પ્રતિક્ષણે આત્મા સાથેનો તાદાત્મ્યભાવ ખૂબ ઝડપથી વધે ત્યારે તે અનંતગુણ વિશિષ્ટ આત્મભાવ બને છે.

**અનાહદ ધ્વનિ** - અંતરમાંથી ઊઠતો અવાજ. જે જીવને સત્યમાર્ગનું નિર્દેશન કરે છે.

**અપ્રમત્તભાવ** - પ્રમાદરહિતપણું.

**અભિસંધિજ વીર્ય** - અભિસંધિજ વીર્યથી જીવ સકામ પુરુષાર્થ કરી શકે છે. જીવના ભાવાનુસાર તેના આત્માના અમુક ભાગમાંથી કર્મ પુદ્ગલને લીધે વીર્ય ઉત્પન્ન થાય છે. જેટલા અંશે જીવ પોતાના ભાવ સંજ્ઞા દ્વારા વેદે છે તેટલા અંશે એ વીર્ય અભિસંધિજ વીર્યરૂપે સ્ફૂરે છે.

**અભેદતા** - પ્રભુ અને ૐની આજ્ઞાના ઉપયોગથી જીવ સ્વાત્મા સાથેના ભેદનો ત્યાગ કરે તે અભેદતા.

**અમૃતસાગર** - અમૃત એટલે સુધારસ. સુધારસનો સમુદ્ર એ અમૃતસાગર. અમૃતનું પાન કરવાથી અમર થવાય છે. જીવ શુક્લધ્યાનમાં પાંત્રીસ મિનિટે પહોંચતા અમૃતસાગરની દશા પામે છે.

**અહોભાવ** - કોઈ ઉત્તમ આત્મા કે ગુણ માટે આદરભાવ, પૂજ્યભાવ આદિ વેદવા તે.

**અસ્તિકાય** - પ્રદેશોના સમૂહવાળું દ્રવ્ય. તે અનેક પ્રદેશોમાં વ્યાપી, અનેક ગુણ અને પર્યાય સહિત જેનો અસ્તિત્વ સ્વભાવ છે તે અસ્તિકાય. તેવા પાંચ દ્રવ્યો છે - ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને જીવ.

**અંતર્મુખ** - આત્મા(સ્વભાવ) - પરમાત્મા તરફ વળેલી જીવની વૃત્તિ.

**અંતરાય કર્મ (અશુભ પર્યાય)** - મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય તથા યોગ એ પાંચ વિભાવના કારણો થકી પાંચ મહાવ્રતનો ભંગ કરી અંતરાયની અશુભ પર્યાય બાંધે છે. અંતરાય કર્મથી, જીવને જે મેળવવું હોય તેમાં વિઘ્ન આવે છે.

**અંતરાય કર્મ (શુભ પર્યાય)** - જીવ જ્યારે સ્વભાવમાં હોય છે ત્યારે વિભાવનાં અંતરાય બાંધે છે જેના લીધે સ્વભાવનો અનુભવ સંભવિત બને છે. આ અંતરાયની શુભ પર્યાય છે.

**અંતરાય કર્મ (શુધ્ધ પર્યાય)** - અંતરાયની શુધ્ધ પર્યાયમાં જીવ સ્વરૂપમાં એકાકાર બની, શુભાશુભ બંધનથી પર બને છે. તે સિદ્ધાત્માની અવસ્થા છે.

**અંતરાય ગુણ** - જ્યારે જીવનાં અંતરાય કર્મ અંતરાયગુણમાં પલટાય છે, ત્યારે એ જીવ કર્મનાં પુદ્‌ગલ પરમાણુઓને ખેરવી સ્વરૂપની સન્મુખ જઈ શકે છે. આત્મા જ્યારે સ્વભાવમાં હોય છે ત્યારે તે રૂપી(જડ) પદાર્થ એટલે કે કર્મ માટે અંતરાયરૂપ નીવડે છે. સ્વરૂપની સન્મુખ જવાથી તે જીવ વિભાવ પ્રત્યે અંતરાય વેદી અંતરાય ગુણને ખીલવે છે. અંતરાયકર્મને અંતરાયગુણમાં રૂપાંતરિત કરવા માટે જીવે આજ્ઞામાર્ગ આરાધવો જરૂરી છે, કારણ કે વિભાવથી બાંધેલા અંતરાય કર્મ શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓથી અંતરાયગુણમાં પરિવર્તિત થાય છે.

**અંતરાય કર્મ, કર્મપ્રેરિત** - ઘાતીકર્મના આધારે બંધાતા અઘાતી કર્મ પર બેસતું અંતરાય કર્મ.

**અંતરાય, પરમાર્થ** - જીવ જ્યારે વિભાવમાં હોય છે ત્યારે તે સ્વરૂપ પ્રતિની અથવા પરમાર્થની અંતરાય બાંધે છે તથા વેદે છે. આત્માનાં મૂળભૂત જ્ઞાન, દર્શન તથા ચારિત્રને ખીલવા ન દે તે પરમાર્થ અંતરાય.

**અંતરાય, વિભાવપ્રેરિત** - જીવ જ્યારે વિભાવમાં જાય છે ત્યારે તે પોતાના આત્માને તેનાં સહજ સ્વરૂપથી તત્કાલ વંચિત કરે છે. તેથી વિભાવ કરતી વખતે જીવ અંતરાય કર્મ બાંધવા સાથે કર્મની મૂળ સાત કે આઠ પ્રકૃતિનો બંધ કરે છે. આ છે વિભાવપ્રેરિત અંતરાય કર્મ.

**આંતરમૌન** - જીવ જ્યારે મનને પ્રભુને આજ્ઞાધીન બનાવી, વિભાવથી દૂર કરે છે, ત્યારે તે જીવ આંતરમૌન સેવે છે.

**આત્મરસ** - આત્મામાં ઉત્પન્ન થતો સ્વ પ્રતિનો રસ (આકર્ષણ), જેમાં આત્માને શુદ્ધ કરવાનો ભાવ મુખ્યપણે વર્તતો હોય ત્યારે તે આત્મરસ કહેવાય છે.

**આત્મસ્થિરતા** - આત્મપ્રદેશોનું અકંપન જેના લીધે કર્માશ્રવ અતિ અલ્પ અને શુભ પરમાણુમય બને.

**આત્માનુબંધી યોગ** - છેલ્લા આવર્તનના સંજ્ઞી પંચેન્દ્રિપણામાં બે જીવો વચ્ચેનો ૩૫૦ ભવથી વધારે ભવનો એક જ પ્રકારનો શુભ સંબંધ.

**આત્માનુયોગ** - બે જીવો વચ્ચેનો સંજ્ઞીપંચેન્દ્રિયપણામાં રહેલો લગભગ ૨૦૦ ભવનો શુભ સંબંધ, તેમાં ગમે તે સગપણયોગ ચાલે. (છેલ્લા આવર્તનમાં)

**આત્મિક શુદ્ધિ** - *શુદ્ધિ(આત્મિક) જુઓ.*

**આશ્રવ (અકામ)** - જે કર્મ/કાર્ય જીવ ઈચ્છારહિતપણે કરી કર્તા થાય અને કર્મને આવકારે છે તે. (ઉદા. કેવળીપ્રભુનું યોગ સાથે જોડાવું, મહા મુનિઓનો ઉદયગત વ્યવહાર વગેરે).

**આશ્રવ (સકામ)** - જે કર્મ/કાર્ય જીવ ઈચ્છાપૂર્વક કરી કર્મનો કર્તા થાય છે અને કર્મને આવકારે તે.

**આશ્રવગુણ** - આશ્રવગુણ થકી જીવ મુક્ત થવામાં સહાય કરે તેવાં કલ્યાણનાં પરમાણુઓ ગ્રહણ કરે છે.

**આહાર** - જીવ મન, વચન કે કાયાના યોગ(પાંચ ઇન્દ્રિય તથા સંજ્ઞા)ની સહાયથી કર્મ પુદ્ગલ પરમાણુ ગ્રહણ કરે છે તે તેનો સૂક્ષ્મ આહાર છે. જીવ મુખ દ્વારા સ્થૂળ આહાર કરે છે.

**આજ્ઞા** - આજ્ઞા એ મુખ્યત્વે જીવનાં પાંચ સમવાય, ઉદયગત કર્મ અને વર્તમાન શુદ્ધિ તથા સિદ્ધિને આધારે (તેના ગુરુ અથવા પ્રભુએ) આપેલી શીખામણ છે જેનાં પાલનથી આત્મા પ્રગતિ કરી શકે છે.

**આજ્ઞા (અપૂર્ણ)** - આત્મસુખની ઇચ્છા ઉપરાંત સંસારી શાતાના અભિલાષથી ગુરુ તથા પ્રભુની આજ્ઞામાં રહેવું.

**આજ્ઞા (આજ્ઞામાર્ગની)** - છઠ્ઠા સાતમા ગુણસ્થાને આવ્યા પછી જે શુદ્ધિથી આજ્ઞા પાળી શકે તે આજ્ઞા માર્ગની આજ્ઞા પાળી કહેવાય.

**આજ્ઞા (નિર્વાણ)** - શ્રેણિમાં રહી જીવ જે આજ્ઞાપાલન કરે છે તે નિર્વાણ માર્ગની આજ્ઞા પાળે છે, તેમાં વિશુદ્ધિ અને આજ્ઞાધીનપણું વધારે હોય છે.

**આજ્ઞા (પરમ)** - આજ્ઞા મેળવવાનો અને પાળવાનો ઉત્તમ ભાવ તથા પ્રયત્ન - (કોઈ પણ અવસ્થાએ) તે પરમ આજ્ઞાનું પાલન.

**આજ્ઞા (પરા)** - કેવળીપર્યાયનું આજ્ઞાપાલન.

**આજ્ઞા (પરિનિર્વાણ)** - સિદ્ધાવસ્થાનું આજ્ઞાપાલન.

**આજ્ઞા (પૂર્ણ)** - માત્ર આત્મસુખની ઇચ્છાથી ગુરુ અને પ્રભુની આજ્ઞામાં રહેવું, તેમની ઇચ્છાએ વર્તવું. બીજી રીતે કહીએ તો, પૂર્ણ આજ્ઞા એટલે જીવ વર્તમાનનાં શુભાશુભ કારણો, સ્થિતિ, સંજોગ તથા ભાવમાં, શ્રી પ્રભુની આજ્ઞા અનાહદ ધ્વનિ અથવા ૐ ધ્વનિથી સાંભળી એ જ પ્રમાણે ભાવ, વાણી તથા વર્તન પ્રવર્તાવે; અને મહદ્ અંશે કર્મની નિર્જરા કરે તે.

**આજ્ઞા (પૂર્ણાતિપૂર્ણ)** - પૂર્ણાતિપૂર્ણ આજ્ઞા એટલે જીવ ત્રણે કાળનાં શુભાશુભ કારણો, સ્થિતિ, સંજોગ તથા ભાવમાં, શ્રી પ્રભુની આજ્ઞા અનાહદ ધ્વનિ અથવા ૐ ધ્વનિથી સાંભળી એ જ પ્રમાણે ભાવ, વાણી તથા વર્તન પ્રવર્તાવે.

**આજ્ઞાકવચ, પ્રત્યક્ષ સદ્ગુરુ** - જીવ જ્યારે સદ્ગુરુનું શરણ ગ્રહણ કરે છે અને તેમની આજ્ઞાએ ચાલવાનો પુરુષાર્થ કરે છે ત્યારે તે સદ્ગુરુનાં કલ્યાણભાવનાં પરમાણુથી બનેલા સ્કંધોને ગ્રહણ કરે છે. તે દ્વારા તે જીવાત્માને સદ્ગુરુનાં કલ્યાણનાં પરમાણુઓથી બનેલા કવચનું (બખ્તરનું) રક્ષણ મળે છે.

**આજ્ઞાકવચ, સર્વ સદ્ગુર** - ક્ષાયિક સમકિત લેવાની પ્રક્રિયા વખતે જીવ પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓ ગ્રહણ કરે છે ત્યારે તેમાં સદ્ગુરુને લગતાં પરમાણુઓ વધારે હોય છે. આથી તેનાં કર્મ પુદ્ગલનાં પરમાણુઓ ઉપર સર્વ સદ્ગુરુનું કવચ બને છે. પ્રત્યક્ષ સદ્ગુરુનાં કવચ કરતાં આ કવચ વિશેષ શક્તિશાળી તથા મજબૂત હોય છે.

**આજ્ઞાકવચ, સર્વ સત્પુરુષ** - છઠ્ઠા ગુણસ્થાનની પ્રાપ્તિ વખતે જીવ સત્પુરુષની આત્મદશાથી આગળ વધ્યા હોય તેવા પરમેષ્ટિ પદના ધારક મહાત્મા પુરુષનાં કલ્યાણનાં પરમાણુઓના સ્કંધ

ગ્રહણ કરે છે. તે દ્વારા તે જીવને સર્વ સત્પુરુષનું આજ્ઞા કવચ પ્રાપ્ત થાય છે.

**આજ્ઞાકવચ, પંચપરમેષ્ટિ** - ક્ષપક શ્રેણિમાં સર્વ ઘાતીકર્મોનો પૂર્ણતાએ ક્ષય કરવા માટે પંચપરમેષ્ટિ ભગવંતના કલ્યાણનાં પરમાણુઓના સ્કંધ ગ્રહણ કરે છે. એક જ સ્કંધમાં પાંચે પરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓ સમાવેશ પામ્યા હોય છે, જે કર્મને ક્ષીણ કરવામાં મદદ કરે છે.

**આજ્ઞાતપ** - આજ્ઞાતપ એટલે આજ્ઞારૂપી ધર્મ માટે જે જે સુખબુદ્ધિરૂપ અંતરાયાદિ પુદ્ગલ પરમાણુઓ આડા આવે છે એને ખસેડવા આત્મસ્વભાવરૂપી મૂળ સ્વભાવદશાની સહજદશા ઉત્પન્ન કરનાર પ્રક્રિયા કરવી. આ તપમાં જીવ પૂર્વ સંચિત વિભાવ પરમાણુઓ નિર્જરાવે છે અથવા તેનો નિહાર કરે છે.

**આજ્ઞાધર્મ** - આજ્ઞાધર્મ એટલે આજ્ઞાનો આશ્રવ, જેનાથી જીવ એના મૂળ ધર્મ તરફ ગુણાશ્રવ કરતો જાય છે.

**આજ્ઞામાર્ગ** - આ માર્ગમાં જીવ અંતરંગથી પોતાનાં મન, વચન તથા કાયાને સર્વ સદ્ગુરુનાં શરણમાં સોંપે છે, પોતાની મતિકલ્પનાને અલ્પ તથા ન્યૂન જાણી, તેને તે ત્યાગતો જાય છે, અને પોતે માત્ર પરમ સેવક તથા ઉપાસકરૂપે પોતાની અંતરંગ ચર્યા ઘડતો જાય છે. આ માર્ગ પાંચમા ગુણસ્થાનના મધ્યમભાગથી શરૂ કરી છઠ્ઠા ગુણસ્થાનના અંત સુધી કાર્યરત રહે છે. પછીથી તેની વિશુદ્ધિ અને વિશેષતા વધતાં જાય છે.

**આજ્ઞારસ** - આજ્ઞારસ એ આત્મપ્રદેશની શુભ તથા શુદ્ધ પરિણતિનો યોગ્ય આહાર છે. જીવે સેવેલા કલ્યાણભાવના આધારે આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપને ફેલાવવા માટે આજ્ઞારસ એક આત્મિક ભાવરસ રૂપ માધ્યમ છે. આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપમાં થોડા જીવો કે સમસ્ત જીવો માટે વેદાયેલો કલ્યાણનો અપૂર્ણ ભાવ જે પુદ્ગલ પરમાણુઓમાં સમાયો છે તે આજ્ઞારસ છે. એ અપૂર્ણ ભાવ પુદ્ગલ પરમાણુઓમાં ભાવરસરૂપે સમાય છે. તેમાં આજ્ઞાધર્મ, આજ્ઞાતપ સાથે કલ્યાણભાવ પણ સમાયેલા હોય છે. આજ્ઞારસ ત્રણ પ્રકારે છે : સ્વકલ્યાણક, પરકલ્યાણક તથા સ્વપરકલ્યાણક.

**આજ્ઞારસ (ગુણપ્રેરિત)** - જીવ પોતાના ગુણો ખીલવતા ખીલવતા પ્રભુને વિશેષ વિશેષ આજ્ઞાધીન થતો જાય છે, અને એ દ્વારા પ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓમાંથી આજ્ઞારસ મેળવતો જાય છે. તે ગુણપ્રેરિત આજ્ઞારસ કહી શકાય.

**આજ્ઞારસ (ચેતન પ્રેરિત)** - કર્મરહિત થયા પછી આત્મા જે આજ્ઞારસ મેળવે છે, તે ચેતનમાંથી નિષ્પન્ન થયેલો હોય છે, આજ્ઞાને મેળવવા કે પાળવામાં પુદ્ગલનું માધ્યમ રહેતું નથી, તેવો આજ્ઞારસ ચેતનપ્રેરિત છે.

**આજ્ઞારસ (પુદ્ગલ પ્રેરિત)** - મહાસંવર માર્ગમાં જીવ, અજીવનાં માધ્યમથી આજ્ઞારસનો આશ્રવ કરે છે, કર્મની નિર્જરા કરે છે અને એ જ આજ્ઞારસથી યોગ્ય વિહાર પણ કરે છે. આ પ્રક્રિયા પુદ્ગલરૂપી કલ્યાણનાં પરમાણુની સહાયથી કરવામાં આવે છે તેથી તે પુદ્ગલ પ્રેરિત આજ્ઞારસ કહેવાય છે.

**આજ્ઞારૂપી તપ** - આત્માની શુદ્ધિ વધારવાના આશયથી જીવ પ્રયત્નવાન થાય છે ત્યારે તે પ્રભુની ઈચ્છાને સમજી પોતાને આડાં આવતાં

કર્મોનો ખે કરવા જે આંતરબાહ્ય પુરુષાર્થ કરે છે તે આજ્ઞારૂપી તપ કહેવાય.

**આજ્ઞારૂપી ધર્મ** - આજ્ઞારૂપી ધર્મ તે નિજ સ્વભાવની પરમ ઈષ્ટ, સમાધિમય, સ્થિર, વીતરાગમય દશા છે. એ સ્વરૂપ આનંદમય તથા ગુણગ્રહણ સંપન્ન ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

**આજ્ઞાવીર્ય** - આજ્ઞાધીન થવાથી જીવમાં જે વીર્ય (શક્તિ) ઉત્પન્ન થાય છે તે, અને જે વીર્ય આજ્ઞામાં રહેવા ઉપકારી થાય છે તે.

**કલ્યાણપ્રેરિત મહાસંવરમાર્ગ** - *મહાસંવર (કલ્યાણપ્રેરિત) જુઓ.*

**કલ્યાણભાવ** - સહુને સુખ મળે અને સહુ સંસારથી મુક્તિ પામે એ પ્રકારની ભાવનાને કલ્યાણભાવ કહેવાય.

**કલ્યાણમાર્ગ** - આ માર્ગમાં જીવ ગુણોના આશ્રવનો મુખ્ય લક્ષ તથા પુરુષાર્થ રાખી, પુદ્ગલનાં સંવર તથા નિર્જરાને સહજાસહજ થવાં દે છે.

**કલ્યાણરસ** - પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુમાંથી ઉપજતો કલ્યાણ તરફ દોરી જતો ભાવરસ.

**કવચ (આજ્ઞા)** - *આજ્ઞાકવચ જુઓ.*

**કવચ (સુખબુદ્ધિનું)** - કવચ એટલે પડળ. સંસારમાં સુખ છે એ ભાવને મજબૂત કરનાર પુદ્ગલ પરમાણુઓનો જમાવ આત્મપ્રદેશ પર થાય તે સુખબુદ્ધિનું કવચ કહેવાય.

**ક્રિયામાર્ગ** - બાહ્યક્રિયાઓ કરી સિદ્ધિ મેળવવાનો પુરુષાર્થ, તે ક્રિયામાર્ગ. તેમાં જ્ઞાન, ભક્તિ આદિનું ગૌણપણું હોય છે.

**કેવળ લગભગ ભૂમિકા** - કેવળી ભગવાન જે વીતરાગતા ભોગવે છે, તેના લગોલગની વીતરાગતાનો અનુભવ જે ભૂમિકાએ થાય તે.

**કેવળીગમ્ય પ્રદેશ** - કેવળીગમ્ય પ્રદેશ એટલે કેવળીપ્રભુ જેવા શુદ્ધ પ્રદેશો જેમાં માત્ર શુભ અઘાતી કર્મો જ હોય છે, એક પણ ઘાતી કર્મ કે અશુભ અઘાતી કર્મનું પરમાણુ તેના પર ચીટકી શકતું નથી. આવા આઠ પ્રદેશ થાય છે.

**કેવળીગમ્ય પ્રદેશ (સક્રિય)** - જીવ શુદ્ધિની અમુક અવસ્થાએ પહોંચે ત્યારે તેના કેવળીગમ્ય પ્રદેશો શરીરની બહાર નીકળી, લોકમાંથી કલ્યાણનાં પરમાણુ સ્વીકારી શકવા સમર્થ થાય છે ત્યારે તે પ્રદેશ સક્રિય થયા કહેવાય.

**કેવળીપ્રભુનો સાથ** - જીવને આઠ સમયની દેહાત્માની ભિન્નતાથી શરૂ કરી પ્રત્યેક પ્રગતિમાં મળતી કેવળી પ્રભુની સહાય.

**ગ્રંથિભેદ** - આત્મપ્રદેશો પર ઘાતી કર્મોનો જમાવ ઘટ્ટ હોવાથી ગ્રંથિ જેવું કામ કરે છે. આ સર્વ ઘાતી કર્મો તથા સર્વ અશુભ અઘાતી કર્મ આત્મપ્રદેશ પરથી નીકળી જાય ત્યારે તેણે પ્રથમ ગ્રંથિભેદ કર્યો કહેવાય. તે પછી ક્ષાયિક સમકિત લેતી વખતે અને કેવળજ્ઞાન લેતાં જીવ ગ્રંથિભેદ કરે છે.

**ગુણશ્રેણિ** - આત્માના ગુણો જેટલા કાળ માટે પ્રત્યેક સમયે એકધારા વધતા રહે તે કાળ ગુણશ્રેણિનો કહેવાય.

**ગુણાશ્રવ** - આશ્રવ એટલે સ્વીકારવું. ગુણનો આશ્રવ કરવો તે ગુણાશ્રવ.

**ચતુરંગીય** - શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં મહાવીરપ્રભુનો છેલ્લો ઉપદેશ ગ્રંથસ્થ થયો છે. એમાં ચતુરંગીય નામના અધ્યયનમાં સત્દેવ, સદ્‌ગુરુ અને સદ્‌ધર્મને પ્રાપ્ત કરવા માટે ચાર લક્ષણો પરમ દુર્લભ બતાવ્યાં છે – માનવતા(મનુષ્યત્વ), શ્રુતિ (સદ્‌ધર્મનું શ્રવણ), શ્રદ્ધા અને શ્રમ(પુરુષાર્થ).

**ચૈતન્યઘન/ચેતનઘન** - શુધ્ધ આત્માનું ઘન સ્વરૂપ. તે આત્મા એવો ઘટ્ટ હોય છે કે તેના પર પુદ્‌ગલનું એકપણ પરમાણુ રહી શકતું નથી.

**છઠ્ઠું ગુણસ્થાન (ઉત્કૃષ્ટ)** - મન,વચન તથા કાયાના યોગને પ્રભુને આજ્ઞાધીન રાખવા તે. છઠ્ઠા ઉત્કૃષ્ટે જીવનો સ્વચ્છંદ મહદ્ અંશે ક્ષીણ થયો હોય છે.

**તાવત્ પ્રદેશી** - તે પ્રદેશથી.

**ધર્મરસ** - ધર્મનું આચરણ કરવાની ઇચ્છા.

**નિર્ગ્રંથમાર્ગ** - આ માર્ગમાં જીવ પોતાનાં આંતરબાહ્ય સમૃદ્ધિ, શક્તિ, વૈભવ આદિનું મમત્વ ત્યાગી, તેને શ્રી સત્પુરુષને અર્પણ કરી દે છે. અને તે સત્પુરુષ સાથે એકરૂપ થઈ, સ્વચ્છંદનો રોધ કરી, પોતાનાં અસ્તિત્વને સત્પુરુષમાં સમાવી દે છે. આ માર્ગ સાતમા ગુણસ્થાનના પ્રારંભથી શરૂ કરી, તેના અંત સુધી મુખ્યતાએ પ્રવર્તે છે.

**નિર્જરા (અકામ)** - જે કર્મ/કાર્ય જીવ અનિચ્છાપૂર્વક ભોગવી ભોક્તા થાય છે.

**નિર્જરા (સકામ)** - જે કર્મ/કાર્ય જીવ ઇચ્છાપૂર્વક ભોગવી ભોક્તા થાય છે.

**નિર્જરા માર્ગ** - આ માર્ગમાં જીવ સંવર કરી કર્મ રોકવા કરતાં પૂર્વ સંચિત કર્મોની નિર્જરા વધારી કર્મભાર ઓછો કરે છે.

**નિર્જરાપ્રેરિત સંવરમાર્ગ** - નિર્જરા માર્ગ આરાધવાના અનુસંધાનમાં આવતો સંવર.

**નિર્વાણમાર્ગ** - આ માર્ગમાં જીવ પોતાના આત્માના ગુણોની પૂર્ણતાએ ખીલવણી કરી, સિદ્ધ ભગવાનનાં પહેલાં ચાર લક્ષણો – કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત ચારિત્ર તથા અનંતવીર્યની પ્રાપ્તિ કરે છે, જેનાં થકી આત્માને અવ્યાબાધ સુખ મળે છે. તે આઠમા ગુણસ્થાનથી શરૂ કરી બારમા ગુણસ્થાનના અંત સુધી મુખ્યતાએ કાર્યરત રહે છે.

**નિશ્ચયનય** - આત્માની શુદ્ધ સ્થિતિની અપેક્ષા.

**નિહાર** - વપરાયેલા પરમાણુનો ત્યાગ. વિહાર કર્યા પછી તાત્કાલિક ઉપયોગમાં ન આવે તેવો જે ભાગ બચે છે તેને અને જે ઋણ ગ્રહણ કર્યું છે, એની અમુક અંશે નિવૃત્તિ કરવાના આશયથી જીવ તે પરમાણુનો નિહાર કરે છે. વિહારમાં એકઠા થયેલા પરમાણુઓને જીવ પોતાના ભાવ દ્વારા ઈંધન અને અગ્નિ આપે છે. આ બંને મળતાં પરમાણુઓ ગતિ પામે છે, અને નિહારનાં સ્થાન પર ભેગાં થાય છે. નિહાર માટેનાં સ્થાનો છે મનોયોગ, વચનયોગ, કાયયોગ.

**પરમ ભક્તિ** - *ભક્તિ(પરમ) જુઓ.*

**પરમાર્થ લોભ** - આત્માર્થે લાભ મેળવવાની ઇચ્છા.

**પરમાર્થિક સિદ્ધિ** - જીવને પરમાત્મા કે સિદ્ધ પ્રભુ જેવી સિદ્ધિ મળતી જવી; આત્માર્થે થતો વિકાસ.

**પરમાણુ, કલ્યાણનાં** - સહુ જીવોનું કલ્યાણ થાય એ ભાવના કરવાથી જે શુભ કર્મ પુદ્ગલોનો પિંડ રચાય છે તે.

**પરમાણુ, પંચપરમેષ્ટિનાં** - પાંચે પરમેષ્ટિ ભગવંતોએ જે કલ્યાણભાવ વેદ્યા હોય, તે સહુના ઉત્તમ પરમાણુઓમાંથી જે કલ્યાણભાવનો સ્કંધ રચાય છે તે પંચપરમેષ્ટિનાં પરમાણુ કહેવાય.

**પરમાણુ, પૂર્ણ પરમેષ્ટિ** - તીર્થંકર પ્રભુ સર્જિત પંચ પરમેષ્ટિનાં કલ્યાણ પરમાણુ, જેમાં પૂર્ણ આજ્ઞારૂપી ધર્મ તથા પૂર્ણ આજ્ઞારૂપી તપ રહેલાં છે.

**પરમાણુ, પૂર્ણાતિપૂર્ણ** - પૂર્ણ પરમેષ્ટિ પરમાણુમાં તીર્થંકર પ્રભુ સિદ્ધ તથા અરિહંતનો આજ્ઞારસ પૂરી પૂર્ણાતિપૂર્ણ પરમાણુ બનાવે છે.

**પરમાણુ, સિદ્ધનાં** - સિદ્ધ થતી વખતે, શુદ્ધાત્મા જે કલ્યાણનાં પરમાણુ જગતમાં વેરે છે તે સિદ્ધનાં પરમાણુ તરીકે ઓળખી શકાય.

**પરમાવગાઢ અવધિજ્ઞાન** - ક્ષપકશ્રેણિ માંડવા માટે અવધિજ્ઞાનની જે પ્રકારની શુદ્ધિ જરૂરી છે તે પરમાવગાઢ દશા. તેમાં શુક્લધ્યાનમાં આત્મા નાના સંખ્યાતસમય સુધીની જાણકારી મેળવે છે.

**પરા આજ્ઞા** - *આજ્ઞા(પરા) જુઓ.*

**પરા ભક્તિ** - ઉત્તમ ભક્તિ; જ્ઞાનીપુરુષનાં સર્વ ચારિત્રમાં જીવને ઐક્યભાવનો લક્ષ થવાથી તેના હૃદયમાં વિરાજમાન પરમાત્મા સાથેનો ઐક્યભાવ અર્થાત્ જીવનું મન, વચન તથા કાયાથી ઉત્તમ આજ્ઞાધીનપણું.

**પરિનિર્વાણમાર્ગ** - આ માર્ગમાં જીવ પોતાનાં તેજસ્ તથા કાર્મણ શરીરનો પૂર્ણતાએ ક્ષય કરવાનો પુરુષાર્થ કરે છે અને તે આત્મામાંથી પરમાત્મા બની, સિદ્ધભૂમિમાં સિદ્ધાત્મારૂપે અક્ષય સ્થિતિને પ્રાપ્ત કરે છે. પરિનિર્વાણમાર્ગના બે ભાગ છે — સયોગી પરિનિર્વાણ માર્ગ અને અયોગી પરિનિર્વાણ માર્ગ.

**પ્રદેશોદય (વિપાક)** - ક્ષમાપના કરવાથી જીવ ભાવિમાં ભોગવવાની વેદનાને ઉદેરીને - ઉદ્દીરણા કરીને વર્તમાનના વિપાક ઉદયરૂપે ભોગવે છે — જેને શ્રી પ્રભુ 'વિપાક પ્રદેશોદય' તરીકે ઓળખાવે છે.

**પ્રમાદ** - જીવનું સંસારી પ્રસંગોમાં ઉત્સાહી રહેવું અને આત્મસ્વરૂપની ઉન્નતિમાં ઉદ્યમ ન કરવો અથવા સ્વરૂપ મેળવવા માટેનો અનુત્સાહ રાખવો તે પ્રમાદ.

**પુણ્ય (સંસાર)** - જે પુણ્યથી સંસારનાં સુખ-સુવિધાની વૃદ્ધિ થાય તે.

**પુણ્ય (પરમાર્થ)** - જે પુણ્યથી પરમાર્થ આરાધનની સુવિધા મળે તે, આત્મશુદ્ધિ વધારવા નિમિત્ત મળે.

**પુરુષાર્થ (ચતુરંગીયનું અંગ)** - *શ્રમ (ચતુરંગીયનું અંગ) જુઓ.*

**પૂર્ણ શુધ્ધ સ્વભાવદશા** - પૂર્ણ શુદ્ધિ પામ્યા પછી જે સહજદશાનો — સ્વભાવનો અનુભવ આત્માને થાય છે તે.

**પંચાસ્તિકાય** - અસ્તિકાય એટલે પ્રદેશોના સમૂહવાળું દ્રવ્ય. તેવાં પાંચ દ્રવ્ય છે — ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને જીવ.

**બુદ્ધ** - બોધ પામેલ, સમજણની પૂર્ણતા મેળવનાર.

**બોધરસ (વીતરાગનો)** - બોધરૂપી અમૃત – વીતરાગની વાણી.

**બોધસ્વરૂપ** - યથાર્થ બોધની પ્રાપ્તિનો આરંભ. આ દશા શુક્લધ્યાનની વીસ મિનિટે પહોંચ્યા પછી શરૂ થાય છે.

**ભક્તિ** - ભક્તિ એટલે આત્માએ એના કરતા ઊંચા આત્મા પ્રત્યે એક પ્રદેશથી શરૂ કરી, અનેક પ્રદેશોમાં વેદન કરી, રોમે રોમ અને સર્વ પ્રદેશનાં સર્વ ભાગ અને અનુભાગમાં એ આત્મા પ્રત્યે પ્રેમભાવ, અહોભાવ અને આજ્ઞાભાવ વેદવો.

અથવા

ભક્તિ એ પરમ વિનયવંત, પરમ યાચક અને પરમ શ્રદ્ધાળુ આત્માની, તેના આરાધ્યદેવ, ગુરુ અને ધર્મ પ્રત્યે વિશાળતા વ્યક્ત કરતી, અહોભાવથી નીતરતી; મનોયોગ, વચનયોગ અને કાયયોગથી ઉત્પન્ન થયેલી એવી આત્માની વિચારણા, વાણી અને આચરણા છે.

**ભક્તિ (ગુપ્ત)** - ગુપ્ત ભક્તિ એટલે અત્યાર સુધી જે સંજ્ઞા આજ્ઞાની યથાર્થતાને પોતાના તર્કથી ચકાસતી હતી, તે જ સંજ્ઞા આજ્ઞાનાં ગૂઢ રહસ્યો અને ભેદજ્ઞાનમાં પોતાના તર્કને સમર્પિત કરે.

**ભક્તિ (પરમ)** - ઉત્તમ ભક્તિ જેમાં ભક્તિના ગુણો ઉત્કૃષ્ટતાએ ખીલે છે.

**ભક્તિમાર્ગ** - આ માર્ગમાં સત્દેવ, સદ્‌ગુરુ, સદ્‌ધર્મ તથા સત્શાસ્ત્રો માટે સાધકને અહોભાવ, પ્રેમભાવ, વિનયભાવ, શ્રદ્ધાભાવ, અર્પણભાવ તથા આજ્ઞાભાવ સતત વધતી માત્રામાં વેદાય છે. આ માર્ગ અસંજ્ઞી તથા સંજ્ઞીપણામાં પહેલા ગુણસ્થાનથી શરૂ કરી પાંચમા ગુણસ્થાનના મધ્યભાગ સુધી મુખ્યતાએ વર્તે છે.

**ભાવિનયગમ નય** - ભવિષ્યમાં શું થવાનું છે તેની નય અર્થાત અપેક્ષાથી જાણકારી મેળવવી.

**ભેદજ્ઞાન** - દેહ અને આત્માનું ભિન્નપણું અનુભવવું.

**ભોક્તાપણું** - ભોગવવાની પાત્રતા. જીવ કર્મ પણ ભોગવે છે, સ્વભાવ પણ ભોગવી શકે છે.

**મધ્યસ્થતા** - તટસ્થપણું, અલિપ્તતા. કોઈ એક બાજુ ખેંચાઈ ન જવું.

**મનુષ્યત્વ/માનવપણું/માનવતા(ચતુરંગીયનું અંગ)** - જ્યાં માનવી તરીકેના ગુણો ખીલ્યા હોય તે.

**મહાસંવર** - ઉદયગત કર્મો સામે સમસ્થિત તથા સમાધિસ્થ રહી પૂર્વકૃત કર્મોની અપૂર્વ નિર્જરા તથા નવાં કર્મોનો અપૂર્વ સંવર એકસાથે કરવો. આ માર્ગમાં જીવ ઉત્કૃષ્ટ સંવર તથા ઉત્કૃષ્ટ નિર્જરા એક જ સમયે કરી પોતાનાં કર્તાપણાના અને ભોકતાપણાના ભાવને એક જ સમયમાં સ્વભાવ તરફ વાળી સમાન ઉગ્રતાથી કર્મનો જથ્થો તથા સ્થિતિ છેદી પરમાર્થે વિકાસ કરે છે.

**મહાસંવર (આજ્ઞામાર્ગપ્રેરિત કલ્યાણપ્રેરિત)** - આ માર્ગમાં જીવ સ્વપરકલ્યાણ આજ્ઞાધીન ચારિત્રની વિશુદ્ધિથી કરી, આજ્ઞાની સહાય લઈ મહાસંવર માર્ગનું ઉત્તમતાએ આરાધન કરે છે. આ માર્ગમાં જીવ શુદ્ધ આત્મિક ગુણાશ્રવને લક્ષ બનાવવાનું કામ પણ આજ્ઞાધીનપણે કરે છે.

**મહાસંવર (કલ્યાણપ્રેરિત)** - પરકલ્યાણના આશયથી આચરેલો મહાસંવરમાર્ગનો

પુરુષાર્થ. આ માર્ગમાં જીવ કર્મક્ષય કરવા કરતાં શુદ્ધાત્માના ગુણોનો આશ્રવ કરવા પર લક્ષ કેંદ્રિત કરે છે.

**મહાસંવર (સંવરપ્રેરિત)** - સ્વકલ્યાણની ઇચ્છા થકી મહાસંવરમાર્ગનો પુરુષાર્થ આદરવો. આ માર્ગમાં જીવ જ્ઞાનમાર્ગે કે યોગમાર્ગે કર્મના આશ્રવને તોડવા માટે લક્ષ કેંદ્રિત કરે છે.

**મૈત્રી** - જગતના સર્વ જીવ સાથે મિત્રતા ઇચ્છવી, નિર્વેરબુદ્ધિ રાખવી, શુભ ભાવ ભાવવા તે મૈત્રી.

**મૈત્રી (પરમ)** - મિત્રતાનું ઉત્કૃષ્ટ રૂપ. જ્યાં દોષદૃષ્ટિ આવતી જ નથી.

**રાગ (વીતરાગીનો)** - *'વીતરાગીનો રાગ' જુઓ.*

**લોકાંત** - લોકાંત તે પાંચમા દેવલોકનું નામ છે. તેના જુદા જુદા વિભાગ. અધઃઉર્ધ્વ લોકાંત, પૂર્વાપર લોકાંત, દક્ષિણોત્તર લોકાંત.

**વિનય** - વિનય એ પોતાની અલ્પતા અને દાતારની મહત્તાની કબૂલાતથી ઉપજતી જીવની સહજ આત્મિક ચેષ્ટા છે. વિનય ગુણમાં જીવ શુદ્ધિના લોભને પ્રાધાન્ય આપી, પ્રાપ્ત થયેલી સર્વ શક્તિ અને સિદ્ધિ પ્રત્યેનો ઐહિક માનભાવ ત્યાગે છે.

**વિનયાભાર** - વિનય તથા આભારની લાગણી એકસાથે અનુભવવી.

**વિપાક પ્રદેશોદય** - *પ્રદેશોદય(વિપાક) જુઓ.*

**વિભાવ** - આત્મા સિવાયના, પરપદાર્થ સંબંધીના પોતાપણાના ભાવમાં રહેવું તે વિભાવ. જીવ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ કારણોથી વિભાવ કરે છે.

**વિભાવરસ** - વિભાવરસ એ કર્મ નથી, પણ જીવે કરેલા વિભાવનું પરિણામ છે. જીવ જ્યારે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાયનાં કારણોથી વિભાવ કરે છે, એટલે કે કર્મનો કર્તા થાય છે ત્યારે એ કારણો વિભાવના પ્રતિકરૂપ — રસરૂપે પરિણમે છે. જેના લીધે તે જીવ એના આત્મા પર ભાવિમાં ભોક્તા બને એવા પુદ્ગલ પરમાણુઓને આશ્રવે છે.

**વિહાર** - પરમાણુની ગતિ કરવી અથવા પરમાણુનું સંક્રમણ કરવું. વિહારમાં જે પુદ્ગલ પરમાણુઓનો વિપાક ઉદય કે પ્રદેશોદય આવવાનો હોય તેને જીવ આત્માના દરેક પ્રદેશમાંથી એકઠા કરે છે. તેમાં આત્મા પ્રત્યેક પ્રદેશ પર એ પુદ્ગલ પરમાણુઓના ભાવરસને વેદે છે. વિહાર કરાવવો એટલે થયેલી કર્મરચનામાં ફેરફાર કરવો. વિહારનો બીજો અર્થ સંવર પણ થાય છે.

**વેદકતા** - આત્માની વેદન કરવાની શક્તિ.

**વીતરાગ બોધ** - શ્રી સર્વજ્ઞ વીતરાગ પ્રભુએ કલ્યાણનાં પરમાણુ દ્વારા આપેલો બોધ.

**વીતરાગીનો રાગ** - જે જીવ ધર્મની મંગળતા કાયમ રાખવા ધર્મનાં સનાતનપણાના ભાવ વેદે છે, તે જીવના વીતરાગી મહાત્મા ઋણી બને છે, તેથી ઋણમુક્તિ માટે વીતરાગી મહાત્માએ પોતાની વીતરાગતામાં તે જીવ માટે રાગભાવ સેવવો પડે છે. આ છે 'વીતરાગીનો રાગ'. જે જીવ આ 'વીતરાગીનો રાગ' પામે છે તેને જીવત્વ છોડી પરમાત્મત્વ પામવાનું નિકાચીત કર્મ બંધાય છે.

**વીતરાગતા, પરમ** - પૂર્ણ વીતરાગતા; જેમાં રાગનો, કષાયનો એક સમય માટે પણ આવિર્ભાવ થતો નથી.

**વીતરાગતા, આજ્ઞાપ્રેરિત** - આજ્ઞા મેળવવા તથા પાળવાની વિશુદ્ધિ વધારવાના હેતુથી વીતરાગતા વેદવી. આ વીતરાગતાથી જીવ સહજપણે કલ્યાણભાવ સેવતો જાય છે અને ગુણગ્રાહીપણાનો અઘરો પુરુષાર્થ આદરે છે.

**વીતરાગતા, કલ્યાણપ્રેરિત** - પરકલ્યાણના હેતુથી એટલે ઉચ્ચ પરકલ્યાણભાવથી વીતરાગતા વેદવી.

**વીતરાગતા, મૈત્રીપ્રેરિત** - લોકકલ્યાણના ભાવને મુખ્ય રાખી, પ્રેમભાવની ઉત્કૃષ્ટતાએ પહોંચવા માટે તથા કલ્યાણભાવનાં ધ્યેયથી વીતરાગતાની સ્થિતિ અનુભવવી.

**વીતરાગતા, વૈરાગ્ય પ્રેરિત** - સંસારનો નકાર કરી, કર્મના ક્ષય પ્રતિ લક્ષ રાખી, કર્મના આશ્રવને મંદ કરવાના ધ્યેય સાથે વીતરાગ સ્થિતિનો અનુભવ કરવો.

**વીતરાગી સાથ** - સત્પુરુષોએ નિસ્પૃહભાવથી આપેલો કલ્યાણભાવવાળો સાથ.

**વ્યવહારશુદ્ધિ** - વ્યવહારની પ્રવૃત્તિ કરતી વખતે અન્ય જીવ ઓછામાં ઓછા દૂભાય તથા હણાય તે માટે ઉપયોગપૂર્વક વર્તવું તે.

**શાતાવેદનીય, પરમાર્થ** - આત્મા પોતાનાં સ્વરૂપમાં શાતા વેદે તે પરમાર્થ શાતાવેદનીય છે.

**શરણ** - ઈષ્ટ આત્માની આજ્ઞા મેળવવા તેમનું કહ્યું કરવાના ભાવ સેવવા તે શરણ.

**શુક્લધ્યાન (અપ્રતિપાતિ)** - જે શુક્લધ્યાનમાંથી કદી પણ બહાર આવવાનું ન રહે તે. બારમા ગુણસ્થાનના અંતથી આ ધ્યાન પ્રગટે છે.

**શુક્લ સમય** - શુક્લ એટલે શુધ્ધ. જે સમયમાં જીવ આત્મશુદ્ધિ વધારે છે તે શુક્લસમય છે.

**શુદ્ધિ** - શુદ્ધિ એટલે આત્માની સ્વચ્છ પર્યાય તથા પરિણતિ; અર્થાત્ આત્માને પુદ્ગલરહિત કરવાની પ્રક્રિયાથી બીજા પાંચ દ્રવ્યને પરિણમાવવા.

**શુદ્ધિ, આત્મિક**- આત્મિક શુદ્ધિ એટલે આત્માને તેનાં પર લાગેલા કર્મનાં પરમાણુઓથી છોડાવવો.

**શુદ્ધિ, સર્વોત્કૃષ્ટ** - શુદ્ધિ એટલે આત્મા કે જીવમાં ઉપજતા શુદ્ધ સ્વરૂપની વૃદ્ધિ. જે જીવ પરમાર્થે તથા વ્યવહારે આજ્ઞાધીન હોય છે તે સર્વોત્કૃષ્ટ શુદ્ધિ પામે છે. તે જીવ પોતાના પરમાર્થ લોભને અને પરમાર્થ સ્વચ્છંદને આજ્ઞાગુણ તથા આજ્ઞાચારિત્રમાં ફેરવે છે અને સહજતાએ કર્તાપણા તથા ભોક્તાપણામાં આજ્ઞાધીન બને છે. આ પુરુષાર્થમાં જીવ મોહ તેમજ સુખબુદ્ધિ બંને ક્ષય કરવામાં સફળ થાય છે.

**શ્રદ્ધા (ચતુરંગીયનું અંગ)**- સાચા મોક્ષમાર્ગની જાણકારી આવ્યા પછી, આ માર્ગ સાચો છે, અને મારે પાળવો છે, એવા ભાવમાં આવવું તે શ્રદ્ધા.

**શ્રમ (ચતુરંગીયનું અંગ)**- સદ્ધર્મમાં શ્રદ્ધા કર્યા પછી તેનું યથાર્થ પાલન કરવા માટે પુરુષાર્થ કરવો તે શ્રમ.

**શ્રુતિ (ચતુરંગીયનું અંગ)**- મનુષ્યનું શરીર પ્રાપ્ત કરી સદ્ધર્મને સાંભળવાનો યોગ મળવો.

**સમાધિ** - આત્મસ્વરૂપમાં સ્થિરતા.

**સનાતન ધર્મ** - જે ધર્મ ત્રણેકાળ રહેનાર છે, ત્રણે કાળ કલ્યાણ કરનાર છે તે સનાતન ધર્મ છે.

**સમવાય** - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ એ પાંચ સમવાય કહેવાય છે. એ પાંચે એકબીજાને સાનુકૂળ બને ત્યારે જ કર્મોદય થાય છે કે કોઈ કાર્ય થઈ શકે છે.

**સરળતા** - જે વસ્તુ જેમ છે તેમ સત્ય સ્વરૂપે, અન્ય વિભાવ કર્યા વિના સ્વીકારવી કે માન્ય રાખવી.

**સહજપદ/સહજસ્વરૂપ** - આત્માનું મૂળ શુદ્ધ, કર્મરહિત સ્વરૂપ તે સહજપદ કે સહજસ્વરૂપ છે. એક વખત તે પદ પ્રાપ્ત કર્યા પછી સદાકાળ રહે છે.

**સાથ, કેવળીપ્રભુનો** - 'કેવળીપ્રભુનો સાથ' જુઓ.

**સાથ, પ્રત્યક્ષ-** ગુરુ કે સત્પુરુષનો તેમની વિદ્યમાનતા સાથેનો સાથ.

**સાથ, પરોક્ષ** - ગુરુ કે સત્પુરુષની અવિદ્યમાનતાના સંજોગમાં તેમનાં વચનો કે કલ્યાણનાં પરમાણુ દ્વારા મળતો સાથ.

**સાથ, વીતરાગી** - વીતરાગ પ્રભુ તરફથી નિસ્પૃહભાવે મળતો સાથ.

**સંવર (અકામ)** - જે કામ/કાર્ય જીવ અનિચ્છાપૂર્વક કરતો નથી અને કર્તા થતો નથી.

**સંવર (સકામ)** - જે કામ/કાર્ય જીવ ઇચ્છાપૂર્વક કરતો નથી અને કર્તા થતો નથી.

**સંવરમાર્ગ** - આ માર્ગમાં જીવ સકામ સંવર આરાધે છે. જે કર્મની ભવસ્થિતિ પાકી ગઈ છે તેવા ભોગવવારૂપ ઉદિત કર્મ સામે સ્થિર રહેવું અને બને તેટલો કર્માશ્રવ અલ્પ કરવો એ છે 'સંવર માર્ગ'.

**સંવરપ્રેરિત નિર્જરામાર્ગ** - જ્યારે જીવ વિપાક ઉદયે સંવરમાર્ગમાં સત્પુરુષના શબ્દો દ્વારા તેમનાં કલ્યાણભાવનો સ્પર્શ પામે છે ત્યારે તેને પરિભ્રમણ કરાવનાર પોતાનાં સત્તાગત કર્મથી છૂટવાની ઇચ્છા અતિ સૂક્ષ્મપણે થાય છે. તેથી તે જીવ પોતાનાં અમુક સત્તાગત કર્મોની પ્રદેશોદયથી નિર્જરા કરે છે. આમ તેણે જે સત્પુરુષનું શરણું સંવર કરવા લીધું હતું, તે શરણ કર્ણેન્દ્રિયના સાધનના સાથથી નિર્જરા પણ આપે છે. માટે આ માર્ગનું નામ છે 'સંવર પ્રેરિત નિર્જરા માર્ગ'.

**સંવરપ્રેરિત મહાસંવર માર્ગ** - *મહાસંવર (સંવરપ્રેરિત) જુઓ.*

**સંજ્ઞા** - સંજ્ઞા એ મનોયોગની વિશેષતા છે. સંજ્ઞા ઇન્દ્રિય નથી, પણ ઇન્દ્રિય જનિત સર્વ ભાવોનું વિશેષતાએ પૃથક્કરણ કરવાનું સાધન છે. સંજ્ઞાથી જીવ ભૂત, વર્તમાન તથા ભવિષ્ય માટે તર્ક કરી શકે છે. તે બે પ્રકારે છેઃ સ્થૂળ તથા સૂક્ષ્મ.

**સિદ્ધિ** - આત્માનું પંચાસ્તિકાય પર વિજયત્વ અને વર્ચસ્વ. પંચાસ્તિકાય ત્યારે જ પરાજય પામે છે જ્યારે આત્મા એનાં પરિણતિ, ચેષ્ટા અને યોગ અધ્યવસાયમાં શૂન્ય અને શુક્લ થાય છે.

**સિદ્ધિ, પરમાર્થિક** - જીવને પરમાત્મા કે સિદ્ધ પ્રભુ જેવી સિદ્ધિ મળતી જવી. તેમાં જીવ આત્મિક શુદ્ધિના ભાવ થકી અને બળવાન યોગની શક્તિથી કર્મની બળવાન નિર્જરા કરી શકે છે.

પણ જ્યારે આજ્ઞાધીનપણું ચૂકે છે ત્યારે બળવાન યોગ થકી ઘણો કર્માશ્રવ પણ કરે છે.

**સિદ્ધિ, સર્વોત્કૃષ્ટ** - સર્વોત્કૃષ્ટ સિદ્ધિ કરવામાં જીવનો ચારિત્રમાં રહેવાનો પુરુષાર્થ આજ્ઞાધીન હોય છે. એનાં પરિણામે તે આત્મિક શુદ્ધિ સાથે વ્યવહારશુદ્ધિ જાળવી સર્વ અપેક્ષાએ શુદ્ધ થતો જાય છે.

**સુખધામ** - સુખને રહેવાનું સ્થળ. (મોક્ષ)

**સુખબુદ્ધિ** - સુખબુદ્ધિ એટલે ક્ષણિક પદાર્થોની આસક્તિ. જીવ જે જે પદાર્થ, વ્યક્તિ તથા જીવના સંપર્કમાં આવે છે, તેને મેળવવામાં તથા ભોગવવામાં સુખ રહેલું છે તેવી માન્યતા.

**સુધારસ** - સુધારસ એ મુખમાં ઝરતો એક પ્રકારનો મીઠો રસ છે, તે આત્મસ્થિરતાનું સાધન ગણાય છે.

**સ્વચ્છંદ** - પોતાની મતિકલ્પનાથી કરેલા સારાસારના નિર્ણયો.

**સ્વયંજ્યોતિસ્વરૂપ** - જ્યોતિ એટલે તેજ, સ્વયંજ્યોતિ એટલે પોતામાંથી પ્રગટતું તેજ, પોતાના તેજનો દેખાવ અર્થાત સ્વરૂપ એ જ સ્વયંજ્યોતિસ્વરૂપ.

**સ્વરૂપલીનતા/સ્વરૂપસ્થિરતા** - પોતાનાં સ્વરૂપમાં સ્થિર થવું, એકાગ્ર બનવું.

**યોગમાર્ગ** - પતંજલિએ બતાવેલો યોગને સાધ્ય કરવાનો રસ્તો.

**જ્ઞાતાદૃષ્ટા** - માત્ર જાણનાર તથા જોનાર, જે જણાય કે જોવાય તેનો આત્મા પર પ્રત્યાઘાત પડવા ન દે તે જ્ઞાતાદૃષ્ટા.

**જ્ઞાનમાર્ગ** - જ્ઞાન અર્થાત જાણકારીને પ્રાધાન્ય આપી, તેની મુખ્યતાએ આત્મા અન્ય ગુણો પ્રગટાવતો જાય તે.

# પરિશિષ્ટ ૨

# આરાધક માટે વિષયવાર સૂચિ

આ સૂચિમાં વિષયોની પસંદગી માત્ર આત્મવિકાસ માટે આરાધનમાં સહાયક થાય એ દૃષ્ટિથી કરેલ છે. જે વિષયો અનુક્રમણિકામાં સહેલાઈથી મળી શકે છે તેની અલગ નોંધ નથી મૂકી. જો કોઈ શબ્દોની પરિભાષા સમજવી હોય તો તેના માટે 'પારિભાષિક શબ્દોનો કોષ' વાપરવો. વિષયને ઊંડાણથી સમજવા માટે સૂચિ વાપરવી. થોડાક વિષયોના પેટા વિભાગને કક્કાવાર નહિ પણ તાર્કિક ક્રમમાં મૂક્યા છે.


**ૐ**, ૨૯૫; અને અનાહદ ધ્વનિ, ૩૧૪; આત્મસિદ્ધિશાસ્ત્રમાં, ૭૩; આજ્ઞારસ, ૨૯૧, ૩૩૩, ૩૩૭; ધ્વનિ, ૧૪૩; ગમય આણાયં, ૩૧૩; થી આત્મવિકાસ, ૨૯૫, ૩૩૭; થી આજ્ઞાની સમાનતા, ૨૭૯; ના પરમાણુ(પૂર્ણ પરમેષ્ટિ), ૨૮૧, ૨૮૬, ૨૯૪-૨૯૫, ૩૨૯; નો મહિમા, ૨૬૯, ૨૯૫; નું આરાધન, ૨૭૦; નું આજ્ઞાકવચ, ૩૩૪, ૩૩૬; પંચપરમેષ્ટિ-ભગવંતનો મેળાપ, ૨૭૮; માં આજ્ઞા સમાય, ૩૧૩

**અ**

**અઘાતી (કર્મ)**, ની નિર્જરા, ૧૧૪; ભોગવતા ઘાતી બંધાય, ૧૦૩

**અચૌર્યવ્રત**, ૨૩૪

**અનાહદ ધ્વનિ**, ૧૪૩, ૩૧૪

**અનંતાનુબંધી (કષાય)**, માંથી ઉપજેલા અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની કષાય, ૨૩; *ચારિત્રમોહ પણ જુઓ*

**અપરિગ્રહવ્રત**, ૨૩૪

**અપ્રત્યાખ્યાની (કષાય)**, અનંતાનુબંધી અને મિથ્યાત્વમાંથી ઉપજેલા, ૨૨; સ્વચ્છંદ તૂટવાથી દબાય, ૪૦

**અપૂર્ણ આજ્ઞા**, ૮૪-૮૬; ૧૧૫; પ્રમાદ વધારે, ૮-૯, ૨૯-૩૦; માનભાવ વધારે, ૨૪૦; સંસાર સ્પૃહા થી વધે, ૮-૯, ૨૯; *આજ્ઞા, આજ્ઞાપાલન પણ જુઓ*

**અપૂર્વ અવસર**, ૧૦૯;

**અરિહંત ભગવાન**, *જુઓ તીર્થંકર ભગવાન*

**અવિરતિ**, ૮૬-૮૭, ૧૩૦; અકામ-સકામ, ૧૯૪; અશુભ અંતરાય બંધાવાનું કારણ, ૧૯૧, ૧૯૫

**અશાતા**, માં ટકવા પુરુષાર્થ, ૪૬, ૫૨-૫૩, ૮૫-૮૬

**અહિંસાવ્રત**, ૨૩૩

**અહોભાવ (પ્રભુ/સદ્‌ગુરુ પ્રત્યે)**, ૬૧, ૧૦૫, ૧૫૧, ૨૨૫, ૨૪૦; થી વિનયગુણ ખીલે, ૧૯, ૧૦૫, ૨૪૦

**અક્ષય સ્થિતિ**, ૧૬૮

**આ**

**આચાર્ય**, ૩૨૯-૩૩૨; અને આણાયં ગમય ૐ, ૩૨૯; અને ગણધર વચ્ચે ફરક, ૩૩૨-૩૩૪; આચારથી પ્રમાદનો નિરોધ કરે, ૯; ના પરમાણુનો આહાર, ૨૮૪, ૩૨૮; ના પદને નિકાચીત કરવું, ૩૦૧-૩૦૨; નિર્ગ્રંથમાર્ગ પાળે, ૧૫૮; નું આજ્ઞાપાલન, ૩૦૦, ૩૩૨; નું કલ્યાણનાં પરમાણુ બનાવામાં યોગદાન, ૧૨, ૨૮૪, ૩૦૩; નો કલ્યાણભાવ, ૨૯૯; નો સાથ શ્રેણિમાં, ૪૧; પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ, ૩૨૯-૩૩૨; *ગણધરજી પણ જુઓ*

**આત્મજ્ઞાન**, *જુઓ સમ્યક્જ્ઞાન, સમકિત*

**આત્મસિદ્ધિશાસ્ત્ર**, ૬૯-૭૨, ૧૦૯

**આત્મા**, અરૂપી થી રૂપી કેવી રીતે થાય, ૧૮૭; નું કર્તાપણું ને ભોક્તાપણું, ૧૯૦

**આત્માનુબંધી યોગ**, ૧૪૪-૧૪૫, ૩૧૫

**આત્મિક શુદ્ધિ**, ૮૧, ૨૩૮, ૨૪૧; અને સર્વોત્કૃષ્ટ શુદ્ધિ વચ્ચે ફરક, ૨૪૧-૨૪૨; આજ્ઞા અને પ્રમાદ પર આધારિત, ૩૨; ના વિવિધ માર્ગ, ૧૮૩; નો ક્રમ, ૮૩-૮૪; પૂર્ણ આજ્ઞાથી, ૮૪

**આભાર**, *વિનયાભાર જુઓ*

**આશ્રય, સત્પુરુષનો**, *શરણું જુઓ*

**આશ્રવ**, અને આહાર, ૨૪૮-૨૪૯; અને નિર્જરા, ૯૪; ગુણોનો, ૧૪૧, ૧૬૨; વિપાકોદય વખતે, ૨૫૨; વિભાવરસ, ૧૯૧; સકામ, ૧૪૦-૧૪૧, ૧૫૧, ૧૫૭, ૧૬૨

**આસક્તિ, સંસારની**, ૨૩

**આહાર**, ૨૨૯-૨૩૦, ૨૪૮-૨૫૦, ૨૫૫, ૩૧૭-૩૧૯; આજ્ઞારસનો, ૨૮૪; કલ્યાણનાં પરમાણુનો, ૨૮૫-૨૮૯, ૩૧૬-૩૧૮; અને નિહાર, ૨૫૯; ને શુદ્ધ કરવો, ૨૬૧-૨૬૨ધ્ન

**આજ્ઞા**, ૩૧-૩૩, ૧૨૮, ૧૮૦, ૨૫૨-૨૫૩, ૨૬૪, ૨૭૨-૨૭૩, ૩૦૦, ૩૧૬-૩૧૮, ૩૩૫-૩૩૬; ૐની સહાયથી મળવી, ૨૩૬, ૨૭૨, ૨૭૯, ૩૧૩, ૩૩૧-૩૩૨; અને કલ્યાણ, ૨૯૬-૨૯૯; અને પ્રમાદ, ૩૧-૩૩, ૬૦, ૨૫૯; અને મહાસંવર, ૮૨; અને વિનયાભાર, ૨૩૯, ૨૫૯; અને વીતરાગતા, ૨૯૬-૨૯૯; અને સંજ્ઞા વચ્ચે સંબંધ, ૨૭૩-૨૭૬; અપૂર્ણ તથા પૂર્ણ, ૮-૯, ૨૯-૩૦, ૪૭, ૮૪-૮૬, ૧૧૫, ૧૨૩-૧૨૫, ૧૩૪, ૧૫૬, ૧૬૧, ૨૧૬, ૨૮૫-૨૮૬; અરિહંતની, ૩૭; અને ત્રણે કાળનો પુરુષાર્થ, ૪૫, ૨૫૯, ૨૬૦, ૩૦૦; થી ઉત્તમ સિદ્ધિની પ્રાપ્તિ, ૨૪૪, ૨૬૬; થી વીર્ય મળે, ૨૭૦; દાનરૂપે, ૧૧, ૨૮૫; ના આધારે પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ બને, ૩૦૨-૩૦૩, ૩૨૮; નો પાયો વિનય, ૧૯, ૧૧૩, ૨૩૯; નું આરાધન ભક્તિથી, ૨૪, ૭૨-૭૩, ૧૦૭, ૨૦૯, ૩૨૮; નું આરાધન પ્રાર્થનાથી, ૬૦, ૧૦૭, ૧૧૮, ૨૭૨; પરમ આજ્ઞા, ૩૧, ૩૩; પરા આજ્ઞા, ૩૩; પૂર્ણ ૐ, ૩૩૪; પૂર્ણાતિપૂર્ણ, ૨૮૪, ૨૮૮, ૩૨૦; પંચપરમેષ્ટિ ભગવંતની મેળવવી, ૧૦-૧૨, ૧૬૯, ૨૩૬, ૨૪૦, ૩૦૦; માં રહીને ચતુર્વિધ સંઘની સ્થાપના, ૪૦; માં રહીને આશ્રવ, સંવર, નિર્જરા, ૧૪૧, ૨૪૯-૨૫૪; મેળવવા પુરુષાર્થ, ૨૫૪, ૨૫૯; સંસારી તથા

પરમાર્થ કાર્યો માટે, ૧૧, ૨૩૯, ૨૪૨, ૨૬૫; *આજ્ઞારસ, આજ્ઞાપાલન પણ જુઓ*

**આજ્ઞા, અપૂર્ણ,** *અપૂર્ણ આજ્ઞા જુઓ*

**આજ્ઞાકવચ,** કલ્યાણભાવથી રચાય, ૨૦૭; છેલ્લાં આવર્તનમાં મળે, ૨૩૬; થી કલ્યાણનાં પરમાણુ ખેંચાય, ૧૯; થી રાગદ્વેષનાં જોડકાં છૂટા પડે, ૨૫; ના પ્રકાર, ૧૪, ૧૫૫; પંચપરમેષ્ટિ ભગવંતનું, ૩૫, ૩૭, ૨૩૬; પ્રત્યક્ષ સદ્‌ગુરુનું, ૧૭-૧૮, ૨૦, ૧૫૫; પૂર્ણ ૐ આજ્ઞાકવચ, ૩૩૩; પૂર્ણ ૐ પૂર્ણ આજ્ઞાકવચ, ૩૩૭૩૩૦; ભક્તિમાર્ગે મળે, ૭૩; સર્વ સદ્‌ગુરુનું, ૨૦-૨૧, ૨૩, ૫૫; *કવચ પણ જુઓ*

**આજ્ઞાધીન,**૨૪૦-૨૪૧, ૨૬૦, ૨૬૫, ૩૧૮; અને કર્તાપણું, ૧૩૭, ૨૪૨; કલ્યાણનાં પરમાણુની સહાયથી, ૨૩૬; ગણધરજી, ૩૦૫; થવાથી આજ્ઞારસ ખેંચાય, ૨૮૪; પણે કલ્યાણકાર્ય કરવું, ૨૯૭, ૩૦૫; ભક્તિ પર આધારિત, ૨૪, ૧૮૧-૧૮૨, ૨૩૯, ૩૦૫; ભોક્તાપણામાં, ૨૪૨; રહીને આશ્રવ, સંવર, નિર્જરા કરવી, ૧૪૧; *આજ્ઞાપાલન પણ જુઓ*

**આજ્ઞાપાલન,** ૐની આજ્ઞાનું, ૩૩૪; ૐની સહાયથી, ૨૩૬; અપૂર્ણ આજ્ઞાએ, ૮, ૨૯-૩૦, ૮૫, ૧૧૫; અને કર્તાપણું, ૧૩૭, ૨૪૦, ૨૪૨, ૨૬૨; આજ્ઞારસની સહાયથી, ૨૫૩-૨૫૪, ૨૫૯; ઇન્દ્રિયોના વિકાસ વખતે, ૯૩; કલ્યાણકાર્ય વખતે, ૨૯૭; કેવળીપ્રભુનું, ૭; નિત્યનિગોદથી શરૂ થાય, ૮૨; ની સુખબુદ્ધિ, ૨૯૪; નું વરદાન મળવું, ૧૧; નો ક્રમ, ૧૨૮; પૂર્ણ આજ્ઞાએ, ૮૪-૮૬, ૧૨૩-૧૨૫, ૧૩૪, ૧૫૬, ૧૬૧, ૨૧૬; પૂર્ણાતિપૂર્ણ, ૨૮૮; પંચપરમેષ્ટિભગવંતનું, ૯-૧૦, ૨૩૬, ૨૭૧, ૩૦૦; ભક્તિ પર આધારિત, ૨૪, ૧૦૭, ૧૨૬, ૨૦૯; માટે પુરુષાર્થ, ૩૮, ૧૨૭-૧૨૮, ૨૫૩-૨૫૪, ૨૬૦, ૨૭૨, ૨૭૭; શાતા-અશાતાના ઉદય વખતે, ૮૫, ૨૭૨; શ્રેણિમાં, ૪૪; સર્વોત્કૃષ્ટ શુદ્ધિ માર્ગે, ૨૩૯, ૨૬૦, ૨૬૫; સિદ્ધપ્રભુનું, ૫-૭, ૧૬૭-૧૬૯; *આજ્ઞાધીન પણ જુઓ*

**આજ્ઞાપ્રેરિત કલ્યાણપ્રેરિત મહાસંવર,** ૧૮૪, ૨૬૧, ૨૮૦, ૨૯૨, ૨૯૭; ના આધારે પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ બને, ૩૦૨-૩૦૩; માં પ્રત્યક્ષ સાથ, ૨૨૨

**આજ્ઞામાર્ગ,** ૭૨, ૧૦૭, ૧૧૩, ૧૧૫, ૧૧૮-૧૧૯, ૨૩૯, ૨૫૮, ૨૭૯; અને મહાસંવર, ૧૫૦, ૧૫૫, ૧૬૦, ૨૬૦-૨૬૧; અને સર્વોત્કૃષ્ટ શુદ્ધિ, ૨૩૯; અને સુખબુદ્ધિનો ત્યાગ, ૨૪૦, ૨૫૯; ઉપાધ્યાયજી પાળે, ૧૫૮; માં વિકાસ, ૧૨૮, ૧૩૬-૧૩૭; થી અંતરાયકર્મ અંતરાય ગુણમાં પરિણમે, ૧૮૯, ૨૩૯, ૨૫૮; ભક્તિપ્રેરિત, ૨૦૯, ૨૩૯, ૨૭૮-૨૭૯; માં સર્વ સદ્‌ગુરુ આજ્ઞાકવચ, ૧૫૫; સાધુસાધ્વીજી આચરે, ૧૫૮

**આજ્ઞારસ,** ૨૫૩-૨૫૫, ૨૫૭-૨૫૯, ૨૬૨, ૨૭૭, ૨૮૩-૨૮૫, ૨૮૯, ૩૧૧; ૐ નો, ૨૯૧; અપૂર્ણ, ૨૭; અરિહંત ભગવાનનો, ૯૭, ૧૪૧-૧૪૨, ૧૪૭, ૨૮૩; આચાર્યજીનો, ૧૪૭-૧૪૮, ૨૬૩; આત્મશુદ્ધિના માર્ગે, ૨૪૨; ઉપાધ્યાયજીનો, ૧૪૮, ૨૬૩; એટલે બોધરસ, ૨૧૮; કલ્યાણનાં પરમાણુમાં, ૧૪૭-૧૫૦, ૧૫૮, ૧૮૬, ૨૧૮,

૨૨૯, ૨૪૬, ૨૫૪, ૨૫૬, ૨૬૨, ૨૮૪-૨૮૫, ૩૦૭; ખેંચવો, ૨૮૫; ગણધરનો, ૧૪૭; છઠ્ઠા ગુણસ્થાને મળતો, ૨૭-૨૮; તીર્થંકર પ્રભુનો, ૨૧૮; થી મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો ક્ષય, ૨૧-૨૨; દાન આજ્ઞારસ, ૨૮૪; નું કવચ, ૩૩૦; પરમાર્થ લોભથી બને, ૧૪૭, ૨૫૬; પરોક્ષ સાથ આપે, ૨૨૧; પૂર્ણ (કેવળી-સિદ્ધનો), ૨૬૫; પૂર્ણ પરમેષ્ટિનો, ૨૯૧, ૩૧૨; પંચપરમેષ્ટિનો, ૨૧-૨૨, ૯૬,૧૪૭-૧૪૯, ૧૫૭-૧૫૯, ૨૮૪; મહાસંવરમાર્ગમાં, ૧૫૯, ૨૬૧-૨૬૨; મેળવવા પુરુષાર્થ, ૨૫૭-૨૫૮, ૨૬૧, ૨૮૪; મૂળ આજ્ઞારસ, ૨૮૪; રાગદ્વેષનાં જોડકા છૂટા પાડે, ૨૫; સક્રિય કરવો, ૨૫૪; સદ્‌ગુરુનો, ૨૭; સર્વ સત્પુરુષનો, ૨૭-૨૯; સાધુસાધ્વીનો, ૧૪૯, ૨૬૩

**આજ્ઞારૂપી તપ,** ૧૦૬, ૧૧૯, ૧૨૬, ૨૫૨-૨૫૪, ૨૭૭, ૨૯૭; ૐ ની સહાયથી ખીલે, ૨૭૨, ૨૯૦; અને પ્રમાદ, ૮-૯; અને મહાસંવરનો માર્ગ, ૧૩૯, ૨૬૦; આત્મશુદ્ધિના માર્ગે, ૨૪૨; થી ચારિત્ર ખીલે, ૧૦૫, ૨૬૦; થી ધર્મનું સનાતનપણું, ૧૭૦; ધર્મનાં બીજમાંથી જાગૃત કરવું, ૮૯; નો અનુભવ વીતરાગતાથી, ૨૧૪, ૨૯૬; નિત્યનિગોદમાં, ૮૨, ૮૯; પૂર્ણાતિપૂર્ણ, ૨૯૧; પ્રમાદથી બચાવે, ૧૧; સિદ્ધપ્રભુમાં, ૫-૭, ૧૪૬, ૧૬૮-૧૬૯; સંવરમાર્ગે, ૨૫૫; *આજ્ઞારૂપી ધર્મ પણ જુઓ*

**આજ્ઞારૂપી ધર્મ,** ૧૦૬, ૧૧૯, ૨૫૨-૨૫૪, ૨૯૭, ૩૧૧; ૐની સહાયથી ખીલે, ૨૭૨, ૨૯૦, ૨૯૫; અપૂર્વ શાંતિ આપે, ૮; અને મહાસંવરનો માર્ગ, ૧૩૯, ૨૬૦; થી ધર્મનું મંગલપણું, ૧૭૦; નિત્યનિગોદમાં, ૮૨, ૮૯; નો અનુભવ વીતરાગતાથી, ૨૧૪; સિદ્ધપ્રભુનો, ૫-૭; અને આજ્ઞારૂપી તપનો સંબંધ, ૧૧; રુચક પ્રદેશમાં હોય, ૧૦૫; સિદ્ધપ્રભુમાં, ૧૪૬, ૧૬૮-૧૬૯

## ઈ

**ઈચ્છા,** પર નિરોધ, ૧૫૬

**ઈન્દ્રિય,**નો વિકાસ, ૯૨-૯૪, ૧૯૭-૨૦૦; ને જીતવી, ૨૪૫; પર કર્મબંધન આધારિત, ૧૯૭

**ઈતરનિગોદ,** ૮૯, ૯૧, ૧૬૯

## ઉ

**ઉદાસીનતા,** ૧૫૯, ૨૧૩, ૨૫૯

**ઉપયોગ,** ની તીક્ષ્ણતા, ૧૨૨, ૨૨૫, ૨૩૬

**ઉપશમ સમકિત,** ૧૦૨-૧૧૦

**ઉપશમ શ્રેણી,** ૩૩, ૩૯

**ઉપાધ્યાયજી,** ૨૪૦, ૨૮૦; અને ૐ ગમય આણાયં, ૩૨૯; અને પ્રમાદ, ૯; આજ્ઞામાર્ગે ચાલે, ૧૫૮, ૨૮૦; ના પદને નિકાચીત કરવું, ૩૦૧-૩૦૨; ના પરમાણુનો આહાર, ૨૮૫; ની આજ્ઞા સંસારી કાર્યો માટે, ૧૧; નું કલ્યાણનાં પરમાણુ બનાવામાં યોગદાન, ૧૨, ૨૮૧, ૩૦૩; નો આજ્ઞારસ, ૧૪૮-૧૪૯, ૧૫૮, ૨૬૩; નો કલ્યાણભાવ, ૨૯૮; નો સાથ શ્રેણિમાં, ૪૧; પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ, ૩૨૬; માં રહેલી સ્પૃહા, ૯, ૨૬૩, ૨૯૮

અં

**અંબાલાલભાઈ,** ૭૧,૭૪

**અંતર્વૃત્તિસ્પર્શ,** ૯૫-૯૮, ૨૧૬-૨૧૭

**અંતરાય કર્મ,** ૧૦૩, ૧૮૭-૧૯૧, ૨૩૭-૨૩૯, ૩૧૯-૩૨૦; ૐની સહાયથી તૂટે, ૨૭૨; અને કર્તા-ભોક્તાપણું, ૧૮૯-૧૯૧; અને વિભાવજનિત કર્મબંધ, ૧૯૨, ૨૩૭; ઉપર સુખબુદ્ધિનું કવચ, ૨૩૨, ૨૩૭-૨૩૮; કર્મને ગુણમાં બદલવો, ૧૮૯, ૨૪૩, ૨૫૮; કલ્યાણનાં પરમાણુ મેળવવાની, ૨૯૫, ૨૯૭, ૩૧૯; કષાયથી બંધાય, ૫૮; કેવળજ્ઞાનની, ૨૩; તૂટવાથી વીર્ય ખીલે, ૨૪૨, ૨૭૭, ૨૯૭, ૩૧૯; ની શુભ-અશુભ પર્યાય, ૧૯૧; નો બીજા કર્મો સાથે સંબંધ, ૧૮૮; પરમાર્થની, ૨૬, ૫૯,૧૦૩, ૧૮૯, ૨૪૩; પ્રમાદથી બંધાય, ૪૫; માનથી બંધાય, ૧૦૩; વિભાવથી બંધાય, ૧૮૮, ૨૩૬; સદ્ગુરુની અશાતનાથી બંધાય, ૧૮; સત્સંગની, ૧૭૩; સૌથી બળવાન, ૧૦૩

– તોડવાના ઉપાયો : આજ્ઞાધીનપણું, ૨૪૨; આજ્ઞારસની સહાય, ૨૭૭; કલ્યાણભાવ વેદવો, ૧૪૧; ગુણગ્રાહીપણું, ૨૩૨, ૨૩૯; ભક્તિમાર્ગનું આરાધન, ૭૩-૭૪, ૧૦૪-૧૦૫, ૧૧૭-૧૧૮; મહાસંવરનું આરાધન, ૧૫૯; સકામ પુરુષાર્થથી, ૧૮૩, ૨૫૭-૨૫૮; સરળતાનો ગુણ ખીલવવો, ૩૨૧-૩૨૨; સત્પુરુષના સાથથી, ૨૧૨; જ્ઞાન દર્શનની શુદ્ધિ, ૧૦૩-૧૦૪

**અંતરાય ગુણ,** ૧૮૮, ૨૪૩-૨૪૪, ૨૫૮, ૩૨૦

ક

**કર્તાપણું,** ૧૨૨, ૧૩૭, ૧૮૯, ૨૩૬, ૨૪૦, ૨૬૨, ૨૭૬; થી અભિસંધીજ વીર્ય ઉત્પન્ન થાય, ૧૮૨, ૨૪૮; માં આજ્ઞાધીન થવું, ૨૪૪, ૩૧૪; ભોક્તાપણાના આધારે, ૧૫૬, ૧૮૨; સંજ્ઞાનો ગુણ, ૨૭૬;

**કર્મ,** કર્મક્ષયની સુખબુદ્ધિ, ૨૩૯; કષાયથી બંધાય, ૫૮; પ્રદેશોદયથી વેદવા, ૧૫૪-૧૫૬, ૨૦૩, ૨૦૫, ૨૦૭, ૨૫૧-૨૫૨, ૨૮૯-૨૯૧; બંધાવાની પ્રક્રિયા, ૧૪-૧૫, ૧૫૬, ૧૯૨-૧૯૩, ૨૩૭-૨૩૯; બંધાવાના પાંચ કારણો, ૮૬-૮૭, ૧૩૦-૧૩૨, ૧૫૫, ૧૯૨-૧૯૩, ૨૩૫; બંધાવાના પરોક્ષ કારણો, ૧૩૨-૧૩૩; ના ઉદય વખતે ટકવું, ૫૩, ૨૩૫; વિભાવજનિત, ૧૮૯, ૨૩૮; ની સ્થિતિ ને જથ્થો, ૨૪૩

**કલ્યાણ,** અને આજ્ઞા તથા વીતરાગતા, ૨૯૬-૨૯૯; ત્રણ પ્રકારે(સ્વ, પર, સ્વપર), ૨૬૧-૨૬૨; નું કાર્ય આજ્ઞાધીનપણે કરવું, ૨૯૭

**કલ્યાણનાં પરમાણુ,** ૨૬૧, ૨૯૪-૨૯૫; આજ્ઞાની સહાયથી ખેંચાય, ૧૯, ૩૨૮; ઉત્તમ પરમાણુ ગ્રહવા, ૩૦, ૯૬, ૧૨૫, ૧૫૬-૧૫૮, ૨૧૬, ૨૧૯, ૨૨૧, ૨૩૮, ૨૫૬, ૨૬૧, ૩૧૨; ઉત્કૃષ્ટ આરાધન વખતના, ૩૦૨; ઉપાધ્યાયજીના, ૨૬૩; કેવળી પ્રભુના, ૨૧૯; કેવળી સમુદ્ઘાત વખતે છોડવા, ૧૬૯; તીર્થંકર (અરિહંત)ના, ૯૭-૯૮, ૧૩૪, ૧૪૫, ૨૧૭-૨૧૯; થી આજ્ઞા મળવી, ૯-૧૦; થી ગુણો પ્રાપ્ત કરવા, ૨૩૩, ૨૩૯; થી મોહનીયનો ક્ષય, ૨૧, ૧૦૬; થી રુચકપ્રદેશ નિરાવરણ

થાય, ૨૧૭; ની નિર્જરા, ૪૨, ૧૩૩, ૧૫૮; નું બંધારણ તથા બનવાની પ્રક્રિયા, ૧૧-૧૩, ૧૪૭-૧૫૦, ૧૫૩-૧૫૪, ૧૫૮, ૨૮૦-૨૮૨, ૨૯૦; પંચપરમેષ્ટિ ભગવંતના, ૧૧-૧૩, ૯૬-૯૭, ૩૪-૩૫, ૬૨, ૧૪૧, ૧૪૭-૧૫૦, ૧૬૯, ૧૮૯, ૨૩૮-૨૩૯, ૨૮૦-૨૮૧; ભક્તિમાર્ગે ગ્રહવા, ૬૨, ૧૦૪, ૧૦૭; પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ, ૨૯૪-૨૯૫, ૩૦૧-૩૦૨, ૩૧૦-૩૧૨, ૩૨૪-૩૪૦; માં રહેલો આજ્ઞારસ, ૧૪૨, ૧૪૭-૧૪૮, ૧૫૮, ૧૮૬, ૨૧૮, ૨૨૧, ૨૫૩-૨૫૬, ૨૮૩, ૩૧૨; માં રહેલો કલ્યાણભાવ, ૨૪૬, ૨૫૩, ૨૮૦; માં મહાસંવરનો માર્ગ, ૧૨૦, ૧૪૨, ૧૫૩, ૧૫૬, ૨૨૧, ૨૨૩; માં વિનયરસ, ૧૨, ૧૦૭; માંથી મળતો પુરુષાર્થ, ૪૭, ૨૫૫; મિથ્યાત્વ અને ચારિત્રમોહનો નાશ કરે, ૧૫, ૯૬; સદ્ગુરુનાં, ૨૧; સાધુસાધ્વીજીના, ૧૬, ૨૬૨; સિદ્ધપ્રભુનાં, ૧૩, ૪૩, ૧૪૭, ૧૬૯; સ્વકલ્યાણ તથા પરકલ્યાણના, ૨૬૧-૨૬૩; *કલ્યાણભાવ તથા પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ પણ જુઓ*

**કલ્યાણપ્રેરિત મહાસંવર,** ૧૮૦-૧૮૧, ૧૮૪-૧૮૬, ૨૬૧; થી ગુણોનો આશ્રવ, ૧૮૪, ૨૯૧; માં પ્રત્યક્ષ સાથ, ૨૨૨

**કલ્યાણભાવ,** કલ્યાણનાં પરમાણુમાં, ૧૧-૧૨, ૧૨૫, ૧૫૬, ૧૫૮, ૨૪૬, ૨૬૨, ૨૮૦; કલ્યાણપ્રેરિત મહાસંવર માર્ગે, ૧૮૫; ગણધરનો, ૮૯-૯૦, ૨૯૯; જીવ સમસ્ત માટે, ૧૩૫; તીર્થંકર પ્રભુનો, ૮૨, ૮૯-૯૦, ૯૯, ૧૩૪, ૨૯૯; થી પરમાર્થ પુણ્ય બંધાય, ૧૫૩; ના આધારે મહાસંવરમાર્ગના ભેદ, ૧૮૧; ના આધારે વીતરાગતા ખીલે, ૧૩૫-૧૩૬, ૧૫૩, ૨૧૩, ૨૬૫-૨૬૬, ૨૯૭; ને શૂન્યતા, ૧૭૨; દેહમાંથી નીકળે, ૨૦૬; બોધસ્વરૂપ દશા પછી, ૧૩૫; થી માર્ગના રહસ્ય સમજાય, ૧૦૯, ૧૩૪; પરકલ્યાણ માટે, ૨૬૩-૨૬૪, ૨૯૭; પંચપરમેષ્ટિ ભગવંતનો, ૯૯, ૧૦૯, ૧૨૫, ૧૫૮, ૨૭૯-૨૮૦, ૨૯૮-૨૯૯; સદ્ગુરુ પાસેથી, ૩૦; સિદ્ધપ્રભુ માટે વેદવો જરૂરી, ૧૪૦; સ્વકલ્યાણ માટે, ૨૬૨-૨૬૩; સ્વપરકલ્યાણ માટે, ૨૬૪-૨૬૫; કલ્યાણનાં પરમાણુ પણ જુઓ

**કલ્યાણમાર્ગ,** ૨૧૫, ૨૬૧

**કલ્યાણરસ,** ૨૪૭, ૨૬૧, ૨૭૭, ૨૮૯-૨૯૦; થી ગુણો વધે, ૧૫૭; પંચપરમષ્ટિનો, ૧૫૮; તીર્થંકર અને કેવળીનો, ૨૧૯

**કવચ,** નવકારનું, ૭૫-૮૦, ૩૩૮-૩૪૧; પંચપરમેષ્ટિ ભગવંતનું, ૩૫, ૩૭, ૧૦૯; પ્રત્યક્ષ સદ્ગુરુનું, ૧૩, ૧૭-૧૮, ૧૫૫; ભક્તિમાર્ગે, ૬૩, ૭૩; માટે અહોભાવ વેદવો, ૧૫૧; સર્વ સદ્ગુરુનું, ૧૪, ૨૩, ૨૫; *આજ્ઞાકવચ પણ જુઓ*

**કષાય,** અકામ-સકામ, ૧૯૪; અશુભ અંતરાય બંધાવાનું કારણ, ૧૯૧, ૧૯૫; જય, ૫૩, ૫૬-૫૮, ૮૮, ૧૩૦; થી દરેક કર્મ બંધાય, ૫૮; નિર્વાણમાર્ગે ક્ષય થાય, ૧૧૪; રાગદ્વેષ, ૨૭-૩૦, ૫૦-૫૪, ૨૧૩; *મોહ, ચારિત્રમોહ, દર્શનમોહ પણ જુઓ*

**કેવળદર્શન,** ૭, ૫૯

**કેવળજ્ઞાન,** ૭, ૪૩, ૫૯, ૧૦૮, ૧૧૦; ની પ્રાપ્તિ નિર્વાણમાર્ગે, ૧૧૪; સિદ્ધપ્રભુ

અને કેવળીપ્રભુના કેવળજ્ઞાન વચ્ચે તફાવત, ૬

**કેવળીગમ્ય પ્રદેશ,**૧૦૦-૧૦૨, ૨૧૮-૨૧૯, ૨૫૪; કેવળી સમુદ્‌ઘાત વખતે, ૧૬૯-૧૭૦; ની આકૃતિ, ૧૪૩; ની પ્રાપ્તિ, ૧૦૦, ૨૧૯; પંચપરમેષ્ટિ ભગવંતના, ૨૯૧; માં રહેલું વીર્ય, ૨૧૯, ૨૫૪; રુચક પ્રદેશ પાસેથી જ્ઞાન મેળવે, ૧૪૩, ૨૧૯; રુચક પ્રદેશની આજ્ઞા પાળે, ૨૮૮, ૩૧૪; લોકવ્યાપી થવા, ૧૬૯-૧૭૦; શ્રેણિ વખતે શુદ્ધ થાય, ૩૯; શ્રુતજ્ઞાન આપે, ૧૪૨, ૧૪૩

**કેવળીપ્રભુ**, અને કેવળી સમુદ્‌ઘાત, ૮૯-૯૦, ૧૬૩; અને ધર્મનું બીજ, ૮૯; અને શાતાવેદનીયનો બંધ, ૪૨, ૧૩૩, ૧૬૩; અયોગી-સયોગી, ૧૬૩-૧૬૪; અંતરાયકર્મને આધારે ભવિષ્ય ભાખે, ૧૯૧; ના કલ્યાણનાં પરમાણુ, ૨૧૯; ને યોગથી કર્મબંધન, ૧૩૦-૧૩૧, ૧૬૪; ને પરોક્ષ કર્મબંધનના કારણો, ૧૩૨-૧૩૩; નો સાથ આત્મવિકાસમાં, ૧૦૧, ૨૧૯-૨૨૨; નો સાથ સમવસરણમાં, ૪૨, ૨૨૦; નો સાથ નિત્યનિગોદમાં, ૮૯; નું યોગદાન કલ્યાણનાં પરમાણુમાં, ૧૫૮; સયોગી કેવળી, ૧૫૦

**કેવળી સમુદ્‌ઘાત,** ૧૬૩-૧૬૬, ૧૬૯-૧૭૦; અરિહંત પ્રભુનો, ૮૯-૯૦; ગણધર પ્રભુનો, ૮૯-૯૦; વખતે ત્રસનાડીમાં પુનઃ પ્રવેશ, ૯૨, ૧૬૯; વખતે ધર્મનું બીજનું રોપવું ને ખોલવું, ૮૯-૯૧; વખતે નિત્યનિગોદનો જીવ બહાર નીકળે, ૮૮, ૧૬૯; *સમુદ્‌ઘાત જુઓ*

**કેવળ લગભગ ભૂમિકા,** ૬૯

**ક્રિયામાર્ગ,** ૧૧૬

**ક્રોધ,** ૫૨-૫૮

ગ

**ગણધરજી,** ૪૧, ૮૯-૯૦, ૧૭૩, ૩૦૪-૩૧૦; અને આચાર્ય વચ્ચે ફરક, ૩૩૨-૩૩૩; અને તીર્થંકરનું કલ્યાણકાર્ય, ૩૦૭-૩૧૨; અને ધર્મનું બીજ, ૮૯; ના પદને નિકાચીત કરવું, ૩૦૧-૩૦૨; નું આજ્ઞાપાલન, ૩૦૦; નું કલ્યાણકાર્ય, ૧૩૪, ૩૦૬-૩૦૮; નિર્વાણમાર્ગ આચરે, ૧૫૮; નું પૂર્ણ પરમેષ્ટિ પરમાણુમાં યોગદાન, ૩૦૪-૩૦૫, ૩૧૦, ૩૩૨-૩૩૪; નો આજ્ઞારસ, ૧૪૭-૧૪૮, ૧૫૮, ૨૬૪-૨૬૫; નો કલ્યાણભાવ, ૨૯૯; પુણ્ય નું સંક્રમણ કરે, ૪૧; *આચાર્ય પણ જુઓ*

**ગ્રંથિભેદ,** ૧૦૧

**ગુણાશ્રવ,** ૧૪૧, ૧૬૨, ૧૮૪, ૨૧૪-૨૧૫, ૨૩૨-૨૩૩, ૨૩૮-૨૩૯, ૨૪૨, ૨૫૨; કલ્યાણમાર્ગનો હેતુ, ૨૧૫, ૨૯૧

**ગુણો,** ૐ ની સહાયથી ખીલે, ૨૯૬; અંતરાય ગુણ, ૧૮૮, ૨૩૧; કલ્યાણરસથી ખીલે, ૧૫૭, ૨૧૫; કલ્યાણનાં પરમાણુમાં, ૨૩૩; ગુણગ્રાહીપણું, ૨૩૧-૨૩૩, ૨૩૯, ૨૪૧, ૨૬૬, ૩૨૧; ના લક્ષથી પુરુષાર્થ, ૨૧૫, ૨૩૨-૨૩૩, ૨૩૮-૨૩૯; નો આશ્રવ, ૧૪૧, ૨૦૯, ૨૧૪; પંચપરમેષ્ટિ ભગવંતના, ૨૯૮-૨૯૯; ભક્તિથી ખીલે, ૨૩૧; સદ્‌ગુરુના આશ્રયે ખીલે, ૬૪; વિભાવથી બચાવે, ૧૩૦

**ગુણસ્થાન,** ૩૩-૩૪, ૧૧૩-૧૧૫

**ગુરુ,** *જુઓ સદ્‌ગુરુ*

ઘ

**ઘાતી કર્મ,** ના આધારે અઘાતી બંધાય, ૧૦૩

ચ

**ચતુરંગીય,** ૧૯૫, ૨૭૬

**ચતુર્વમુખિન યોગ,** ૧૪૫

**ચારિત્ર,** કેવળજ્ઞાન પછી, ૧૦૭; ખીલવવું, ૧૦૫-૧૦૮, ૧૨૭, ૨૪૩, ૨૬૦, ૨૬૪, ૩૦૫

**ચારિત્રમોહ,** અને રાગદ્વેષનાં જોડકાં, ૨૪; થી સર્જાતી ચીકાશ અને કર્મબંધ, ૧૫; નો ક્ષય તથા ઉપશમ, ૧૮-૧૯, ૨૦-૨૨, ૧૩૦; બંધાવાના કારણો, ૨૩, ૧૩૦

છ

**છઠ્ઠું ગુણસ્થાન,** ૨૭-૩૧, ૧૧૩, ૧૧૮-૧૨૩; અને અલિપ્તતા, ૫૬; અને અપૂર્ણ આજ્ઞારસ, ૨૭; અને પ્રમાદ, ૨૭, ૧૧૯; અને પૂર્ણ આજ્ઞાનું આરાધન, ૮૫, ૧૧૯, ૨૬૦-૨૬૫; અને મહાસંવરનું આરાધન, ૧૮૧, ૧૮૪; અને રાગ-દ્વેષનાં જોડકા, ૨૭-૨૯, ૫૨-૫૫; અને શ્રેણિની તૈયારી, ૪૪, ૪૭, ૧૬૦-૧૬૨; અને સદ્‌ગુરુ પ્રત્યે રાગભાવ, ૩૦; અને સંસારની સ્પૃહા, ૪૯, ૫૬,૨૬૪; અપ્રમાદી પુરુષાર્થ, ૪૯, ૫૪-૫૫; થી સર્વ સત્પુરુષ આજ્ઞાકવચ મળે, ૧૪, ૧૫૫; પરમાર્થ પુણ્ય મેળવવા, ૪૯; પછી યોગ શક્તિશાળી, ૨૧૦; માં આગળ વધવા, ૩૪-૩૫, ૪૦, ૪૭, ૪૯, ૫૧-૫૫, ૮૫, ૧૫૯-૧૬૨, ૨૧૩-૨૧૫, ૨૬૪-૨૬૫; મેળવવા પુરુષાર્થ, ૨૨

ત

**તપ, આજ્ઞારૂપી,** *આજ્ઞારૂપી તપ જુઓ*

**તીર્થંકર ભગવાન,** ૩૦૯-૩૧૨; ૐની સહાયથી બોધ આપે, ૩૧૨; અને સમવસરણ, ૪૨, ૩૧૬; અને તીર્થંકર નામકર્મ, ૧૪૪, ૩૦૧-૩૦૨; અંતર્વૃત્તિસ્પર્શ કરાવે, ૯૪-૯૭; આજ્ઞામાં રહીને ચતુર્વિધ સંઘ સ્થાપે, ૪૦; ધર્મનું બીજ લોકમાં રોપે, ૮૯-૯૦; નાં કલ્યાણનાં પરમાણુ, ૧૩૪, ૧૪૧, ૧૪૫; નો આત્મવિકાસ, ૧૪૫, ૩૦૯; નો આજ્ઞારસ, ૯૭, ૧૪૧-૧૪૨, ૧૫૮; નો કલ્યાણભાવ, ૯૯-૧૦૦, ૨૯૯, ૩૦૧; નો કેવળી સમુદ્‌ઘાત, ૮૯-૯૦; નો પુરુષાર્થ, ૩૦૯-૩૧૦, ૩૧૪; નો વીતરાગી બોધ, ૨૧૬-૨૧૭; નું આજ્ઞાપાલન, ૩૦૦; નું પંચપરમેષ્ટિના કલ્યાણનાં પરમાણુમાં યોગદાન, ૧૨, ૧૪૭, ૧૫૮; નું પૂર્ણ પરમેષ્ટિ પરમાણુમાં યોગદાન, ૩૦૧-૩૦૨; નું મહાસંવરનું આરાધન, ૧૪૧-૧૪૫, ૧૫૪, ૧૮૪; નો સાથ નિત્યનિગોદના જીવો માટે, ૮૮-૮૯, ૨૧૬-૨૧૭; નો સાથ નિશ્ચયથી વ્યવહાર સમકિત વખતે, ૯૯; નો સાથ શ્રેણિ વખતે, ૩૭-૩૮; નું અપ્રમાદીપણું, ૧૪૨; પરિનિર્વાણમાર્ગ પાળે, ૧૫૮; પાંચ સમવાય અનુસાર માર્ગ બોધે, ૩૭; પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ, ૩૩૬-૩૩૮; સિદ્ધપ્રભુનાં પરમાણુ જીવિત કરે, ૧૪૭; જ્ઞાનદર્શનનો ઉઘાડ, ૧૪૩; *કેવળીપ્રભુ, સમુદ્‌ઘાત પણ જુઓ*

**ત્રસનાડી,** ૯૧-૯૨, ૧૬૯

દ

**દર્શનાવરણ કર્મ,** અને આજ્ઞારૂપી ધર્મ, ૧૦૬; અપૂર્ણ આજ્ઞાપાલનથી વધે, ૩૦; કષાયથી બંધાય, ૫૮; સંસારની આસક્તિથી વધે, ૨૩

**દર્શનમોહ**, *મિથ્યાત્વ જુઓ*

**દેવલોક,** નો ભવ છઠ્ઠા-સાતમા ગુણસ્થાન પછી, ૪૮, ૫૦

**દ્વેષ,**૫૨-૫૪; અને રાગનાં જોડકાં, ૨૭-૨૮; ના સ્કંધો રાગથી છૂટા થવા, ૨૮, ૫૬; પ્રતિકૂળ સંજોગો પ્રતિ, ૧૫૬; માયા તથા લોભ, ૫૧

ધ

**ધ્યાન/ધ્યાન તપ,** ૧૪૨, ૧૫૨, ૨૪૩; *ધર્મધ્યાન, શૂન્યતા તથા શુક્લધ્યાન પણ જુઓ*

**ધર્મ,** ૧૧૮-૧૧૯; નું બીજ રોપવું, ૮૯-૯૦, ૧૬૭; નું મંગલપણું અને સનાતનપણું, ૧૬૯, ૨૮૧, ૨૮૯, ૩૦૭-૩૧૧; *આજ્ઞારૂપી ધર્મ પણ જુઓ*

**ધર્મધ્યાન,** ૧૪૩, ૧૫૨; *ધ્યાન, શૂન્યતા પણ જુઓ*

**ધીરજ,** ૩૨૨

ન

**નવકાર,** નું કવચ, ૭૫-૭૯; ૧૭૧

**નિર્ગ્રંથમાર્ગ,** ૧૧૩, ૧૧૫; ઉપાધ્યાયજી પાળે, ૧૫૮; માં સર્વ સત્પુરુષ આજ્ઞાકવચ મળે, ૧૫૫

**નિર્જરા,** અકામ-સકામ, ૯૬, ૧૪૦, ૧૫૫, ૧૮૧, ૨૧૨, ૨૫૭-૨૫૮; અને આશ્રવનો સબંધ, ૯૪; અને નિહાર, ૨૪૯-૨૫૦, ૨૫૮; આત્મિક શુદ્ધિના માર્ગે, ૨૩૮; પ્રમાદની, ૯, ૯૬; ચારિત્ર ખીલવવાથી, ૧૦૮; નિર્જરામાર્ગે, ૨૦૪-૨૦૬, ૨૫૬; પ્રેરિત સંવર, ૧૧૯, ૧૨૧, ૧૩૫, ૨૫૮; મહાસંવરના માર્ગે ઉત્તમ, ૮૨, ૧૨૨, ૧૪૧, ૧૫૪, ૧૫૭; સંવર કરતાં સહેલી, ૨૧૦, ૨૩૦; સંવરપ્રેરિત નિર્જરામાર્ગે, ૨૦૭; ક્ષમાપના અને મંત્રસ્મરણથી, ૬૦, ૧૫૧

**નિર્જરાપ્રેરિત સંવરમાર્ગ,** ૧૧૯, ૧૨૧, ૧૩૫, ૨૫૮, ૨૭૯

**નિર્જરામાર્ગ,** ૨૦૪-૨૦૬

**નિત્યનિગોદ,** ૮૭-૯૧; થી બહાર નીકળવું, ૪૩, ૯૧; માં આજ્ઞાપાલન, ૮૨

**નિમિત્ત,** ૧૯૭; ને આધીન થઈ વર્તવું, ૨૦૧, ૨૩૫; થી પર થઈ વર્તવું, ૨૦૨, ૨૨૯;

**નિર્વાણમાર્ગ,** ૧૧૪, ૧૧૫, ૨૩૮; ગણધર પાળે, ૧૫૮; માં પંચપરમેષ્ટિ આજ્ઞાકવચ, ૧૫૫

**નિર્વિકલ્પતા,** ૨૮, ૧૭૨

**નિશ્ચયથી વ્યવહાર સમકિત,** ૯૯-૧૦૦, ૨૧૮

**નિશ્ચયનય,** ૧૯૧, ૨૧૪, ૨૨૧

**નિસ્પૃહતા,** ૧૩૭, ૧૬૨, ૨૧૬; પરમાર્થિક સિદ્ધિ માટે, ૧૪૦; ભક્તિથી ખીલે, ૨૨૮

**નિહાર,** ૨૨૯-૨૩૦, ૨૪૯-૨૫૨, ૨૬૦, ૩૧૮-૩૧૯; અને આહાર, ૨૫૯, ૩૧૯; નિર્જરામાર્ગે, ૨૫૬-૨૫૭; સકામ, ૨૫૭; સંવરમાર્ગે, ૨૫૫

પ

**પરમાણુ, કલ્યાણનાં**, *કલ્યાણનાં પરમાણુ જુઓ*

**પરમાણુ, પૂર્ણ પરમેષ્ટિ**, *પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ જુઓ*

**પરમાર્થ પુણ્ય**, ૪૧, ૪૫, ૪૯, ૧૩૬,૧૫૩, ૨૫૮, ૨૬૪; *પુણ્ય પણ જુઓ*

**પરમાર્થ લોભ**, *લોભ જુઓ*

**પરમાર્થિક સિદ્ધિ**, ૮૧, ૨૪૧-૨૪૪, ૨૬૫; કલ્યાણનાં પરમાણુથી, ૨૮૧; મહાસંવરના માર્ગે, ૧૩૯, ૨૬૦

**પરિનિર્વાણમાર્ગ**, ૧૧૪, ૧૧૫, ૧૫૮

**પંચ પરમેષ્ટિ ભગવંત**, ૨૭૧-૨૭૨, ૨૭૮-૨૮૦; ૐમાં સમાય, ૨૭૧, ૨૭૮; અને ચતુર્વિધ સંઘ, ૪૦; ના કલ્યાણનાં પરમાણુ, ૧૧-૧૩, ૯૬-૯૭, ૧૨૫, ૧૪૬-૧૫૦, ૧૫૬, ૧૫૮, ૧૬૯, ૨૩૮, ૨૮૦-૨૮૪; ના ગુણો, ૩૧-૩૨; ના કેવળીગમ્ય પ્રદેશો, ૨૯૦; ના પદને નિકાચીત કરવું, ૩૦૧; ની આજ્ઞાનો ક્રમ, ૨૪૦, ૨૭૮-૨૮૦; ની કક્ષા પ્રમાણે સંસાર સ્પૃહા, ૯-૧૦, ૨૭૮-૨૭૯, ૨૯૮-૨૯૯; ની ભક્તિ, ૨૪; નો આજ્ઞારસ, ૧૪૭-૧૪૯, ૧૫૮, ૧૮૬, ૨૮૩, ૨૮૯, ૩૧૦-૩૧૨; નો પુરુષાર્થ, ૨૯૮-૩૦૦, ૩૩૫-૩૩૬; નો મૈત્રીભાવ, ૧૫૯; નો સાથ શ્રેણિ વખતે, ૩૬-૪૧, ૧૪૯; નો કલ્યાણભાવ, ૯૯, ૧૨૫, ૨૦૬-૨૦૭, ૨૯૮-૨૯૯ ; નું આજ્ઞાપાલન, ૯-૧૦, ૨૩૬, ૨૭૧, ૨૭૮-૨૮૦; નું કવચ, ૩૫, ૨૩૬; નું મહાસંવરમાર્ગનું આરાધન, ૧૩૯-૧૪૨, ૧૮૪; નું વીર્ય, ૧૫૨-૧૫૩; ભક્તિમાર્ગ પાળે, ૧૦૭, ૧૧૦, ૨૦૯, ૨૭૮; માં સમાવેશ પામવા માટે પાત્રતા, ૫, ૧૦, ૨૨, ૩૩, ૯૮, ૧૦૭, ૩૦૧-૩૦૨; માં સ્થાન પામેલા સદ્ગુરુના સાથથી ઝડપી વિકાસ, ૧૯; માં વિવિધ માત્રામાં પ્રમાદ, ૮, ૧૦, ૩૩

**પાત્રતા**, ૨૬૯, ૨૭૬; આજ્ઞા મેળવવા, ૨૭૩; ચતુર્વિધ સંઘમાં સ્થાન પામવા, ૪૦; નિત્યનિગોદના જીવોની, ૮૯; પંચપરમેષ્ટિપદની પ્રાપ્તિ માટે, ૫, ૧૦, ૨૨, ૩૩, ૯૮, ૧૦૭, ૨૯૦, ૩૦૧-૩૦૨; પ્રમાણે કલ્યાણનાં પરમાણુ મળે, ૨૨૧, ૨૮૮; ભક્તિથી ખીલે, ૨૯૮; વિનયથી ખીલે, ૬૫, ૧૦૭, ૨૨૪; વીતરાગી બોધ પામવા, ૨૨૩-૨૨૪; સદ્ગુરુ બનવાની, ૬૬, ૨૬૦

**પાંચમુ ગુણસ્થાન**, ૨૫-૨૬, ૧૧૩

**પુણ્ય**, પરમાર્થ, ૪૧, ૪૫, ૪૯, ૧૩૬,૧૫૩, ૨૫૮, ૨૬૪; સંસાર, ૩૧; સંસાર પુણ્ય પરમાર્થ પુણ્યમાં પલટાવું, ૩૪, ૪૧, ૭૪, ૧૩૬, ૧૫૯

**પુરુષાર્થ (આત્મવિકાસ માટે)**: ૐ ની સહાયથી, ૨૩૬, ૩૩૭; અકામ-સકામ, ૧૮૨-૧૮૩, ૨૧૩, ૨૫૦, ૨૮૫; અને વીર્યના પ્રકાર, ૧૮૩; અશાતામાં ટકવા માટે, ૪૬, ૫૨, ૨૦૪, ૨૭૨; આચાર્યજીનો, ૩૨૯-૩૩૨; આહાર, વિહાર તથા નિહાર માટે, ૩૧૮-૩૧૯; આજ્ઞાપાલન માટે, ૩૮, ૧૨૪, ૧૨૮, ૨૫૩-૨૫૪, ૨૬૧-૨૬૨, ૨૭૨-૨૭૩, ૨૭૬, ૨૮૬; આજ્ઞારસ મેળવવા, ૨૫૭-૨૫૮, ૨૬૨, ૨૮૪-૨૮૫; ઈચ્છાગત-આજ્ઞાગત, ૩૨૮; ઉત્કૃષ્ટ, ૩૦૨, ૨૪૭; ઉપશમ સમકિત માટે, ૧૦૨-૧૧૦;

ઉપાધ્યાયજીનો, ૪૭, ૨૮૪; કર્મ ઘટાડવા માટે, ૧૧૯; કર્મલક્ષી, ૨૩૮; કલ્યાણનાં પરમાણુ ગ્રહવા, ૩૧૨; ગણધરજીનો, ૩૦૫-૩૦૯, ૩૩૨-૩૩૪; ગુણલક્ષી, ૨૧૫, ૨૩૧-૨૩૨, ૨૩૮-૨૪૦, ૨૪૨, ૨૬૬; ચારિત્ર ખીલવવા, ૨૪૩, ૨૬૦, ૨૬૪; છઠ્ઠા ગુણસ્થાનની પ્રાપ્તિ માટે, ૨૭-૩૦, ૧૧૮-૧૨૧; છઠ્ઠા ગુણસ્થાને આગળ વધવા, ૩૪-૩૫, ૪૦-૪૧, ૪૪, ૪૯-૫૪, ૧૨૩-૧૩૦, ૧૫૯-૧૬૦, ૨૬૫; ત્રણે કાળનો(ભૂત, ભાવિ ને વર્તમાન), ૪૫-૪૬, ૨૩૦, ૨૫૯, ૨૭૩, ૩૨૨; નિત્યનિગોદથી નીકળવા, ૮૮-૯૦; પરકલ્યાણ માટે, ૨૬૩-૨૬૪; પૂર્ણાતિપૂર્ણ આજ્ઞાનો, ૨૮૮; પંચપરમેષ્ટિ ભગવંતનો, ૨૯૮-૩૦૦, ૩૩૫-૩૩૬; મહાસંવરમાર્ગ, ૧૫૯; યથાર્થ, ૨૧૩; રાગ-દ્વેષથી છૂટવા, ૪૯-૫૩; વિભાવથી બચવા, ૧૨૦, ૧૨૪-૧૨૫, ૨૦૯, ૨૬૨, ૨૭૪; શાતાના ઉદયમાં, ૫૨; શ્રેણિ માંડતા પહેલા, ૪૪, ૧૦૮; શ્રેણિ વખતે, ૩૫-૪૧, ૫૦-૫૧; સર્વોત્કૃષ્ટ શુદ્ધિનો, ૨૩૮-૨૪૧, ૨૬૫; સાતમા ગુણસ્થાન માટે, ૨૯-૩૦, ૩૪-૩૫, ૪૧, ૪૪-૪૬, ૧૨૩-૧૩૭, ૧૫૯-૧૬૦; સમર્થ ગુરુના આશ્રયે, ૨૩૬; સાધુસાધ્વીનો, ૪૭, ૨૬૩, ૩૨૨; સંજ્ઞા અને આજ્ઞાની સહાયથી, ૨૭૪-૨૭૭; સ્વકલ્યાણ માટે, ૨૬૨-૨૬૩; સ્વપરકલ્યાણ માટે, ૨૬૪-૨૬૫, ૨૭૦; હકારાત્મક અને નકારાત્મક વલણથી, ૯૪-૯૫, ૧૩૬, ૧૬૦-૧૬૨, ૨૧૪-૨૧૫, ૨૩૮-૨૩૯, ૨૪૨

**પુરુષાર્થ (ચતુરંગીય)**, *શ્રમ જુઓ*

**પૂર્ણ આજ્ઞા**, ૮-૯, ૨૯-૩૦, ૪૭, ૮૪-૮૬, ૧૧૫,૧૨૩-૧૨૪, ૧૫૯, ૧૬૧, ૨૧૬, ૨૮૫; ગણધર પ્રભુ પાળે, ૧૩૪; થી કલ્યાણનાં પરમાણુ છોડવા, ૬૨, ૧૩૪; મહાસંવર માર્ગે, ૧૪૧, ૧૬૧; માં આત્મપ્રદેશો આવવા, ૨૮૮; *આજ્ઞા,આજ્ઞાપાલન પણ જુઓ*

**પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ**, ૨૯૪-૨૯૫, ૩૦૧-૩૦૫; અરિહંત(તીર્થંકર) પ્રેરિત, ૩૩૬-૩૩૭; આચાર્યજી પ્રેરિત, ૩૨૭-૩૩૧; ઉપાધ્યાયજી પ્રેરિત, ૩૨૫-૩૨૮; ખેંચવા, ૩૧૫-૩૧૮; ગણધર પ્રેરિત પરમાણુ, ૩૩૨-૩૩૪; ની અંતરાય તોડવી, ૨૯૫, ૩૧૯; નો આહાર, વિહાર અને નિહાર, ૩૧૮-૩૧૯; બનવાની પ્રક્રિયા, ૩૦૩-૩૦૫; માં આજ્ઞા કવચ, ૩૩૦-૩૩૨; સાધુસાધ્વી પ્રેરિત, ૩૨૩-૩૨૪

**પૂર્ણાતિપૂર્ણ આજ્ઞા**, ૨૮૪-૨૮૬, ૨૮૮, ૩૨૦

**પ્રત્યાખ્યાની(કષાય)**, મિથ્યાત્વ અને અનંતાનુબંધીમાંથી ઉપજેલા, ૨૩; સ્વચ્છંદ તૂટવાથી દબાય, ૪૦

**પ્રદેશોદય**, અને અનભિસંધિજ વીર્ય, ૨૫૧-૨૫૨; થી કર્મો ભોગવવા(નિર્જરા), ૧૫૪-૧૫૬, ૨૦૩, ૨૦૫, ૨૦૭, ૨૫૧-૨૫૨, ૨૮૯-૨૯૧; થી અંતરાય કર્મ ભોગવવું, ૧૬૨, ૧૮૯; થી કષાયો ભોગવવા, ૫૭; ૧૩૬

**પ્રમાદ**, ૧-૫, ૯-૧૦, ૨૩, ૩૧-૩૩, ૪૬, ૫૪, ૬૦, ૯૬, ૧૯૪; અકામ-સકામ, ૧૯૩-૧૯૪; અને આત્મિક શુદ્ધિ તથા સિદ્ધિ, ૩૨; અને આજ્ઞાનો સંબંધ, ૩૧-૩૩; અને છઠ્ઠું ગુણસ્થાન, ૨૭-૨૯, ૧૧૯, ૧૨૧; અને પાંચમું ગુણસ્થાન, ૨૫-૨૬; અને પૂર્ણ-અપૂર્ણ

આજ્ઞા વચ્ચે સંબંધ, ૮-૯, ૨૯, ૮૬; અને સંવર તથા નિર્જરા, ૯, ૯૮, ૧૨૧, ૧૫૦; અને શ્રેણિનો પુરુષાર્થ, ૩૮-૪૧; અશુભ અંતરાય બંધાવાનું કારણ, ૧૯૧, ૧૯૫; થી કર્મ બંધાય, ૧૩૨; થી કલ્યાણનાં પરમાણુ નબળાં બને, ૨૪૭; થી કેવળજ્ઞાન લંબાય, ૪૮; થી સમકિત વમે, ૧૮; થી શાતાવેદનીયનો જથ્થો વધે, ૪૮, ; ના પ્રમાણમાં મોહરસ ઉપજે, ૨૭, ૧૩૨; પરમાર્થે, ૩૨-૩૩; પંચપરમેષ્ટિ ભગવંતમાં કક્ષા પ્રમાણે, ૭-૮, ૯-૧૦; મોહ તોડવા, ૬૮; રાગ-દ્વેષથી વધે, ૫૪-૫૫; શાતાની સ્પૃહાથી વધે, ૨૫, ૪૮; શ્રેણિમાં, ૫૭; સંસાર પ્રત્યે, ૩૨; જ્ઞાન માર્ગે અને ક્રિયામાર્ગે વધુ, ૬૩

**છોડવાના ઉપાયોઃ** આજ્ઞાપાલન, ૬, ૮-૯, ૩૪, ૭૨-૭૩, ૧૨૮, ૨૫૯; કલ્યાણનાં પરમાણુ ગ્રહણ કરવાથી, ૧૩, ૫૫; નિર્ગ્રંથમાર્ગનું આરાધન, ૧૧૩; ભક્તિમાર્ગનું આરાધનથી, ૬૨, ૭૩, ૧૧૦; મહાસંવરમાર્ગનું આરાધન, ૧૪૧-૧૪૨; વિનય ગુણ ખીલવવો, ૧૯, ૬૬-૬૭, ૧૩૦; રાગદ્વેષનાં જોડકા છૂટા રાખવા, ૨૯, ૫૩-૫૫; સત્પુરુષનું શરણું, ૨, ૧૩, ૬૪; સરળતાના ગુણથી, ૩૨૨; સર્વ સત્પુરુષ આજ્ઞાકવચથી, ૧૫૫

**પ્રાર્થના,** થી આરાધન, ૪૬, ૬૦, ૨૩૯; થી ચારિત્ર ખીલે, ૧૦૬-૧૦૭; થી પંચપરમેષ્ટિ ભગવંતનો સાથ, ૬૦; થી સંવરનું આરાધન, ૬૦, ૧૧૭, ૧૫૧, ૧૮૧, ૨૧૪; નું સ્વરૂપ, ૫૯; ભક્તિનો પાયો, ૨૩૧, ૨૩૯, ૩૨૫

**પ્રેમ,** ૧૨૬-૧૨૭, ૨૩૨, ૩૨૮-૩૨૯; સદ્‌ગુરુ પ્રત્યે, ૨૧,૨૪, ૧૨૬

બ

**બીજ, ધર્મનું,** કેવળી સમુદ્‌ઘાત વખતે રોપાય, ૮૯-૯૦, ૧૬૭

**બોધ, વીતરાગી,** ૨૧૧-૨૧૩; ૨૧૬-૨૧૭; થી આત્મિક વિકાસ, ૨૧૭-૨૧૮, ૨૨૦-૨૨૨, ૨૨૩; માટે પાત્રતા, ૨૨૩-૨૨૪

**બોધરસ,** ૨૧૮-૨૧૯; પ્રત્યક્ષ સાથ વખતે, ૨૨૧; *આજ્ઞારસ પણ જુઓ*

**બોધસ્વરૂપ,** ૧૨૯, ૧૩૫, ૧૬૮

**બ્રહ્મચર્યવ્રત,** ૨૩૪

ભ

**ભક્તિ,** ૨૩-૨૫, ૭૩, ૧૦૪-૧૦૫, ૧૧૬-૧૧૭, ૧૭૫, ૧૮૧, ૨૨૪, ૨૨૬, ૨૨૮-૨૨૯, ૨૭૭, ૩૧૬-૩૧૯; અને આજ્ઞાધીનપણું, ૨૪, ૭૨-૭૩, ૧૧૩, ૨૭૮-૨૭૯; અને વિનયાભાર, ૨૨૫, ૨૩૧; આજ્ઞાભક્તિ, ૨૮૬; ગણધરપ્રભુની, ૩૦૪-૩૦૫; ગુપ્તભક્તિ, ૨૭૭; થી ગુણો ખીલે, ૨૩૩, ૩૨૧-૩૨૨, ૩૨૫; થી વિહાર, ૩૧૮; ના સાધનો, ૨૩૧; પરમ ભક્તિ, ૩૧, ૨૭૭; પરાભક્તિ, ૧૨૭, ૨૨૫, ૨૭૭; પાત્રતા ખીલે, ૨૨૪; પૂર્ણ પરમેષ્ટિ પરમાણુમાં, ૩૨૭-૩૨૮; સરળતાથી ખીલે, ૩૨૧-૩૨૨, ૩૨૫; સૌભાગભાઈની, ૬૮-૭૧; શરણું ખીલવું, ૧૧૬; *ભક્તિમાર્ગ પણ જુઓ*

**ભક્તિમાર્ગ,** ૬૦-૬૩, ૭૩-૭૫, ૧૦૪-૧૦૫, ૧૧૨, ૧૧૫-૧૧૬, ૨૨૪, ૨૨૬-૨૨૯, ૨૩૪, ૨૩૯; થી આત્મસિદ્ધિશાસ્ત્રની રચના,

૧૦૯; થી માન કષાયનો ક્ષય, ૬૨, ૧૦૪, ૧૦૭, ૨૩૯; થી વિનય ખીલે, ૬૬-૬૯, ૧૦૪-૧૦૫, ૧૦૭, ૨૨૪, ૨૩૯; નું આરાધન પાંચમા ગુણસ્થાન સુધી, ૧૧૩; પંચપરમેષ્ટિ ભગવંત પાળે, ૧૦૭-૧૧૦; સર્વોત્તમ, ૭૩, ૧૧૬, ૨૨૮-૨૨૯, ૨૩૪; *ભક્તિ પણ જુઓ*

**ભાવ**, ૨૪૫-૨૪૬, ૨૪૮-૨૪૯, ૨૫૩, ૨૭૪, ૨૯૨; અને અભિસંધીજ વીર્ય, ૨૦૨, ૨૪૮; અનુસાર વેદન, ૩૦૧; સૌથી બળવાન સમવાય, ૭૩, ૧૭૧, ૨૪૫; અનુસાર કર્મો બંધાય, ૧૫૬; કલ્યાણનાં પરમાણુ ગ્રહવા, ૩૧૨, ૩૧૬; ત્રણ કાળના, ૨૩૦, ૨૩૫, ૨૬૧; હકારાત્મક-નકારાત્મક, ૯૪-૯૫, ૧૩૬, ૧૬૦-૧૬૨; સંજ્ઞાથી કરવા, ૨૦૨, ૨૩૫, ૨૪૮

**ભેદજ્ઞાન**, ૧૨૦

**ભોક્તાપણું**, ૧૮૯, ૨૪૨, ૨૫૧

**મ**

**મન**, અને સંજ્ઞા, ૨૩૫, ૨૭૫

**મનુષ્યત્વ(ચતુરંગીય)**, *માનવતા જુઓ*

**મહાવ્રત, પાંચ**, નું પાલન ઇન્દ્રિયવિકાસ સાથે, ૧૯૭-૨૦૦; નું પાલન, ૧૫૮-૧૫૯, ૧૬૨, ૧૮૭, ૨૩૩-૨૩૪, ૨૫૮; નો ભંગ, ૧૮૯, ૧૯૨

**મહાવીર પ્રભુ**, ૨, ૧૧૦

**મહાસંવર**, ૮૨, ૧૨૦, ૧૨૦-૧૨૨, ૧૩૬-૧૩૮, ૧૫૧-૧૫૨, ૧૫૯, ૧૮૧, ૧૮૪-૧૮૬, ૨૨૧-૨૨૨, ૨૪૨, ૨૫૯-૨૬૨, ૨૮૯, ૩૨૨; અને આજ્ઞાકવચની પ્રાપ્તિ, ૧૫૫; અને આજ્ઞારસ, ૧૫૭-૧૫૯, ૧૮૬, ૨૨૧, ૨૫૯, ૨૮૯; એ પ્રત્યક્ષ-પરોક્ષ સાથ, ૨૨૨; અંતર્વૃત્તિસ્પર્શ વખતે, ૯૮-૯૯; કલ્યાણપ્રેરિત મહાસંવર, ૧૮૦, ૧૮૫, ૨૮૦, ૨૮૪; કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ વખતે, ૧૦૧; ગણધરપ્રભુ આચરે, ૧૪૭, ૧૫૪, ૨૮૦; તીર્થંકર પ્રભુ પાળે, ૧૪૧-૧૪૬, ૧૫૪, ૨૮૦; થી મોહનો નાશ, ૨૨૫; ના આરાધન માટે વીર્ય, ૧૫૨, ૨૮૯; ના પરમાણુ, ૨૮૧; પાળવામાં અરિહંતનો સાથ, ૧૪૧; પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુમાં, ૧૨૦, ૧૫૮-૧૫૯, ૨૮૪-૨૮૯; પંચપરમેષ્ટિ ભગવાન આચરે, ૧૩૯-૧૪૨, ૧૫૮, ૨૮૦, ૩૦૨; સિદ્ધ પ્રભુ સતત પાળે, ૧૪૬-૧૪૭; માર્ગે આત્મવિકાસ, ૧૫૯-૧૬૦, ૨૩૮; મહાવ્રતનું પાલન, ૧૫૯, ૧૬૧; સંવરપ્રેરિત મહાસંવર, ૧૮૦

**મહાસંવર, આજ્ઞાપ્રેરિત કલ્યાણપ્રેરિત**, *આજ્ઞાપ્રેરિત કલ્યાણપ્રેરિત મહાસંવર જુઓ*

**મહાસંવર, કલ્યાણપ્રેરિત**, *કલ્યાણપ્રેરિત મહાસંવર જુઓ*

**મહાસંવર, સંવરપ્રેરિત**, *સંવરપ્રેરિત મહાસંવર જુઓ*

**માર્ગ**, આત્મશુદ્ધિના, ૧૮૩; અંતરાય કર્મના આધારે, ૧૯૧, ૧૯૫

**માન**, ૫૨-૫૮, ૨૨૮, ૩૨૫; અને કર્તાપણું, ૧૩૭; અને પરમાર્થ લોભ, ૨૬૪, ૩૦૫, ૩૨૧; અહોભાવથી તૂટે, ૧૦૫, ૧૧૦; અંતરાય કર્મ બંધાવે, ૧૦૩; ગુણગ્રાહીપણાથી તૂટે, ૨૩૨; તૂટે તો જ કલ્યાણમાર્ગનું આરાધન, ૨૧૫; નો ભય જ્ઞાનમાર્ગે, ૬૩; નો ક્ષય

ભક્તિમાર્ગે, ૬૨, ૭૩, ૧૦૪-૧૦૭, ૨૨૮, ૩૨૫; પ્રમાદ વધારે, ૬૭, ૧૧૦; વિનયથી તૂટે, ૧૦૭; વીતરાગતાથી તૂટે, ૨૧૬; સરળતાના ગુણથી તૂટે, ૩૨૧-૩૨૨, ૩૨૫; સંસાર સ્પૃહાથી વધે, ૬૩; સ્વભાવગુણના લોભથી તૂટે, ૧૬૨, ૨૩૨

**માનવતા(ચતુરંગીય)**, ૧૯૫; નિર્જરામાર્ગે, ૨૦૫; સંવરમાર્ગે, ૨૦૪

**માયા**, ૫૨-૫૮

**મિથ્યાત્વ**, ૧૫-૧૯, ૮૬-૮૭, ૧૦૨-૧૦૩, ૧૨૬, ૧૩૧-૧૩૨, ૧૯૪; અકામ-સકામ, ૧૯૪; અને અંતર્વૃત્તિસ્પર્શ, ૯૬, ૨૧૭; અને ઉપશમ સમકિત, ૧૫-૧૯; અને દેહાસક્તિ, ૧૯૪-૧૯૫; અને નિશ્ચયથી વ્યવહાર સમકિત, ૯૯; અશુભ અંતરાય બંધાવાનું કારણ, ૧૯૧, ૧૯૫; થી ભિન્નતા, ૮૮, ૯૬; નો ક્ષય કરવો, ૧૪-૧૭, ૨૦-૨૨, ૧૧૨,૧૩૦; થી સર્જાતી ચીકાશ અને કર્મબંધ, ૧૫; નિત્યનિગોદમાં, ૮૮-૮૯; નો ક્ષયોપશમ, ૧૭-૧૯, ૧૨૬, ૧૩૦; નો શત્રુ પ્રત્યક્ષ સદ્દગુરુ આજ્ઞાકવચ, ૧૮, ૧૫૫; માંથી ઉપજેલા અપ્રત્યાખ્યાની ને પ્રત્યાખ્યાની કષાય, ૨૨; વિનયાભારથી ક્ષય કરવો, ૨૨૫

**મૈત્રી(ભાવ)**, ૧૨૭, ૧૫૯, ૩૩૫; પંચપરમેષ્ટિભગવંતમાં, ૧૫૯; પ્રેરિત વીતરાગતા, ૧૩૫-૧૩૬, ૧૫૯, ૨૧૩

**મોહ**, કેવી રીતે તૂટે, ૫૨-૫૩, ૧૦૫-૧૦૬, ૧૫૯, ૨૧૨-૨૧૩, ૨૨૫, ૨૯૫; મિથ્યાત્વ તથા ચારિત્રમોહ, ૧૪-૧૭; ની ચીકાશથી કર્મ ચીટકે, ૧૪, ૧૩૨; સાથે સુખબુદ્ધિનો ક્ષય, ૨૨૪; *રાગ, દ્વેષ પણ જુઓ*

**મોહનીય કર્મ**, અને આજ્ઞારૂપી તપ અને ધર્મ, ૧૦૬; કલ્યાણનાં પરમાણુથી ક્ષય થાય, ૨૧; ભક્તિમાર્ગે, ૧૦૬; સાથે સુખબુદ્ધિનો ક્ષય, ૨૪૩; સાથે જ્ઞાનાવરણ-દર્શનાવરણનો ક્ષય, ૧૮૪, ૧૮૬

**મંગલ**, ધર્મનું, ૧૬૯

**મંત્રસ્મરણ**, ૫૯-૬૨, ૨૩૯; માં સ્થિર થવા પ્રાર્થના-ક્ષમાપનાનો સાથ, ૧૫૨


**ય**


**યાચના**, ૧૧૬; *પ્રાર્થના પણ જુઓ*

**યોગ**, અને આહાર, વિહાર ને નિહાર, ૨૪૮-૨૫૦; અને સંજ્ઞા, ૨૭૬; આત્મિક પ્રગતિ સાથે શક્તિશાળી, ૨૧૦; થી કર્મબંધન, ૧૪, ૧૨૨, ૧૩૦-૧૩૧; થી કલ્યાણરસ લેવો, ૨૮૯; નું રુંધાવું, ૧૬૫-૧૬૬; નો ક્ષય, ૧૧૪-૧૧૫; મનોયોગ, ૧૯૭, ૨૭૫; સાથે કેવળીપ્રભુનું જોડાવું, ૭, ૧૬૪

**યોગમાર્ગ**, ૬૧-૬૨, ૧૧૬, ૧૫૮

**યથાખ્યાત ચારિત્ર**, સિદ્ધપ્રભુનું, ૭


**ર**


**રત્નત્રય (પ્રાર્થના, ક્ષમાપના, મંત્રસ્મરણ)**, ૫૯-૭૩, ૨૧૪, ૨૩૯, ૨૭૬-૨૭૭; થી મહાસંવરનું આરાધન, ૧૫૧-૧૫૨, ૧૮૫

**રાગ**, ૫૨-૫૪; અને દ્વેષનાં જોડકાં, ૨૭-૨૮, ૫૬; એ દ્વેષનું કારણ, ૮૫-૮૬, ૧૨૬; ઈષ્ટરાગ(પ્રભુ

પ્રત્યે), ૧૨૬, ૧૨૯; જીવને પ્રમાદી બનાવે, ૫૪; ના સ્કંધો દ્વેષથી છૂટા થવા, ૨૮; માયા તથા લોભ, ૫૧; તોડવા પ્રેમ ખીલવવો, ૧૨૬-૧૨૭; સદ્‌ગુરુ પ્રત્યે, ૩૦, ૧૨૬; સાનુકૂળ સંજોગો પ્રતિ, ૧૫૬; *વીતરાગતા પણ જુઓ*

**રાજચંદ્ર, શ્રીમદ્**, ૬૮-૭૦; અને આત્મસિદ્ધિશાસ્ત્રની રચના, ૭૧; અને નવકાર મહિમા, ૧૭૧; નું ભક્તિમાર્ગનું આરાધન, ૧૦૮

**રુચક પ્રદેશ**, ૮૨, ૮૬, ૯૬-૯૭, ૨૧૬-૨૧૭; અને કેવળીગમ્યપ્રદેશ, ૧૦૦, ૧૪૩, ૨૧૮, ૨૮૮; ની આકૃતિ, ૯૬, ૧૪૩; ની આજ્ઞા, ૨૮૮; ની પ્રાપ્તિની પ્રક્રિયા, ૮૮-૯૦, ૨૧૬-૨૧૭; ની સ્થિતિ અંતર્વૃત્તિસ્પર્શ વખતે, ૯૬; શ્રુતજ્ઞાન આપે, ૧૪૨, ૧૪૩

**ૠણ**, ની ચૂકવણી, ૨૨૪

**લ**

**લાગણી**, થી આજ્ઞા પળાય, ૨૭૩

**લેશ્યા**, ૨૪૯

**લોક**, ના પ્રદેશોમાં ધર્મનાં બીજનું રોપણ, ૮૯-૯૧

**લોકસંજ્ઞા**, ૧૭૬

**લોભ**, ૫૨-૫૮; પરમાર્થલોભ, ૫૮, ૧૦૫, ૧૪૭, ૨૩૯, ૨૫૫-૨૫૬, ૨૬૪, ૨૭૩, ૨૯૪, ૩૦૫

**વ**

**વિકલ્પ**, ૧૭૩-૧૭૫

**વિનય (ગુણ)**, ૧૯, ૬૪-૬૮, ૧૦૪, ૨૨૪, ૩૧૬-૩૧૯; અને વિનયાભાર, ૨૨૪, ૨૩૯, ૨૫૮-૨૫૯; આચાર્યજીનાં પરમાણુમાં, ૩૩૨; આજ્ઞામાર્ગનો પાયો, ૧૧૩, ૨૩૯; આજ્ઞારૂપી તપ, ૧૨૮; ખીલવવા સદ્‌ગુરુ પ્રત્યે અહોભાવ, ૧૯, ૬૧; ખીલવવા શાતાનો નકાર, ૩૦; થી કલ્યાણનાં પરમાણુ ગ્રહાય, ૧૦૭, ૧૨૬, ૩૧૮, ૩૩૫; થી પ્રમાદ જાય, ૧૩૦; થી મોહ તૂટે, ૬૮; થી વિહાર, ૩૧૮; પ્રભુ પ્રત્યે, ૧૨૬; ભક્તિમાર્ગનો પાયો, ૧૦૪-૧૦૫, ૧૦૭, ૧૦૮; સૌભાગભાઈનો, ૬૮-૭૦

**વિનયાભાર**, ૨૨૪-૨૨૬, ૨૩૩, ૨૩૯, ૨૫૮-૨૫૯, ૩૨૨

**વિપાકોદય**, ૨૦૩-૨૦૪, ૨૫૧-૨૫૨; અને અભિસંધિજ વીર્ય, ૨૫૧-૨૫૨; માં શાંતિ રાખવી, ૨૦૭

**વિભાવ**, ૧૩૦-૧૩૧, ૧૭૧, ૨૪૬; આજ્ઞાકવચથી જીતાય, ૧૫૫; કષાયથી ઉપજે, ૫૫; ઇન્દ્રિયો પર આધારિત, ૧૯૭-૨૦૦; જનિત કર્મબંધ, ૧૮૯, ૩૨૮; થી અંતરાય કર્મ બંધાય, ૧૮૯, ૨૩૮; થી કર્તાપણું વધે, ૨૩૬, ૨૪૪; થી કર્મ બંધાય, ૧૪, ૧૧૯, ૧૨૨, ૧૩૦, ૧૯૭; થી બચવા પુરુષાર્થ, ૧૨૦, ૧૨૪-૧૨૫, ૧૩૦, ૧૭૧-૧૭૨, ૨૦૯, ૨૪૪, ૨૬૧-૨૬૨; પ્રેરિત અંતરાય, ૨૩૮-૨૩૯; વિભાવરસ, ૧૯૧-૧૯૩; સકામ-અકામ, ૧૯૪, ૨૬૧; સંજ્ઞાની સહાયથી, ૨૦૩, ૨૭૪

**વિવેક(ગુણ)**, ૬૪

**વિહાર**, ૨૨૯–૨૩૦, ૨૪૯-૨૫૦, ૨૫૪-૨૫૫, ૨૬૦, ૩૧૭-૩૧૮

**વીતરાગતા**, ૧૩૫-૧૩૬, ૧૫૯-૧૬૦, ૨૧૩-૨૧૫, ૨૬૫-૨૬૬, ૨૯૬; અને આજ્ઞા તથા

કલ્યાણ, ૨૯૬-૨૯૯; આચાર્યજીની, ૩૩૨; કલ્યાણનાં પરમાણુ ગ્રહવા માટે, ૨૮૯; ખીલવાનો ક્રમ, ૧૩૫, ૧૫૯-૧૬૦, ૨૧૩, ૨૫૯; અને પ્રત્યક્ષ-પરોક્ષ સાથ આપવો, ૨૨૨; છઠ્ઠા-સાતમા ગુણસ્થાને, ૫૬, ૧૪૩, ૧૫૯-૧૬૦; તીર્થંકર પ્રભુની, ૮૨, ૧૪૩; નકારાત્મક-હકારાત્મક વલણથી, ૧૩૬, ૧૬૦-૧૬૨; પરમ, ૧૨૯; પંચપરમેષ્ટિ ભગવંતની, ૨૯૯

**વીતરાગ બોધ,** *બોધ, વીતરાગતા જુઓ*

**વીર્ય,** ૧૮૨-૧૮૩, ૨૪૮, ૨૫૦, ૨૮૫, ૩૧૦; અનભિસંધીજ, ૧૮૨, ૧૯૩, ૨૦૨, ૨૪૮, ૨૫૧-૨૫૨, ૨૮૯; અભિસંધીજ, ૧૮૨, ૨૦૨, ૨૪૮, ૨૫૧-૨૫૨, ૨૬૨, ૨૮૫, ૨૮૯, ૨૯૬, ૩૧૦; આહાર,વિહાર અને નિહાર વખતે, ૨૫૦-૨૫૨, ૩૧૯; આજ્ઞાથી મળતું, ૨૭૦; આજ્ઞારસમાંથી મળતું, ૨૮૩, ૨૮૯; અંતરાયના ક્ષયથી, ૨૪૨, ૨૭૭; કર્મ સામે લડવા, ૧૨૪, ૨૦૨; કલ્યાણનાં પરમાણુને ગ્રહવા, ૨૮૯; કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ માટે, ૧૦૧; નો નકાર, ૩૧૯; પરમાર્થે વાપરવું, ૨૩૨-૨૩૩, ૨૩૬; પૂર્ણ પરમેષ્ટિ પરમાણુમાં, ૩૩૧; મહાસંવરના આરાધન માટે, ૧૫૨-૧૫૩; હીન થવું, ૫૩, ૨૨૮, ૨૫૭

**વેદન,** ૨૫૦

**વેદનીય કર્મ,** અને આજ્ઞારૂપી ધર્મ, ૧૦૬; અશાતા, ૪૭, ૪૮, ૫૨-૫૩, ૮૫-૮૬, ૧૬૧; શાતાવેદનીયની સ્પૃહા, ૪૭-૪૯, ૪૨, ૮૫, ૧૬૧

**વૈરાગ્ય,** ૧૦૪; પ્રેરિત વીતરાગતા, ૧૩૫, ૧૫૯, ૨૧૩, ૨૫૯

**વ્યવહારશુદ્ધિ,** ૨૧૪, ૨૩૯, ૨૪૨, ૨૬૦, ૨૬૫; કલ્યાણનાં પરમાણુથી, ૨૮૧; સુખબુદ્ધિ તૂટવાથી વધે, ૨૫૯


**શ**


**શરણું, સત્પુરુષ/સદ્ગુરુ,** ૧૫-૧૬, ૧૧૬, ૧૨૫, ૨૩૬; પ્રમાદ થી છોડાવે, ૨, ૧૩, ૬૪; ભક્તિમાર્ગે, ૧૦૪, ૧૧૬; થી કલ્યાણનાં પરમાણુ ગ્રહાય, ૧૩, ૧૦૪; થી સદ્ગુરુનું કવચ મળે, ૧૩; સંવરપ્રેરિત નિર્જરા માર્ગે, ૨૦૭

**શાતાવેદનીય,** અને આત્મસુખ વચ્ચે તફાવત, ૩૦; કેવળીપ્રભુને બંધાય, ૧૩૩; ની સ્પૃહા, ૨૫, ૩૦, ૪૮, ૧૬૦-૧૬૧; ને પરમાર્થ પુણ્યમાં પલટાવવું, ૪૧; ની સુખબુદ્ધિ, ૨૩૯, ૩૨૮; નો નકાર, ૩૦-૩૧, ૪૯, ૮૬, ૧૬૧; પરમાર્થ, ૪૬, ૩૨૩; પૂર્ણ પરમેષ્ટિ પરમાણુમાં, ૩૨૩-૩૨૪; માં સ્થિર રહેવા પુરુષાર્થ, ૫૨, ૮૫

**શાંતિ(ગુણ),** ૧૨૫, ૧૨૭, ૨૪૩; કષાયજયથી, ૫૬

**શુદ્ધિ, આત્મિક,** *આત્મિક શુદ્ધિ જુઓ*

**શુદ્ધિ, સર્વોત્કૃષ્ટ,** *સર્વોત્કૃષ્ટ શુદ્ધિ જુઓ*

**શુક્લધ્યાન,** ૨૮-૨૯; ૩૪, ૪૬, ૧૬૦; અને બોધસ્વરૂપ દશા, ૧૩૫; ના પ્રકાર, ૧૬૫-૧૬૬; માં પ્રગતિ કરવી, ૧૩૫, ૧૩૭, ૧૬૧-૧૬૨; માં પાપપુણ્યને ક્ષીણ કરવું, ૬૯,

૧૦૭, ૧૬૦, ૧૬૧; *સાતમું ગુણસ્થાન પણ જુઓ*

**શૂન્યતા**, ૧૭૧-૧૭૨; જાગૃત અવસ્થામાં, ૧૬૦; *ધર્મધ્યાન પણ જુઓ*

**શ્રીમદ્ રાજચંદ્ર**, *જુઓ રાજચંદ્ર, શ્રીમદ્*

**શ્રદ્ધા**, ૩૨૫; અને સમ્યક્‌દર્શન, ૬૦;

**શ્રદ્ધા (ચતુરંગીય)**, ૧૯૫; નિર્જરામાર્ગે, ૨૦૫; સંવરમાર્ગે, ૨૦૪

**શ્રમ (ચતુરંગીય)**, ૧૯૫; નિર્જરામાર્ગે, ૨૦૫; સંવરમાર્ગે, ૨૦૪

**શ્રાવક-શ્રાવિકા**, ૧૭૫

**શ્રુતકેવળીપણું**, ૧૨૯

**શ્રુતિ (ચતુરંગીય)**, ૧૯૫, ૨૦૭; નિર્જરામાર્ગે, ૨૦૫; સંવરપ્રેરિત નિર્જરામાર્ગે, ૨૦૬-૨૦૭; સંવરમાર્ગે, ૨૦૪

**શ્રેણિ**, ૩૫-૪૧, ૪૪, ૫૫-૫૯; અને આજ્ઞાપાલન, ૪૪; અને પંચપરમેષ્ટિ ભગવંતનું કવચ, ૩૫, ૩૮; ની તૈયારી કરવી, ૧૩૭; ની પાત્રતા, ૩૨-૩૪, ૪૪, ૫૬; ની પ્રક્રિયા, ૩૫-૪૧, ૫૦-૫૧; માટે મહાસંવર અનિવાર્ય, ૧૫૧; માં કષાયનો ક્ષય, ૫૯; માં પ્રમાદ કરવો, ૫૭; *ક્ષપક શ્રેણિ તથા ઉપશમ શ્રેણિ પણ જુઓ*

## સ

**સકામ નિર્જરા**, ૬૦

**સદ્‌ગુરુ**, ના કલ્યાણનાં પરમાણુ, ૧૯, ૨૧; ના આશ્રયે ગુણો ખીલે, ૬૪; ની ભક્તિ, ૨૪; બનવા પાત્રતા, ૬૬, ૨૬૦; સમર્થ હોય તો વિકાસ ઝડપી, ૧૯, ૨૦, ૬૬; નો આજ્ઞારસ, ૨૭, ૨૯; પ્રત્યે રાગભાવ, ૩૦; પ્રત્યે વિનયભાવ, ૬૫-૬૭; *સત્પુરુષ પણ જુઓ*

**સત્પુરુષ**, ની દશા પામવી, ૧૩૭; ની સમર્થતા, ૨૨૦; નો આજ્ઞારસ, ૩૦; થકી સંજ્ઞાની પ્રાપ્તિ, ૯૨-૯૪, ૨૦૪; નો સાથ ઉપશમ સમકિતની પ્રાપ્તિમાં, ૧૦૨-૧૧૦; નો સાથ વિપાકોદય વખતે, ૨૦૪; *સદ્‌ગુરુ પણ જુઓ*

**સત્યવ્રત**, ૨૩૩

**સત્સંગ**, ૧૭૩, ૧૭૫

**સમકિત (સમ્યક્ત્વ)**, ઉપશમ સમકિત, ૧૦૨-૧૧૦

**સમભાવ**, ૨૩૨; વિપાકોદય વખતે, ૨૦૪

**સમવસરણ**, માં કેવળીપ્રભુનો સાથ, ૪૨

**સમવાય**, ૭૩; અનુસાર આજ્ઞા, ૨૭૩, ૩૩૭; અનુસાર કર્મનો ઉદય, ૧૯૩, ૨૪૮; અનુસાર તીર્થંકર પ્રભુ માર્ગ બોધે, ૩૭, ૩૩૭; અનુસાર પરમાર્થ સિદ્ધિ, ૨૪૦; ની મર્યાદા, ૧૮૬, ૧૯૩; ભાવ સૌથી બળવાન, ૭૩, ૨૦૨, ૨૪૫, ૨૭૪

**સમર્થતા, સદ્‌ગુરુની**, ક્ષાયિક માટે જરૂરી, ૨૦

**સમાધિ**, ૩૧

**સમુદ્‌ઘાત, કેવળી**, માં સાધુસાધ્વીનો સાથ, ૪૨

**સમ્યક્ત્વ**, *જુઓ સમકિત*

**સરળતા**, ૩૧૬-૩૧૯; થી ભક્તિ ખીલે, ૩૨૧-૩૨૨, ૩૨૫; ના ગુણથી પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ ખેંચવા, ૩૨૪

**સર્વોત્કૃષ્ટ શુદ્ધિ,** ૨૩૮-૨૪૧, ૩૦૨; અને આત્મિક શુદ્ધિ વચ્ચે ફરક, ૨૪૧

**સર્વોત્કૃષ્ટ સિદ્ધિ,** ૨૩૦-૨૩૧, ૨૪૧-૨૪૩, ૨૬૪-૨૬૫, ૨૭૨, ૩૦૨

**સંવર,** ૯૩-૯૮, ૧૫૧, ૨૧૦, ૨૧૪, ૨૩૦-૨૩૧; અને વિહાર, ૨૪૯-૨૫૨, ૨૫૫; આત્મિક શુદ્ધિ માર્ગે, ૨૩૮; ચારિત્ર ખીલવવાથી, ૧૦૮; પ્રમાદનો, ૯, ૯૮; નિર્જરા કરતાં ઉપકારી, ૨૧૦, ૨૩૦; નિર્જરાપ્રેરિત, ૨૦૮; પ્રાર્થનાની સહાયથી, ૬૦, ૧૧૭, ૧૫૧; પ્રેરિત નિર્જરા, ૧૧૯, ૧૩૫, ૧૮૧, ૨૦૬-૨૦૮; મહાસંવરના માર્ગે ઉત્તમ, ૮૨, ૯૫, ૯૮, ૧૨૨, ૧૪૦-૧૪૧, ૧૫૨, ૧૫૪, ૧૫૭; સકામ, ૧૪૦, ૧૮૧, ૨૧૨, ૨૫૨; સંવરમાર્ગે, ૧૮૦-૧૮૧; ૨૦૩-૨૦૪, ૨૫૫

**સંવરપ્રેરિત નિર્જરામાર્ગ,** ૨૦૬-૨૦૮ , ૨૭૯-૨૮૦

**સંવરપ્રેરિત મહાસંવર,** ૧૮૦, ૧૮૪-૧૮૬, ૨૬૧-૨૬૩, ૨૮૦; આચાર્યજી આચરે, ૨૮૪; તીર્થંકર પ્રભુ આચરે, ૧૮૪; માં પ્રત્યક્ષ સાથ, ૨૨૨

**સંવરમાર્ગ,** ૧૮૦-૧૮૧, ૨૦૩-૨૦૪, ૨૧૫, ૨૫૫

**સંસાર,** નું સ્વરૂપ, ૨-૩; પુણ્ય, ૩૧, ૧૫૯

**સંજ્ઞા,** ૧૯૬-૧૯૭, ૨૩૪-૨૩૫, ૨૪૮, ૨૭૩-૨૭૬; અને આજ્ઞા એકમાર્ગી થવા, ૨૭૫, ૩૨૮; અને મન, ૨૩૫; ઇન્દ્રિયોને તેજસ્વી બનાવે, ૨૦૧-૨૦૨; ગુમાવવી, ૨૨૮, ૨૩૫; થી અભિસંધીજ વીર્ય વપરાય, ૨૦૨, ૨૪૮, ૨૫૨; થી સ્વતંત્રતા, ૨૨૮; નો વિકાસ, ૧૯૭-૨૦૦; નો સદુપયોગ, ૨૦૯, ૨૫૪; નો ઉપયોગ ભક્તિમાર્ગમાં બિનજરૂરી, ૨૩૪; સૂક્ષ્મ અને સ્થૂળ, ૨૫૮

**સાતમું ગુણસ્થાન,** ૨૮-૨૯, ૧૨૩-૧૩૭; અને પૂર્ણ આજ્ઞાનો પુરુષાર્થ, ૧૩૪-૧૩૫, ૧૫૯, ૨૬૩-૨૬૬; અને બોધસ્વરૂપ થવું, ૧૩૫; અને રાગદ્વેષનાં સ્કંધો, ૨૮, ૫૦-૫૪, ૫૬; અને સર્વ સત્પુરુષ આજ્ઞારસ/આજ્ઞાકવચ, ૨૮-૨૯, ૧૫૫; કષાય જુદા રાખવા, ૫૫; થી નિર્ગ્રંથમાર્ગ, ૧૧૩; થી પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુ મળે, ૩૪; થી મહાસંવરમાર્ગનું આરાધન,૧૩૮, ૧૫૯, ૨૧૪; માટે પુરુષાર્થ, ૨૯-૩૦, ૩૪-૩૫, ૧૨૩-૧૩૦; મૈત્રી કેળવવી, ૧૫૯-૧૬૦; વીતરાગતા કેળવવી, ૨૧૩, ૨૬૬; *શુક્લધ્યાન પણ જુઓ*

**સાથ,** કેવળીપ્રભુનો, ૨૨૦-૨૨૨; તીર્થંકર પ્રભુનો, ૨૧૬-૨૨૦; પ્રત્યક્ષ તથા પરોક્ષ, ૧૪૯, ૨૨૧-૨૨૩; વીતરાગી, ૧૯૭, ૨૧૬-૨૨૧, ૨૨૩; સત્પુરુષનો, ૨૨૦-૨૨૧, ૨૨૩

**સાધુ-સાધ્વીજી,** અને પ્રમાદ, ૯; આજ્ઞામાર્ગે ચાલે, ૧૫૮, ૨૭૯-૨૮૦; ના કલ્યાણનાં પરમાણુ, ૧૩, ૧૬, ૨૬૨, ૨૮૪-૨૮૫, ૩૨૩; ના ગુણો, ૩૨૪; ના પદને નિકાચીત કરવું, ૩૦૧-૩૦૨; ની આજ્ઞા સંસારના કાર્યો માટે, ૧૧, ૩૨૩; ની ચતુર્વિધ સંઘમાં સ્થાન પામવાની પાત્રતા, ૪૦; નું આજ્ઞાપાલન, ૩૦૦; નું કલ્યાણનાં પરમાણુ બનાવામાં યોગદાન, ૧૧, ૨૮૦, ૩૦૩; નો આજ્ઞારસ, ૧૪૯, ૧૫૮, ૨૬૨; નો

કલ્યાણભાવ, ૨૯૮; નો પુરુષાર્થ, ૪૭, ૨૬૩, ૩૨૨; પ્રેરિત પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ, ૩૨૩-૩૨૪; માં રહેલી સંસારી સ્પૃહા, ૯, ૨૯૮

**સિદ્ધભૂમિ**, ૧૬૭-૧૭૦

**સિદ્ધપ્રભુ (ભગવાન)**, ૫-૭, ૧૬૭-૧૭૦, ૧૭૨, ૨૪૧; આત્મશુદ્ધિમાં અગ્રેસર, ૫; ચેતનઘન રૂપ, ૧૬૮; નાં કલ્યાણનાં પરમાણુ, ૧૩, ૪૩, ૧૪૬-૧૪૭; નું આજ્ઞાપાલન, ૫-૬, ૧૪૬-૧૪૭, ૧૬૭, ૩૦૦; નું મહાસંવરનું આરાધન, ૧૪૬; નો કલ્યાણભાવ, ૨૯૯; નો સાથ શ્રેણિમાં, ૩૮; પરિનિર્વાણમાર્ગમાં, ૧૧૪; માટે કલ્યાણભાવ વેદવો, ૧૪૦; *સમુદ્દ્ઘાત પણ જુઓ*

**સિદ્ધિ, પરમાર્થિક**, *પરમાર્થિક સિદ્ધિ જુઓ*

**સિદ્ધિ, સર્વોત્કૃષ્ટ**, સર્વોત્કૃષ્ટ સિદ્ધિ જુઓ

**સુખબુદ્ધિ, સંસારી પદાર્થોની**, ૨૯-૩૦, ૨૩૭-૨૩૯, ૨૫૯, ૨૯૨-૨૯૩; આત્મિક શુદ્ધિ માર્ગે તોડવી કઠિન, ૨૩૮; આજ્ઞાપાલનની, ૨૯૪; અંતરાયના ક્ષયથી ઉપજે, ૧૦૫, ૨૩૨, ૨૯૨; ગુણગ્રાહી થવાથી તૂટે, ૨૩૧-૨૩૨; તોડવા મહાસંવરનું આરાધન, ૧૨૨, ૧૫૯, ૨૨૫; તૂટવાથી જ્ઞાનનો ઉઘાડ, ૮૬, ૧૬૦; તૂટવાથી વીર્ય પરમાર્થે વપરાય, ૨૩૨; દશમા ગુણસ્થાને સંપૂર્ણ ક્ષય, ૫૮; નો ક્ષય, ૨૨૫, ૨૩૯, ૨૯૩; નું કવચ, ૨૩૨; મોહ સાથે તૂટવી, ૨૨૫, ૨૪૩; રાગદ્વેષથી વધે, ૫૪; સર્વોત્કૃષ્ટ શુદ્ધિ માર્ગે તોડવી સહજ, ૨૩૮-૨૪૦

**સુધારસ**, ૨૪૫

**સૌભાગભાઈ**, ૬૮-૬૯, ૧૦૯; નો આત્મસિદ્ધિશાસ્ત્રની રચનામાં ફાળો, ૭૧-૭૨, ૧૦૯; નું ચારિત્ર, ૧૦૯

**સ્થિરતા**, ૩૨૪

**સ્પૃહા, સંસારની**, ૪૭, ૨૪૫; અને આજ્ઞાપાલન, ૩૮, ૮૫; અને પ્રમાદ, ૮-૯, ૨૯-૩૦, ૪૭; આજ્ઞારસમાં, ૧૪૮-૧૪૯; કલ્યાણનાં પરમાણુથી ઘટે, ૧૧, ૩૪-૩૫; છઠ્ઠા-સાતમા ગુણસ્થાને, ૪૮-૪૯, ૫૫-૫૬; તોડવા ગુણગ્રાહીપણું, ૨૩૨; નો નકાર, ૩૧,૩૫, ૪૯; થી પરમાર્થ અંતરાય બંધાય, ૨૬; થી માનભાવ વધે, ૬૩, ૨૬૪; થી શાતાવેદનીયનો આશ્રવ, ૪૮, ૮૫; થી જ્ઞાનાવરણ અને દર્શનાવરણ વધે, ૨૩; પંચ પરમેષ્ટિભગવંતમાં કક્ષા પ્રમાણે, ૮-૧૦, ૨૭૯; ભક્તિમાર્ગે ઓછી, ૬૩

**સ્વચ્છંદ**, અને પ્રમાદ, ૯; આજ્ઞાપાલનથી ઘટે, ૯, ૧૧૩, ૧૨૮, ૨૫૯; છઠ્ઠા ગુણસ્થાને, ૪૫; તોડવા પુરુષાર્થ, ૪૦; થી અપૂર્ણ આજ્ઞાપાલન, ૨૯, ૮૫; પરમાર્થે, ૨૪૨; ભક્તિમાર્ગે ઓછો, ૨૩૯; રાગ-દ્વેષ છૂટા રહેવાથી ઘટે, ૨૫; સરળતાથી ઘટે, ૩૨૨

**સ્વભાવ**, ૨૬૧; અને અંતરાય, ૧૮૯, ૨૪૪-૨૪૬

**સ્વરૂપલીનતા**, ૧૬૧-૧૬૩; ૧૭૨

**ક્ષ**

**ક્ષપક શ્રેણી**, ૫૦-૫૧, ૧૫૦-૧૬૨; ની તૈયારી, ૫૫-૫૬, ૧૩૭; માટે

પાત્રતા, ૩૩, ૫૬, ૧૦૯; માટે મહાસંવર અનિવાર્ય, ૧૫૧; માં પંચપરમેષ્ટિ ભગવંતનો સાથ, ૩૬-૪૧,૫૧; *શ્રેણિ પણ જુઓ*

**ક્ષમાપના,** ૫૯-૬૧, ૨૧૪, ૨૩૯; થી નિર્જરા, ૧૫૧, ૧૮૧; સંવરમાર્ગે, ૧૮૧

**ક્ષયોપશમ સમકિત,** ૧૧૧-૧૧૭; અને મિથ્યાત્વનો ક્ષય તથા ઉપશમ, ૧૭-૧૯; લેતી વખતે પ્રત્યક્ષ સદ્‌ગુરુ આજ્ઞાકવચ મળે, ૧૪, ૧૭-૧૮; વમી જવું, ૧૮

**ક્ષાયિક સમકિત,** ૨૦-૨૩, ૧૧૭-૧૧૮; અને ક્ષપક શ્રેણિ વચ્ચે સમાનતા, ૨૦, ૫૦-૫૧; પછી સર્વ સદ્‌ગુરુ આજ્ઞાકવચ મળે, ૧૪, ૨૩; સમર્થ સદ્‌ગુરુની સહાય અનિવાર્ય, ૨૦

**જ્ઞ**

**જ્ઞાન,દર્શન,ચારિત્ર,** *રત્નત્રય જુઓ*

**જ્ઞાન (ગુણ),** ની વિશુદ્ધિ ભક્તિમાર્ગે, ૧૦૩-૧૦૪; નું દાન પાત્રતા પ્રમાણે, ૨૨૫

**જ્ઞાનમાર્ગ,** ૬૧, ૧૧૬

**જ્ઞાનાવરણ કર્મ**, અને આજ્ઞારૂપી ધર્મ, ૧૦૬; અને અંતરાય કર્મનો સંબંધ, ૧૯૦; કષાયથી બંધાય, ૫૮; તોડવાનો પુરુષાર્થ, ૬૮, ૧૫૯, ૧૮૪; સંસાર સ્પૃહા(આસક્તિ)થી વધે, ૨૩; સુખબુદ્ધિથી વધે, ૩૦, ૮૬, ૨૨૫